ગુજરાતી ભાષાનું બૃહદ વ્યાકરણ

કર્તા

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

મેકમિલન એન્ડ કંપની



લેખક-પરિચય

ખ્યાત વ્યાકરણવિદ તથા શાસ્ત્રીય સંપાદક **કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી**(૧૮૫૭-૧૯૨૫)નું જન્મસ્થળ-વતન સુરત. એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અર્થશાસ્ત્ર-ઇતિહાસ સાથે બી.એ. થયા પણ આર્થિક કારણોસર આગળ ભણી શકાય એમ ન હતું. શાળા-શિક્ષકથી કારકિર્દી શરૂ કરીને, વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચ સ્તરે પણ શિક્ષણકાર્ય કરીને, અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના આચાર્યપદે પહોંચ્યા. 'ગુજરાત શાળાપત્ર'નું સંપાદન પણ કર્યું. ૧૯૨૪માં એમની ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરણી થયેલી.

જીવનભર એમણે અધ્યયન-અધ્યાપન સંસ્કૃતનું કર્યું. લેખક તરીકે મુખ્યત્વે વૈયાકરણી. ૧૯૧૯માં પ્રખ્યાત બૃહદ વ્યાકરણ આપ્યું એ પહેલાં એમણે 'ગુજરાતી ભાષાનું લઘુ વ્યાકરણ' (૧૯૧૪), 'કારકમીમાંસા'(૧૯૧૫) વગેરે ૩-૪ પુસ્તકો કરેલાં. 'સંસ્કૃતશિક્ષિકા' (૧૯૧૧), 'સાહિત્યમંજરી'(૧૯૧૫), વગેરે જેવાં કેટલાંક પાઠ્યપુસ્તકો કર્યાં, પાણિનીનાં સૂત્રોની સમજૂતી આપતા દૃષ્ટાંતકાવ્ય 'ભટ્ટીકાવ્ય/ રાવણવધ'ના અનુવાદ-સંપાદન(૧૮૯૮) ઉપરાંત જગન્નાથ, લક્ષ્મીધર, રામચંદ્ર, વરરુચિ, વગેરેના વ્યાકરણાદિ ગ્રંથોનાં શાસ્ત્રીય સંપાદનો આપ્યાં.

કમળાશંકરનાં રુચિ-અભ્યાસ વિવિધ વિષયોમાં પ્રસરેલાં હતાં, એનો અંદાજ એમના 'શિક્ષણશાસ્ત્રનાં મૂળ તત્ત્વો'(૧૯૧૩), 'ઇંગ્લૅન્ડનો ટૂંકો ઇતિહાસ'(૧૮૮૭), 'હિંદુસ્તાનનો સંક્ષિપ્ત ઇતિહાસ'(૧૯૨૦), 'કાવ્યસાહિત્ય-મીમાંસા'(મરણોત્તર, ૧૯૩૦), જેવા ગ્રંથો પરથી આવી શકશે.

—રમણ સોની

કૃતિપરિચય : ગુજરાતી ભાષાનું બૃહદ વ્યાકરણ

૪૦ પ્રકરણોનાં ૬૦૦ જેટલાં પાનાંમાં વિસ્તરેલો આ મૂલ્યવાન વ્યાકરણ-ગ્રંથ એક રીતે તો ગુજરાતી ભાષાનો સર્વગ્રાહી ઇતિહાસ આપવા સાથે બોલાતી ભાષાનું વર્ણન આપે છે. ભાષાની ઉત્પત્તિ, ભાષાના પ્રકારો, ગુજરાતીનો વિકાસક્રમ, વ્યુત્પત્તિ, અભિધા આદિ શબ્દશક્તિઓ, ભાષાશૈલી, અલંકાર, ગદ્યપદ્યવિચાર, છંદ-વૃત્તવિચાર – એવા વ્યાપ સાથે એમણે ગુજરાતીના વ્યાકરણનાં સંજ્ઞા, લિંગ, વચન, વિભક્તિ, ક્રિયાપદ, વાક્ય-પૃથક્કરણ; તથા સમાસ, વિરામચિહ્નો, વગેરેનો અસંખ્ય ઉદાહરણો સાથે વિગતે આલેખ આપ્યો છે.

જોડણી ઉચ્ચારણ-અનુસાર કેમ નથી થતી, લેખકો-વિદ્વાનોમાં પણ ભાષા-જોડણી અંગે કેવી અરાજકતા પ્રવર્તે છે, તથા કયા શબ્દો ભેગા કે છૂટા લખવા – એવાં મહત્ત્વનાં ચર્ચા-નિરૂપણોમાં પણ એ ગયા છે. ગ્રંથને અંતે અન્ય સૂચિ સાથે શબ્દવ્યુત્પત્તિદર્શક સૂચિ આપવા સુધીની શાસ્ત્રીય બચોકસાઈ એમણે દાખવી છે.

કમળાશંકરે આ વ્યાકરણ તૈયાર કરવામાં બીમ્સ, હોર્નલ, ગ્રિયર્સન, ભાંડારકર વગેરેનાં અંગ્રેજી વ્યાકરણો અને ભાષા-ઇતિહાસોના ગ્રંથોનું તેમજ ભટ્ટોજી દીક્ષિત, પતંજલિ, ભર્તૃહરિ, હેમચંદ્ર વગેરેના સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણાદિ ગ્રંથોનું પરિશીલન કરેલું છે, તથા સ્પષ્ટ અને વિશદ નિરૂપણ માટે સંસ્કૃત-પ્રાકૃત ઉપરાંત મરાઠી, સિંધી, ઉત્કલી, બંગાળી, પંજાબી, અરબી-ફારસીમાંથીય અનેક દૃષ્ટાંતો આપ્યાં છે. સંસ્કૃતની વ્યાકરણ-પરંપરાને કેન્દ્રમાં રાખનાર આ લેખક વાક્ય-પૃથક્કરણાદિમાં અંગ્રેજી વ્યાકરણ-પરંપરાને અનુસર્યા છે.

છેક ૧૯૧૯માં લખાયેલું પણ આજેય અનેક વિગતો માટે પ્રસ્તુત બને એવું આ ખૂબ જ વિશદ રીતે લખાયેલું વ્યાકરણ એ પછીનાં ગુજરાતી વ્યાકરણો માટે એક ઉત્તમ પ્રતિમાન બનેલું છે.

એક મોટા ફલક વાળા સંદર્ભગ્રંથ તરીકે, આપણને જ્યારે જે મુદ્દા વિશે જાણવું જરૂરી બને ત્યારે ઉપયોગી થઈ પડે એવા આ પુસ્તકમાંથી પસાર થવું ગમશે.

– રમણ સોની

HIGHER GRAMMAR
OF THE
GUJARATI LANGUAGE

BY
RÂO BAHÂDUR KAMALÂSHANKAR
PRÂṆSHANKAR TRIVEDÎ, B. A.,
Retired Principal, P. R. Training College, Ahmedâbâd
AND
Bombay University Examiner in Gujarati

MACMILLAN AND CO., LIMITED,
BOMBAY, CALCUTTA, MADRAS, AND LONDON

1919

(All rights reserved)

PRICE Rs. 3-8-0

ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ

કર્તા

રાવબહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,

અમદાવાદ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના રિટાયર્ડ પ્રિન્સિપલ

અને

મુંબઈ યુનિવર્સિટિના ગુજરાતીના પરીક્ષક

મૅક્મિલન અને કંપનિ, લિમિટેડ,

મુંબઈ, કલકત્તા, મદ્રાસ, અને લંડન

૪૦ સ૦ ૧૯૧૯

સર્વ હક સ્વાધીન

કિંમત રૂ. ૩ ૯-૦

First Edition

Printed by Manilal Itcharam Desai at
THE GUJARATI PRINTING PRESS,
SASSOON BUILDINGS, CIRCLE, FORT,
BOMBAY

પહેલી આવૃત્તિ

આ પુસ્તક મણિલાલ ઇચ્છારામ દેશાઇએ ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું,
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ-મુંબઈ

PREFACE

The present volume is the highest one on Gujarati Grammar in accordance with the scheme chaulked out in the Preface to my Elementary Gujarati Grammar. It contains an exhaustive treatment of all points connected with Gujarati Grammar as a look at its contents will show. It gives a history of the Gujarati language, tracing it from the Nâgarî Apabhramśa and the old form of the language which Dr. Tessitori chooses to call Old Western Râjasthânî, the Mother of modern Gujarati and Mârwâdi languages. Numerous illustrations from old works are given and the light they throw on the construction and the vocabulary of language and the derivation of words is fully explained. The book embodies the latest researches in philology inasmuch as they bear upon the Gujarati language and takes a comparative view of Indo-Aryan languages as far as is necessary. It tackles the thorny question of the separation of words and Gujarati spelling, shows how it can be satisfactorily solved, and sets forth a way that is practical and expedient. Besides touching upon the formation and the development of language and its classification from a formative and an historical standpoint, Pronunciation, Words, their Primary and Secondary powers, Contraction, Amplification, and Deterioration of Sense, Accidence, Etymology, Syntax, Analysis, and Punctuation, it deals with Style, points out merits and demerits in it, and draws the attention of the reader to the sort of faults that are commonly met with in Gujarati prose and poetry. The subject of Poetics is also dealt with to some extent. Rasa, Bhâva,

Rasâbhâsa, Bhâvâbhâsa, Guṇa, Dosha, Alaṅkâras, and varieties of composition, Nâṭaka and its Sandhis, all find their due place in the work. The scheme of ordinary metres is explained and illustrated.

The variety of types introduced will, it is hoped, facilitate the work of students. The etymological and philological portions as well as other particulars of minor importance and those concerning a comparative treatment of Indo-Aryan Vernaculars are printed in small types and may be omitted by those who do not care to learn them. Portions printed in medial types may be omitted by those who do not choose to learn minute particulars. The variety of types is thus meant to suit the requirements of different grades of students.

The list of books consulted is appended hereto.

My thanks are due to Mr. Amirmia Hamdumia, once my Assistant, now serving in the Mahâlakshmi Training College for Women, Ahmedâbâd, for the valuable help he has given me in regard to words of Persian and Arabic origin.

It is hoped that this volume will satisfy the long-felt desideratum of a scholarly grammar of the Gujarati language.

Havâdiâ-Chakalâ, Surat
November 1919

K. P. TRIVEDI

પ્રસ્તાવના

મારા 'ગુજરાતી ભાષાના લઘુ વ્યાકરણ'ની પ્રસ્તાવનામાં કેન્દ્રાનુસારી પદ્ધતિ પર લઘુ, મધ્ય, અને બૃહદ્ વ્યાકરણ રચવાની યોજના મેં દર્શાવી હતી તે યોજનાને અનુસારે 'ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ' એ પુસ્તકમાળાનું છેલ્લું પુસ્તક છે. અનુક્રમણિકા પર દૃષ્ટિ કરવાથી સમજાશે કે વ્યાકરણને લગતા તમામ વિષયનું આમાં વિસ્તૃત વિવેચન છે. એમાં 'ગુજરાતી ભાષાનો ઇતિહાસ' આપ્યો છે અને એ ભાષા નાગરી અપભ્રંશમાંથી અને જૂની ગુજરાતી જેને ડૉ. ટેસિટોરિ પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની, અર્વાચીન ગુજરાતી ને મારવાડી ભાષાની માતા કહે છે તેમાંથી શી રીતે ઉદ્ભવ પામી છે તે દર્શાવ્યું છે. જૂનાં પુસ્તકોમાંથી પુષ્કળ ઉદાહરણ આપ્યાં છે અને હાલની ભાષાના શબ્દભંડોળ, રચના, અને વ્યુત્પત્તિ પર કેટલો બધો પ્રકાશ પડે છે તેનું સ્થળે સ્થળે નિરૂપણ કર્યું છે. ભાષાશાસ્ત્રીઓએ છેલ્લામાં છેલ્લા સંશોધન કર્યા છે તેનો ગુજરાતી ભાષા સાથે જે સંબંધ છે તે સર્વ એમાં દાખલ કર્યો છે, તેમજ સંસ્કૃત પરથી ઉદ્ભવેલી હિંદ–આર્ય દેશી ભાષાઓમાંથી ગુજરાતી ભાષા સાથે મુકાબલો કરવા સારૂ જરૂર પડતા દાખલા આપ્યા છે. 'ગુજરાતી ભાષાની જોડણી' અને 'શબ્દો શી રીતે છૂટા પાડવા' એ વિવાદગ્રસ્ત અને ગુંચવણીઆ વિષયનું પણ એમાં વિવેચન કરી સર્વમાન્ય સમાધાન શી રીતે થઈ શકે તે તથા વ્યાવહારિક દૃષ્ટિએ સુગમ, ગ્રાહ્ય, અને લોકપ્રિય થઈ શકે એવો માર્ગ કયો છે તે દર્શાવ્યું છે. ભાષાની ઉત્પત્તિ અને વિકાસ તેમજ બંધારણની અને ઇતિહાસની દૃષ્ટિએ ભાષાનું વર્ગીકરણ, શિક્ષા (ઉચ્ચારશાસ્ત્ર), શબ્દશક્તિ–અભિધા, લક્ષણા, વ્યંજના–શબ્દાર્થમાં સંકોચ, વિસ્તાર, ભ્રષ્ટતા, પદવિભાગ અને પદવિચાર, શબ્દસિદ્ધિ, પદવિન્યાસ, વાક્યપૃથક્કરણ, અને વિરામચિહ્નના વિષયો ઉપરાંત ગ્રન્થમાં ભાષાશૈલી વિષે વિવેચન કર્યું છે અને તેના ગુણદોષનું વિવરણ કરી ગુજરાતી સાહિત્યમાં–ગદ્ય અને પદ્યમાં–જે સામાન્ય દોષો નજરે પડે છે તે તરફ વાચકવર્ગનું ધ્યાન આકર્ષ્યું

છે. વળી કાવ્યશાસ્ત્રના વિષયનું પણ કેટલેક અંશે નિરૂપણ કર્યું છે. રસ, ભાવ, રસાભાસ, ભાવાભાસ, અલંકાર, પ્રબન્ધના–ગદ્ય અને પદ્યના (દૃશ્ય અને શ્રાવ્યના)–પ્રકાર, નાટક અને તેમાંની સંધિ વિષે પણ ધટતું વિવેચન કર્યું છે. સામાન્ય વૃત્તોની યોજના પણ ઉદાહરણ સાથે સમજાવી છે.

મુદ્રાક્ષરોમાં જે ભિન્નતા રાખી છે તે વિદ્યાર્થીનો માર્ગ સુગમ કરશે એવી આશા છે. વ્યુત્પત્તિ ને ભાષાશાસ્ત્રને લગતી બાબત તેમજ ઓછી અગત્યના વિષય અને હિંદ–આર્ય દેશી ભાષાઓ સાથે જ્યાં મુકાબલો દર્શાવ્યો છે તે બધું છેક ઝીણા મુદ્રાક્ષરમાં છાપ્યું છે અને જેમને તે જાણવાની ઇચ્છા ન હોય તેઓએ એટલો ભાગ પડતો મૂકવો. વળી વચલા મુદ્રાક્ષરમાં છાપેલા ભાગમાં પણ ગૌણ અગત્યની બાબત છે તે જાણવાની જેમની ઇચ્છા ન હોય તેમણે એ ભાગ પણ મૂકી દેવો. આ પ્રમાણે ભિન્ન કક્ષાના વિદ્યાર્થીઓની ભિન્ન રુચિ અને આવશ્યકતા સંતુષ્ટ કરવા સારૂ ભિન્ન મુદ્રાક્ષરોની યોજના કરી છે.

અગાઉ મારા આસિસ્ટન્ટ અને હાલ અમદાવાદની મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજમાં (સ્ત્રીઓ માટેનીમાં) નોકરી કરતા મિ૰ અમીરમિયા હમ્દૂમિયાએ ફારસી અને અરબી ભાષા પરથી આવેલા ગુજરાતી શબ્દોની બાબતમાં મને કીમતી મદદ આપી છે, તેને માટે હું તેમનો ઉપકાર માનું છું.

જે પુસ્તકોનો આશ્રય લેવામાં આવ્યો છે તેની યાદી આ સાથે લાગુ કરી છે.

ગુજરાતી ભાષાના શાસ્ત્રીય વ્યાકરણની લાંબા વખતથી ચાલી આવતી ન્યૂનતા પરિપૂર્ણ કરવામાં આ પુસ્તક સફળ થશે એવી આશા છે.

હવાડીઓ ચકલો, સુરત
નવેંબર ૧૯૧૯

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

BOOKS CONSULTED

J. Beames–Comparative Grammar of the Modern Aryan Languages of India

A. F. R. Hoernle–A grammar of the Eastern Hindi compared with the other Gaudian Languages

R. G. Bhandarkar–Wilson Philological Lectures

G. A. Grierson's 'Linguistic Survey of India'

AND

Articles on 'The Indo-Aryan Languages,' 'Gujarati and Râjasthânî, 'Prâkṛits,' 'Hindustani', and 'Gujarati' in Vols. of the Encyclopædia Britanica

Report on the Census of India, 1901

Andre' Lefevre–Race and Language

Morris-Historical Outlines of English Accidence

Max Muller–The Science of Language

SANSKRIT AND PRÂKṚIT GRAMMARS

The Siddhântakaumudî of Bhaṭṭoji Dîkshita

The Mahâbhâshya of Patañjali

The Vâkyapadîya of Bhartṛihari

Vararuchi's Prayogasaṅgraha

The Vaiyâkaraṇabhûshaṇa of Kauṇḍabhaṭṭa

The Sabdakaustubha

The Mañjûshâ

Yâska's Nirukta

Hemachandra's Prâkṛita Grammar

The Shadbhâshâchandrikâ of Lakshmîdhara

The Prâkṛitasarvasva of Mârkaṇḍeya

The Prâkṛitarûpâvatâra of Simharâja

The Prâkṛitachandrikâ of Seshakṛishṇa

Trivikrama's Vṛitti on the Vâlmîki Sûtras
The Prâkṛitaprakâśa of Vararuchi
The Prâkṛitalakshaṇa of Chaṇḍa
Rudraṭa-Kâvyâlaṅkâra
Mammaṭa-Kâvyaprakâśa
Bhâmaha-Kâvyâlaṅkâra
Daṇḍin-Kâvyâdarśa
Viśvanâtha-Sâhityadarpaṇa
Dhanika-Daśarûpa
Bharata-Nâṭyaśâstra
Jagannâtha-Rasagaṅgâdhara
Vidyânâtha-Pratâparudrîya
Vidyâdhara-Ekâvalî,

WORKS ON OLD GUJARATI

Mugdhâvabodham Auktikam
Khanaḍe Prabandha
Bhâlaṇa-Kâdambarî
Lâvaṇyasamayagaṇi-Vimalaprabandha
Vrajlal-History of the Gujarati Language
Vaitâlapañchavîsî
Ânandakâvya Mahodadhî-Mauktika I, II, III, IV
Report on Sanskrit Manuscripts of the Calcutta Sanskrit College, 1909
Navalagranthâvalî, Narmagadya, Narmakośa, Kâvyadohana, and other works on Gujarati literature

આ પુસ્તક રચવા સારૂ જે પુસ્તકો જોયાં છે તેની યાદી

જે. બીમ્સકૃત 'હિંદની અર્વાચીન આર્ય ભાષાઓનું તુલનાત્મક વ્યાકરણ'

એ. એફ. આર હોર્નલેકૃત 'બીજી ગૌડ ભાષાના મુકાબલા સાથે પ્રાચ્ય હિંદીનું વ્યાકરણ'

ડૉ. સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરકૃત–'વિલ્સનસ્મારક ભાષાશાસ્ત્રને લગતાં ભાષણ.'

જી. એ. ગ્રીઅર્સનકૃત–હિંદની ભાષાત્મક સમાલોચના–'હિંદ–આર્ય ભાષા', 'ગુજરાતી ને રાજસ્થાની,' 'પ્રાકૃત,' 'હિંદુસ્તાની', 'ગુજરાતી' એ વિષયો પરનાં 'એન્સાઇકલોપીડિઆ–બ્રિટેનિકા'ના જુદા જુદા અંકમાંના લેખ

હિંદનું વસ્તીપત્રક ૧૯૦૧

ડૉ. ટેસિટોરિના 'પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની' વિષે 'ઇંડિઅન ઍન્ટિક્વરિ'ના અંકોમાંના લેખ

ઍન્ડ્રે લેફેવરકૃત 'જાતિ અને ભાષા'

મૉરિસકૃત અંગ્રેજી ભાષાના 'પદવિચારની ઐતિહાસિક રૂપરેખા'

મૅકસમ્યૂલર–ભાષાવિજ્ઞાન

સંસ્કૃત ને પ્રાકૃત વ્યાકરણ

ભટ્ટોજિ દીક્ષિત—સિદ્ધાન્તકૌમુદી

પતંજલિ—મહાભાષ્ય

ભર્તૃહરિ—વાક્યપદીય

વરરુચિ—પ્રયોગસંગ્રહ

કૌણ્ડભટ્ટ—વૈયાકરણભૂષણ

ભટ્ટોજિ દીક્ષિત—શબ્દકૌસ્તુભ

નાગેશ—મઞ્જૂષા

યાસ્ક—નિરુક્ત

હેમચન્દ્ર—પ્રાકૃત વ્યાકરણ

લક્ષ્મીધર—ષડ્ભાષાચન્દ્રિકા

માર્કણ્ડેય—પ્રાકૃતસર્વસ્વ

સિંહરાજ—પ્રાકૃતરૂપાવતાર

શેષકૃષ્ણ—પ્રાકૃતચન્દ્રિકા
ત્રિવિક્રમ—વાલ્મીકિ સૂત્ર પર વૃત્તિ
વરરુચિ—પ્રાકૃતપ્રકાશ
ચણ્ડ—પ્રાકૃતલક્ષણ
રુદ્રટ—કાવ્યાલંકાર
મમ્મટ—કાવ્યપ્રકાશ
ભામહ—કાવ્યાલંકાર
દંડી—કાવ્યાદર્શ
વિશ્વનાથ—સાહિત્યદર્પણ
ધનિક—દશરૂપ
ભરત—નાટ્યશાસ્ત્ર
જગન્નાથ—રસગંગાધર
વિદ્યાનાથ—પ્રતાપરુદ્રીય
વિદ્યાધર—એકાવલી

જૂની ગુજરાતીના ગ્રન્થ

મુગ્ધાવબોધમ્ ઔક્તિકમ્
કાન્હડે પ્રબન્ધ
ભાલણ—કાદમ્બરી
લાવણ્યસમયગણિ—વિમલપ્રબંધ
વૈતાલપંચવીસી
પ્રભુલાલ—ગુજરાતી ભાષાનો ઇતિહાસ
આનન્દકાવ્ય મહોદધિ—મૌક્તિક ૧, ૨, ૩, ૪
કલકત્તા સંસ્કૃત કૉલિજના હસ્તલિખિત પુસ્તક પર રિપોર્ટ, ૧૯૦૬
નવલગ્રન્થાવલિ, નર્મગદ્ય, નર્મકોશ, કાવ્યદોહન, અને ગુજરાતી સાહિત્યના અન્ય ગ્રન્થ

અનુક્રમણિકા

પ્રકરણ ૧લું–ભાષા: ઉત્પત્તિ અને વિકાસ પૃ૦ ૧–૭

વ્યક્ત ભાષા; ભાષાની ઉત્પત્તિ અને વિકાસ પૃ૦ ૧–૩. વાણીની દિવ્યતા; શબ્દના પ્રકાર; પ્રાણી અને વ્યંજનના ઉચ્ચાર પૃ૦ ૩. ભાષાનું મૂળ ધ્વનિ; પ્રાણી અને ધ્વનિ; ધ્વનિ અને કેવળપ્રયોગી અવ્યય પૃ૦ ૪–૫. શબ્દનો દ્વિર્ભાવ; ધ્વનિ અને ભાષાનો વિકાસ પૃ૦ ૫–૬. અનુકરણશબ્દ; ઉપસંહાર પૃ૦ ૬–૭

પ્રકરણ ૨જું–ભાષા; પ્રકાર પૃ૦ ૭–૧૩

પ્રકાર: ૧. પ્રત્યયરહિતા–ચીની પૃ૦ ૭–૯; ૨. સમાસાત્મિકા–તુર્કી પૃ૦ ૯–૧૧; ૩. પ્રત્યયાત્મિકા–ઇંડો–યુરોપીઅન અને સેમિટિક પૃ૦ ૧૧–૧૨; ૪. પ્રત્યયલુપ્તા–અંગ્રેજી અને ફ્રેન્ચ પૃ૦ ૧૩

પ્રકરણ ૩જું–ભાષા; ઐતિહાસિક દૃષ્ટિએ વિભાગ પૃ૦ ૧૩–૧૯

આર્ય પ્રજા પૃ૦ ૧૩–૧૪. ઇંડો–યુરોપીઅન ભાષા પૃ૦ ૧૪. આર્યાવર્ત; ઇંડો–યુરોપીઅન પ્રજાઓની એકતા પૃ૦ ૧૫. ઇંડો–યુરોપીઅન ભાષાના વિભાગ; તેનાં લક્ષણ: એશિઆનો વિભાગ; યુરોપનો વિભાગ પૃ૦ ૧૫–૧૮. સેમિટિક ભાષાઓ પૃ૦ ૧૮. અન્ય ભાષાઓ પૃ૦ ૧૯

પ્રકરણ ૪થું–ગુજરાતી ભાષાનો ઇતિહાસ પૃ૦ ૧૯–૫૬

ગુર્જરત્રા: લાટ પૃ૦ ૧૯–૨૦. ગુર્જર પૃ૦ ૧૯–૨૦. ગુજરાતી, હિંદીનું નવું પ્રાન્તિક સ્વરૂપ; ગુજરાતી ભાષાની સીમા પૃ૦ ૨૧–૨૨. ગુજરાતમાં ભિન્ન ભિન્ન પ્રજાઓ; ઐતિહાસિક પ્રજા પૃ૦ ૨૨–૨૩. સંસ્કૃત; આર્ય દેશી ભાષાઓની માતૃભાષા; તત્સમ શબ્દ; પ્રમાણ; તદ્ભવ શબ્દ–પ્રાચીન તદ્ભવ; અર્વાચીન તદ્ભવ; દેશ્ય પૃ૦ ૨૩–૨૫. પ્રાકૃત ને અપભ્રંશ પૃ૦ ૨૫–૨૭. તદ્ભવ શબ્દનું

પ્રમાણ; ફારસી ને અરબી શબ્દ; વિદેશીય શબ્દ; દાખલા પૃ૦ ૨૭–૨૮. સંસ્કૃતમાંથી નીકળેલી દેશી ભાષાઓ પૃ૦ ૨૮–૨૯. ગુજરાતી ને અપભ્રંશ પૃ૦ ૨૯. નૂની ગુજરાતીના નમુના પરથી નીકળતું અનુમાન પૃ૦ ૨૯–૩૧. અપભ્રંશના નમુના પૃ૦ ૩૧–૩૩. એ નમુના પરથી મળતો બોધ પૃ૦ ૩૩–૩૪. ઇ. સ.ના તેરમા ને ચૌદમા સૈકાના ગ્રન્થોની ભાષાના નમુના પૃ૦ ૩૫–૩૬. 'મુગ્ધાવબોધ ઔક્તિક'માંના દાખલા પૃ. ૩૬–૩૮. ઇ. સ.ના ૧૫મા સૈકાની ભાષાના નમુના–'કાન્હડદે પ્રબન્ધ' અને ભાલણની 'કાદમ્બરી' તથા 'હરિલીલા સોળકળા'માંના તથા જૈન અને બ્રાહ્મણ પુસ્તકમાંના ઉતારા પૃ. ૩૮–૪૬ ઇ. સ.ના ૧૬મા સૈકાના બ્રાહ્મણ અને જૈન પુસ્તકમાંના નમુના–'વૈતાલ-પંચવીસી'માંના નમુના પૃ. ૪૬–૪૭. ઇ. સ.ના ૧૬મા સૈકાનાં ખતો પૃ. ૪૭–૪૯. ઇ. સ. ૧૬થી ૧૮મા સૈકા સુધીના બીજા નમુનાઓ પૃ. ૪૯–૫૨. અપભ્રંશ, નૂની ગુજરાતી, અને હાલની ગુજરાતીમાં સરખાં શબ્દરૂપોની યાદી પૃ. ૫૨–૫૬

પ્રકરણ ૫મું—વ્યાકરણ: મહત્ત્વ, પ્રયોજનાદિ પૃ. ૫૬–૬૦

વ્યાકરણ એટલે શું? વ્યાકરણ શું શું કરે છે? વ્યાકરણ–વેદાંગ પૃ. ૫૬–૫૮. લાઘવ; શબ્દશુદ્ધિ; પ્રયોજન પૃ. ૫૮–૫૯. સર્વ વિદ્યાની વિદ્યા; વ્યાકરણ ને ન્યાયશાસ્ત્ર પૃ. ૫૯–૬૦

પ્રકરણ ૬ઠ્ઠું—વર્ણવિચાર: શિક્ષા પૃ. ૬૧–૭૦

શિક્ષા; શબ્દ: પ્રકાર; વર્ણની ઉત્પત્તિ પૃ. ૬૧–૬૨. પાણિનિ અને વર્ણોત્પત્તિ; પ્રયત્ન; વર્ણ: પ્રયત્ન; સ્થાન પૃ. ૬૨–૬૫. સ્થાન અને પ્રયત્ન; પ્રયત્નના વિભાગ–આભ્યન્તર ને બાહ્ય પૃ. ૬૫–૬૮. ઉચ્ચારસ્પષ્ટતા પૃ. ૬૮–૬૯. ભાષાશાસ્ત્રીઓનું મત પૃ. ૬૯ ૭૦

પ્રકરણ ૭મું—શબ્દશક્તિ: અભિધા પૃ. ૭૦–૭૬

પદ અને શક્તિ; સ્ફોટ પૃ. ૭૦–૭૧. સંકેત: તે શેમાં રહેલો છે. પૃ. ૭૧–૭૩. સંકેતનું જ્ઞાન મેળવવાનાં સાધન: પૃ. ૭૩–૭૪. અભિધા: પ્રકાર પૃ. ૭૪–૭૫. વાચ્યાર્થના નિયામક પૃ. ૭૫–૭૬

પ્રકરણ ૮મું—શબ્દશક્તિ: લક્ષણા, વ્યંજના પૃ. ૭૬–૮૩

ઉપસંહાર; લક્ષણા: તેનાં આવશ્યક અંગ; તાત્પર્યબાધ પૃ. ૭૬–૭૮. લક્ષણાના પ્રકાર: જહત્સ્વાર્થા, અજહત્સ્વાર્થા, જહદજહત્સ્વાર્થા; શુદ્ધ ને ગૌણી; સારોપા ને સાધ્યવસાના. લક્ષિતલક્ષણા પૃ. ૭૮–૮૨. વ્યંજના: લક્ષણામૂલ ધ્વનિ; અભિધામૂલ ધ્વનિ પૃ. ૮૨–૮૩. નિરૂઢલક્ષણા પૃ. ૮૩

પ્રકરણ ૯મું—શબ્દાર્થચમત્કાર પૃ. ૮૩–૯૦

ભાષાસામ્ય પૃ. ૮૩. શબ્દાર્થસંકોચ: દાખલા પૃ. ૮૪–૮૬. શબ્દાર્થવિસ્તાર: દાખલા પૃ. ૮૬. અર્થભ્રષ્ટતા: બોધ પૃ. ૮૬–૮૯. પ્રાચીન પરિસ્થિતિનો બોધ. પૌરાણિક ને ઐતિહાસિક સ્થિતિ પૃ. ૮૯–૯૦

પ્રકરણ ૧૦મું–પદવિભાગ: પ્રધાન પદ ને ગૌણ પદ: વાક્યાર્થ પૃ. ૯૦–૯૩.

પદ; વિભાગ પૃ. ૯૦–૯૧. વાક્ય–આકાંક્ષા, યોગ્યતા, સંનિધિ પૃ. ૯૧–૯૨. પ્રધાન પદ અને ગૌણ પદ–નામ અને ધાતુ: નામ અને આખ્યાત પૃ. ૯૨–૯૩. વાક્યાર્થ, ન્યાયનયે; વૈયાકરણનું મત યુક્ત પૃ. ૯૩

પ્રકરણ ૧૧મું–નામ: પ્રકાર પૃ. ૯૩–૯૯

ઉપસંહાર: પદના વિભાગ પૃ. ૯૩–૯૪. નામ: પ્રકાર: સંજ્ઞાવાચક, જાતિવાચક, ભાવવાચક; જાતિ વિષે મીમાંસકમત પૃ. ૯૪–૯૬. સંજ્ઞાનું સમર્થન; સંજ્ઞાવાચક જાતિવાચક તરીકે; સમૂહવાચક નામ અને દ્રવ્યવાચક નામ; ભાવવાચક પૃ. ૯૬–૯૮. જાતિ અને ગુણ; ભાવવાચક નામ ને વિશેષણ; ભાવવાચક નામ જાતિવાચક પૃ. ૯૮–૯૯

પ્રકરણ ૧૨મું–જાતિવિચાર પૃ. ૯૯–૧૧૬

લિંગ: પ્રકાર લૌકિક, શાસ્ત્રીય; ભાષ્યકારનું મત પૃ. ૯૯–૧૦૦. જાતિસંખ્યા; સામાન્ય નિયમ પૃ. ૧૦૦–૧૦૧. પ્રાણીનાં નામનું લિંગ પૃ. ૧૦૧–૧૦૪ સ્ત્રીલિંગના પ્રત્યય; 'ઓ,' 'ઈ,' 'ઉ' પ્રત્યયોની વ્યુત્પત્તિ પૃ. ૧૦૪–૧૦૫. વિશેષણોનો અન્વય પૃ. ૧૦૬. તત્સમ શબ્દના નિયમો પૃ. ૧૦૬–૧૦૮. તદ્ભવ શબ્દના નિયમ પૃ. ૧૦૯–૧૧૦. ફારસીઅરબી શબ્દ ને પ્રત્યય પૃ. ૧૧૦–૧૧૧.

સંસ્કૃત ને તદ્ભવ શબ્દોની જાતિ પૃ. ૧૧૧–૧૧૩. જાતિ વિષે સામાન્ય નિયમ પૃ. ૧૧૩–૧૧૪. એકારાન્ત શબ્દ; અકારાન્ત નારીજાતિના શબ્દ; બે જાતિના શબ્દ પૃ. ૧૧૪–૧૧૬

પ્રકરણ ૧૩મું–વચનવિચાર પૃ. ૧૧૭–૧૨૧

ભેદ અને લક્ષણ; પ્રત્યય–પ્રાકૃત, અપભ્રંશ, ને ગુજરાતી તથા અન્ય દેશી ભાષાઓમાં પૃ. ૧૧૭–૧૨૦. માનાર્થક બહુવચન; એકવચનના અર્થમાં બહુવચન પૃ. ૧૨૧. એકવચનમાં પ્રયોગ પૃ. ૧૨૧

પ્રકરણ ૧૪મું–વિભક્તિવિચાર પૃ. ૧૨૧–૧૩૮

વિભક્તિ; સંખ્યા; પ્રત્યય પૃ. ૧૨૧–૧૨૨. અંગ, ગુજરાતીમાં ને અન્ય દેશી ભાષાઓમાં; રૂપાખ્યાન પૃ. ૧૨૩–૧૨૫. અનેક પ્રત્યયો પૃ. ૧૨૫–૧૨૬. વિભક્તિ પ્રત્યયોની વ્યુત્પત્તિ; વિભક્તિ સેળભેળ પૃ. ૧૨૬. સં., અપ., ને જૂ. ગુ.માં વિભક્તિ-પ્રત્યયો પૃ૦ ૧૨૬–૧૨૭. વ્યુત્પત્તિ–પ્રથમા પૃ૦ ૧૨૭–૧૨૮; અપ્રત્યય દ્વિતીયા; સપ્રત્યય દ્વિતીયા પૃ૦ ૧૨૮–૧૩૦; તૃતીયા–સાથે બીજા શબ્દની જરૂર, બેવડો પ્રત્યય પૃ૦ ૧૩૦–૧૩૨; ચતુર્થી પૃ૦ ૧૩૨; પંચમી પૃ૦ ૧૩૨–૧૩૪; ષષ્ઠી પૃ૦ ૧૩૪–૧૩૭; સપ્તમી પૃ૦ ૧૩૮

પ્રકરણ ૧૫મું–કારકમીમાંસા પૃ૦ ૧૩૯–૧૬૧

'વિભક્તિ'ની અન્વર્થતા પૃ૦ ૧૩૯. કારકવિભક્તિ અને વિશેષણવિભક્તિ પૃ૦ ૧૩૯–૧૪૦. કારકના પ્રકાર–કર્તા ને તેના પ્રકાર પૃ૦ ૧૪૦–૧૪૨; કર્મ ને તેના પ્રકાર પૃ૦ ૧૪૨–૧૪૫; કરણ–પ્રકાર પૃ૦ ૧૪૫–૧૪૬; સંપ્રદાન–પ્રકાર પૃ૦ ૧૪૬–૧૪૭; અપાદાન–પ્રકાર પૃ૦ ૧૪૭–૧૪૮; અધિકરણ–પ્રકાર પૃ૦ ૧૪૮–૧૪૯. વિભક્તિના અર્થ:—પ્રથમા પૃ૦ ૧૪૯–૧૫૧; દ્વિતીયા પૃ૦ ૧૫૧–૧૫૪; તૃતીયા પૃ૦ ૧૫૪–૧૫૬; ચતુર્થી પૃ૦ ૧૫૬–૧૫૭; પંચમી પૃ૦ ૧૫૭–૧૫૮; ષષ્ઠી—શેષે, કર્તરિ, કર્મણિ પૃ૦ ૧૫૮–૧૬૦; સપ્તમી–સપ્તમ્યર્થી પૃ૦ ૧૬૦–૧૬૧

પ્રકરણ ૬ઠ્ઠું-સર્વનામ: પ્રકારાદિ પૃ૦ ૧૬૧-૧૭૯

અન્વર્થતા પૃ૦ ૧૬૧-૧૬૩. પ્રકાર:-પુરુષવાચક પૃ૦ ૧૬૩-૧૬૭; દર્શક પૃ૦ ૧૬૭-૧૭૧; સાપેક્ષ પૃ૦ ૧૭૧-૧૭૨; પ્રશ્નાર્થ પૃ૦ ૧૭૨-૧૭૫; અનિશ્ચિત પૃ૦ ૧૭૫-૧૭૭; સ્વવાચક ને અન્યોન્યવાચક પૃ૦ ૧૭૭-૧૭૮. આદરવાચક-આપ; આપણે પૃ૦ ૧૭૮-૧૭૯

પ્રકરણ ૭મું-વિશેષણ: પ્રકારાદિ પૃ૦ ૧૮૦-૧૯૭

લક્ષણ ને વિભાગ-ગુણવાચક વગેરે પૃ૦ ૧૮૦-૧૮૧. સ્વરૂપ પ્રમાણે વિભાગ: વિકારી ને અવિકારી પૃ૦ ૧૮૧. પ્રકારોનું વૃક્ષ પૃ૦ ૧૮૨. પ્રયોગ તરીકે પ્રકાર; પૌર્વાપર્યનો નિયમ; અંગ્રેજી ને દેશી રચના પૃ૦ ૧૮૨-૧૮૩. વિકારી વિશેષણનાં રૂપ; વિભક્તિ; નામસમુદાય અને વિભક્તિ પૃ૦ ૧૮૪-૧૮૫. વ્યાવર્તક, વિધેય, હેતુગર્ભ પૃ૦ ૧૮૫. તુલનાત્મક રૂપ પૃ૦ ૧૮૫-૧૮૭. ગુજરાતી ભાષામાં તુલનાની રચના પૃ૦ ૧૮૭. વિશેષણરૂપ સર્વનામ-વ્યુત્પત્તિ-સંખ્યાવાચકની, સંખ્યાંશવાચકની, અનિશ્ચિતતાવાચકની, ને પરિમાણવાચકની પૃ૦ ૧૮૭-૧૯૭

પ્રકરણ ૮મું-ક્રિયાપદ: સકર્મક, અકર્મક, અપૂર્ણક્રિયાવાચક, સંયુક્ત પૃ. ૧૯૭-૨૦૪

ક્રિયા: ભાવના: વ્યાપાર પૃ. ૧૯૭. સાધ્યરૂપ અને સિદ્ધરૂપ ક્રિયા-ક્રિયાનું લક્ષણ; દીક્ષિતે કરેલું વિવરણ પૃ. ૧૯૭-૧૯૯. ભાવવિકાર પૃ. ૧૯૯. ધાતુ અને પ્રત્યયના અર્થ: અકર્મક અને સકર્મક પૃ. ૧૯૯-૨૦૦. સકર્મકનો અકર્મક તરીકે પ્રયોગ પૃ. ૨૦૧. અપૂર્ણક્રિયાવાચક પૃ. ૨૦૧-૨૦૨. સંયુક્તક્રિયાપદ પૃ. ૨૦૨-૨૦૩. ભાવકર્તૃક પૃ. ૨૦૩. અપૂર્ણક્રિયાપદ પૃ. ૨૦૩-૨૦૪

પ્રકરણ ૯મું-ધાતુ: પ્રકારાદિ પૃ. ૨૦૪-૨૧૩

ધાતુ: પાશ્ચાત્ય મત; સાર્વનામિક ધાતુ; વિભાગ-પ્રાથમિક, દ્વૈતીયિક, તાર્તીયિક પૃ. ૨૦૪-૨૦૬. વિકરણસહિત ધાતુ; મૂળ ધાતુ; સાધિત ધાતુ પૃ. ૨૦૬-૨૦૭. સાધિત ધાતુ કેવી રીતે બને છે? તાર્તીયિક ધાતુ કેવી રીતે બને

છે ? પૃ. ૨૦૭-૨૦૯. પ્રેરકની રચના, અર્થ, રૂપો તથા વ્યુત્પત્તિ પૃ. ૨૦૯-૨૧૧ અન્ય સાધિત ધાતુ; નામધાતુ; સંસ્કૃત ભૂત કૃદન્ત પરથી આવેલા નામધાતુ; ભૂત કૃદન્ત પરથી પ્રેરક ધાતુ પૃ. ૨૧૧-૨૧૩

પ્રકરણ ૨૦મું-કૃદન્તઃ પ્રકારાદિ પૃ. ૨૧૩-૨૨૧

કૃદન્તઃ પ્રકારઃ પ્રયોગઃ પૃ. ૨૧૩-૨૧૫. વ્યુત્પત્તિ પૃ. ૨૧૫-૨૧૬. ક્રિયાતિપત્તિ પૃ. ૨૧૬-૨૧૭. ભૂત કૃદન્ત-લવાણું રૂપ; સતિસપ્તમી પૃ. ૨૧૮-૨૧૯. અવ્યયકૃદન્ત પૃ. ૨૧૯-૨૨૦. સામાન્ય કૃદન્ત પૃ. ૨૨૦. ભવિષ્ય કૃદન્ત પૃ. ૨૨૦-૨૨૧

પ્રકરણ ૨૧મું-કાળઃ અર્થ પૃ. ૨૨૧-૨૩૬

વિભાગ પૃ. ૨૨૧. વર્તમાન કાળનાં રૂપઃ વ્યુત્પત્તિઃ અપભ્રંશના પ્રત્યય; જૂ. ગુ. પૃ. ૨૨૨-૨૨૪. ભવિષ્ય કાળઃ રૂપઃ વ્યુત્પત્તિઃ જૂ. ગુ. પૃ. ૨૨૪-૨૨૬. કૃદન્ત ક્રિયાપદ તરીકેઃ ભૂતકાળ પૃ. ૨૨૬-૨૨૭. વર્તમાન કૃદન્ત ને ભવિષ્ય કૃદન્ત કાળ તરીકે પૃ. ૨૨૭. અર્થઃ અર્થને કાળનો સંબંધઃ રૂપમાં ફેર પૃ. ૨૨૮. આજ્ઞાર્થનાં માનાર્થક રૂપ; સંકેતાર્થ પૃ. ૨૨૯-૨૩૦. મૂળ અને સાધિત ધાતુ-સર્વ અર્થ અને કાળ પૃ. ૨૩૦-૨૩૧. મિશ્ર કાળઃ પ્રક્રિયાઃ મિશ્ર કાળની સંજ્ઞા પૃ. ૨૩૧-૨૩૫. મરાઠીમાં મિશ્ર કાળની સંજ્ઞા પૃ. ૨૩૫. જૂની ગુજરાતીઃ છેઃ થા પૃ. ૨૩૫-૨૩૬

પ્રકરણ ૨૨મું-પ્રયોગ પૃ. ૨૩૭-૨૪૮

વિવરણ, વ્યુત્પત્તિને આધારે, કર્તરિ પ્રયોગ-અપૂર્ણ વર્તમાનઃ નિયમિત ભૂતકાળઃ ભૂતકાળઃ ઇચ્છાવાચક કાળ પૃ. ૨૩૭-૨૩૮. કર્મણિ પ્રયોગ-ભૂત કૃદન્ત-સકર્મક કર્મણિ, અકર્મક કર્તરિઃ સકર્મક કર્તરિ-મરાઠીમાં પણ-ભૂત કૃદન્તથી બનેલા કાળ પૃ. ૨૩૮-૨૪૧. સામાન્ય કૃદન્ત, ઉપસંહાર પૃ. ૨૪૧. પ્રલયની વ્યુત્પત્તિ પૃ. ૨૪૧-૨૪૨. બીજું અર્વાચીન કર્મણિ રૂપ પૃ. ૨૪૨-૪૩. 'જા' સાથે કર્મણિ કૃદન્તની રચના-મરાઠી ને હિંદીમાં પણ પૃ. ૨૪૩. કારક ને પ્રયોગ પૃ. ૨૪૩-૨૪૫. ભાવે પ્રયોગ પૃ. ૨૪૫. પ્રયોગ-મરાઠી, હિંદી, બંગાલી પૃ. ૨૪૫-૨૪૮

પ્રકરણ ૨૩મું—નિપાતઃ ઉપસર્ગઃ પૂર્વગ પૃ. ૨૪૮-૨૫૮

નિપાત; નિપાત અને ઉપસર્ગ પૃ. ૨૪૮–૨૪૯. ઉપસર્ગના વ્યાપાર–હરિએ આપેલા પૃ. ૨૪૯. ઉપસર્ગના મુખ્ય અર્થ–પૃ. ૨૪૯–૨૫૨. સંસ્કૃત પૂર્વગો પૃ. ૨૫૨–૨૫૪. અવ્યય પરથી વિશેષણ પૃ. ૨૫૬. ફારસી ને અરબી પૂર્વગો પૃ. ૨૫૬–૨૫૮

પ્રકરણ ૨૪મું—અવ્યયઃ પ્રકારાદિ પૃ. ૨૫૮–૨૬૫

પ્રકારઃ ક્રિયાવિશેષણ અવ્યય–કાળવાચક, સ્થળવાચક, રીતિવાચક, હેતુવાચક, નિષેધવાચક, પરિમાણવાચક પૃ. ૨૫૮–૨૫૯. વ્યુત્પત્તિ–અપ૦ ને બ્રહ્મ. ગુ. ૨૫૯–૨૬૧. ક્રિયાવિશેષણ ને નામયોગી; નામયોગી ને વિભક્તિ; વ્યુત્પત્તિ પૃ. ૨૬૨–૨૬૩. ઉભયાન્વયી અવ્યયઃ પ્રકાર ને વ્યુત્પત્તિ પૃ. ૨૬૪–૨૬૫. કેવળપ્રયોગી પ્રકાર પૃ. ૨૬૫

પ્રકરણ ૨૫મું—સંધિઃ પ્રકારાદિ પૃ. ૨૬૫–૨૮૧

સંહિતાઃ લક્ષણઃ પ્રકાર પૃ. ૨૬૫–૨૬૭ અચ્‌સંધિ–નિયમો ને દાખલા પૃ. ૨૬૭–૨૭૦. હલ્‌સંધિ પૃ. ૨૭૧–૨૭૫. વિસર્ગસંધિ પૃ. ૨૭૫–૨૭૭. આન્તરસંધિ પૃ. ૨૭૭–૨૮૧

પ્રકરણ ૨૬મું—સમાસઃ પ્રકારાદિ પૃ. ૨૮૧–૩૦૦

સમાસઃ વૃત્તિઃ સમાસઃ અન્વય પૃ. ૨૮૧–૨૮૨. પ્રકારવિગ્રહ પૃ. ૨૮૨. દ્વન્દ્વ–પ્રકાર–ઇતરેતર ને સમાહાર; ક્રમ; દેવતાદ્વન્દ્વ; એકશેષ પૃ. ૨૮૨–૨૮૪. તત્પુરુષઃ દ્વિતીયાતત્પુરુષ; તૃતીયાતત્પુરુષ; ચતુર્થીતત્પુરુષ; પંચમીતત્પુરુષ; ષષ્ઠીતત્પુરુષ; સપ્તમીતત્પુરુષ; એકદેશી; ઉપપદ; કર્મધારય–ભિન્ન પ્રકાર–મયૂરવ્યંસકાદિ, ઉપમિત, વિશેષણ; દ્વિગુ; પ્રાદિ; નઞતત્પુરુષ, મધ્યમપદલોપી; અલુક્‌સમાસ; અનિયમિત કર્મધારય પૃ. ૨૮૪–૨૯૨. બહુવ્રીહિ–સમાનાધિકરણ, વ્યધિકરણ, તદ્‌ગુણસંવિજ્ઞાન, અતદ્‌ગુણસંવિજ્ઞાન પૃ. ૨૯૨–૯૩. બહુવ્રીહિમાં ગણના–પૂર્વપદ સ હોય એવાની, સંખ્યાવાચક પદોની, કર્મવ્યતિહારની પૃ. ૨૯૩–૯૪. પ્રાદિ બહુવ્રીહિ; નઞ્‌બહુવ્રીહિ; સમાસાન્ત પ્રત્યય; ત્રિપદી બહુવ્રીહિ પૃ. ૨૯૪–૨૯૫. અવ્યયીભાવ પૃ. ૨૯૫. નિત્ય સમાસ; પૂર્વોદરાદિ; પારસ્કરાદિ; સુપ્સુપ્‌સમાસ પૃ. ૨૯૫–૨૯૬. ફારસીઅરબી શબ્દના સમાસ–

તત્પુરુષ, ઉપપદ, કર્મધારય, બહુવ્રીહિ, દ્વન્દ્વ, અવ્યયીભાવ પૃ. ૨૯૭–૩૦૦. અન્ય ભાષામાં સમાસ પૃ. ૩૦૦

પ્રકરણ ૨૭મું–તદ્ધિત પૃ. ૩૦૦–૩૧૯

લક્ષણઃ વિભાગઃ સંસ્કૃત પ્રત્યય પૃ. ૩૦૦–અપત્યાર્થવાચક; સમૂહવાચક; 'તેનું અધ્યયન કરે છે,' 'ત્યાં થયલું' એ અર્થમાં, 'તેનું આ,' એ અર્થમાં પૃ. ૩૦૦–૩૦૪. વિકારવાચક; 'તેને વિષે સાધુ'; 'તેથી દૂર નહિ' પૃ. ૩૦૪. ભાવવાચક; ઉત્કર્ષવાચક; સ્વામિત્વવાચક પૃ. ૩૦૫–૩૦૭. અભૂતતદ્ભાવ; ઈષન્ન્યૂનતાવાચક; 'તેને આ થયું છે.' પ્રમાણુવાચક; સ્વાર્થિક પૃ. ૩૦૭–૩૦૯. 'તે વહન કરે છે;' 'તેને વિષે' કરેલો ગ્રન્થ'; 'તેણે કહેલું;' 'તે જેનું પ્રહરણ છે;' ઇવાર્થક પૃ. ૩૦૯–લઘુતાવાચકઃ ક પ્રત્યયના અનેક અર્થ; પરચુરણ પ્રત્યય પૃ. ૩૦૯–૩૧૧. સર્વનામ પરથી થયલાં વિશેષણ તથા અવ્યય; સંખ્યાવાચક વિશેષણ પરથી; અવ્યય પરથી પૃ. ૩૧૧–૩૧૪. તદ્ભવ તદ્ધિત પ્રત્યય–ભાવવાચક; મત્વર્થક; લઘુતાવાચક–બેવડા પ્રત્યય પૃ. ૩૧૩–૩૧૭. ફારસી પ્રત્યય; અરબી તદ્ધિત પ્રત્યય પૃ. ૩૧૭–૩૧૯

પ્રકરણ ૨૮મું–કૃત્પ્રત્યય પૃ. ૩૧૯

લક્ષણ; સંસ્કૃત કૃત્પ્રત્યય–કર્તૃવાચક; ભાવવાચક; કરણાર્થક પૃ. ૩૧૯–૩૨૩. કૃત્પ્રત્યય; વિશેષણ બનાવનારા–વર્તમાન; ભૂત; પરોક્ષભૂત; વિધ્યર્થક; શીલાર્થક પૃ. ૩૨૪–૩૨૬. ઉણાદિ પ્રત્યય પૃ. ૩૨૭–૩૨૮. તદ્ભવ પ્રત્યય–ભાવવાચક; કર્તૃવાચક; વિશેષણ બનાવનાર પૃ. ૩૨૮–૩૩૦. અરબી પ્રત્યય પૃ. ૩૩૦–૩૩૪

પ્રકરણ ૨૯મું–હિન્દ–આર્ય પ્રાકૃત ભાષાઓઃ ગુજરાતીનું તેમાં સ્થાન પૃ. ૩૩૪–૩૪૨

આર્ય ટોળી અને તેમનો ફેલાવો; મધ્ય પ્રદેશ; મધ્ય દેશ ને આસપાસનો તથા બાહ્ય પ્રદેશ પૃ. ૩૩૪–૩૩૬. વિભાગ; પાલી, પ્રાકૃત, અપભ્રંશ. પૃ. ૩૩૬. પ્રાકૃત ભાષા; વિભાગ પૃ. ૩૩૭. સંસ્કૃત ને દેશ્ય શબ્દ; દેશી ભાષામાં અન્ય શબ્દો પૃ૦ ૩૩૭–૩૩૮. પશ્ચિમ ને પૂર્વ હિંદી અને તેની બોલીઓ; પ્રાકૃતમાં વર્ણ પૃ૦ ૩૩૮–૩૩૯. ગુજરાતી ને રાજસ્થાની પૃ૦ ૩૪૦. ગુજરાતી;

પ્રાન્તિક બોલીઓ પૃ૦ ૩૪૧. સૌરાષ્ટ્રી પૃ૦ ૩૪૧. લિપિ પૃ૦ ૩૪૧. દેશી ભાષાઓનો મુકાબલો પૃ૦ ૩૪૧-૩૪૨

પ્રકરણ ૩૦મું-શબ્દસિદ્ધિ પૃ૦ ૩૪૩-૩૮૯

ઉપસંહાર; પાલીઃ વિકાર; સંસ્કૃતઃ પ્રાકૃતઃ અપભ્રંશ પૃ૦ ૩૪૩-૩૪૪. સ્વરોના ફેરફાર-'અ'નો અસવર્ણ સ્વર; 'અ'નો 'આ,' 'આ'નો 'અ'; 'અ'નો 'ઓ,' 'ઇ'નો 'અ;' 'ઇ'નો 'ઉ;' 'ઇ'નો 'એ;' 'ઉ'નો 'અ;' 'ઉ'નો 'એ;' 'ઉ'નો 'ઓ;' 'ઐ,' 'ઔ'નાં 'એ,' 'ઓ;' 'એ,' 'ઔ'નાં 'ઇવર્ણ,' 'ઉવર્ણ;' સ્વરોનો વ્યત્યય; ઋના ફેરફાર; 'ઋ'નો 'અ' કે 'આ;' 'ઋ'નો 'ઇ,' 'ઋ'નો 'ઉ;' ઉપસર્ગમાં કે અન્ય પદભાગમાં આદિ સ્વર ભાગનો લોપ; ઉપજન પૃ૦ ૩૪૩-૩૫૦. વિદેશીય શબ્દોમાં પણ સ્વરવ્યત્યય ને સ્વરવિપરિણામ પૃ૦ ૩૫૦. સ્વરભારનો નિયમ પૃ૦ ૩૫૦-૩૫૧. અસંયુક્ત વ્યંજનના ફેરફાર—'ક્'નો 'ગ્;' 'ચ્'નો 'જ્;' 'ટ્'નો 'ડ્,' 'ત્'નો મૂર્ધન્ય 'ટ્'થઈ 'ડ્;' 'ત્'નો 'દ્,' 'ધ્;' 'પ્'નો 'વ્'-ક્વચિત્ 'મ્;' 'ફ્'નો 'દ્;' 'ફ્'નો 'ર્' કે 'લ્;' 'ન્'નો 'લ્,'-'લ્'નો 'ન્;' 'સ્'નો 'હ્;' 'સ્'નો 'છ્;' 'મ્'નો 'ન્' પૃ૦ ૩૫૧-૩૫૫. દન્ત્ય વ્યંજનનાં મૂર્ધન્ય; મૂર્ધન્યનો દન્ત્ય; પૃ૦ ૩૫૫-૩૫૭. વ્યંજનોનો લોપ-અનાદિ ક્, ગ્, ચ્, જ્, ત્, દ્, પ્, વ્, વ્નો પૃ૦ ૩૫૭-૩૬૦. અન્તઃસ્થના ફેરફાર-'ય્'નું સંપ્રસારણ; 'ર્' લોપાતો નથી; 'લ્'નો 'ર્' 'વ્'નો 'ઉ;' 'વ્'નો લોપ; 'વ્'નો 'મ્' પૃ૦ ૩૬૦-૩૬૧. 'ખ્,' 'ઘ્,' 'થ્,' 'ધ્, ને 'ભ્'નો 'હ્'-'ઘ્,' 'થ્,' 'ધ્,' કાયમ પૃ૦ ૩૬૧-૩૬૩. 'શ્,' 'ષ્'નો 'સ્;' 'શ્'નો 'છ્;' 'ષ્'નો 'ખ્' પૃ૦ ૩૬૩-૩૬૪. અલ્પપ્રાણનો મહાપ્રાણ; અનુસ્વારનો ઉમેરો; વર્ણવ્યત્યાસ; પરચુરણ ફેરફાર પૃ૦ ૩૬૪-૩૬૫. સંયુક્ત વ્યંજનના ફેરફાર-સંયોગ-પ્રબળ, મિશ્ર, નિર્બળ-નિયમો પૃ૦ ૩૬૫-૩૬૭. ઊષ્માક્ષરવાળા મિશ્ર સંયોગ-સ્ક્, શ્ક્, શ્ચ્, સ્ત્, ષ્ટ્, સ્થ્, ષ્ઠ્, શ્પ્, સ્પ્, સ્ક, સ્ફ્, સ્ફ્, સ્વ્, ક્ષ્, પૃ૦ ૩૬૭-૩૭૦. અન્તઃસ્થવાળો મિશ્ર સંયોગ પૃ૦ ૩૭૦-૩૭૨. નિર્બળ સંયોગ પૃ૦ ૩૭૨-૩૭૩. અર્વાચીન તદ્ભવ પૃ૦ ૩૭૩. ઉપસંહાર-મહાસંસ્કૃત; બ્રાહ્મણના સમયની ભાષા; ભાષ્યકારના સમયની ભાષા પૃ૦ ૩૭૪-૩૭૫. પાલીઃ ભાષાવિકારના નિયમો પૃ૦ ૩૭૬-૩૭૯. પ્રાકૃતઃ વિકારો પૃ૦ ૩૭૯-૩૮૦. અપભ્રંશઃ પ્રત્યયોના વિકાર પૃ૦ ૩૮૦-૩૮૧. સંસ્કૃતઃ પ્રાકૃતઃ અપભ્રંશઃ અર્વાચીન તદ્ભવ પૃ૦ ૩૮૨-૩૮૩. દેશી ભાષાઓઃ મુખ્ય વિકારો, વૃક્ષ પૃ૦ ૩૮૩-૩૮૪. પ્રત્યયોમાં વિકાર પૃ૦ ૩૮૫. કાળ અને અર્થ

પૃ. ૩૮૫–૩૮૭. જૂની ગુજરાતી પૃ. ૩૮૭–૩૮૮. સ્વરભાર પૃ. ૩૮૮–૩૮૯

પ્રકરણ ૩૧મું–દ્વિરુક્ત શબ્દ પૃ. ૩૮૯–૩૯૪

દ્વિરુક્તિ: અર્થ: નામ; સર્વનામ; વિશેષણ; ક્રિયાવિશેષણ; ક્રિયાપદ પૃ. ૩૮૯–૩૯૩. અનુકરણવાચક શબ્દો; પર્યાયશબ્દથી દ્વિરુક્તિ પૃ. ૩૯૩–૩૯૪

પ્રકરણ ૩૨મું–પદવિન્યાસ પૃ. ૩૯૫–૩૯૭

લક્ષણ: પ્રત્યયાત્મક ભાષા અને પદવિન્યાસ; ગુજરાતી ભાષા અને નિયમ; સામાન્ય સૂચના પૃ. ૩૯૫–૩૯૭

પ્રકરણ ૩૩મું–વાક્યાર્થ અને વાક્યપૃથક્કરણ પૃ. ૩૯૭–૪૦૩

વાક્યાર્થનું સ્વરૂપ; ભિન્ન મતો–મીમાંસક મત: પ્રભાકરમત-નિષ્કર્ષ પૃ. ૩૯૭–૩૯૮. વૈયાકરણમત: શાબ્દબોધ: સંસર્ગ પૃ. ૩૯૯. પૃથક્કરણ: બે ભાગ: ઉદ્દેશ્યવર્ધક; વિધેયવર્ધક; વિધેય પૃ. ૩૯૯–૪૦૩

પ્રકરણ ૩૪મું–વાક્યપૃથક્કરણ: પ્રધાન અને ગૌણ વાક્ય પૃ. ૪૦૪–૪૧૩

લક્ષણ: ગૌણ વાક્યના પ્રકાર; મિશ્ર વાક્ય; સંયુક્ત વાક્ય પૃ. ૪૦૪–૪૦૫. વાક્યપૃથક્કરણના નમુના પૃ. ૪૦૮–૪૧૩

પ્રકરણ ૩૫મું–વિરામચિહ્ન પૃ. ૪૧૪–૪૨૧

વિરામચિહ્નના પ્રયોગનું મૂળ: પ્રકાર: લાભ પૃ. ૪૧૪. પૂર્ણવિરામ; પ્રશ્નાર્થ; ઉદ્ગારવાચક ચિહ્ન પૃ. ૪૧૪–૪૧૬. અલ્પવિરામ પૃ. ૪૧૬–૪૧૭. અર્ધવિરામ પૃ. ૪૧૮. મહાવિરામ પૃ. ૪૧૮–૪૧૯. વિગ્રહરેખા; ગુરુરેખા પૃ. ૪૧૯–૪૨૦. કૌંસ ૪૨૦. અવતરણચિહ્ન પૃ. ૪૨૦–૪૨૧

પ્રકરણ ૩૬મું–ભાષાશૈલી પૃ. ૪૨૧–૪૨૫

સૂચના અને નિયમ–શૈલી વિષયને અનુસારી; સરળતા, માધુર્ય, શિષ્ટતા, સ્વાભાવિકતા, વિશદતા, અને અસંદિગ્ધતા પર લક્ષ રાખવું; દોષો પરિહરવા પૃ. ૪૨૧–૪૨૨. માધુર્ય અને સ્વાભાવિક શૈલી પૃ. ૪૨૨; શિષ્ટ પુરુષની ભાષા અનુસરવી; વિશદ શૈલી; એકધારી ભાષા; પ્રસિદ્ધ શબ્દો ને અલંકાર પૃ. ૪૨૩.

સાદી, સંક્ષિપ્ત, અને ચોકસ શૈલી; વિદેશીય શૈલીનું અનુકરણ; ઉપસંહાર પૃ. ૪૨૪-૪૨૫

પ્રકરણ ૩૭મું–ભાષાશુદ્ધિ: તત્સમ શબ્દના સામાન્ય દોષ પૃ. ૪૨૫-૪૪૧.

તત્સમ શબ્દની જોડણી પૃ. ૪૨૫-૪૨૬. સંસ્કૃત તત્સમ શબ્દના દોષની યાદી પૃ. ૪૨૬-૪૩૫. ફારસીઅરબી શબ્દની યાદી પૃ. ૪૩૬-૪૪૧

પ્રકરણ ૩૮મું—શબ્દો છૂટા પાડવા: જોડણી પૃ. ૪૪૧-૪૬૧

વિષય: તેની અગત્ય અને તે વિષે વિપ્રતિપત્તિ પૃ. ૪૪૧-૪૪૨. લીટીને અન્તે શબ્દ તોડવાના નિયમ પૃ. ૪૪૨-૪૪૪. શબ્દો છૂટા પાડવાની અગત્ય: નિયમો પૃ. ૪૪૪-૪૪૫. જોડણીના નિયમ ઉચ્ચારને કે વ્યુત્પત્તિને આધારે? પૃ. ૪૪૫-૪૪૬. કેવળ ઉચ્ચારને આધારે જોડણી નક્કી કરાતી નથી તેનાં કારણ; અકાર ક્યાં શાન્ત છે? પૃ. ૪૪૬-૪૪૭. કેટલાક જિલ્લામાં એકાર, ઓકારના પહોળા ઉચ્ચાર તથા અમુક વર્ણના બે ઉચ્ચાર; કેટલાક શબ્દના ઉચ્ચારમાં ને વ્યુત્પત્તિમાં હકાર; અપભ્રંશ ને જૂ. ગુ.માં હકાર પૃ. ૪૪૭-૪૫૦. ઇકાર, ઉકારના હ્રસ્વદીર્ઘ ઉચ્ચારનો નિર્ણય કઠિન પૃ. ૪૫૦. જોડણીના નિયમ નક્કી કરવામાં લક્ષમાં રાખવા યોગ્ય તત્વ પૃ. ૪૫૦. જોડણીના નિયમ પૃ. ૪૫૦-૪૬૧.

પ્રકરણ ૩૯મું—પ્રબન્ધ: પ્રકાર: કાવ્યવિચાર પૃ. ૪૬૧-૪૯૫

ગદ્ય, પદ્ય, અને મિશ્ર; પદ્ય અને કાવ્ય પૃ. ૪૬૧. કાવ્યનું લક્ષણ પૃ. ૪૬૧-૪૬૩. સાહિત્યનું ઉત્તમ અંગ પૃ. ૪૬૩. પ્રસાદ આવશ્યક; કૃત્રિમ ને ક્લિષ્ટ પદ્ય કાવ્ય નથી પૃ. ૪૬૩-૪૬૪. કેવા ગુણથી કવિ થવાય? પૃ. ૪૬૪. રસ: રસનું સ્વરૂપ પૃ. ૪૬૪-૪૬૬. દોષ: સ્વરૂપ ને પ્રકાર પૃ. ૪૬૬-૪૬૮. ગુણ પૃ. ૪૬૮-૪૬૯. ગુણોનાં વ્યંજક-વર્ણ, સમાસ, ને રચના પૃ. ૪૬૯. અલંકાર; ગુણ ને અલંકારનો ભેદ પૃ. ૪૬૯-૪૭૦. શરીરસંપત્તિ ને કાવ્યસંપત્તિ: રીતિ. વૃત્તિ; શય્યા; પાક પૃ. ૪૭૦-૭૧. રીતિ ને વૃત્તિ પૃ. ૪૭૧-૭૨; તાત્પર્ય શય્યા; પાક પૃ. ૪૭૨-૭૪. રસ અને ભાવ; સાત્ત્વિક ભાવ, રસાભાસ ને ભાવાભાસ પૃ. ૪૭૪-૭૫. અલંકાર; પ્રકાર; શબ્દાલંકાર; અર્થાલંકાર પૃ. ૪૭૫. ઉપમા; પૂર્ણોપમા; લુપ્તોપમા પૃ. ૪૭૬-૭૭. રૂપક પૃ. ૪૭૭-૭૮. અનન્વય: ઉપમેયોપમા;

પરસ્પરોપમા; પ્રતીપ પૃ. ૪૭૮–૭૯. વ્યતિરેક પૃ. ૪૮૦. અર્થાન્તરન્યાસ પૃ. ૪૮૦–૮૧. ઉત્પ્રેક્ષા પૃ. ૪૮૧–૪૮૨. શ્લેષ પૃ. ૪૮૨. પરિસંખ્યા પૃ. ૪૮૨–૪૮૩. દૃષ્ટાન્ત પૃ. ૪૮૩–૪૮૪. અતિશયોક્તિ પૃ. ૪૮૪–૮૭. નિર્દર્શના પૃ. ૪૮૭–૪૮૮. વ્યાજસ્તુતિ પૃ. ૪૮૮. વિષમ પૃ. ૪૮૮. સહોક્તિ; વિનોક્તિ પૃ. ૪૮૯. વિરોધાભાસ પૃ. ૪૮૯. અપ્રસ્તુતપ્રશંસા પૃ. ૪૯૦. સ્વભાવોક્તિ પૃ. ૪૯૦–૯૧ આક્ષેપ પૃ. ૪૯૧. અપહ્નુતિ પૃ. ૪૯૧. દ્રશ્ય અને શ્રવ્ય પૃ. ૪૯૨. વસ્તુ: પ્રકાર પૃ. ૪૯૨. નાયકના પ્રકાર પૃ. ૪૯૨–૯૩ નાટક; સંધિ પૃ. ૪૯૩–૪૯૪. નાટ્ય: નૃત્ય, નૃત્ત પૃ. ૪૯૪. પ્રકરણ પૃ. ૪૯૪. શ્રવ્ય કાવ્ય; પ્રકાર; મહાકાવ્ય; ખંડ કાવ્ય પૃ. ૪૯૪–૯૫. કથા અને આખ્યાયિકા પૃ. ૪૯૫. ચમ્પૂ; બિરુદ પૃ. ૪૯૫.

પ્રકરણ ૪૦મું-વૃત્તવિચાર પૃ. ૪૯૬–૫૦૭.

વૃત્ત: છન્દ; છન્દના ભાગ; વૃત્ત અને જાતિ પૃ. ૪૯૬. ગણ પૃ. ૪૯૭. ચોપાઈ; દોહરો; છપ્પો પૃ. ૪૯૭–૪૯૮. ચરણાકુલ; પ્લવંગમ; મહીદીપ; ગઝલ પૃ. ૪૯૮–૪૯૯. ઉધોર; હરિગીત; રોલા પૃ. ૫૦૦. સવૈયા એકત્રીસા; ઝુલણા; કુંડળીઓ પૃ. ૫૦૦–૫૦૧. મનહર પૃ. ૫૦૧. આર્યા પૃ. ૫૦૧–૫૦૨. અનુષ્ટુભ્ પૃ. ૫૦૨. પ્રમાણિકા; ઇન્દ્રવજ્રા; ઉપેન્દ્રવજ્રા; ઉપજાતિ પૃ. ૫૦૨–૫૦૩. દોધક; લલિત; દ્રુતવિલંબિત પૃ. ૫૦૩. મોતિદામ; તોટક; ભુજંગી પૃ. ૫૦૩–૫૦૪. નારાચ પૃ. ૫૦૪. વસન્તતિલકા પૃ. ૫૦૪. માલિની પૃ. ૫૦૪. મન્દાક્રાન્તા પૃ. ૫૦૪. હરિણી પૃ. ૫૦૪. શિખરિણી પૃ. ૫૦૫. શાર્દૂલવિક્રીડિત પૃ. ૫૦૫. ઝગ્ધરા પૃ. ૫૦૫. વૈતાલીય; પુષ્પિતાગ્રા પૃ. ૫૦૫–૫૦૬. માત્રાસમક; પાદાકુલક પૃ. ૫૦૬

પૂર્તિ પૃ. ૫૦૭–૫૧૮.
વર્ણક્રમાનુસારી સૂચી પૃ. ૫૧૯–૫૬૪
શબ્દવ્યુત્પત્તિદર્શક સૂચી પૃ. ૫૬૫–૫૭૭
મુખ્ય ભૂલોનું શુદ્ધિપત્રક ૫૭૯–૮૦

ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ

પ્રકરણ ૧લું

ભાષાઃ ઉત્પત્તિ અને વિકાસ

વ્યક્ત ભાષા––વ્યક્ત ભાષા બોલવાની શક્તિ એ મનુષ્યત્વનું એક ખાસ લક્ષણ છે. ઇતર પ્રાણીઓ પોતાની લાગણી અનેક પ્રકારના અવાજથી દર્શાવી શકે છે; પરંતુ એ અવાજ મનુષ્યના શબ્દ જેવો સ્પષ્ટ નથી.

ભાષાની ઉત્પત્તિ અને વિકાસ––કળી ન શકાય એવી દરેક ગૂઢ બાબતને દિવ્ય માનવાનો પ્રચાર પ્રાચીન સમયથી ચાલ્યો આવે છે. જેમ જેમ કેળવણીની વૃદ્ધિ થાય છે તેમ તેમ એવી ઘણી ગૂઢ જણાતી બાબતનાં કારણ સમજાય છે એટલે તે દિવ્ય ગણાતી બંધ થાય છે. આ નિયમને અનુસારે, ભાષાની ઉત્પત્તિને પ્રાચીન પ્રજાઓ દિવ્ય માનતી; પરંતુ કાલક્રમે, જેમ બધી વસ્તુઓમાં કાર્યકારણભાવનો સંબંધ છે તેમ ભાષાની ઉત્પત્તિમાં પણ છે એમ સમજાવા માંડયું. મનુષ્યના મનમાં પ્રથમ વિચાર ઉત્પન્ન થયા––જે જે પદાર્થ તેના જોવામાં આવ્યા તે તે પદાર્થના સંસ્કાર તેના મન પર પડ્યા––અને તે વિચાર પછી ભાષાદ્વારા બહાર નીકળ્યા. ઉત્ક્રાન્તિવાદના સિદ્ધાન્ત પ્રમાણે જેમ જંગલી પ્રાણીની અવસ્થામાંથી ક્રમે ક્રમે સુધરી મનુષ્ય હાલની સ્થિતિએ પહોંચ્યો, તેમ તેનો ધ્વનિ પ્રથમ ગુંચવણભરેલો હતો તે ધીમે ધીમે સુધરતો ગયો. મનુષ્યના શરીરના બંધારણમાંજ ભાષાનું બીજ રહેલું છે એમ સમજીએ તો આપણે કબૂલ કરવુંજ પડશે કે જેમ જેમ તેની મગજશક્તિ અને ઉચ્ચારના અવયવોનો વિકાસ થતો ગયો તેમ તેમ તેની ભાષામાં સુધારો થતો ગયો. આ પ્રમાણે જેમ જેમ નીચ પ્રાણીમાંથી ક્રમે ક્રમે વિકાસ

પામતાં મનુષ્યનું સ્વરૂપ બંધાતું ગયું તેમ તેમ તેની ભાષા પણ વધારે વધારે સ્પષ્ટ થતી ગઈ અને ખીલવા માંડી. જંગલી પ્રદેશના વાનર જેવા મનુષ્ય નગ્ન સ્થિતિમાં પોતાનાજ જેવી જંગલી સ્ત્રીઓની સાથે હાથમાં ચકમક લઈ જંગલમાં ફરતા અને આહારને અર્થે કોઈ વનસ્પતિ શોધતા ત્યારે તેમને ભાષાની બહુ જરૂર નહોતી. તેમનામાં આનન્દનો કે શોકનો કોઈ આવેશ આવતો કે તેઓ તરતજ કુદરતની પ્રેરણાથી કંઈક નિશાનીથી કે હર્ષશોકના ઉદ્ગારથી–ધૂમથી તે આવેશ દર્શાવતા. આરંભમાં ક્ષુધા, તૃષા, હર્ષ, શોક, આશ્ચર્ય, અને એવી એકાએક થઈ આવતી બીજી લાગણીઓ દર્શાવવા માટે વ્યવસ્થિત ભાષાની તેમને કંઈ જરૂર નહોતી. પરંતુ જેમ જેમ તેમની સ્થિતિ સુધરતી ગઈ, તેઓ વસ્તુઓનું નિરીક્ષણ કરતા ગયા અને તેના ધર્મો વિચારવા લાગ્યા, જે જે પદાર્થમાં મુખ્ય ધર્મ સરખા જોયા તે તે પદાર્થના જુદા જુદા વર્ગ બાંધતા ગયા, એક વર્ગના પદાર્થને અન્ય વર્ગના પદાર્થથી ઓળખતા ગયા, તેમના મન પર પ્રત્યક્ષ જ્ઞાનથી થયલા સંસ્કાર સદૃશ વસ્તુના દર્શન કે શ્રવણથી જાગ્રત્ થતા ગયા અને એ રીતે તેમની સ્મરણશક્તિ કેળવાતી ગઈ, તેમ તેમ ભાષાની વધારે વધારે જરૂર પડતી ગઈ. વળી તેમના મનમાં જે વિચાર ઉદ્ભવ્યા તે અન્યને દર્શાવવાની જ્યાંસુધી જરૂર પડી નહિ ત્યાંસુધી ભાષાની બહુ જરૂર પડી નહિ; માટે ઘર, કુટુંબ, અને સમાજના બંધારણમાંજ ભાષાની ઉત્પત્તિનું બીજ રહેલું છે. આરંભમાં ભાષા ગુંચવણભરેલી, બદલાતી, અને અનિશ્ચિત હતી, તે ક્રમે ક્રમે ટેવના બળથી સ્પષ્ટ, સ્થિર, અને નિશ્ચિત થતી ગઈ.

ભાષા અને અગ્નિની શોધ–કેટલાક વિદ્વાનો ભાષાની ઉત્પત્તિને અગ્નિની શોધની સાથે સંબંધ છે એમ કહે છે. અગ્નિની શોધથી આશ્ચર્ય પામી ચૂલાની આસપાસ બેઠેલા માણસોએ પોતાની આશ્ચર્યની લાગણી પરસ્પર પ્રત્યે ચેષ્ટા અને ધૂમો વડે દર્શાવવા પ્રયત્ન કર્યો હશે અને તેમનાં મુખમાંથી અનેક પ્રકારના ધ્વનિ નીકળ્યા હશે. આ પ્રમાણે આકસ્મિક રીતે શબ્દોનો આવિર્ભાવ

થયો એમ એ વિદ્વાનોનું માનવું છે. પછી એકજ વસ્તુ કે વિચાર દર્શાવવા એકજ શબ્દ વાપરી તેઓ પોતાના વિચાર પરસ્પર સમજાવતા ગયા. જંગલી લોકોની વાણી અવ્યાકૃત-સ્પષ્ટતા અને વિકાસ વગરની-અને અપૂર્ણ જ હોય છે, તેથી તેમને ચેષ્ટાની મદદ લેવી પડે છે અને તેમ કરે છે ત્યારે તેઓ એક બીજાને પોતાનો ભાવ સમજાવી શકે છે.

વાણીની દિવ્યતા—વાણીની મહત્તા અને આવશ્યકતાને લીધેજ જુદી જુદી પ્રજાઓ વાણીને દિવ્ય માને છે. શબ્દબ્રહ્મના પ્રકાશ વગર જગતમાં સર્વત્ર અજ્ઞાનરૂપ અંધકાર પ્રસરત એમ દંડી કવિ વર્ણવે છે.

શબ્દના પ્રકાર—શબ્દના બે પ્રકાર છે, ધ્વનિમય અને વર્ણમય. પશુઓનો શબ્દ ધ્વનિમય અને આપણો વર્ણમય છે. કુતરા, બિલાડા, ઘોડા, બળદ, ઘેટાં, દેડકા, કાચબા, અને કાગડાના બોલવામાં સ્વરો, શુદ્ધ અને સંકીર્ણ, હ્રસ્વ કે દીર્ઘ, અનુનાસિક કે અનનુનાસિક, ઓળખી શકાય છે. એમના શબ્દોમાંથી બધા સ્વરો એકઠા કરી શકાય છે. વળી પ્રાણીઓના શબ્દોમાં કેટલાક સુસવાટ ને ધુજારાના અવાજ ઘણા સામાન્ય છે. ખરાં વ્યંજન, એટલે અન્તઃસ્થ સિવાય બધાં વ્યંજન, બાતલ કરતાં તમામ વર્ણ પ્રાણીના અવાજમાં જોવામાં આવે છે.

પ્રાણી અને વ્યંજનના ઉચ્ચાર—એકલા મનુષ્યજ વ્યંજનનો ઉચ્ચાર કરી શકે છે. કોઈ કહેશે કે ઘણાં પ્રાણીઓ અને પક્ષીઓના ઉચ્ચારમાં વ્યંજન જોવામાં આવે છે. કાગડાઓ કાકા કરે છે અને ઘેટાં બેંબે કરે છે. આ ઉચ્ચારમાં વ્યંજન છે એમ લાગે છે; પરંતુ એ ઉચ્ચારમાં વ્યંજન નથી. કાગડા કાકા નથી કરતા અને ઘેટાં બેંબે નથી કરતાં. પરંતુ એ વ્યંજનને મળતા વર્ણ તેઓ ઉચ્ચારે છે. તેઓ વ્યક્ત ધ્વનિને એટલે વર્ણને મળતો અવાજ કરે છે; પરંતુ વર્ણનો ઉચ્ચાર કરી શકતાં નથી એમ કેટલાક ભાષાશાસ્ત્રીઓનું માનવું છે.

ભાષાનું મૂળ ધ્વનિ––ભાષાનું મૂળ ધ્વનિ–ધ્રૂમ છે. પ્રાણિ-માત્રમાં તે જોવામાં આવે છે. મનુષ્યમાં અને ઊંચી જાતનાં ઈતર પ્રાણીઓમાં ધ્વનિ એક સ્વતન્ત્ર ઉચ્ચાર તરીકે રહેલો છે. અમુક લાગણી દર્શાવવા તે સ્વાભાવિક રીતેજ નીકળી આવે છે. કેટલાક ભાવ ને થોડાક વિચાર દર્શાવવા માટે એ ધ્વનિ પૂરતો છે.

પ્રાણી અને ધ્વનિ––નીચલાં પ્રાણીમાં તેમજ ઉપલાં પ્રાણીમાં બાલ્યાવસ્થામાં એકજ જાતનો ધ્વનિ નીકળે છે. નવું જન્મેલું બાળક એવો એકજ સાદ કાઢે છે.

એકના એક અવાજને જારી રાખવો, તેની પુનરુક્તિ કરવી, તેને ઊંચોનીચો કરવો–આ જુદી જુદી લાગણીઓ દર્શાવવાના આરંભના પ્રયત્ન છે. ઘાંટામાં ફેરફાર કરવાથી ઉચ્ચારસ્થાન કેળવાય છે. આ પ્રમાણે હર્ષ કે શોકના પ્રકાર, તૃષ્ણા, ભય, આરોગ્ય, રોગ, ક્ષુધા, તૃષા, ગરમીના ઓછાવત્તા અંશ–એ બધું અવાજથી દર્શાવી શકાય છે.

આપણે જોઈએ છીએ કે કુતરા પોતાના અવાજથી લાગણી સ્પષ્ટ રીતે બતાવી શકે છે. તે પોતાના મિત્રને શત્રુથી કે અજાણ્યાથી ઓળખી કાઢે છે ને એ જ્ઞાન શબ્દથી સૂચવે છે. તે મિત્ર પ્રત્યે આવ-કારના ધ્વનિ અને શત્રુ પ્રત્યે ત્રાસ અને ભયના ધ્વનિ કરે છે તે સ્પષ્ટ સમજી શકાય છે. તે આપણને ચેતવે છે, બહાર જવાની ઇચ્છા દર્શાવે છે, અને આપણો ઉપકાર માને છે. એ રીતે તે ઘણી લાગણીઓ ધ્વનિમાત્રથી કે ચેષ્ટા સાથે ધ્વનિથી ખુલ્લી કરે છે. પોતાની પાસે શંકાપડતો માણસ આવે તો તે ઊંઘમાં પણ ભસે છે.

ધ્વનિ અને કેવળપ્રયોગી અવ્યય––ઘણી ભાષામાં કેવળપ્રયોગી અવ્યય સામાન્ય છે–Ah! Oh! Eh!–આ! ઓ! એ! હર્ષ, શોક, ભય, ઇચ્છા, શંકા––એવી લાગણીઓથી એ અવ્યય ઉત્પન્ન થયાં છે અને એ લાગણી દર્શાવવા હજી પણ પૂરતાં છે.

પ્રાણીઓના અવાજથી તેમનામાં તર્કશક્તિ ને સ્મરણશક્તિ છે એમ આપણે ધારીએ છીએ. જેમ જેમ મનુષ્યની માનસિક શક્તિનો વિકાસ વધતો ગયો અને જરૂરીઆતો વધતી ગઈ, તેમ તેમ એ અવાજના સ્વરૂપમાં ફેરફાર થતો ગયો. આરંભમાં એ ધ્વનિ કેવળ-પ્રયોગી અવ્યયના સ્વરૂપમાં હતા, તેને બદલે તેમાં અક્ષરો ઉમેરાઈ મોટા શબ્દ બન્યા.

'અ', 'ઇ,' અને 'ઉ' જેવા સાદા વર્ણ માત્ર ઉદ્‌ગારરૂપ છે; પરંતુ બધી ઈંડો–યુરોપીઅન ભાષામાં તેમાંથી ઘણા શબ્દ બન્યા છે. હ્રસ્વદીર્ઘના ભેદથી, સંમીલનથી, અને એવી બીજી રીતે તેનાં કેટલાંક સર્વનામ અને ક્રિયાપદ બન્યાં છે. તે ગતિ, સ્થળ, અભાવ, વગેરે દર્શાવે છે.

શબ્દનો દ્વિર્ભાવ––વળી પ્રાણીઓમાં અને આપણામાં બાળકોમાં શબ્દનો દ્વિર્ભાવ કરવાની ખાસિયત જોવામાં આવે છે. કોઈ શબ્દ પર ભાર મૂકવો હોય તો આપણે તેનો દ્વિર્ભાવ કરીએ છીએ–– બે વાર ઉચ્ચારીએ છીએ કે તેને લંબાવીએ છીએ. જા જા, આવ આવ, દૂર દૂર, પપા (પાપા), મામા, દાદા––આવા શબ્દ ઘણી ભાષામાં જોવામાં આવે છે. સંસ્કૃતમાં ત્રીજા ગણના તમામ ધાતુઓમાં દ્વિર્ભાવ થાય છે; તેમજ ઇચ્છાવાચક રૂપમાં અને પૌનઃપુન્યવાચક–– ક્રિયા વારંવાર થાય છે એવું બતાવનાર–રૂપમાં પણ ધાતુનો દ્વિર્ભાવ થાય છે.

આવી અનેક રીતે એકાક્ષરી શબ્દમાં વૃદ્ધિ થાય છે. **ચીની** ભાષામાં ૪૧,૦૦૦ એકસ્વરી શબ્દ છે. બીજી ભાષાઓમાં બીજી યુક્તિઓ વપરાઈ છે. એકસ્વરી શબ્દનો વધારો કરવાને એક બીજા સાથે શબ્દો જોડવામાં આવ્યા છે. જોડાયલા શબ્દ પ્રત્યયરૂપ બન્યા છે. આથી વ્યાકરણનાં રૂપની વૃદ્ધિ થતી ગઈ છે.

ધ્વનિ અને ભાષાનો વિકાસ––આ પ્રમાણે ભાષામાત્રનું મૂળ ધ્વનિમાં છે. પશુ, પક્ષી, વાનર, અને મનુષ્યના અવાજમાં ઘણું

સાદૃશ્ય છે. પશુનો ધ્વનિ જેમ અવ્યક્ત છે તેમ મનુષ્યનો પણ આરંભમાં તેવોજ હતો અને બાલ્યાવસ્થામાં હજી પણ તેવોજ હોય છે. એ અવ્યક્ત ધ્વનિમાંથી વિકાસ પામી મનુષ્યની ભાષા બંધાઈ છે. પશુઓ બૂમ પાડતાં જે અવાજ કરે છે તે કેળવાયાથી ને વિકાસ પામવાથી તેનાં, આદેશસૂચક, અન્તરસૂચક, સંખ્યાસૂચક, પુરુષત્વ-સૂચક, કે સ્ત્રીત્વસૂચક નામ, દર્શક સર્વનામ, કે અવ્યય બન્યાં છે. ભાવસૂચક ધ્વનિ એથી પણ વધારે અગત્યનો છે. એ ધ્વનિ અનેક લાગણીઓ સાથે જોડાયલો છે અને તેની સાથે અંગચેષ્ટા મળવાથી તે અમુક ક્રિયા કે એક સ્થિતિમાંથી અન્યમાં આવવું એવો અર્થ સૂચવે છે. વ્યાકરણમાં આ કામ ક્રિયાપદ કરે છે.

બે દર્શક સર્વનામની વચ્ચે ક્રિયાપદ આવવાથી સાદા વાક્યનું બીજ રોપાય છે. અવાજથી પ્રાણીઓ જાણે નીચે પ્રમાણે વાક્ય બોલતાં ન હોય એવું જણાય છે:—

આ (કાંટો) એ (શરીરના ભાગને) ઓ! (દુઃખ દે છે);

એ (ખોરાક) આ (પેટને) આ! (આનન્દ આપે છે).

આમ બોલવાના ને લાગણીના ધ્વનિથી પ્રાણીઓ વાક્ય બનાવી ભાષા વાપરતાં ન હોય એમ જણાય છે. આવે સ્થળે દર્શક સર્વનામને બદલે વસ્તુનાં નામ અને ભાવને બદલે ક્રિયાપદ વાપરીએ એટલે સાદાંમાં સાદાં વાક્ય બને છે.

અનુકરણશબ્દ—વળી પ્રાણીઓના અવાજને અને અચેતન કુદરતના અવાજને અનુસરતા અવાજથી ભાષામાં ઘણા શબ્દ બને છે, તે અનુકરણશબ્દ કહેવાય છે. ફડફડાટ, બડબડ, ચપચપ, ધબધબ, લપલપાટ, વગેરે એવા દાખલા છે.

ઉપસંહાર—આ ઉપરથી સમજાશે કે પ્રાણીના અવાજોમાં ભાષાનાં બે અગત્યનાં મૂળ તત્ત્વ જોવામાં આવે છે:—૧. એક ધ્વનિ

કુદરતી રીતે એની મેળેજ નીકળે છે; કંઈક જોઈએ છે કે કંઈક લાગણી થાય છે એમ એ બતાવે છે; અને ૨. પ્રાણીઓ પોતાની ઇચ્છાથી જે ધ્વનિ બહાર કાઢે છે તે. એ ધ્વનિ કોઈને બોલાવવું હોય અને ચેતવણી કે ધમકી આપવી હોય ત્યારે તેઓ વાપરે છે. બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યનાં ઉચ્ચારસ્થાન ને મગજ વધારે વિકાસ ને સંસ્કાર પામી શકે એવાં છે; તેથી એ બે જાતના ધ્વનિમાંથી તેણે ભાર મૂકીને, દ્વિર્ભાવ કરીને, ઘાંટામાં અનેક રીતનો ફેરફાર કરીને વિચિત્ર પ્રકાર ઉત્પન્ન કર્યા. ચેતવવાના અને બોલાવવાના ધ્વનિમાં દર્શક ધાતુનું બીજ રહેલું છે; તેમાંથી સંખ્યાવાચક, જાતિવાચક, અને અન્તરવાચક શબ્દ બન્યા છે. ભાવવાચક ધ્વનિ અને દર્શક શબ્દ ભેગા થઈ સાદાં વાક્ય બન્યાં છે અને એ ધ્વનિમાંથી ક્રિયાપદ ઉદ્‌ભવ્યાં છે. અચેતન કુદરત તેમજ પ્રાણીના ધ્વનિના અનુકરણથી પદાર્થનાં નામ, ખાસ ક્રિયાપદ, અને કૃદન્ત બન્યાં છે. આ પ્રમાણે આરંભમાં પ્રજાનો શબ્દકોષ બને છે. સાદૃશ્ય જોઈ શબ્દ વાપરવાથી, આખા વર્ગને લાગુ પડે એવા જાતિ-વાચક શબ્દ બનાવવાથી, અને બુદ્ધિનો ઉપયોગ કરી કેટલાક શબ્દોને પ્રત્યયો જેવા ગણી તે વડે અને ઉપસર્ગ વડે અનેક નવા શબ્દ ઘડવાથી વૈયાકરણ જેને પદચ્છેદ કહે છે તેવો પદોનો સંપૂર્ણ વર્ગ માણસ બનાવે છે અને જરૂરીઆત પ્રમાણે શબ્દકોષમાં વૃદ્ધિ કરે છે.

પ્રકરણ ૨જું

ભાષાઃ પ્રકાર

પ્રકાર—ભાષાના બંધારણ પ્રમાણે ચાર પ્રકાર થાય છેઃ—૧. પ્રત્યય-રહિતા; ૨. સમાસાત્મિકા; ૩. પ્રત્યયાત્મિકા; અને ૪. પ્રત્યયલુપ્તા.

૧. **પ્રત્યયરહિતા**—આ પ્રકારની ભાષામાં પૂર્વગ કે પ્રત્યય નથી. તેમજ જુદા જુદા પદચ્છેદ માટે જુદાં જુદાં પદ નથી. એકનું એક પદજ સ્થાન પ્રમાણે નામ, વિશેષણ, ક્રિયાપદ, વગેરે બને છે. ધાતુઓજ

કંઈ પણ ફેરફાર વિના પદ તરીકે વપરાય છે. બધા શબ્દ એકસ્વરી છે. શબ્દને પ્રત્યય લાગતા નથી અને તેનાં વાક્ય બને છે ત્યારે એકજ શબ્દ વાક્યમાં સ્થળ પ્રમાણે નામ, ક્રિયાપદ, કે વિશેષણ તરીકે ગણાય છે. આ કારણથી એ પ્રકારની ભાષા પ્રત્યયરહિતા, એકસ્વરી, કે ક્રમાનુસારિણી કહેવાય છે.

ચીની ભાષા આ પ્રકારમાં આવે છે. એમાં પ્રત્યેક શબ્દ એકસ્વરી હોય છે, તેથી એ પ્રકાર ઉપર દર્શાવ્યા પ્રમાણે એકસ્વરી કહેવાય છે. કંઈ પણ ફેરફાર વગર એકનો એક શબ્દ નામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, કે અવ્યય તરીકે વપરાય છે. એ ભાષામાં એકજ શબ્દના અનેક અર્થ થાય છે. જેમકે, 'ટાઓ'નો અર્થ–ફાડવું, પહોંચવું, ઢાંકવું, વાવટો, અનાજ, રસ્તો, વગેરે થાય છે; તેમજ 'લુ'ના અર્થ–રત્ન, ઝાકળ, ધડવું, ગાડી, બાજુ પર જવું, રસ્તો, વગેરે થાય છે. શબ્દના અર્થ બે રીતે નક્કી થાય છેઃ–૧. પર્યાય શબ્દ સાથે મૂકવામાં આવે છે; જેમકે, ઉપર દર્શાવ્યા પ્રમાણે 'ટાઓ' અને 'લુ'ના અનેક અર્થ છે, પણ બંનેને સાથે મૂકવાથી 'ટાઓ'નો અર્થ રસ્તોજ થાય છે; ૨. સ્થાનથી અર્થ નક્કી થાય છે. 'ટા'માં ઊંચાઇનો અર્થ છે. એને કોઈ શબ્દની પહેલાં મૂક્યો હોય તો એ વિશેષણ બને છે અને કોઈ શબ્દની પછી મૂક્યો હોય તો એ ક્રિયાપદ થાય છે; જેમકે, 'ટા જિન'=ઊંચો માણસ; પણ 'જિન ટા'=માણસ વધે છે; કે માણસ ઊંચો છે. 'ટા', 'લિ,' વગેરે શબ્દોના અનેક અર્થ છે. 'ટા'=ઊંચા કે મોટા થવું, મોટાઈ, ઊંચાઈ; ઊંચી રીતે. 'લિ'=હળ ફેરવવો, હળ, હળ ખેંચનાર–બળદ. અમુક શબ્દ નામ, ક્રિયાપદ, કે અવ્યય છે તે, ઉપર દર્શાવ્યા પ્રમાણે વાક્યમાં તેના સ્થાન પરથી નક્કી થાય છે. ચીની ભાષામાં જેવો ધાતુનો ઉચ્ચાર કર્યો કે તરતજ તે ધાતુ જતો રહી ઉદ્દેશ્ય કે વિધેય થાય છે–અર્થાત્, નામ કે ક્રિયાપદ બને છે.

વિભક્તિ બે પ્રકારે દર્શાવાય છેઃ—

૧. નિપાતથી
૨. સ્થળથી

દાખલાઃ—

૧. જિન ચિ કિઉન (માણસનો રાજા).

૨. કાઉએ જિન (રાજ્ય માણસ=રાજ્યનો માણસ). ષષ્ઠીના અર્થનું નામ પ્રથમાના અર્થના નામની પૂર્વે આવે છે.

ચીના લોક શબ્દના બે ભાગ પાડે છેઃ—૧. સંપૂર્ણ શબ્દ અને ૨. અપૂર્ણ શબ્દ. જે શબ્દના અર્થ પૂરા અને સ્વતન્ત્ર છે, એટલે જેને આપણે નામ અને ક્રિયાપદ કહીએ છીએ, એવા શબ્દ સંપૂર્ણ શબ્દના વર્ગમાં આવે છે. જે શબ્દનો ખરો અર્થ ઘસાઈ જવા માંડ્યો છે અને જે સ્વતન્ત્ર શબ્દના અર્થમાં વધારો કરે છે કે તે અર્થને નિશ્ચિત કરે છે અને તેનો અન્વય દર્શાવે છે, તે અપૂર્ણ શબ્દના વર્ગમાં આવે છે. જેના જ્ઞાનથી સ્વતન્ત્ર શબ્દ અને અપૂર્ણ શબ્દ ઓળખતાં શીખીએ તેનું નામ વ્યાકરણ એમ ચીના લોક કહે છે.

૨. **સમાસાત્મિકા**—આ પ્રકારની ભાષાઓમાં બે મૂળ શબ્દને પ્રત્યય લગાડ્યા વિના એકઠા કરી સમસ્ત શબ્દ બનાવવામાં આવે છે. આ સમાસમાં એક મૂળ શબ્દ અન્યને ગૌણ થાય છે. 'મનુષ્યજાત,' 'યુદ્ધસમ' જેવા શબ્દ આ પ્રકારે બની ભાષામાં વપરાય છે. ભાષાના આ વિકાસક્રમમાં કેટલાક શબ્દ નામ અને ક્રિયાપદ તરીકે વપરાતા બંધ થઈ ગયા હોય છે. તે નામની સાથે જોડાઈ વિભક્તિના પ્રત્યયની અને ક્રિયાપદની સાથે જોડાઈ કાળ કે અર્થના પ્રત્યયની ગરજ સારે છે. આવી ભાષાઓને સમાસાત્મિકા કે સંયોગાત્મિકા કહી શકાય.

તુર્કી ભાષા એવી છે. બાસ્ક અને અમેરિકાના મૂળ વતનીની ભાષાઓ પણ એવી છે. બાસ્કમાં જે મૂળ શબ્દ એકઠા કરવામાં આવે છે તેને ટૂંકા કરવામાં આવે છે. 'હિલ'=મરણ પામેલું; 'એગન'=દિવસ; આ બે શબ્દોને ભેગા કરી 'હલ્હન' શબ્દ બનાવે છે, તેનો અર્થ 'સંધ્યાકાળ' એવો થાય છે.

તુર્કી ભાષામાં 'ચહાવું'ને માટે 'સેવ' શબ્દ છે. 'એર' શબ્દ ગૌણ છે; એથી વિશેષણ કે કૃદન્ત બને છે. બેનો સમાસ કરવાથી 'સેવ–એર' શબ્દ બને છે અને તેનો અર્થ 'ચહાતો' એવો થાય છે. 'સેન' એટલે

'તું' અને 'સિઞ'='તમે.' 'સેવ-ઐર-સેન'=તું ચહાય છે; 'સેવ-ઐર-સિઞ'=તમે ચહાઐા છેા.

'સેવઐર' એ અંગ અને પુરુષવાચક પ્રત્યયની વચ્ચે 'ડિ' મૂકવાથી ભૂતકાળ બને છે; જેમકે,

સેવઐર-ડિ-ન=તું ચહાતેા હતેા.

સેવઐર-ડિ-નિઞ=તમે ચહાતા હતા.

'મેક' એ હેત્વર્થ કૃદન્તનું ચિહ્ન છે; 'સેવ-મેક'=ચહાવું.

વળી શબ્દના બે ભાગની વચ્ચે પ્રેરક, અભાવ, પરસ્પર ક્રિયા કરવી, ક્રિયા ખમવી, એવા અર્થના શબ્દ મૂકી એક મેાટેા શબ્દ બનાવી શકાય છે.

આ પ્રકારમાં સાદામાં સાદીથી તે ગુંચવણમાં ગુંચવણભરેલી ભાષાઐા આવેલી છે. જાપાનીઞ ભાષા સાદી છે. બાસ્ક ભાષા ગુંચવણભરેલી છે. ગિનિના કિનારા પર બેાલાતી ભાષાઐા નિર્માલ્ય છે. કેટલીક, તુર્ક જેવી સમૃદ્ધ છે કેટલીકમાં ઉમેરેલા શબ્દ પ્રત્યય તરીકે અને કેટલીકમાં ઉપસર્ગ તરીકે વપરાય છે. કેટલીકમાં જાતિ નથી અને કેટલીકમાં વચન નથી.

બધી સામાસિક ભાષાઐામાં, ખરૂં જેઈએ તેા, ક્રિયાપદ છેજ નહિ. પુરુષવાચક, સ્થળવાચક, કે કાળવાચક પ્રત્યયથી દરેક નામ કે વિશેષણ ક્રિયાપદનું સ્વરૂપ ધારણ કરે છે.

દ્રાવિડ ભાષા સામાસિક છે. આમાં મુખ્ય ચાર પ્રાન્તિક ભાષા છે:-૧. વાયવ્યમાં, કૃષ્ણા નદીના ઉપલાણના પ્રદેશમાં કાનડી ભાષા બેાલાય છે; ૨. ઈશાનમાં, ગેાદાવરી અને કૃષ્ણાના નીચલા ને મધ્ય ભાગેાનાં સ્થાનમાં અને કેારેામાંડલ કિનારા પર તેલુગુ ભાષા બેાલાય છે; એ ભાષા ઘણી કેામળ છે; ૩. પૂર્વ કિનારે, દેશના મધ્ય ભાગમાં, મદ્રાસ, તાંજોર, ને ત્રાવણકેાર પ્રાન્તેામાં પૉંડિચરિ અને કારિકલમાં તામિલ ભાષા બેાલાય છે; ૪. પશ્ચિમમાં કેાચીન અને કાનાનુરની માંહે અને તેની પાસે મલાયલમ્ બેાલાય છે. સિલેાનની ઉત્તરે તામિલ બેાલાય છે. પાલીનું સ્થાન તામિલે લીધું છે.

દ્રાવિડ ભાષાના ઉચ્ચાર કોમળ છે. તેમાં હકાર નથી. તામિલના લખાણમાં બ, ગ, અને દ તેમજ ત, પ, અને ક વચ્ચે તફાવત નથી. અનુનાસિક, તાલવ્ય, અને શકારનો પ્રયોગ વિશેષ છે. મૂર્ધન્ય અક્ષર પણ છે. રકારથી કોઈ શબ્દ આરંભાતો નથી. સં. રાજાનું તામિલમાં 'અરાયન,' 'અરાજન' થાય છે.

સામાસિક ભાષાઓમાં લિંગોનો ભેદ નથી; તેમ દ્રાવિડ ભાષાઓમાં પણ નથી. પુખ્ત ઉમરના મનુષ્યોનાં નામનેજ લિંગ લાગુ પડે છે. સ્ત્રીનાં નામ બહુવચનમાંજ સ્ત્રીલિંગમાં છે; એકવચનમાં નપુંસકમાં છે. બાળકોનાં નામ પણ નપુંસકમાં છે. ખરૂં જોતાં તામિલમાં બેજ જાતિ છેઃ–ઉત્તમ જાતિ અને કનિષ્ઠ જાતિ.

સિલોનના દક્ષિણ ભાગમાં સિંઘલીઝ નામની બીજી સામાસિક ભાષા છે.

૩. **પ્રત્યયાત્મિકા**—આ પ્રકારમાં ધાતુને પ્રત્યય આવી શબ્દ બને છે; તેમજ ધાતુઓની પૂર્વે ઉપસર્ગ આવે છે. ભાષાના આ વિકાસક્રમમાં, જોડેલાં અવ્યય જુદા પડી શકતાં નથી, પરંતુ શબ્દના અંશરૂપ થઈ પ્રત્યયોની ગરજ સારે છે. આ કારણથી આવી ભાષાઓ પ્રત્યયાત્મિકા કહેવાય છે.

આ વર્ગમાં ઇંડો–યુરોપીઅન ભાષા–સંસ્કૃત, ગ્રીક, લૅટિન, જર્મન, વગેરે–અને સેમિટિક ભાષા–હીબ્રુ, અરબી, વગેરે–આવે છે.

ઇંડો–યુરોપીઅન અને સેમિટિક ભાષાઓમાં પ્રત્યયાત્મક ફેરફાર થાય છે તે સરખો નથી. ઇંડો–યુરોપીઅન ભાષાઓમાં પ્રત્યયાત્મક વિકાર સ્વર તેમજ વ્યંજન બંનેને લાગુ પડે છે અને સેમિટિક ભાષાઓમાં ધાતુના વ્યંજનોમાં ફેરફાર થતો નથી.

ઇંડો–યુરોપીઅન ભાષાઓમાં ધાતુઓ બહુધા એક સ્વરના હોય છે કે એક સ્વર અને બેત્રણ વ્યંજનોના બનેલા હોય છે. સેમિટિક ભાષાઓમાં ધાતુઓ ત્રણ વ્યંજનોના બનેલા હોય છે; જેમકે, અરબી ભાષામાં કતલ્=મારવું; કતબ્=લખવું; કૂબૂર=બોલવું. વળી સ્વરો જોડાઈ

ધાતુના અર્થમાં ફેર પડે છે; જેમકે, કતલ=તેણે માર્યું; કુતિલ=તે મરાયો; કત્લ=ખૂન કરનાર; કિત્લ=શત્રુ; કિતલુ=વા.

સેમિટિક ભાષાઓમાં ઉપસર્ગ અને પ્રત્યયોથી શબ્દો બને છે, પણ તેમાં પ્રત્યયો પર પ્રત્યયો આવતા નથી. તેમાં કૃદન્તો પર તદ્ધિતો આવી સાધિત શબ્દ પરથી પુનઃસાધિત શબ્દ બનતા નથી. સેમિટિક ભાષાઓમાં નામને ત્રણજ વિભક્તિ હોય છે અને એટલી પણ એ વર્ગની બધી ભાષાઓમાં હતી નથી. ઈંડો–યુરોપીઅન ભાષામાં ત્રણ કાળ છે તેવા તેમાં ત્રણ કાળ નથી, માત્ર બેજ છે. એક સંપૂર્ણ થયલી ક્રિયા અને બીજો અધુરી ક્રિયા બતાવે છે. ક્રિયાપદનાં બીજા ને ત્રીજા પુરુષનાં રૂપ કર્તા કયા લિંગમાં છે તે દર્શાવે છે.

ઘણા ભાષાશાસ્ત્રીઓ પ્રત્યયરહિતા, સમાસાત્મિકા, અને પ્રત્યયાત્મિકા, એ ત્રણ, ઉપર દર્શાવેલી ભાષાની સ્થિતિ ભાષાના ક્રમિક વિકાસથી થઈ છે એમ માને છે. પ્રત્યયાત્મિકા સ્થિતિમાં પૂર્વની બે સ્થિતિનાં ચિહ્ન જોવામાં આવે છે. તેમાં એકસ્વરી સ્થિતિમાં જોવામાં આવતા શબ્દસમૂહ તથા સામાસિક સ્થિતિમાં જોવામાં આવતા સમાસ માલમ પડે છે. ઘણા ઉપસર્ગ અને પ્રત્યય આરંભમાં સ્વતંત્ર શબ્દ હતા, તે સામાસિક સ્થિતિમાં શબ્દની સાથે જોડાયા, અને છેવટે પ્રત્યયાત્મિકા સ્થિતિમાં પૂર્વગ અને પ્રત્યયરૂપ થયા.

*દેવ સરખો—પ્રત્યયરહિતા સ્થિતિ

દેવસદશ—સમાસાત્મિકા સ્થિતિ

દિવ્ય—પ્રત્યયાત્મિકા સ્થિતિ

એકસ્વરી અને સામાસિક સ્થિતિમાં ધાતુમાં કે સંપૂર્ણ શબ્દભાગમાં ફેરફાર થતો નથી. ફેરફાર માત્ર ગૌણ શબ્દભાગમાં થાય છે. પ્રત્યયાત્મિકા સ્થિતિમાં ધાતુમાં પણ ફેરફાર થાય છે.

---

* અંગ્રેજીમાં

Like God–Monosyllabic (એકસ્વરી; પ્રત્યયરહિતા)

God–Like–Agglutinative (સમાસાત્મિકા; સંયોગાત્મિકા)

God–ly–Inflectional (પ્રત્યયાત્મિકા)

પ્રત્યયલુપ્તા—ભાષાના ચોથા વિકાસક્રમમાં નિપાતો પ્રત્યયો તરીકે ઓળખાતા પણ નથી. આથી શબ્દ પ્રથમ ક્રમમાં હોય છે તેમ પ્રત્યયરહિત દેખાય છે અને પ્રત્યયની ગરજ સારવા નવીન, સાહાય્યકારક શબ્દ વાપરવા પડે છે. આ સ્થિતિને પ્રત્યયલુપ્તા કે વિભાગાત્મિકા કહી શકાય. અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષા એવી છે.

ચોથો ક્રમ બીજા ક્રમને કેટલેક અંશે મળતો છે. એમાં પણ નિપાતો શબ્દની પૂર્વે કે પછી આવે છે. આથી, ઘણે સ્થળે વાક્યમાં શબ્દના સ્થળ પરથી તેનો અર્થ સમન્વય છે. અંગ્રેજીમાં of, to, in, for, એ અવ્યય શબ્દોથી જુદાં છે; પરંતુ એ શબ્દ એકલા વાપરી શકાતા નથી; કેમકે એકલા એ શબ્દોનો કંઈ અર્થ થતો નથી. શબ્દોના યોગમાં વપરાય છે, ત્યારેજ એ અર્થનો બોધ કરે છે. અંગ્રેજી જેવી ચોથા ક્રમની–વિભાગાત્મિક ભાષામાં પણ ત્રીજા ક્રમના અંશ ક્વચિત્ ક્વચિત્ જોવામાં આવે છે. નામનું બહુવચન, ક્રિયાપદનું બીજા અને ત્રીજા પુરુષનું એકવચન, છઠ્ઠી વિભક્તિ, અને વિશેષણનાં તુલનાત્મક રૂપ પ્રત્યયોથી દર્શાવાય છે.

જેટલી સંસ્કૃત ભાષા પ્રત્યયાત્મિકા છે તેટલી ગુજરાતી નથી. એમાં ઘણા પ્રત્યય ઘસાઈ ગયા છે અને એમાં ત્રીજા અને ચોથા, બંને ક્રમના અંશ જોવામાં આવે છે.

પ્રકરણ ૩જું

ભાષાઃ ઐતિહાસિક દૃષ્ટિએ વિભાગ

આર્ય પ્રજા—ભાષાવિજ્ઞાનીઓએ દુનિયાની ભાષાઓના શાસ્ત્રીય અભ્યાસથી એવું સંશોધન કર્યું છે કે ઇ. સ. ની પૂર્વે લગભગ ૨,૦૦૦ વર્ષ ઉપર એશિઆના મધ્ય પ્રદેશમાં આર્ય લોકો રહેતા હતા. તેમનું સામાન્ય વસતિસ્થાન ઑકસ્ડ અને બદક્ષનના ડુંગરોમાં હતું. એ પ્રજાનો પ્રાચીન ઇતિહાસ નથી; પરંતુ ભાષાશાસ્ત્રીઓની શોધથી એવું નક્કી થઈ ચૂક્યું છે કે આર્ય પ્રજાની શાખાઓ મૂળ સ્થાનમાંથી એશિઆ

અને યુરોપના જુદા જુદા ભાગોમાં ફેલાઈ તે પહેલાં ઘણી સુધરેલી સ્થિતિમાં હતી. એ લોકો ખેતીના કામમાં કુશળ હતા, લુગડાં વણી જાણતા હતા, ધાતુઓના ઉપયોગથી જાણીતા હતા, વહાણો બનાવતા, તેમજ રક્ષણને માટે અને શત્રુઓને પ્રહાર કરવા માટે તલવાર, ભાલો, ઢાલ, અને તીરકામઠાં જેવાં અસ્ત્રશસ્ત્રનો ઉપયોગ કરી જાણતા હતા. તેમને સો સુધી સંખ્યાનું જ્ઞાન હતું. 'હજાર' ને માટે આર્ય ભાષાઓમાં સામાન્ય શબ્દ નથી. તેમણે કેટલાક તારાઓનું અવલોકન કરી તેને નામ આપ્યાં હતાં. તેઓ કાળની ગણના ચન્દ્રની ગતિ પરથી કરતા. તેઓ કુદરતની શક્તિઓને દૈવી માની તેને પૂજતા. તેમનામાં અનેક ટોળીઓ હતી અને તે ટોળીઓના જુદા જુદા સરદાર હતા. તેમનામાં રાજા નહોતા. તેઓ કુટુંબની વ્યવસ્થાથી પરિચિત હતા. કુટુંબનાં માણસો ઘણા સ્નેહભાવથી ભેગાં રહેતાં. તેમનામાં સ્ત્રીની પદવી પ્રતિષ્ઠિત હતી. આવી હકીકત યુરોપ અને એશિઆની ભાષાઓનો મુકાબલે અભ્યાસ કરી ભાષાવિજ્ઞાનીઓએ શોધી કાઢી છે. એ બધી ભાષાઓમાં એટલું બધું મળતાપણું છે કે તે બધીનું મૂળ એકજ હોવું જોઈએ એવું અનુમાન બરૂ લાગે છે. ઘણા સંસ્કૃત ધાતુઓ આર્ય ભાષાની જુદી જુદી શાખાઓમાં માલમ પડે છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ એ ભાષાઓને આર્ય ભાષા કે ઇંડો–યુરોપીઅન ભાષા કહી છે.

ઇંડો–યુરોપીઅન ભાષા–ગંગાકિનારાથી આઇસ્લૅન્ડ સુધી અને સ્વીડનથી ક્રીટ સુધી આર્ય પ્રજાની શાખાઓ પ્રસરી ગઈ હતી. હિંદુસ્તાનનો ઘણોખરો ભાગ, અફ્ગાનિસ્તાન, ઇરાન, અને આર્મિનિઆ, એટલા એશિઆના ભાગ અને રશિઆનો પોણો ભાગ, સ્વીડનનો અને નૉર્વેનો ઘણોખરો પ્રદેશ, અને બાસ્ક, હંગરિ, ને તુર્કસ્તાન સિવાય યુરોપના બધા ભાગમાં ઇંડો–યુરોપીઅન પ્રજાની જુદી જુદી ટોળીઓ ફેલાઈ ગઈ હતી.

આર્યાવર્ત–એ આર્ય લોકો આપણા દેશમાં પ્રથમ સિંધુ નદીને કાંઠે વસ્યા. ઇ. સ. પૂ. ૧૦મા સૈકાને આસરે તેઓ ગંગા નદીના મુખ સુધી પહોંચ્યા. પછી તેઓ આખા હિંદુસ્તાનમાં ફરી વળ્યા, સિલોનમાં પેઠા, અને બ્રહ્મ દેશ, કામ્બોડીઆ, અને મલાયા સુધી પ્રસર્યા. આ પ્રમાણે આર્યોએ હિંદુકુશનાં કોતરોમાંથી નીકળી પંજાબ, બંગાળા, અને દક્ષિણમાં ફરી વળી આખો દેશ જીતી લીધો. તેમના નામથી હિમાલય અને વિન્ધ્યાચળનો વચલો પ્રદેશ, જેમાં તેઓ આરંભમાં વસ્યા, તેનું નામ **આર્યાવર્ત** કહેવાયું.

ઇંડો-યુરોપીઅન પ્રજાઓની એકતા–વાણી એ વિચારનું બહિઃસ્વરૂપ છે. આથી દરેક પ્રજાની ઔદ્યોગિક અને સામાજિક સ્થિતિ તથા કેળવણી જણાઈ આવે છે. ઇંડો-યુરોપીઅન પ્રજાની એકતા તેના વ્યાકરણ અને શબ્દકોષ પરથી સ્પષ્ટ થાય છે. અમુક પદાર્થ, પ્રાણી, સંબંધીઓ, ગુણ, કે વિચારને માટે ભાષાઓમાં એકજ ધાતુ પરથી થયલા મળતા શબ્દો હોય તો એ બધી ભાષાઓનું મૂળ એકજ હોવું જોઈએ એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે.

ઇંડો-યુરોપીઅન ભાષાના વિભાગઃ તેનાં લક્ષણ–ઇંડો-યુરોપીઅન ભાષાઓના મુખ્ય બે વિભાગ છેઃ–૧. એશિઆનો વિભાગ અને ૨. યુરોપનો વિભાગ.

બે વિભાગના મુખ્ય ભેદ ત્રણ છેઃ–

(૧) સંસ્કૃત અને પ્રાચીન ફારસી ભાષામાં જ્યાં 'અ' હોય છે ત્યાં યુરોપના વિભાગમાં 'એ' કે 'ઓ' જેવું હોય છે.
સં૦ પઞ્ચન્; અવેસ્તા-પંચ; ગ્રીક-પેન્ટે; ગૉથિક-ફિમ્ફ.
સં૦ અષ્ટન્; અવેસ્તા-હપ્ત; ગ્રીક-ઑક્ટો.

(૨) એશિઆના વિભાગમાં ઘણે સ્થળે 'ર્' હોય છે ત્યાં યુરોપના વિભાગમાં 'લ્' હોય છે.
સં૦ રુચ્ (પ્રકાશ); લૅટિન-લક્સ; ગૉથિક-લિઉહૅથ.

(૩) યુરોપના વિભાગમાં કેટલાક ધાતુઓ છે તે એશિઆના વિભાગમાં નથી.

અર્ (હળવડે ખેડવું); મે (કાપણી કરવી); મ્લ (ખાંડવું); સે (વાવવું).

એશિઆનો વિભાગ—એશિઆના વિભાગમાં નીચેની ભાષાઓનો સમાવેશ થાય છેઃ—

(૧) હિંદુસ્તાનની ભાષાઓ—

(અ) સંસ્કૃત

(આ) પાલી, પ્રાકૃત, અપભ્રંશ

(ઇ) દેશી ભાષાઓ—હિંદી, બંગાળી, ઉત્કલી, મરાઠી, ગુજરાતી, સિંધી, પંજાબી

(ઈ) 'જિપ્સિ'ની—એક જાતના ભટકતા લોકોની ભાષા

જિપ્સિ લોકો મૂળ હિંદુસ્તાનના વતની હતા. તેઓ ઇરાન, આર્મીનિઆ, ગ્રીસ, રોમાનિઆ, હંગરિ, ને બોહીમિઆને માર્ગે બારમા સૈકામાં યુરોપમાં પેઠા.

(૨) ઇરાનની ભાષાઓ—

(અ) ઝન્દ કે અવેસ્તા—જરથુસ્તના અનુયાયીઓની પ્રાચીન ભાષા.

ઝન્દ—અવેસ્તા નામના પ્રાચીન ગ્રન્થમાં એ ભાષા છે.

(આ) દરાયસ, ક્સકર્સીસ, અને તેમના વંશજોના (ઍકીમીનિડ વંશના) સમયના પ્રાચીન લેખોની ભાષા (ઇ. સ. પૂ. લગભગ પમા સૈકાની)

(ઇ) પેહેલ્વી (સસ્સાનિઅન વંશની ભાષા, ઇ. સ. ૨૨૬—૬૫૧ સુધીની)

(ઈ) ફારસી (પેહેલ્વી કરતાં વધારે પૂર્વ તરફના ભાગમાં બોલાતી ભાષા, મુસલમાનોએ ઇરાન જીત્યું તે સમયની)

(ઉ) અર્વાચીન ફારસી (પ્રાચીન ફારસીમાં ને એમાં બહુ ફેર નથી. મુસલમાનોના વિજય પછીની ભાષા. એમાં ફિર્દુસીએ 'શાહનામું' લખ્યું છે).

આર્મીનિઅન ભાષા,અફ્ગાન (પુષ્ટો) ભાષા, કૉકેસસ, બોખારા, ઈરાન, તુર્કસ્તાન, ને રશિઆની સરહદ પરના ડુંગરી લોકોની ભાષાઓ સંસ્કૃત કે ફારસીને મળતી છે.

યુરોપનો વિભાગ–યુરોપના વિભાગની ઈંડો–યુરોપીઅન ભાષામાં નીચેની ભાષાઓનો સમાવેશ થાય છેઃ–

(અ) ટ્યુટૉનિક ભાષાઓ–

એના ત્રણ ઉપવિભાગ છેઃ–

(૧) લૉ જર્મન–અંગ્રેજી, ડચ, ફ્લેમિશ

(૨) હાઇ જર્મન–જર્મન

(૩) સ્કૅન્ડિનેવિઅન–આઇસ્લૅન્ડિક, સ્વીડિશ, ડેનિશ, નૉર્વીજિઅન

(આ) કૅલ્ટિક ભાષાઓ–

(૧) બ્રૅસ-બ્રિટન કે આર્મોરિકન

(૨) વેલ્શ

(૩) આયરિશ

(૪) ગેલિક (સ્કૉટ્લંડના ડુંગરી પ્રદેશોમાં બોલાતી)

(૫) મૅંક્સ (મૅનના ટાપુમાં બોલાતી ભાષા)

(ઇ) ઇટૅલિક ભાષાઓ–

(૧) લૅટિન, અસ્કન (દક્ષિણ ઇટલિની પ્રાચીન ભાષા), અંબ્રિઅન (ઈશાન કોણના ઇટલિની પ્રાચીન ભાષા), સેબાઇન

(૨) લૅટિન પરથી નીકળેલી રોમાન્સ ભાષા–ઇટૅલિઅન, ફ્રેન્ચ, પ્રોવેન્કલ, સ્પૅનિશ, પોર્ટુગીઝ, રીટોરોમૅનિક (દક્ષિણ સ્વિટ્ઝર્લૅન્ડની), વૉલૅચિઅન (વૉલૅચિઆ અને મોલ્ડેવિઆ નામના તુર્કસ્તાનના ઉત્તર પ્રાન્તોમાં બોલાતી ભાષા)

(ઈ) હેલેનિક ભાષાઓ–

(૧) પ્રાચીન ગ્રીક (એમાં ઍટિક, આયોનિક, ડોરિક, અને ઇઓલિક બોલીઓનો સમાવેશ થાય છે.)

(૨) અર્વાચીન ગ્રીક (ઘણી પ્રાન્તિક બોલીઓ સાથે)

(ઉ) સ્લેવોનિક ભાષાઓ–

(૧) અગ્નિકોણની સ્લેવોનિક

રશિઅન, ઇલિરિક (એમાં સર્વિઅન, ક્રોએટિઅન, અને કૅરિન્થિઆ ને સ્ટિરિઆની સ્લોવેનિઅન ભાષાઓ આવે છે.)

(૨) પશ્ચિમ તરફની સ્લેવોનિક

પોલિશ, બોહીમિઅન, પોલેબિઅન (એલ્બ નદી પર), સ્લોવેકિઅન, ને સૉર્બિઅન (લ્યુસેટિઅન બોલીઓ)

(ઊ) લેટિક ભાષાઓ

પ્રાચીન પ્રશિઅન, લેટિશ કે લિવોનિઅન (કુર્લેંડ ને લિવોનિઆમાં બોલાતી), લિથુએનિઅન (પૂર્વ પ્રશિઆ અને રશિઆના કોવ્નો અને વિલ્નાના પ્રાન્તોમાં બોલાતી)

યુરોપની પ્રજાઓમાં યાહુદી લોકો, ફ્રિન, લૅપ, હંગેરિઅન, અને તુર્ક લોકો આર્ય ભાષા બોલતા નથી.

સેમિટિક ભાષાઓ–ઇંડો-યુરોપીઅનથી ઊતરતી દુનિયામાં બોલાતી બીજી ભાષાઓ સેમિટિક ભાષાના વર્ગમાં આવે છે. એ વર્ગમાં નીચેની ભાષાઓનો સમાવેશ થાય છે:–

(૧) પ્રાચીન ને અર્વાચીન સિરિઆની ભાષા,

(૨) આસિરિઆ અને બાબિલનની ભાષા,

(૩) હીબ્રુ, ફીનિશિઅન, સમેરિટન, કાર્થેજિનિઅન કે પ્યુનિક,

(૪) અરબી, માલ્ટાની ને ઍબિસિનિઆની ભાષાઓ.

અન્ય ભાષાઓ–ઇંડો–યુરોપીઅન અને સેમિટિક સિવાયની દુનિયાની ભાષાઓ નીચેના વર્ગોમાં આવે છેઃ–

(૧) યુરલ. આલ્તાઈની;

(અ) હંગેરિઅન; (આ) ફિનિશ અને લૅપિશ; (ઇ) સેમૉયની પ્રાન્તિક ભાષાઓ; (ઈ) તુર્કી; (ઉ) મૉંગોલિઅન બોલીઓ; (ઊ) તુંગુસિઅન બોલીઓ;

(૨) (અ) દ્રાવિડ—તામીલ, તેલુગુ, મલાયલમ્, કાનડી;

(આ) એશિઆના ઈશાન કોણની ભાષાઓ–કારીઆ, કામશ્ચાટકા, કમુરાઇલની;

(ઇ) જાપાનીઝ અને લુ–ચુની બોલી;

(ઈ) મલાયા–પોલિનિશિઆની ભાષાઓ–મલાક્કા, જાવા, સુમાત્રા, મેલેનીસિઆની ભાષાઓ;

(ઉ) કૉકેસીઅન બોલીઓ (જ્યૉર્જિઅન, વગેરે);

(ઊ) દક્ષિણ આફ્રિકાની બોલીઓ;

(૧), (૨), ને (૩) ભાષાઓનું બંધારણ વિચારતાં તે સમાસાત્મિકા છે;

૪. (અ) ચીની ભાષા;

(આ) ઇંડો–ચાઇનાની ભાષા (સીઆમી, બર્મીઝ, આનામીઝ, ફામ્બોડિઅન, વગેરે);

(ઇ) ટિબેટન;

આ ભાષાઓ પ્રત્યયરહિતા કે એકસ્વરી છે.

૫. (અ) બાસ્ક;

(આ) ઉત્તર ને દક્ષિણ અમેરિકાના અસલ વતનીઓની ભાષા.

પ્રકરણ ૪થું

ગુજરાતી ભાષાનો ઇતિહાસ

ગુર્જરત્રાઃ લાટ–ગુજરાત એટલે ગુર્જર લોકોનો પ્રદેશ. શક, આહીર, અને અન્ય વિદેશી લોકોની પેઠે ગુર્જર લોકો પણ

વાયવ્ય કોણમાંના *સપાદલક્ષ નામના ડુંગરી પ્રદેશમાંથી હિંદુસ્તાનમા દાખલ થયા. પ્રથમ તેઓ પંજાબ અને સંયુક્ત પ્રાન્તોમાં વસ્યા. ગુજરાત અને ગુજરાનવાલા એ બે જિલ્લા પંજાબમાં છે તેનાં નામ એ લોક પરથી પડ્યાં છે. મથુરાથી તેઓ રજપુતાના અને માળવામાં પ્રસર્યા અને માળવામાંથી દક્ષિણ તરફ ખાનદેશમાં અને પશ્ચિમ તરફ ગુજરાતમાં ફેલાયા. ડિંડવાળા અને ઘટિયાળમાં વિક્રમ સંવત્ ૯મા લખેલાં એક તામ્રપત્ર અને એક શિલાપત્ર મળી આવ્યાં છે તેમાં ગુજરાત પ્રાન્તને ગુર્જરત્રા (ગુર્જરોને આશ્રય દેનારી ભૂમિ) કહ્યો છે. 'ગુર્જરત્રા'નું પ્રાકૃત રૂપ 'ગુજ્જરત્તા' થઈ 'ગુજરાત' નામ પડયું છે. પ્રાચીન ગુજરાતમાં મહી નદીના ઉત્તર ભાગનોજ–પાલણપુર, કડી, અમદાવાદ, મહીકાંઠા, અને ખેડાનોજ–સમાવેશ થતો હતો. અણહિલવાડમાં ચાવડા લોકોનું રાજ્ય હતું તે દર્મિયાન, એટલે ઈ. સ. ૭૨૦-થી ૯૫૬ સુધીમાં એ પ્રદેશનું ગુજરાત નામ પડયું. મહીના દક્ષિણ પ્રદેશને 'લાટ' કહેતા હતા. 'લાટ' શબ્દ ઘણો પ્રાચીન છે. સંસ્કૃત અલંકારગ્રન્થોમાં અમુક પ્રકારના અનુપ્રાસને લાટાનુપ્રાસ કહે છે; કેમકે તે લાટ લોકોને પ્રિય છે. ઈ. સ. ૮૮૮ના રાષ્ટ્રકૂટના શિલાલેખમાં તાપી નદી પર સુરત પાસેના વરિયાવ ગામ સુધીના પ્રદેશને 'કોંકણ' નામ આપ્યું છે. આ પ્રમાણે સુરત જિલ્લો કોંકણમાં આવેલો છે. મુસલમાન રાજ્યના દર્મિયાન મહીના દક્ષિણ પ્રદેશને–સુરત જિલ્લાની દક્ષિણ હદ સુધીના પ્રદેશને–'ગુજરાત' નામ આપવામાં આવ્યું.

ગુર્જર–ગુર્જર લોકોએ રજપુતાનામાં મોટું રાજ્ય સ્થાપ્યું હતું અને તેની રાજધાની ભિનમાલ કે શ્રીમાલ હતી. એ રાજવંશમાં છ રાજા થઈ ગયા, તેમાંના ભોજરાજાના વખતમાં તેમની સત્તા

---

* પશ્ચિમે ચંબથી પૂર્વે પશ્ચિમ નેપાળ સુધીનો ડુંગરી પ્રદેશ. એમાં સવા લાખ ટેકરીઓ છે એમ ધારવામાં આવતું તેથી એ નામ પડ્યું છે. હાલ એ નામ શિવાલિક ટેકરીનેજ લાગુ પડે છે.

કનોજમાં સ્થપાઈ. ભોજ રાજાની પછી મહેન્દ્રપાલ અને મહીપાલે કનોજમાં રાજ્ય કર્યું. મારવાડ અને કનોજના ગુર્જર રાજાઓને મહારાષ્ટ્રના રાષ્ટ્રકૂટ રાજાઓ સાથે વારંવાર લડાઈ થતી. એક શિલાલેખ પરથી જણાય છે કે કનોજના રાજા પ્રતિહારી વંશના હતા. પડિહાર, પરમાર, ચૌહાણ, અને સોળંકી, એ ચાર રજપુત રાજવંશોમાંના પડિહાર વંશનેજ પ્રતિહારી વંશ તરીકે શિલાલેખમાં કહ્યો છે. રાજશેખર નામના 'બાલરામાયણ' નાટકના કર્તા મહેન્દ્રપાલ રાજાના ગુરુ હતા. એ કવિએ પોતાના આશ્રયદાતા રાજાને નાટકમાં રઘુકુલચૂડામણિ કહ્યો છે. ઇ. સ. ૯૬૧માં અણહિલપત્તનમાં સોળંકી વંશની સ્થાપના થઈ ત્યારથી એ પ્રદેશનું નામ 'ગુજરાત' તરીકે સ્થાપિત થયું.

ગુજરાતી, હિંદીનું જૂનું પ્રાન્તિક સ્વરૂપ–સ્વરૂપમાં હિંદી કરતાં ગુજરાતી જૂની છે અને તે ભાષાનું જૂનું પ્રાન્તિક સ્વરૂપ છે. ચાલુક્ય રજપુતો એને કાઠિયાવાડના દ્વીપકલ્પમાં લઈ ગયા અને ત્યાં બીજી હિંદી બોલીઓથી છૂટી પડવાથી એ ધીમે ધીમે સ્વતન્ત્ર ભાષા બની. આ રીતે હિંદીમાંથી જે રૂપો જૂનાં થઈ જતાં રહ્યાં છે તે એમાં કાયમ રહ્યાં છે.

ગુજરાતી ભાષાની સીમા–ઉત્તર તરફ ગુજરાતી ભાષા છેક પાલણપુરની ઉત્તર સીમા સુધી ફેલાયલી છે. તેની બહાર સિરોહી અને મારવાડમાં મારવાડી ભાષા બોલાય છે. સિંધમાં થર અને પારકર જિલ્લાના દક્ષિણ કિનારા પાસે ગુજરાતી ભાષા બોલાય છે. દક્ષિણમાં સુરત જીલ્લાની દક્ષિણ હદ સુધી એ ભાષા પ્રસરેલી છે. એ દક્ષિણ સીમાની બંને બાજુના પ્રદેશોમાં ગુજરાતી અને મરાઠી બંને બોલાય છે. પૂર્વ તરફ ધરમપુરના રાજ્યમાં એ ભાષા ચાલે છે. વળી એ દિશાએ પર્વતની હાર આવેલી છે તે ગુજરાતની પૂર્વ સીમા બની છે. એ ડુંગરોની તળેટીની હારમાં ઉત્તર તરફ છેક પાલણપુરની પૂર્વ સીમા જ્યાં એ ડુંગરો આરાવલીની પર્વતમાલા તરીકે

પ્રસિદ્ધ છે ત્યાંસુધી ગુજરાતી ભાષા પ્રચલિત છે. આ ડુંગરોમાં ભીલ લોકોની વસ્તી છે. એ ડુંગરોની પેલી તરફ પૂર્વ અને દક્ષિણમાં રજપુતાનાનો મુલક આવેલો છે ત્યાંની પ્રાન્તિક બોલીઓ જયપુરી અને માળવી છે. એ બન્ને ભાષાઓને ગુજરાતી ભાષા સાથે ઘણો ગાઢો સંબંધ છે. મારવાડી ભાષાને ગુજરાતી સાથે ઘણો સંબંધ છે. ડૉક્ટર ટેસિટોરિ કહે છે કે અર્વાચીન ગુજરાતી ભાષા જ્યાં બોલાય છે તે બધા પ્રદેશમાં અને અર્વાચીન મારવાડી જ્યાં બોલાય છે તેના ઘણાખરા ભાગમાં કંઈ નહિ તો પંદરમા સૈકા સુધી તો એકજ ભાષા બોલાતી હતી અને તે ભાષા 'મુગ્ધાવબોધમ ઔક્તિમ'ની ભાષા હતી, અર્થાત્, જેને આપણે જૂની ગુજરાતી ભાષા કહીએ છીએ તે હતી. આ પ્રમાણે તે સમયે મારવાડી ગુજરાતીથી જુદી ન હતી અને મારવાડી તેમજ ગુજરાતી બન્નેનું પ્રાચીન સ્વરૂપ એક હોવાથી ડૉ. ટેસિટોરિએ એ જૂની ભાષાને 'પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની' એવું નામ આપ્યું છે. ભીલ ભાષા એક તરફ ગુજરાતી અને બીજી તરફ જયપુરી અને માળવી એ બેની વચ્ચેની સ્થિતિમાં છે.

ગુજરાતમાં ભિન્ન ભિન્ન પ્રજાઓ–ગુજરાતમાં દરિયામાર્ગે તેમજ જમીનમાર્ગે નીચેની પ્રજાઓ આવીને વસી છે:–

ઇ. સ.ની પૂર્વે–યાદવ, ગ્રીક, બૅક્ટ્રિઅન, પાર્થિઅન, સિથિઅન, હૂણ, મૌર્ય, અને અર્ધા સિથિઅન ક્ષત્રપો;

ઇ. સ.ની પછી–ગુપ્ત, ગુર્જર, જાડેજા, કાઠી, અફ્ઘાન, તુર્ક, મુગલ, પારસી, આરબ, અને બીજાં મુસલમાનોનાં ટોળેટોળાં, મરાઠા, પોર્ટુગીઝ, ડચ, ફ્રેંચ, અંગ્રેજ, અને આર્મીનિઅન.

સાહસિક પ્રજા–ગુજરાતી લોક ઘણા સાહસિક છે અને વેપાર કરવામાં કુશળ છે. હિંદુસ્તાનના દરેક પ્રાન્ત અને રાજ્યમાં તેઓ વેપારને અર્થે વસેલા છે ને ત્યાં ગુજરાતી ભાષા બોલે છે. હિંદુસ્તાનની બહાર આફ્રિકામાં, બ્રહ્મદેશ વગેરે દેશોમાં પણ

ગુજરાતીઓની મોટી સંખ્યા માલમ પડે છે. મદ્રાસમાં રેશમ વણનારા ઘણા ગુજરાતીઓ લાંબો વખત થયાં વસ્યા છે. પંજાબ, સંયુક્ત પ્રાન્ત, બંગાળા, વરાડ, અજમેર–મેરવાડા, મધ્યદેશ, રજપુત સંસ્થાન, હૈદરાબાદ, મૈસુર, ને કાશ્મીરનાં રાજ્યો, ક્વેટા, બ્રહ્મદેશ, કુર્ગ, અંડામાન, વગેરે પ્રદેશોમાં ગુજરાતીઓ વસેલા છે. સ્વદેશમાં ગુજરાતી ભાષા બોલનારાઓની સંખ્યા લગભગ એક કરોડ અને ગુજરાત બહાર હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં ગુજરાતી ભાષા બોલનારાઓની સંખ્યા લગભગ પંદર લાખ છે.

સંસ્કૃત—વાયવ્ય કોણથી હિંદમાં આવીને વસેલી આર્ય પ્રજાની મૂળ ભાષા સંસ્કૃત હતી. ઉચ્ચારની ખામીથી, અનાર્ય પ્રજાના સમાગમથી, અને એવાં બીજાં કારણોથી સંસ્કૃત ભાષા બગડતી ગઈ અને તેમાંથી પ્રાકૃત ભાષા ઉત્પન્ન થઈ. જે પ્રાકૃત સંસ્કૃતને બહુ મળતી છે તે પાલી. પાલી ભાષા સિઆમ, સિલોન, ને બ્રહ્મદેશની પવિત્ર ભાષા હતી. પાલીથી વિશેષ ભ્રષ્ટ થયલી ભાષા તે પ્રાકૃત અને પ્રાકૃતથી વિશેષ ભ્રષ્ટ થયલી તે અપભ્રંશ. અપભ્રંશ એ પ્રાકૃત અને દેશી ભાષાઓના વચલા સ્થાનમાં છે. જૂની હિંદી, વ્રજ ભાષા, અને ગુજરાતી એ અપભ્રંશને ઘણી મળતી છે.

આર્ય દેશી ભાષાઓની માતૃભાષા–સંસ્કૃત ભાષા હિંદી, પંજાબી, સિંધી, ગુજરાતી, મરાઠી, ઉત્કલી કે ઉર્ય, અને બંગાળી, એ સાત દેશી ભાષાની માતૃભાષા છે. એ ભાષામાં વપરાતા મુખ્ય શબ્દ તથા પ્રત્યય ને રચના સંસ્કૃત ભાષામાંથી આવ્યાં છે. કેટલાક શબ્દ મૂળ સંસ્કૃત ભાષામાં વપરાય છે તેજ સ્વરૂપમાં દેશી ભાષાઓમાં દાખલ થયા છે. એ તત્સમ શબ્દ કહેવાય છે. તદ્ એટલે પ્રકૃતિ, મૂળ, અર્થાત્ સંસ્કૃત ભાષા. તેમાં જેવા છે તેવાજ છે, માટે એ તત્સમ શબ્દ કહેવાય છે.

તત્સમ શબ્દ–દર્શન, શ્રવણ, દૃષ્ટિ, શ્રુતિ, ભાવ, વ્યય, મનુષ્ય, પુરુષ, સ્ત્રી, વગેરે

પ્રમાણ–તત્સમ શબ્દનું પ્રમાણ બંગાળી, ઉત્કલી, ને મરાઠી ભાષામાં વધારે, હિંદી ને ગુજરાતીમાં તેથી ઓછું, અને પંજાબી ને સિંધીમાં સહુથી ઓછું છે. ઈતિહાસ તરફ નજર કરીશું તો આનું કારણ સમજાશે. સિંધ અને પંજાબમાં મુસલમાનોની સત્તા બીજા દેશ કરતાં વહેલી થઈ, તેમજ એમાં મુસલમાની ધર્મ પણ વહેલો દાખલ થયો. એ બંને પ્રાન્તમાં બ્રાહ્મણની સંખ્યા ઓછી છે. પ્રાકૃત ભાષા બંને દેશોમાં, મુખ્યત્વે સિંધમાં, ઘણી અપભ્રષ્ટ થઈ છે. જમીન બેરાન હોવાથી આર્યોએ એ પ્રદેશ આભીર, ગુર્જર, ને જાટ ટોળીઓ માટે રહેવા દીધો ને પોતે પૂર્વ તરફ ચાલ્યા.

તદ્ભવ શબ્દ–ઉપર કહેલી સાતે દેશી ભાષા, જેની માતૃ-ભાષા સંસ્કૃત છે, તેમાં ઘણા શબ્દ સંસ્કૃતમાંથી ફેરફાર થઈને આવ્યા છે. આ શબ્દ તદ્ભવ કહેવાય છે. તદ્ એટલે તે, પ્રકૃતિ, સંસ્કૃત; તેમાંથી ઉત્પન્ન થયલા, માટે તદ્ભવ. તદ્ભવ શબ્દના બે પ્રકાર છે. એકમાં સંસ્કૃતમાંથી પ્રાકૃતદ્વારા દેશી ભાષાઓમાં આવેલા શબ્દનો સમાવેશ થાય છે. એ શબ્દમાં પ્રાકૃતના નિયમને અનુસારે વિકાર થયલા હોય છે. એ પ્રાચીન તદ્ભવ કહેવાય છે. બીજા પ્રકારમાં સંસ્કૃત-માંથી ફેરફાર થઈ લાગલાજ દેશી ભાષાઓમાં દાખલ થયલા શબ્દ આવે છે. બૌદ્ધોએ પોતાના ધર્મસિદ્ધાન્ત પ્રાકૃતમાં ફેલાવ્યા હતા. આથી ઇ. સ.ના નવમા દસમા સૈકામાં બ્રાહ્મણ ધર્મનું પુનઃ સ્થાપન થયા પછી બ્રાહ્મણોએ દેશી ભાષામાં ઘણા સંસ્કૃત શબ્દ દાખલ કર્યા. આ શબ્દ સામાન્ય લોકોએ ઉચ્ચાર કરતાં ભ્રષ્ટ કર્યા. એવા શબ્દ અર્વાચીન તદ્ભવ કહેવાય છે.

પ્રાચીન તદ્ભવઃ—

પક્વ–પક્ક–પાકું; મસ્તક–મત્થક–માથું; ભક્ત–ભત્ત–ભાત; શુષ્ક-સુક્ક–સૂકું; ગૃધ્ર–ગિદ્ધ–ગીધ; દુગ્ધ–દુદ્ધ–દૂધ; પિતૃગૃહ–પિતૃઘર–પિઉહર –પીહર; મકુલ–મઉલ–મોલ (ફાલ), મોર, મરવો; સૂચી–સૂઈ–સોય.

અર્વાચીન તદ્ભવઃ--

વરસ, મુરખ, કરમ, ધરમ, કારજ, ખતરી, કિરપા

ઉપર કહેલી સાત દેશી ભાષામાં તત્સમ ને તદ્ભવ શબ્દ ઉપરાંત કેટલાક શબ્દ એવા છે કે તે સંસ્કૃત નથી તેમજ સંસ્કૃતમાંથી આવેલા પણ નથી. તે દેશની મૂળ ભાષા–અનાર્ય ભાષામાંથી આવેલા છે, માટે **દેશ્ય** કે **દેશજ** કહેવાય છે.

દેશ્યઃ—રોડું, બાચકો, ઝાંખરું, છી, ઢીંગલી, ખાબડું, ખોળિયું, ટીપું, ઝાડ, ચણોઠી, ઝડી, તમેણુ, ગંડેરી, બપૈયા, ભૂંડ, મુક્કો, બાબરી, બોકડો, બરૂ, ધૂમસ, ઓસ, ઓસીકું, ઓરસીઓ, હોઢણી, કડછી, કડીઓ, ખડકી, છાસ, ડુંગર, ડાળું, પેટ, હોડ. આ શબ્દોમાંના ઘણાખરા હેમચન્દ્રે 'દેશી નામમાલા'માં દેશ્ય તરીકે આપેલા છે. આમાંના કેટલાક તદ્ભવ જણાય છે. 'ઓસીકું' **उच्छीर्षक** (ઊસીસું) પરથી, અને 'ઓસ' **अवश्याय** પરથી આવી શકે. 'ધૂમસ'–**धूमिका** પરથી હોય. ત્રિવિક્રમ 'મામા' ને 'મામી'ને પણ દેશ્ય શબ્દ તરીકે આપે છે.

પ્રાકૃત ને અપભ્રંશ–સામાન્ય લોકોમાં જે આર્ય ભાષા વપરાતી હતી તે પ્રાકૃત ભાષા કહેવાઈ. પ્રકૃતિ એટલે મૂળ ભાષા, સંસ્કૃત ભાષા, તેમાંથી આવેલી હોવાથી એ ભાષા પ્રાકૃત કહેવાય છે. 'પ્રાકૃત' શબ્દનો અર્થ સાધારણ થાય છે; જેમકે 'પ્રાકૃત પુરુષો'–સાધારણ પુરુષો; સંસ્કારી નહિ એવા. પ્રાકૃત ભાષાના દેશપરત્વે વિભાગ પડ્યા છે. જુદા જુદા પ્રાકૃત વૈયાકરણો એ વિભાગોની સંખ્યા જુદી જુદી આપે છે. પરંતુ, હેમચન્દ્ર, શેષકૃષ્ણ, ત્રિવિક્રમ, લક્ષ્મીધર, વગેરે છ ભાગ આપે છે. લક્ષ્મીધરે એ છ ભાષાના પોતાના વ્યાકરણને **ષડ્ભાષાચન્દ્રિકા** નામ આપ્યું છે. **ષડભાષામંજરી, ષડ્ભાષાસુબન્તાદર્શ, ષડ્ભાષારૂપમાલિકા,** એવાં બીજાં પ્રાકૃત વ્યાકરણનાં નામ પણ છ ભાષા પરથીજ પડ્યાં છે. એ છ ભાષાનાં નામ નીચે પ્રમાણે છેઃ-

૧. મહારાષ્ટ્રી અથવા પ્રાકૃત,
૨. શૌરસેની,
૩. માગધી,
૪. પૈશાચી,
૫. ચૂલિકાપૈશાચી,
૬. અપભ્રંશ.

આ નામ દેશપરત્વે પડ્યાં છે. મહારાષ્ટ્રમાં બોલાતી તે મહારાષ્ટ્રી. એ વિંધ્યથી કૃષ્ણાપર્યન્તના પ્રદેશમાં બોલાતી. દંડી એને ઉત્તમ પ્રાકૃત ગણે છે અને સેતુબન્ધ આદિ ઉત્તમ કાવ્ય એ પ્રાકૃતમાં લખાયાં છે. શૌરસેની મથુરાની પાસે શૂરસેન નામના પ્રદેશમાં બોલાતી. માગધી મગધમાં બોલાતી ને પૈશાચી ને ચૂલિકાપૈશાચી પિશાચ દેશોમાં બોલાતી. નેપાળ, સિંધ, કંદહાર, કાશ્મીર, વગેરેનો એ દેશોમાં સમાવેશ થતો. જેઓ ડુંગરી પ્રદેશમાં રહ્યા તેઓ પોતાના અગમ્ય પ્રદેશ અને જંગલી પ્રકૃતિને લીધે બીજાઓથી જુદા પડ્યા. તેઓમાં ખરાબ રિવાજ હતા અને એવાં કારણોથી સાહિત્યમાં તેમને પિશાચ ગણવામાં આવ્યા અને તેમની ભાષા પૈશાચી ગણાઈ. સંસ્કૃત નાટકોમાં એ ભાષાનો પ્રયોગ ક્વચિત્ જણાય છે. હાલની પિશાચ ભાષાઓ ત્રણચાર છે ને તે કાફિરસ્તાન, ચિત્રલના બોવાર, ને ગિલગિટના શીનામાં બોલાય છે અને કાશ્મીરી અને કોહિસ્તાની છે. અપભ્રંશને દંડી આભીર-ગોવાળીઆ વગેરે હલકી જાતની વાણી કહે છે. પ્રાકૃતસર્વસ્વમાં માર્કણ્ડેય અપભ્રંશના ત્રણ વિભાગ આપે છે:—નાગર,વ્રાચડ, અને ઉપનાગર. રુદ્રટના મત પ્રમાણે દેશપરત્વે અપભ્રંશના ઘણા વિભાગ છે; જેવાકે,

નાગર, ઉપનાગર, દ્રાવિડ, ટક્ક, માલવી, પંચાલી, કાલિન્દી, ગુર્જરી, વૈતાલિકી, કાંચી, આભીરી, શાવરી, વગેરે.

રુદ્રટનો મત વધારે વાસ્તવિક છે. સંસ્કાર પામેલી ભાષા તે સંસ્કૃત. તે ભ્રષ્ટ થઈ લોકોમાં પ્રચાર પામેલી ભાષાઓ તે પ્રાકૃત.

એનું પણ સંસ્કૃતની પેઠે સાહિત્યમાં સ્થિર સ્વરૂપ થયું અને લોક-ભાષા તરીકે એમાં વિકાસ થતો ગયો ત્યારે એ વિકાસ પામેલી કે ભ્રષ્ટ થયલી ભાષા તે અપભ્રંશ ગણાઈ. આ પ્રમાણે પ્રાકૃતની પેઠે દેશપરત્વે અપભ્રંશ થઈ. શૌરસેનીની અપભ્રંશ તે નાગર અપભ્રંશ. એ અપભ્રંશ ગુજરાતમાં બોલાતી. વ્રાચડ અપભ્રંશ તે સિંધની અપભ્રંશ.

તદ્ભવ શબ્દનું પ્રમાણ–તદ્ભવ શબ્દની સંખ્યા હિંદીમાં સર્વથી વધારે છે. મુસલમાનો પંજાબ અને સિંધમાં દાખલ થયા પછી ચારેક સૈકા રહીને હિંદીના પ્રદેશમાં તેમજ ગુજરાતમાં આવ્યા. આથી છેક સોળમા સૈકા સુધી હિંદીમાં ફારસી શબ્દ દાખલ થયા નથી. ત્યાંસુધી હિંદી ને ફારસી ભાષા તદ્દન જુદીજ રહી. ટોડર મલની નવી પદ્ધતિને લીધે હિંદુઓને ફારસી ભાષા શીખવાની જરૂર પડી ત્યારથી ફારસી શબ્દ હિંદીમાં દાખલ થયા ને ઉર્દુ ભાષા જન્મ પામી. હિંદીની માતૃભાષા શૌરસેની છે અને ગુજરાતી તેની એક પ્રાન્તિક બોલી છે.

ફારસી ને અરબી શબ્દ–મુસલમાનોના સમાગમને લીધે સાતે દેશી ભાષામાં ફારસી ને અરબી શબ્દ દાખલ થયા. જ્યાં એ સમા-ગમ વધારે હતો ત્યાં વધારે શબ્દ દાખલ થયા. છેક પશ્ચિમમાં–પંજાબ ને સિંધમાં–હિંદુ કરતાં મુસલમાનની સંખ્યા વિશેષ છે, તેથી ત્યાંની પંજાબી ને સિંધી ભાષામાં ફારસી અને અરબી ભાષાના શબ્દ વધારે છે. પૂર્વ તરફ ગંગાજમનાના વચલા પ્રદેશમાં બંને કોમની સંખ્યા લગભગ સરખી છે ને મુસલમાનો બુદ્ધિશાલી છે. આથી તત્સમ શબ્દની સાથે ફારસી ને અરબી ભાષાના શબ્દ પણ વપરાય છે. છેક પૂર્વમાં–બંગાળા ને ઓરિસામાં–હિંદુની સંખ્યા વિશેષ છે, તેથી બંગાળી ને ઉત્કલી ભાષામાં તત્સમ શબ્દ વધારે છે. ગુજરાતી અને મરાઠીની સ્થિતિ લગભગ હિંદી જેવી છે. આ પ્રમાણે સાતે ભાષામાં

ફારસી ને અરબી ભાષાના શબ્દ દાખલ થયા છે, તોપણ એ ભાષાની અસર ભાષાઓના બંધારણ પર થઈ નથી.

વિદેશીય શબ્દ--વેપારને અર્થે યુરોપીઅન પ્રજાઓમાં સર્વથી પહેલી પોર્ટુગીઝ પ્રજા આવી. એ લોકોની સાથે ગુજરાતીઓને સમાગમ થવાથી ગુજરાતી ભાષામાં કેટલાક પોર્ટુગીઝ ભાષાના શબ્દ પણ દાખલ થયા છે. અંગ્રેજ સરકારનું રાજ્ય થવાથી અંગ્રેજી ભાષાના શબ્દ પણ ગુજરાતી ભાષામાં પ્રવેશ પામ્યા છે.

દાખલા--આ પ્રમાણે ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાના તત્સમ ને તદ્ભવ શબ્દ ઉપરાંત દેશ્ય, ફારસી, અરબી, પોર્ટુગીઝ, અને અંગ્રેજી ભાષાના શબ્દ માલમ પડે છે. થોડાક દાખલા નીચે આપ્યા છે.

ફારસી શબ્દ--અજમાયેશ, આબાદી, ખરીદ, ગુમાસ્તો, ગુજરાન, તાજગી, તવંગર, તંદુરસ્તી, દસ્તાવેજ, દરિયો, પ્યાલો, ફડનવીસ, શેતરંજી, સખુન, સરપાવ, હોશિયાર, હવા, હજાર

અરબી શબ્દ--અકલ, અખત્યાર, આબેહૂબ, ઇન્સાફ, ઈજા, ઇન્સાન, એબ, ઉમદા, ખબર, ખર્ચ, તકરાર, તફાવત, દલીલ, દુનિયા, મજકૂર, મશગૂલ, માજી, શર્બત, સલાહ, હવાન, હુકમ, હેવાલ

પોર્ટુગીઝ શબ્દ-ઇંગ્રેજ, પગાર, પિસ્તોલ, પલટણ, કમાન, એન્જિનીઅર, ચા, કાપ્રી, લિલાઉ, ગવંડર, ગો-ડાઉન, ચાવી, મોસંબી

અંગ્રેજી શબ્દ-અપીલ, કોરટ, ટિકિટ, ટેબલ, પેન્સિલ, પોટીસ, ફર્મો, બુટ, બેલિફ, બોર્ડિંગ, વારંટ, રસીદ, રબર, મ્યુનિસિપૅલિટિ, સેવિંગ બૅંક, સોદાવૉટર, હોટેલ, હસ્પિટાલ, બાટલી, પાસ, દાકતર

સંસ્કૃતમાંથી નીકળેલી દેશી ભાષાઓ--હિંદી, પંજાબી, બંગાળી, ઉત્કલી, મરાઠી, ગુજરાતી, અને સિંધીમાંની હિંદી, પંજાબી, સિંધી, ને ગુજરાતી અપભ્રંશ સાથે વધારે મળતી આવે છે. વૈયાકરણો

અપભ્રંશને શૌરસેની સાથે જોડે છે; કેમકે અપભ્રંશ માટેના ખાસ નિયમો આપી બાકીનું શૌરસેની પ્રમાણે છે એમ કહે છે. આ કારણથી ગુજરાતી શૌરસેની પ્રાકૃત કે અપભ્રંશમાંથી આવેલી છે એમ કહી શકાય. મરાઠી મહારાષ્ટ્રી પરથી આવી છે અને બંગાળી ને ઉત્કલીમાં શૌરસેની તેમજ મહારાષ્ટ્રીનાં લક્ષણ છે. વળી એમાં વ્યંજનના ફેરફારમાં મુખ્યત્વે જ્ઞ થાય છે તે પરથી એ ભાષાઓ માગધી પરથી ઊતરેલી જણાય છે.

ગુજરાતી ને અપભ્રંશ–ગુજરાતીને બીજી પ્રાકૃતો કરતાં અપભ્રંશ સાથે વધારે સંબંધ છે. એ અપભ્રંશનું વ્યાકરણ હેમચન્દ્ર, ત્રિવિક્રમ, લક્ષ્મીધર, માર્કંડેય, વગેરે વૈયાકરણોએ કર્યું છે, તેમાં હેમચન્દ્ર અને લક્ષ્મીધરનામાં બીજા કરતાં વધારે હકીકત છે. હેમચંદ્રમાં ઘણાં ઉદાહરણો આપેલાં છે, તે પરથી અપભ્રંશમાં એના સમયની પહેલાં સાહિત્ય થયલું જણાય છે. સંસ્કૃત વ્યાકરણના પર સંક્ષિપ્ત ટીકારૂપ મુગ્ધાવબોધ ઔક્તિક નામે ગ્રન્થ જૂની ગુજરાતીમાં દેવસુંદરના શિષ્યે ઈ. સ. ૧૩૯૪માં લખ્યો છે. ભાલણ, ભીમ, અને પદ્મનાભ, નરસિંહ મહેતા, અને મીરાંબાઈ ઇ. સ. ના ૧૫મા સૈકામાં થઈ ગયાં છે. ભાલણકૃત 'કાદમ્બરી' અને પદ્મનાભના 'કાન્હડદે પ્રબન્ધ'ની ભાષા જૂની ગુજરાતી છે. ઇ. સ. ના ૧૬મા સૈકામાં નાકર કવિ તથા ૧૭મા સૈકામાં પ્રેમાનન્દ, અખા, સામળ, વગેરે કવિઓ થઈ ગયા છે, તેમની ભાષા હાલની ભાષા જેવીજ છે.

જૂની ગુજરાતીના નમુના પરથી નીકળતું અનુમાન––નીચે નમુનાઓ આપ્યા છે તે પરથી અપભ્રંશ ભાષા, જે ગુજરાતી ભાષાનું મૂળ છે તે તથા જૂની ગુજરાતી ભાષા કેવા પ્રકારની છે તે સમજાશે. ઇ૦ સ૦ના ૧૫મા તેમજ ૧૬મા સૈકાના બ્રાહ્મણગ્રન્થો તેમજ જૈન ગ્રન્થો મળી આવે છે તેમાંના કેટલાકમાંથી નમુના આપ્યા છે. નરસિંહ મહેતા, જેમને ગુજરાતીમાં આદ્ય કવિ કહેવાનો પ્રચાર

પડ્યો છે; તેમના પહેલાનાં પણ જૈન રાસાઓ મળી આવે છે. એ રાસાઓની ભાષા શુદ્ધ ગુજરાતી તો નજ કહેવાય; કેમકે એમાં માગધી, મારવાડી, હિંદી, વગેરે ભાષાઓનું મિશ્રણ છે. રા. જીવણચંદ સાકરચંદ જવેરી 'શ્રી આનન્દકાવ્યમહોદધિ' મૌક્તિક ૧લાના ગ્રન્થ-વિવેચનમાં પૃષ્ઠ ૫ પર ખરૂં લખે છે કે "જૈન કવિઓ દ્વારા રચાયેલ કાવ્યોમાં વિશેષે આટલી ભાષાઓનો સમાવેશ પણ મ્હોટે અંશે થયેલો જોવામાં આવે છે.

ગુજરાતી,
માગધી,
શૂરસેની,
અપભ્રંશ,
પ્રાકૃત,
મારવાડી,
હિન્દી."*

પ્રેમાનન્દના સમયના તેમજ તેમની પછીના સમયના રાસાઓની પણ ભાષામાં પ્રાકૃત શબ્દો ને રચના વિશેષ જોવામાં આવે છે અને તે સ્વાભાવિકજ છે. જૈન કવિઓએ ઇ. સ. ના ૧૨મા સૈકાથી ઘણા રાસા લખ્યા છે અને એ રીતે ગુજરાતી સાહિત્યમાં ઘણી વૃદ્ધિ કરી છે. ઇ. સ. ના ૧૫મા સૈકાના પ્રાહ્મણ ગ્રન્થો તથા ખતો મળી આવે છે તેની ભાષા જૂની ગુજરાતી છે. વળી ભાલણની 'કાદમ્બરી'ની ભાષા તેમજ અન્ય ગ્રન્થો છપાયા છે તેની ભાષામાં ઘણો ફેર છે. આ

* 'આવા રાસાઓમાં કઈ કઈ ભાષાઓનું થોડુંઘણું જોડાણ થવા પામ્યું છે તે તપાસીશું તો ગૂજરાતી, માગધી, શૂરસેની, અપભ્રંશ, પ્રાકૃત, અને મારવાડી તથા હિન્દી ભાષાઓનું જોડાણ થયેલું જોવામાં આવે છે તથા કેટલાક રાસાઓ તો પૂર્ણ માગધી કે પ્રાકૃતમાં રચાયલા પણ જણાય છે.' મૌક્તિક ૧લું પ્રસ્તાવના, પૃ૦ ૯.

ઉપરથી એમાંથી એક અનુમાન સત્ય હોવું જોઈએઃ–૧. ઇ. સ.ના ૧૫મા સૈકાની ભાષા જૂની ગુજરાતી હતી અને કવિ નરસિંહનાં કાવ્યો નકલ કરનારાઓએ બદલીને લખ્યાં છે; અથવા તો ૨. પ્રચલિત ભાષા કવિ નરસિંહના કાવ્યમાં છે તેવીજ હતી; પરંતુ જૈન સાધુઓ પોતાની ભાષામાં રાસાઓ લખતા, તેમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે પ્રાકૃત ને હિંદીમારવાડી ભાષાઓનું મિશ્રણ હતું અને કેટલાક બ્રાહ્મણ ગ્રન્થકારો પણ એ શૈલીનું અનુકરણ કરતા. ભાલણનીજ 'કાદમ્બરી' અને 'નળાખ્યાન'ની ભાષામાં ફેર છે, જોકે તેમાં પણ જૂની ભાષાના શબ્દો–કિમ, કુણ, ઇત્યાદિ જોવામાં આવે છે. બંતોમાં ઘણા જૂના વખતથી ચાલી આવતી શૈલી સચવાય છે એ જાણીતી વાત છે. આ બેમાંનું કયું અનુમાન સત્ય છે તે નક્કી કરતા પહેલાં ઘણાં હસ્તલિખિત પુસ્તકોના સંશોધનની જરૂર છે. પણ એટલું તો નક્કીજ છે કે ઇ. સ.ના ૧૫મા ને ૧૬મા સૈકામાં જૂની ગુજરાતી ભાષામાં લખેલા બ્રાહ્મણ ગ્રન્થો તથા જૈન ગ્રન્થો મળી આવે છે અને તે બન્નેની ભાષા લગભગ સરખી છે. જૈન પુસ્તકોમાં માત્ર પ્રાકૃત શબ્દો અને હિંદીમારવાડી શબ્દો વિશેષ જોવામાં આવે છે. વળી આગળ નમુનાઓમાં દર્શાવ્યું છે તેમ જૂની શૈલીને નવીમાં સહેલાઈથી બદલી શકાય એવા રાગોમાં બહુધા એ સૈકાનાં પુસ્તકો લખેલાં છે અને એવો ફેરફાર થતો એમ રા. નવલરામભાઈને હાથ લાગેલી 'હરિલીલા–સોળકળા' (ભીમકવિવિરચિત) પુસ્તકની પ્રત* પરથી માલમ પડે છે; એ પણ ધ્યાનમાં રાખવાનું છે.

અપભ્રંશના નમુનાઃ–

ઢોલ્લા સામલા ધણ ચમ્પા-વણ્ણી ।
ણાઇ સુવણ્ણ-રેહ કસ-વટ્ટઇ દિણ્ણી ॥

---

* એ પ્રતનો નમુનો આગળ આપ્યો છે.

(ઢોલો–નાયક શ્યામલ–શ્યામવર્ણ છે; ધણુ–નાયિકા ચમ્પાવર્ણી છે. જાણે સુવર્ણરેખા કષપટ્ટક–કસોટી પર દીધેલી છે).

સાહુ વિ લોઉ તડફ્ફડઇ વડ્ડત્તણહો તણેણ ।

(સહુ પણ લોક તડફડે છે વૃદ્ધત્વને–મોટાઈને માટે).

ભલ્લા હુઆ જુ મારિઆ બહિણિ મહારા કન્તુ ।

લજ્જેજં તુ વયંસિઅહુ જઇ ભગ્ગા ઘરુ એન્તુ ॥

(ભલું થયું જે, બેન! મારો કાન્ત મરાયો, જો ભાગેલો–હારેલો ઘેર આવત તો સખીઓથી હું લજ્જાત)

જીવિઉ કાસુ ન વલ્લહઉં ધણુ પુણુ કાસુ ન ઇટ્ઠુ ।

દોણ્ણિ વિ અવસર–નિવડિઆઇં તિણ–સમ ગણઇ વિસિટ્ઠુ ॥

(જીવિત કોને વલ્લભ નથી, ધન પણ કોને ઇષ્ટ નથી; બંને પણ અવસરે પડેલાને–પ્રાપ્ત થયલાને વિશિષ્ટ પુરુષ તરણાસમાન ગણે છે).

જઇ ન સુ આવઇ દૂઇ ઘરુ કાઇં અહો–મુહુ તુજ્ઝુ ।

વયણુ જુ ખણ્ડઇ તઉ સહિ એસો પિઉ હોઇ ન મજ્ઝુ ॥

(હે દૂતિ! જો તે ઘેર ન આવે {તો} તારું અધોમુખ શા માટે છે? તું શા માટે નીચું ઘાલે છે? જે તારું વચન ખંડે છે એ (તે), હે સખિ! મારો પ્રિય થતો નથી).

એહ કુમારી એહો નરુ એહુ મણોરહ–ઠાણુ ।

એહઉં વઢ ચિન્તતાહં પચ્છઇ હોઇ વિહાણુ ॥

(એ કુમારી {છે}; એ નર {છે}; એ મનોરથસ્થાન {છે}, એમ વિચાર કરનારા મૂર્ખોને પછી વહાણું થાય છે–વાય છે).

હિઅડા જઇ વેરિઅ ઘણા તો કિં અમ્બિ ચડાહું ।

અમ્હહં બે હત્થડા જઇ પુણુ મારિ મરાહું ॥

(હૈયા! જો વેરીઓ ઘણા છે તો શું આકાશે ચડીએ? અમારા બે હાથ છે; જો પણ (વળી) મારીને મરાઈશું.)

ચઞ્ચલુ જીવિઉ ધ્રુવુ મરણુ પિઅ રૂસિજ્જહ કાઇં ।

હોસઇં દિઅહા રૂસણા દિવ્વઇં વરિસ–સયાઇં ॥

(જીવિત ચંચળ-ચપળ છે; મરણ ધ્રુવ-નિશ્ચિત છે; પ્રિય! રિસાય છે શા માટે? રિસાનારના દિવસ દિવ્ય સો વરસ {જેટલા} થાય છે.)

હરિ નચ્ચાવિઉ પઙ્ગણહ વિમ્હઇ પાડિઉ લોઉ।

(હરિ નચાવ્યો પ્રાંગણે-આંગણામાં; વિસ્મયમાં પાડ્યો લોક-લોકને વિસ્મયમાં પાડ્યો.)

જેવડુ અન્તરુ રાવણ-રામહં તેવડુ અન્તરુ પટ્ટણ-ગામહં ॥

(જેવડું અન્તર રાવણ ને રામનું છે, તેવડું અન્તર શહેર ને ગામનું છે.)

દિઅહા જન્તિ ઝડપ્પડહિં પડહિં મણોરહ પચ્છિ।

જં અચ્છઇ તં માણિઅઇ હોસઇ કરતુ મ અચ્છિ ॥

(દિવસો ઝડપથી જાય છે; મનોરથો પાછળ પડે છે; જે છે તે માન્ય થાય છે; થશે એમ કરતો ન થા.)

તુમ્હહં હોન્તઉ આગદો।

(તમારી પાસેથી થયલો આવ્યો.)

જામ ન નિવડઇ કુમ્ભ-યડિ સીહ-ચવેડ-ચડક્ક।

તામ સમત્તહં મયગલહં પઇ પઇ વજ્જઇ ઢક્ક ॥

(જ્યાંસુધી કુંભતટ (ગંડસ્થળ) પર સિંહના ચપેટાનો-તમાચાનો સપાટો પડતો નથી, ત્યાંસુધી સમસ્ત મયગલના {મદકલના-હાથીના} પગલે પગલે ઢોલ વાગે છે.)

વડપ્પણુ પરિપાવિઅઇ હત્થિ મોક્કલડેણ।

(વડાપણું મોકળે હાથે પમાય છે.)

અન્નુ જુ તુચ્છઉં તહે ધણહે તં અક્ખણહ ન જાઇ।

(અન્ય જે તુચ્છ છે તે ધેણનું-નાયિકાનું તે કહ્યું જાતું નથી.)

એ નમુના પરથી મળતો બોધ-હેમચન્દ્રના વ્યાકરણમાંથી અપભ્રંશ ભાષાના ઉપર આપેલા નમુનાઓ પરથી એ ભાષામાંથી ગુજરાતીમાં કેટલા બધા શબ્દો આવ્યા છે તેનો તથા શબ્દનાં રૂપનો એમાં, જૂની ગુજરાતીમાં, તથા હાલની આપણી ભાષામાં કેવો ફેર-

ફાર થયો છે તેમજ રચના અને લોકોક્તિમાં કેટલું મળતાપણું છે તે બધાનો ખ્યાલ આવશે.

શબ્દ–ઢોલો, ધેણુ, સહુ, તડફડવું, ભલું, કંથ, ઘર, સહી, પિઉ, થાણું, વહાણું, હઈડું, ઘણું, બે, ઝટપટ, જેવડું, તેવડું, પછી, કાંઈ (પારસી લોકો 'કેમ', 'શા માટે'ના અર્થમાં વાપરે છે–'બોલતો કાંઈ નહિ'), તો

શબ્દોનાં રૂપ—સાહુવિ (સહુએ; પારસીઓ 'પણ'ના અર્થમાં 'બી' વાપરે છે તે સં. અપિ, અપ. બિ છે); ગણઇ (ગણે); આવઇ (આવે); હોસઇ (હોશે, થશે); અચ્છઇ (છે); નિવડઇ (નિપડે–પડે); વજ્જઇ (વાજે, વાગે); ખણ્ડઇ (ખંડે); તડફ્ડઇ (તડફડે)

કન્તુ (કાન્ત–કંથ); વયણુ (વચન); ઠાણુ (થાણું); વિહાણુ (વહાણું); એહુ (એહ–એ); ચંચલુ (ચંચળ); લોઉ (લોક); અન્તરુ (અન્તર); વડપ્પણુ (વડપણ); અન્નુ (અન્ય); ધણુ (ધન); નરુ (નર)

વલ્લહઉં (વલ્લભ); તુચ્છઉં (તુચ્છ)

('ઉ' પ્રત્યય પું. પ્ર. એ. વ.નો ને 'ઉં' નપું. પ્ર. એ. વ.નો છે.)

કસવટ્ટઇ (કસ-પટ્ટે); કુંભયડિ (કુંભતટે); પંગણઇ (પ્રાંગણે–આંગણે)—'ઇ' સ. એ. વ.નો પ્રત્યય

અમ્હહં, રાવણુ–રામહં, મયગલહં, તુમ્હહં, સમત્તહં

(હં–પ. બ. વ.નો પ્રત્યય)

પચ્છઇ (પછી)

નચ્ચાવિઉ (નચાવ્યુ–નચાવ્યો); પાડિઉ (પાડ્યો)

પુણુ (પણ)

જામ—તામ

રુસિજ્જઇ (રિસાય); પરિપાવિઅઇ (પરિપવાય, પમાય; પાવે=પામે)

શબ્દરચના–તં અક્ખણહ ન જ્જાઇ–તે કહ્યું જાતું નથી. અક્ખણહ= આખ્યાતુમ્; હેમચન્દ્ર તુમ્નો અણહં આદેશ આપે છે.*

લોકોક્તિમાં સામ્ય—હત્થિ મોક્કલડેણ=મોકળે હાથે

---

* આખ્યાનનું અક્ખણ થઈ ષ૦ ૧૦ વ૦નો હ પ્રત્યય લાગી રૂપ થયલું જણાય છે.

ઇ. સ.ના તેરમા ને ચૌદમા સૈકાના ગ્રન્થોની ભાષાના નમુનાઃ—

ઇ. સ. ૧૨૭૦માં (સંવત્ ૧૩૨૭માં) કોઇકે જૈન સાધુએ રચેલો 'સપ્તક્ષેત્રી' રાસ—

જાં સિસિ (સસિ?) રવિ ગયણુંગણિહિ ઊગઇ મહિમણ્ડલિ,
તાવ રહઊ એઉ રાસુ ભવિયણા! જિણુસાસણિ;
નિમ્મલજ ગ્રહ નક્ષત્રતારિકા વ્યાપઈ,
જયવન્તુ શ્રીસઙ્ઘ અનઇ જિણુસાસણુ.

શ્રીઆનન્દકાવ્યમહોદધિ, મૌક્તિક ૧લું, પૃ૦ ૮

ઇ. સ. ૧૩૫૫માં (સંવત્ ૧૪૧૨માં) શ્રીવિજયભદ્રમુનિપ્રણીત શ્રીગૌતમરાસ—

જિમ માનસસર નિવસે હંસા, જિમ સુરવરસિરિ કણયવતંસા,
જિમ મહુયર રાજીવવનિ;
જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણ વિકસે,
તિમ ગોયમગુણ કેલિવનિ ॥ ૫૨ ॥

* * * *

ચઉદહસય બારોત્તર વરિસે, (ગોયમગણહરકેવળદિવસે)
અંબનયર પ્રભુ **પાસ**પસાયે
કિઉં કવિત ઉપગાર પરો;
આદિ હી મંગળ એહ ભણીજે, પરવ મહોત્સવ પહિલો દીજે (લીજે) ॥૫૮॥
ધન માતા! જેણે ઉઅરે ધરિયા, ધન પિતા! જિન કુલે અવતરિયા
ધન સહગુરૂ! જિણે દિક્ખિયા એ;
વિનયવંત વિદ્યાભંડાર, જસુ ગુણ પુહવી ન લભે પાર
વડ જિમ શાખા વિસ્તરે એ ॥ ૫૯ ॥

આનન્દકાવ્યમહોદધિ, મૌક્તિક ૧લું, પૃ૦ ૬—૭

આ ઉતારામાં નીચેના શબ્દ તથા શબ્દરૂપ પર લક્ષ આપોઃ—

શબ્દ—જાં—તાવ (જ્યાંસુધી—ત્યાંસુધી; સં. यावत्—तावत्); સસિ (શશી—ચન્દ્ર); ગયણુંગણુ (ગગનાંગણ; ગ્ લોપાઈ તેને બદલે લઘુ-

પ્રયત્ન ય્ થયો છે); જિણુ–સાસણુ (જિનશાસન); કણુયવતંસા (કનકવતંસ, ક્ લોપાઈ તેને બદલે લઘુપ્રયત્ન ય્ થયો છે; ન્ નો ણ્ થયો છે); મહુયર (મધુકર); રયણાયર (રતનાકર–રત્નાકર); રયણુ (રત્ન); ગોયમ (ગૌતમ); પસાય (પ્રસાદ); ઉપગાર (ઉપકાર); ઉઅર (ઉદર); પુહવી (પૃથ્વી); જિમ–તિમ (જેમ તેમ); ચઉદ્દહસય (ચતુર્દશ-શત–ચૌદસેં)

શબ્દરૂપ—

ઊગઈ (ઊગે); વ્યાપઈ (વ્યાપે)

રહઊ (રહેા)

એઉ રાસુ (એ રાસેા); જિણુસાસણુ

જિણુસાસણિ (સમ૰ શાસનમાં); મહિમંડલિ; સિરિ; કેલિવનિ; પાસપસાયે (પાર્શ્વપ્રસાદે); જિણે (જેણે); જસુ (જેના); અનઈ (અને); હંસા (હંસેા)

'મુગ્ધાવબોધ ઔક્તિક'માંના દાખલા; એ ગ્રન્થ ઇ. સ. ૧૩૯૪માં દેવસુંદરના શિષ્યે રચ્યેા છે:—

ચન્દ્ર ઊગઇ; દાન દીજઇ (દેવાય છે); શિષ્ય પૂછઇ (પૂછે); ધર્મકરણુહાર (ધર્મ કરનાર) જીવ સુખ પામઇ

ધર્મુ સુખનઇ કારણિ હુઇ (ધર્મ સુખને કારણે છે–સુખ ઉત્પન્ન કરે છે.)

ક્રિયા કરિવઇ જુ મુલિગઉ હુઇ સુ કર્તા. (ક્રિયા કરવામાં જે મૂલગ–મૂળનેા છે તે કર્તા.)

મેધિ વરસતઇ મેાર નાચઇ. (મેધ વરસતે મેાર નાચે છે).

ગુરિ અર્થુ કહતઇ પ્રમાદીઉ ઊંઘઇ (ગુરુ અર્થ કહતે {સતે} પ્રમાદી ઊંઘે છે.)

આવિઉ; ગિઉ; પૂજિઉં (નપું૰)–આવ્યેા, ગયેા, પૂજ્યું.

કરી–લેઈ–દેઈ–પઢી

શિષ્ય શાસ્ત્ર પઢતઉ હઉં સાંભલઉં. (શિષ્યને શાસ્ત્ર પઢતેા હું સાંભળું.)

આત્મનેપદ–નઉં પહિલઉં એકૂજ વચન હુઇ. (આત્મનેપદનું પહેલું–પહેલો પુરુષ એકજ વચન છે.)

ગુરુ–તણુઉં વચન (ગુરુનું વચન)

લિંગ છેહિલા શબ્દ–તણુઉં હુઇ. ([દ્વન્દ્વમાં] લિંગ છેલ્લા શબ્દનું થાય છે.)

એહ–તણુઉ; એહ–નઉ (એનો)

અન્યાદિક–નઉ યોગુ (અન્યાદિકનો યોગ)

જે કર્તા–નઉ અથવા કર્મ–નઉ આધાર હુઇ તે અધિકરણ. (જે કર્તાનો કે કર્મનો આધાર છે તે અધિકરણ.)

તેહ–નઇ યોગિ (તેહને યોગે–તેને યોગે)

જેહ–નઇ કારણિ (જેહને કારણે–જેને કારણે)

શબ્દ–નઇ છેહિ (શબ્દને છેડે)

કત્વા–નઇ કર્મિ દ્વિતીયા (કત્વાન્તને કર્મમાં દ્વિતીયા–કત્વાન્ત શબ્દના કર્મમાં { સંબંધક ભૂત કૃદન્તના કર્મમાં } દ્વિતીયા આવે છે.)

ધર્મુ સુખ–નઇ કારણિ હુઇ. (ધર્મ સુખને કારણે છે–સુખનો હેતુ છે.)

વિવેકિઉ મોક્ષ–નઇ કારણિ ખપઈ. (વિવેકી મોક્ષને કારણે યત્ન કરે છે.)

કઉણુ–તણુઉં (કોનું)

શાસ્ત્ર પઢતઉ (શાસ્ત્ર પઠતો)

એ ગ્રન્થ સુખિઇં પઢાયઇ. (એ ગ્રન્થ સુખે પઢાય–પઢી શકાય.)

માહરઉ; અમ્હારઉ; તાહરઉ; તમ્હારઉ (મારો; અમારો; તારો; તમારો)

જુ પૂછઇ સુ કર્તા. (જે પૂછે તે કર્તા.)

એહો પુ.; એહ સ્ત્રી.; એહુ નપું૦

જાણું કરી કરઇ લિઇ દિઇ ઇત્યાદિ યુક્તિઇ જિહાઇ અનઇ જાણું કરી કર્તા ક્રિયા સાધઇ તં કરણ. (જેણે કરીને કરે, લે, દે, ઇત્યાદિ યુક્તિએ જ્યાં અને જેણે કરીને કર્તા ક્રિયા સાધે તે કરણ.)

જેહ-તઉ; હુંતઉ-થઉ-થકઉ (જેથી, હુંથી;)

જેહ-સિઉં ઇત્યાદિ બોલિવઇ સહાદિ યોગિ ત્રીતીયા હુઇ. (જેની સાથે ઇત્યાદિ બોલવામાં સહાદિને યોગે તૃતીયા થાય છે.)

કિસું પૂછઇ? (શું પૂછે?)

કિસિઇં તરઇ? (શા વડે તરે?) ધર્મિ (ધર્મ વડે)

કિસ-નઇ કારણિ ધર્મુ હુઇ? (શાને માટે ધર્મ થાય?) (સુખ-નઇ (સુખને)

ઇ. સ.ના ૧૫મા સૈકાની ભાષાના નમુના. એમાં પદ્મનાભ, ભાલણ, ભીમ, વગેરેના ગ્રન્થોના દાખલા છે.

પદ્મનાભના 'કાન્હડદે પ્રબન્ધ'માંથી

પહિલુ રાઇ હું અવગણિઉ; માહરુ બન્ધવ કેસવ હણિઉ ॥૧.૨૫॥

(પહેલો રાયે હું અવગણ્યો–મને અવગણ્યો, મારો બાન્ધવ કેશવ હણ્યો.)

* * * *

તસ ઘરણી ઘરિ રાખી રાઇ. એ વહુ રોસ ન સહિણુ જાઇ.

ગૂજરાતિ સ્યૂં માંડિસિ કલહુ માહારઇ સાથિ કટક મેાકલુ ॥૧.૨૬॥

(તેની ગૃહિણી–સ્ત્રી ઘરમાં રાયે રાખી. એ વડો–મોટો રોષ સહ્યો જાતો નથી. ગુજરાતની સાથે કલહ માંડીશ, મારી સાથે કટક–લશ્કર મોકલો.)

* * * *

કાધઉ કૂચ, ઊપડીઆં સાહણુ, ઘણૂં નીસાણુ બજાવ્યા;

ભાજી દેસ દેવકઇ પાટણિ દલ દેખન્તા આવ્યા ॥૧.૭૭॥

(કૂચ કીધી, સાધન–લશ્કરો ઉપડ્યાં, ઘણાં નિશાન વગાડ્યાં, દેશ ભાંગી દેવના પાટણમાં જોતજોતામાં લશ્કર આવ્યાં.)

* * * *

કાન્હ તણુઇ સંપત્તિ ઇસી જિસી ઇન્દ્રહ ઘરિ રિદ્ધિ;

સવે દિવસિ વાસુ વસઇ રાજભવનિ નવ નિદ્ધિ ॥૧.૯॥

(કાન્હની એવી સંપત્તિ છે કે જેવી ઇન્દ્રને ઘેર રિદ્ધિ છે; સર્વ દિવસ રાજભવનમાં નવ નિધિ વાસો વસે છે.)

* * * *

સંધિ સંધિ જૂજઇ કીધી; ઘર પાડેવા લાગા;
ઉપરિ થિકા જે હાથી ઘોડા ઘણુ તણે ઘાઇ ભાગા ॥૧.૬૪॥
(સાંધિ સાંધો જુદો કીધો; ઘર પાડવા લાગ્યા; ઉપર રહેલા જે હાથીઘોડા હતા તેને ઘનના ઘા વડે ભાંગી નાખ્યા.)

* * * *

સોમનાથની વાહાર કરેજે; વલી છોડાવે થાન ॥૧.૧૨૫॥
(સોમનાથની વહાર કરો. વળી બંદીવાનોને છોડાવો.)

* * * *

હિંદુએ મારીયલ કીધુ પગ મેલ્હણિ ન જાઇ. ૧.૨૧૩
(હિંદુએ કસાઇખાનું કીધું; પગ મેલ્યો જાય નહિ–મૂકી શકાય નહિ.)

* * * *

જાલહુર ગઢ વિસમુ અછિઇ; લેસિઉ પ્રાણિ મારી,
કિ તલહટીઇ ઘેરિ જિ પયસિઉ, પણિ નવિ આવું હારી ॥૨.૩૩
(જાલહુર ગઢ વિષમ છે; બલાત્કાર કરી લઈશું; કે ઘોર તળેટીમાંજ પેસીશું, પણ હારીને આવીશું નહિ.)

* * * *

જાણી વાત દેસિ દલ આવ્યા; ધૂંમધ ધૂંમ સુણીજિઇ,
સાંતલ ભણઇ, 'કરુ મેલાવઉ, જઈ ચુપટ ધાઉ લીજિઇ ॥૨.૩૮
(દેશમાં લશ્કર આવ્યાની વાત જાણી ધૂમેધૂમ સંભળાય; સાંતલ કહે, કરો મેળાવડો, જલદી જઈ ધા મારો.)

* * * *

કરી સજાઈ સહુ સાંચરિઉ; પાખરીયા તોખાર ॥૨.૪૧
(તૈયારી કરી સહુ સંચર્યો, ઘોડા પર પાખર ચઢાવી.)

* * * *

ભડઇ મોટા મીર ॥૨.૫૨
(મોટા મીરો શૌર્ય બતાવતા.)

* * * *

માહિલિ ચૂકી મસૂરતિ બઇસી વાત કરેવા લાગા ॥૨.૬૧

(માંહેલી ચોકીમાં મસલત માટે બેસી વાત કરવા લાગ્યા.)

* * * *

મરહઠ મિ વસિ કીધ ॥ ૨.૬૩

(મેં મરાઠા વશ કીધા છે.)

* * * *

તેહ્યા પ્રેમ અપાર ॥ ૩.૨૩૪

(તેનો પ્રેમ અપાર છે.)

* * * *

પૉયુ વિણુ રહણું ન જાઇ ॥ ૩.૨૩૬

(પયુ વિના રહું ન જાય.)

* * * *

જાસ-તણઇ નવનિધિ ભણ્ડાર ॥ ૩.૬

* * * *

વિષમ દુર્ગ સુણીઇ ઘણા; અસિઉ નહી આસેર;

જસિઉ જાલહુર જાણિઇ તિસ્યું નહી ગ્વાલેર ॥ ૪.૬

* * * *

જરયુ જાલહુર જાણૉઇ, તિસ્યું નહી રાનેર ॥ ૪.૮

* * * *

ઇસિઉં દુર્ગ કિમ લેણુ જાઇ (લીધું જાય) ॥ ૪.૫૯

* * * *

આસણી (અશ્વિની) ઊડી રજ ॥ ૧. પૃ૦ ૨૧

* * * *

કિમ ગોહર સાહિ દેવરાઇ ॥ ૧.૯૦

(ઘોર પ્રાન્તનો દેવરાજ સોમનાથને કેમ સાહે-પકડે)

* * * *

આવ્યા દલ સુંદરલા તીર ॥ ૩.૧૪૮

(સુંદરને કિનારે)

ઉપરના ઉતારામાં ધ્યાનમાં લેવા યોગ્ય શબ્દરૂપઃ—

(અ) ષષ્ઠીના પ્રત્યયોઃ—

(૧) હ-'ઇન્દ્રહ ઘરિ'

(૨) સ–'તસ ધરણી'
(૩) નો–ની–નું–'સોમનાથની વાહાર'
(૪) તણુ–'કાન્હતણુઇ સંપત્તિ'
(૫) ક–'દેવકઇ પાટણિ'
(૬) ણો–ણી–ણું–'આસણી ઊડી રજ'
(૭) ચો–'તેહ્યા પ્રેમ અપાર'
(૮) ૨–'કિમ ગોહર સાહિ દેવરાઇ'
(૯) લા–'આવ્યાં દલ સુંદરલા તીર'

(આ) **ભવિષ્યનું રૂપ**
માંડિસિ; લેસિઉ; પયસિઉ

(૪) **હેત્વર્થ ને આજ્ઞાર્થ**
કરેવા; પાડેવા; કરેજ

(૬) **કર્મણિ રૂપ**
સુણીજિઇ; લીજિઇ; સૂણીઇ; જાણીઇ;

કર્મણિ રચના
લેણુ જાઇ; સહિણુ જાઇ

(૭) જસિઉ–જસ્યુ; તિસ્યુ; અછઇ; કિમ; ઇસિઉ; માહારઇ; પાણિ; કિ; પાખરિયા; ભડઇ (બંને નામધાતુ); વસિ કીધ ('વશ'નો નામ તરીકે પ્રયોગ); તલહટીઇ ઘોરિ (વિશેષણનો વિશેષ્ય સાથે વિભક્તિમાં અન્વય)

ભાલણની 'કાદમ્બરી'માંના થોડાક ઉતારાઃ–

જાણીઇ છિ અલૌકિક રૂપિ, રચતાં એ તન્વંગી
બ્રહ્મા કામબાણથી બીહીના, તિણિ સરજી માતંગી. પૃ૦ ૭

* * * *

સેવક કિહિતાં મિ સાંભલ્યું માતંગક નામ.
ચાલી વેગિ તે આવિઉ શીમલિ તરુ ઠામિ.
મિ મનિ જાણ્યું, એ પાપિઉ. ધિક ધિક અવતાર!
જાણીઇ છિ વનિ આવિઉ કરવા નિ સંહાર. પૃ૦ ૨૦

* * * *

પાપી હેઠુ ઊતર્યું; પંખી પડિઆ લીધા;
શબરની પૂઠિ સાંચરુ; વેગિ પગ તે દીધા.
તેણિ હું દીઠુ નહીં. કાંઈ આયુનુ યોગ!
કિમહિ ટાલ્યુ નવિ ટલિ ભાગ્ય કેરુ ભોગ. પૃ૦ ૨૩

* * * *

તાતશોક મૂર્ચ્છિ પડતાં પ્રાહાર, તરષા લાગી તેણી વાર.
મુખ સૂકિ નિ ધ્રૂજિ દેહ; હા હા! કષ્ટ તણુ નહિ છેહ.
વ્યાધ વેગલુ ગઉ જાણિઉ. જળ વિણુ રહિ નહીં પ્રાણિઉ.
કાઢી કોટ નિહાલું બાહારિ; વ્યાધ ગયાં દિશિ જોઈ ચ્યારિ. પૃ૦ ૨૩

* * * *

શ્રાંત થકાં મિ નવિ હીંડાય; વિષમ વાટ; તનુ ધૂલિ ભરાય;
દુઃખાતુર અતિ થાકા ચરણ; ઘણું ઇ વાંછું નાવિ મરણ. પૃ૦ ૨૪

* * * *

તેહનુ સુત સુંદર હારીત, વિદ્યા–વેદ–વિનોદિ પ્રીત,
વિદ્યાર્થી સરખા સંનિધાન, આવ્યુ કરવા કારણિ સ્નાન. પૃ૦ ૨૪

* * * *

હું પડતુ દીઠુ જેટલિ, શિષ્ય પ્રતિ બોલ્યુ તે તેટલિ:—
જાણું વૃક્ષ થકુ શુકબાલ ઝાલ્યુ છિ શિયાણિ કાલિ,
છૂટુ છિ ચંચાથી આજ, એ જીવતુ રાખુ માહારાજિ. પૃ૦ ૨૪

* * * *

એલા રજના વાઇ વાય. મધુકર મત્ત મધુર રવ ગાય.
સુંદર સહકારહ મંજરી કોકિલ બોલિ ચંચિ ધરી. પૃ૦ ૨૫

* * * *

અવરિ નહિ તેણિ વનિ વાત. પૃ૦ ૨૭

* * * *

એહવું જાણી આણ્યુ અહીં આશ્રમ તરુ મેહેલીશિ કિહી;
ખાશિ પડિઆ કણ નીવાર; આપીશિ વનફલનુ આહાર;
ઇમ કરતાં મોટેરુ થશિ, આવી પાંખ નિ ઊડી જશિ;
જુ મન એહનિ થશિ વિશ્રામ, તુ પણ રહિશિ આણિ ઠામિ. પૃ૦ ૨૯

* * * *

પુનરપિ પામેચા નિ પતિ જાણી વ્રત કરિઇ છિ સતી. પૃ૦ ૩૧

* * * *

હું ઇ હઇઅડિ દાઝું હૂં, પણ કીજઇ શું મર્મ? પૃ૦ ૪૨

* * * *

સેવાથી ચૂકિ નહીં સુંદરી કિંચિતમાત્ર પૃ૦ ૬૯

* * * *

તહારિ કુલકર્મ અછિ તે ધરુ ધુરાનુ ભાર. પૃ૦ ૭૩

* * * *

શોકાતુર અપરાધી સરિખુ ઊઠ્યુ વેગિ વીર.
મુખ ક્ષાલેવા અંજલીઇ કરી લેઈ આવ્યુ નીર.
'લ્યુ, જી, મુખ પખાલુ, માનિની! શ્યામા, શોક ન કીજિ.
સુખ દુઃખ આપણુ દેહ નિ સરજ્યાં ભોગવી લીજિ.' પૃ૦ ૬૦

* * * *

સખી કોએનિ સાદ કરિ, બાઈ! વેગિ ચાલુ.
કમલ ગ્રહી નાસી જાઇ છિ, હંસમિથુનનિ ઝાલુ. પૃ૦ ૧૩૦

* * * *

મજ્જન તાં અહીંકણિ કર્યું, અહીં પૂજિઆ ત્રિપુરારિ, પૃ૦ ૧૫૧

* * * *

નીર ઝરિ નયનાં અતિ લોલ. પૃ૦ ૧૬૮

આ ઉતારામાં નીચેનાં શબ્દરૂપ લક્ષ આપવા જેવાં છે:–

ક્રિયાપદનાં કર્મણિ રૂપ—જાણીઇ; કીજઇ; આવિઉ (આવ્યુ–આવ્યો); તેણિ હું દીહુ નહીં (તેણે મને દીઠો નહિ; 'હું' પ્રથમામાં છે, સંસ્કૃતની પેઠે);

સૂકિ (નામધાતુ–સુકાયું); ગયાં (ગયો હતો છતાં, અવ્યય કૃદન્ત); નાવિ (ન આવે); હું પડતું દીહું; (મને પડતું દીહું; 'હું' પ્રથમા);

મેહેલીશિ–આપીશિ (મહેલીશ, આપીશ); થશિ–જશિ (થશે, જશે); આવી પાંખ નિ ઊડી જશિ (પાંખ આવીને ઊડી જશે; 'નિ'= ને); રહિશિ (રહીશ);

પામેવા નિ (પામવાને); ક્ષાલેવા (ક્ષાલવા, ધોવા);

છિ–અછિ (છે);
ધરુ–ચાલુ–ઝાલુ (ધરો, ચાલો, ઝાલો);
કીજિ–લીજિ (કીજે, લીજે);
ષષ્ઠી–ભાગ્યકેરુ; સહકારહુ;
ત્રીજી–તિણિ, મિ, વેગિ, કાલિ, માહારાજિ;
સપ્તમી–ઠામિ; મનિ; વનિ; કારણિ;
પંચમી–શ્રાંત થકાં;
અવ્યય–નિ (ને); કિમહિ; જેટલિ; તેટલિ; ઇમ; જુ (જો); તુ (તો); અહીંકણિ (અધિકરણવાચક; કણિ=કને; એવડો અધિકરણ છે); કાંઇ; ઘણૂંઈ

નામ–પ્રાણિઉ (પ્રાણ–ઉ–લઘુત્વવાચક, તિરસ્કારવાચક); પાપિઉ; નયનાં (પ્ર૦ બ૦; વ૦; આંખો); પાપી ઉતર્યુ; આયુનુ યોગ; શું મર્મ; વ્યાધ વેગલુ ગઉ; વગેરે.

સર્વનામ–મૂહ્નિ (મને)

શબ્દ–છેહ (છેડો)

રચના–સેવાથી ચૂકી નહિ (સેવાથી–અપાદાન. પડી નહિ, ભ્રષ્ટ ન થઈ; હાલ સપ્તમી વપરાય છે.); આણિ ઠામિ, તેણિ વનિ (વિશેષણનો વિશેષ્ય સાથે વિભક્તિમાં અન્વય)

ભીમ કવિએ રચેલા 'હરિલીલા સોળકળા'–ના ૧૭મા સૈકામાંના હસ્તલિખિત પુસ્તકમાંથી રા. નવલરામભાઈએ આપેલો ઉતારો:—

સિંહાસન બિહુ છિ ક્રૂર રાઇ
મોટુ તેહ તણો મહિમાયિ
* * * *
શબ્દ એક હોઉં આકાશ
કંસ તાહારો કરસિ નાશ
સમ્યક વૈરી જાણો તેહ
એહનું ગરભ આઠમુ જેહ
* * * *

પગિ સાહીનિ કરિ વિનાશ
તેટલિ કન્યા ગઈ આકાશ
નવલગ્રન્થાવલી, ભા. ૨જો, પૃ૦ ૪૩

ધ્યાનમાં રાખવા જેવાં શબ્દરૂપ:—

બેહુ છિ (બેઠો છે): કરસિ (કરશે); એહનુ ગર્ભ (એનો ગર્ભ); પગિ (પગે); સાહીનિ (સાહીને); તેટલિ (તેટલામાં)

ઇ. સ. ના ૧૫ મા સૈકામાં બીજા રચાયલા ગ્રન્થોના નમુના.

શ્રીધરવ્યાસકૃત 'રણમલ્લછંદ':—

ઈડર ગઢિ અમહીં ચઢિ ચલ્લઇ, જઇ રણમલ્લ પાસિ ઇમ બુલઉ ॥૨૭॥
સિરિ ઝુરમાણુ ધરવિ સુરતાણીય, દઇ દય હાલ માલ દીવાણીય।
અગર ગરાસ દાસ સવિ છોડિય, કિરિ ચાકરી ખાન કર જોડીય ॥૨૮॥
વિમલપ્રબન્ધ, પ્રસ્તા૦, પૃ૦ ૧૬

કર્મણમંત્રિકૃત **'સીતાહરણ'**; ઇ. સ. ૧૪૬૯માંનો નમુનો—

કર જોડી નઇ કરૂં વિનતિ, સ્વામી કોપ મ કરિસ્યુ;
તુહ્મ આગલિ વરવું નવિ બોલું, એ છઇ અનેરૂ પુરિસુ ॥ ૧૩૧

* * * *

ધ્રૂ મેરૂ મહીધરૂ, જાં સાયર નઇ સૂર;
તાં એ રામાયણ સુણુ, તે ધરિ નવનિધિપૂર ॥ ૫૦૦

આમાં લક્ષમાં લેવા લાયક રૂપ:—

જોડીનઇ (જોડીને); મ કરિસ્યુ (મા કરશો); છઇ (છે); અનેરૂ પુરિસુ (અનેરો પુરુષ); જાં-તાં (જ્યાંસુધી-ત્યાંસુધી); ધરિ (ઘરમાં); નઇ (ને); સાયર (સાગર, સાગર).

શાસ્ત્રી વ્રજલાલે આપેલા સંવત્ ૧૪૮૧, **ઇ. સ. ૧૪૨૪માં** લખેલા બ્રાહ્મણપુસ્તકમાંથી—

વિશાખશુદિ લુણદાન દીજઇ.
માઘમાસિ અમાવાસ્યા હેમદાન દીજઇ.

ક્ષૌરકર્મ કરિઉં હુઇ તેહનૂં સૂતક દિન ૩.
જનોઈ દીધું હુઇ તેહનૂં સૂતક દિન ૧૦.
વિવાહ હૂઉ હુઇ તેહનૂં દિન ૧૨.
આદિત્યવારિ જુ મલસ્નાન કીજઇ તુ તાવ ચડઇ.
માઘમાસિ બુધવારિ મહિપી વીઆઇ તે ધર્મિમદી જઈ ગ્રહશાંતિ કરાવીઇ તુ શુભ હુઇ.

ગુજરાતી ભાષાનો ઇતિહાસ, પૃ૦ ૬૯–૭૧

ઇ. સ.ના **૧૬મા સૈકામાં લખાયલાં બ્રાહ્મણ અને જૈન પુસ્તકો** વગેરેમાંના નમુના:—

લાવણ્યસમયગણિવિરચિત **'વિમલપ્રબન્ધ'**માંથી:—

કહિ સરસતિ વલતું વયણ, ભગત મ આણેશિ ભ્રંતિ।
વિમલમંત્રિગુણ ગાઅતાં હું આવિશિ એકંતિ ॥ ૨૩ ॥
અંગિ જિ તારઇ અવતરી, બોલેશિ વયણવિલાસ।
નવ નવ વાંણિ વયણ રસિ, પૂરિસિ તાહારી આસ. ॥ ૨૪ ॥
કવણ વિમલ તે કિહાં હુવુ, બોલું તસ ઉતપત્તિ।
ધર્મકાજ કીધાં કિશાં, ચતુર સુણઉ એક ચિત્તિ. ॥ ૨૫ ॥
ચિહુંસઈ જોઅણ આપણે, જોઅણ એક પ્રમાણ।
જોઅણ લાખનિ દેવકાં, જંબૂ દીવ વખાંણ ॥ ૨૬ ॥

લક્ષમાં લેવા જેવા શબ્દ—

વયણ (વઅણ, વચન); કિશાં (કશાં, કેવાં); સઈ (શતી); સરસતિ (સરસતી, સરસ્વતી)

શબ્દરૂપ—આણેશિ (આણીશ); આવિશિ, બોલેશિ, વગેરે; તસ (તેના); ચિત્તિ (ચિત્તે); દેવકાં (દેવનાં); એકંતિ (એકાન્તમાં); રસિ (રસમાં); સુણઉ (સુણો)

કોટમાંહિ કોટીધ્વજ વસઇ, ઊંણા તે ગઢ બાહરિ વિસઇ।
લાખીણા લખ ભેગા થાઇ, ઇશુ ન્યાય છિ નગરીમાંહિ ॥૩॥ પૃ. ૩૦

વિસઇ–ખિસે–ખસે; લાખીણા–લાખીણા–લાખની પૂંજીવાળા.

પ્રાકૃતમાં ષ્નો ખ્ અને ણ્નો જ્ થાય છે; તેથી જૂનાં પુસ્તકોમાં ખ્ને બદલે ષ્ અને ણ્ને બદલે જ્ લખવાનો પ્રચાર પડ્યો જણાય છે.

ઇ. સ. ના ૧૬મા-૧૭મા શતકમાં રચાયલા ગદ્ય-પદ્યમય **'વૈતાલપંચવીસી'**માંના પદ્યના ને ગદ્યના નમુનાઃ--

કિસ્યું રૂપ તે સબતણું, યસ્યો અંધારે મેહ;
જાંણે કાજળ સરિ ભરિઉં, અસ્યું રૂપ છિ તેહ,
ભયંકર ભૈરવ હૂઇ જસ્યો, વલિ સરિ ઉભા કેસ;
ઉઘાડું મુખ લોયણાં, માહા ભયંકર વેસ. પૃ૦ ૬

કિસ્યું (કેવું); યસ્યો (જેવો); સરિ (સરમાં-તળાવમાં); અસ્યું (એવું); છિ (છે); સરિ (માથે); લોયણાં (લોચન)

એજ પદ્યમય ગ્રન્થમાં બીજાં નીચેનાં જૂનાં રૂપો માલમ પડે છેઃ—

અછે (છે); કરિ, રમિ (કરે, રમે).

હવિ (હવે); પણિ (પણ); તિહાં (ત્યાં);

યમ (જેમ); અનિ (અને); જું (જો); તુ (તો).

રાઇ (રાજાએ); તસ (તેનું); મિ (મેં); રાઉલી (રાજાની); જાસ (જેનું); જાં-તાં (જ્યાંસુધી-ત્યાંસુધી); હોઇસેં (હોશે); લેહસ્યેં (લેશે)

ગદ્યનો નમુનોઃ—

તે બ્રાહ્મણ બોલિઉ તાહરઇ ઘરે ભોજન ન કરું। તાહરઇ ઘરે રાક્ષસનું કર્મ દેખું છું। વલિ ઘરનું ધણી બોલિઉ। સ્વામી એ બાલક જીવાડુ। તુ જીમુ। પછઇ તેણઇ બ્રાહ્મણિ ઘરમાંહિ થકુ સંજીવનની વિદ્યાનું પુસ્તક કાઢું। છોડીનઇ વાંચ્યું। તે બાલકની ભસ્મ ઢગલુ કીધું। મંત્ર ભણી ભણી ભસ્મીભૂત બાલિક સજીવન કીધું। તે બ્રાહ્મણઇ પ્રતિક્ષ દીઠું। વિમાસવા લાગુ। જુ એ પુસ્તક માહરઇ હાથિ ચડઇ તુ એ કન્યા જીવાડું। પછે તેહના ઘરમાંહિ પઇસી પુસ્તક ચોરી લેઇનઇ તેણઇ સમસાનિ આવ્યુ। પૃ૦ ૧૦૫

ઇ. સ. ના ૧૬મા સૈકાનાં ખતો—ઇ. સ. ના ૧૬મા સૈકામાં મળી આવતાં ખતોમાં પણ જૂની ગુજરાતીનાં ઇકાર ને ઉકારવાળાં રૂપો માલમ પડે છે.

દાખલા:—આપણઇ જમણઇ હાથિં સંભાળી લીધા સહી.

લગઈ

એ ભૂમિનઇ કીધઇ કેા દેવુ કરઇ તેહનઇ લહૂઆ લાડણ શંખા કાશી પ્રીછવઇ

ટંકા ૬ લેષઇ (લેખે)

પટસાલિ પ્રાંગણુસહિત સન્મુષ છાપરૂં પકવેટ વલી—પાપ—નલીઆ—બારત—કમાડ સહિત ષડકીબંધ ગ્રહણે મૂકયાં. મેાદી નરાઇણુદાસ તેાપીદાસ એણુઇ મૂકયાં.

કર્ણઇ મૂકયાં; ઉત્તરઇ

એ ઘર પડઇ આખડઇ રાજકિ દૈવકિ લાગઇ, તે તથા નલિઆ-ખેાટિ ધણી છેાડવતાં સર્વ વરતી આપઈ.

'વિમલપ્રબંધ', પ્રસ્તા૦, પૃ૦ ૩૧–૩૪

ખતેામાં ઘણુંજ અશુદ્ધ હેાય છે. વળી જૂના વખતથી ચાલતું આવે છે તે લખાય છે.

અશુદ્ધિના કેટલાક નમુના એજ ખતેામાંથી નીચે પ્રમાણે છે:—

વિક્રિયમાણાઃ ભૂમેઃ પત્રમભિલિખ્યતે

પ્રદત્તમતાનિ સાક્ષિણઃ

શ્રી અકૂજલપાંન તત્સમએ રાજા અહિમદાવાદ મધ્યે ધર્માધર્મ-વિચારણાર્થે કાદી શ્રી નસીરદી સંજ્ઞે ન્યાયવૃક્ષપાલનૈકમુષતે દુર્ગપાલ-શ્રી અકૃતિપાલ મલિક સંજ્ઞે મીરકેા અસાધ શ્રી પીરેાજ મલિક જામનિ મણડપિકાયાં શ્રી નગદલ મલિક હુવેલ્યાં મી. નૂરદી મી. જલાલ એવં પંચકુલ પ્રપતિતૌ દીંકુએ પટિલ—હાજાના મધ્યપેાલિ તત્ર મેાદી જસા સુત મેાદી સારણ તત્પુત્ર નરાઇણુદાસ પરં મેાદી હાદાસુત તાપીદાસ-કેન ગ્રહં ગ્રહણકે દત્તાનિ—

ભાગુંતૂ ટું સંસ્કૃત તથા જૂની પ્રાકૃત ભાષા આનું મિશ્રણ કરવાનેા મેાહ સ્વાભાવિક છે. હાલ પણ જેમને સંસ્કૃતનું લવમાત્ર પણ જ્ઞાન નથી એવા ઘણા લેખકેાને ઘણાજ અશુદ્ધ સંસ્કૃત ઉતારાઓથી પેાતાના ગ્રન્થને શણગારતા જોઈ આપણને હાસ્ય ઉત્પન્ન થાય છે.

તેજ પ્રમાણે આ ખતની ભાષામાં છે. પરન્તુ તેમાંથી જૂની ભાષાનાં લક્ષણ સચવાયલા શબ્દો ને રૂપો મળી આવે છે.

ઇ. સ. ૧૫૦૦માં થયલા જેશી જગન્નાથકૃત **'ભુવનદીપક'**ના ભાષાન્તરમાંના નમુના:—

હવઇ જાતિ બોલીશિ.

મંગલ રકતવર્ણ જાણિવુ.

ગુરુ વાણિયુ...શનિ દાસુ, રાહુ મયલુ, બુધ, શુક્ર, શનિ, રાહુ, એ ચ્યારિ મિત્ર જાણિવા. એહ ચિહુ ટલતુ પાંચમુ હુઇ તુ શત્રુ જાણિવું (એ ચાર ટાળતાં).

શાળાપત્ર, પુ. ૪૮, પૃ૦ ૩૪૧–૪૭

ઇ. સ. ૧૫૫૫માં લખેલી **'શેાલીહેાત્ર'**ના ગુજરાતી ભાષાન્તરની પ્રતમાંથી—

મુખિ ચિહુ પગિ યે અશ્વ કાલા હુઇ તે અયેાગ્ય તે યમદૂત જાણિવું. જિમણા ગાલનું ભમરુ સૌખ્ય લક્ષ્મી પ્રાપ્ત કરઇ. કાખે ભમરા હુઇ તે સ્વામી નઇ મારઇ.

વ્રજ૦ કૃત 'ગુજરાતી ભાષાનેા ઇતિહાસ', પૃ૦ ૭૪

ઇ. સ. ૧૫૨૪માં લખેલી **જૈન 'નવતત્ત્વ બાલાવબેાધ'** નામના પુસ્તકની પ્રતમાંનેા નમુનેા:—

કેતલીઇ ઘણા દીસ રહઇ પછઇ વિણસઇ એ સ્થિતિ કહઇ. વલી તે ગેાલી બાંધતાં ત્રીજઉ રસ બંધાઇ એકિ ગેાલીનું મધુરઉ એકિનઉ કહુઉ એકિનઉ ચરકુ એકિનુ ખાટઉ રસ હુઇ.

વ્રજ૦ કૃત 'ગુજ૦', પૃ૦ ૭૩

ઇ. સ. ૧૭મા ને ૧૮મા સૈકાની પ્રેમાનન્દ, સામળ, ધીરા, વગેરેની ભાષા જાણીતી છે. તે હાલનીજ ભાષા છે. એ સમયના જૈન રાસાઓના થેાડા નમુના નીચે આપ્યા છે:—

મેઘરાજવિરચિત **'નળદમયંતી'**, ઇ. સ. ૧૬૦૭—

આવ્યું સુખ પામ્યું કુણે, દુ:ખ પણ પામ્યું કેણ;
ચક્રતણા આરા સવે, ફરતા આવે જેણ.

એમ સાંભળી ભીમી સતી, કરતી જિન ગુરુ ભત્તિ;
અતિ સમુહતિ તિહાં રહે, હિવ સુણ નળવત્ત.
રાતે રખવાળો રહ્યો, તે નળ પ્રિયાને પાસ;
વહાણે જાગી જાણીને, ચાલ્યો હૃદય વિમાસી.

આનન્દકાવ્યમહોદધિ, મૌક્તિ૦ ૩જું, પૃ. ૩૪૭-૪૮

સવે=સર્વે; ભત્તિ (પ્રા.)=ભક્તિ; તિહાં=ત્યાં; વત્ત (પ્રા.)=વાત.

* * * *

વનમે નળરાજા મુઓ, ભીમી છે નવવેશ;
તે માટે સ્વયંવર નવો, માંડ્યો ભીમ નરેશ.
મુહૂર્ત દિન તો કાલ છે, કુંડનપુર અતિ દૂર;
મુજ પરણવા ખંત છે, ઇણ કારણ દુખ પૂર.
તવ નળ મનમાં ચિંતવે, શશિહર ઝરે અંગાર;
રવિ ઉગે પશ્ચિમ દિશિ, (તો) ભીમી લોપે કાર.

એજ સમયના અન્ય રાસની ભાષા જુઓ. એ રાસ **શ્રીપ્રેમલાલજ્જી ઇ. સ. ૧૬૩૨**માં રચાયલો છે. તેમાંનો નમુનો નીચે આપ્યો છે:—

હવઇ દેવીવચન સંભારી, જોઇઇ વાટ વેલાઈ તુહ્મારી;
એતલઇ તુહ્મે દરબારઈ આવ્યા, તુહ્મનિં ચંદ કરી બોલાવ્યા!
વાંછિતા તુહ્મે ભલઇ આવ્યા, ચિંતા શોક દૂરિ વોલાવ્યાં;
ભલું થયું તુહ્મનિ કહું છું, દેન વચન બોહું વહું છું.
એ વાત સહી એમ થાસ્યઇ, એ કામ તુહ્મેજ કરાસ્યઇ;
જે વેલા લગનની જાસ્યઇ, તો ઘણુંએ માહું થાસ્યઇ.

આનન્દ૦ મૌક્તિ૦ ૧લું, પૃ૦ ૩૫૧

હવઇ=હવે; એતલઇ=એટલે; દરબારઈ=દરબારે; તુહ્મનિં=તમને; થાસ્યઇ=થશે; કરાસ્યઇ=કરાશે; જાસ્યઇ=જાશે

અશોકરોહિણી નામના **ઇ. સ. ૧૭૧૫**માં રચાયલા રાસમાંથી નમુનોઃ—

રતિ તેજસ આગલિ રતિ રે લેા, તિલોત્તમા તિલમાત્ર, રા૦
રંભા રંભાથંભ પરિ રે લેા, અસાર થયા અવદાત. રા૦

* * * *

મનું ! તસ રૂપને જોઇવા રે લેા, સુર થયા અનિમેષ, રા૦
સહસ નયન ઇંદ્રે કર્યો રે લેા, જોવા રૂપની રેખ. રા૦
બ્રહ્મા તસ ગુણ બોલવેં રે લેા, કીધાં ચ્યાર વદન્ન, રા૦
મનું! તસ ગુણગણ સાંભળી રે લેા, આઠ કરી નિજ કન્ન. રા૦

આનન્દ૦ મૌક્તિ૦ ૧લું, પૃ૦ ૧૮૫

આમાં પ્રાકૃત ને જૂના શબ્દો વધારે છેઃ—

આગલિ=આગળ; તસ=તેના; જોઇવા=જોવા; કન્ન=કર્ણ, કાન

ઇ. સ. ૧૭૫૦ ને સુમારે રચાયલા **શ્રી જિનહર્ષજી**ના 'હરિબળલચ્છી'માંનો નમુનોઃ—

પ્રણિપતિ કરી પુહવીશનેં, જુગતે કિયેા જુહાર લાલ રે;
રાજા રળિયાયત હુએા, આદર દિયેા અપાર લાલ રે.
કિહાંથી આવ્યા, રહેા કિહાં? પૂછી સઘળી વાત લાલ રે;
હરિબળ બળબુદ્ધિ આગળા, ક્ષિતિપ ભણી કહી દાત લાલ રે.
નીતિ વડે નરનાથને, ખિણમેં કિયેા ખુશાલ લાલ રે;
પરમન તેા નિજ વશ કરે, ચતુર તણી એ ચાલ લાલ રે.

આનન્દ૦ મૌક્તિ૦ ૩જું, પૃ૦ ૩૯૧

પુહવીશ=પૃથિવીશ; ખિણ=ક્ષણ

ઇ. સ. ૧૬૨૯માં રચાયલા **'જયાનંદકેવળી'**માંનો નમુનોઃ—

તે પાસેં નગરજ ભલું, વીરસેન તિહાં રાય;
ભીમ સોમ છે ભટ ભલા, સેવે તેહના પાય.
રાયે તસ આયસ દિયેા, મૃગયા જાએા દેાય;
મૃગ મારીને વેગ સ્યું, મંદિર લાવેા સેાય.
ભટ બેહુ તે સજ થઈ, ગયા તે વનમાં જામ;
મૃગલાં બહુ દેખી કરી, મારણ લાગા તામ.

આન૦ મૌક્તિ૦, ૩જું, પૃ૦ ૧૧૮

આયસ=આદેશ, હુકમ

શ્રીવિજયપ્રભુએ 'કલ્પસૂત્ર' પર અમદાવાદમાં સંવત્ ૧૭૦૭, ઇ. સ. ૧૬૫૦માં 'બાલબોધ' નામની ભાષામાં ટીકા કરી છે, તેમાંથી ભાષા પર પ્રકાશ પડે એવા કેટલાક ઉતારા નીચે આપ્યા છે:—

શિષ્ય નઇ ઇમ કહઇ.

શ્રી સુધર્મા સ્વામીનિ પાસિ ધર્મ સાંભલી વ્રતઉ ચર્યું; પિતા ધણિં આગ્રહઇં કરી આઠ કન્યા પરણાવી; રાશિ કણ્યાનિં પ્રતિ પ્રતિબોધી પ્રભાતિં સુધર્મગણધરનિં પાસિં આઠ કન્યા નામા કાઢે.

પછી બારે વરસે ગૌતમ મોક્ષઇ ગયા.

પછી ચોસઠિ વરસે જમ્બૂસ્વામી મોક્ષ ગયા તિવારેં દશવાનાં લેતા ગયા.

કલકત્તા સંસ્કૃત કૉલેજના સંસ્કૃત હસ્તલિખિત પુસ્તકોનો રિપોર્ટ, ઇ. સ. ૧૯૦૯, નં. ૨૬, પૃ૦ ૨૦–૨

અપભ્રંશ, જૂની ગુજરાતી, અને હાલની ગુજરાતીમાં કેટલાંક સરખાં શબ્દરૂપની યાદી નીચે આપી છે:—

સંસ્કૃત	અપભ્રંશ	જૂની ગુજરાતી	હાલની ગુજરાતી
કાકઃ	કાગુ	રાસુ, કલહુ	રાસ-રાસો, કલહ
લોકઃ	લોગુ	સાસણુ, ધર્મુ	શાસન, ધર્મ
પ્રિયઃ	પિઉ, પ્રિઉ	પિઉ	પિઉ
વલ્લભઃ	વલ્લહુ	વિવેકિઉ, યોગુ	વિવેકી, યોગ
વલ્લભકમ્	વલ્લહઉં	શાસ્ત્ર	શાસ્ત્ર
રત્નાનિ	રયણાઇં	નયણાં, લોચણાં	નયન, લોચન
સર્વઃ	સાહુ, સબ્બુ	સહુ, સવ–(સવે)	સહુ
એષઃ	એહુ	એહ–એઉ	એ
યઃ, સઃ	જો–જુ, સો	જુ, સુ, તુ	જે, તે
યે, તે	જે, તિ–તે	જં(જે), યે, તં(તે)	જે, તે
યાદૃશઃ	જાદ્દસુ	જિસિઉ, જસિઉ, જસ્યુ, જિસી	જેવો

સંસ્કૃત	અપભ્રંશ	જૂની ગુજરાતી	હાલની ગુજરાતી
तादृशः	तइस	તિસિઉ, તસિઉ, તિસ્યુ	તેવો
कीदृशः	कइस	કિસિઉ, કિસ્યુ, કિસા	કેવો
ईदृशः	अइस	અસિઉ, ઇસઉ, ઇસઉ, ઇસી, અસ્યું, એહવું	એવો
एतावान्	एत्तुल्ल, एवड्ड	એવડઉ	એવડો
यावान्	जेवड्ड	જેવડઉ	જેવડો
तावान्	तेवड्डउ, तेत्तिउ, तेवड्ड	તેવડઉ	તેવડો
अहम् (अस्मे)	हउं, अम्हे	હઉં, અહ્મે	હું, અમે
त्वम्	तुहुं		તું, તમે
किम्	कइं	કાંઈ	કંઈ, કાંઈ
दैवेन	दइवें	પાસ–પસાયે	દૈવે, પ્રસાદે
मया	मइ	મિ-મઇ; આ-ફ્ણીઇ	મેં, આપણે
यत	जेण-जे-जें	જિણે-જેણે-જિણિ	જેણે
तेन	तेण–ते–तें	તેણિ	તેણે
दुर्लभस्य	दुल्लहहु	ઇન્દ્રહ	ઇન્દ્રનું
तस्य	तसु	તસ–તાસ	તેનું
यस्य	जासु	જસુ–જાસ	જેનું
रथवरे	रहवरि	મહીમંડલિ	મહીમંડળે
नवे	नवइ	છેહિ, વરિસે	છેડે, વરસે
मदीयः	महारउ	માહરઉ–માહરૂ	મારૂં
तव संबन्धि	तुह–तणउं	ગુરુ–તણુઉં	ગુરુતણું
इन्द्रस्य	दुल्लहहु	ઇન્દ્રહ	ઇન્દ્રનું

સંસ્કૃત	અપભ્રંશ	જૂની ગુજરાતી	હાલની ગુજરાતી
यस्मात्, कस्मात्, यस्मिन्, तस्मिन्	जहिं, तहिं, कहिं, अहिं	જિહાં, તિહાં, કિહાં, ઇહ	જ્યાં, ત્યાં, ક્યાં, ઇંયાં
सदृक्षः	सारिक्खु	સરિખુ	સરખું
सदृशः	सरिसु	સરસિઉ	સરસું
गणयति	गणइ, आवइ	ઊગઇ, પામઇ, વ્યાપઇ	ઊગે, પામે, વ્યાપે
करोमि	करउं	રહઉ, સાંભલઉ	રહેા, સાંભળેા
यातु	जाउ	પખાલુ, સુણુઉ	પખાલેા, સુણેા
गर्ज, चर	गज्जु, चरि		ગર્જ, ચર
मुञ्च	मेल्लि		મેલ
ज्ञायते	जाणीअइ	જાણીઇ, સૂણીઇ	જણાય
चिन्त्यते	चिन्तिज्जइ	સુણીજ્જઇ, દીજઇ	સુણાય, દીજે
सोढव्यम्	सहेव्वउं	કરવઇ (કરવામાં)	સહેવું
स्वपितव्यम्	सोएवा		સૂવું
जागर्तव्यम्	जग्गेवा		જાગવું
घटितः	घडिअउ	આવિઉ, ગિઉ	ઘડ્યો, આવ્યેા, ગયેા
ज्ञातम्	जाणिउं	પૂજિઉં	પૂજ્યું
हारितः	हराविउ	રખાવઇ, નખાવઇ, ચલાવઉ	હરાવ્યેા, રખાવે, નખાવે, ચલાવેા
पालयितुम्	पालेवि	પામેવા	પાળવા, પામવા
कर्तुम्	करेवि	ક્ષાલેવા, કરેવા, પાડેવા	ધેાવા, કરવા, પાડવા
करिष्यामि	करीस	માંડીસિ	માંડીશ
भविष्यति	होसइ	થશિ, જશિ, રહિશિ	થાશે, જશે, રહેશે
अस्ति	अच्छइ	અછિઇ, છિ, અછિ	છે

સંસ્કૃત	અપભ્રંશ	જૂની ગુજરાતી	હાલની ગુજરાતી
लज्जेय	लज्जेज्जं, मारेज्जा	મારેજ્જે, કરેજ્જ્યો, કરિજ્જ્યો, જાણિજ્જે, કરેજ્જે	લાજું, કરજો, જાણજે, કરજે
हसन्	हसन्तु	પઠતઉ	પઠતો
रटन्	रटंतउ		રટતો
कृत्वा	करइ	કરી	કરી
वशे कुरुत	वसि कुरुहि	વસિ કીધ	વશ કીધા
अस्मद् भवन्	अम्हहं होन्तउ		અમારી પાસેથી
यत्, तत्	जिम, जु, तिम	જિમ, તિમ	જેમ, તેમ
यदि, तदा	जइ, तइ	જઇ, તઇ, તઉ, તુ	જો, તો
ततः, यतः	तो	જં, તાં	જો, તો
एव	जि	જ	જ
एवम्	एम्वइ, एम्व, तेम्व, केम्व		એમ, તેમ, કેમ
पश्चात्	पच्छइ, पच्छि	પછઇ	પછી
अन्यत्	अण्णइ	અનઇ	અને
मा	म	મ	મા, ના
कथम्	काइं		કેમ
विना	विणु		વિણ
यावत्	जाउं, जाम, जावँ	જં–જાવ–જં	જ્યાંસુધી
तावत्	ताउं, ताम, तावँ	તાં–તાવ–તં	ત્યાંસુધી
पुनः	पुणु		પણ
आरात्		અરહું*	ઓરું (ઓરું આવ)

* 'જુ તુરકાણૂં આણૂં અરહૂં.' કાન્હડદે પ્રબ. ૨.૧૪

જાતિમાં ફેરફારનાં તથા શબ્દવ્યત્યયનાં થોડાંક ઉદાહરણ નીચે આપ્યાં છે:–

જૂની ગુજ.	હાલની ગુજ.
હુઇ હાંસઉ (પું.)	હાસ્ય (નપું.); હાંસી (સ્ત્રી.)
હઠ કીધઉ (પું.)	હઠ (સ્ત્રી.)
(હઇઇં ધરિઉ) રામનુ નામ (પું.)	નામ (નપું.)
(મારુયાડિનુ) પાસઉ (પું.)	પાસું (નપું.)
બુંબારવ (પું.) વરતીઉ	બુમરાણ (નપું.)

ઉલટા ક્રમના દાખલા—

નયર ચેાગિની	ચેાગિનીનગર
માણસતણાં વર્ણ અઢાર	અઢાર વર્ણનાં માણસ
મંડપરંગ	રંગમંડપ

પ્રકરણ પમું

વ્યાકરણ: મહત્ત્વ, પ્રયેાજનાદિ

વ્યાકરણ એટલે શું?–'વ્યાકરણ' શબ્દનેા અર્થ સ્પષ્ટીકરણ થાય છે. જે શાસ્ત્રમાં શબ્દના પ્રકૃતિ ને પ્રત્યય જુદા પાડી પ્રત્યયના અર્થ દર્શાવ્યા હેાય છે અને જેમાં શબ્દેાનાં શુદ્ધ રૂપ તથા તેનેા વાક્યમાં પરસ્પર સંબંધ કેવી રીતે છે તે વિષે વિવેચન કર્યું હેાય છે તે **વ્યાકરણ.** આ રીતે એ શાસ્ત્રમાં શબ્દેાનું સ્પષ્ટીકરણ થાય છે. એને 'શબ્દાનુશાસન' પણ કહે છે; કેમકે એમાં શબ્દેાનું અનુશાસન–ઉપદેશ કરાય છે–અસાધુ શબ્દથી જુદા પાડી સાધુ શબ્દ સિદ્ધ થાય છે.

વ્યાકરણ શું શું કરે છે?—વ્યાકરણ ભાષાને નિયમમાં રાખે છે અને વિકાર પામતી અટકાવે છે. તે સાધુ શબ્દનું જ્ઞાન કરાવે છે અને અસાધુ, અપભ્રષ્ટ શબ્દનેા પ્રયેાગ અટકાવે છે. એક પિતાએ

પુત્રને કહ્યું કે ભાઈ, બીજાં શાસ્ત્ર ન ભણે તો ભલે, પરંતુ વ્યાકરણનો તો અભ્યાસ કરજ. એનું જ્ઞાન નહિ થાય તો તું ગમે તેવાં અશુદ્ધ રૂપ વાપરીશ—'સ્વજન' (પોતાનાં માણસ)ને બદલે 'શ્વજન' (કુતરા), 'સકલ' (સઘળું)ને બદલે 'શકલ' (ખંડ, કકડો), અને 'સકૃત્' (એક વાર)-ને બદલે 'શકૃત્' (છાણ) કહીશ. આવું અનિષ્ટ પરિણામ ન આવે માટે તારે વ્યાકરણ તો ભણવુંજ જોઈએ. અર્થાત્, શુદ્ધ ભાષાના રક્ષણને માટે વ્યાકરણનું અધ્યયન આવશ્યક છે. એટલાજ માટે ભગવાન્ કાત્યા-યન વાર્તિકકારે વ્યાકરણ શીખવાનાં પ્રયોજનમાં 'રક્ષા'—રક્ષણને સહુથી પહેલું મૂક્યું છે.

વ્યાકરણ, વેદાંગ—શિક્ષા (ઉચ્ચારશાસ્ત્ર), કલ્પ (ક્રિયાવિધિ-શાસ્ત્ર), વ્યાકરણ, નિરુક્ત (વ્યુત્પત્તિશાસ્ત્ર), છન્દ, અને જ્યોતિષ, એને વેદનાં છ પ્રધાન અંગ માન્યાં છે અને પુરાણ, ન્યાય, મીમાંસા, અને ધર્મશાસ્ત્રોને ઉપાંગ—ગૌણ અંગ માન્યાં છે. છ પ્રધાન અંગોમાં વ્યાકરણ એ પ્રધાનતમ અંગ છે એમ ભાષ્યકાર અને હુરિ માને છે; કારણ કે વ્યાકરણના સારા જ્ઞાન વિના બાકીનાં અંગનું જ્ઞાન અપૂર્ણ છે. દરેક પ્રજા પોતાના ધર્મપુસ્તક પ્રત્યે અત્યન્ત પૂજ્યભાવ દર્શાવે છે. વેદ હિંદુઓનું ધર્મપુસ્તક છે. વેદ એટલે મન્ત્ર અને બ્રાહ્મણ. ઉપનિષદોનો એમાંજ સમાવેશ થાય છે. વેદના અન્ત ભાગમાં છે તેથી એ વેદાન્ત કહેવાય છે. જે સમયે છાપવાની કળાનું સંશોધન થયું ન-હોતું તે સમયે ઋષિકુળોમાં શિષ્યો ગુરુમુખે ઉચ્ચારેલા મન્ત્રોનું શ્રવણ કરી વેદનું અધ્યયન કરતા. આ કારણથી વેદને શ્રુતિ કહે છે. વ્યાકરણ-ના અધ્યયન વગર વેદના મન્ત્રોનો શુદ્ધ ઉચ્ચાર કે અર્થ સમજાય નહિ. વળી સ્વરમાં ફેરફાર થાય તો અર્થનો અનર્થ થાય. કહ્યું છે કે જે શબ્દમાં *સ્વરનો કે વર્ણનો દોષ હોય છે તેમાંથી વિવક્ષિત અર્થ

* વેદમાં કેટલાક સ્વર ઊંચા, કેટલાક નીચા, ને કેટલાક સમધારણ પઠાય છે, તે અનુક્રમે ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરિત કહેવાય છે.

નીકળતો નથી. એવી દોષવાળી વાણી વજ્રરૂપ થઈ યજમાનની હિંસા કરે છે. એ વિષે નીચેની આખ્યાયિકા આપે છે:—

એક સમયે વૃત્રે ઇન્દ્રનો નાશ કરવા મારણમન્ત્રનો આરંભ કર્યો હતો. તેમાં ઇન્દ્રશત્રુર્વર્ધસ્વ એટલે તું ઇન્દ્રનો શત્રુ–શાતયિતા–છેદનાર થા એવો અર્થ વિવક્ષિત હતો. આમાં શત્રુ શબ્દ યૌગિક અર્થમાં લેવાનો છે, રૂઢાર્થમાં નહિ; કેમકે રૂઢાર્થમાં લેવાથી અર્થનો ભેદ થશે નહિ. ઇન્દ્રનો શત્રુ કે ઇન્દ્ર છે શત્રુ જેનો એવો અર્થ લઈએ તો તત્પુરુષ કે બહુવ્રીહિ સમાસના અર્થમાં ફેર પડશે નહિ. 'ઇન્દ્રનો છેદનાર થા' એવો અર્થ પ્રતિપાદન કરવાનો હતો; માટે 'ઇન્દ્રશત્રુ' શબ્દમાંનો છેલ્લો સ્વર ઉદાત્ત પઠવો જોઈએ; કેમકે તત્પુરુષ સમાસ અન્તોદાત્ત છે, અર્થાત્, એમાં છેલ્લો સ્વર ઉદાત્ત છે; પરંતુ ઋત્વિજે એ શબ્દનો પહેલો સ્વર ઉદાત્ત ઉચ્ચાર્યો. આથી સમાસ બહુવ્રીહિ થઈ ગયો અને એનો અર્થ 'ઇન્દ્ર છે શત્રુ–કાપનાર જેનો' એવો વિપરીત થયો. આ પ્રમાણે સ્વરના દોષથી યજમાન જે વૃત્ર તેનોજ નાશ થયો. દુષ્ટ શબ્દનો પ્રયોગ ન થાય માટે વ્યાકરણ શીખવું જોઈએ. વૈયાકરણોએ વાજ્ઞળી કહ્યું છે કે એક શબ્દનું પણ બરાબર જ્ઞાન થાય અને પ્રયોગ થાય તો તેથી આ લોકમાં ને પર લોકમાં આપણી કામનાઓ સફળ થાય છે. સાધુ શબ્દનો એવો પ્રભાવ છે. સાધુ શબ્દનું જ્ઞાન વ્યાકરણથી થાય છે; માટે વ્યાકરણ શીખવું જોઈએ.

લાઘવ—લાઘવ એટલે સંક્ષેપ. એને પણ ભગવાન્ કાત્યાયને વ્યાકરણનું પ્રયોજન કહ્યું છે. સાધુ શબ્દ કરતાં તેના અપભ્રંશની સંખ્યા ઘણી મોટી છે. બધાં અશુદ્ધ રૂપ શીખવાનો પ્રયત્ન કરીએ તો ઘણો સમય જાય ને પરિશ્રમ પડે. શુદ્ધ શબ્દનું જ્ઞાન થયાથી બાકીના અશુદ્ધ એમ સહજ સમજાય છે. શુદ્ધ શબ્દનું જ્ઞાન વ્યાકરણથી થાય છે; માટે વ્યાકરણનું અધ્યયન આવશ્યક છે.

શબ્દશુદ્ધિ—વળી જેને વ્યાકરણનું જ્ઞાન હોય છે તે કયું રૂપ શુદ્ધ છે, અને આ સ્થળે શુદ્ધ રૂપ કેવું હોવું જોઈએ, તેનો તર્ક કરી શકે છે અને તેના મનમાં એ વિષે સંશય રહેતો નથી. દાખલા તરીકે, 'પદ્ધી' શબ્દ બરો છે કે 'પદવી,' 'પોર્વાત્ય' કે 'પૌરસ્ત્ય,' 'શું વાત કરો છો?' કે 'શી વાત કરો છો?' 'દરેક માણસ' કે 'દરેક માણસો'—એનો નિશ્ચય વ્યાકરણ શીખેલો તરત કરી શકે છે.

પ્રયોજન—આ પ્રમાણે ભગવાન્ કાત્યાયને વ્યાકરણ શીખવાનાં મુખ્ય પ્રયોજન ચાર આપ્યાં છેઃ—૧. શુદ્ધ ભાષાનું રક્ષણ, ૨. સંક્ષેપે જ્ઞાન, ૩. શુદ્ધ રૂપનો તર્ક, અને ૪. તે વિષે અસંદેહ. મહાભાષ્યકાર પતંજલિએ એ બધાં પ્રયોજનનું સારી રીતે વિવરણ કર્યું છે. ભાષાશુદ્ધિની રક્ષા, લિંગ ને વિભક્તિનો જે સ્થળે જેવો ઘટે તેવો વિપરિણામ–ફેરફાર કરી યોગ્ય અર્થનો તર્ક, સંદિગ્ધ સ્થળે નિશ્ચય કરવાનું સાધન પ્રાપ્ત કરવું, અને સંક્ષેપમાં શબ્દશાસ્ત્રનું જ્ઞાન મેળવવું, એ વ્યાકરણશિક્ષણનાં મુખ્ય પ્રયોજન છે. બોલવામાં લોકોને નિયમમાં રાખનાર અને શુદ્ધ શું અને અશુદ્ધ શું તે દર્શાવનાર વ્યાકરણ છે. પદાર્થમાત્રની પેઠે ભાષા પણ વખતે વખતે વિકાર પામતી જાય છે. એમ ઘણા વિકાર પામી અશુદ્ધ ન થાય તેને માટે વ્યાકરણની જરૂર છે. પ્રાચીન મુનિઓએ કહ્યું છે કે જેઓ અપશબ્દ વાપરે છે તે મ્લેચ્છ છે. અપશબ્દો પણ મ્લેચ્છ–દૂષિત છે. આપણે મ્લેચ્છ થઈએ નહિ, માટે પણ વ્યાકરણનું અધ્યયન કરવું જોઈએ. આર્ય લોકો અનાર્ય લોકોના સંબંધમાં આવ્યાથી તેમના મનમાં સંસર્ગથી ભાષા અશુદ્ધ થશે એવી ચિન્તા પેઠી. ભાષાને અશુદ્ધ થતી અટકાવવા માટે તેમણે આ પ્રમાણે કહ્યું છે. ભાષાશુદ્ધિ માટે આપણા પૂર્વજો કેટલી બધી સંભાળ રાખતા તે આથી સમજાશે. ભાષાશુદ્ધિ વ્યાકરણના સારા જ્ઞાન વગર જળવાતી નથી; માટે જેમને શુદ્ધ ભાષા બોલવાની ને લખવાની ઇચ્છા હોય તેમણે અવશ્ય વ્યાકરણનું સારું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. ચારણીથી જેમ થૂલું ચળાઈ જઈ મેદો જુદો પડે છે, તેમ વ્યાકરણના જ્ઞાનથી અશુદ્ધતા જતી રહી શુદ્ધતા પ્રાપ્ત થાય છે.

સર્વ વિદ્યાની વિદ્યા—દરેક શાસ્ત્ર ને વિષયમાં વિચાર દર્શાવવાનું સાધન ભાષાજ છે, અર્થાત્, શબ્દ છે અને શબ્દનું જ્ઞાન વ્યાકરણ વગર મળી શકતું નથી. આજ કારણને લઈને હરિએ વ્યાકરણવિદ્યાને સર્વ વિદ્યાની વિદ્યા કહી છે. શબ્દ સિવાય મળી શકે એવું કોઈ પણ

જ્ઞાન નથી. સર્વ જ્ઞાન શબ્દથીજ વ્યાપ્ત થયું છે. આથીજ સર્વ શાસ્ત્ર, કળા, અને શિલ્પની વિદ્યામાં આધારભૂત વિદ્યા વ્યાકરણવિદ્યાજ છે.

વાણી વૃષભ છે–ઋગ્વેદમાં વાણીને વૃષભ સાથે સરખાવી છે. ચાર પદ-સમુદાય-નામ, આખ્યાત (ક્રિયાપદ), ઉપસર્ગ, અને નિપાત (અવ્યય)–એ વૃષભનાં ચાર શીંગડાં છે; ભૂત, ભવિષ્ય, અને વર્તમાનકાળ, એ ત્રણ એના પગ છે; બે પ્રકારના શબ્દ–નિત્ય અને અનિત્ય, વ્યંગ્ય અને વ્યંજક, એ એનાં બે માથાં છે. સાત વિભક્તિ એ એના સાત હાથ છે. ઉરઃસ્થાનમાં (છાતીમાં), કંઠમાં, અને મૂર્ધસ્થાનમાં બંધાયલો એવો વૃષભ શબ્દ કરે છે. 'વૃષભ' શબ્દ 'વૃષ્'–વરસવું, એ ધાતુ પરથી આવ્યો છે. વાણી કામનાની વૃષ્ટિ કરે છે, માટે એને વૃષભ કહી છે. શબ્દરૂપી બ્રહ્મ ગણ્યું છે. વાણીરૂપી પરબ્રહ્મ પુરુષની અંદર પ્રવેશ કરે છે. જે વ્યાકરણ જાણે છે તે પરબ્રહ્મ સાથે સામ્ય પામે છે, એમ એ મન્ત્રમાં વ્યાકરણનું મહત્ત્વ પ્રતિપાદન કરી સ્તુતિ કરી છે.

વ્યાકરણ ને ન્યાયશાસ્ત્ર–જેમ વ્યાકરણનો સંબંધ ભાષા સાથે છે તેમ ન્યાયશાસ્ત્રનો સંબંધ પણ ભાષા સાથે છે. પરંતુ એ બેમાં ફેર છે. વ્યાકરણ ભાષાના નિયમ આપે છે; પરંતુ ન્યાયશાસ્ત્ર વિચારનું શાસ્ત્ર હોવાથી એનો વિચાર સાથે સંબંધ પ્રધાન અને ભાષા સાથે ગૌણ છે. ભાષા એ વિચાર દર્શાવવાનું સાધન છે, એથી ન્યાયશાસ્ત્રને ભાષાની અપેક્ષા છે. આ કારણથી વાક્યનું પૃથક્કરણ બંને શાસ્ત્રો જુદી જુદી દૃષ્ટિથી કરે છે. દાખલા તરીકે, 'તે માણસમાં બહુ અક્કલ નથી' એ વાક્યનું પૃથક્કરણ ન્યાયની દૃષ્ટિએ આ પ્રમાણે થાય છે. વિચાર માત્રના બે વિભાગ થાય છે. આપણે કોઈ પદાર્થને વિષે કોઇક ગુણનું વિધાન કરીએ છીએ કે નિષેધ કરીએ છીએ. ઉપલા વાક્યમાં 'માણસ'ને વિષે 'બહુ અક્કલ'નો નિષેધ કર્યો છે; માટે 'માણસ' એ ઉદ્દેશ્ય છે અને 'બહુ અક્કલનો અભાવ' એ વિધેય છે. એ બે વિચારોને ભાષા 'છે' ક્રિયાપદ વડે જોડે છે. આમ ન્યાયશાસ્ત્રની દૃષ્ટિથી એ વાક્ય 'તે માણસ બહુ અક્કલના અભાવવાળો છે' એમ સમજવાનું છે. વ્યાકરણમાં વાક્ય જે સ્વરૂપમાં હોય છે તેમાંજ તેનું પૃથક્કરણ કરવામાં આવે છે; કેમકે પૃથક્કરણનો હેતુ જુદા જુદા શબ્દોનો પરસ્પર કેવો અન્વય છે તે દર્શાવવાનો છે.

પ્રકરણ ૬ઠું
વર્ણવિચારઃ શિક્ષા

શિક્ષા—જે ગ્રન્થમાં વર્ણના-સ્વરાદિના ઉચ્ચારણપ્રકારનો ઉપદેશ કર્યો હોય છે તેને **શિક્ષા** કહે છે. પાણિનિશિક્ષા, નારદશિક્ષા, યાજ્ઞવલ્ક્યશિક્ષા, વ્યાસશિક્ષા, આદિ સંસ્કૃતમાં શિક્ષાગ્રન્થ છે. આગલા પ્રકરણમાં દર્શાવ્યા પ્રમાણે પ્રાચીન મુનિઓએ ઉચ્ચારશુદ્ધિનું યોગ્ય મહત્ત્વ જાળવ્યું છે.

શબ્દઃ પ્રકાર—પૃથિવી, જળ, તેજ, અને વાયુ, એ ચાર ભૂતોની ક્રિયાથી પાંચમું ભૂત જે આકાશ તેને વિષે ઉત્પન્ન થયલો, દ્રવ્યને વિષે રહેલો જે ધર્મ તે શબ્દ. શબ્દ એ આકાશમાં—અવકાશમાં એટલે ખાલી જગામાં થાય છે અને પૃથ્વી આદિ ભૂતોની ક્રિયાથી થાય છે, તેથી એ પાંચ ભૂતોનો ગુણ ગણાય છે. શબ્દ બે પ્રકારનો છેઃ—બુદ્ધિહેતુક અને અબુદ્ધિહેતુક. બુદ્ધિ જેનું કારણ નથી તે અબુદ્ધિહેતુક છે. મેઘની ગર્જના એ એવો શબ્દ છે. બુદ્ધિહેતુક શબ્દના બે વિભાગ છે—સ્વાભાવિક અને કાલ્પનિક. બંનેમાં ધ્વનિ ઉપકારક છે તેથી બંને ધ્વન્યાત્મક છે. જે શબ્દ કોઈ પણ વર્ણ સૂચવતો નથી એવો શબ્દ એ સ્વાભાવિક શબ્દ છે. હસવું, રોવું, ઇત્યાદિ એવા પ્રકારનો શબ્દ છે અને એવો શબ્દ પ્રાણિ-માત્રમાં સાધારણ છે. કાલ્પનિક શબ્દ ત્રણ પ્રકારનો છેઃ—૧. વાદ્યિંત્ર વગેરેનો શબ્દ, ઢોલ, પડઘમ, નરઘું, વીણા, વગેરેનો; ૨. ગીતિરૂપ; રાગો સૂચવતા, સા, રી, ગ, મ, વગેરે સ્વરરૂપ; અને ૩. વર્ણાત્મક; ધ્વનિવિશેષની સાથે થયલો, કંઠ, તાલુ, આદિની સાથે અથડાવાથી થયલો શબ્દ. દૂરથી સાંભળીએ તો કોઈ પણ વર્ણ સમજાય નહિ એવું જે કંઈ કાને પડે અને પાસે જવાથી જે તીણો, ઊંડો, વગરે વિચાર ઉત્પન્ન કરે તે ધ્વનિ, એમ શ્રીમચ્છંકરાચાર્ય ધ્વનિનો અર્થ સમજાવે છે.

વર્ણની ઉત્પત્તિ—વર્ણ કેવી રીતે ઉત્પન્ન થાય છે? ચેતન પ્રાણીને અમુક અર્થ કહેવાની ઇચ્છા થવાથી તે અર્થ સમજાય એવા શબ્દો ઉત્પન્ન કરવા માટે અન્તઃકરણને પ્રેરે છે. તે અન્તઃકરણ મૂળ આધારસ્થાનમાં રહેલા અગ્નિને પ્રેરે છે

અને તે અગ્નિ તે સ્થળે રહેલા વાયુને ચલાવે છે. એ વાયુએ તેજ સ્થાનમાં સૂક્ષ્મ રૂપે ઉત્પન્ન કરેલો શબ્દ **પરા** વાણી કહેવાય છે. પછી નાભિદેશપર્યન્ત ચાલેલા વાયુએ તે પ્રદેશના સંયોગથી ઉત્પન્ન કરેલો શબ્દ **પશ્યન્તી** વાણી કહેવાય છે. એ બંને વાણી સૂક્ષ્મ-સૂક્ષ્મતર હોવાથી માત્ર યોગીને ગમ્ય છે, આપણને નહિ. પછી તેજ વાયુ હૃદયદેશ તરફ જાય છે. હૃદયના સંયોગથી ઉત્પન્ન થયલી વાણી તે **મધ્યમા** કહેવાય છે. પછી તે વાયુ મુખપર્યન્ત થઈ કંઠદેશ પ્રાપ્ત કરે છે અને તેને મૂર્ધસ્થાન સાથે આઘાત થાય છે, એટલે પ્રત્યાઘાતે પાછો ફરી મુખવિવરમાં કંઠાદિ આઠ સ્થાનોમાં પોતાના અભિઘાતથી જે શબ્દ ઉત્પન્ન કરે છે તે **વૈખરી** વાણી કહેવાય છે. આ પ્રમાણે વૈયાકરણો ચાર પ્રકારની વાણી વર્ણવે છેઃ-પરા, પશ્યન્તી, મધ્યમા, અને વૈખરી. "એકજ નાદાત્મક વાણી મૂળ આધારસ્થાનમાંથી નીકળતી **પરા** કહેવાય છે; કેમકે નાદ સૂક્ષ્મ હોવાથી સાંભળી શકાતો નથી; હૃદય તરફ જતી **પશ્યન્તી** કહેવાય છે; કેમકે તેને યોગીઓ જોઈ શકે છે; તેજ બુદ્ધિમાં પ્રાપ્ત થયલી, વિવક્ષા પામેલી **મધ્યમા** કહેવાય છે; કેમકે તે હૃદય નામના મધ્ય પ્રદેશમાં ઉત્પન્ન થયલી છે; અને મુખમાં રહેલી, તાલુ, ઓષ્ઠ, આદિના વ્યાપારથી બહાર નીકળે છે ત્યારે વૈખરી કહેવાય છે," એમ સાયણાચાર્ય ઋગ્વેદના મન્ત્રના ભાષ્યમાં સમજાવે છે.

પાણિનિ અને વર્ણોત્પત્તિ—ભગવાન્ પાણિનિ પોતાની 'શિક્ષા'માં વર્ણની ઉત્પત્તિ એજ પ્રમાણે વર્ણવે છે. ઉચ્ચાર કોણ કરે છે અને કેવી રીતે કરે છે તે બંને પ્રશ્નના ઉત્તર નીચે પ્રમાણે આપ્યા છેઃ-

આત્મા બુદ્ધિથી બાહ્ય પદાર્થનું જ્ઞાન મેળવી તે વિચાર બીજાને દર્શાવવા બોલવાની ઈચ્છા થવાથી મનને યોજે છે. મન શરીરમાંના અગ્નિને આઘાત કરે છે; અગ્નિ વાયુને પ્રેરે છે; અને વાયુ છાતીને વિષે ફરતો મન્દ્ર સ્વર ઉત્પન્ન કરે છે, કંઠમાં ફરતો મધ્યમ સ્વર ઉત્પન્ન કરે છે, અને મૂર્ધસ્થાનને વિષે ફરતો તાર સ્વર ઉત્પન્ન કરે છે. આ રીતે ઊંચો ગયલો વાયુ મૂર્ધસ્થાનને વિષે પ્રત્યાઘાત પામે છે અને પાછો ફરી મુખમાં આવી વર્ણને ઉત્પન્ન કરે છે.

પ્રયત્ન—પ્રયત્ન કર્યા વિના ઉચ્ચાર થઈ શકતા નથી. પ્રથમ ફેફસાંમાંથી યત્ન વડે વાયુ પ્રેરાય છે ને તે ઊંચે જઈ જુદાં જુદાં ઉચ્ચાર-સ્થાનો સાથે અથડાય છે, એટલે મુખની અંદર વર્ણ ઉત્પન્ન થાય છે.

આ **આભ્યન્તર**–મુખની અંદરનો પ્રયત્ન છે. વર્ણને મુખની બહાર કાઢવાનો પ્રયત્ન–ગળાની બારીનો સંકોચ, વિકાસ, વગેરે–તે **બાહ્ય** પ્રયત્ન છે.

વર્ણઃ પ્રયત્નઃ સ્થાન—વર્ણ અને તેનાં પ્રયત્ન અને સ્થાન નીચે પ્રમાણે છેઃ—

સ્વર–અ, ઇ, ઉ, ઋ, ઌ, એ, ઐ, ઓ, ઔ

વ્યંજન–ક, ખ, ગ, ઘ, ઙ; ચ, છ, જ, ઝ, ઞ; ટ, ઠ, ડ, ઢ, ણ; ત, થ, દ, ધ, ન; પ, ફ, બ, ભ, મ; ય, ર, લ, વ; શ, ષ, સ; હ

'અ' થી 'ઔ' સુધીના વર્ણ એની મેળે–કોઈ પણ અન્ય વર્ણની મદદ વગર ઉચ્ચારાય છે, માટે **સ્વર** કહેવાય છે. બાકીના વર્ણ સ્વર મેળવ્યા વિના ઉચ્ચારાતા નથી, તેમાં સ્વરનું વિશેષ અંજન કરવું પડે છે, માટે તે **વ્યંજન** કહેવાય છે.

સ્વરઃ પ્રકાર–સ્વરના હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત, એવા ત્રણ પ્રકાર છે. ટૂંકો બોલાય તે **હ્રસ્વ**, લાંબો બોલાય તે **દીર્ઘ**, અને કોઈને દૂરથી બોલાવતાં તેના નામનો છેલ્લો સ્વર દીર્ઘથી પણ લાંબો ઉચ્ચારાય તે **પ્લુત** કહેવાય છે. હ્રસ્વ સ્વરની એક માત્રા, દીર્ઘની બે, અને પ્લુતની ત્રણ માત્રા ગણાય છે. માત્રા એટલે આંખના પલકારા જેટલો કે વીજળીના ઝબકારા જેટલો વખત.

વળી ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરિત, એવા ત્રણ વિભાગ સ્વરના છે, તે વેદમાં છે. ઊંચે ઉચ્ચારાય તે **ઉદાત્ત**, નીચે બોલાય તે **અનુદાત્ત**, અને જેમાં ઉદાત્ત અને અનુદાત્ત બંનેનાં લક્ષણ હોય તે **સ્વરિત**. સ્વરિત સ્વર વર્ણની ઉપર | ચિહ્નથી અને અનુદાત્ત વર્ણની નીચે — ચિહ્નથી દર્શાવાય છે. પરંતુ સ્વર દર્શાવવાની એકજ રીત નથી. સામવેદમાં અક્ષરની સાથે આંકડા મૂકી દર્શાવવાની રીત છે.

અ, ઇ, ઉ, ને ઋ, એ ચારેના હ્રસ્વ,[1] દીર્ઘ, ને પ્લુત એમ બાર પ્રકાર છે. દીર્ઘ રૂપો અનુક્રમે આ, ઈ, ઊ, ને ૠ છે. પ્લુત સ્વર વર્ણની પછી ૩ મૂકી દર્શાવાય છે.

અ, આ, અ૩; ઇ, ઈ, ઇ૩; ઉ, ઊ, ઉ૩; ઋ, ૠ, ઋ૩. ઌનું દીર્ઘ રૂપ નથી, તેથી બે પ્રકાર છે–ઌ, ઌ૩.

ઋ અને ઌમાં સ્વર અને વ્યંજન બંનેનાં તત્ત્વ મળેલાં છે; તેમાં સ્વરનું તત્ત્વ પ્રધાન ને વ્યંજનનું ગૌણ છે. સ્વરનું તત્ત્વ ર ને લ ની પૂર્વે તેમજ પછી છે એમ વાજસનેયી સંહિતામાં કહ્યું છે.

એ, ઐ, ઓ, ને ઔ–એ સંધિસ્વર કહેવાય છે; કેમકે એ બબ્બે સ્વરોના મળેલા છે. એનું હ્રસ્વ રૂપ નથી; આથી એ ચારના દીર્ઘ ને પ્લુત, એ બે વિભાગને લીધે ૮ પ્રકાર છે.

એ=અવર્ણ+ઇવર્ણ; ઓ=અવર્ણ+ઉવર્ણ; ઐ=અવર્ણ+એ; ઔ=અવર્ણ+ઓ

'ઐ'નો ઉચ્ચાર ઉતાવળે ઉચ્ચારેલા 'અઇ' જેવો અને 'ઔ'નો ઉતાવળે ઉચ્ચારેલા 'અઉ' જેવો થાય છે.

સ્વરની પછી . ને **અનુસ્વાર** અને : ને **વિસર્ગ** કહે છે. અં, અઃ, ઇં, ઇઃ, વગેરે. 'સ્વર' શબ્દને સ્વાર્થિક 'અ' પ્રત્યય લાગી, આદિ સ્વરની વૃદ્ધિ થઈ, અન્ત્ય સ્વર લોપાઈ 'સ્વાર' શબ્દ થયો છે. 'સ્વર' તેજ 'સ્વાર.' સ્વરની પછી આવે છે, માટે 'અનુસ્વાર.'

અઃ, ઇઃ, વગેરે ઉચ્ચારવામાં શ્વાસ છોડી દેવામાં આવે છે, માટે સ્વરની પછી : ને વિસર્ગ કહે છે.

વ્યંજનઃ પ્રકાર—કથી મ સુધીનાં વ્યંજન **વર્ગીય** છે. દરેક

---

૧ હ્રસ્વ-દીર્ઘના અપેક્ષાએ હ્રાસ પામે છે–ન્યૂન છે, માટે હ્રસ્વ (હ્રસતિ હ્રસતે વા દીર્ઘાપેક્ષયેતિ હ્રસ્વઃ); દીર્ઘ–મુખને દૂરે છે–ફરે છે તે દીર્ઘ (દૂણાતિ દીર્યતે વા મુખમિ.ત દીર્ઘઃ); પ્લુત–હ્રસ્વદીર્ઘને ઓળંગી જાય તે (પ્લવતે લઙ્ઘતે હ્રસ્વદીર્ઘાવિતિ પ્લુતઃ). માત્રા=ઉચ્ચારણકાળ (મીયતે ઇતિ **માત્રા ઉચ્ચારણકાલઃ**)

વર્ગમાં પાંચ પાંચ અક્ષર છે. કુ–કવર્ગ (ક્, ખ્, ગ્, ઘ્, ઙ્); એજ પ્રમાણે ચુ, ટુ, તુ, પુ–ચવર્ગ, ટવર્ગ, તવર્ગ, ને પવર્ગનો અર્થ સમજવો. ય્, ર્, લ્, ને વ્, એમાં સ્વર અને વ્યંજન, બંનેનો ધર્મ આવેલો છે તેથી એને **અન્તઃસ્થ** કહે છે. શ્, ષ્, સ્, ને હ્ **ઊષ્માક્ષર** કહેવાય છે; કેમકે એ વર્ણોનો ઉચ્ચાર કરવામાં અમુક પ્રકારના વાયુનો ઉપયોગ થાય છે. બે કે વધારે એકઠાં થયલાં વ્યંજન **સંયુક્ત વ્યંજન** કે જોડાક્ષર કહેવાય છે; જેમકે, ક્ક્, ર્ય્, વગેરે.

સ્થાન અને પ્રયત્ન—પાણિનિએ 'શિક્ષા'માં આઠ સ્થાન ગણાવ્યાં છેઃ–ઉરસ્, કંઠ, મૂર્ધા, જિહ્વામૂલ, દન્ત, નાસિકા, ઓષ્ઠ, અને તાલુ. વર્ગના પાંચમા વર્ણથી કે અન્તઃસ્થથી જોડાયલા હકારનું ઉચ્ચારસ્થાન ઉરસ્ છે. ઉરસ્ એટલે છાતી. આથી હ્ય્, હ્ર્, હ્લ્, હ્વ્, ણ્હ્, હ્ન્, હ્મ્, એમાં હકાર ઔરસ્ય કહેવાય. ઔરસ્ય એટલે છાતીમાંથી ઉચ્ચારાતો. અસંયુક્ત હ્નું સ્થાન કંઠ છે. વર્ણનાં સ્થાન નીચે પ્રમાણે છેઃ—

અ ને હ્	કંઠ
ઇ, ચુ, ય્, શ્	તાલુ
ઋ, ટુ, ર્, ષ્	મૂર્ધા
ઌ, તુ, લ્, સ્	દન્ત
ઉ, પુ	ઓષ્ઠ
કું	જિહ્વામૂલ
ઙ્, ઞ્, ણ્, ન્, મ્	પોતપોતાનાં સ્થાન ઉપરાંત નાસિકા
એ, ઐ	કંઠતાલુ
ઓ, ઔ	કંઠોષ્ઠ
વ્	દન્તોષ્ઠ
અનુસ્વાર	નાસિકા

આમાં અ, ઇ, ઉ, ઋ, ને ઌમાં દીર્ઘ અને પ્લુતનો યથાયોગ્ય સમાવેશ થાય છે એમ સમજવું; અર્થાત્, 'અ' એટલે 'અ,' 'આ,' 'અ૩;' 'ઌ' એટલે 'ઌ' અને 'ઌ૩.'

સામાન્ય રીતે ક વર્ગનું કંઠસ્થાન આપવામાં આવે છે. ખરૂં જોતાં, એ વર્ણ જીભના મૂળ આગળથી ઉચ્ચારાય છે; માટે પાણિનિએ એનું જિહ્વામૂલ સ્થાન આપ્યું છે. આમાં 'દન્તનો' અર્થ 'ઉપલા દાંતનાં મૂળ' સમજવો. એ મૂળ અને તાળવાની વચ્ચેનો ભાગ તે મૂર્ધા.

ઉપર સમજાવ્યા પ્રમાણે નાભિપ્રદેશમાંથી પ્રયત્ને પ્રેરાયલો વાયુ ઊંચે જઈ છાતી વગેરે ઉચ્ચારસ્થાનોની સાથે અથડાય છે ત્યારે વર્ણ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે વર્ણ ઉત્પન્ન કરવામાં પ્રયત્નની જરૂર છે.

પ્રયત્નના વિભાગ—પ્રયત્ન બે છે, આભ્યન્તર અને બાહ્ય. આભ્યન્તર પ્રયત્નના ચાર પ્રકાર છે—સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ, સંવૃત, ને વિવૃત.

ક્‌થી મ્‌પર્યન્ત ૨૫ વ્યંજન સ્પર્શ કહેવાય છે; કેમકે એ વર્ણોને ઉચ્ચારવામાં જીભનું ટેરવું, તેની પાસેનો ભાગ, મધ્ય ભાગ, કે મૂલ ભાગનો એનાં ઉચ્ચારસ્થાન સાથે બરાબર સ્પર્શ થાય છે. આ કારણથી સ્પર્શ વર્ણનો પ્રયત્ન સ્પૃષ્ટ કહેવાય છે. અન્તઃસ્થ વર્ણોને ઉચ્ચારવામાં જિહ્વાના અગ્ર, ઉપાગ્ર, મધ્ય, કે મૂલ પ્રદેશ એ વર્ણોનાં સ્થાનને લગારેક સ્પર્શ કરે છે; માટે એનો પ્રયત્ન ઈષત્સ્પૃષ્ટ કહેવાય છે. હ્રસ્વ અ વર્ણના પ્રયોગમાં જીભના અગ્ર આદિ ભાગ તેના સ્થાનની પાસે રહે છે; માટે એનો પ્રયત્ન સંવૃત કહેવાય છે. સ્વર અને ઊષ્મ વ્યંજનનો ઉચ્ચાર કરવામાં જીભના ભાગ તેનાં સ્થાનથી દૂર રહે છે; માટે તેનો પ્રયત્ન વિવૃત કહેવાય છે. સ્વર એ અસ્પૃષ્ટ છે.

અ ને આ નો ઉચ્ચાર સરખાવશો તો માલમ પડશે કે તે બે વચ્ચે માત્ર હ્રસ્વદીર્ઘનોજ ફેર નથી. 'અ' ઉચ્ચારતાં ઓઠ અને મોંના ઉપલા ને નીચલા ભાગ જેટલા દૂર રહે છે તેના કરતાં 'આ' ઉચ્ચારતાં

વધારે દૂર રહે છે; માટે 'અ'ના પ્રયોગમાં 'અ'ને સંવૃત કહ્યો છે અને 'આ'ને વિવૃત કહ્યો છે.

આ પ્રમાણે ઇ, ચુ, ય્, ને શ્, એ બધા વર્ણનું સ્થાન તાલુ છે તોપણ ચવર્ગનો ઉચ્ચાર કરતાં જિહ્વાગ્ર વગેરેનો તાલુસ્થાન સાથે બરાબર સ્પર્શ થાય છે; યકાર ઉચ્ચારતાં થોડો સ્પર્શ થાય છે; ને શકાર ને ઇવર્ણ ઉચ્ચારતાં જિહ્વાગ્ર તાલુસ્થાનથી દૂર રહે છે.

તવર્ગ અને સ્, બંનેનાં સ્થાન દન્ત છે, તોપણ તપાસ કરીશું તો માલમ પડશે કે તે બંને સરખી રીતે ઉચ્ચારાતા નથી. તવર્ગ ઉચ્ચારતાં દાંતના મૂળ સાથે જીભના જે ભાગનો સ્પર્શ થાય છે તે કરતાં ઊંચા ભાગનો સ્પર્શ સ્ ઉચ્ચારતાં થાય છે. વળી તવર્ગ ઉચ્ચારતાં જીભનો પૂરો સ્પર્શ ઉપલા દાંતના મૂળ સાથે થાય છે; સ્ ઉચ્ચારતાં ઘણો ઓછો સ્પર્શ થાય છે. આ પ્રમાણે, તવર્ગ ઉચ્ચારતાં જીભનું ટેરવું ઉપલા દાંતના અવાળુ સાથે અડકે છે તેમ સ્ ઉચ્ચારતાં થતું નથી; પણ જીભના ટેરવાથી ઉપલો ભાગ અડકે છે ને તે ગોળ થાય છે. બાળકનાં ઉચ્ચારસ્થાન બરાબર કેળવાયલાં ન હોવાથી તે જીભને ઉપલા દાંતના અવાળુ સાથે ભારથી દાબે છે; તેથી 'ત્' ને બદલે 'સ્' કહે છે. તાલવ્યનો ઉચ્ચાર કરતાં જીભનો વચલો ભાગ તાળવા સાથે સ્પર્શ કરે છે. જીભના ટેરવાનો સ્પર્શ ઉપલા અવાળુના ઉપલા ભાગ સાથે થાય ત્યારે મૂર્ધન્ય વર્ણ ઉચ્ચારાય છે.

ઓઠથી તે ગળાની બારી (શ્વાસનળીની ટોચ) લગણુના મુખના અંદરના ભાગમાંનાં તે તે સ્થાનો સાથે જીભના ભાગોનો સ્પર્શ, ઇષત્સ્પર્શ, દૂર અવસ્થાન, કે સમીપ અવસ્થાન થાય છે; માટે એ પ્રયત્ન આભ્યન્તર પ્રયત્ન કહેવાય છે.

બાહ્ય પ્રયત્નના અગિયાર પ્રકાર છેઃ—વિવાર, સંવાર, શ્વાસ, નાદ, ઘોષ, અઘોષ, અલ્પપ્રાણ, મહાપ્રાણ, ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરિત.

વર્ગીય પહેલાં બે વ્યંજન, શ્, ષ્, સ્, ને વિસર્ગ, એટલા શ્વાસ, અઘોષ, અને વિવાર કહેવાય છે. એ એ વર્ણોના બાહ્ય પ્રયત્ન છે.

બાકીનાં એટલે વર્ગીય છેલ્લાં ત્રણ વ્યંજન, ય્, ર્, લ્, ને વ્ના નાદ, ઘોષ, અને સંવાર પ્રયત્ન છે; માટે એ વર્ણ નાદ, ઘોષ, અને સંવાર કહેવાય છે.

વર્ગીય પહેલા, ત્રીજા, ને પાંચમા વર્ણો, અને ય્, ર્, લ્, ને વ્ અલ્પપ્રાણ અને બાકીના વર્ણો મહાપ્રાણ છે.

વર્ણ ઉત્પન્ન થયા પછી પ્રાણવાયુ માથા સાથે અથડાઈ પાછો ફરે છે એટલે એ વર્ણો ઉચ્ચારાય છે; તેથી એ પ્રયત્ન બાહ્ય પ્રયત્ન કહેવાય છે. ગળાની નળી સાંકડી થવાથી ઉચ્ચારાય છે તેથી સંવાર અને તેનો વિકાસ થવાથી ઉચ્ચારાય છે, માટે વિવાર કહેવાય છે. શ્વાસનળીનું દ્વાર સ્વાભાવિક સ્થિતિમાં હોય છે ત્યારે મોંમાંથી જે ધ્વનિ નીકળે છે તે નાદ. શ્વાસનળીનું દ્વાર વિસ્તારાય છે, ત્યારે શ્વાસ નીકળે છે અને એ શ્વાસથી ઉત્પન્ન થતા વર્ણ પણ શ્વાસ કહેવાય છે. ઘોષ વર્ણ કોમળ વર્ણ છે અને તેને ઉચ્ચારવામાં રણકા જેવો અવાજ થાય છે. એવો અવાજ નથી થતો તે વર્ણ અઘોષ છે. એ કઠોર વર્ણ છે. અલ્પપ્રાણ વર્ણો ઉચ્ચારવામાં મહાપ્રાણ વર્ણો કરતાં થોડા શ્વાસની જરૂર છે.

ઉચ્ચારસ્પષ્ટતા–વર્ણ ઉચ્ચારવામાં ઘણી કાળજી રાખવી જોઈએ. અવ્યક્ત એટલે અસ્પષ્ટ વર્ણોચ્ચાર કરવો નહિ; તેમજ બહુ પ્રયત્ને, પીડાથી વર્ણ ઉચ્ચાર્યા હોય એમ પણ દેખાવવું ન જોઈએ. વર્ણો સરળતાથી ઉચ્ચારવા. પાણિનિએ છ જણને અધમ પાઠક કહ્યા છે:–૧. ગાતો હોય તેમ બોલનાર; ૨. ઉતાવળથી બોલનાર; ૩. માથું હલાવી બોલનાર; ૪. લખેલું વાંચનાર, અર્થાત્, સમજ્યા વિના વાંચનાર; ૫. અર્થ સમજ્યા વિના બોલનાર; ૬. અલ્પ કંઠથી ઉચ્ચારનાર. માધુર્ય, અક્ષરની સ્પષ્ટતા, પદો છૂટાં પાડવાં, સુસ્વર, ધૈર્ય, અને લય

સાથે બોલવું એ છ પાઠકના ગુણ કહ્યા છે. વળી કહ્યું છે કે શંકાથી કે ભયથી બોલતા હોઈએ તેમ બોલવું નહિ, અવ્યક્ત નહિ, નાકમાંથી નહિ, કાકસ્વરથી નહિ, સ્થાનવિવર્જિત નહિ, જાણે ઓઠ પીસીને નહિ, ત્વરિત નહિ, તેમજ વિલંબિત પણ નહિ, અક્ષરને પીડી પીડીને ઉચ્ચાર્યા હોય તેમ નહિ, તેમજ ગદ્‌ગદિત કંઠે કે અક્ષર ગળી જઈને– એવી રીતે બોલવું નહિ. શુદ્ધ ને સ્પષ્ટ ઉચ્ચાર ઉપર પ્રાચીનોનું કેટલું બધું લક્ષ હતું તે આ પરથી સમજાશે.

ભાષાશાસ્ત્રીઓનું મત—પાશ્ચાત્ય ભાષાશાસ્ત્રીઓના મત પ્રમાણે સ્વર એ સાદામાં સાદા, સંતત–જરી રાખી શકાય એવા ઉચ્ચાર છે. એ સ્વરો તેમજ શકાર, ષકાર, ને સકાર, મહાપ્રાણ, અને કેટલાંક સંયુક્ત વ્યંજન જેમાંથી વ્યંજનો વિકાસ પામ્યાં છે, એ મનુષ્યની ભાષામાં પ્રથમ પરિણામ છે. ગ્રેગ્નૉડના મત પ્રમાણે બધાં વ્યંજન નીચેના સંયોગ પરથી આવ્યાં છેઃ—

ર્‌ક્, ર્‌ટ્, ર્‌પ્, ર્‌સ્, ટર્‌, ને પ્સ્

ર્ ને લ્ ધુન્નરા સાથે બોલાય છે ત્યારે ऋ ને ऌ ના ઉચ્ચારને કંઈક મળતા આવે છે. એ વર્ણોને સંસ્કૃતમાંજ સ્વર માન્યા છે, બીજી ભાષાઓમાં નહિ. ऌને ऋના સમાનતાથી કલ્પ્યો છે. તે માત્ર કલ્પ્ નાં રૂપમાં માલમ પડે છે.

હ્રસ્વ એ ને હ્રસ્વ ઓ—સંસ્કૃતમાં હ્રસ્વ એ ને ઓ નથી. પરંતુ પાલીમાં એ ને ઓ હ્રસ્વ પણ છે. દીર્ઘ સ્વરની પછી જોડાક્ષર આવી શકતો નથી એવો એમાં ને પ્રાકૃત ભાષામાં નિયમ છે. આ કારણથી તેત્તિસ, યોગ્ગા જેવા શબ્દોમાં એ ને ઓ નો ઉચ્ચાર હ્રસ્વ થતો. સંસ્કૃત શબ્દોનું માપ પ્રાકૃત ભાષાઓ બરાબર જાળવે છે. આથી પ્રેમ, એક, દેવ વગેરેનું પ્રાકૃતમાં પેમ્મ, એક્ક, દેવ્વ, વગેરે થાય છે. દ્રાવિડ ભાષાઓમાં એ ને ઓ ના હ્રસ્વ ને દીર્ઘ બંને ઉચ્ચાર છે ને તેને માટે જુદા જુદા અક્ષર છે. પ્રાકૃતમાં હ્રસ્વ ઉચ્ચાર (એ ને ઓના) દ્રાવિડમાંથી આવ્યા છે, પણ દ્રાવિડમાં છે તેમ તેને માટે જુદા અક્ષર નથી.

લૅટિન ને ગ્રીકમાં જ્યાં હ્રસ્વ 'એ' ને 'ઓ' હોય છે ત્યાં સંસ્કૃતમાં અ હોય છે; જેમકે

સપ્તન્	Septem	(સેપ્ટેમ)
દશન્	Decem	(ડીસેમ)
દક્ષ	Dexter	(ડેક્સ્ટર)
અવિ	Ovis	(ઓવિસ)

पति	Potis	(પોટિસ)
अष्ट	Octo	(ઑક્ટો)
दम	Domos	(ડોમોસ)
भर्	Fero	(ફેરો)
सर्प्	Serpo	(સેર્પો)
जन्	Genero	(જેનેરો)

પ્રકરણ ૭મું

શબ્દશક્તિ: અભિધા

પદ અને શક્તિ—એક કે વધારે વર્ણ જેમાંથી અર્થ નીકળે છે તેને આપણે શબ્દ કહીએ છીએ અને વાક્યમાં વપરાય ત્યારે એ શબ્દ **પદ** કહેવાય છે. પરંતુ શબ્દમાં અર્થ ઉપજાવવાની શક્તિ કેવી રીતની છે, શબ્દમાંથી અર્થ શી રીતે નીકળે છે, અને કયો નીકળે છે, તે આપણે વિચારવાનું છે.

સ્ફોટ–શબ્દ વર્ણના બનેલા છે, એ વર્ણમાં અર્થ નથી તો શબ્દ જે એનો સમુદાયરૂપ છે તેમાં અર્થ ક્યાંથી આવે છે? દરેક વર્ણ જેવો ઉચ્ચારાય છે તેવો વિનષ્ટ થાય છે. આથી વર્ણોનો સમુદાય બનવો પણ શક્ય નથી. વળી એમ પણ કહેવું યુક્ત નથી કે શબ્દના દરેક વર્ણનું જ્ઞાન થયા પછી વર્ણના સમુદાયનો મન પર સંસ્કાર પડે છે અને એ સંસ્કારનું સ્મરણ થયે શબ્દમાંથી અર્થ ઉત્પન્ન થાય છે; કેમકે એમ હોય તો આપણે 'નદી' અને 'દીન', 'રાજા' અને 'જરા,' એમાં ભેદ સમજીએ નહિ. આ કારણથી વૈયાકરણો કહે છે કે વર્ણથી ભિન્ન, પાછલા વર્ણના સંસ્કાર સહિત અન્ત્ય વર્ણના જ્ઞાનથી વ્યંગ્ય, સ્ફોટ નામનો શબ્દ સ્વીકારવો જોઈએ. એ સ્ફોટ ધ્વન્યાત્મક અને નિત્ય-નાશરહિત છે. સાર આ પ્રમાણે છે:-છૂટા વર્ણોમાંથી અર્થ નીકળતો નથી; કેમકે નીકળતો હોય તો પ્રથમ વર્ણમાંથી અર્થ નીકળે અને બાકીના નકામા જાય. વળી વર્ણના સમુદાયમાંથી પણ અર્થ નીકળતો નથી; કેમકે વર્ણો ઉચ્ચારાયા કે તરત નાશ પામે છે; તેથી તેનો સમુદાય થઈ શકતો નથી. વળી સ્મરણશક્તિથી એકી વખત બધા વર્ણ યાદ રહેવાથી અર્થ નીકળે છે એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે એમ હોય તો 'નદી' ને 'દીન', 'રસ' ને 'સર,' એ શબ્દોમાં કંઈ ભેદ થાય નહિ; તેથી આપણે વર્ણથી વ્યંગ્ય, અવયવરહિત, એક, નિત્ય, પદસ્ફોટ કે વાક્યસ્ફોટ સ્વીકારવો

જોઈએ એવું વૈયાકરણનું મત છે. અર્થાત્, વર્ણ જાતે નશ્વર છે, તેમાંથી અર્થ નીકળતો નથી પણ તેમાંથી સ્ફોટરૂપ નિત્ય શબ્દ વ્યંગ્ય થાય છે અને તે સ્ફોટમાંથી અર્થ નીકળે છે. વૈયાકરણો સ્ફોટને ધ્વનિ પણ કહે છે. નૈયાયિકો પણ એટલું તો કબૂલ કરે છે કે વર્ણો નશ્વર છે, તે પ્રત્યેકમાંથી અર્થ નીકળતો નથી, અને એ વર્ણો જલદી નાશ પામે છે તેથી એનો સમુદાય સંભવતો નથી. પરંતુ પૂર્વ પૂર્વ વર્ણના સંસ્કાર સાથે અન્ત્ય વર્ણના જ્ઞાનથીજ અર્થની પ્રતીતિ થાય છે, માટે સ્ફોટ સ્વીકારવાની જરૂર નથી, એમ તેમનું મત છે.

સંકેતઃ તે શેમાં રહેલો છે—હવે શબ્દમાંથી કયો અર્થ નીકળે છે તેનો વિચાર કરીએ. અમુક શબ્દથી અમુક અર્થનો બોધ થવો જોઈએ એવી અનાદિ કાળથી ચાલી આવેલી ઇચ્છા તે સંકેત એમ નૈયાયિકોનું માનવું છે. વૈયાકરણોના મત પ્રમાણે શબ્દ અને અર્થનો સંબંધ નિત્ય છે. જેમ ઇન્દ્રિયોમાં પોતાના અર્થો ગ્રહણ કરવાની યોગ્યતા સ્વાભાવિક છે, જેમ આંખ સ્વભાવથીજ રૂપનું, કાન શબ્દનું, એમ ઇન્દ્રિયો પોતપોતાના વિષયનું ગ્રહણ કરે છે, તેજ પ્રમાણે શબ્દને અર્થ સાથે સ્વાભાવિક–અનાદિ કાળથી ચાલ્યો આવેલો–સંબંધ છે અને અર્થનો બોધ કરવાની યોગ્યતા છે. જેમ આંખ રૂપનુંજ ગ્રહણ કરી શકે છે, શબ્દનું નહિ, તેમ 'ઘટ' શબ્દમાંથી, અર્થનો બોધ કરવાની એવી સ્વાભાવિક યોગ્યતાને લીધે, 'ઘડા'નો જ અર્થ નીકળે છે, બીજો નહિ. આ પ્રમાણે વૈયાકરણો અમુક શબ્દમાંથી અમુક અર્થ નીકળવો જોઈએ એવી ઇશ્વરેચ્છાને કે અનાદિ કાળથી ચાલી આવેલી ઇચ્છાને, નૈયાયિકોની પેઠે, સંકેત માનતા નથી; પરંતુ તેમના મત પ્રમાણે સંકેત એટલે પદ અને અર્થની વચ્ચે પરસ્પર એકતાનો સંબંધ છે, જે એક એકને યાદ દેવડાવે છે. જે શબ્દ તેજ અર્થ અને અર્થ તેજ શબ્દ એમ ભાષ્યકાર કહે છે. અર્થાત્, અર્થ માટે સંકેત સ્વીકારવાની જરૂર નથી; સ્વાભાવિક રીતે શબ્દમાં અર્થ ઉપજાવવાની યોગ્યતા છે.

સંકેત શેમાં રહેલો છે તે વિષે વિદ્વાનોના ભિન્ન ભિન્ન મત છે. કેટલાક વ્યક્તિમાં, કેટલાક જાતિમાં, ને કેટલાક જાતિવિશિષ્ટ વ્યક્તિમાં

સંકેત મૂકે છે. એનો અર્થ એવો છે કે શબ્દોમાંથી વ્યક્તિનો અર્થ નીકળે છે; 'ગાય' એટલે ગાય એવી વ્યક્તિ એમ કેટલાકનું માનવું છે. વ્યવહાર વ્યક્તિને લાગુ પડે છે, 'ગાય લાવ,' 'ગાય જાય છે,' આમાં ગાય વ્યક્તિને લાવવામાં આવે છે, ગાય વ્યક્તિ જવાની ક્રિયા કરે છે; માટે વ્યક્તિજ શબ્દાર્થ છે એવું એ પક્ષકારોનું મત છે. અન્ય વિદ્વાનો કહે છે કે શબ્દમાંથી વ્યક્તિનો અર્થ નીકળતો નથી, પણ જાતિનો અર્થ નીકળે છે; માટે જાતિમાં સંકેત માનવો યુક્ત છે. વ્યક્તિઓ અનન્ત છે તેથી એકે એક વ્યક્તિમાં સંકેત મૂકી શકાય નહિ; અને થોડીમાંજ મૂકીએ તો જેમાં ન મૂકયો હોય તે વ્યક્તિનું જ્ઞાન તે શબ્દથી થાય નહિ. જો પચાસ ગાયની વ્યક્તિઓમાંજ 'ગાય' શબ્દનો સંકેત માનીએ તો એકાવનમી ગાયનો બોધ 'ગાય' શબ્દથી થાય નહિ; માટે જાતિમાં–ગોત્વમાં–ગાયપણામાં સંકેત મૂકવો યુક્ત છે. જાતિ ને વ્યક્તિ વચ્ચે અવિનાભાવી સંબંધ છે, એટલે જાતિ વિના વ્યક્તિ ને વ્યક્તિ વિના જાતિ રહી શકતી નથી એવો પરસ્પર સંબંધ છે, તેથી સંકેતથી જાતિનું જ્ઞાન થયા પછી વ્યક્તિનું જ્ઞાન આવા સંબંધને લીધે થશે. અન્ય વિદ્વાનોના મત પ્રમાણે જાતિવિશિષ્ટ વ્યક્તિમાં સંકેત રહેલો છે. 'ગાય' શબ્દથી 'ગાય વ્યક્તિ'નો કે 'ગાયપણા'નો બોધ થતો નથી, પરંતુ 'ગાયપણાથી વિશિષ્ટ ગાયવ્યક્તિ'નો બોધ થાય છે. આલંકારિકો અને વૈયાકરણોનું મત વધારે વ્યાપક છે. તેઓ ઉપાધિમાં સંકેત મૂકે છે. ઉપાધિ એટલે ધર્મ. એ ધર્મ બે પ્રકારનો છેઃ–૧. સ્વભાવથીજ વસ્તુમાં રહેલો ધર્મ અને ૨. વક્તાએ પોતાની ઇચ્છાથી તેમાં મૂકેલો ધર્મ. પહેલા પ્રકારનો ઉપાધિ સ્વાભાવિક અને બીજા પ્રકારનો યાદૃચ્છિક (यद्+इच्छा+इक–જે ઇચ્છા, ઇચ્છાથી મૂકેલો) કહેવાય છે. સ્વાભાવિક ઉપાધિ બે પ્રકારનો છેઃ–૧. સિદ્ધ (તૈયાર થયલો) અને ૨. સાધ્ય (તૈયાર થતો). સિદ્ધ ઉપાધિના પણ બે પ્રકાર છેઃ–૧. જે ધર્મ અમુક વર્ગના પદાર્થમાત્રમાં રહેલો છે તે; અને ૨. જે ધર્મ પદાર્થમાં વિશેષતા મૂકે છે અને તેને બીજા પદાર્થથી જુદો પાડે છે. પહેલો ધર્મ તે જાતિ છે. એ વસ્તુનો પ્રાણુપ્રદ ધર્મ છે; વસ્તુને વસ્તુ બનાવનાર ધર્મ છે. ગાયમાં ગાયપણું એ જાતિ છે. એ ધર્મ ગાયના વર્ગને અન્ય

પ્રાણિવર્ગોથી જુદો પાડે છે. ભર્તૃહરિ કહે છે કે પદાર્થમાત્રમાં બે ભાગ છે, સત્ય અને અસત્ય. વ્યક્તિ એ અસત્ય ભાગ છે અને એનો નાશ થાય છે; પણ જાતિ એ સત્ય ભાગ છે; એનો નાશ થતો નથી. સાધ્ય ઉપાધિ તે ક્રિયા. યાદચ્છિક ઉપાધિ એટલે સંજ્ઞા–વસ્તુને જે ખાસ નામ આપણી ઇચ્છાથી આપ્યું હોય છે તે.

આ પ્રમાણે વૈયાકરણો અને આલંકારિકો જાતિ, ગુણ, ક્રિયા, અને સંજ્ઞામાં સંકેત મૂકે છે. તેમના મત પ્રમાણે ચારમાંથી ગમે તે કોઈ અર્થ શબ્દમાંથી નીકળે છે. ભાષ્યકાર કહે છે કે શબ્દની પ્રવૃત્તિ ચાર પ્રકારની છે:–જાતિશબ્દ, ગુણશબ્દ, ક્રિયાશબ્દ, અને યદૃચ્છાશબ્દ. આ પ્રમાણે ઉપાધિના વિભાગ નીચે પ્રમાણે થાય છે:–

આ પ્રમાણે સંકેતથી શબ્દમાંથી જાતિ, ગુણ, ક્રિયા, કે સંજ્ઞાનો અર્થ નીકળે છે. વાક્યમાં પ્રધાન પદ બેજ છે–નામ અને આખ્યાત (ક્રિયાપદ). બીજાં પદ એ બેની સાથે જોડાયલાં છે. નામ સંજ્ઞાવાચક, જાતિવાચક, કે ભાવ (ગુણ) વાચક હોય છે. આમ વૈયાકરણોનો સંકેત યુક્ત છે.

સાધન––સંકેતનું જ્ઞાન નીચેનાં સાધનથી પ્રાપ્ત થાય છે:––
૧. કોશ; ૨. વ્યાકરણ; ૩. આપ્ત–ભરોસો રાખવા લાયક–પુરુષનું

વચન; ૪. વાક્યશેષ–પૂર્વાપરસંબંધ; ૫. ઉપમાન; ૬. પ્રસિદ્ધ પદનો સંબંધ; અને ૬. વ્યવહાર.

અભિધાઃ પ્રકાર—સંકેત પ્રમાણે જે અર્થ નીકળે છે તે સંકેતિત અર્થને વાચ્યાર્થ કહે છે અને શબ્દની જે વૃત્તિ કે વ્યાપારથી તેમાંથી એવો અર્થ નીકળે છે તે વૃત્તિને અભિધાવૃત્તિ કહે છે. વૃત્તિને શક્તિ પણ કહે છે. અભિધા વૃત્તિના ત્રણ પ્રકાર છે–યોગ, રૂઢિ, ને યોગરૂઢિ. કેટલાક શબ્દો માત્ર પ્રકૃતિ ને પ્રત્યયનો જે અર્થ થાય તેનો બોધ કરે છે. પાચક (પચ–રાંધવું, અક–નાર; રાંધનાર), પાઠક (પઠ-નાર); કારક (કરનાર); પાચન (પચ્+અન–ક્રિયાવાચક પ્રત્યય; પચવું તે); ભજન (ભજવું તે); ભક્તિ; શક્તિ; સ્વાભાવિક; માધુર્ય; તેજસ્વી; હોશ્યાર (હોશ+યાર–વાળો) વગેરે એવા શબ્દો છે. એ શબ્દો યૌગિક કહેવાય છે. જે વૃત્તિથી એવો અર્થ શબ્દમાંથી નીકળે છે તેને યોગ કહે છે. યોગ એટલે વ્યુત્પત્તિ. ઘણા શબ્દોમાંથી લાંબા સમયના પ્રયોગ-બળે ચાલ્યા આવતા અર્થનું ભાન થાય છે. ગાય, ઘોડો, વગેરે એવા શબ્દ છે. કેટલાક વૈયાકરણોના મત પ્રમાણે શબ્દમાત્ર ધાતુથી વ્યુત્પન્ન થયા છે, તેથી એવા શબ્દની પણ વ્યુત્પત્તિ છે. પરંતુ એ વ્યુત્પત્તિ બહુ વિચિત્ર પ્રકારની કરવી પડે છે. 'ગાય' એટલે સંસ્કૃત ગો શબ્દનો ધાતુ ગમ્ 'જવું' આપે છે; 'ગાય' શબ્દના પ્રચલિત અર્થને ગમ્ ધાતુના અર્થ સાથે બહુ સંબંધ નથી. 'ગાય' અર્થ થાય છે તેનું કારણ એ શબ્દ ગમ્ ધાતુ પરથી આવ્યો છે તે નથી; પણ એ અર્થ લાંબા કાળના પ્રયોગથી પ્રચાર પામ્યો છે–રૂઢ થયો છે તે છે. આ શબ્દવૃત્તિ તે રૂઢિ અને રૂઢિથી જે અર્થ વાચ્ય થાય છે તે રૂઢાર્થ કહેવાય છે. યોગમાં શબ્દના અવયવોમાં–પ્રકૃતિ ને પ્રત્યયમાં શક્તિ રહેલી છે; રૂઢિમાં સમગ્ર શબ્દમાંજ રહેલી છે. આ કારણથી યોગને અવયવશક્તિ ને રૂઢિને સમુદાયશક્તિ કહે છે. વળી કેટલાક શબ્દ એવા છે કે તેમાં યોગ ને રૂઢિ બંને વૃત્તિ રહેલી છે. એવા શબ્દ યોગરૂઢ કહેવાય

છે. 'પંકજ', 'હસ્તી', વગેરે એવા શબ્દ છે. 'પંકજ'નો યૌગિક અર્થ 'જે કાદવમાં ઊગ્યું હોય તે બધું' એવો થાય; પરંતુ રૂઢિથી એ અર્થમાં સંકોચ થઈ 'કાદવમાં ઊગેલું માત્ર કમળ' એવોજ અર્થ થાય છે. 'હસ્તી', 'કરી', 'હાથી',–એ શબ્દોનો યૌગિક અર્થ 'જેને હસ્ત, કર–હાથ હોય તે' એવો થાય; પરંતુ 'જેને હસ્ત, શુંડ–સૂંઢ છે એવું પ્રાણી, હાથી' એવો અર્થ રૂઢિથી નિયમિત થયો છે. 'હનુમત્'નો યૌગિક અર્થ 'હનુ–હડપચીવાળું' એવો થાય છે; રૂઢિથી એ અર્થ સંકડાઈ 'હનુમાન્ નામના વાનરદેવ, જેની હડપચી બહાર પડતી છે તે,' એવો થાય છે. એજ પ્રમાણે 'જલજ,' પીતાંબર', 'ગિરિધારી,' એ એવા શબ્દ છે.

વાચ્યાર્થના નિયામક–શબ્દના અનેક વાચ્યાર્થ હોય છે, તેમાં કયે સ્થળે કયો લેવો તેને માટે હરિએ (ભર્તૃહરિએ) પોતાના 'વાક્યપદીય' નામના પુસ્તકમાં અર્થને નિયમમાં મૂકનારાં, વાચ્યાર્થ-નિયામકો આપ્યાં છે, તેમાંથી આપણી ભાષાને લાગુ પડે એવાં મુખ્ય નીચે આપ્યાં છે:–

૧. સાહચર્ય

રામલક્ષ્મણ વનમાં જાય છે.

'રામ'ના અર્થ દશરથપુત્ર અને પરશુરામ થાય છે; પરંતુ 'લક્ષ્મણ'ના સાહચર્યથી 'રામ'નો અર્થ દાશરથિ રામજ થાય છે.

૨. વિરોધ

તેઓ રામ અને અર્જુનની પેઠે લડ્યા. રામ=૧. દશરથપુત્ર; ૨. પરશુરામ; અર્જુન=૧. પાંડુપુત્ર; સહસ્રાર્જુન.

આ સ્થળે વિરોધથી 'રામ'નો અર્થ પરશુરામ અને 'અર્જુન'નો અર્થ 'સહસ્રાર્જુન, કાર્તવીર્ય' થાય છે.

૩. પ્રયોજન

સંસાર તરવાને માટે સ્થાણુને ભજ. સ્થાણુ=૧. શિવ; ૨. થાંભલો.

પ્રયોજન 'સ્થાણુ'ને શિવના અર્થમાં નિયમિત કરે છે.

૪. પ્રકરણ—પૂર્વાપરસંબંધ

દેવ બધું જાણે છે.

દેવ=૧. દેવતા; ૨. રાજા

પ્રકરણથી 'દેવ' રાજાના, આપ સાહેબના અર્થમાં નિયમિત થાય છે.

૫. લિંગ–જાતિ

બાણ ચાલ્યું (તીર); **બાણ** ચાલ્યો ગયો (બાણ કવિ કે બાણાસુર {પ્રકરણથી જે સમજાય તે}.

આ બધાં નિયામકમાં પ્રકરણ મુખ્ય છે. મુખ્ય અર્થ ઘણા હોય તેમાંથી કયો અર્થ લેવો તે નક્કી કરવામાં પૂર્વાપરસંબંધ ઘણી મદદ કરે છે.

પ્રકરણ ૮મું

શબ્દશક્તિ: લક્ષણા, વ્યંજના

ઉપસંહાર—સંકેતથી જે અર્થનો શબ્દ બોધ કરે છે તે અર્થ વાચ્યાર્થ કે મુખ્યાર્થ કહેવાય છે અને એવો અર્થ ઉપજાવવાની શબ્દની વૃત્તિ અભિધાવૃત્તિ કહેવાય છે, એ વાત અગાઉના પ્રકરણમાં કહી ગયા. નૈયાયિકો અભિધાવૃત્તિને શક્તિ કહે છે. શબ્દમાં વાચ્યાર્થ ઉપરાંત બીજો અર્થ ઉપજાવવાની પણ શક્તિ છે.

લક્ષણા: તેનાં આવશ્યક અંગ—કેટલીક વખત મુખ્ય અર્થ લાગુ પડતો નથી. આમ જ્યારે મુખ્ય અર્થનો બાધ થાય છે, ત્યારે તેની સાથે સંબંધ રાખતો બીજો અર્થ લેવો પડે છે અને એવો અર્થ લેવાનું કંઈ પ્રયોજન પણ હોય છે. દાખલા તરીકે, 'ગંગા પર

આહીરનું ઝુંપડું છે,' આમાં 'ગંગા' શબ્દનો વાચ્યાર્થ 'ગંગાનો પ્રવાહ' બંધબેસતો નથી; કેમકે પ્રવાહના ઉપર ઝુંપડું હોઈ શકે નહિ. અહિં વાચ્યાર્થ–પ્રવાહના અન્વયનો બાધ થાય છે. પ્રવાહનો અન્વય 'ઝુંપડું' સાથે થઈ શકતો નથી; કેમકે પ્રવાહ ઝુંપડાનું અધિકરણ હોઈ શકે નહિ. આમ અન્વયનો બાધ થઈ વાચ્યાર્થ લાગુ પડતો નથી ત્યારે તે અર્થની સાથે સંબંધ ધરાવતો બીજો અર્થ લેવો પડે છે. ઉપલા દાખલામાં 'ગંગા'નો અર્થ એ પ્રમાણે તીર, જે પ્રવાહની સાથે સમીપતાનો સંબંધ રાખે છે તે છે. 'ગંગા પર ઝુંપડું' એટલે 'ગંગાના તીર પર ઝુંપડું.' અત્ર સહજ પ્રશ્ન થશે કે ત્યારે 'ગંગાતીર પર ઝુંપડું' કહેવાને બદલે 'ગંગા પર ઝુંપડું' કેમ કહ્યું ? એનો ઉત્તર એ છે કે બંનેના અર્થમાં ફેર છે. 'ગંગા પર ઝુંપડું' કહેવાથી ઝુંપડું ઘણું પવિત્ર છે ને ઠંડું છે એવો અર્થ નીકળે છે, તે 'ગંગાતીર પર ઝુંપડું' કહેવાથી નીકળતો નથી. આ પ્રમાણે મુખ્યાર્થનો બાધ થાય ત્યારે તેની સાથે સંબંધ ધરાવતો જે અર્થ લેવો પડે છે તે **લક્ષ્યાર્થ** કહેવાય છે અને શબ્દની જે વૃત્તિ કે શક્તિથી એ અર્થ નીકળે છે તે **લક્ષણા** કહેવાય છે. લક્ષણામાં આ રીતે ત્રણ બાબત આવશ્યક હોય છે:–૧. મુખ્યાર્થબાધ; ૨. મુખ્યાર્થની સાથે અન્ય અર્થનો સંબંધ; ૩ અન્ય અર્થ લેવાનું પ્રયોજન.

તાત્પર્યબાધ–પરંતુ લક્ષણાને બધે સ્થળે અન્વયનો બાધ હતો નથી. અન્વય ઘટતો હોય છતાં વક્તાનું તાત્પર્ય વાચ્યાર્થ લેવાથી સચવાતું ન હોય તો અન્ય અર્થ લેવો પડે છે. દાખલા તરીકે, એક મોટું ટોળું જતું હોય તેમાં ઘણાખરા માણસોની પાસે છત્રી હોય તો આપણે કહીએ છીએ કે 'છત્રીવાળાઓ જાય છે.' આ દાખલામાં 'છત્રીવાળાઓ' શબ્દનો વાચ્યાર્થ 'જેમની પાસે છત્રી છે તે' એમ લેવાથી અન્વયને કંઈ બાધ આવતો નથી; પરંતુ બોલનારની મતલબ સધાતી નથી. એણે આખા ટોળાને 'છત્રીવાળાઓ' એવી સંજ્ઞા આપી છે

અને એ ટોળામાં થોડાક છત્રી વિનાના છે તેમને બાતલ કરવાનો એનો ઇરાદો નથી. આથી 'છત્રીવાળાઓ'નો મુખ્ય અર્થ 'જેમની પાસે છત્રી છે તે' એવો લેવાથી વક્તાનું તાત્પર્ય સરતું નથી, તેથી એ અર્થની સાથે સંબંધ ધરાવતો અન્ય અર્થ 'છત્રીવાળાઓ તેમજ તેમની સાથેના છત્રી વિનાના–એવો આખો સંઘ' લેવો પડે છે. એ અન્ય અર્થ તે લક્ષ્યાર્થ છે. અહિં લક્ષણા લેવાનું પ્રયોજન 'ઘણા માણસો પાસે છત્રી છે' એ દર્શાવવાનું છે. 'છત્રીવાળાઓ અને બીજા છત્રી વિનાના જાય છે,' એમ કહેવાથી એ પ્રયોજન સધાતું નથી. આ પ્રમાણે લક્ષણા લેવાનું કારણ મુખ્ય અર્થનો બાધ એટલે અન્વયનો બાધ કે તાત્પર્યનો બાધ છે.

લક્ષણાના પ્રકાર:–ભિન્ન ભિન્ન રીતે એ પ્રકાર પાડવામાં આવે છે. પ્રથમ શુદ્ધ અને ગૌણી એવા બે પ્રકાર થાય છે. શુદ્ધ લક્ષણાના ત્રણ પ્રકાર છે:–૧. જહલ્લક્ષણા; ૨. અજહલ્લક્ષણા; ૩. જહદજહલ્લક્ષણા.

જહત્સ્વાર્થા કે જહલ્લક્ષણા–'ગંગા પર ઝુંપડું છે' આમાં ગંગા શબ્દના વાચ્યાર્થ પ્રવાહને તજી દઈ તેની સાથે સંબંધ રાખતો અન્ય અર્થ લેવો પડે છે. આ પ્રમાણે શબ્દના સ્વાર્થનો–પોતાના અર્થનો–મુખ્ય અર્થનો ત્યાગ કરવો પડે છે, માટે એ લક્ષણા 'જહત્સ્વાર્થા' કે ટૂંકામાં 'જહલ્લક્ષણા' કહેવાય છે. 'જહત્' એ 'હા' તજવું, એ ધાતુનો વર્તમાન કૃદન્ત છે. જહત્ એટલે તજતો છે સ્વાર્થ જેને, મુખ્ય અર્થ જેને તજી દે છે, જેમાં મુખ્ય અર્થ તદ્દન જતો રહે છે એવી લક્ષણા. આલંકારિકો આને લક્ષણલક્ષણા કહે છે.

ઉદાહરણ:—એ લક્ષણાનાં બીજાં થોડાંક ઉદાહરણ નીચે આપ્યાં છે:—

૧. તે વીર પુરુષનું શુરાતન આખું **ગુજરાત** વખાણે છે. (ગુજરાતના લોકો; વખાણ કરવામાં દેશનો કોઈ પણ માણસ નથી એમ નહિ એ સૂચવવું એ લક્ષણાનું પ્રયોજન છે.)

કલિંગ સાહસિક છે. (કલિંગના લોક)
રજપુતાના શુરાતનથી ભરપૂર છે. (રજપુતાનાના લોક)
૨. ઘી આપણું **જીવન** છે. (જીવન ઉત્પન્ન કરનાર)
૩. પિતાને પુત્રજન્મ મોટો **આનન્દ** છે. (આનન્દજનક)
૪. શી તમારી **દયા**? શો તમારો **ઉપકાર**? (ઉલટા અર્થમાં–નિર્દયતા; અપકાર. આને **વિપરીતલક્ષણા** કહે છે.)

અજહત્સ્વાર્થા કે અજહદ્લક્ષણા–આ ઉપલી લક્ષણાથી ઉલટી છે. એમાં સ્વાર્થનો ત્યાગ થતો નથી. સ્વાર્થ રહે છે ને વધારામાં બીજો અર્થ આવે છે. એને આલંકારિકો 'ઉપાદાનલક્ષણા' કહે છે; કેમકે એમાં અન્ય અર્થનું ઉપાદાન–ગ્રહણ કરવું પડે છે. 'છત્રીવાળાઓ જાય છે' એમાં 'છત્રીવાળાઓ'નો અર્થ છત્રીવાળાઓ અને અન્ય, છત્રી વિનાના. આમાં 'છત્રીવાળાઓ' એટલો સ્વાર્થ રહે છે અને 'છત્રી વિનાના' એટલા અન્ય અર્થનું ગ્રહણ કરવું પડે છે. બીજું ઉદાહરણ નીચે પ્રમાણે છે:—

૧. **કાગડાથી** બળિદાનનું રક્ષણ કરો. (કાગડાથી અને બળિને ભ્રષ્ટ કરનાર અન્ય પ્રાણીઓથી)

જહદજહત્સ્વાર્થા—આ લક્ષણાનો ત્રીજો પ્રકાર છે. એમાં સ્વાર્થનો અંશે ત્યાગ થાય છે અને અંશે થતો નથી. જે વૃત્તિમાં શબ્દો અંશે સ્વાર્થને–મુખ્યાર્થને તજે છે અને અંશે તજતા નથી તે વૃત્તિ જહદજહત્સ્વાર્થા કહેવાય છે. આ કારણથી વેદાન્તીઓ એને **ભાગલક્ષણા** કહે છે.

દાખલા:—તેજ આ દેવદત્ત છે.
તે તું છે. (વેદાન્તીનું મહાવાક્ય)

'તેજ' એટલે તે વખતે જોયલો; 'આજ' એટલે આ વખતે જોયલો. એ બે વચ્ચે સામાનાધિકરણ્ય–એકતા લાવવા 'તે વખતનો'

અને 'આ વખતનો' એટલા અર્થનો ત્યાગ કરવો પડે છે; માટે એ ભાગલક્ષણા કહેવાય છે. 'તે' એટલે નિર્ગુણ, જ્ઞાનરૂપ પરબ્રહ્મ. 'તું' એટલે અલ્પગુણ અને કિંચિત્-જ્ઞાનવાળો જીવાત્મા. એ બે વચ્ચે ઐક્ય લાવવા વિશેષણોનો ત્યાગ કરવો પડે છે એટલે ચેતનમય આત્માઓ વચ્ચે ઐક્ય થાય છે.

શુદ્ધ ને ગૌણી લક્ષણા—ઉપરના પ્રકારો શુદ્ધ લક્ષણાના છે. બીજો પ્રકાર એથી ઉલટો છે, તે ગૌણી લક્ષણા કહેવાય છે. 'તે **ગધેડો** છે,' આ દાખલામાં 'ગધેડા'નો અર્થ 'ગધેડા જેવો જડ, અક્કલવિનાનો, ગધેડામાં જેવો જડતાનો ગુણ છે તેવા ગુણવાળો' છે. બીજા દાખલો નીચે પ્રમાણે છે:—

તે દાનમાં **કર્ણ**, સત્યમાં **હરિશ્ચન્દ્ર**, એકપત્નીવ્રતમાં **રામચન્દ્ર**, અને શૌર્યમાં **ભીમસેન** છે. (એઓના ગુણોવાળો છે.)

સારોપા ને સાધ્યવસાના લક્ષણા—ઉપર જણાવેલા પ્રકારો ઉપરાંત 'સારોપા' ને 'સાધ્યવસાના' એવા બીજા બે પ્રકાર છે. એક વસ્તુને બીજીનું રૂપ આપવું, બીજી છે એમ કહેવું, એને આરોપ કહે છે. તે વસ્તુમાં જેનો આરોપ કર્યો હોય છે તેના જેવા ગુણ છે એવું વક્તાનું તાત્પર્ય હોય છે. જેમાં આરોપ હોય એવી લક્ષણાને સારોપા લક્ષણા કહે છે.

૧. તમારૂં બાહુબળ ત્રૈલોક્યનું **કલ્યાણ** છે. (કલ્યાણકારક)

૨. તે મારી આંખની **કીકી** અને હૈયાનો **હાર** છે. (આંખની કીકી અને હૈયાના હાર જેવો વહાલો)

૩. રાજાજી સાક્ષાત્ **કલ્પવૃક્ષ** છે. (કલ્પવૃક્ષની પેઠે યાચકની સર્વ કામના સફળ કરનારા છે.)

પહેલો દાખલો શુદ્ધ સારોપા લક્ષણાનો છે અને બીજો ને ત્રીજો ગૌણી સારોપા લક્ષણાનો છે. જે લક્ષણામાં બે પદો વચ્ચે ગુણોના કારણથી સામાનાધિકરણ્ય ઘટે તે ગૌણી સારોપા લક્ષણા અને જેમાં

ગુણ સિવાય બીજાં નિમિત્તોએ સામાનાધિકરણ્ય ઘટાવાય તે શુદ્ધ સારોપા લક્ષણા છે.

ઝાડ સળી ગયું છે. (ઝાડનું મૂળ, અન્વયબોધ નથી, તાત્પર્ય-બોધ છે. અવયવી–આખી વસ્તુ અવયવને–ભાગને માટે વાપરી છે.)

ઝાઝા **હાથ** રળીઆમણા (હાથવાળા પુરુષો, અવયવ અવયવી-ને માટે વાપર્યો છે.)

એજ પ્રમાણે અગ્ર હસ્તના અર્થમાં 'હસ્ત' શબ્દ વાપરીએ તો તે પણ અવયવી અવયવને માટે મૂકેલો છે એવી શુદ્ધ લક્ષણા છે. રાજપુરુષ જતો હોય ને કહીએ કે '**રાજા** જાય છે' (રાજપુરુષ), તો એ પણ શુદ્ધ લક્ષણા છે. એમાં સ્વસ્વામિભાવસંબંધ–સેવ્યસેવકનો સંબંધ છે. એજ રીતે, જાતે સુથાર ન હોય પણ સુથારનો ધંધો કરતો હોય તેને 'સુથાર' કહીએ તો તે પણ શુદ્ધ લક્ષણા થાય. એમાં તેના કર્મનો–ધંધાનો સંબંધ છે.

ઉપર કહ્યા પ્રમાણે આરોપમાં એક વસ્તુને બીજીનું રૂપ આપ્યું હોય છે. હવે જે પદાર્થને બીજાનું રૂપ આપ્યું હોય તે પદાર્થનું નામ બીલકુલ કહીએજ નહિ ને જેનું રૂપ આપ્યું હોય તે તરીકેજ તેનું વર્ણન કરીએ તો તેને 'અધ્યવસાન' કહે છે. 'અધ્યવસાન' એટલે તાદાત્મ્ય, તદ્રૂપતા. બે પદાર્થોની એટલી બધી એકતા કલ્પી છે કે એકનો બીજા તરીકેજ નિર્દેશ છે. જેમાં અધ્યવસાન હોય તે **સાધ્ય-વસાના** લક્ષણા કહેવાય છે.

લતાના મૂળમાં **હરણ** વિનાનો **ચન્દ્ર** લીન થયો છે. (લતા= શરીર; હરણ=કલંક; ચન્દ્ર=મુખ)

ભીમના મોં આગળ શત્રુ કોણમાત્ર છે? (વીરને ભીમ કહ્યો છે. 'ભીમ' શબ્દે 'વીર' શબ્દનું નિગરણ કર્યું છે; 'ભીમ' શબ્દ 'વીર' શબ્દને ગળી ગયો છે, ખાઈ ગયો છે, એજ અધ્યવસાન.)

વંશનો **આનન્દ** અને કુળનો **દીવો** આવ્યો. 'પુત્રને' 'આનન્દ'

અને 'દીવો' કહ્યો છે. 'આનન્દ' એટલે આનન્દ ઉત્પન્ન કરનાર અને 'દીવો' એટલે 'દીવાના જેવા ગુણવાળો, પ્રકાશક, કીર્તિ ઝળકાવનાર'. 'આનન્દ' એ શુદ્ધ સાધ્યવસાના લક્ષણા છે અને 'દીવો' એ ગૌણી સાધ્યવસાના લક્ષણાનું ઉદાહરણ છે.

સારોપા લક્ષણા એ રૂપક અલંકારનું બીજ છે અને સાધ્યવસાના લક્ષણા એ અતિશયોક્તિનું બીજ છે.

તે રાજા રૂપમાં **કન્દર્પ**, શૌર્યમાં **અર્જુન**, અને સત્યમાં **યુધિષ્ઠિર** છે. (સારોપા ગૌણી લક્ષણા; રૂપક અલંકાર)

યુધિષ્ઠિર આગળ અસત્યનું કંઈ ફાવવાનું નથી. (રાજા સત્યશીલ હોવાથી તેને યુધિષ્ઠિર કહ્યો છે; ગૌણી સાધ્યવસાના લક્ષણા; અતિશયોક્તિ અલંકાર)

લક્ષિતલક્ષણા—કેટલાક 'લક્ષિતલક્ષણા' નામનો એક પ્રકાર આપે છે. 'દ્વિરેફ' શબ્દ એનું ઉદાહરણ છે. 'દ્વિરેફ' એટલે જેમાં બે રેફ છે તે; અર્થાત્, ભ્રમર શબ્દ (જેમાં બે રેફ છે). 'દ્વિરેફ' શબ્દ બહુવ્રીહિ સમાસથી પ્રથમ 'ભ્રમર શબ્દ' એમ લક્ષણાથી બોધ કરે છે; પછી ભ્રમર શબ્દ લક્ષણાથી ભ્રમર એ પદાર્થનો બોધ કરે છે. એમ લક્ષિત પદની લક્ષણા તે **લક્ષિતલક્ષણા** એવો તેમનો મત છે.

વ્યંજના—'ગંગામાં ઝુંપડું' આ લક્ષણામાં ઠંડક, પવિત્રતા, વગેરે પ્રયોજનનો અર્થ સમજાય છે તે વ્યંજનાવૃત્તિને લીધે. એવો દૂરથી સૂચવાતો અર્થ **વ્યંગ્ય** અર્થ કહેવાય છે અને જે વૃત્તિથી એ અર્થ શબ્દમાંથી નીકળે છે તે **વ્યંજનાવૃત્તિ** કહેવાય છે. વ્યંજનાને કાવ્યશાસ્ત્રમાં **ધ્વનિ** પણ કહે છે. આ લક્ષણામૂલ ધ્વનિ છે. લક્ષણાવૃત્તિ સ્વીકારવી પડી ને તેમ કરવામાં પ્રયોજન જે આવશ્યક અંગ છે તેનો અર્થ વ્યંજનાવૃત્તિથી નીકળે છે. લક્ષણાને અવલંબીને એ ધ્વનિ થાય છે, માટે એ **લક્ષણામૂલ ધ્વનિ** કહેવાય છે. કાવ્યોમાં શૃંગારાદિ રસ વ્યંગ્ય થાય છે; એ રસનો ધ્વનિ **અભિધામૂલ ધ્વનિ** છે; કેમકે એમાં વ્યંજનાવૃત્તિ અભિધાને આધારે છે, લક્ષણાને નહિ.

કાવ્યમાં કવિ એક વસ્તુ વર્ણવી અન્ય વસ્તુ સૂચવે, કે અલંકાર સૂચવે કે અલંકારથી વસ્તુ કે અન્ય અલંકાર સૂચવે, એમ વસ્તુથી વસ્તુનો કે અલંકારનો, અલંકારથી વસ્તુનો કે અલંકારનો, એમ અનેક પ્રકારનો ધ્વનિ થાય છે.

નિરૂઢલક્ષણા–લક્ષણામાં હમેશ પ્રયોજન હોવું જ જોઈએ એમ નથી. કેટલેક સ્થળે પ્રયોજનને બદલે રૂઢિ એ લક્ષણાનું આવશ્યક અંગ થાય છે.

કર્મને વિષે તે **કુશળ** છે.

ઉપલા દાખલામાં 'કુશળ' શબ્દનો વાચ્યાર્થ કુશ એટલે દર્ભને લેનાર (કુશાન્ લાતીતિ કુશલઃ) છે. પરંતુ એ અર્થ અહિં બંધબેસતો નથી. તેથી દર્ભ લાવનારને જેમ હોશિયારી વાપરવી પડે છે કેમકે તેમ ન કરે તો હાથ કપાઈ જાય, તેમ કામ કરવામાં જે વિવેક વાપરે છે એવો પ્રવીણ પુરુષ 'કુશળ' કહેવાય છે. વિવેચકના સંબંધથી મુખ્ય અર્થની સાથે લક્ષ્ય અર્થ જોડાયલો છે. 'કુશળ' શબ્દનો અર્થ અનાદિ વૃદ્ધવ્યવહારથી 'પ્રવીણ' થાય છે; તેથી અભિધાવૃત્તિની પેઠે આ લક્ષણાવૃત્તિમાં પ્રયોજનની અપેક્ષા નથી. રૂઢિજ એ લક્ષણાનું આવશ્યક અંગ હોવાથી એ **રૂઢલક્ષણા** કે **નિરૂઢલક્ષણા** કહેવાય છે.

'પ્રવીણ' અને 'ઉદાર' એ પણ નિરૂઢલક્ષણાના દાખલા છે. 'પ્રવીણ'–વાચ્યાર્થ 'વીણા વગાડવામાં કુશળ;' લક્ષ્યાર્થ–'કોઈપણ કામમાં કુશળ.' 'ઉદાર'–વાચ્યાર્થ 'આરચાબખો ઊંચો કર્યા વગર, સંકેતથીજ અશ્વ કે બળદ હાંકનાર; લક્ષ્યાર્થ–'પ્રાર્થના વગર કંઈક ચિહ્નથીજ સમજી મોટું મન દર્શાવનાર.'

પ્રકરણ ૯મું

શબ્દાર્થચમત્કાર

ભાષાસામ્ય–ટ્રેન્ચ નામના ધર્મોપદેશકે 'શબ્દોનો અભ્યાસ' એ નામનું સુંદર પુસ્તક અંગ્રેજીમાં લખ્યું છે, તેમાં શબ્દો પણ મહાન્ ઉપદેશકોનું કામ કરે છે, નીતિનો બોધ આપે છે, જગત્નું સ્વરૂપ આલેખે છે, અને પ્રાચીન પરિસ્થિતિ અને ઇતિહાસ પર પ્રકાશ પાડે છે, એ તેણે બહુ રસિક રીતે પ્રતિપાદન કર્યું છે. ગુજરાતી ભાષામાં પણ એવા ઘણા દાખલા મળી આવે છે.

શબ્દાર્થસંકોચ–કેટલાક શબ્દનો મૂળ અર્થ સંકડાઈ ગયો હોય છે. 'ધર્મ' શબ્દનો મૂળ અર્થ કર્તવ્ય, ફરજ છે. પતિનો પત્ની પ્રત્યે ધર્મ, પત્નીનો પતિ પ્રત્યે ધર્મ, આપણો શરીર પ્રતિ ધર્મ, આત્મા પ્રતિ ધર્મ, ઈશ્વર પ્રતિ ધર્મ, શહેરી તરીકે ધર્મ, પડોશી તરીકે ધર્મ, સમાજ પ્રત્યે ધર્મ–આ બધે સ્થળે 'ધર્મ'નો અર્થ ફરજ, આપણે જે કરવાને બંધાયલા છીએ તે છે. ગુજરાતીમાં તત્સમ શબ્દ તરીકે ધર્મ શબ્દ એ બધા અર્થમાં વપરાય છે. પરંતુ ઈશ્વર પ્રત્યેનો ધર્મ એ સર્વ ધર્મોમાં મુખ્ય હોવાથી ગુજરાતી ભાષામાં 'ધર્મ' શબ્દ સંકુચિત થઈ ઈશ્વર પ્રત્યેની ફરજનો અર્થ મનમાં પ્રથમ ઉત્પન્ન કરે છે. બીજા દાખલા નીચે આપ્યા છે. એમાંના કેટલાક શબ્દનો સંસ્કૃતમાં જે અર્થ હતો તેનાથી અપભ્રષ્ટરૂપે ગુજરાતીમાં અર્થ સંકડાયો છે.

શબ્દ	સંસ્કૃત શબ્દનો અર્થ	ગુજરાતીમાં સંકુચિત અર્થ
૧. વ્યાપાર–વેપાર	કામ(માનસિક વ્યાપાર, ઇન્દ્રિયોના વ્યાપાર)	પૈસાની લેવડદેવડનું કામ
૨. તાપ–તાવ	ગરમી	શરીરની ગરમી
૩. ચેટક–ચેલો	નોકર	ગુરુનો નોકર; શિષ્ય
૪. ગર્ભિણી–ગાભણી	સ્ત્રીને લાગુ પડે છે.	પશુમાં માદાને લાગુ પડે છે.
૫. ગ્રહણ–ઘરણ	પકડવું તે, સમજવું તે (તમારૂં કહેવું હું ગ્રહણ કરી શકતો નથી.)	સૂર્યચન્દ્રનું રાહુએ પકડવું તે
૬. વેદના–વેણાંચૂંટાં	લાગણી-દુઃખની લાગણી (સંકોચ)	પ્રસવસમયે અતિશય શારીરિક દુઃખ ને તે દર્શાવનાર ચિહ્ન
૭. મન્દ–માંદું	ધીમું	રોગથી પિડાયલું ને તેથી કામમાં ધીમું

શબ્દ	સંસ્કૃત શબ્દનો અર્થ	ગુજરાતીમાં સંકુચિત અર્થ
૮. સંસ્કાર–સકાર	શુદ્ધિ; કેળવણી (બધી ઇન્દ્રિયોનો સંસ્કાર સરખો નથી.)	ભલિવાર (એના કામમાં કંઈ સકાર નથી.)
૯. પિંડ–પંડ	ગોળ પદાર્થ	દેહ
૧૦. શાલા–શાળા	ઘેરાયલી જગા (ગજશાલા, અશ્વશાલા; પાઠશાલા)	પાઠશાલા, નિશાળ
૧૧. વૃદ્ધ–૧. બુઢ્ઢો ૨. વડીલ	જ્ઞાનમાં કે વયમાં વધેલો (જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ)	૧. ઘરડું, વયે મોટું ૨. માન આપવા લાયક
૧૨. ભણ	બોલવું	પાઠ બોલવો–શીખવો
૧૩. ગંભીર	ઊંડું (સાગર, કુવો, ખીણ, મન, વગેરેને લાગુ પડે છે.)	ઊંડું (મનનેજ લાગુ પડે છે.)
૧૪. સંભાર	તૈયારી	અથાણાની તૈયારી–મસાલો
૧૫. આજ્ઞા–આણા	હુકમ	સાસરેથી વહુને આવેલું તેડું
૧૬. સ્થાન–થાણું	ગમે તે ઠેકાણું	પોલીસનું, જકાત ઉઘરાવવાનું, વગેરે ઠેકાણું
૧૭. ધન્યા–ધણ	ભાગ્યશાળી સ્ત્રી	સીમન્તને પ્રસંગે સગર્ભા સ્ત્રી
૧૮. ઉથલો	સામો જવાબ (રાધાજીના ઉથલા); હુમલો (જૂ. ગુ. 'મલિકિ ઉથલા દીધા' કાન્હ. પ્ર. ૨. ૫૧)	રોગનો પાછો હુમલો

શબ્દ	સંસ્કૃત શબ્દનો અર્થ	ગુજરાતીમાં સંકુચિત અર્થ
૧૯. પ્રત્યક્ષ	ઇન્દ્રિયજન્ય જ્ઞાન(બધી ઇન્દ્રિયોથી ઉત્પન્ન થયલું જ્ઞાન, જેમકે નાસિકાએ કરેલું પ્રત્યક્ષ)	આંખથી થયલું જ્ઞાન (આ બનાવ મારી પ્રત્યક્ષ બન્યો.)
૨૦. પ્રકરણ-પગરણ	બાબત	માંગલિક પ્રસંગ

શબ્દાર્થવિસ્તાર—આ નિયમ ઉપલા નિયમથી ઉલટો છે. શબ્દના મૂળ અર્થમાં વધારો થઈ તે વધારે વિસ્તીર્ણ અર્થમાં વપરાય છે. આવા દાખલા આગલા નિયમ જેટલા મળતા નથી.

૧. પીતાંબર	પીળું વસ્ત્ર	ગમે તે રંગનું રેશમી વસ્ત્ર (એક રીતે સંકોચ પણ છે.)
૨. રાજા–રાવ	દેશનો માલીક	'રાવ' શબ્દ ગમે તે મોટા માણસ માટે વપરાય છે. (રાવ સાહેબ ક્યારે પધાર્યા?)
૩. સૂણવું–સણી લેવું	સાંભળવું	સણી લેવું–સાંભળ્યું ન-સાંભળ્યું બધું સમજી લેવું

અર્થભ્રષ્ટતા–કેટલાક શબ્દ અર્થમાં ભ્રષ્ટ થયા છે. મૂળ તેનો અર્થ સારો હતો તે હવે નઠારો થાય છે. એવા શબ્દમાંથી અનેક પ્રકારનો બોધ મળે છે.

શબ્દ	મૂળ અર્થ	હાલનો અર્થ
૧. વ્યસન	કોઈ પણ કામમાં આસક્તિ–મંડ્યા રહેવું તે (વિદ્યાવ્યસની)	નઠારી ટેવ; દારૂનું વ્યસન–ભાંગનું–બીડીનું–તંબાકુનું–અફીણનું વ્યસન

બોધ–સારા કામમાં મંડ્યા રહેવું ઘણું મુશ્કેલ છે. વિરલ પુરુષો, જેમને ઉત્તમ ગૃહસંસ્કાર થયા હોય છે તેજ સારા કામમાં આસક્ત રહે છે. નઠારા કામમાં મચ્યા રહેવાનું વલણ થાય છે તેને સાધારણ પુરુષો વશ થાય છે; કેમકે તેમાં બહુ મહેનત નથી ને તાત્કાલિક લાભ દીસે છે. શબ્દ પણ આ પ્રમાણે મોટા ઉપદેશકનું કામ કરે છે અને એક શબ્દનું પણ બરાબર જ્ઞાન થવાથી આપણી કામના સિદ્ધ થાય છે–જ્ઞાનની વૃદ્ધિ થાય છે, મન કેળવાય છે, ને તેથી મનોરથ સિદ્ધ થાય છે, એવું સંસ્કૃત વિદ્વાનોનું કહેવું વાજબી છે.

૨. પ્રપંચ	વિસ્તાર, સંસાર	છળભેદ

બોધ—સંસારમાં સરળ વર્તન કરતાં કુટિલ માર્ગ અને કાવાદાવો તથા છળભેદ વધારે છે એવો એ શબ્દ પરથી બોધ મળે છે. એ શબ્દનો અર્થ સંકુચિત થયો છે તેમજ ભ્રષ્ટતા પામ્યો છે.

૩. વર્ચસ	તેજ (બ્રહ્મવર્ચસ=બ્રહ્મતેજ)	નઠારૂં કામ કરવામાં–વેર વાળવામાં જોર બતાવવું (તમે મારા પર વર્ચસ કરો છો એ ઠીક નથી.)

બોધ—સત્પુરુષોજ પોતાના તેજનો–બળનો સારો ઉપયોગ કરે છે; દુષ્ટ પુરુષો તેનો દુરુપયોગજ કરે છે.

૪. ઉપાધિ	ધર્મ (જાતિ, ગુણ, ક્રિયા, સંજ્ઞા એ શબ્દના ઉપાધિ છે.)	નડતર, અડચણ (અનેક સાંસારિક ઉપાધિને લીધે મારાથી તમને મળી શકાયું નહિ.)

બોધ—સામાન્ય ગુણો કરતાં જે ગુણો નડે છે તે તરફ મનુષ્યનું લક્ષ વિશેષ જાય છે.

૫. સંકેત	કબુલાત	કોઈ દુરાચાર માટે મળવાની કરેલી ગોઠવણ

બોધ—સદ્‌ગુણ કરતાં દુર્ગુણ તરફ મનુષ્ય વધારે વળે છે; કારણ કે ઘણાઓને જન્મ, ઘરકેળવણી, સંસર્ગ, કે શિક્ષણથી સારા સંસ્કાર પડતા નથી.

૬. અધિકાર	કોઈ પણ કામ કરવાની યોગ્યતા	સત્તા, સત્તાબળ

બોધ—કોઈ પણ કામ કરવાની યોગ્યતા મેળવવી મુશ્કેલ છે; પરંતુ હોદ્દો મળ્યો એટલે હુંપદ અને અમલનો કેફ એકદમ આવે છે.

૭. છઇલ્લ–છેલ	દક્ષ, હોશિયાર (અપભ્રંશમાં)	વરણાગી કરવામાં હોશિયાર
૮. રાશિ–લાસ	ઢગલો	મડદું
૯. વાતુલ–વાઉલ –વાયલ	વાતુડીઓ, બોલકણો	જુ. ગુ. રણુવાઉલા–રણુઘેલા ('જે જે હતા રણુવાઉલા' કાન્હ.૨.૯) વાયલ–મગજ ઠેકાણે નહિ એવો
૧૦. દોહદ–દોહેલાં	ગર્ભિણીની ઇચ્છા	દુઃખ

૮; ૯; ને ૧૦માં સંસ્કૃત શબ્દ અને તેના અપભ્રષ્ટ રૂપના અર્થનો ફેરફાર થતાં અર્થભ્રષ્ટતા આવી છે તે સમજાશે.

૧૧. માટી	મર્દ; બહાદુર; જૂ. ગુ. તિરસ્કારવાચક-માટીડો માટી થાજો(મર્દ થાજો) (અક્કરમી માટી બૈયર ('માટી સવે મૂછિ વલ પર શૂરો) ધાલઇ' કાન્હ૦ ૧.૧૯૭)
૧૨. ઢોલો	ઢોલ્લ (નાયક, અપ. ઢોલ્લા સામલા) તિરસ્કાર પામતો પુરુષ (ઢોલા મારુ)
૧૩. બાષ્કળ	બાષ્કલ (મોટો પુરુષ) મોટાઇનો ખોટો ઉપયોગ કરનાર, તર્કટી

પ્રાચીન પરિસ્થિતિનો બોધ—પ્રાચીન પરિસ્થિતિનું ભાન કરાવે એવા શબ્દ પણ ભાષામાં હોય છે. 'બહુવ્રીહિ' શબ્દ એવો છે. એનો મૂળ અર્થ જેની પાસે બહુ ડાંગર હોય તે. દ્રવ્યનું માપ ઢોર, અનાજ વગેરેથી થતું એવી પરિસ્થિતિનો એ શબ્દ ખ્યાલ આપે છે. 'તીર્થધ્વાંક્ષ,' 'તીર્થકાક,' આવા સંસ્કૃત સમાસ એમ સૂચવે છે કે પ્રાચીન સમયે પણ બાપડા બ્રાહ્મણો જેઓ તીર્થમાં અનેક રીતે ઉપયોગી થઈ પડે છે તથા બરદાસ કરે છે તેઓ યાત્રાળુઓને ત્રાસદાયક લાગતા. 'પાત્રેસમિત' (ભોજનવેળાએ તૈયાર, કામને વખતે નહિ), 'ગેહેશૂર', 'ગેહેનર્દી' (ઘરમાં શૂરો, ઘરમાં ગાજનાર), એવા સમાસ પરથી સમજાય છે કે પ્રાચીન સમયમાં મનુષ્યસ્વભાવ હાલના જેવોજ હતો.

પૌરાણિક ને ઐતિહાસિક સ્થિતિ—નીચેના દાખલા પૌરાણિક ને ઐતિહાસિક સ્થિતિનું ભાન કરાવે છે:—

આ **મહાભારત** કામ છે.

આ **ભૈમી** યુદ્ધ છે.

ત્યાં તો **જાદવાસ્થળી** થઈ રહી છે.
તેણે **ભગીરથ** પ્રયત્ને પોતાની મતલબ સાધી.
તમારૂં **પુરાણ** રહેવા દો.
આ તો **રામનું રામાયણ** થયું.
તમારી **નારદી** વિદ્યાનાં આ પરિણામ છે.
એ તો બીજો **દુર્વાસા** મુનિ છે, એને બોલાવશો મા.
એના ને **અગસ્ત્ય** મુનિના વાયદા બરાબર છે.
તું આમ તો **ત્રિશંકુ**ની પેઠે વચ્ચે લટકીશ.
આવી **જહાંગિરી** સહન થવાની નથી.
તારૂં **તુરકડાપણું** જવા દે.

પ્રકરણ ૧૦મું

પદાવભાગ: પ્રધાન પદ ને ગૌણ પદ: વાક્યાર્થ

પદ—જે શબ્દને વિભક્તિ લાગી હોય છે તે **પદ** કહેવાય છે. 'વિભક્તિ'થી નામને જે પ્રત્યયો લાગે છે તેજ સમજવાના નથી; પરંતુ અર્થ અને કાળના જે પ્રત્યય ધાતુને લાગે છે તે પણ વિભક્તિ છે. આ પ્રમાણે 'રાજા પ્રજાનું રક્ષણ કરે છે,' એ વાક્યમાં વપરાયલા બધા શબ્દ પદ છે. અવ્યયને પણ વિભક્તિ આવીને લોપાઈ ગઈ છે એમ સમજવાનું છે તેથી અવ્યય પણ પદ છે.

વિભાગ—યાસ્ક મુનિના મત પ્રમાણે પદ ચાર પ્રકારનાં છે:—નામ, આખ્યાત, ઉપસર્ગ, અને નિપાત. 'આખ્યાત' એટલે ક્રિયાપદ અને 'નિપાત' એટલે અવ્યય. ઉપસર્ગ પણ અવ્યય છે; પરંતુ તે ધાતુની સાથે ઉપસૃષ્ટ—જોડાયલા હોય છે, તેથી તેને બીજાં અવ્યયથી જુદાં ગણ્યાં છે.

પદમાત્ર એ ચારમાંથી એક પ્રકારમાં આવે છે. સર્વનામ એ નામનું પ્રતિનિધિરૂપ છે. બરૂં જોતાં એ પ્રતિનામજ છે અને વિશેષણ

નામ અને આખ્યાતની સાથે જોડાયલું પદ છે. આગળ કહ્યું છે તે પ્રમાણે એ નામની કે ક્રિયાપદની અંદર વિશેષ મૂકનારૂં–અધિક અર્થ દર્શાવનારૂં પદ છે.

વાક્ય—વાક્ય બનાવવા સારૂ પદોમાં આકાંક્ષા–પરસ્પર સંબંધ, યોગ્યતા, અને સંનિધિ આવશ્યક છે. નામ અને ક્રિયાપદ વચ્ચે આકાંક્ષા રહેલી છે. ગાય, અશ્વ, પુરુષ, હસ્તી–આવાં અનેક નામથી વાક્ય બનતું નથી; કારણ કે એ બધાં નામ વચ્ચે આકાંક્ષા નથી. અન્ય રીતે એમ પણ કહી શકાય કે એ બધાં નામ સાકાંક્ષ છે–ક્રિયાપદ વિના એની આકાંક્ષા જતી રહેતી નથી. 'ગાય ચરે છે,' 'અશ્વ દોડે છે,' 'પુરુષ વાંચે છે,' 'હસ્તી સૂંઠ હલાવે છે,' આમ ક્રિયાપદ વાપરવાથીજ એ નામો અગાઉ સાકાંક્ષ હતાં તે નિરાકાંક્ષ થાય છે. જેમ ક્રિયાપદ વિના નામ સાકાંક્ષ છે તેમ નામ વિના ક્રિયાપદ પણ કેટલેક અંશે સાકાંક્ષ છે. 'કેટલેક અંશે' એમ કહેવાનું તાત્પર્ય એ છે કે ક્રિયાપદમાં કર્તા, કર્મ, કે ભાવનો અર્થ સમાયલો છે, તેમ નામમાં કંઈ ક્રિયાપદનો અર્થ સમાયલો નથી. સંસ્કૃતમાં गच्छति એ આખ્યાતમાં કર્તાનો અર્થ સમાયલો છે, તેથી એ એકલું પદ પણ નિરાકાંક્ષ છે અને એથી વાક્ય બને છે. ગુજરાતીમાં પણ 'જાઉં છું,' 'જા,' વગેરે પદોમાંથી અમુક કર્તાનો અર્થ સ્પષ્ટ નીકળે છે. 'જાય છે' એટલે 'તું જાય છે' કે 'તે જાય છે' તે સ્પષ્ટ નથી. 'જાય છે'માંથી કર્તાનો અર્થ નીકળે છે; પણ તે કર્તા બીજા પુરુષનો છે કે ત્રીજા પુરુષનો છે તે વિષે સંશય રહે છે. પરંતુ 'જાઉં છું' પદમાંથી કર્તા કયા પુરુષનો છે તે પણ સમજાય છે. આ પ્રમાણે પદોમાં આકાંક્ષા હોય ત્યારેજ વાક્ય બને છે. વળી પદોમાં પરસ્પર સંબંધને માટે યોગ્યતાની પણ જરૂર છે. 'પાણીથી સીંચે છે,' એમાં 'પાણીથી' પદની યોગ્યતા 'સીંચે છે' પદ સાથે થઈ શકતી નથી. 'સંનિધિ' એ પણ વાક્ય બનાવવાનું ત્રીજું કારણ છે. પદો વચ્ચે આકાંક્ષા ને યોગ્યતા હોય, તોપણ તે બધાં પદના ઉચ્ચારકાળમાં સંનિધિ

એટલે સમીપતા ન હોય–અર્થાત્ તે બધાં પદ થોડી થોડી વાર રહીને ઉચ્ચાર્યાં હોય તો તેથી વાક્ય બનતું નથી; માટે વાક્ય બનાવવા માટે આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિની જરૂર છે.

પ્રધાન પદ અને ગૌણ પદ–ઉપર ગણાવેલાં ચાર પદમાં નામ અને આખ્યાત એ મુખ્ય છે અને નિપાત અને ઉપસર્ગ એ ગૌણ છે. નામ અને આખ્યાત એ બેમાં આખ્યાત એ પ્રધાન પદ છે; કેમકે એ પદ વગર વાક્ય બનતું જ નથી. નામ પદ એ ગૌણ પદ છે. જે આખ્યાત પદને ગુણભાવે રહી નમે છે, અથવા જે પદ પોતાના અર્થને આખ્યાત પદના અર્થમાં ગુણભાવે નમાવે છે તે નામ, એવી નામ શબ્દની વ્યુત્પત્તિ પણ નામ પદનો આખ્યાત પદને વિષે ગૌણ ભાવ દર્શાવે છે.

નામ અને ધાતુ–યાસ્ક અને શાકટાયનના મત પ્રમાણે નામમાત્ર ધાતુથી નિષ્પન્ન થાય છે. કેટલાંક નામમાં ક્રિયા પ્રત્યક્ષ હોય છે અને કેટલાંકમાં તે કલ્પવાની હોય છે એવું તેમનું મત છે. 'કારક,' 'હારક,' વગેરે શબ્દમાં ક્રિયા પ્રત્યક્ષ છે. 'ગાય,' 'અશ્વ,' વગેરે શબ્દમાં ક્રિયા કલ્પવાની છે. માત્ર યદૃચ્છા શબ્દમાંજ–ડિત્થ, ડપિત્થ, જેવા, આપણી ઇચ્છાએ ઘડેલામાંજ–ક્રિયા નથી, એમ એ વિદ્વાનોનું માનવું છે.

ધાતુ એ ભાષામાત્રમાં મૂળ છે અને તે પરથીજ શબ્દો ઘડાયા છે, એમ પાશ્ચાત્ય ભાષાવિજ્ઞાનીઓનો પણ સિદ્ધાન્ત છે.

નામ અને આખ્યાત–નામમાત્રમાં આમ ક્રિયાનો અર્થ રહેલો છે, પણ તે ગૌણ છે. સત્ત્વ–લિંગ અને વચનનું હોવાપણું જ–પ્રધાન છે. આ કારણથી જેમાં સત્ત્વ પ્રધાન છે તે નામ એમ યાસ્ક મુનિ નામનું લક્ષણ આપે છે. જેમ નામમાં સત્ત્વ પ્રધાન છે, તેમ આખ્યાતમાં ભાવ પ્રધાન છે. પાક, ત્યાગ, રાગ, વગેરે રાંધવાની, તજવાની, ચહાવાની ક્રિયાથી જે સ્થિતિ ઉત્પન્ન થાય છે તે ભાવ કહેવાય છે. ક્રિયાપદ ક્રિયા બતાવે છે, પરંતુ તે ક્રિયા ભાવના સંબંધમાં ગૌણ છે. રાંધવાની ક્રિયાનું પ્રયોજન ચોખાને વિષે પાક નામનો ભાવ ઉત્પન્ન કરવાનું છે. રાંધવાની ક્રિયા બરાબર થાય છે ત્યારે પાક થયો, એમ કહીએ છીએ. આ પ્રમાણે ક્રિયા ભાવ ઉત્પન્ન કરવા માટે છે તેથી તે ભાવને ગૌણ છે, એમ

સમજવાનું છે. આજ કારણથી ભાવ જેમાં પ્રધાન છે તે આખ્યાત, એમ યાસ્ક મુનિ આખ્યાતનું લક્ષણ આપે છે.

વાક્યાર્થ–વૈયાકરણના મત પ્રમાણે વાક્યનો અર્થ કેવો થાય છે તે જોઈએ. 'દેવદત્ત તંદુલ રાંધે છે,' એનો અર્થ વૈયાકરણોના મત પ્રમાણે દેવદત્ત જેનો કર્તા છે એવી તંદુલ કર્મમાં આવેલી પોચાશને અનુકૂળ વર્તમાન કાળની ક્રિયા; ટૂંકામાં કહીએ તો દેવદત્તે વર્તમાન કાળમાં કરેલી તંદુલની પોચાશ. આ પ્રમાણે વ્યાપાર કે ક્રિયાજ વાક્યનો અર્થ છે. દેવદત્તકર્તૃક તંદુલપાક આવો સંક્ષેપમાં અર્થ થાય છે. વાક્યમાં ક્રિયા પ્રધાન છે એવો તેમનો મત હોવાથી તેઓ **ક્રિયાપ્રધાનવાદી** કહેવાય છે.

ન્યાયનયે વાક્યાર્થ–નૈયાયિકો વાક્યનો અર્થ જુદોજ કરે છે. તેમના મત પ્રમાણે 'દેવદત્ત તંદુલ રાંધે છે,' એનો અર્થ 'તંદુલની પોચાશને અનુકૂળ કૃતિવાળો દેવદત્ત થાય છે' એવો છે. ટૂંકામાં, 'તંદુલના પાકમાં અનુકૂળ કૃતિવાળો દેવદત્ત,' એવો અર્થ નૈયાયિકને મતે વાક્યમાંથી નીકળે છે. વૈયાકરણો ક્રિયાને પ્રધાન માને છે, ત્યારે નૈયાયિકો કર્તાને કે પ્રથમાન્ત શબ્દને પ્રધાન માની ક્રિયાને તેનું વિશેષણ ગણે છે. આ કારણથી તેઓ **પ્રથમાન્તાર્થપ્રધાનવાદી** કહેવાય છે.

વૈયાકરણનું મત યુક્ત–આપણે 'રાંધે છે' એમ કહીએ ત્યારે સ્વાભાવિક આકાંક્ષા રાંધનાર–પાક કરનાર કોણ છે એવી રહે છે અને તે આકાંક્ષા 'દેવદત્ત' જેવા શબ્દથી પરિપૂર્ણ થાય છે (દેવદત્ત રાંધે છે). 'રાંધે છે'નો અર્થ 'પાકને અનુકૂળ કૃતિ' એમ લઈએ તો 'કોને વિષે,' 'કોની' એવી આકાંક્ષા રહે; પરંતુ તેવી આકાંક્ષા રહેતી નથી; માટે ક્રિયાપદમાંથી કર્તાનો (કર્મણિ ને ભાવે પ્રયોગમાં કર્મનો ને ભાવનો) અર્થ નીકળે છે ને કૃતિનો અર્થ તેને ગૌણ છે એમ વૈયાકરણોનું માનવું યુક્ત છે.

પ્રકરણ ૧૧મું

નામઃ પ્રકાર

ઉપસંહારઃ પદના વિભાગ—આગલા પ્રકરણમાં કહ્યું છે કે પદમાત્ર ચાર પ્રકારનાં છે એમ યાસ્ક મુનિનું મત છેઃ–નામ, આખ્યાત, નિપાત, અને ઉપસર્ગ. આમાં નિપાત અને ઉપસર્ગની ગણના અવ્યયમાંજ કરીએ તો પદના ત્રણ પ્રકાર થાય છેઃ–નામ,

આખ્યાત, અને અવ્યય. નામ અને આખ્યાત એ વ્યયી પદ છે; કેમકે એમાં લિંગ, વચન, અને વિભક્તિના નિમિત્તનો વ્યય (ફેરફાર) થાય છે. અવ્યયમાં એવો ફેરફાર થતો નથી. આ પ્રમાણે પદમાત્રના નીચે પ્રમાણે વિભાગ છે:–*



નામ—સંસ્કૃત વ્યાકરણમાં ધાતુ સિવાય અર્થવત્ શબ્દ-સ્વરૂપને પ્રાતિપદિક કહે છે. બાહ્ય ઇન્દ્રિયો કે મન વડે સમજી શકાય એવા પદાર્થને ઓળખવા માટે જે શબ્દ વપરાય છે તે **નામ** કહેવાય છે. નામ શબ્દ 'નમ્' નમવું એ ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે. જેનો અર્થ ક્રિયાપદના અર્થને નમે છે તે નામ એ અગાઉ સમજાવ્યું છે.

---

* મૉરિસ (Morris) એવાજ વિભાગ પાડે છે.

The Parts of Speech are:—			પદચ્છેદ નીચે પ્રમાણે છે:—	
1. Inflectional	1.	Noun (Substantive, Adjective)	૧. વ્યયી	૧. સત્ત્વવાચક (નામ, વિશેષણ)
	2.	Verb		૨. ક્રિયાપદ
	3.	Pronoun		૩. સર્વનામ
2. Indeclinable words or particles	4.	Adverb	૨. અવ્યય	૪. ક્રિયાવિશેષણ
	5.	Preposition		૫. નામયોગી
	6.	Conjunction		૬. ઉભયાન્વયી
	7.	Interjection		૭. કેવળપ્રયોગી

પ્રકાર—નામના ત્રણ પ્રકાર છેઃ—૧. સંજ્ઞાવાચક; ૨. જાતિવાચક; ૩. ભાવવાચક.

સંજ્ઞાવાચક—અમુક પદાર્થને બીજાથી ઓળખવા માટે આપણે તેનું જે નામ પાડીએ તે **સંજ્ઞા** કહેવાય છે અને સંજ્ઞા બતાવનાર શબ્દ **સંજ્ઞાવાચક** નામ કહેવાય છે.

દાખલાઃ—કૃષ્ણ, ગંગા, હિમાલય, પંજાબ, ઇબ્રાહીમ, કેળશરૂ, વગેરે

આવાં નામમાં યદૃચ્છા—આપણી ઇચ્છાજ ઉપાધિ છે. બહુધા આવાં નામ મનુષ્ય પોતાની ઇચ્છાને અનુસારેજ પાડે છે, પદાર્થમાં રહેલા કોઈ ધર્મને અનુસરીને પાડતા નથી. કેટલેક સ્થળે ઇચ્છાની સાથે પદાર્થમાં રહેલો કોઇક ધર્મ પણ સંજ્ઞાનું કારણ હોય છે. હિમાલય, પંજાબ, પંચવટી, એ એવા દાખલા છે.

મીમાંસકમત—મીમાંસકો માત્ર જાતિમાંજ સંકેત માને છે. તેઓ સંજ્ઞાવાચક નામમાં પણ જાતિ ઘટાવે છે. પદાર્થમાત્રમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિક્ષયાદિ વિકાર થાય છે. કાલે જોયલો દેવદત્ત ને આજે જોવામાં આવતો દેવદત્ત વસ્તુતઃ ભિન્ન છે. એમ એમાં વિકાર થાય છે છતાં પણ જે સામાન્ય ધર્મને લીધે આપણે એને એકજ પદાર્થ માનીએ છીએ ને એકજ તરીકે ઓળખીએ છીએ તે જાતિ છે અને તે જાતિમાંજ એવા નામમાં પણ સંકેત છે એવું તેમનું મત છે.

એક વર્ગને બીજા વર્ગથી ઓળખાવનાર ધર્મ **જાતિ** છે અને જાતિ બતાવનારૂં નામ **જાતિવાચક** કહેવાય છે.

દાખલાઃ—ગાય, ઘોડો, પુસ્તક, ઘડીઆળ, વૃક્ષ, વગેરે.

આ નામ આખા વર્ગને લાગુ પડે છે તેમજ તે વર્ગના કોઈ પણ પદાર્થને લાગુ પડે છે. સંજ્ઞાવાચક નામ અમુક પદાર્થને આપેલું ખાસ નામ છે ને તે તેનેજ લાગુ પડે છે. તેવો પદાર્થ એકજ છે તેથી તેનો વર્ગ હોઈ શકેજ નહિ.

કોઈ પણ વર્ગના છૂટા છૂટા પદાર્થ લઈએ તો તે **વ્યક્તિ** કહેવાય છે અને વર્ગના તમામ પદાર્થમાં રહેલો ધર્મ **જાતિ** કહેવાય છે. સંસ્કૃત નૈયાયિકો જાતિનું લક્ષણ એવું આપે છે કે તે એક છે, નિત્ય (અવિનાશી) છે, અને અનેકમાં રહેલો ધર્મ છે. ગોત્વ (ગાયપણું), અશ્વત્વ, વગેરે જાતિ કહેવાય છે; કેમકે ગાયનો નાશ થાય છે, પણ ગાયપણાનો નાશ થતો નથી. ગાયપણું એ એકજ છે (ગાયો તો અનેક છે), અને એ ધર્મ અનેક ગોવ્યક્તિમાં રહેલો છે. આવા ધર્મોથી પદાર્થના વર્ગ બંધાય છે અને એક વર્ગ બીજા વર્ગથી છૂટો પડે છે.

જાતિવાચક—ગાયપણું, અશ્વત્વ, વગેરે જાતિ છે અને એ ગાય, અશ્વ, વગેરેનો પ્રાણપ્રદ ધર્મ છે. ગાયમાં ગાયપણું છે ને અશ્વમાં અશ્વત્વ છે તેથી ગાય 'ગાય' અને અશ્વ 'અશ્વ' કહેવાય છે. એ ધર્મનું જ્ઞાન થયું એટલે ધર્મીનું—જેમાં એ ધર્મ રહ્યો છે તેનું—જ્ઞાન અવિનાભાવ સંબંધથી થાય છે; કેમકે ધર્મને રહેવાને સ્થાન જોઈએજ ને તે ધર્મી છે. આમ ગાયપણું ને અશ્વત્વનું જ્ઞાન પ્રથમ થાય છે ને પછી ગાય ને અશ્વનું થાય છે, તે ગાય ને અશ્વ જાતિવાચક છે.

ગુજરાતીમાં 'જાતિ–જાત' શબ્દ વર્ગના અર્થમાં વપરાય છે, ઉપર બતાવેલા ધર્મના અર્થમાં વપરાતો નથી.

સંજ્ઞાનું સમર્થન–જે નામોને સંજ્ઞાવાચક અને જાતિવાચક કહ્યાં છે તેને અત્યાર સુધી ગુજરાતી ભાષામાં લખાયલાં વ્યાકરણોમાં અંગ્રેજી વ્યાકરણને અનુસારે વિશેષ નામ અને સામાન્ય નામ કહ્યાં છે. પરંતુ પ્રાચીન પારિભાષિક સંજ્ઞા હોય તેનો અનાદર કરી નવીન યોજવી યુક્ત નથી એમ ધારીને પ્રાચીન સંજ્ઞાઓનો પ્રયોગ કર્યો છે.

સંજ્ઞાવાચક જાતિવાચક તરીકે–કેટલીક વખત સંજ્ઞાવાચક નામ જાતિવાચક નામ તરીકે વપરાય છે; જેમકે,

સત્ય પાળવામાં તે રાજા બીજો **હરિશ્ચન્દ્ર** છે.

અહિં 'હરિશ્ચન્દ્ર'નો અર્થ 'હરિશ્ચન્દ્રના ગુણવાળા પુરુષોમાંનો

એક.' એવા પુરુષોનો વર્ગ સમજવાનો છે અને તેમાં સામાન્ય ધર્મ-જાતિ હોવાથી એમાંની હર કોઈ વ્યક્તિનું નામ જાતિવાચક બને છે.

સમૂહવાચક નામ અને દ્રવ્યવાચક નામ–સમૂહવાચક નામ–સૈન્ય, વણજાર, કાફલો, મેદની–અને દ્રવ્યવાચક નામ–ઘી, ગોળ, ઘઉં, સોનું, રૂપું–એ વસ્તુતઃ જાતિવાચક છે. એ કંઈ એકજ વ્યક્તિને યદૃચ્છાથી આપેલાં નામ નથી તેથી સંજ્ઞાવાચક નામથી ભિન્ન છે; તેમજ ગુણના નામ પણ નથી, તેથી ભાવવાચક નામથી પણ ભિન્ન છે. જેમ એક વર્ગને અન્યથી ઓળખવા આપણે જાતિવાચક નામ વાપરીએ છીએ, તેમ એક સમૂહને તથા દ્રવ્યને અન્ય સમૂહ તથા દ્રવ્યથી ઓળખવા માટે આપણે સમૂહવાચક નામ અને દ્રવ્યવાચક નામ વાપરીએ છીએ, તેથી તે પણ જાતિવાચકજ છે. ફેર એટલોજ છે કે જાતિવાચક નામ આખા વર્ગને તેમજ તેમાંની દરેક વ્યક્તિને પણ લાગુ પડે છે, ત્યારે સમૂહવાચક નામ સમૂહનેજ લાગુ પડે છે, છૂટી વ્યક્તિને માટે તે નામ વપરાતું નથી, કેમકે એમાં સમૂહનોજ વિચાર કર્યો છે, વ્યક્તિનો નહિ. દ્રવ્યવાચક નામમાં પણ જથાનો અર્થ સમાયલો છે, તેમજ અનિશ્ચિતતાનો પણ અર્થ છે. કાચ, પત્થર, ઘઉં, સોનું, વગેરે નામોમાંથી નિશ્ચિત જથાનો અર્થ નીકળતો નથી; નિશ્ચિત અર્થ બતાવવા કાચનો કકડો, મોટો પત્થર, મણ ઘઉં, તોલો સોનું, વગેરે શબ્દો વાપરીએ છીએ.

ભાવવાચક—ભાવ એટલે ગુણ કે ક્રિયા. તે દર્શાવનારાં નામ તે **ભાવવાચક** નામ કહેવાય છે.

દાખલાઃ—સૌન્દર્ય, મોટાઈ, દયા, બુદ્ધિ, રમત, ગમત, વગેરે.

બીજાં નામ પાંચ જ્ઞાનેન્દ્રિયોમાંની ગમે તેનાથી સમજાય એવા પદાર્થનાં છે, પણ ભાવવાચક નામ મનથી સમજાય એવા ગુણનાં છે. આપણે કાળા પદાર્થો જોઈએ છીએ, પણ કાળાશ જોઈ શકતા નથી. તે તો મન વડેજ ગ્રહણ કરી શકીએ છીએ.

દરેક ધર્મ કોઈ દ્રવ્યમાંજ રહે છે; પરંતુ દ્રવ્યમાંથી છૂટો પાડી તે ધર્મનો આપણે વિચાર કરીએ ત્યારે તે ધર્મ માટે જે શબ્દ વાપરીએ છીએ તે ભાવવાચક નામ છે. પીળા પદાર્થોમાંથી પિળાશ, સુંદર પદાર્થોમાંથી સૌન્દર્ય, દયાવાન્ પુરુષોમાંથી દયા, અને રમતવાળાં પ્રાણીઓમાંથી રમત, એ ગુણો છૂટા પાડીએ છીએ ત્યારે તેને માટે ભાવવાચક નામ વાપરીએ છીએ.

જાતિ અને ગુણ—જાતિ અને ગુણ વચ્ચે ભેદ છે. ગોત્વ, અશ્વત્વ, એ જાતિ છે; કેમકે એ ધર્મ ગાય અને અશ્વના તમામ વર્ગમાં રહેલો છે અને નિત્ય છે. હરિ કહે છે તેમ દરેક પદાર્થમાં બે અંશ છે—સત્ય અને અસત્ય. સત્ય અંશ તે જાતિ છે. એ ધર્મ વસ્તુને વસ્તુ બનાવે છે, વસ્તુને પ્રાણ આપનારો ધર્મ છે, અને વસ્તુમાં નિરંતર રહેનાર છે. ગુણ એવો નથી. રતાશ ગુણ પણ અશ્વત્વ જાતિની પેઠે દ્રવ્ય વગર રહી શકતો નથી; પરંતુ અશ્વત્વ તો અશ્વ સાથે નિત્ય જોડાયલો ધર્મ છે; રતાશ એવો નથી એ તો એક દ્રવ્યમાંથી જતો રહી બીજા દ્રવ્યમાં જાય છે.

વાસ્તવિક રીતે અશ્વ ને અશ્વત્વ બંનેની ગણના જાતિશબ્દોમાં થાય છે. પરંતુ વ્યાકરણમાં તો અશ્વત્વ, ગોત્વ, વગેરે જાતિશબ્દોની, પિળાશ, ચતુરાઈ, વગેરે ગુણવાચક નામોની, તેમજ રમત, ગમત, વગેરે ક્રિયાવાચક નામોની ગણના ભાવવાચક નામમાં થાય છે. અશ્વ, ગાય, વગેરેનીજ ગણના જાતિવાચક નામમાં થાય છે.

સામાન્ય રીતે, ગુણવાચક નામ વિશેષણને પ્રત્યય લાગીને બને છે અને ક્રિયાવાચક નામ ધાતુને પ્રત્યય લાગીને થાય છે.

ગુણવાચક નામ—લાવણ્ય, ગુરુતા, ગુરુત્વ, ગૌરવ, મોટમા, મિઠાશ, ચતુરાઈ, ઠંડક, વગેરે

ક્રિયાવાચક નામ—ગતિ, સ્થિતિ, વાચન, ભજન, બોધ, ભાર, વગેરે.

ભાવવાચક નામ ને વિશેષણ—ભાવની સ્વતન્ત્ર સ્થિતિ દર્શાવીએ છીએ ત્યારે તે ભાવવાચક નામ બને છે; પરંતુ એવી સ્થિતિ

ન કલ્પતાં કોઇકે દ્રવ્યમાં તે ધર્મ રહેલો છે એમ દર્શાવીએ છીએ ત્યારે તે વિશેષણ બને છે.

મીઠી કેરી, ખારૂં પાણી, મોટું માણસ, વગેરે—આમાં મિઠાશ, ખારાશ, મોટાપણું, વગેરેને દ્રવ્યમાં રહેલા ધર્મ તરીકે વર્ણવ્યા છે; માટે 'મીઠી,' 'ખારૂં,' 'મોટું,' એ વિશેષણ છે. મિઠાશ, ખારાશ, મોટાઈ, એની સ્વતંત્ર કલ્પના કરીએ તો તે ભાવવાચક નામ છે.

ભાવવાચક નામ જાતિવાચક—સંજ્ઞાવાચક નામની પેઠે ભાવવાચક નામ પણ જાતિવાચક નામ બને છે; જેમકે,

તેની જુવાની ઘણી **નાદાની**માં ગઈ. (નાદાનીના કાર્યમાં)

નાદાનીનાં બધાં કાર્યોનો વર્ગ બને છે અને તે આખા વર્ગને માટે તેમજ તેમાંની દરેક વ્યક્તિ—નાદાનીનું કામ, એને માટે 'નાદાની' શબ્દ વાપર્યો છે; માટે તે જાતિવાચક છે.

——:o:——

પ્રકરણ ૧૨મું
જાતિવિચાર

લિંગઃ પ્રકાર—જાતિને સંસ્કૃત વ્યાકરણમાં લિંગ કહે છે. લિંગના બે પ્રકાર છેઃ—૧ **લૌકિક**—સ્વાભાવિક અને ૨. **શાસ્ત્રીય**—કૃત્રિમ. લિંગ એટલે પુરુષત્વ અને સ્ત્રીત્વનું ચિહ્ન. એ ચિહ્ન સ્વાભાવિક રીતે પ્રાણીમાંજ હોય છે, નિર્જીવ પદાર્થમાં હોતું નથી. આ કારણથી સ્વાભાવિક જાતિ પ્રાણીનેજ લાગુ પડે છે અને તે ત્રણ પ્રકારની છેઃ— ૧ પુરુષને માટે; ૨. સ્ત્રીને માટે; અને ૩. લિંગના ભેદ સિવાય સામાન્ય રીતે પ્રાણી તરીકે વિચારીએ તેને માટે. કૃત્રિમ જાતિ નિર્જીવ પદાર્થનાં નામને પણ લાગુ પડે છે. એ વ્યાકરણસંબંધી જાતિ છે, માટે શાસ્ત્રીય છે.

ભાષ્યકારનું મત-ભાષ્યકાર પતંજલિએ લિંગ શબ્દના અર્થની બહુ સારી ચર્ચા કરી છે. પ્રથમ પૂર્વપક્ષ તરીકે પોતે સ્ત્રી, પુંસ્, અને નપુંસક, એ

શબ્દોના લોકમાં જે અર્થ થાય છે તે સમજાવ્યા છે. જે ચિહ્નો જોઈને આ સ્ત્રી છે, એ પુરુષ છે, તે નપુંસક છે, એમ નિશ્ચય થાય તે સ્ત્રી, તે પુંસ્, અને તે નપુંસક. પછી ભાષ્યકાર એ ચિહ્નો જણાવે છે કે જેને સ્તન અને કેશ હોય તે સ્ત્રી, રોમ (રૂવાં) હોય તે પુરુષ, અને બેનો જે ભેદ તેનો અભાવ હોય તે નપુંસક. હવે એ પૂર્વપક્ષનું ખંડન કરી સિદ્ધાન્ત સ્થાપવા કહે છે કે વ્યાકરણમાં એ નિયમ ચાલશે નહિ; કારણ કે એકજ અર્થના ત્રણ શબ્દો ત્રણ લિંગમાં મળી આવે છે—'પત્ની' સ્ત્રીલિંગમાં, 'દાર' પુંલિંગમાં, અને 'કલત્ર' નપુંસકલિંગમાં છે. વળી નિર્જીવ પદાર્થનાં નામ–'ખદ્વા,' 'વૃક્ષ' જેવાં—સ્ત્રીલિંગ ને પુંલિંગમાં છે, તેમજ એકજ અર્થના 'તટ' પું., 'તટી' સ્ત્રી., અને 'તટ' નપું., એ ત્રણ શબ્દો છે; માટે લૌકિક જાતિ વૈયાકરણ સ્વીકારી શકશે નહિ. તેણે પોતાનો કોઈ સિદ્ધાન્ત અવશ્ય સ્થાપવો જોઈએ. પછી ભાષ્યકાર તે સિદ્ધાન્ત દર્શાવે છે—જગત્માં કોઈ પણ પદાર્થ ક્ષણ વાર પણ વિકાર પામ્યા વિનાનો રહેતો નથી. તેમાં વૃદ્ધિ થાય છે કે અપચય, ક્ષય થાય છે. કોઈ કહેશે કે હા; પણ વૃદ્ધિ અને ક્ષય બંને સર્વત્ર જોવામાં આવે છે, તો તેથી લિંગની વ્યવસ્થા શી રીતે થશે? તેને માટે કહે છે કે વિવક્ષાથી વ્યવસ્થા થશે. વૃદ્ધિની વિવક્ષા હોય તો પુંલિંગ, ક્ષયની વિવક્ષા હોય તો સ્ત્રીલિંગ, અને બેમાંથી એકેની વિવક્ષા ન હોય તો નપુંસકલિંગ. છેવટે, પરમ સિદ્ધાન્ત એ થાય છે કે વ્યાકરણમાં લૌકિક લિંગનો આશ્રય કરાતો નથી. ભાષ્યકારના સિદ્ધાન્તમાં પણ ગુણોના ઉપચય, અપચય, કે બંનેની વિવક્ષા કરવી પડે છે. અર્થાત્, ભગવાન્ પાણિનિએ કહ્યું છે તે યુક્તજ છે કે લિંગને વિષે નિયમો આપી શકાશે નહિ; કેમકે લિંગ અતન્ત્ર છે-નિયમનો વિષય નથી; વ્યવહારથી, પ્રયોગથીજ લિંગ નક્કી થાય છે.

જાતિઃ સંખ્યા—સંસ્કૃતમાં તેમજ પ્રાકૃતમાં ત્રણ જાતિ છે. અર્વાચીન દેશી ભાષાઓમાં ગુજરાતી ને મરાઠીમાં ત્રણ છે; સિંધી, પંજાબી, ને હિંદીમાં બેજ જાતિ છે–નર અને નારી. એ ભાષાઓમાં નાન્યતરજાતિ નથી. બંગાળી અને ઉત્કલીમાં જાતિજ નથી. તત્સમ શબ્દો સંસ્કૃતમાં જે જાતિમાં હોય તે જાતિમાં વપરાય છે; તદ્ભવ શબ્દોમાં જાતિભેદ નથી.

સિંધી, પંજાબી, ને હિંદીમાં નાન્યતરજાતિ નથી. જે શબ્દ સંસ્કૃતમાં નપુંસકલિંગમાં છે તે એ ભાષાઓમાં પુંલિંગમાં છે. સિંધીમાં કેટલાંક નપુંસક નામ સ્ત્રીલિંગ પામ્યાં છે, પણ ઘણાંખરાં પુંલિંગમાં છે.

સામાન્ય નિયમ—સામાન્ય રીતે બંગાળી અને ઉત્કલી સિવાયની પાંચે આર્ય દેશી ભાષામાં, મોટા, પ્રબળ, ભારે, અને ખરબચડા

પદાર્થનાં નામ માટે પુંલિંગ, નાના, નિર્બળ, હલકા, અને સુકુમાર પદાર્થનાં નામ માટે સ્ત્રીલિંગ, અને જડ, અચપળ, અને ઘણી વાર નિન્દ્ય પદાર્થનાં નામ માટે નપુંસકલિંગ વપરાય છે. આ પ્રમાણે ઉપર દર્શાવેલો ભાષ્યકારનો નિયમ બહુધા જળવાય છે. મૂળ શબ્દ નર કે નાન્યતર જાતિમાં હોય તેનું નાનું કે કોમળ સ્વરૂપ દર્શાવવા નારીજાતિનો શબ્દ ઘડવામાં આવે છે; જેમકે,

સંસ્કૃ૦ ગોલ પું. ગુજ૦ ગોળો પું. ગોળી સ્ત્રી.
,, દોર પું. ગુજ૦ દોરો પુ. દોરી સ્ત્રી.

એજ પ્રમાણે, થાળો–થાળી; વાડકો–વાડકી; તવો–તવી; તપેલું–તપેલી; કામળો–કામળી; ગોદડું–ગોદડી; ગાડું–ગાડી; હાંડો–હાંડી; કછોટો–કછોટી; ચમચો–ચમચી; તરભાણું–તરભાણી; નળ–નળી; પૂળો–પૂળી; માચડો–માચડી; સાંડસો–સાંડસી; સાવરણો–સાવરણી; છરો–છરી; સૂડો–સૂડી; ટાંકું–ટાંકી; ઇત્યાદિ. નપું.માં બહુ તિરસ્કારવાચક છે.

આ પ્રમાણે નિર્જીવ પદાર્થોને પુરુષ અને સ્ત્રીના ગુણોનો આરોપ થવાથી તેનાં નામોની જાતિ બહુધા નક્કી થાય છે અને વ્યવહારનું–પ્રયોગનું મૂળ બહુધા એવુંજ હોય છે. એમ છતાં પણ અંગ્રેજી, કાનડી, અને અન્ય ભાષાઓમાં લિંગ નક્કી કરવાનો જેવો સરળ નિયમ છે–સજીવ પદાર્થનાં નામોમાં પુરુષનાં નામ પુંલિંગમાં અને સ્ત્રીનાં નામ સ્ત્રીલિંગમાં અને નિર્જીવ પદાર્થનાં તમામ નામ નપુંસકલિંગમાં છે–તેવો સંસ્કૃતમાં કે તે પરથી નિકળેલી દેશી ભાષાઓમાં નથી. લિંગનું જ્ઞાન બહુધા પ્રયોગ પરથી કે કોશમાંથી મેળવવાનું છે.

પ્રાણીનાં નામનું લિંગ—પ્રથમ સજીવ પદાર્થનાં નામનાં લિંગ વિષે વિચાર કરીએ. એ નામમાં સામાન્ય રીતે નરનાં નામ નરજાતિમાં અને નારીનાં નામ નારીજાતિમાં છે.

અપવાદઃ—૧. કેટલાંક પ્રાણીનાં નામ નરજાતિમાંજ છે—મચ્છર, માકણ, ચાંચડ-ણ; ૨. કેટલાંકનાં નામ નારીજાતિમાંજ હોય છે—ખિસકોલી, જૂ, ઘો, જળો; ૩. કેટલાંક પ્રાણીનાં નામ નપુંસકલિંગમાં છે—ઊંટ, ઘુઅડ, બાજ, બગલું, કબુતર, તીડ, સારસ, તીતર, વગેરે.

સામાન્ય રીતે નરનાં ને નારીનાં નામ તદ્દન જુદાં હોય છે અથવા તો નરનાં નામ પરથી પ્રત્યયો લાગી નારીનાં નામ બનેલાં હોય છે.

જુદાં નામના દાખલાઃ—

નરજાતિ	નારીજાતિ	નરજાતિ	નારીજાતિ
પુરુષ	સ્ત્રી	પાડો	ભેંસ
મરદ–માટીડો	ઔરત–બૈરી	મોર	ઢેલ
બળદ–આખલો	ગાય	વર	વધૂ–કન્યા
બાપ–પિતા	મા–માતા	ભાઈ	બેન, ભોજાઈ
સસરો	સાસુ	ભ્રાતૃ	ભગિની, ભ્રાતૃજાયા
નર	માદા		
વિધુર	વિધવા		

પ્રત્યયોથી બનેલાં નામના દાખલાઃ—

નરજાતિ	નારિજાતિ	નરજાતિ	નારીજાતિ
પાડો	પાડી	ચકવો	ચકવી
છોકરો	છોકરી	કાકો	કાકી
બિલાડો	બિલાડી	મામો	મામી
કુતરો	કુતરી	માસો	માસી
કુકડો	કુકડી	કુબો	કૂબડી
ઘોડો	ઘોડી	દાઢો	દાઢી
ઘેટો	ઘેટી	ભત્રીજો	ભત્રીજી

નરજાતિ	નારિજાતિ	નરજાતિ	નારિજાતિ
બકરો	બકરી	બાલ	બાલા
બકલો	બકલી	બજ	બજા
કાગડો	કાગડી	કોકિલ	કોકિલા
નર	નારી	મૂષિક	મૂષિકા
દાસ	દાસી	ગજગમન	ગજગમના
રાજા	રાજ્ઞી–રાણી	હંસ	હંસી
મૃગ	મૃગી	મહિષ	મહિષી
હરિણ	હરિણી	તરુણ	તરુણી
વાનર	વાનરી	દેવ	દેવી
બ્રાહ્મણ	બ્રાહ્મણી	ગોપ	ગોપી
કમલાક્ષ	કમલાક્ષી	પતિ	પત્ની
ભાણો	ભાણી	મયૂર	મયૂરી
વત્સ	વત્સા	પોપટ	પોપટી

કિંનરકંઠ—કિંનરકંઠા–ડી
બિંબોષ્ઠ—બિંબોષ્ઠા–ડી
ચારુંગ—ચારુંગા–ગી
મૃગનયન—મૃગનયના–ની
કમલવદન—કમલવદના–ની

ભવ	ભવાની	રુદ્ર	રુદ્રાણી
ઇન્દ્ર	ઇન્દ્રાણી	બ્રહ્મા	બ્રહ્મણી
ધણી	ધણીઆણી	ઠાકોર	ઠકરાણી
રજપુત	રજપુતાણી	મહેતર	મહેતરાણી
ગોર	ગોરાણી	પટેલ	પટલાણી
ભટ	ભટાણી	શેઠ	શેઠાણી
પંડિત	પંડિતાણી	ક્ષત્રિય	ક્ષત્રિયાણી
જેઠ	જેઠાણી	દિઓર	દેરાણી

મુગલ–મુગલાણી (ફારસી શબ્દને પણ એ પ્રત્યય લાગે છે.)

નરજાતિ	નારિજાતિ	નરજાતિ	નારિજાતિ
સોની	સોનાર–સોનારણ	લુહાર	લુહારણ–રેણ
માળી	માલણ–લેણ	ઘાંચી	ઘાંચણ–ચેણ
કણબી	કણબણ–બેણ	નાગ	નાગણ–ગેણ
કોળી	કોલણ–લેણ	મરેઠો	મરેઠણ–ઠેણ
ધોબી	ધોબણ–બેણ	ગોલો	ગોલણ–લેણ
વાણીઓ	વાણીઅણ–એણ	કાછીઓ	કાછીઅણ-એણ
સિંહ	સિંહણ–હેણ	ચમાર	ચમારણ–રેણ
વાઘ	વાઘણ–ઘેણ	ફકીર	ફકીરણ
રીંછ	રીંછણ–છેણ	દરજી	દરજણ–જેણ
ગોવાળ	ગોવાલણ–લેણ	ખતરી	ખતરણ–રેણ
સુતાર	સુતારણ–રેણ		ખતરાણી

ઊંટ	ઊંટડી
હજામ	હજામડી
ઉંદર	ઉંદરડી
ચાકર	ચાકરડી
વછેરો	વાછરડી
પાપી	પાપણી
પિશાચ	પિશાચણી
હાથી	હાથિણી

આ ઉપરથી સ્ત્રીલિંગના પ્રત્યય નીચે પ્રમાણે છેઃ—

(૧) આ, ઈ, આની–આણી—આ સંસ્કૃત પ્રત્યય છે.

(૨) અણ–એણ, અણી—આ પ્રત્યય સંસ્કૃત 'આની'પરથી આવ્યા છે. 'આની'નું હિંદીમાં વ્યત્યયથી 'આઇન–ણ' થયું છે; જેમકે 'બનિયાઇન.' ગુજરાતીમાં અણ–એણ વપરાય છે ત્યાં સામાન્ય રીતે હિંદીમાં 'ઇન' વપરાય છે; કેમકે,

સિદ્ધિન, વાધિન, રીછિન, ચમારિન, લોહારિન, દર્જિન, ધોબિન

(૩) ડી માં ડ એ લઘુત્વવાચક પ્રત્યય છે ને ઈ સ્ત્રી લિંગનો પ્રત્યય છે.

નરજાતિ	નારીજાતિ	નાન્યતરજાતિ
ઘોડો	ઘોડી	ઘોડું
ગધેડો	ગધેડી	ગધેડું
ઘેટો	ઘેટી	ઘેટું
બકરો	બકરી	બકરૂં
કુતરો	કુતરી	કુતરૂં

જે પ્રાણી નર છે કે નારી છે તે જાણવામાં ન હોય અથવા જેને વિષે નર કે નારી તરીકે નહિ પણ સામાન્ય રીતે વિચાર કર્યો હોય તેનું નામ નાન્યતરજાતિમાં આવે છે. તેમજ બાળકને માટે અને આખી જાતને માટે પણ નાન્યતરજાતિનું નામ વપરાય છે.

ઉપર દાખલાઓ પરથી જણાશે કે 'ઓ' પ્રત્યય નરજાતિનો, 'ઈ' પ્રત્યય નારીજાતિનો, અને 'ઉં' નાન્યતરજાતિનો છે. આમાં 'ઈ' પ્રત્યય તો ઉપર દર્શાવ્યા પ્રમાણે સંસ્કૃત પ્રત્યય છે.

'ઓ,' 'ઈ,' 'ઉં' પ્રત્યયોની વ્યુત્પત્તિ—સંસ્કૃતમાં ઘોટકઃ પુંલિંગ પ્રથમાનું એકવચન છે; તેનું પ્રાકૃતમાં ઘોડઓ ને અપભ્રંશમાં ઘોડઉ થાય છે. આ ઉપરથી ગુજરાતીમાં ને સિંધીમાં 'ઘોડો' થાય છે. મરાઠી, હિંદી, પંજાબી, બંગાળી, ને ઉત્કલીમાં અન્ત્ય સ્વર લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થઈ 'ઘોડા' રૂપ થાય છે. આ પ્રમાણે ગુજરાતીમાંનો 'ઓ' પ્રત્યય નરજાતિનાં નામના પ્રથમાના એકવચનનો પ્રત્યય છે.

'ઈ' પ્રત્યય સંસ્કૃતમાં સ્ત્રીલિંગનો પ્રત્યય છે. 'ઘોડી'માં 'ઈ' આ પ્રમાણે થયો છે. ઘોટિકા સંસ્કૃતનું પ્રાકૃતમાં ઘોડિઆ થઈ, અન્ત્ય સ્વર લોપાઈ ઈ દીર્ઘ થઈ 'ઘોડી' રૂપ થયું છે. ઘોટી શબ્દ પણ છે. મૃત્તિકાનું પ્રા. માટ્ટિઆ થઈ ગુજરાતીમાં 'માટી' થયું છે.

સંસ્કૃતમાં મસ્તકમ્ નપું૦ પ્ર૦ એ૦ વ૦ છે, તેનું પ્રાકૃતમાં મત્થઅં અને અપભ્રંશમાં મત્થઉં થઈ ગુજરાતીમાં 'માથું' થાય છે. આ પ્રમાણે ગુજરાતીનો 'ઉં' પ્રત્યય નાન્યતરજાતિના નામના પ્ર. એ. વ. નો પ્રત્યય છે. મરાઠીમાં મત્વમંનું મત્થયં થઈ યૂનું સંપ્રસારણ થઈ મત્થઇં થઈ 'માથેં' થાય છે.

વિશેષણોનો અન્વય—સંસ્કૃતમાં વિશેષણ જાતિ, વચન, ને વિભક્તિ, ત્રણે વિશેષ્ય પ્રમાણે લે છે. ગુજરાતીમાં પણ વિકારી વિશેષણની જાતિનું રૂપ વિશેષ્ય પ્રમાણે બદલાય છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે 'ઓ,' 'ઈ,' ને 'ઉં' અનુક્રમે પુંલિંગ, સ્ત્રીલિંગ, અને નપુંસકલિંગના પ્રત્યયો છે—સારો છોકરો, સારી છોકરી, સારૂં છોકરૂં. આ કારણથી વિશેષણના પ્રયોગ પરથી વિશેષ્યની જાતિ તરત નક્કી થાય છે. વિશેષ્યને 'કેવો,' 'કેવી,' ને 'કેવું' લગાડી જાતિ નક્કી કરવાનો પ્રચાર આનેજ આધારે થયો છે.

અન્ત્ય સ્વરનો લોપ સંસ્કૃત ને પ્રાકૃતના અન્ત્ય સ્વર દેશી ભાષાઓમાં ઘણે ઠેકાણે લોપાઈ જાય છે. થોડાક દાખલા નીચે આપ્યા છે:-

સં.	રજની	પ્રા.	રયણી	ગુ.	રેન,	હિં.	રૈન
,,	અક્ષિ	,,	અક્ખિ	,,	આંખ	હિં.	આંખ

આ પ્રમાણે માણસ, નર, ઘર, પોપટ, મોર, હાથ, કાન, દાંત, વગેરે શબ્દ ગુજરાતીમાં નર કે નાન્યતર જાતિમાં અકારાન્ત માલમ પડે છે.

મનુષ્યના અંગવાચક ન હોય ત્યારે 'હાથો,' 'કાનો,' 'દાંતો' રૂપ વપરાય છે.

લિઙ્ગમશિષ્યમ્—ઉપર કહ્યું છે તે પ્રમાણે લિંગનું જ્ઞાન બહુધા પ્રયોગથીજ પ્રાપ્ત કરવાનું છે. આજ કારણથી આચાર્ય પાણિનિએ કહ્યું છે કે લિંગ શિખવી શકાશે નહિ; કેમકે લિંગનો આધાર પ્રયોગ પરજ છે—લિઙ્ગમશિષ્યં લોકાશ્રયત્વાલ્લિઙ્ગસ્ય। એમ છતાં પણ કેટલાક નિયમ આપી શકાય છે.

તત્સમ શબ્દના નિયમો:—

૧. સંસ્કૃતમાં એ શબ્દોનું જે લિંગ હોય છે તેજ લિંગ ગુજરાતીમાં પણ બહુધા હોય છે.

પરંતુ કેટલીક વાર

૨. તત્સમ શબ્દનું લિંગ તેના પર્યાયશબ્દ ગુજરાતીમાં પ્રચલિત હોય છે તેના લિંગ પરથી નક્કી થાય છે.

બીજા નિયમ કરતાં પહેલો નિયમ હાલ વધારે પ્રવર્તતો માલમ પડે છે; પરંતુ કેટલાક તત્સમ શબ્દોનું લિંગ બીજા નિયમ પ્રમાણેજ

નક્કી થાય છે અને કેટલાકનું ગુજરાતીમાં કયા પર્યાય પરથી નક્કી થયું હશે તે કહી શકાતું નથી.

શબ્દ	સંસ્કૃતમાં જાતિ	ગુજરાતીમાં જાતિ
વય	નપું.	નાન્ય૦, નારી૦(ઉમર)
પરિણામ	પું.	નર૦, નાન્ય૦ (છેવટ)
દૃષ્ટાન્ત	પું.	નર૦, નાન્ય૦ (ઉદાહરણ)
મત	નપું.	નાન્ય૦, નર૦(વિચાર)
પત્ર	નપું.	નાન્ય૦, નર૦ (કાગળ)
વિધિ	પું.	નર૦, નારી૦ (ક્રિયા)
દેહ	પું.	નર૦, નારી૦ (કાયા)
વસ્તુ	નપું.	નાન્ય૦ (નાટકનું વસ્તુ)
		નારી૦ (ચીજ)
મિત્ર	નપું.	નર૦ (દોસ્તદાર)
બિંદુ	પું.	નાન્ય૦ (ટીપું)
બાણ	પું.	નાન્ય૦ (તીર)
બાહુ—બાંય	પું.	બાંય (નારી)
વાર	પું.	સ્ત્રી. (વેળા)

પર્યાયશબ્દની જાતિનો નિયમ વિદેશીય શબ્દોને પણ લાગે છે; જેમકે

આગબોટ નારી૦ (હોડી); કલાક નર૦ (વખત); કલાસ નર૦ (વર્ગ), નારી૦ (ટુકડી)

તત્સમ શબ્દમાં જે તદ્ધિતાન્ત ને કૃદન્ત છે તેને માટે નિયમ આપી શકાય છે તે નીચે પ્રમાણે છે:–

૧. ભાવવાચક તદ્ધિત પ્રત્યયો 'ત્વ,' 'ય,' ને 'અ' જેને અન્તે હોય એવા શબ્દ નાન્યતરજાતિના છે.

લઘુત્વ, ગુરુત્વ, મહત્ત્વ, માધુર્ય, લાલિત્ય, ગૌરવ, યૌવન, શૈશવ, હસ્તલાઘવ

૨. તા, ઈ–સ્ત્રીલિંગના પ્રત્યય છે.
લઘુતા, મૂર્ખતા, પ્રવીણુતા, ચાતુરી, હસ્તલાઘવી

૩. ઇમન્–નરજાતિનો પ્રત્યય છે
મહિમા, ગરિમા, લઘિમા

૪. કર્તૃવાચક કૃત્ પ્રત્યયો, તૃ, અક–આ પ્રત્યયો પુંલિંગના છે. એમાં 'તૃ' પ્રત્યયાન્તનું સ્ત્રીલિંગ 'ઈ'થી ને 'અક' પ્રત્યયાન્તનું 'આ'થી થાય છે.
શ્રોતૃ, કર્તૃ, વક્તૃ, દ્રષ્ટૃ, સ્રષ્ટૃ
ગુજરાતીમાં ઉપલા શબ્દો સંસ્કૃત પ્રથમાન્ત રૂપમાં મૂળ-રૂપે વપરાય છે; જેમકે,
શ્રોતા, કર્તા, વક્તા, દ્રષ્ટા, સ્રષ્ટા
સ્ત્રી.–શ્રોત્રી, કર્ત્રી, વક્ત્રી, દ્રષ્ટ્રી, સ્રષ્ટ્રી
કારક, પાઠક, નાયક
સ્ત્રી.–કારિકા, પાઠિકા, નાયિકા

૫. ભાવવાચક કૃત્ પ્રત્યયો
(અ) **તિ**પ્રત્યયાન્ત સ્ત્રીલિંગમાં છે.
બુદ્ધિ, ગતિ, શક્તિ, મતિ, સ્થિતિ, નીતિ
(આ) **અન**પ્રત્યયાન્ત નપુંસકમાં છે.
વાચન, ભજન, કીર્તન, શ્રવણ
(ઈ) **અ**પ્રત્યયાન્ત પુંલિંગમાં છે.
જય, ભય, યાગ, યોગ, કામ

૬. **આ**પ્રત્યયાન્ત સ્ત્રીલિંગમાં છે.
વાચા, નિશા, દિશા

તદ્ભવ શબ્દના નિયમ--તદ્ભવ શબ્દમાં પણ પ્રત્યયાન્ત શબ્દ વિષે એવા નિયમ આપી શકાય છે.

૧. ભાવવાચક તદ્ધિત પ્રત્યય

(અ) પણ, પણું, તન—નાન્યતર

પો--નરજાતિ

ડહાપણ, શાણપણ, બાળપણ, એદીપણું, મોટાપણું, શૂરાતન, હેવાતન

રંડાપો, બુઢ્ઢાપો, અંધાપો, બાળાપો

त्व (સં૰) અપ૰માં પ્પ, પો

હિં૰ બુઢાપા; ગુ૰ બુઢ્ઢાપો

त्वन (સં૰)–પ્રા૰–त्तण; અપ૰-प्पण (પણ-પણું)

(આ) આઈ, આશ, ઈ, ક, પ, મ—સ્ત્રીલિંગના પ્રત્યય–

વિશેષણના સામાન્ય રૂપને ઈ આવે છે.

ચતુરાઈ, મોટાઈ, ખટાશ, રતાશ, નાદાની, બેવકુફી, ઠંડક, ઊણપ, મોટમ, નાનમ

(ઇ) આણ–આણું--નપુંસકલિંગનો પ્રત્યય–

પોલાણ, ઊંચાણ, નીચાણ, ઊંડાણ, ઊંધરાણું

(ઈ) વત–વટ–નારીજાતિના છે.

સખાવત, સાચવટ, ઘરવટ (પણ, વહીવટ પું. છે).

(ઉ) ઉતી, ઓટી (मत्, वत् પરથી)–સમજુતી, હથોટી (નારીજાતિના છે.)

(ઊ) વાડ–નરજાતિનો છે.

મંદવાડ, બેઠવાડ (પણ, ગંદવાડ નારી. ગંદવાડો નર.)

૨. કૃત્પ્રત્યયો—

(અ) આમણ–ણી, અક, અણ–અણી (સં. अन+ई), આઈ, અત (ત), અતી, ણુક, આવટ, વટ--નારીજાતિના પ્રત્યયો છે.

(પ્રેરક–'આવ'ને અન+ઈ; 'આવ'નો 'આમ' થાય છે.)

ગભરામણ, અકળામણ, શિખામણ, પધરામણી, પહેરામણી, વધામણી

આવક, જાવક, બેઠક

સીવણ, કરણી, ઉતરણી, છાવણી

(પ્રયોજકને 'ઈ')–લડાઈ, ચઢાઈ, મનાઈ, ધોળાઈ, ઘડાઈ

(તિ પરથી ત)–રમત, ગમત, સુરત (સ્મૃતિ), આડત (ઋદ્ધિ),

ચઢતી, બેસતી, પડતી, ભરતી, વર્તણુક, બનાવટ, ચહાવટ

સખાવત, સાચવટ, ઘરવટ (પણ, વહીવટ પું. છે).–આ બધા તદ્ધિતાન્ત છે.

અભ્યસ્ત થયલાં (બેવડાયલાં) રૂપો સ્ત્રીલિંગમાં છે. એ બહુવ્રીહિ સમાસ છે ને ક્રિયાવાચક છે—

ઢોડાદોડ, તાણાતાણ, કાપાકાપ, મારામાર, ઉથલપાથલ

(આ) આટ, આપ, આવ, વટો, વડા–નરન્જતિના પ્રત્યય છે.

ચળકાટ, ગભરાટ, ભૂમરાટ, ગડબડાટ, કણુકણાટ

મેળાપ

ચઢાવ, અટકાવ, પડાવ, ઠરાવ

બાવરો

ભોગવટો, દેશવટો

(ઇ) આણુ (અન)–આણું–આણું, તર–નાન્યતરજાતિના પ્રત્યય છે.

ચલણ, ધાવણ

ભરાયું, પાલાયું, ચાવાયું, નમાયું, નહાયું

ભાગતર, ઘડતર, કળતર

ફારસીઅરબી શબ્દ ને પ્રત્યય–

(અ) આબાદ, બાનું, નામું, આણું, સ્તાન—નપુંસકલિંગના

અમદાબાદ, હૈદરાબાદ

કારખાનું, દવાખાનું
રોજનામું, વસિયતનામું, શાહનામું
નજરાણું, સમિયાણું
હિંદુસ્તાન, કબરસ્તાન

(આ) ઈ, ગી, ગીરી, દાની–નારીજાતિના છે.
ખુબી, દોસ્તી, નેકી, ખુશી, સાદી,
બંદગી, તાજગી
ગુલામગીરી, મહેતાગીરી, દિલગીરી
અત્તરદાની (ઇત્રદાની), ધૂપદાની, ગુલાબદાની (મૂળ શબ્દ ગુલાબદાન, વગેરે છે)

(ઇ) ગર–ગાર, આ, દાર, વાર, ચી, બાન–નરજાતિના છે.
સોદાગર; ગુનેગાર, મદદગાર, ખિદમતગાર, રોજગાર
હુકૂતો–તા, દસ્તો–તા
મામલતદાર, છડીદાર, જમીનદાર, ચોપદાર
ઉમેદવાર, તફસીલવાર
બગ્દનચી, બબરચી,
મહેરબાન, મેજબાન

સંસ્કૃત ને તદ્ભવ શબ્દોની જાતિ–

તદ્ભવ શબ્દની જાતિ કેટલીક વાર જે સંસ્કૃત શબ્દ પરથી તે આવ્યા છે તેના જેવી ને કેટલીક વાર જુદી હોય છે.

૧. સરખી જાતિના દાખલા:—

संस्कृत शब्द	तद्भव शब्द
(અ) वल्ली (स्त्री.)	વેલ (સ્ત્રી.)
પ્રા૦ વેલ્લી	વેલો (પું.)
જિહ્વા (સ્ત્રી.)	જીભ (સ્ત્રી.)
પ્રા. જિબ્ભા	

સંસ્કૃત શબ્દ	તદ્ભવ શબ્દ
સંજ્ઞા (સ્ત્રી.)	સાન (સ્ત્રી.)
પ્રા. સણ્ણા	
ગતિ (સ્ત્રી.)	ગત (સ્ત્રી.)
રીતિ (સ્ત્રી.)	રીત (સ્ત્રી.)
મધુ (નપું.)	મધ (નપું.)
(આ) મૌક્તિક (નપું.)	મોતી (નપું.)
પ્રા. મોત્તિઅં	
પાનીય (નપું.)	પાણી (નપું.)
પ્રા. પાણિઅં	
યૂકા (સ્ત્રી.)	જૂ (સ્ત્રી.)
પ્રા. જૂઆ	
(ઈ) રાજન્ (પું.)	રાજા (પું.)
નામન્ (નપું.)	નામ (નપું.)
હસ્તિન્ (પું.)	હાથી (પું.)

જુદી જાતિના દાખલા:—

સંસ્કૃત શબ્દ	તદ્ભવ શબ્દ
યશસ્ (નપું.)	જશ (પું.)
રશ્મિ (પું.)	રાસ (સ્ત્રી.)
જન્મન્ (નપું.)	જન્મ (પું.)
પક્ષિન્ (પું.)	પક્ષી, પંખી (નપું.)
વર્ત્મન્ (નપું.) (પ્રા. વત્તા સ્ત્રી.)	વાટ (સ્ત્રી.)

સરખી જાતિના દાખલાઓમાં (અ)માં જે શબ્દો આપ્યા છે તેમાં સ્વર-ભારનો નિયમ પ્રવર્તે છે. દેશી ભાષામાં બહુધા ઉપાન્ત્ય સ્વર પર ભાર પડે છે; આથી પ્રાકૃત રૂપનો અન્ત્ય સ્વર લોપાઈ ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થવાનું વલણ થાય

છે (જીભ, સાન). અર્વાચીન તદ્‌ભવમાં માત્ર અન્ત્ય સ્વર લોપાય છે અને તેને બદલે અનુચ્ચરિત 'અ' થાય છે (ગત, રીત, મધ). પ્રાકૃત શબ્દને પણ આ નિયમ લાગુ પડે છે (જીભ, સાન).

(આ) આમાં પ્રાકૃત રૂપમાં ઉપાન્ત્ય વ્યંજન નથી, પણ સ્વર છે. ઉપાન્ત્ય સ્વર પર સ્વરભાર પડવાથી અન્ત્ય સ્વર લોપાઈ ઉપાન્ત્ય દીર્ઘ થઈ અન્ત્ય બને છે-(મોતી, પાણી).

ઉપાન્ત્ય સ્વર પરનો સ્વરભાર કાયમ રહે છે તેથી તે દીર્ઘ થાય છે. આ રીતે ઉપાન્ત્ય 'અ'નો 'આ' થાય છે; ઘોડકા:, પ્રા. ઘોડઓ, હિં. ઘોડા; ગુજરાતી ને સિંધીમાં અપભ્રંશરૂપ ઘોડઉ ઉપરથી 'ઘોડો' થાય છે.

(ઈ) **વ્યંજનાન્ત શબ્દ**—અન્, ઇન્, અસ્, વસ્, મત્, વત્, એવા શબ્દોનું તેમજ તૃ અન્તે હોય એવા શબ્દોનું પ્રથમાનું એકવચન દેશી ભાષાઓમાં પ્રકૃતિરૂપે વપરાય છે.

નામ, પર્વ, રાજા, પ્રેમ, ધની, યશ, ચન્દ્રમા, વિદ્વાન્, બુદ્ધિમાન્, ભગવાન્, કર્તા, વક્તા, વગેરે.

જાતિ વિષે સામાન્ય નિયમ—સામાન્ય રીતે ઓકારાન્ત નામ નરજાતિનાં, ઈકારાન્ત અને આકારાન્ત નારીજાતિનાં, અને સાનુસ્વાર ઉકારાન્ત નાન્યતરજાતિનાં છે. આનું કારણ અગાઉ દર્શાવ્યું છે તે પ્રમાણે 'ઓ' પ્રત્યય પ્રાકૃતમાં નરજાતિ પ્ર. એ. વ. નો, 'ઈ' ને 'આ' પ્રત્યયો નારીજાતિના, અને 'ઉં' નાન્યતરજાતિનો છે તે છે. આ નિયમના અપવાદ છે, પણ તે સકારણ છે.

૧. ઓકારાન્ત નરજાતિ—છોકરો, બકરો, વગેરે.

અપવાદ:—

(અ) જળો, પાટલાધો, છો, વગેરે-સ્ત્રીલિંગના છે.

સં. જલૌકા; પ્રા. જલોઆ; ગુ. જળો; હિં., મ. જળૂ

સં. ગોધા; પ્રા. ગોહા; ગુ. ગોહ-ધો

સં. ક્ષોદ; પ્રા. છોઅ; ગુ. છો

અપવાદભૂત શબ્દોમાં આ પ્રમાણે 'ઓ' પું. પ્ર. એ. વ. નો પ્રત્યય નથી; માટે એ શબ્દો પું. નથી.

(આ) મોં–નપુંસક છે.

સં. મુખ; પ્રા. મુહ; ગુજ૦ મોહ–મોં

૨. ઈકારાન્ત ને આકારાન્ત નારીજાતિ–

તત્સમ શબ્દઃ––નારી; દાસી; શ્રોત્રી; વક્ત્રી; રાજ્ઞી; ગોપી; હંસી; ચતુર્થી, પંચમી, વગેરે; બુદ્ધિમતી; વિનયવતી––

અજા; પ્રથમા; દ્વિતીયા; તૃતીયા; મધ્યમા; કોકિલા; મૂષિકા

તદ્ભવ શબ્દઃ––છોકરી, ઘોડી, ઓરડી

અપવાદઃ––

(અ) હાથી, જ્યોશી, ઘોભી, સોની

આ 'ઈ' સ્ત્રી.નો સંસ્કૃત પ્રત્યય નથી.

સં. હસ્તિન્ ગુ. હસ્તી–હત્થી–હાથી

,, જ્યોતિષિક ગુ. જ્યોશી

,, ધાવિન્ ગુ. ધોબી–ધી

,, સ્વર્ણિન્ ગુ. સોની

(આ) પાણી, ઘી, મોતી––નાન્યતર છે.

આમાં પણ 'ઈ' સંસ્કૃત સ્ત્રી.નો નથી.

પાનીયમ્–પાણિઅં–પાણી

ઘૃતમ્–ઘિઅં–ઘી

મૌક્તિકં–મોત્તિઅં–મોતી

૩. અન્તે 'ઉ' હોય તે નાન્યતરજાતિનાં છે.

છોકરું, પડું, જાભલું

અપવાદઃ—

ઘઉં (ગોધૂમ પું. છે. ગહું–ઘઉં)

એકારાન્ત શબ્દ––કેટલાક ગ્રામ્ય એકારાન્ત શબ્દ નરજાતિના છે, તે મૂળમાં અકારાન્ત છે; પરંતુ છેલ્લો એકાચ્ (એકસ્વરી ભાગ) લુપ્ત થવાથી એકારાન્ત થયા છે.

ભે (ભય–ભઅ–ભો–ભે)
ખે (ક્ષય–ખઅ–ખે)
મે (મેઘ–મેહ–મે)
વે (વેધ–વેહ–વે)
જે (જય–જઅ–જે)–'ધર્મે જે, પાપે બે.'

અકારાન્ત નારીજાતિના શબ્દ—સામાન્ય રીતે અકારાન્ત શબ્દ નર કે નાન્યતર જાતિના હોય છે. પરંતુ કેટલાક નારીજાતિના છે; કારણ કે તે મૂળ આકારાન્ત કે ઇકારાન્ત–ઈકારાન્ત છે અને સ્વર-ભારના નિયમથી ઉપર દર્શાવ્યા પ્રમાણે અન્ત્ય સ્વર હ્રોપાઈ થયા છે.

અન્ત્ય આ નો અ

इष्टका ઈંટ	रेखा–રેખ
कक्षा–કાખ	लज्जा–લાજ
खट्वा–ખાટ	लाक्षा–લાખ
जङ्घा–જાંઘ	लालसा–લાલચ
जिह्वा–જીભ	लाला–લાળ
तृतीया–ત્રીજ	लिक्षा–લીખ
दंष्ट्रा–દાઢ	वार्ता–વાત
द्वितीया–બીજ	शय्या–સેજ
ननन्दृ–નણંદ	शर्करा–સાકર
नौका–નાવ	शाला–(નિ)શાળ
पौर्णिमा–પુનેમ	शुण्डा–સૂંઢ
बुभुक्षा–ભૂખ	संध्या–સાંજ
भिक्षा–ભીખ	सेना–સેન
रक्षा–રાખ	स्नसा–નસ

અન્ત્ય ઇ કે ઈ નો અ

अक्षि–આંખ	कर्तरी–કાતર
कटि–કેડ	कुक्षि–કૂખ
कदली–કેળ	कुस्तुम्बरी–કોથમીર

ખનિ–ખાણ
ગતિ–ગત
ગ્રન્થિ–ગાંઠ
ચતુર્થી–ચોથ
જાતિ–જાત
ધૂલિ–ધૂળ
પઙ્ક્તિ–પંગત
પદ્ધતિ–પદ્ધત
બુદ્ધિ–બુજ- ઝ
મિત્તિ–ભીંત
મહિષી–ભેંસ
મુષ્ટિ–મૂઠ
રજનિ–રેન
રાત્રિ–રાત
રીતિ–રીત
વર્તિ–વાટ
વિપત્તિ–વિપત
વેલ્લિ–વેલ
શુણ્ઠી–સૂંઠ

અન્ત્ય ઉનો અ

શ્મશ્રુ–મસ્સુ–મૂછ

બે જાતિના શબ્દ—

કેટલાક શબ્દ એકથી વધારે જાતિમાં વપરાય છે. એવા તત્સમ શબ્દ વિષે અગાઉ કહ્યું છે. તદ્ભવ શબ્દ—સંસ્કૃત, ફારસી, વગેરે—નીચે પ્રમાણે છેઃ—

નર૦ ને નારી૦માં—
શોધ, તપાસ, તંબાકુ, ચા, વગ, વખત, ચાલ
નર૦ ને નાન્ય૦માં—
માણસ, ખર્ચ, ઘુંટણ, નાટક (નર૦માં કેટલાક વાપરે છે.)
નારી૦ ને નાન્ય૦માં—
સોપારી, જનોઈ

પ્રકરણ ૧૩મું
વચનવિચાર

ભેદ અને લક્ષણ—સંસ્કૃતમાં ત્રણ વચન છે:—એકવચન, દ્વિવચન, અને બહુવચન. દેશી ભાષાઓમાં દ્વિવચન નથી. પ્રાકૃતમાં પણ દ્વિવચન નથી.

એક પદાર્થના નામ વિષે બોલીએ છીએ ત્યારે **એકવચન** અને એકથી વધારે પદાર્થનાં નામ વિષે બોલીએ છીએ ત્યારે **બહુવચન** વપરાય છે.

પ્રત્યય—બહુવચનનો પ્રત્યય 'ઓ' છે.

એ પ્રત્યય પ્રાકૃતમાં પુંલિંગમાં તેમજ સ્ત્રીલિંગમાં અજન્ત* નામમાં જોવામાં આવે છે; જેમકે,

સં. અગ્નિ	પ્રા. અગ્ગિ	પ્ર. વ. વ. અગ્ગીઓ†
,, વાયુ	,, વાઉ	,, વાઓ
,, જાયા	,, જાઆ	,, જાઆઓ
,, રુચિ	,, રુઇ	,, રુઈઓ
,, ધેનુ	,, ધેણુ	,, ધેણૂઓ
,, ગૌરી	,, ગોરી	,, ગોરીઓ
,, જમ્બૂ	,, જંબૂ	,, જંબૂઓ
,, પિતૃ	,, પિતૃ	,, પિઅઓ
,, કર્તૃ	,, કર્તૃ	,, કત્તઓ
,, માતૃ	,, માતૃ	,, માઆઓ

પુંલિંગ અકારાન્ત નામમાં પ્રથમાના એકવચનમાં અસ્ નો (અન્ત્ય અ+સ પ્રત્યયનો) ઓ થાય છે અને એ 'ઓ' ગુજરાતીમાં નરુનામિનો પ્રત્યય થયો છે.

---

* સ્વરાન્ત. અચ્=સ્વર; હલ્=વ્યંજન.

† બહુવચનનાં બીજાં રૂપો દરેક શબ્દમાં છે તે અત્ર અનુપયુક્ત હોવાથી આપ્યાં નથી.

અકારાન્ત નામમાં પ્રથમાના બહુવચનમાં પ્રત્યય લોપાઈ અન્ત્ય અ દીર્ઘ થઈ આ થાય છે; જેમકે,

	પ્ર. એ. વ.	પ્ર. બ. વ.
	રામો	રામા

અગાઉ દર્શાવ્યા પ્રમાણે બધી આર્ય દેશી ભાષાઓમાં સ્વરભારનો એક સામાન્ય નિયમ એવો જણાય છે કે ભાર ઉપાન્ત્ય સ્વર પર પડે છે. આથી સંસ્કૃત ને પ્રાકૃત શબ્દોમાંના અન્ત્ય આ, ઇ, ઈ, ઉ, ઊ લોપાય છે અને તેને બદલે અનુચ્ચરિત અ થાય છે.

સં. શય્યા	પ્રા. સેજ્જા	ગુ. સેજ
,, દંષ્ટ્રા	,, દાઢા	,, દાઢ
,, અગ્નિ	,, અગ્ગી	,, આગ
,, ખનિ	,, ખાણી	,, ખાણુ
,, મહિષી	,, મહિસી	,, ભેંસ
,, અસ્થિ	,, અટ્ઠી	,, હાડ
,, ભગિની	,, ભઇણી	,, બેન
,, રજની	,, રયણી	,, રેણુ
,, રાત્રિ	,, રત્તી	,, રાત
,, શ્વશ્રૂ	,, સસ્સૂ	,, સાસુ
,, વિદ્યુત્	,, વિજ્જુ	,, વીજ(ળી)
,, શ્મશ્રુ	,, મસ્સૂ	,, મૂછ

પરંતુ પ્રાકૃત રૂપમાં અન્ત્ય સ્વરની પહેલાં વ્યંજનને બદલે સ્વર હોય તો અન્ત્ય સ્વર લોપાઈ, ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થઈ અન્ત્ય બને છે.

મૌક્તિકં	મોત્તિઅં	મોતી
વાટિકા	વાડિઆ	વાડી
મક્ષિકા	મક્ખિઆ	માખી

આવે સ્થળે પ્રાકૃત રૂપનો અન્ત્ય સ્વર લોપાય નહિ તો તેની પૂર્વે અસવર્ણ સ્વર હોવાથી તેનો અન્તઃસ્થ થાય; પરંતુ તેના પર સ્વરભાર પડે છે તેથી તેમાં ફેરફાર થવા પામતો નથી અને સ્વરભાર વિનાનો અન્ત્ય સ્વર લોપાઈ એ સ્વર દીર્ઘ થાય છે. પણ જ્યાં બે સ્વર એવા આવે કે તેનો એક ઉચ્ચાર થઈ શકે ત્યાં અન્ત્ય સ્વર લોપાતો નથી; જેમકે, ઘોટકઃ—પ્રા. ઘોડઓ; અપ. ઘોડઉ;

ગુજ૦ ઘોડો. આમ 'ઘોડો' એવું સમત્યય રૂપ ગુજરાતીમાં પ્રાતિપદિક રૂપ બને છે અને બહુવચનમાં તેના અન્ત્ય 'ઓ'નો 'આ' થાય છે; જેમકે, એ. વ. ઘોડો; બ. વ. ઘોડા. 'ઓ' એ સામાન્ય રીતે બહુવચનનો પ્રત્યય હોવાથી પું.-ના 'આ'ની અને નપું.ના 'આં'ની ઉપરાંત પણ 'ઓ' લગાડવામાં આવે છે.

એ. વ.	બ. વ.	એ. વ.	બ. વ.
ઘર	ઘરો	નદી	નદીઓ
માણસ	માણસો	ગુરુ	ગુરુઓ
છોકરો	છોકરા–છોકરાઓ	છોકરું	છોકરાં–છોકરાંઓ

નપુંસક નામોમાં અન્ત્ય 'ઉ'નો બહુવચનમાં 'આં' થાય છે; જેમકે, છોકરું–છોકરાં.

સંસ્કૃતમાં અકારાન્ત નામમાં નપુંસક પ્રથમા એકવચનનો પ્રત્યય અમ્ અને બહુવચનનો આનિ છે. પ્રાકૃતમાં અમ્નું અં ને અપભ્રંશમાં ઉ કે ઉં થાય છે. પ્રાકૃત ને અપભ્રંશમાં આનિનો ન્ લોપાઈ ન્ અનુનાસિકની અસરથી ઇ પર અનુસ્વાર થઈ 'આઇં' થાય છે. 'આઇં'માંનો ઇ લોપાઈ અનુસ્વાર આ પર જઈ ગુજરાતીમાં 'આં' થયું છે.

	પ્ર. એ. વ.	પ્ર. બ. વ.
સં.	વનમ્	વનાનિ
પ્રા.	વણં	વણાઇં
અપ૦	વણુ	વણાઇં
અપ૦ યદ્	જું–જં (નપું.)	જાઇં–જઇં (નપું.)
,, તદ્	તું–તં (નપું.)	તાઇં–તઇં (નપું.)

મરાઠી અને સિંધીમાં અનેક રીતે બહુવચન થાય છે; બીજી આર્ય દેશી ભાષાઓમાં એકજ રીતે થાય છે.

હિંદીમાં ઘણા શબ્દોમાં એકવચન ને બહુવચનનાં રૂપ સરખાં છે; બાલક–બાલક. બહુવચનનો અર્થ 'ગણ', 'જતિ', 'લોગ', 'સભ', 'જન', 'માલા', વગેરે શબ્દથી દર્શાવાય છે; જેમકે ગ્રહગણ, મનુષ્યજાતિ, ચૌદલોગ, મૃગમાલા, ગુરુજન, વગેરે. અકારાન્ત પુંલિંગ નામમાં બહુધા બંને વચનનું સરખું રૂપ છે; બાલક એ. વ. ને બ. વ. અકારાન્ત સ્ત્રીલિંગમાં બહુધા એં પ્રત્યય છે; ભૈંસ–ભૈંસેં; સૂઅર–સૂઅરેં. આ વિભક્તિરહિત રૂપો છે. વિભક્તિવાળા શબ્દોમાં બહુવચન ઓંથી થાય છે; ભૈંસકો ખોંલો; ભૈંસોંકો ખોલો. આકારાન્ત પુંલિંગ નામનું બહુવચન 'એ'થી અને

સ્ત્રીલિંગ નામનું બહુવચન આંથી થાય છે; જેમકે, લડકા–લડકે; લડકી–લડકિઆં-યાં; હિંદીમાં નપુંસક નથી, તેથી આઇંનું આં સ્ત્રીલિંગમાં આવ્યું છે; બિટિયાં–જોરુઆં, વહુઆં, ગૌઆં.

મરાઠીમાં સ્વર દીર્ઘ થાય છે, કે 'આ' પ્રત્યય લાગે છે, કે અન્ય રીતે બહુવચન થાય છે.

બાયકો–બાયકા; ઘોડા–ઘોડે; માળ–માળા; ભિંત–ભિંતી; તરવાર–તરવારા–રી; મોતીં–મોત્યેં; તળેં–તળીં; જીભ–જીભા; ઘર નપું. ઘરેં; સાસૂ–સાસવા–સાસ્વા; (આઇંનું એં થયું છે; ઘરેં, કેળેં)

ઉત્કલીમાં બહુવચનનો પ્રત્યય 'એ' છે; કુમાર–કુમારે. પરંતુ ત્રીજી વિભક્તિના પ્રત્યય સાથે ગુંચવણ થવાથી 'માન'-'માને' ઉમેરવામાં આવ્યો; બલદ–બલદમાને; જાલ–જાલમાન (નિર્જીવ પદાર્થનાં નામને માન લાગે છે).

બંગાળીમાં અનેક રીતે બહુવચન થાય છે. પ્રત્યય 'એરા' કે 'રા' છે. નિર્જીવ પદાર્થનાં નામની માફક સજીવ પદાર્થનાં નામમાં પણ બહુવચનના વાચક શબ્દ–ગણ, સમૂહ, વર્ગ, સકલ, ગુલ-લા-લિ (નિર્જીવ પદાર્થનાં નામને)-વાપરવાની પ્રથા છે; જેમકે,

પુરુષ	પુરુષેરા–પુરુષરા
રાજા	રાજારા
કુક્કુર	કુક્કુરસમૂહ
ઘોડા	ઘોડાસકલ

પંજાબીમાં બહુધા એકવચન ને બહુવચનનાં રૂપ સરખાં છે. આકારાન્ત નામનું બહુવચન 'એ' થી થાય છે, 'આં' પ્રત્યય પણ છે; જેમકે, ધી (છોકરી)-ધીઆં.

સિંધીમાં અનેક રીત છે. કેટલાક દાખલા નીચે આપ્યા છે:—

વથુ–(વસ્તુ)–વથૂં
વાઢો (સુથાર)–વાઢા
સેઠિ (શેઠ)–સેઠિં

જેમ હિંદીમાં ને પંજાબીમાં આઇંનું આં થયું છે (હિં. વહુઆં; પં. ધીંઆં, ગલ્લ [શબ્દ]–ગલ્લાં) તેમ ગુજરાતીમાં પણ 'આં' પ્રત્યય 'ગાંગાંતલ્લાં', 'ગલ્લાંતલ્લાં' માં જોવામાં આવે છે. વળી ખેડા જિલ્લામાં 'આં' પ્રત્યય બહુવચનમાં ઘણો સામાન્ય છે–ઘરાં, ખેતરાં.

માનાર્થક બહુવચન—એકવચનનો અર્થ હોય તોપણ માનાર્થે બહુવચન વપરાય છે; જેમકે,

અહિં પધારો, સાહેબ.

એકવચનના અર્થમાં બહુવચન–ગ્રન્થકાર, વર્તમાનપત્રના અધિપતિ, કે મોટાં માણસ પોતાને માટે બહુવચન વાપરે છે; જેમકે,

અમે અગાઉ આ વાત સિદ્ધ કરી ગયા છીએ.

અમે અઠવાડીઆ પરના અંકમાં કહ્યું હતું તેમજ થયું છે.

એકવચનમાં પ્રયોગ–સંજ્ઞાવાચક, ભાવવાચક, અને દ્રવ્યવાચક નામ સામાન્ય રીતે એકવચનમાંજ વપરાય છે. પરંતુ જ્યારે સંજ્ઞાવાચક નામ જાતિવાચક નામ તરીકે વપરાય છે, ત્યારે તેનું બહુવચન થઈ શકે છે; તેમજ ભાવવાચક નામ ગુણોનાં કૃત્યના અર્થમાં હોય અને દ્રવ્યવાચક નામ દ્રવ્યના પ્રકારના અર્થમાં હોય ત્યારે તે બંનેનું બહુવચન વાપરી શકાય. કેટલાંક દ્રવ્યવાચક નામ બહુવચનમાંજ વપરાય છે.

આપણા **ભીમો** આગળ શત્રુના યોદ્ધાઓનું શું ગજું છે?

તમારા **ઉપકારોનો** બદલો મારાથી કેમ વળાશે?

તમે લાવ્યા તે કરતાં ઘરમાંના **ચોખા** વધારે સારા છે.

બજારમાં ઘણી જાતના **ચોખા, ચણા, ઘઉં**, અને બીજાં **અનાજ** વેચાય છે.

ઘઉં ઘણા મોંઘા થયા છે.

પ્રકરણ ૧૪મું
વિભક્તિવિચાર

વિભક્તિ–જે પ્રત્યય વડે કર્તા, કર્મ, વગેરે જુદા જુદા અર્થ સમજાય છે તે **વિભક્તિ**ના પ્રત્યય કહેવાય છે. એ પ્રત્યયોના બે પ્રકાર

છે. કેટલાક પ્રત્યય નામને અને કેટલાક પ્રત્યય ક્રિયાપદને લગાડવામાં આવે છે. નામને લગાડવામાં આવે છે તે **નામિકી** અને આખ્યાતને–ક્રિયાપદને લગાડવામાં આવે છે તે **આખ્યાતિકી** વિભક્તિ કહેવાય છે. આ પ્રકરણમાં નામિકી વિભક્તિનો વિચાર કર્યો છે.

સંખ્યા–સંસ્કૃતમાં સાત વિભક્તિ છેઃ–પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, અને સપ્તમી. સંબોધન એ પ્રથમાનો અમુક અર્થ છે, આઠમી વિભક્તિ નથી.

પ્રાકૃતમાં ચતુર્થી વિભક્તિ નથી, તેનું કામ ષષ્ઠી કરે છે.

પ્રત્યય–ગુજરાતીમાં સાત વિભક્તિ છે; પરંતુ સંસ્કૃતમાં જેમ દરેક વિભક્તિના પ્રત્યય છે, તેમ ગુજરાતીમાં તેમજ અન્ય દેશી ભાષાઓમાં નથી.

ગુજરાતીમાં વિભક્તિના પ્રત્યય નીચે પ્રમાણે છેઃ–

પહેલી	કંઈ નહિ
બીજી	,, કે ને
ત્રીજી	એ
ચોથી	ને
પાંચમી	થી, થકી
છઠ્ઠી	નો-ની-નું-ના-નાં
સાતમી	માં, એ

હિંદીમાં ને મરાઠીમાં વિભક્તિ નીચે પ્રમાણે છેઃ–

હિંદી	એ. વ. મરાઠી	બ. વ.
પ્રથમા કંઇ નહિ, ને	કંઈ નહિ	કંઈ નહિ
દ્વિતીયા કો	સ, લા, તેં	સ, લા, તેં, નાં
તૃતીયા સે, કરકે, દ્વારા	નેં, શીં, એં	નીં, શીં, હીં, ઈં
ચતુર્થી કો, લિયે	સ, લા, તેં	સ, લા, તેં, નાં
પંચમી સે	હૂન, ઊન	હૂન, ઊન
ષષ્ઠી કા, કે, કી	ચા, ચી, ચેં	ચા, ચી, ચેં
સપ્તમી મેં, પર, તક	ત, આં, ઈં	ત; આં, ઈં

અંગ–વિભક્તિના પ્રત્યય ગ્રહણ કરવા અંગ બનાવવું પડે છે. પ્રત્યયના સંબંધમાં પ્રકૃતિનું રૂપ અંગ કહેવાય છે. ઓકારાન્ત શબ્દના અન્ત્ય 'ઓ'નો 'આ' થઈ આકારાન્ત અંગ બને છે તેને વિભક્તિના પ્રત્યય લાગે છે. બહુવચનમાં એ આકારાન્ત અંગનેજ પ્રત્યય લાગી બહુધા એકવચનના જેવુંજ રૂપ થાય છે; અથવા તો આકારાન્ત અંગ પર બહુવચનનો 'ઓ' પ્રત્યય લાગી તેને વિભક્તિના પ્રત્યય લાગે છે. ઉંકારાન્ત નપુંસકલિંગના શબ્દોમાં પણ એકવચનમાં અન્ત્ય 'ઉં'નો 'આ' થઈ આકારાન્ત અંગ બને છે, તેને વિભક્તિના પ્રત્યય લાગે છે. નપુંસક બહુવચનમાં 'ઉં'નો 'આં' થાય છે અને 'આં' પ્રત્યયના અંગને વિભક્તિના પ્રત્યય લાગે છે.

આકારાન્ત અંગ આહિ કે આહિંમાંનો હિ કે હિં લોપાઈ થયું છે.

ઓકારાન્ત અને ઉંકારાન્ત નપુંસકલિંગના શબ્દ સિવાય બધા સ્વરાન્ત તેમજ વ્યંજનાન્ત શબ્દમાં લાગલા પ્રાતિપદિકનેજ વિભક્તિ લાગે છે; ખાસ અંગની જરૂર નથી.

	છોકરો પું૦		છોકરૂં નપું૦	
	એ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	બ૦ વ૦
૧લી	છોકરો	છોકરા	છોકરૂં	છોકરાં
૨જી	છોકરો-રાને	છોકરા– છોકરાને– છોકરાઓને	છોકરૂં– છોકરાને	છોકરાં– છોકરાંને છોકરાંઓને
૩જી	છોકરાએ– છોકરે	છોકરાએ છોકરાઓએ	છોકરાએ– છોકરે	છોકરાંએ– છોકરાંઓએ
૪થી	છોકરાને	છોકરાને – છોકરાઓને	છોકરાને	છોકરાંને– છોકરાંઓને
૫મી	છોકરાથી– થકી	છોકરાથી–થકી છોકરાઓથી– થકી	છોકરાથી– થકી	છોકરાંથી– થકી છોકરાંઓથી– થકી

	એ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	બ૦ વ૦
૬ઠ્ઠી	છોકરાનો–ની–નું	છોકરાનો–ની–નું છોકરાઓનો–ની–નું	છોકરાનો–ની–નું	છોકરાંનો–ની–નું છોકરાંઓનો–ની–નું
૭મી	છોકરામાં	છોકરામાં–છોકરાઓમાં	છોકરામાં	છોકરાંમાં–છોકરાંઓમાં

બીજા શબ્દોમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે ખાસ અંગ નથી–નદીને; દાસીથી; ગામમાં; વિપત્તિએ; ગુરુનું; વગેરે.

અન્ય આર્ય ભાષાઓમાં અંગ—હિંદીમાં એકવચન ને બહુવચનનાં અંગ જુદાં થાય છે. બહુધા એકવચનમાં ખાસ અંગ થતું નથી; મૂળ શબ્દનેજ પ્રત્યય લાગે છે; જેમકે,

શબ્દ બાલક પું.—બાલકકો (દ્વિ. કે ચ.)
મૈંસ સ્ત્રી.—મૈંસમેં–પર (સ૦)
દાદા પું. દાદાસે (તૃ., પ.)
બિટિયા સ્ત્રી.—બિટિયા, બિટિયાને (પ્ર.)
મુનિ પું.—મુનિકા–કે–કી (ષ.)

પણ લડકા પું.—લડકેને (પ્ર.); લડકેસે (તૃ., પ.); લડકેમેં–પર (સ.)

બહુવચનમાં અંગને અન્તે બહુધા 'ઓં' થાય છે; જેમકે,

શબ્દ બાલક—બાલકોંસે–કરકે (તૃ.)
મૈંસ—મૈંસોંકો–લિયે (ચ.)
લડકા—લડકોંસે (પ.)
દાદા—દાદાઓંમેં–પર (સ.)
બહૂ સ્ત્રી.—બહુઓંકા–કે–કી (ષ.)
બકરી સ્ત્રી.—બકરિયોંકો (દ્વિ.)

મરાઠીમાં ઘણાં અંગ કરવાં પડે છે. એ અંગને મરાઠી વ્યાકરણમાં **સામાન્યરૂપ** કહે છે.

શબ્દ	અંગ–વિભક્તિ	શબ્દ	અંગ–વિભક્તિ
ઘોડા	ઘોડ્યાનેં (તૃ.)	કેળ	કેળીસ (દ્વિ., ચ.)
દેવ	દેવાનેં (તૃ.)	લાડૂ	લાડ્વાસ
ઘર	ઘરાસ (દ્વિ., ચ.)		લાડવાસ (દ્વિ., ચ)
દહીં	દહ્યાસ (દ્વિ., ચ.)		

એકવચન ને બહુવચનનાં અંગ પણ જુદાં હોય છે:—

શબ્દ	એ. વ. નું અંગ	રૂપ	બ. વ. નું અંગ	રૂપ
બાયકો	બાયકો	બાયકોસ–લા (દ્વિ., ચ. એ. વ.)	બાયકાં	બાયકાંનીં (તૃ. બ. વ.)
ઘર	ઘરા	ઘરાનેં–શીં (તૃ. એ. વ.)	ઘરાં	ઘરાંત (સ. બ. વ.)
સાસૂ	સાસૂ–સાસ્વે	સાસૂસ–લા સાસ્વેસ–લા (દ્વિ., ચ. એ. વ.)	સાસૂં–સાસ્વાં	સાસૂંચા–સાસ્વાંચા (ષ. બ. વ.)

સિંધીમાં પણ મરાઠીની પેઠે અનેક અંગ થાય છે. ગુજરાતીની પેઠે સાતમીના એકવચનનો પ્રત્યય 'એ' છે. બંગાળી ને ઉત્કલીમાં પણ 'એ' પ્રત્યય છે.

ઉત્કલી પુરે (પુરમાં); ગોપે–ગોપરે–ગોપઠારે (ગોપમાં)

બંગાળી–ક્રોધે (ક્રોધમાં); ભયે–ભયેતે (ભયમાં)

આકારાન્ત પછી ય ઉમેરાય છે:–ઘોડાય (ઘોડામાં)

મરાઠીની પેઠે પંજાબીમાં 'ઈ' પ્રત્યય છે–ઘરીં (ઘરોમાં); હથીં (હાથોમાં)

અનેક પ્રત્યયો–ગુજરાતીમાં નકામા વિભક્તિના પ્રત્યયો એક પર એક વાપરવાનો ઘણો પ્રચાર છે, જેમકે,

દહાડાથી–દહાડેથી; છોકરામાં–છોકરાનામાં; એથી–એનાથી.

ષષ્ઠી અંગ તરીકે–પ્રાકૃત ને પાલીમાં ષષ્ઠી અંગ બની તેના પર પ્રત્યયો લાગી બીજાં રૂપો થાય છે.

ષ. મમ ઉપરથી મમાઇ–મમએ (તૃ. એ. વ.); મમાહિંતો–મમત્તો–મમાઓ–મમાઉ–મમા–મમાહિ (પઞ્ચ. એ. વ,); મમાસુંતો–મમેસુંતો–મમત્તો–મમાઓ–મમાઉ–મમાહિ–મમેહિ (પઞ્ચ. બ. વ.); મમાણ–ણં (ષ. બ. વ.); મમે–મમમ્મિ–મમાઇ (સ. એ. વ.); મમસુ–સું–મમેસુ–સું (સ. બ. વ.).

પ્રાકૃતમાંથી ચતુર્થી જતી રહી ને તેનું સ્થાન ષષ્ઠીએ લીધું. આથી મૂળ ષષ્ઠીનું રૂપ નબળું પડ્યું ને તે સામાન્ય રૂપ તરીકે વપરાયું.

વિભક્તિપ્રત્યયોની વ્યુત્પત્તિ–વિભક્તિના પ્રત્યયો સ્વતન્ત્ર શબ્દના–સર્વનામના અવશેષ છે; જેમકે,

એન, આય, અસ્ય, આત્–આ પ્રત્યયો સર્વનામના અવશેષ છે. પ્રથમા એકવચનનો સ્ પ્રત્યય દર્શક સર્વનામનો અવશેષ છે. ગ્રીક ને લૅટિનમાં એ પ્રત્યય સાધારણ છે. ઝન્દમાં એ પ્રત્યય લોપાઈ અન્ત્ય સ્વરમાં ફેરફાર થયો છે.

વિભક્તિ સેળભેળ–પ્રાકૃતમાં જુદા જુદા વિભક્તિના પ્રત્યયો સેળભેળ થવા લાગ્યા. ચતુર્થી જતી રહી, તેને બદલે ષષ્ઠી વપરાતી થઈ. પ્રથમા ને દ્વિતીયાનો ભેદ જતો રહ્યો. પ્રાકૃતમાં નામનાં પ્રથમા ને દ્વિતીયાનાં બહુવચનનાં રૂપો બહુધા સરખાં છે. અપભ્રંશમાં આ સાદૃશ્ય એ બે વિભક્તિનાં એકવચનને પણ લાગુ પડ્યો. આથી દેશી ભાષાઓમાં એ બે વિભક્તિનાં એકવચન સરખાં છે. બીજી વિભક્તિમાં નવો પ્રત્યય ઉમેરાતો થયો છે, તે આગળ સમજાશે કે ચતુર્થીનો કે ષષ્ઠીનો છે.

સંસ્કૃતાદિ વિભક્તિપ્રત્યયો–નીચે સંસ્કૃત, અપભ્રંશ, ને જૂની ગુજરાતીના વિભક્તિપ્રત્યયો આપ્યા છે.

સંસ્કૃત પ્રત્યયો

	એ. વ.	બ. વ.		એ. વ.	બ. વ.
પ્ર૦	સ્	અસ્	પ.	અસ્	ભ્યસ્
દ્વિ૦	અમ્	”	ષ.	અસ્–સ્ય	આમ્–નામ્
તૃ૦	આ	ભિસ્	સ.	ઇ–સ્મિન્	સુ
ચ૦	એ–ય	ભ્યસ્			

અપભ્રંશમાં વિભક્તિપ્રત્યય

	એ. વ.	બ. વ.
પ્ર૦	નથી; ઉ, ઓ, આ ઉ–ઉં (નપું.)	નથી; આ, હો, ઓ, ઉ, એ; આઇં (નપું.)
દ્વિ૦	નથી;	નથી;

	એ. વ.	બ. વ.
દ્વિ૦	ઉ, ઓ, આ	આ, ઓ, ઉ, એ;
	ઉ–ઉં (નપું.)	આઇં (નપું.)
તૃ૦	એ, એં, એણ	હિં, એ
પ૦	હે, હૂ, હં	હું
ષ૦	હે, હો, સુ, સ્સુ	હં, હું
સ૦	હિ, હું, હિં, ઇ, એ	હિં, સુ

જૂની ગુજરાતીમાં વિભક્તિપ્રત્યય

પ્ર. કંઈ નહિ, ઉ
દ્વિ. ,, ,,
તૃ. ઇ, ઈં
ચ. નઇં
પ. તઉ, તું, હુંતઉ; હૂંતઉ, હૂંતી (હુંતી), થઉ, થકઉ, થિકા, થિકુ
ષ. તણુ, સ, હ, ચા–ચી, નો–ની, ક, ર, ણી, લા, તણઉ, નઉ
સ. ઇ, ઈં, કિહિં

પ્રથમા—સંસ્કૃતમાં પ્રથમા એકવચનનો પ્રત્યય સ્ છે. તેનો અકારાન્ત નામમાં વિસર્ગ થઈ, વિસર્ગનો ઉ થઈ, સંધિનિયમ પ્રમાણે અ ને ઉ મળીને ઓ થાય છે; જેમકે રામો વ્રજતિ. આ ઓકારાન્ત રૂપ ઘણું જોવામાં આવ્યાથી પ્રાકૃતમાં ઓ પ્રત્યય દાખલ થયો. અપભ્રંશમાં ઓનું ઉ, ઉં થયું. સ્વાર્થિક ક પ્રત્યયાન્ત નામનો ક્ અપભ્રંશમાં લોપાય છે અને તેમાંના અનો ઉં થાય છે. ગુજરાતી ને મારવાડીમાં અઉ નો ઓ થયો છે; જેમકે 'બકરો.'

સં૦		અપ૦	
,,	गाहितः		ગાહિઉ
,,	गाहितम्	,,	
,,	गाहितकम्	,,	ગાહિઉં
,,	भग्नकम्	,,	ભગ્ગઉં
,,	नाथितः	,,	નાથિઉ

કાન્હ૦ પ્ર૦—

રીસાવીઉ મૂલગુ પ્રયાન કરી પ્રતિજ્ઞા **નીમ્યૂં** ધાન ॥ ૧. ૧૪

રીસાવીઉ–રિસાવ્યો. (પું૰માં છે.)

નીમ્યૂં–નપું૰માં છે.

જિણિ જમુનાજલિ ગાહીઁઉં (ગાહ્યું નપું.) ॥ ૧. ૩

મુગ્ધબોધ ઔક્તિકમાંના દાખલા—

(અ) **ચન્દ્ર** ઊગઇ; **જીવ** સુખ પામઇ; **શિષ્ય** પૂછઇ.

(આ) **મૈત્તુ** નાચઇ (મૈત્ર); **ધર્મુ** સુખ નઇ કારણિ હુઇ.

ચૈત્તુ લોક સિઉં (સાથે) વાત કરઇ.

ચૈત્તતણુઉં **ધનું** (ધન) ગામિ છઇ.

દ્વિતીયા—સંસ્કૃતમાં ને પ્રાકૃતમાં સામાન્ય રીતે પ્રથમા ને દ્વિતીયાનાં બહુવચનનાં રૂપ સરખાં છે. પ્રાકૃતમાં ને અપભ્રંશમાં બહુધા પ્રથમા ને દ્વિતીયાનાં બંને વચનનાં રૂપ સરખાં છે. પ્રત્યયનો બહુધા લોપ થાય છે.

અપ્રત્યય દ્વિતીયા—

કાન્હ૦ પ્ર૦માંના દાખલા:—

તે તેડી પૂછ્યા **સૂરતાણિ** ॥ ૨. ૧૧

તે તેડી=તેમને તેડી

મોટે રાજિ લાજ **અહ્મ** આવી ॥ ૨. ૭૬

અહ્મ=અમને

મુગ્ધબોધ ઔક્તિકના દાખલા—

વાત કરઇ; **તપ** કરઇ; ગુરુ-તણુઉં **વચન** હુઉં **સાંભલઉ**; **શાસ્ત્ર** પઢતઉ (પઢતો).

સપ્રત્યય દ્વિતીયા—

પ્રત્યયયવાળું રૂપ દાખલ થયું ત્યારે મૂળ પ્રથમાના જેવુંજ રૂપ દ્વિતીયાનું હતું. 'ઉ' પ્રત્યય પ્રથમા ને દ્વિતીયા બંનેનો છે.

મુગ્ધબોધ૦—

ચૈતુ **કટુ** કરઇ (કટ=સાદડી); **સંસારુ** તરઇ (સંસાર); ગુરિ **અર્થુ** કહતઇ (ગુરુ અર્થ કહતે સતે–સતિ સપ્તમી; અર્થુ= અર્થ); કિમું બોડતઉ ? **હલુ** (હળ).

'ને' પ્રત્યય—બીજી વિભક્તિનો 'ને' પ્રત્યય ખરૂં જોતાં ષષ્ઠીના પ્રત્યયનું રૂપાન્તર છે. 'ને' પ્રત્યય ચોથી વિભક્તિનો પણ છે.

મુગ્ધબોધ૦—

ઇકાર–**નઈં** બોલિવઇ (ઇકારને બોલવાં).

ભાષાશાસ્ત્રી **બીમ્સ** એ પ્રત્યય 'લગી' માંથી વ્યુત્પન્ન કરે છે. મરાઠીમાં લા પ્રત્યય દ્વિતીયા ને ચતુર્થીનો છે. એનું પ્રાચીન રૂપ 'લાગુનિ–લાગી' છે. નેપાળી 'લાઈ' એની સાથે સંબદ્ધ છે. લગ્–લાગવું, એ ધાતુ પરથી એ શબ્દ આવ્યો છે. હિંદીમાં સાદામાં સાદું રૂપ 'લગ', 'લગી' છે. 'લ' ને 'ન' સહેલાઈથી બદલાય છે; તેથી હિંદીમાં કેટલીક ગ્રામ્ય બોલીમાં 'લેં'નું 'નેં' કે 'ને' થાય છે અને તે ચોથીમાં વપરાય છે. 'લગિ' એ કૃદન્તરૂપની સાથે 'ને' પ્રત્યય જોડાયલો છે. 'લગિ'નું 'લઇ' થઈ 'લૈ', 'નૈ', અને 'ને' થયું છે.

'લગુન' ઉપરથી 'ગ્' લોપાઈ 'લ્'નો 'ન્' થઈ પંજાબીમાં બીજી વિભક્તિનો પ્રત્યય 'નું' થયો છે.

બંગાળીમાં 'લ્'નો 'ર્' થઈ બીજીનો પ્રત્યય 'રે' થયો છે.

આવું ભાષાશાસ્ત્રી **બીમ્સ**નું મત છે. ડૉ. ભાંડારકર એ મતના નથી. તેઓ ધારે છે કે ષષ્ઠી તેમજ દ્વિતીયા ને ચતુર્થીના પ્રત્યય અપભ્રંશ 'તણ' પરથી આવ્યા છે. તણેણ (તણની તૃતીયા) પરથી ણ લોપાઈ, અનુનાસિકની અસર પૂર્વ સ્વર પર થઈ તર્ણે થયું છે દેવેણનું દેવેં થાય છે તેમ). પછી ત લોપાઈ નેં (મૂળ સંસ્કૃત તન પ્રત્યય છે–સાયંતન, અદ્યતન, પુરાતન, વગેરેમાં છે તે) થઈ અનુસ્વાર લોપાઈ ને થયું છે.

ડૉ. ભાંડારકરનું ધારવું ખરૂં લાગે છે. મુગ્ધબોધ૦ માં નીચે પ્રમાણે છે:—

ગુરુ–**તણઉં** વચન (ગુરુ–તણું)

એ **બિહુઇ**–નઇ યોગિ (બેને યોગે–બેના યોગમાં)

વર્ગ–તણા ત્રીજા અક્ષર રહિં પદાન્તિ (પદાન્તે વર્ગના ત્રીજા અક્ષરને બદલે)

અન્યાદિક-નઉ યેાગુ (અન્યાદિકનેા યેાગ)

જે કર્તા-નઉ અથવા કર્મ-નઉ આધાર હુઇ તે અધિકરણ.

આમ, તણુઉ-નઉ સમાન અર્થના છટ્ઠીના પ્રત્યય છે; તે પરથી 'નેા-ની-નું' એ પ્રત્યયેાનેા સંબંધ સં. તન, પ્રા. તણ સાથે ખુલ્લેા જણાય છે. બીજી ને ચેાથી વિભક્તિનેા પ્રત્યય 'ને' સમાન છે. પ્રાકૃતમાં ચેાથી વિભક્તિનું સ્થળ છટ્ઠીએ લીધું છે, તે વ્યાપક અર્થમાં વપરાય છે. ચેાથીના અર્થમાં છટ્ઠી વપરાય છે.

વિવેકિઉ **મેાક્ષ-નઇ** કારણિ ખપઇ (વિવેકી મેાક્ષને કારણે યત્ન કરે છે.) મુગ્ધ૦

મેાક્ષ-નઇ કારણિ-મેાક્ષને કારણે, મેાક્ષને કાજે, મેાક્ષને માટે.

આ કારણથી 'ને' પ્રત્યય તેમજ છટ્ઠીના પ્રત્યય 'નેા-ની-નું' સં. તન, પ્રા. તણ ઉપરથી વ્યુત્પન્ન થયેા છે એ યુક્ત લાગે છે.

ડૉ૦ ટેસિટેારિ 'ને' પ્રત્યય 'કન્હઇ' પરથી વ્યુત્પન્ન કરે છે. 'નઇ', 'નિ', 'નિ' એ 'ને'નાં પ્રાચીનરૂપ છે. 'કન્હઇ' (કને=પાસે) એ અપભ્રંશ કણ્ણહિં પરથી આવ્યું છે ને તે સં. કર્ણ શબ્દ ને સપ્તમીના પ્રત્યય સ્મિન્ પરથી થયું છે.

'જિમ વાટભૂલા-નઇ કેાઇ એક વાટ દેખાડઇ.' 'નઇ' ને 'કન્હઇ'ના વ્યુત્પત્તિખરા અર્થ ને રચના એકજ છે, માટે 'નઇ' એ 'કન્હઇ' પરથીજ આવ્યું છે એમ ડૉ. ટેસિટેારિનું મત છે. મારવાડીમાં 'કનઇ' ને 'નૈ'-'નઇ' છે. 'આવ્યા રા-કન્હિ'-આવે સ્થળે 'કન્હિ'ને બદલે 'નઇ' વપરાશે નહિ; માટે એ મત યુક્ત નથી.

પંજાબી, ગુજરાતી, ને રાજસ્થાનીમાં બીજી ને ચેાથીનેા પ્રત્યય છટ્ઠીના પ્રત્યયને સાતમીનેા પ્રત્યય લગાડવાથી થાય છે. રાજસ્થાનીમાં ચતુર્થીનેા પ્રત્યય ને કે 'નૈ' છે; માળવીમાં 'નેં' અને જયપુરી, મારવાડી, ને મેવાટીમાં ન છે.

તૃતીયા—સંસ્કૃતમાં તૃતીયા એકવચનનેા પ્રત્યય એન છે. એ ઉપરથી ન લેાપાઈ, મરાઠીમાં, અનુનાસિકને લીધે પૂર્વ સ્વર પર અનુસ્વાર થઈ એં થયેા છે. ગુજરાતીમાં 'એ' થયેા છે, અનુસ્વાર જતું રહ્યું છે; સર્વનામમાં અનુસ્વાર રહ્યું છે; જેમકે, 'મેં,' 'તેં.'

તૃતીયા સાથે બીજા શબ્દની જરૂર—ગુજરાતીમાં તેમજ મરાઠી ને બંગાળીમાં ત્રીજી ને સાતમીનેા પ્રત્યય એક છે; તેથી તૃતીયામાં તેમાં તેના રૂપની સાથે બીજો શબ્દ વાપરવાની જરૂર પડી.

ગુજ૦—**તાવે કરીને** તે રોજ તવાતો જાય છે.

મરાઠીમાં કરૂન, કડૂન, વગેરે શબ્દો વપરાય છે; જેમકે,

શસ્ત્રે કરૂન; બાણે કરૂન; પુરુષા કડૂન

બંગાળી—નવ દલે કરિ (નવાં પાંતરાં વડે)

ઉત્કલી ને બંગાળીમાં બહુજ થોડા વિભક્તિના પ્રત્યય છે. બંગાળીમાં તૃતીયાને બદલે પ્રયોગમાં કર્તૃક, કરણક, દ્વારા, વગેરે શબ્દ વપરાય છે. ઉત્કલીમાં પણ તૃતીયાને બદલે 'દ્વારા'નો પ્રયોગ થાય છે.

એવડો પ્રત્યય—ગુજરાતીમાં સર્વનામને લાગતો 'ણે' પ્રત્યય એવડો તૃતીયાનો પ્રત્યય છે.

'ણે' માંનો 'ણ' એન, એણ પરથી એ લોપાઈ આવ્યો છે અને 'એ' એણ-માંનો ણ લોપાઈ આવ્યો છે. 'એં' ('મેં', 'તેં' માં 'એં' છે) માં મરાઠીની પેઠે ણ્‌ની અસર પૂર્વના સ્વર પર થઈ તે પર અનુસ્વાર થયું છે.

જૂની ગુજરાતીના દાખલા નીચે આપ્યા છે:—

કાન્હ૦ પ્રબ૦માંથી—

૪ તિજ્યા **પાતસાહઇ** પરધાન । ૧.૨૮ (પાદશાહે)
એક દુર્ગ **મઇ** પ્રાણિ લીઉ । ૩.૨ (મેં)

૬ રાઉલ ભણઇ 'વીર **આકૃણીઇં** આપણું મ વખાણિ' ।
(આપણે)
એક ઊંધાડા વસ્ત્રવિહીણ; **ભૂખઇં કરી** એક થાઇ ખીણ
(ભૂખે કરીને)

મુગ્ધ૦ માંથી—

૬ જીવ **ધર્મિઇં** સંસારૂ તરઇ. (ધર્મે)
શ્રાવકિઇં દેવ પૂજિઉ. (શ્રાવકે, ભક્તે)
શિષ્યિઇં પઠિતઉં હુઉં સાંભલઉં. (શિષ્યે પઠિતું–પઢાતું હું સાંભળું.)
એ ગ્રન્થ **સુખિઇં** પઢાયઇ. (સુખે પઢાય–પઢી શકાય.)

૪ **કિસિઇં** તરઇ? **ધર્મિ** (ધર્મે).

ભાલણ–કાદમ્બરીમાંથી—

૪ **આકૃણીઇ** પડિઆં ફલ ઉત્તમ; પૂરણ ભરિઉં પાત્રા કડ૦૧૪
(પોતાની મેળે, આપણે)

તેહિ સાથિ ગ્યુ આકાશિ હું જોઇ નિ થઈ નિરાશ । કડ૦૧૯

(તેહિ=તેહ-ઇ, તૃતીયા, સંસ્કૃત રચના, સહની **સાથે** સંસ્કૃતમાં તૃતીયા આવે છે તેમ)

ચતુર્થી—બીજીનો ને ચોથીનો પ્રત્યય એકજ છે. જૂની ગુજરાતીમાંના થોડાક દાખલા નીચે આપ્યા છેઃ—

મુગ્ધ૦માંથી—

જેહ **વસ્તુ-નઈં** પરિત્યાગ સૂચીઇ. (જે વસ્તુને { માટે } પરિત્યાગ સૂચવાય છે.)

વિવેકિઉ **મોક્ષ-નઈ કારણિ** ખપઇ. (મોક્ષને કારણે)

દાનવાચક ક્રિયાપદ પછી ચોથીના અર્થમાં પછીવાચક 'રહઈં' વપરાય છે; જેમકે,

જેહ રહઈં દાન દીજઇ. (જેને દાન અપાય છે.)

પંચમી—સંસ્કૃતમાં તદ્ સર્વનામનું સપ્તમીનું એકવચન તસ્મિન્ થાય છે. એ રૂપ પરથી પ્રાકૃત ને અપભ્રંશનું રૂપ 'તહિં' થયું છે. આમાંના 'હ્' મહાપ્રાણની અસરથી 'ત્' અલ્પપ્રાણનો 'થ્' મહાપ્રાણ થઈ 'થી' રૂપ થયું છે. મૂળ સપ્તમીનો અર્થ હતો તે પંચમીનો થયો છે.

હિંદીમાં સે પ્રત્યય છે, તેનો અર્થ 'સાથે' થાય છે અને તે સમમ્ પરથી આવ્યો છે. જૂનું રૂપ સોં હતું.

સિંધીમાં 'સાં,' 'સેં,' છે. ગુજરાતીમાં 'શું,' 'શે' કવિતામાં વપરાય છે તે આની સાથે સંબદ્ધ જણાય છે.

બંગાળીમાં પાંચમીનું રૂપ નથી, તેને બદલે 'હૈતે', 'હોઇતે' વપરાય છે. એ મૂળ વર્તમાન કૃદન્તની સપ્તમી છે.

અપભ્રંશમાં હોન્તઉ (વર્તમાન કૃદન્ત ભવન્) રૂપ પંચમીના અર્થમાં વપરાય છે; જેમકે,

જહાં હોન્તઉ આગદો (યતઃ ભવન્ આગતઃ—જ્યાંથી થતો આવ્યો.)

તહાં હોન્તઉ આગદો (ત્યાંથી થતો આવ્યો.)

કહાં હોન્તઉ આગદો (ક્યાંથી થતો આવ્યો?)

તુમ્હહં હોન્તઉ આગદો (તમારી પાસેથી થતો આવ્યો.)

મહુ હોન્તઉ ગદો (મારી પાસેથી થતો ગયો.)

મજ્ઝ–જ્જુ હોન્તઉ ગદો (મારી પાસેથી થતો ગયો.)

અમ્હહં હોન્તઉ આગદો (અમારી પાસેથી થતો આવ્યો.)

ઉપલા દાખલા હેમચન્દ્રના પ્રાકૃત વ્યાકરણમાંના છે. એ હોન્તઉ ઉપરથી થયલું 'હૂંતુ' રૂપ પંચમીના અર્થમાં જૂની ગુજરાતીમાં મળે છે.

કાન્હ૦—માંથી—

'**પાટણ હૂંતુ** આન તેડાવું,' ધમ બોલઇ સુરતાણુ। ૨. ૭૮

(પાટણથી)

તઉ, તુ, થઉ, થકઉ, હુંતઉ–આ જૂના પ્રત્યયો છે.

મુગ્ધ૦—માંથી

તારા–તઉ; તારા–થઉ; તારા–થકઉ; તારા–હુંતઉ=તારાથી

વૃક્ષ–તઉ પાન પડઇ (વૃક્ષથી).

દાન–તઉ–હુંતઉ–થઉ–થકઉ=દાનથી

જેહુ–તઉ–હુંતઉ–થઉ–થકઉ=જેથી

'**દેવાલા–તુ** પાછઉ વલિઉ હૂતુ' (દેવળથી પાછો વળ્યો હતો; 'હૂતુ' વર્ત૦ કૃ. છે). નીચેનો ઉલ્લેખ હેમચન્દ્રના 'યોગશાસ્ત્રની છાયા'માંથી ડૉ. ટેસિટોરિ આપે છે.

'**કર્મક્ષય આત્મજ્ઞાન હુંતી** હુઇ' (આત્મજ્ઞાનથી થાય છે).

'**મરણ હૂંતઉ** રાખિઉ' (મરણથી રાખ્યો–બચાવ્યો).

('ષષ્ટિશતક'માંથી)

હિંદીમાં પંચમીના જૂના પ્રત્યયો તેં, તે, થી હતા. પંજાબીમાં તે છે. સંસ્કૃત તસ્ પરથી પ્રાકૃત તોદ્વારા 'તેં' ને 'તઉ' આવ્યા છે.

'થઉ,' 'થકઉ' એ જૂના પ્રત્યયો પરથી 'થી,' 'થકી' આવ્યા છે. 'થકો', 'થકી', 'થકુ', એ વિકારી રૂપ છે. 'થઉ' એવું જૂનું રૂપ છે તે સ્થિતઃ–થિઉ પરથી આવી શકે છે. આ કારણથી 'થી' ને 'તહિં' પરથી વ્યુત્પન્ન કરવાને બદલે, એનું પૂર્વ રૂપ 'થઉ' હોવાને લીધે 'સ્થિત' પરથી વ્યુત્પન્ન કરવું વધારે યુક્ત છે.* 'હુંતઉ' માંનો 'હું' લોપાઈ 'હૂ' મહાપ્રાણથી 'ત્' નો 'થ્' થઈ 'થઉ' થઈ શકે છે એમ ડૉ. ટેસિટોરિ કહે છે. વળી 'થી' એ સમભ્યન્ત વર્ત૦ કૃદ૦ 'હતિક'નું

* રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ પ્રકાશિત ભાલણકૃત 'કાદમ્બરી'નું ટિપ્પણ જુઓ, પૃ. ૧૭૫.

સંક્ષિપ્ત રૂપ છે; તેમજ 'થઇ' (અવ્યય ભૂ. કૃ.) પરથી પણ 'થી' થઈ શકે એમ ડૉ. ટેસિટોરિ બેત્રણ રીતે વ્યુત્પત્તિ આપે છે. 'હોન્તઉ' એ વર્ત૦ કૃ૦ પંચમીના અર્થમાં અપ૦માં વપરાયો છે તેથી તે પરથી કાઢેલી વ્યુત્પત્તિ સ્થિતઃ પરથી ઉપજાવેલી વ્યુત્પત્તિ કરતાં એક રીતે ઠીક લાગે છે. બીજી વ્યુત્પત્તિઓ ઠીક લાગતી નથી. 'થકઉ' માં 'ક' સ્વાર્થવાચક છે અને તે સં. અકચૂ પ્રત્યયની પેઠે 'ટિ'ની-અન્ત્ય એકાયૂની-પૂર્વે આવ્યો છે.

ભાલણ—

નીડ થકુ તવ પડયુ નીસરી, શીયાણિ કે લીધુ હરી. પૃ. ૨૯

આમાં 'થકુ' વિકારી છે. સ્થિતઃ-થિઓ-થિઉ-થઓ-થઉ-થકઓ-થકઉ-થકો-થકુ.

ડી ('થી' ને ઠેકાણે જૂનો પ્રત્યય)

દીસિ અગાસિ **તાવડિ** દાઝઈ (તાપથી). કાન્હ૦ ૧. ૧૫૨

ષષ્ઠી—આર્ય દેશી ભાષાઓમાં ષષ્ઠી વિશેષણવિભાક્ત છે. એના પ્રત્યયો નીચે પ્રમાણે છેઃ—

હિંદી	પંજાબી	સિંધી	બંગાળી	ઉર્દૂ
કા, કે, કી	દા, દે, દી	જો-જી	એર	અર

મરાઠી	ગુજ૦	માળવી ને મારવાડી
ચા, ચી, ચે	નો-નીનું	રો-રા-રી

વળી હિંદીમાં 'કર' ને ગુજરાતીમાં 'કેરો-કેરી-કેરું' વપરાય છે.

આમાં હિંદી પ્રત્યય કા મૂળ કૃત-કઅ પરથી વ્યુત્પન્ન થયો છે.

તુલસીદાસમાં 'કર' ઘણું સામાન્ય છે.

કપિકર વચન સપ્રેમ સુનિ (કપિનું)

સબકર આજુ સુકૃત ફલ બીતા (સર્વનું).

કર—સંસ્કૃતમાં કર=કરનાર છે; શ્રેયસ્કર, યશસ્કર, વગેરેમાં એ કર (કૃ ધાતુ પરથી) છે. એ પરથી 'કર'નો અર્થ 'લગતું' થયો. મરાઠીમાં કર છઠ્ઠીના અર્થમાં વપરાય છે—ચિપલૂનકર, પૂર્ણેકર, અગરકર.

કાર—કરની પેઠે કાર પણ સંસ્કૃતમાં વપરાય છે. કુમ્ભકાર, લોહકાર, સુવર્ણકાર વગેરેમાં કાર છે.

કારનો ક્ લોપાઈ આર રહ્યો, તે હિંદીમાં તુમ્હારા, હમારા, ગુજરાતીમાં 'તમારા', 'અમારા', 'તારા', 'મારા'માં જોવામાં આવે છે.

કેરો-કેરી-કેરું—આ રૂપો હિંદીમાં પણ જોવામાં આવે છે.

–'દૃષ્ટિ ચાહુવાન કેરી'

'અંધા કેરી લાકડી હું દુર્બળનું ધન

ચંપક કેરો બેટડો * * * સામળ–પદ્માવતી

કેર કાર્ય પરથી વ્યુત્પન્ન થયો છે. જેમ આશ્ચર્યનું પ્રાકૃતમાં અચ્છેર થાય છે, તેમ કાર્યનું 'કેર' થાય છે. કાર્ય=°નું કામ, તેને લગતું કંઈ, એમ એમાં ષષ્ઠીનો અર્થ રહેલો છે.

અપભ્રંશમાં કેર સંબંધવાચક પ્રત્યય તરીકે વપરાય છે ('केर इदमर्थे' ॥ षड्भाषा० २।११८). તુમ્હકેરો, અમ્હકેરો–તમારો, અમારો. કેરનો ક્ લોપાઈ એર થાય છે. હિંદીમાં તેરા, મેરામાં એર પ્રત્યય છે.

કરમાંનો ક લોપાઈ મારવાડીમાં રો, રા, રી થયા છે.

ઉત્કલીમાં છઠ્ઠીનો પ્રત્યય એકવચનમાં અર ને બહુવચનમાં કર છે. બંગાળીમાં સર્વનામમાં કર હતો. હવે કેટલેક સ્થળે કાર વપરાય છે.

મરાઠી પ્રત્યયો ચા, ચી, ચેં સંબંધાર્થક ત્યક્ પરથી આવ્યા છે. દાક્ષિણાત્ય, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય માં એ સંસ્કૃત ત્ય પ્રત્યય છે. નૃત્યતિનું નચ્ચઇ, સત્યનું સચ્ચ થાય છે, તેમ ત્યપરથી મરાઠી પ્રત્યયો ચા–ચી–ચેં આવ્યા છે.

સિંધીમાં જો-જી છે તે સંબંધવાચક યત્ (ય) પરથી વ્યુત્પન્ન થયો છે. ય પ્રત્યય દન્ત્ય, ધર્મ્ય, ઓષ્ઠ્ય, વગેરેમાં છે તેજ છે.

પંજાબીમાં દા-દે-દી, દાના ભૂ. કૃ. દઅ (કૃત-કઅને સાદૃશ્યે) પરથી થયા જણાય છે.

ડૉ. ટેસિટોરિ કહે છે કે ભાષાશાસ્ત્રીઓએ અત્યાર સુધી સં. તન પરથી અપ૦ તણઉ વ્યુત્પન્ન કર્યું છે, પણ તે યુક્ત નથી. સાધારણ રીતે નામયોગીઓ નામ કે વિશેષણ હોય છે, તેવું તન નથી એ મુખ્ય વાંધો છે. માટે તણઉ એ અપ્પણઉ (આત્મન્ પરથી)નો આદિ અ લોપી તેમજ એક પ્ લોપી બીજાનો ત્ કરવાથી થઈ શકે છે (આત્માનું પ્રા.માં અપ્પા–અત્તા બંને થાય છે). આજ પ્રમાણે મરાઠી ચા–ચી–ચેં પણ સં. કૃત્યકઃ અપ૦ કિચ્ચઉ પરથી વ્યુત્પન્ન કર્યું છે.

ડૉ. ટેસિટોરિની કલ્પના સ્વીકાર્ય નથી. 'અપ્પણઉ' એ 'તન' જેવું સામાન્ય-સંબંધવાચક નથી.

અપભ્રંશમાં ષષ્ઠીના એકવચનના પ્રત્યય સુ, સ્સુ, ને હો ને બહુવચનનો પ્રત્યય હં ને ઇકારાન્ત ને ઉકારાન્ત પછી હું પણ છે. અકારાન્ત નામના સંસ્કૃત ષષ્ઠીના એકવચનના પ્રત્યય સ્ય પરથી એ પ્રત્યયો વ્યુત્પન્ન થયા છે.

અપભ્રંશ—

મહુ કન્તહો બે દોસડા (મારા કાન્તના બે દોષ છે).

દ્રઢુ ઘડાવઇ વણિ **તરુહું** સઉણિહં પક્ક ફલાઇં।

(દૈવ ઘડે છે વનમાં તરુઓનાં શકુનોનાં-પક્ષીઓનાં પાકાં ફળ-દૈવ પક્ષીઓ માટે તરુઓનાં પાકાં ફળ ઘડે છે).

જો ગુણ ગોવઇ અપ્પણા પયડા કરઇ પરસ્સુ।

તસુ હઉં કલિ-જુગિ દુલ્લહહો વલિ કિજ્જઉ **સુઅણસ્સુ** ॥

(જે ગુણ ઢાંકે છે પોતાના, પ્રકટ કરે છે પારકાના, તેની હું કલિયુગમાં દુર્લભની, પૂજા કરું, સુજનની--જે પોતાના ગુણ ઢાંકે છે ને પારકાના પ્રકટ કરે છે તે દુર્લભ સુજનની હું કલિયુગમાં પૂજા કરું છું.)

આ પ્રત્યયોમાંના સ, હ જૂની ગુજરાતીમાં આવ્યા છે.

કાન્હ૦

સ **તસ** ધરણી ધરિ રાખી રાઇ। ૧.૨૬

તાસ તણા ગુણ વર્ણવું। ૧.૫ (બેવડી ષષ્ઠી)

હ કાન્હ તણઈ સંપત્તિ ઇસી જિસી ઇન્દ્રહ ઘરિ રિદ્ધિ। ૧.૯

સુંદર **સહુકારહ** મંજરી કોકિલ બોલિ ચંચિ ધરી (ભાલણ-કાદમ્બરી, કડ૦૬)

'તણુ,' 'ચો,' 'ક,' 'ર', 'લા,' 'નો,' 'ણો'—

જૂની ગુજરાતીમાં આ પ્રત્યયો પણ માલમ પડે છે.

કાન્હ૦—

પદ્મનાભ પંડિત સુકવિ, વાણી વચન સુરઙ્ગ;

કીરતિ **સોનગિરા તણી** તિણિ ઉચ્ચરી સુચઙ્ગ। ૧.૪

સાચી વાત સુણી સુરતાણિ। ૧.૧૯

(સુરતાને તેની વાત સુણી)

ભાજી દેસ **દેવકઈ** પાટણિ દલ દેખન્તા આવ્યા। ૧.૭૭

(દેવને પાટણે, છઠ્ઠી સાથે સાતમી)

કિમ **ગોહુર** સાહિ દેવરાઇ, અઙ્ગિ એતલી આહિ।

(ઘોર પ્રાન્તનો–ઘોરી મુસલમાન દેવરાજને–સોમનાથને કેમ પકડે એટલી અંગમાં આહ્ય–ચિન્તા હતી.)

પીતલહર વાજતાં પાગડાં। ૧.૧૬૦

(બેવડી ષષ્ઠી—હ+૨)

આવ્યાં દર **સુંદરલા** તીર। ૩.૧૪૮

(સુંદર તળાવને તીર)

સારૂં કટક **રાઉલુ** લીઉં। ૩.૧૭૭ (રાજનું)

નો–ની–નૂં

સુરતાણની વાણી સુણી ગ્યા પરધાન કાન્હડદે ભણી। ૧.૩૦

સોમનાથનૂં લિઙ્ગ ચડાવઉ। ૧.૬૮

ણો–ણી–ણું

આસણી ઊડી રજ। ૧–૧૬૦ (અશ્વિની)

મુગ્ધ૦માં 'તણુઉ–ણુઉં'ના દાખલા માલમ પડે છેઃ—

તારા–તણુઉ; તારા–નઉ; ગુરુ–**તણુઉં** વચન

એ **બિહુઇ–નઇ** યોગિ (ષષ્ઠી સાથે સપ્તમી, એઉને)

લિંગ છેહિલા **શબ્દ–તણુઉં** હુઇ ([દ્વન્દ્વમાં] લિંગ છેલ્લા શબ્દનું થાય છે).

ખરૂં જોતાં હિંદીમાં ઘોડે–કા (ષષ્ઠી) એ સમસ્ત શબ્દ જેવો છે. પ્રાકૃતના નિયમ પ્રમાણે ક્, ગ્, ચ્, જ્, ત્, દ્, પ્, ય્, ને વ્, એ વ્યંજનો અનાદિ અને અસંયુક્ત હોય ત્યારેજ લોપાય છે; પદના આદિ હોય તો લોપાતા નથી. કા પ્રત્યય કૃત–કઅ પરથી વ્યુત્પન્ન થયો છે એ ઉપર દર્શાવ્યું છે. કઅ એ પદ છે અને ક્ તેનો આદિભૂત વર્ણ હોવાથી લોપાયો નથી; અથવા લોપાયો નથી તેથી તે પદનો આદિભૂત છે એમ સમજવું. ન્યાથી ઘોડે–કા એ બે પદ છે. હિંદીમાં ષષ્ઠી સાહાય્યક શબ્દ ઉમેરવાથી થઈ છે.

એથી ઉલટું, ગુજરાતીમાં 'ઘોડાનો' એ એક શબ્દ છે. 'નો' તન–તણ પરથી વ્યુત્પન્ન થયો છે. એમાંનો ત્ લોપાયો છે તેથી તે પદનો આદિ નથી. આ રીતે 'ઘોડાનો' એ એકજ પદ છે. ગુજરાતીમાં છઠ્ઠી વિભક્તિ સાહાય્યક શબ્દથી નહિ, પણ પ્રત્યયથી થઈ છે.

સપ્તમી—ગુજરાતીમાં બે પ્રત્યય છે, 'એ' ને 'માં'. 'એ' પ્રત્યય તૃતીયાનો પણ છે. તેની વ્યુત્પત્તિ ત્યાં દર્શાવી છે. 'માં' મધ્યે પરથી આવ્યો છે.

મધ્યનું મજ્ઝ કે મદ્ધ થઈ તે પરથી માઝ કે માધ થઈ, માહ થઈ 'મા' કે 'માં' થયું છે.

પંચમી પણ સપ્તમીના અર્થમાં વપરાય છે (તસ્માત્–તહાં–તાં) તેથી પંચમ્યન્ત અપ૦ મજ્ઝહુંનું માહાં–મ્હાં–માં થઈ શકે.

હિંદી ને સિંધીમાં 'મેં' પ્રત્યય છે. જૂની હિંદીમાં મધ્ય, મધિ, મદ્ધિ, મજ્ઝિ, મજ્ઝાર, માંહી, વગેરે રૂપો કવિતામાં વપરાયાં છે.

બંગાળી ને ઉત્કલીમાં છઠ્ઠી સાથે મધ્યે મૂકી સાતમી દર્શાવાય છે.

મરાઠીમાં અન્તર્ પરથી ત થયું છે; જેમકે ઘરાંત=ઘરમાં.

અપભ્રંશમાં તેમજ જૂની ગુજરાતીમાં ઇ, ઇં પ્રત્યય માલમ પડે છે. અપભ્રંશમાં હિ-હિં પણ છે.

કાન્હ૦માંના દાખલા—

ચાલી દલ **મુહડાસિ** આવ્યા । ૧.૫૧ (મોડાસામાં)
ગયણિ ન સૂઝઇ ભાણુ । ૧.૫૧ (ગગનમાં)
દીસિ અગાસિ તાવડિ દાઝઇ, **રાતિં** વાઇ ટાઢિ । ૧.૬૫૨

મુગ્ધ૦—

ચૈત્તુ ગામિ વસઇ (ગામમાં).
શબ્દ–નઇ છેહિ (શબ્દને છેડે)
મેધિ વરસતઇ મોર નાચઇ (સતિસપ્તમી).
ગોપાલિઇં ગાએ દોહીતીએ ચૈત્તુ આવિઉ.
(ગોપાળે ગાએ દોહવાતે [છતે]—સતિસપ્તમી)

કિસઇ હુંતઇ (શું હુતે છતે?) ગાએ **કિસિએ** (ગાય શું હતી ત્યારે)? **દુહીતીએ** (દોહવાતી હતી ત્યારે).

પ્રકરણ ૧૫મું
કારકમીમાંસા

'વિભક્તિ'ની અન્વર્થતા—પાણિનિ સુપ્ અને તિઙ્ બંનેને વિભક્તિ કહે છે. સુપ્ એટલે નામને જે પ્રત્યયો લાગે છે તે અને તિઙ્ એટલે ધાતુને કાળ અને અર્થના પ્રત્યયો લાગે છે તે. સુપ્ને નામિકી ને તિઙ્ને આખ્યાતિકી વિભક્તિ કહે છે. 'વિભક્તિ' એટલે વિભક્તતા, જુદાપણું. પ્રત્યયો જુદા જુદા અર્થમાં લાગે છે, માટે વિભક્તિ સંજ્ઞા પામે છે. વ્યાકરણના બીજા પારિભાષિક શબ્દોની પેઠે 'વિભક્તિ' શબ્દ અન્વર્થ છે.

કારકવિભક્તિ અને વિશેષણવિભક્તિ—નામ અને ક્રિયાપદના પરસ્પર અન્વયથી વાક્ય બને છે, તેમજ આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિ વગર વાક્ય બનતું નથી એ વાત અગાઉ કહી છે. નામના ક્રિયાપદ સાથેના સંબંધને **કારક** કહે છે. કારક એટલે ક્રિયાની સાથે અન્વયી થવું તે. 'કારક' શબ્દનો મૂળ અર્થ 'કરનાર' થાય છે; પરંતુ ક્રિયાને ઉત્પન્ન કરનારજ કારક છે એમ સમજવાનું નથી. 'કૃષ્ણ બ્રાહ્મણના પુત્રને માર્ગ પૂછે છે,' આમાં પ્રશ્ન પૂછનારનોજ શબ્દ કારક છે એમ સમજવું નહિ. એમ સમજીએ તો 'પુત્રને' એટલે જેને પ્રશ્ન પૂછ્યો છે તેનો શબ્દ કારક નહિ થાય; કેમકે તેમાં ક્રિયાનું જનકત્વ નથી. આ કારણથી 'કારક'નો અર્થ માત્ર ક્રિયાનો જનકજ નહિ પણ જેને ક્રિયાની સાથે અન્વય છે તે. 'કૃષ્ણ બ્રાહ્મણના પુત્રને માર્ગ પૂછે છે,' એમાં 'પુત્રને' પદનો અન્વય 'પૂછે છે' ક્રિયાપદ સાથે કર્મ તરીકે છે, માટે એ કારક છે.

છઠ્ઠી સિવાયની બધી વિભક્તિઓ ક્રિયાપદ સાથે સંબંધ ધરાવે છે, માટે **કારકવિભક્તિ** કહેવાય છે—

ન્યાયાધીશ તે માણસને અપરાધ માટે ન્યાયે શિક્ષા કરે છે અને કચેરીથી બંધીખાનામાં મોકલે છે.—

ઉપલા વાક્યમાં દરેક નામનો સંબંધ ક્રિયાપદ સાથે છે, માટે એ બધાં નામ કારક છે અને તેની વિભક્તિ કારકવિભક્તિ છે. આમાં છઠ્ઠી વિભક્તિનું નામ નથી. છઠ્ઠી વિભક્તિ ક્રિયાપદ સાથે સંબંધ ધરાવતી નથી; પરંતુ એક નામને અન્ય નામની સાથે જોડે છે. 'સિંહાદિ વનનાં પશુ છે'–એમાં 'વનનાં'નો અન્વય 'પશુ' જોડે છે, 'છે,' ક્રિયાપદ જોડે નથી. 'વનનાં'ને બદલે 'વન્ય' વિશેષણ વાપરવાથી એવોજ અર્થ રહેશે. આ પ્રમાણે છઠ્ઠી વિભક્તિ નામના વિશેષણ જેવી હોવાથી **વિશેષણવિભક્તિ** કહેવાય છે.

કારકના પ્રકાર—વાક્યમાં ક્રિયાનો અર્થ પ્રધાન અને નામનો ગૌણ છે. કારક ક્રિયાનું વિશેષણ છે અને તેના છ પ્રકાર છે:–કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અને અધિકરણ.

કર્તા—ક્રિયાનો કરનાર તે કર્તા એ તો સરળ ને સ્પષ્ટ અર્થ છે; પણ સહજ ઊંડા ઊતરવાની જરૂર છે. પાણિનિ કહે છે કે ક્રિયાને વિષે સ્વતન્ત્ર તરીકે જે અર્થ વિવક્ષિત છે તે **કર્તા**. વ્યાકરણમાં વિવક્ષાનું–વક્તાની ઇચ્છાનું ઘણું બળ છે. પણ સ્વતન્ત્ર તરીકે એટલે શું? ધાતુ જે ક્રિયાનો અર્થ કહે છે તે ક્રિયાના આશ્રય તરીકે જે વિવક્ષિત હોય તે તે ક્રિયાને વિષે સ્વતન્ત્ર તરીકે, વિવક્ષિત છે એમ સમજવું. 'તરવાર કાપે છે,' આમાં કાપનાર તો માણસ છે ને તરવાર તો કાપવાનું સાધન છે, તોપણ અહિં તેની કાપનાર તરીકે વિવક્ષા હોવાથી તે કર્તા છે. કાપવાની ક્રિયા ઘણી સહેલાઈથી થઈ છે એમ **ક્રિયાસૌકર્ય** દર્શાવવાને માટે કાપનાર માણસનું કર્તૃત્વ અવિવક્ષિત છે. 'તરવાર કાપે છે' એમાં કરણજ કર્તા તરીકે વિવક્ષિત હોવાથી એ રચના **કરણકર્તરિ** કહેવાય છે.

સ્વતન્ત્રતા—બધાં સાધનોનો ચલાવનાર કર્તા હોવાથી કર્તા સ્વતન્ત્ર કહેવાય છે. કર્તાને અમુક ફળની કામના થાય છે ત્યારે તે કરણાદિ કારકો એકઠાં કરે છે; પરંતુ તે જાતે એ કારકો મેળવતા

પહેલાંજ શક્તિમાન્ અને સ્વતન્ત્ર છે. ક્રિયામાં પ્રવૃત્તિ ને ક્રિયામાંથી નિવૃત્તિને માટે સાધનો કર્તાનેજ અધીન છે; કારણ કે કર્તાજ તેનો પ્રયોગ કરે છે, સાધનો કર્તાનો પ્રયોગ કરી શકતાં નથી. અન્ય કારકોને અભાવે પણ 'છે,' 'હોય છે,' એવી ક્રિયામાં કર્તા તો હોય છેજ. ક્રિયા સાધવામાં કર્તા કરતાં અન્ય સાધનોનું કામ વધારે સમીપનું છે; કારણ કે સાધનોથી લાગલીજ ક્રિયા નિષ્પન્ન થાય છે અને કર્તા તો સાધન-દ્વારા ક્રિયા સાધે છે; તોપણ ઉપર બતાવેલાં કારણોને લીધે કર્તાને સ્વતન્ત્ર કહ્યો છે. 'સ્વ' એટલે પોતે અને 'તન્ત્ર' એટલે પ્રધાન. કર્તા પોતે જાતેજ પ્રધાન છે; કરણાદિ તો કર્તાને પરતન્ત્ર છે; કેમકે ક્રિયા સાધવામાં તે તેનાથીજ પ્રયોજાય છે.

કર્તાના પ્રકાર—'પ્રયોગસગ્રહ' નામના ગ્રન્થમાં વરરુચિ કર્તાના પાંચ પ્રકાર આપે છે:–

(૧) સ્વતન્ત્ર કર્તા–

દેવદત્ત પુણ્ય કરે છે.

સજ્જનો મૈત્રી બાંધે છે.

આમાં 'દેવદત્ત' અને 'સજ્જનો' ક્રિયામાં સ્વતન્ત્ર તરીકે વિવક્ષિત હોવાથી **સ્વતન્ત્ર કર્તા** કહેવાય છે.

(૨) હેતુકર્તા–

વિદ્વાનો વિનીત પુરુષને હિત પ્રાપ્ત કરાવે છે. પ્રેરક રચનાનો કર્તા ક્રિયાનો પ્રયોજક હોવાથી **હેતુકર્તા** કહેવાય છે.

(૩) કર્મકર્તા–

દુષ્ટ જનના **દોષ** જાતેજ દેખાય છે.

આ વાક્યમાં કર્તૃકર્મણિ રચના છે. 'દૃશ' ધાતુ પરથી 'દેખાય છે' એ કર્મણિ રૂપ છે. એમાં 'દેખનાર' કર્તા ને 'દેખવાની વસ્તુ' કર્મ એકજ છે. 'દોષ' કર્મ છે તેજ કર્તા છે, માટે એ કર્તા **કર્મકર્તા** કહેવાય છે.

(૪) અભિહિત કર્તા–

દેવદત્ત પુસ્તક લખે છે.

આમાં 'લખે છે' એ ક્રિયાપદ કર્તાનું અભિધાન કરે છે. એ રૂપથી કર્તા અભિહિત–કહેવાયલો છે, માટે **અભિહિત કર્તા** કહેવાય છે.

(૫) અનભિહિત કર્તા–

દેવદત્ત વડે પુસ્તક લખાય છે.

દેવદત્તે પુસ્તક લખ્યું.

આ વાક્યોમાં ક્રિયાપદો કર્તાનું નહિ પણ કર્મનું અભિધાન કરે છે. રચના કર્મણિ છે, માટે 'દેવદત્ત' એ **અનભિહિત** કર્તા છે, એટલે ધાતુને લગાડેલા પ્રત્યયે જેનું અભિધાન કર્યું નથી એવો એ કર્તા છે.

સ્વતન્ત્ર કર્તા અને અભિહિત કર્તા—આ બે વચ્ચે કંઈજ ભેદ નથી. અભિહિતકર્તા સ્વતન્ત્ર કર્તાજ છે; પરંતુ ક્રિયાપદ કેટલેક સ્થળે કર્તાનું અભિધાન કરે છે અને કેટલેક સ્થળે નથી કરતાં એ દર્શાવવા અભિહિત અને અનભિહિત એવા પરસ્પરવિરોધી બે ભેદ કહ્યા છે. કેટલેક સ્થળે કર્મ કર્તા છે એ દર્શાવવા કર્મકર્તાનો પ્રકાર આપ્યો છે. પ્રેરક રચનામાં ક્રિયાનો પ્રયોજનાર–પ્રેરનાર કર્તા છે તે હેતુકર્તા કહેવાય છે. આમ ભિન્ન ભિન્ન ઉપાધિઓને લઈને ભિન્ન ભિન્ન પ્રકાર કહ્યા છે. બધામાં કર્તાનું સ્વાતન્ત્ર્ય છેજ.

કર્મ—

કર્તા પોતાની ક્રિયા વડે પ્રાપ્ત કરવા જેને અતિશય ઇચ્છે છે તે **કર્મ**. 'અગ્નિથી તે છોકરાને વારે છે,' એમાં વારવાની ક્રિયા છે અને એ ક્રિયા વડે પ્રાપ્ત કરવા અગ્નિ અને છોકરો બંને ઇષ્ટ છે. છોકરો અગ્નિ પાસે ન જાય તો સારૂં એવો અર્થ છે તેથી વારનારને અગ્નિ પણ ઇષ્ટ છે; પરંતુ ઇષ્ટતમ–અતિશય ઇષ્ટ છોકરો છે; માટે

'છોકરાને' એ શબ્દને કર્મસંજ્ઞા લાગુ પડે છે. 'દૂધ સાથે ભાત જમે છે,' આમાં જમવાની ક્રિયા વડે કર્તાએ પ્રાપ્ત કરવાનું દૂધ અને ભાત બંને છે; પરંતુ ભાત ઇષ્ટતમ છે, દૂધ નથી; માટે 'ભાત' કર્મ છે. આ **ઇપ્સિત કર્મ** કહેવાય છે. 'ઇપ્સિત'=ક્રિયા વડે પ્રાપ્ત કરવા ઇષ્ટ.

અનીપ્સિત કર્મ—વળી કર્તા ક્રિયા વડે જેને પ્રાપ્ત કરવા ઇચ્છે નહિ તે અનિષ્ટ કારક પણ કર્મ છે. તે **અનીપ્સિત** કહેવાય છે. 'ગામ જતાં **તૃણને** અડકે છે,' 'ઓદન જમતાં **વિષ** ખાય છે,' આ વાક્યોમાં 'તૃણ' અને 'વિષ' એ અનીપ્સિત કર્મ છે. કર્તા પોતાની ક્રિયા વડે તૃણને કે વિષને પ્રાપ્ત કરવા ઇચ્છતો નથી. ગામ જતાં તૃણને સ્પર્શ થઈ જાય છે; તૃણને અડકવાની તેની ઇચ્છા નથી, પરંતુ ગામ જવાની ક્રિયા કરતાં પૃથ્વીને સ્પર્શ કરતાં તૃણ તે પર પડયું છે તેને સ્પર્શ થાય છે. 'તૃણ' એ **ઉદાસીન** કર્મ કહેવાય છે. એજ પ્રમાણે ઓદન જમવાને ઇચ્છે છે; પરંતુ તેમાં વિષ ભરેલું હોવાથી, 'વિષ' એ ભોજનક્રિયા વડે પ્રાપ્ત કરવાનું કર્તાનું ઇષ્ટજ નથી એટલુંજ નહિ, પરંતુ દ્વેષ્ય છે, તે પણ કર્મસંજ્ઞા પામે છે. આ **દ્વેષ્ય** કર્મ છે.

ઇપ્સિત કર્મના પ્રકાર—ઇપ્સિત કર્મના ત્રણ પ્રકાર છે:—૧. નિર્વર્ત્ય; ૨. વિકાર્ય; અને ૩. પ્રાપ્ય.

જે અવિદ્યમાન પદાર્થ કર્તાની ક્રિયાથી જન્મ પામે અથવા જે વિદ્યમાન પદાર્થ જન્મ વડે પ્રકાશ પામે તેને **નિર્વર્ત્ય** કર્મ કહે છે.*

તે **સાદડી** બનાવે છે.

તે **પુત્ર** પ્રસવે છે.

'સાદડી' અને 'પુત્ર' એ નિર્વર્ત્ય કર્મ છે.

---

* સત્કાર્યવાદી સાંખ્ય અને વેદાન્તીઓ અને અસત્કાર્યવાદી નૈયાયિકો અને માધ્વો, બંનેને ઇષ્ટ થાય એવું લક્ષણ આપવા ભર્તૃહરિએ આમ બે પ્રકારે કહ્યું છે. ઉત્પત્તિપૂર્વે કાર્ય કારણસ્વરૂપે વિદ્યમાન છે એવું મત તે સત્કાર્યવાદ; અને ઉત્પત્તિપૂર્વે કાર્ય વિદ્યમાન નથી અને ઉત્પન્ન થાય છે ત્યારેજ વિદ્યમાન થાય છે એવું મત તે અસત્કાર્યવાદ.

વિકાર્ય કર્મના બે પ્રકાર છે:–એક પ્રકૃતિના વિનાશથી ઉત્પન્ન થાય તે અને બીજું પ્રકૃતિમાં સહેજ ફેરફાર થઈ, અન્ય ગુણની ઉત્પત્તિ થવાથી થાય તે.

'લાકડાને (લાકડાની) **ભસ્મ** કરે છે' એમાં 'ભસ્મ' એ લાકડારૂપી પ્રકૃતિના ઉચ્છેદથી થયલું કર્મ છે.

'સોનાનું **કુંડળ** બનાવે છે,' એમાં 'સોનું' એ પ્રકૃતિમાં ફેરફાર કરી અન્ય ગુણ લાવી 'કુંડળ' એવો વિકાર ઉત્પન્ન કરે છે; માટે એ બીજા પ્રકારનું વિકાર્ય કર્મ છે.

પ્રાપ્ય કર્મ—કર્તા પોતાની ક્રિયાથી જે કર્મ ઉત્પન્ન કરતો નથી કે જેમાં વિકાર કરતો નથી, માત્ર પોતાની ક્રિયા વડે જેને પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે **પ્રાપ્ય કર્મ** છે.

'તે **ઘડો** જુએ છે,' એમાં 'ઘડો' એ પ્રાપ્ય કર્મ છે. હરિ કહે છે કે જે કર્મમાં ક્રિયાએ કરેલા ફેરફાર પ્રત્યક્ષ જણાતા નથી કે તેનું અનુમાન થઈ શકતું નથી, તે પ્રાપ્ય કર્મ છે. 'તે **ઘડો** બનાવે છે,' એમાં નિર્વર્ત્ય કર્મ 'ઘડા'માં કુંભારની ક્રિયાથી થયલો ફેરફાર પ્રત્યક્ષ છે; કેમકે ઘડો પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે, એમ સ્વરૂપલાભ એ ક્રિયાએ કરેલો વિશેષ છે. 'સુવર્ણનું કુંડળ બનાવે છે' એમાં વિકાર્ય કર્મ 'કુંડળ'માં સોનીની ક્રિયાથી કંઈક ફેરફાર થયલો અને સુવર્ણને બદલે અન્ય ગુણવાળી વસ્તુ બનેલી પ્રત્યક્ષ છે. 'તે પુત્રસુખ અનુભવે છે' એમાં તેના મુખ ઉપર પ્રસાદના ચિહ્નથી સુખનું અનુમાન થાય છે. પ્રાપ્ય કર્મમાં કર્તાએ કરેલી ક્રિયાનો વિશેષ પ્રત્યક્ષ કે અનુમાનથી ઉપલબ્ધ થતો નથી.

આ પ્રમાણે નિર્વર્ત્ય, વિકાર્ય, અને પ્રાપ્ય, એ ત્રણ ઈપ્સિત કર્મના પેટા વિભાગ છે. અનીપ્સિત કર્મના ઉદાસીન અને દ્વેષ્ય એવા બે પેટા ભાગ ઉપર દર્શાવ્યા છે.

પ્રધાનકર્મ: ગૌણકર્મ: અકથિત કર્મ—ધાતુ દ્વિકર્મક હોય ત્યારે એક કર્મ પ્રધાન ને બીજું ગૌણ હોય છે. 'શિષ્યને ધર્મ ઉપદેશે છે,' 'છોકરાને માર્ગ પૂછે છે,' 'છોકરાને માર્ગ કહે છે,' એમાં 'ઉપદેશે છે,' 'પૂછે છે,' અને 'કહે છે,' એ ક્રિયાપદ દ્વિકર્મક છે. 'ધર્મ,' અને 'માર્ગ' એ પ્રધાન કર્મ અને 'શિષ્યને' અને 'છોકરાને' એ ગૌણ કર્મ છે.

ગૌણ કર્મને સંસ્કૃતમાં **અકથિત** કર્મ પણ કહે છે; કારણ કે ઇચ્છા હોય તો એ કર્મને અન્ય કારકથી પણ દર્શાવી શકાય. 'છોકરાને,' 'શિષ્યને,' એને

સ્થાને સંસ્કૃતમાં ચતુર્થી પણ વાપરી શકાય છે. દ્વિતીયા વપરાય છે ત્યારે એ કર્મ અન્ય કારકથી કહેવાયલું ન હોવાથી અકથિત કર્મ કહેવાય છે.

અભિહિત કર્મ—

દેવદત્ત વડે **સાદડી** બનાવાય છે.

દેવદત્તે **સાદડી** બનાવી.

આ વાક્યોમાં 'બનાવાય છે' અને 'બનાવી' એ રૂપોથી કર્મનું અભિધાન થાય છે. ક્રિયાપદ વડે અભિહિત–કહેવાયલું હોવાથી આ કર્મ **અભિહિત** કર્મ કહેવાય છે.

અનભિહિત કર્મ—

દેવદત્ત **સાદડી** બનાવે છે.

આ વાક્યમાં 'બનાવે છે' ક્રિયાપદ કર્મનું અભિધાન કરતું નથી, માટે 'સાદડી' એ **અનભિહિત કર્મ** છે. એજ પ્રમાણે 'તે લાકડાનું **ભસ્મ** કરે છે,' 'તે **ઘડો** જુએ છે,' જેવે સ્થળે 'ભસ્મ,' અને 'ઘડો' એ અનભિહિત કર્મ છે.

કરણ—ક્રિયા કરવામાં જે ઘણું ઉપકારક છે, જેના વ્યાપાર પછી લાગલી તરતજ ક્રિયાની નિષ્પત્તિ વિવક્ષિત છે એવું ઉપકારક છે, તે **કરણ** કહેવાય છે. વ્યાકરણમાં વિવક્ષાનું બળ ઘણું છે તેથી અધિકરણની પણ ક્વચિત્ કરણ તરીકે વિવક્ષા થાય છે અને 'તપેલી' રાંધવાની ક્રિયાનું અધિકરણ છે તેને કરણ તરીકે કહેવાની ઇચ્છાથી 'તે **તપેલીએ** રાંધે છે' એમ પ્રયોગ કરીએ છીએ.

ભર્તૃહરિ કહે છે કે જેના વ્યાપાર પછી લાગલી તરતજ ક્રિયા-સિદ્ધિની વિવક્ષા થાય છે તેને તે ક્રિયામાં કરણ સમજવું. ખરૂં જોતાં, અમુકજ કરણ એમ નિર્દેશ કરી શકાતો નથી; કેમકે વસ્તુ વ્યવસ્થિત નથી—આજ કરણ, આજ કર્તા, આજ અધિકરણ, એમ વ્યવસ્થા કરી શકાતી નથી. અધિકરણની કરણ તરીકે પણ વિવક્ષા થઈ શકે છે.*

* સંસ્કૃતમાં કર્તા તરીકે પણ વિવક્ષા થઈ શકે છે. 'તપેલી રાંધે છે' એમ સંસ્કૃતમાં કહી શકાય છે.

કરણના પ્રકાર--વરરુચિ બે પ્રકારનું કરણ દર્શાવે છે--**બાહ્ય** અને આભ્યન્તર. શરીરના અવયવથી જે ભિન્ન તે **બાહ્ય** અને શરીરના અવયવમાં જે આશ્રિત છે તે **આભ્યન્તર** કરણ કહેવાય છે.

દાંતરડે મનુષ્ય ડાંગર કાપે છે. } બાહ્ય કરણ
દેવદત્ત ફરસીએ ઝાડ કાપે છે. }
મને દેવદત્ત પાટલિપુત્ર જાય છે. } આભ્યન્તર
નેત્રે પુરુષ રૂપ ગ્રહણ કરે છે. }

સંપ્રદાન—કર્મ વડે-કર્મરૂપ કરણ વડે કર્તા જેની સાથે સંબદ્ધ થાય કે જેને પ્રાપ્ત કરવા ઇચ્છે તે **સંપ્રદાન** કહેવાય છે.

'તે **ઉપાધ્યાયને** ગાય આપે છે', એમાં દીયમાન જે ગાય તે વડે કર્તા ઉપાધ્યાયને પ્રાપ્ત કરવા ઇચ્છે છે; 'ગાય'કર્મરૂપ કરણથી ઉપાધ્યાયને પ્રાપ્ત કરે છે; માટે 'ઉપાધ્યાય' સંપ્રદાન છે. 'સંપ્રદાન' શબ્દ દ્વા 'આપવું', ઉપરથી વ્યુત્પન્ન થયો છે; પરંતુ એમાં 'દાન'ને પ્રધાન અર્થમાંજ ગણવાનું નથી. વાસ્તવિક દાન ન હોય, ગૌણ દાન હોય તોપણ સંપ્રદાન કહેવાય છે.

તે **રજકને** ધોવા સારૂ વસ્ત્ર આપે છે.

તે **વાતને** કાન દેવો નહિ.

ઉપલાં વાકયમાં 'રજક' અને 'વાત' સંપ્રદાન છે. અહિં દાન વાચ્યાર્થમાં નથી, લક્ષ્યાર્થમાં છે.

પ્રકાર--સંપ્રદાનના ત્રણ પ્રકાર છે: --૧. અનિરાકર્તૃ; ૨. પ્રેરક; ૩. અનુમંતૃ.

'તે **સૂર્યને** અર્ઘ આપે છે,' આમાં સૂર્ય પૂજનની પ્રાર્થના કરતો નથી કે નિરાકરણ પણ કરતો નથી. આ કારણથી 'સૂર્ય'ને હરિએ **અનિરાકર્તૃ** (નિરાકરણ ન કરનાર) સંપ્રદાન કહ્યું છે.

'વૈષ્ણવ પુરુષોત્તમને પુષ્પ આપે છે,' આમાં 'મને ન આપ' એમ પુરુષોત્તમ નિરાકરણ કરતા નથી, તેથી 'પુરુષોત્તમ' એ અનિરાકર્તૃ સંપ્રદાન છે.

'તે વિપ્રને ગાય આપે છે,' એમાં "મને ગાય આપ," એમ વિપ્રે **પ્રેરણા** તેને આપે છે; માટે 'વિપ્ર' એ **પ્રેરક** સંપ્રદાન છે.

'તે **ઉપાધ્યાયને** ગાય આપે છે,' એમાં **ઉપાધ્યાય** ગાય આપવાની

પ્રાર્થના કરતો નથી, પણ તે આપવાની અનુમતિ આપે છે; માટે 'ઉપાધ્યાય' **અનુમન્તૃ** (અનુમતિ આપનાર) સંપ્રદાન છે.

'તપોધન **અતિથિને** વૃક્ષનું મૂળ આપે છે,' એમાં 'વૃક્ષનું મૂળ મને આપ' એમ તે અતિથિ પ્રેરણા કરતો નથી, પણ આપે છે તે કબૂલ કરે છે, માટે 'અતિથિ' એ અનુમન્તૃ સંપ્રદાન છે.

અપાદાન–જ્યારે એક વસ્તુ બીજી વસ્તુથી છૂટી પડે ત્યારે એ વિયોગમાં જે અવધિભૂત પદાર્થ છે તે–જેનાથી તે છૂટી પડે છે તે–**અપાદાન** કહેવાય છે. એ અવધિભૂત પદાર્થ ચલ હોય કે અચલ પણ હોય.

બીને નાઠેલા **ઘોડા પરથી** તે પડ્યો.
તે દોડતા **રથથી** પડ્યો.
રસ્તે જતા **સાથથી** તે છૂટો પડ્યો.
} ચલ અપાદાન

ગામથી દેવદત્ત આવે છે. } અચલ
પર્વતથી ઋષિઓ ઊતરે છે. } અપાદાન

આ વાક્યોમાં 'ઘોડો,' 'રથ,' અને ' સાથ ' ચલિત અવધિભૂત પદાર્થ છે, અને 'ગામ' અને 'પર્વત' અચલ અવધિભત પદાર્થ છે.

પ્રકાર–અપાદાન ત્રણ પ્રકારનું છે:–૧. એકમાં ધાતુમાંજ છૂટા પડવાની ક્રિયાનો અર્થ રહેલો છે.

એ **નિર્દિષ્ટવિષય** અપાદાન કહેવાય છે; કેમકે એમાં અપાદાનના વિષયનો–છૂટા પડવાની ક્રિયાનો નિર્દેશ કર્યો છે.

તે **ઘોડા પરથી** પડે છે.

૨. બીજા પ્રકારમાં એક ક્રિયાનો અધ્યાહાર હોય છે તે બીજીને ગૌણ હોય છે.

'વીજળીમાંથી જ્યોતિ પ્રકાશે છે' એટલે વીજળીમાંથી નીકળીને જ્યોતિ પ્રકાશે છે. આમાં નીકળવાની ક્રિયાનો અધ્યાહાર છે અને તે ક્રિયા પ્રકાશવાની ક્રિયાને ગૌણ છે.

એને **ઉપાત્તવિષય** અપાદાન કહે છે. એમાં છૂટા પડવાની ક્રિયા અપાદાનનો વિષય છે તે મુખ્ય ક્રિયાએ ગ્રહણ કરેલી છે; મુખ્ય ક્રિયામાં તેના અર્થનો સમાવેશ થાય છે. 'પ્રકાશે છે' એટલે 'નીકળીને પ્રકાશે છે.'

૩. ત્રીજા પ્રકારમાં વિશ્લેષક્રિયા–છૂટા પડવાની ક્રિયા–નિર્દિષ્ટ હતી નથી, અધ્યાહૃત હોય છે.

આ કારણથી તે **અપેક્ષિતક્રિય** કહેવાય છે.

તમે ક્યાંથી ?=તમે ક્યાંથી આવ્યા ?–એમાં ક્રિયા અપેક્ષિત છે.

અધિકરણ–કર્તૃદ્વારા કે કર્મદ્વારા તેમાં રહેલી ક્રિયાનું જે આધારભૂત કારક તે **અધિકરણ** કહેવાય છે.

'તે **સાદડી પર** બેસે છે,' એમાં બેસવાની ક્રિયાનો આધાર કર્તૃદ્વારા સાદડી છે. 'સાદડી' સાથે કર્તાનો સંબંધ છે.

'તે **તપેલીમાં** ચોખા રાંધે છે,' 'એમાં રાંધે છે'માં રાંધવાની ક્રિયાનો આધાર કર્મદ્વારા તપેલી છે. તપેલી સાથે 'ચોખા' એ કર્મનો સંબંધ છે.

આધાર પરંપરિત—ક્રિયાના ને ફળના સાક્ષાત્ આશ્રય કર્તા ને કર્મ છે; માટે સાક્ષાત્ નહિ, પણ કર્તૃદ્વારા કે કર્મદ્વારા, અર્થાત્, પરંપરાએ જે આશ્રય છે તેને અધિકરણ કહ્યું છે. 'તે સાદડી પર બેસે છે,' એમાં 'સાદડી' કર્તાનો–બેસનારનો આધાર છે; પરંપરાથી કર્તૃદ્વારા 'સાદડી' બેસવાની ક્રિયાનો આધાર છે, તેથી તે અધિકરણ કહેવાય છે. ટૂંકામાં, 'સાદડી' એ કર્તાનો (બેસનારનો) આધાર છે અને કર્તા (બેસનાર) એ ક્રિયાનો આધાર છે (ક્રિયા કર્તામાં રહેલી છે); માટે 'સાદડી' એ ક્રિયાનો કર્તૃદ્વારા આધાર છે એજ પ્રમાણે 'તે તપેલીમાં ચોખા રાંધે છે,' એમાં 'ચોખા' એ રાંધવાની ક્રિયાનું કર્મ છે. 'તપેલી' એ કર્મનો (ચોખાનો) આધાર છે, અને કર્મ (ચોખા) એ ક્રિયાનો આધાર છે, ક્રિયાનું-રાંધવાની ક્રિયાનું ફળ ચોખામાં રહેલું છે, રાંધવાની ક્રિયા ચોખામાં થાય છે; માટે 'તપેલી' એ કર્મદ્વારા ક્રિયાનો આધાર છે.

પ્રકાર–અધિકરણના બે પ્રકાર છે:–

૧. પ્રધાન અને ૨. ગૌણ.

'**તલમાં** તેલ,' '**દહિંમાં** ઘી,' એમાં 'તલ' અને 'દહિં' પ્રધાન

અધિકરણ છે. એને **અભિવ્યાપક** અધિકરણ કહે છે; કેમકે બધા તલમાં તેલ વ્યાપેલું છે અને બધા દહિંમાં ઘી વ્યાપેલું છે.

ગૌણ અધિકરણના બે પ્રકાર છેઃ—૧. **ઔપશ્લેષિક** અને ૨. **વૈષયિક**.

'તે સાદડી પર બેસે છે,' એટલે તે સાદડીના **એક ભાગ પર** બેસે છે, તેના બેસવાથી બધી સાદડી રોકાતી નથી. 'ઉપશ્લેષ' એટલે થોડો પ્રદેશ રોકવો, થોડા અવયવ સાથે સંબંધ. **એવા સંબંધવાળું** તે **ઔપશ્લેષિક.**

'મોક્ષમાં તેની ઇચ્છા છે,' એટલે મોક્ષના **વિષયમાં** તેની ઇચ્છા છે. આ અધિકરણ **વૈષયિક** કહેવાય છે.

'ગંગામાં આહીરનું ઝુંપડું છે,' આમાં 'ગંગામાં' એટલે ગંગાની પાસે, ગંગાને કિનારે. 'ગંગા'ને **સામીપિક** (સમીપનું) અધિકરણ કહે છે. આ ચોથો પ્રકાર વરરુચિએ આપ્યો છે.

વિભક્તિના અર્થ–વિભક્તિના અર્થ નીચે પ્રમાણે છેઃ—

પ્રથમા—

૧. પ્રાતિપદિકાર્થ—

નામનું મૂળ સ્વરૂપ તે **પ્રાતિપદિક**, એનો અર્થ એટલે નામનો અર્થ. અર્થાત્, નામનો જે અર્થ તેજ અર્થ પ્રથમા વિભક્તિનો છે. સાર એ છે કે પ્રથમા વિભક્તિના પ્રત્યયથી નામના અર્થમાં કંઈ વધારો થતો નથી. મૂળ જે અર્થ હોય છે, તેજ અર્થ રહે છે. શબ્દનો નિર્દેશ કે ઉચ્ચાર કરવાથી જે અર્થ નીકળે છે તેજ અર્થ રહે છે. આથી પ્રથમા વિભક્તિ **નામાર્થે, નિર્દેશાર્થે,** કે **પ્રાતિપદિકાર્થે** વપરાઈ છે એમ કહેવાય છે.

અંગ્રેજીમાં Nominative caseમાં (નૉમિનેટિવ કેસમાં–પ્રથમા વિભક્તિમાં) 'Nominative' શબ્દનો અર્થ (Nomen–a name, લૅટિન 'નોમેન'=નામ, પરથી) નામ દેનારી વિભક્તિ થાય છે. આ પ્રમાણે અંગ્રેજી ભાષા તથા દેશી ભાષાઓ વચ્ચે સામ્ય છે.

પ્રથમા વિભક્તિવાળો શબ્દ કર્તરિ પ્રયોગમાં કર્તા હોય છે અને અભિહિત કર્તા હોય છે, માટે એને અભિહિત કર્તાના અર્થમાં પ્રથમા છે એમ કહી શકાય.

એજ પ્રમાણે કર્મણિ પ્રયોગમાં અભિહિત કર્મના અર્થમાં પ્રથમા આવે છે. અભિહિત કર્તાનો અર્થ અને અભિહિત કર્મનો અર્થ પ્રાતિપદિકાર્થજ છે; કેમકે કર્તા ને કર્મનો અર્થ ક્રિયાપદે કહ્યો છે. પ્રથમા તો માત્ર પ્રાતિપદિકાર્થમાંજ છે. ક્રિયાપદજ કર્તા ને કર્મના અર્થનું અભિધાન કરે છે, એટલે ફરી એ અર્થ વિભક્તિના પ્રત્યય વડે કહેવાની જરૂર નથી એટલુંજ નહિ, પણ કહીએ તો અયુક્ત જણાય; કારણ કે કહેવાયલા અર્થવાળા શબ્દોનો પુનઃ પ્રયોગ યુક્ત નથી. જે અર્થ કહેવાઈ ગયો છે તે ફરી કહેવાથી પુનરુક્તિ દોષ થાય. આ કારણથી ભગવાન્ પાણિનિએ પ્રથમા વિભક્તિનો પ્રાતિપદિકાર્થ કહ્યો છે, કર્તાર્થે પ્રથમા કહી નથી, તે કેવું શાસ્ત્રીય છે ને તેમાં કેવી ખુબી સમાયલી છે! કર્તા અભિહિત છે, માટે અભિહિત કર્તાના અર્થમાં પ્રથમા વિભક્તિ છે એમ કહીએ તો તેમાં દોષ નથી; પણ એનો અર્થ એજ થાય છે. ક્રિયાપદે જેનો અર્થ કહ્યો છે એવા અભિહિત કર્તાના અર્થમાં પ્રથમા વિભક્તિ છે. બીજા શબ્દમાં કહીએ તો કર્તાનો અર્થ ક્રિયાપદે કહ્યો છે અને પ્રથમા વિભક્તિ શબ્દના મૂળ અર્થમાં કંઈ વધારો કરતી નથી, માત્ર નામાર્થ કે પ્રાતિપદિકાર્થ એટલોજ એનો અર્થ છે.

૨. **સંબોધનાર્થ**–સંબોધનના અર્થમાં પ્રથમા વિભક્તિ વપરાય છે. એક પ્રાચીન સંસ્કૃત પદ્યમાં નામનું એવું લક્ષણ આપ્યું છે કે જેમાં ભિન્ન ભિન્ન અર્થમાં આઠ વિભક્તિઓ પ્રયોજ્યત્વ છે તેને વિદ્વાનો નામ કહે છે અને તે વચન અને લિંગના ભેદ પ્રમાણે ભિન્ન હોય છે. આ પ્રમાણે આઠ વિભક્તિ ગણેલી છે; પરંતુ તે પાણિનિના મતથી વિરુદ્ધ છે. સંબોધનાર્થે વાપરેલા શબ્દનો અન્ત્ય સ્વર પ્લુત છે એ લક્ષમાં રાખવું.

ઓ ભાઈ! (ભાઇરૂ) તું ક્યાં જાય છે?

વિધેયવાચક ને પરિમાણવાચક પ્રથમા—

મુંબઈ એક મોટું **બંદર** છે.

ખરૂં જોતાં આ પ્રાતિપદિકાર્થજ છે, પછી તે ઉદ્દેશ્ય તરીકે હોય કે વિધેય તરીકે હોય.

સાકર રૂપીઆની ચાર **શેર** મળે છે (ચાર શેર=ચાર શેર વજનવાળી; લક્ષ્યાર્થ).

દ્વિતીયા—

૧. **કર્મ**—દ્વિતીયા વિભક્તિ કર્મના અર્થમાં વપરાય છે. એ વિભક્તિનો પ્રત્યય પ્રથમાની પેઠે કંઈ નથી અથવા 'ને' છે. 'છોકરો **ચોપડી** લખે છે,' એમાં 'ચોપડી' એ કર્માર્થે બીજી વિભક્તિ છે. 'છોકરાએ ચોપડી લખી,' એમાં 'ચોપડી' કર્મ છે; પરંતુ કર્મનો અર્થ 'લખી' ક્રિયાપદથી ઉક્ત થયો છે. 'લખી' એ રૂપ કર્મણિ છે, માટે કર્મનો અર્થ કહેવડાવવા 'ચોપડી'ને દ્વિતીયા વિભક્તિમાં વાપરવો યુક્ત નથી; કેમકે તેમ કરવાથી પુનરુક્તિ થાય. આ કારણથી 'ચોપડી' એ નામાર્થે પ્રથમામાં છે. અભિહિત કર્માર્થે પ્રથમામાં છે એમ કહેવાની હરકત નથી. 'ચોપડી' એ કર્મ છે, છતાં કર્માર્થ ન કહેવો યુક્ત ન લાગતો હોય તો આજ માર્ગ ખુલ્લો છે. અભિહિત કર્માર્થે પ્રથમામાં છે એમ કહેવું.

'છોકરાએ ચોપડી લખી' એનું સંસ્કૃત 'बालेन ग्रन्थः लिखितः' થાય છે. આમાં ગ્રન્થઃ એ પ્રથમા છે. તેજ પ્રમાણે 'છોકરાએ ચોપડી લખી' એમાં પણ 'ચોપડી' એ પ્રથમામાં છે. ગુજરાતીમાં ભૂતકાળ એ સંસ્કૃત ભૂત કૃદન્તનું રૂપ છે. लिखितः–લિખિઓ–લિખ્યો–લખ્યો. ગુજરાતીમાં ઇનો અ ઘણા શબ્દોમાં થાય છે—મિલ–મળવું; વિષમ–વસમું; મિષ–મસ; કઠિન–કઠણ; સ્વપ્ન–સિમિણ–સમણું, વગેરેમાંની પેઠ લિખ્યોમાંના ઇનો અ થઈ 'લખ્યો' રૂપ થયું છે.

અનભિહિત કર્મ—કર્મના અર્થમાં, એટલે અનભિહિત કર્મના અર્થમાં દ્વિતીયા વપરાય છે. પણ જ્યારે ક્રિયાપદથી કર્મનું અભિધાન થયું હોય છે, અર્થાત્, કર્મણિ પ્રયોગ હોય છે ત્યારે તે અભિહિત કર્મ પ્રથમામાંજ આવે છે અને ત્યાં પ્રાતપદિકાર્થે પ્રથમા થાય છે.

સંસ્કૃત રચના ને ગુજરાતી રચના—સંસ્કૃતમાં તો અભિહિતકર્મ સર્વત્ર પ્રથમામાંજ આવે છે. અપભ્રંશમાં પણ એમજ છે. જૂની ગુજરાતીમાં ભૂત કૃદન્તના પ્રયોગમાં કેટલેક સ્થળે એવી રચના જોવામાં આવે છે.

દહમુહુ (चउमुहु छंमुहु झाइवि एक्कहिं लाइवि णावइ) દઇવેં ઘડિઅઉ—દશમુખઃ [चतुर्मुखं षण्मुखं ध्यात्वा एकस्मिन् लगित्वेव=चतुर्मुखने, षण्मुखने ध्यानमां राखीने, એકમાં લાવીને જાણે] દૈવેન ઘટિતઃ—દશમુખ દૈવે ઘડ્યો. હાલ આપણે 'દશમુખને દૈવે ઘડ્યો' એમ કહીએ છીએ. અભિહિત કર્મ 'દશમુખ' હાલ દ્વિતીયામાં વપરાય છે. એજ પ્રમાણે મઇં તુહું વારિયા—મયા ત્વં વારિતઃ—'મેં તું વાર્યો'—હાલ 'મેં તને વાર્યો.'

તિણિ અવગણિઉ **માધવ અમ્હ** * * *

કાન્હ૦ ૧.૧૩

પહિલુ રાઇં હૂં અવગણિઉ; માહરુ **બંધવ કેસવ** હણિઉ.

કાન્હ૦ ૧.૨૫

દીહુ નહિ તેણિ વ્યાધિ હૂં દૈવિ જાણિ રાખ્યું;

ભાલણ—કાદમ્બરી, કડ૦૫

તેણિ હૂ દીહુ નહિ=તેણે હું દીઠું નહિ=તેણે મને દીઠો નહિ.

સ્વામિ, મુસ્તક તો આપ્યું, **ગરુડે હું માર્યો** ઘણું.

સુધન્વા—આખ્યાન, કડ૦૨૬મું.

એજ પ્રમાણે 'મેં **તેને** બોલાવ્યો,' 'તેણે **તેને** માર્યો,' વગેરેમાં અભિહિત કર્મ હાલ ગુજરાતીમાં દ્વિતીયામાં વપરાય છે.

બીજી કર્મણિ રચના 'આય'–'આ' પ્રત્યયથી થાય છે તેમાં પણ અભિહિત કર્મ પ્રથમામાં આવે છે.

મારાથી **ચોપડી** લખાઈ. (પ્રથમા)

દ્વિકર્મકનું કર્મ–દ્વિકર્મક ક્રિયાપદને યોગે પ્રધાન કર્મ અને ગૌણ કર્મના અર્થમાં દ્વિતીયા વપરાય છે.

મેં **તેને પ્રશ્ન** પૂછ્યો. ('તેને' ગૌણ; 'પ્રશ્ન' પ્રધાન)

સંજ્ઞાવિચાર–કેટલાંક વ્યાકરણમાં નવીન શબ્દો ઘડી ગૌણ કર્મને અનુપસ્થ અને પ્રધાનને ઉપસ્થ કહ્યાં છે. પરંતુ એ યુક્ત નથી. પ્રાચીન પારિભાષિક શબ્દો રૂઢ થયા હોય તેને બદલે બીજા વાપરવા એ વૃથા પરિશ્રમ છે. પ્રાચીન શબ્દ ઘણાખરા અન્વર્થ અને સમીચીન હોય છે; માટે તેજ કાયમ રાખવા યુક્ત છે. ઉપસ્થ અને અનુપસ્થ એ સંજ્ઞા દૂષિત છે. સ્થિતિપરત્વે એ સંજ્ઞા પાડી છે; 'પ્રધાન' ને 'ગૌણ'ની પેઠે એ સંજ્ઞા અર્થપરત્વે નથી. પરંતુ સ્થિતિમાં ફેરફાર અર્થને લઈને થાય છે; જેમકે, સાધારણ રીતે 'મેં તેને ચોપડી આપી' એવા વાક્યમાં 'ચોપડી' ઉપસ્થ છે તે ક્રિયાપદની પાસે છે; પરંતુ કેટલીક વખત આપણે 'મેં ચોપડી **તમને** આપી છે, **તેને** નહિ' એમ અર્થને લઈને કહીએ છીએ, ત્યારે ગૌણ કર્મ ક્રિયાપદની પાસે આવી ઉપસ્થ સંજ્ઞા પામવાનો પ્રસંગ આવે છે. આ પ્રમાણે એ સંજ્ઞામાં દોષ છે. 'પ્રધાન' ને 'ગૌણ' એ પ્રાચીન સંજ્ઞા અર્થનિબંધન છે—અર્થને આધારે છે, માટે અનવદ્ય—દોષરહિત છે.

'મેં તેને પ્રશ્ન પૂછ્યો' એમાં પ્રધાન કર્મનો અર્થ ક્રિયાપદથી અભિહિત છે ('મેં તેને વાત પૂછી–કારણ પૂછ્યું'), માટે પ્રધાન કર્મ પ્રથમામાં આવે છે. ગૌણ કર્મનો અર્થ ક્રિયાપદથી અભિહિત નથી, માટે તે અનભિહિત કર્મના અર્થમાં દ્વિતીયામાં આવે છે.

'મારાથી તેને કારણ પુછાયું નહિ, ઠપકો દેવાયો નહિ, માર

મરાયો નહિ, શિક્ષા કરાઈ નહિ,' વગેરેમાં પ્રધાન કર્મ અભિહિત હોવાથી પ્રથમામાં છે અને ગૌણ કર્મ અનભિહિત હોવાથી દ્વિતીયામાં છે.

અત્યન્તસંયોગ—કાળ અને સ્થાળની મર્યાદાનો અર્થ બતાવનારા શબ્દ સંસ્કૃતમાં દ્વિતીયામાં આવે છે. અંગ્રેજી ભાષામાં પણ એવા શબ્દને દ્વિતીયા વિભક્તિમાંજ ગણ્યા છે અને તે દ્વિતીયાને કાલવાચક દ્વિતીયા, મર્યાદાવાચક દ્વિતીયા, કે સ્થલવાચક દ્વિતીયા કહી છે. ગુજરાતી ભાષામાં ઘણે સ્થળે મર્યાદાવાચક અવ્યય 'સુધી' વપરાય છે, પણ કેટલેક સ્થળે નથી વપરાતો.

તે ચાર **દહાડા** માંદો રહ્યો.
તેણે રસ્તામાં ચાર **માઈલ** ઓલઓલ કર્યા કીધું.
હું બે **ગાઉ** ચાલ્યો.
તે એક **કલાક** ઊભો રહ્યો.
ઓરડો ૧૫ **ફુટ** લાંબો છે.
નદી એક **યોજન** વાંકી છે.

આ બધા અત્યન્તસંયોગના (કાળ, સ્થાળ, માપ, વગેરે સાથે નિકટ સંબંધના) દાખલા છે.

'તે એક કોશ વેદ ભણતો ચાલ્યો'—આમાં 'વેદ' એ 'ભણતો'નું **અંતરંગ** કર્મ છે અને 'કોશ' એ **બહિરંગ** કર્મ છે. ક્રિયામાત્ર કાળ અને સ્થળમાં થાય છે; માટે કાળને અને સ્થળને ક્રિયાનાં પરિચ્છેદક માન્યાં છે. વેદ ભણવાનું કામ કોશ ચાલતાં થાય છે; માટે 'કોશ' એ બંગરંગ કર્મનો—'વેદ'નો આશ્રય છે એમ સમજવાનું છે અને તેથીજ એને બહિરંગ કર્મ કહે છે.

૩. **ગત્યર્થકને યોગે**—ગત્યર્થક ક્રિયાપદને યોગે જે સ્થાળ તરફ ગતિ હોય તે સ્થાળવાચક પદ દ્વિતીયામાં આવે છે. આ રચના સંસ્કૃત અને અંગ્રેજીમાં માળતી છે.

છોકરો **ગામ** જાય છે.

તૃતીયા—

૧. **કર્તા ને કરણ**—કર્તા ને કરણ એ તૃતીયાના મુખ્ય અર્થ છે.

તેણે શત્રુને **બાણે** હણ્યેા. (કર્તા, કરણ)

૨. **રીતિવાચક તૃતીયા**—

તેણે બહુ **પ્રેમે** મારી આગતાસ્વાગતા કરી.

તે **નિયમે** ઘરખર્ચ ચલાવે છે.

આ કરણવાચકજ તૃતીયા છે. કરણમાં એ અર્થ સમાયલેા છે. સ્પષ્ટતાની ખાતર જુદી ગણના કરી છે.

૩. **વિકારિ-અંગવાચક**—

વિકારિ-અંગવાચક શબ્દ તૃતીયામાં આવે છે.

આંખે કાણેા; **કાને** બહેરેા; **પગે** લંગડેા.

૪. **ગમ્યમાન ક્રિયાના કરણાર્થે**—

ગમ્યમાન ક્રિયાના કરણવાચક શબ્દ તૃતીયામાં આવે છે.

નામે નરસિંહ; **ગેાત્રે** કાશ્યપ; **સ્વભાવે** ઉગ્ર ('જણાય છે,' 'સમજાય છે.' ક્રિયા ગમ્યમાન છે, તેનાં એ કરણ છે.)

૫. **હેતુવાચક**—

તે **દુઃખે** રિબાય છે; **ટાઢે** મરી જાય છે; **તાપે** તપી જાય છે.

૬. **ફળવાચક**—

તે **મહીને** પેાતાને ગામ પહેાંચે છે.

તેનું કાર્ય ઘણે **વર્ષે** સફળ થયું.

ઘણે **માસે** પણ તેની મતલબ સધાઈ નહિ.

૭. **'સહ' (સાથે) ના અર્થને યેાગે અને પરિસ્થિતિના અર્થમાં**—

તે ફીકે ચહેરે પાછેા ગયેા.

દુઃખને લીધે અણમીંચી **આંખે** વહાણું વાય છે.

ચન્દ્રલેખાઇ ચકિત થઈ સુંદરી, કાં પડિ આખડી આજ?
ગિહિલી કુણિ કરી?

ભાલણ–કાદમ્બરી, ૬૬૦૧૦

આમાં 'ચન્દ્રલેખાઇ' એ તૃતીયા 'ચન્દ્રલેખાની સાથે' એવા અર્થમાં છે. સંસ્કૃતની પેઠે 'સહ' (સાથે) શબ્દના અર્થમાં 'સહ' (સાથે) શબ્દ વગર તૃતીયા પ્રયોજાઈ છે.

ચતુર્થી—

૧. સંપ્રદાનના અર્થમાં—

તેણે **બ્રાહ્મણને** ગાય આપી.

મેં **મિત્રને** પત્ર લખ્યો, મોકલ્યો.

તેણે **ધોબીને** કપડાં આપ્યાં.

૨. **રુચ્યર્થ ધાતુને યોગે**—'ગમવું,' 'રુચવું,' 'ફાવવું,' વગેરેને યોગે ચતુર્થી વપરાય છે.

મને તે ફળ રુચતું નથી—ગમતું નથી—ફાવતું નથી—અનુકૂળ પડતું નથી—માફક નથી—ઠીક લાગતું નથી.

૩. **'દેવાદાર હોવું' એવા અર્થના ક્રિયાપદને યોગે—**

હરિ **ભક્તને** દેવાદાર છે.

પરંતુ ષષ્ઠી વધારે પ્રચલિત છે.

હરિ **ભક્તનો** દેવાદાર છે—દેવાદાર—કરજદાર—ઋણી છે.

તેને છોકરાં નથી;

શહેરને ફરતો કિલ્લો છે;—

આવે સ્થળે સંબંધના અર્થમાં ષષ્ઠી છે. વ્યુત્પત્તિ પ્રમાણે 'ને' એ ષષ્ઠી પર સપ્તમીના પ્રત્યયથી થયો છે.

સર્વને વશ—ઉચિત—આવાં વિશેષણને યોગે ચતુર્થી મરાઠીમાં પણ વપરાય છે.

हा तुमचा मुलीला योग्य वर आहे.

૪. **તાદર્થ્યે—**

તે **રમવાને** તૈયાર થાય છે.

તે હવા **ખાવા** મહાબળેશ્વર જાય છે.

૫. **પ્રમાણવાચક**—

ચાર જેમ **આઠને** છે, તેમ આઠ **સોળને** છે.

૩.ની પેઠે આ પ્રયોગ પણ વાસ્તવિક રીતે ષષ્ઠીનો છે, સંબંધવાચક છે.

૬. **કર્તાના અર્થમાં**—

મારે આજ ગામ જવું છે.

તેને કાલ મુંબઈ જવું છે.

મરાઠીમાં પણ કર્તા કેટલેક સ્થળે-પાહિજેને યોગે ને અન્યત્ર—ચતુર્થીમાં આવે છે:—

તુલા અવશ્ય ગેલેં પાહિજે.

'**વાણીલા** ન વર્ણવે બહુત રૂપ ચાંગલેં.' અનંતકવિ

મલા કામ કરવતેં.

મલા મુંબઇસ જાવયાચેં આહે.

પંચમી—

૧. **અપાદાનના અર્થમાં**—

તે **ગામથી** નીકળે છે; **બારીથી** પડે છે. (બારીએથી—વધારે પ્રત્યયો સાથે વાપરવાનો પ્રચાર)

પ્રત્યક્ષ છૂટા પડવાના અર્થમાંજ અપાદાન હોય છે એમ નહિ. બુદ્ધિથી પાસે જઈ ત્યાંથી પાછા ફરવું એવો અર્થ જે ક્રિયાઓમાં રહ્યો હોય તેને યોગે પણ અવધિભૂત પદ અપાદાનજ છે. ભાષ્યકારે એ વાત ભાષ્યમાં બહુ સારી રીતે પ્રતિપાદન કરી છે.*

અધર્મથી કંટાળે છે. (અધર્મથી ઘણી હાનિ થશે એમ વિચારી તે રસ્તેથી પાછો ફરે છે.)

એટલેથી હું વિરમું છું.

—થી કંટાળવું, વિરમવું, બેદરકાર હોવું, બીવું, રક્ષવું, ચઢિયાતા થવું, ગ્લાનિ પામવી, અન્તર્ધાન થવું, વારવું, શીખવું, જન્મવું,

---

* મારો લેખ જુઓ; 'શાળાપત્ર' પુ. ૪૬, પૃ. ૪૨-૪૩.

થવું–એ બધે સ્થળે અપાદાનનોજ અર્થ છે. बुद्ध्या संप्राप्य निवृत्तिः– મન વડે પુરુષ ત્યાં જઈ નિવૃત્ત થાય છે.

૨. **હેતુવાચક**—

ગરમીથી શરીર તપે છે (તૃતીયા પણ હેતુવાચક છે–ગરમીએ શરીર તપે છે.)

૩. **અન્યાદિને યોગે**–અન્ય, ભિન્ન, એવા અર્થના શબ્દને યોગે પંચમી વપરાય છે.

આ **તેથી** (તેનાથી) ભિન્ન–અન્ય–અનેરું–પૃથક છે.

૪. **મર્યાદાવાચક**—

તે **મહીનાથી** મારી પાસે આવ્યો નથી.

૫. **કર્તા ને કરણના અર્થમાં**–તૃતીયાના મુખ્ય અર્થમાં પંચમી પણ વપરાય છે.

છોકરાથી પાઠ વંચાતો નથી

તે **ચપ્પુથી** શાક છીને છે.

૬ઠ્ઠી—

શેષાર્થે—

કર્તૃ, કર્મ, આદિ કારકથી અને પ્રાતિપદિકથી અન્ય અર્થ તે શેષ.

અહિં 'મહાભાષ્ય'માં એવો પ્રશ્ન કઢાયો છે કે કર્તૃ આદિ ઉપર ગણાવ્યાં છે, તેથી ભિન્ન અર્થ છેજ નહિ. **'રાજાનો પુરુષ'** એનો અર્થ એવો છે કે 'રાજા જેને વૃત્તિદાન આપે છે તે પુરુષ.' **'વૃક્ષની શાખા'** એમાં પણ વૃક્ષ એ શાખાનું અધિકરણ છે. ખરૂં જોતાં, સ્વત્વ (સ્વામિત્વ) ચાર પ્રકારથી થાય છે–વેચાણથી, અપહરણથી, યાચનાથી, ને વિનિમયથી. એ બધે સ્થળે કર્માદિની ઘટના કરી શકાય છે. આ શંકાનો ઉત્તર સિદ્ધાન્તી એવો આપે છે કે એમ છે તો કર્માદિની અવિવક્ષા તે શેષ. પણ વિદ્યમાન વસ્તુની અવિવક્ષા કેમ થાય? એનું સમાધાન કરે છે કે વિદ્યમાન પદાર્થની પણ અવિવક્ષા થાય છે. તે આ પ્રમાણે:–**'અલોમિકા-લોમ (રૂવાં) વગરની બેટી,' 'અનુદરા કન્યા.'** આમાં લોમ

ને ઉદર છેજ નહિ એમ નથી. વિદ્યમાન છે તોપણ તેની અવિવક્ષા છે. એથી ઉલટું, ક્વચિત્ અવિદ્યમાનની પણ વિવક્ષા થાય છે- 'સમુદ્ર કૃશિકા (નાની કૃશી જેવો) છે.' 'વિન્ધ્ય વર્ધિતક (નાની વધેલી ટેકરી) છે.'

શેષનો અર્થ–શેષનો અર્થ એટલે સંબંધનો અર્થ સમજવો. લોકમાં બહુ પ્રકારના સંબંધ છે; જેમકે,

સ્વસ્વામિભાવ (માલકીનો)—**છોકરાની ચોપડી;**

સેવ્યસેવકભાવ (શેઠચાકરનો)–**રાજાનો પ્રધાન;**

અવયવાવયવિભાવ (આખું ને તેના ભાગનો)–**ઝાડની ડાળી;**

આધારાધેયભાવ (પાત્ર ને તેમાં રહેલી વસ્તુનો)–**ગોળીનું પાણી;**

સામાનાધિકરણ્ય (એકતાનો)--**વડનું ઝાડ; તેનું તે; એનું એ;**

પ્રકૃતિવિકૃતિભાવ (પદાર્થ અને તેની બનેલી વસ્તુનો)--**સોનાનું સાંકળું;**

જન્યજનકભાવ (ઉત્પન્ન કરનાર ને ઉત્પન્ન થયલી વસ્તુનો)–**સુરજનો તડકો;**

ગુણગુણિભાવ–ધર્મધર્મિભાવ (ગુણ ને તે જે દ્રવ્યમાં રહેલો હોય તે દ્રવ્યનો)–**સોનાની પિળાશ.**

૨. **કર્તરિ ષષ્ઠી**—કર્તાના અર્થમાં ષષ્ઠી વપરાય છે. સંસ્કૃતમાં એવો પ્રયોગ વિધ્યર્થ કૃદન્તને યોગે કે વર્તમાન કાળના અર્થમાં વપરાયલા કેટલાક ભૂત કૃદન્તને યોગે થાય છે. ગુજરાતીમાં પણ બહુધા એવો પ્રયોગ કૃદન્તને યોગે થાય છે.

રાજાનો માનીતો (રાજાએ માનેલો)

તેણે મહેતાજીના **હાથનો** માર ખાધો નથી. (હાથે મારેલો)

૩. **કર્મણિ ષષ્ઠી**—કર્મના અર્થમાં ષષ્ઠી વપરાય છે.

શિષ્યની શિક્ષા યોગ્ય હતી. (શિષ્યને કરેલી)

૪. **નામયોગીને યોગે**--

ઘરની પાછળ-ઉપર-પાસે, વગેરે

૫. **વ્યાપક**-ષષ્ઠી વ્યાપક છે, બહોળા અર્થમાં વપરાય છે. આથી તે અન્ય વિભક્તિઓના અર્થમાં પણ વપરાય છે.

વરસનો માંદો (પંચમીનો અર્થ-મર્યાદા)

દિવસનો ઊંઘે છે; **રાતનો** વાંચે છે (સપ્તમીનો)

મનનો નબળો; **શરીરનો** સબળો (તૃતીયા)

હાથનો છૂટો; **જીવનો** ઉદાર (ધર્મધર્મિભાવમાં સમાવેશ થાય છે.)

'તે ઘણા દહાડાનો ભૂખ્યો છે;' 'તે ક્યારનોએ ગયો છે;' 'તે ગઈ કાલનો માંદો થયો છે'—આવે સ્થળે મરાઠીમાં ચોથી કે છઠ્ઠી વિભક્તિ આવે છે.

मी **दिवसाचा** निजत नाहीं.

तो **रात्रीचा** जागतो आणि **दिवसाचा** निजतो.

સપ્તમી--

૧. **અધિકરણ**--

તે **ઝાડે** ચઢ્યો; તેને **માથે** ટોપી છે.

૨. **નિર્ધારણવાચક**-એ નિર્ધારણસપ્તમી કહેવાય છે.

બધા છોકરાઓમાં તે હોશિયાર છે.

૩. **સતિસપ્તમી**--

વખત **જતાં** તેનો શોક શમ્યો (જતે છતે) અહિં 'વખત' શબ્દ લુપ્તસપ્તમીક છે.

અપભ્રંશમાં સંસ્કૃતના જેવીજ રચના છે.

મૂલિ વિણટ્ઠઇ વિણિહે અવમેં સુક્કઇં પણ્ણાઇં। હેમ૦ ૮।૪। ૪૨૭

(તુંબડીનું મૂળ વિનષ્ટ થયે અવશ્ય પાંદડાં સુકાય છે)—

આમાં **મૂલિ** ને **વિણટ્ઠઇ** બંને સપ્તમીમાં છે. **સતિસપ્તમી** છે.

'મુગ્ધાવબોધ ઔક્તિક'માં પણ સંસ્કૃતના જેવી રચના છે.

મેઘિ વરસતઇ મોર નાચઇ. પૃ૦ ૧૩૮ જુઓ.

૪. **કરણાર્થે**

સો **રૂપીઆમાં** તેનો માસિક ખર્ચ નીભશે નહિ.

૫. **નિપુણાદિને યોગે**—

નિપુણ, પ્રવીણ, નિષ્ણાત, હોશિયાર, કાબેલ, જેવા અર્થના વિશેષણને યોગે સપ્તમી વપરાય છે.

તે **ગણિતમાં** હોશિયાર છે.

તે સર્વ **શાસ્ત્રો** ને **કળામાં** નિષ્ણાત–કુશળ છે.

પ્રકરણ ૧૬મું

સર્વનામઃ પ્રકારાદિ

અન્વર્થતા—'સર્વનામ' શબ્દને અંગ્રેજીમાં 'પ્રતિનામ' કહે છે. અંગ્રેજી શબ્દ કરતાં 'સર્વનામ' શબ્દ વધારે યુક્ત છે એમ વ્હિટ્ની કહે છે.

ભાષ્યકારે સંજ્ઞા કેવી હોવી જોઈએ તે પ્રશ્ન અનેક સ્થળે ચર્ચ્યો છે અને કહ્યું છે કે સંજ્ઞા એવી હોવી જોઈએ કે તેનાથી કંઈ નાનું સ્વરૂપ થઈ શકે નહિ. અર્થાત્, સંજ્ઞાશબ્દ જેમ બને તેમ નાનામાં નાના હોવા જોઈએ; જેમકે સંસ્કૃત વ્યાકરણમાં ટિ, ઘિ, વગેરે સંજ્ઞા નાનામાં નાની છે. એમ છતાં પણ જ્યારે આચાર્ય પાણિનિ 'સર્વનામ' જેવી મોટી સંજ્ઞા પાડે છે ત્યારે તેનો કંઈ હેતુ હોવો જોઈએ. તે હેતુ એવો છે કે એ સંજ્ઞા અન્વર્થ છે.

* "Only one thing may be called the *Sun*; only certain objects are *white*; but there is nothing which may not be *I* and *you* and *it*, alternately as the point from which it is viewed.

સર્વનું નામ તે સર્વનામ. માત્ર નામને ઠેકાણે વપરાઈ પ્રતિનામ થાય છે એટલુંજ નહિ, પરંતુ એ સર્વનું નામ છે માટે સર્વનામ છે. સર્વ બોલનારા પોતાને માટે 'હું' વાપરે છે; સર્વ પાસેના પદાર્થને માટે આપણે 'આ' વાપરીએ છીએ; આમ 'હું' એ સર્વ બોલનારાનું નામ છે; 'તે' એ સર્વ પરોક્ષ પદાર્થનું નામ છે; 'આ', 'એ', એ સર્વ પ્રત્યક્ષ પદાર્થનું નામ છે; 'કોણ' એ સર્વ અનિશ્ચિત, અજ્ઞાત પદાર્થનું નામ છે; માટે એ બધા શબ્દ સર્વનું નામ હોવાને લીધે

In this universality of their application, as dependent upon relative situation merely, and in the consequent capacity of each of them to designate any object which has its own specific names besides and so in a manner to stand for and represent that other name lies the essential character of the pronoun. The Hindu title, *sarvanáman* 'name for every thing,' 'universal designation,' is therefore more directly and fundamentally characteristic than the one we give them, *pronoun* 'standing for a name.'' Whitney quoted in Morris' "Historical Outlines of English Accidence," p.p. 124–125.

માત્ર એકજ પદાર્થ **સૂર્ય** કહી શકાય છે; માત્ર અમુક પદાર્થોંજ **શ્વેત** હોય છે; પણ એવું કંઈ નથી કે જે, જે દૃષ્ટિબિંદુએ જોઈએ તે દૃષ્ટિબિંદુથી અનુક્રમે હું, તું, અને તે હોઈ ન શકે.

આ પ્રમાણે જુદા જુદા પદાર્થના સંબંધમાં જુદી જુદી સ્થિતિને લીધે સર્વનામનો પ્રયોગ સર્વવ્યાપક છે અને પદાર્થનું ખાસ નામ હોય છે તે ઉપરાંત તેને લાગુ પડે એવી દરેક સર્વનામમાં શક્તિ છે તેમજ તે નામને બદલે જાણે તેના પ્રતિનિધિ તરીકે રહી શકે છે, તેમાંજ સર્વનામનું ખાસ લક્ષણ સમાયલું છે. તેટલા માટે એવા શબ્દને આપણે 'પ્રોનાઉન'-'પ્રતિનામ'-બદલે આવે તે, એવી સંજ્ઞા આપીએ છીએ તેના કરતાં હિંદુ લોકોની 'સર્વનામ'-દરેક પદાર્થનું નામ, સર્વવ્યાપક સંજ્ઞા,-એ સંજ્ઞા વધારે સીધી રીતે અને એના મૂળને બરાબર લાગુ પડે એવી રીતે એનું લક્ષણ દર્શાવે છે. મૉરિસવિરચિત "અંગ્રેજી ભાષાના પદ-વિન્યાસની ઐતિહાસિક રૂપરેખા"નાં વ્હિટનિના ગ્રન્થમાંથી ઉતારો આપ્યો છે તે.

'સર્વનામ' કહેવાય છે. આ પ્રમાણે 'સર્વનામ' શબ્દ 'પ્રતિનામ' શબ્દ કરતાં વધારે યુક્ત છે અને અન્વર્થ છે.

પ્રકાર--સર્વનામના પ્રકાર નીચે પ્રમાણે છેઃ--

૧. પુરુષવાચક; ૨. દર્શક; ૩. સાપેક્ષ; ૪. પ્રશ્નાર્થ; ૫. અનિશ્ચિત; ૬. સ્વાર્થ; ૭. અન્યોન્યવાચક.

પુરુષવાચક--પુરુષ ત્રણ છે--પહેલો, બીજો, ને ત્રીજો. સંસ્કૃત વ્યાકરણમાં એ પુરુષોને અનુક્રમે ઉત્તમ, મધ્યમ, અને પ્રથમ પુરુષ કહે છે. સંસ્કૃતમાં ત્રીજા પુરુષથી રૂપાખ્યાન આપવાનો પ્રચાર છે; તેમાં ત્રીજો, બીજો, ને પહેલો, એવો ક્રમ છે. આ કારણથી ત્રીજો પુરુષ પ્રથમ પુરુષ કહેવાય છે, બીજો મધ્યે હોવાથી મધ્યમ, અને પહેલો બોલનારને લગતો છેલ્લો હોવાથી ઉત્તમ કહેવાય છે.

'હું' એ પહેલો પુરુષ, 'તું' એ બીજો પુરુષ, અને 'તે' એ ત્રીજો પુરુષ છે. એ પુરુષોનાં રૂપ ત્રણે જાતિમાં સરખાં છે; વચન અને વિભક્તિના પરત્વેજ રૂપમાં ભેદ છે. હાલમાં 'તે'નું સ્ત્રીલિંગ 'તેણી' એવું રૂપ માત્ર પારસી લેખકોજ નહિ પણ હિંદુ લેખકો પણ વાપરતા થયા છે; પરંતુ એ રૂપ શિષ્ટ ગણી શકાય એમ નથી. જૂની ગુજરાતીમાં 'તેણી,' 'જેણી,' એવાં સ્ત્રીલિંગનાં રૂપ જોવામાં આવે છે.

'તુને **તેણી** સ્ત્રીયે સંકેત કહું તે સઘલું વૃત્તાંત કહું. પ્રધાંન બોલું રાજા સાંભલિ. **તેણી** સ્ત્રીયે સંકેત કહું તે હું તુજ નઇ કહું'.

વેતાલપંચવિંશી, પૃ. ૯૫

'તેણીયઇં' એ તૃતીયાનું રૂપ 'પંચાખ્યાન'માં છે એમ ડૉ. ટેસિટોરિ કહે છે.

'રાજકન્યા મઇં દીઠી જિસઇં। હઉં મોહિઉ **તેણીયઇં** તિસિઇંઃ'

'તેણી' એ રૂપ પ્રેમાનન્દમાં 'ચન્દ્રહાસ-આખ્યાન'માં છે.

'ધાભી નામે પ્રેમદા, તેણિએ પ્રસવ્યો બાળ.' કડ૦ ૨જું

પરંતુ હાલ એ રૂપ શિષ્ટ ગણાતું નથી.

'હું' અને 'તું'નાં રૂપાખ્યાન નીચે પ્રમાણે છે:—

	હું		તું	
	એ. વ.	બ. વ.	એ. વ.	બ. વ.
૧લી	હું	અમે–અમો	તું	તમે–તમો
૨જી	મને–મુજને–મજને–હુંને	અમને–અમોને	તને–તુજને–તજને–તુંને	તમને–તમોને
૩જી	મેં	અમે–અમોએ	તેં	તમે–તમોએ
૪થી	મને–મુજને–મજને–હુંને	અમને–અમોને	તને–તુજને–તજને–તુંને	તમને–તમોને
૫મી	મારાથી–મુજથી–મજથી–હુંથી	અમારાથી–અમોથી	તારાથી–તુજથી–તજથી–તુંથી	તમારાથી–તમોથી
૬ઠ્ઠી	મારો–રી–રૂં	અમારો–રી–રૂં	તારો–રી–રૂં	તમારો–રી–રૂં
૭મી	મારામાં–મુજ–માં–મજમાં–હુંમાં	અમારામાં–અમોમાં	તારામાં–તુજમાં–તજ–માં–તુંમાં	તમારામાં–તમોમાં

પ્રયોગ–મજને–મજથી–મજમાં; તજને–તજથી–તજમાં–આ રૂપો બહુજ ક્વચિત્ વપરાય છે. એ તેમજ મુજને–મુજથી–મુજમાં; તુજને–તુજથી–તુજમાં કવિતામાં વિશેષ વપરાય છે. હુંને–તુંને; હુંથી–તુંથી; હુંમાં–તુંમાં, એ રૂપો કાઠિયાવાડમાં ને ક્વચિત્ સુરતમાં વપરાય છે. અમોને–તમોને; અમોથી–તમોથી; અમોમાં–

તમોમાં–આ રૂપો માનવાચક છે, પણ ક્વચિત્ વપરાય છે. પારસીઓ એને બદલે અમુને–તમુને; અમુથી–તમુથી; અમુમાં–તમુમાં–એ રૂપો વાપરે છે.

અમે—ગ્રન્થકાર, વર્તમાનપત્રના અધિપતિ, અને મોટાં માણસો પોતાને માટે એકવચનના અર્થમાં એ રૂપ વાપરે છે.

વ્યુત્પત્તિ–અપભ્રંશમાં હઉં અને તુહું રૂપો પરથી ગુજરાતીમાં 'હું' અને 'તું' રૂપ આવ્યાં છે. અપભ્રંશ હઉં સં. અહકમ્ પરથી થયું છે–અહકમ્–અહઉં–હઉં.

'ભુગ્ધાવબોધ૦'માં 'હઉં' રૂપ ન્હૂની ગુજરાતીનું જોવામાં આવે છે.

હિંદી ને પંજાબીમાં 'હું' ને ઠેકાણે મૈં રૂપ છે અને મરાઠીમાં મી છે. એ રૂપો તૃ. એ. વ.ના મઇં અપભ્રંશ રૂપ ૬પરથી આવ્યાં છે. બંગાળી રૂપ આમિ છે. ક્વચિત્ ગ્રામ્ય રૂપ તરીકે મુઇ વપરાય છે.

'અમે' ને 'તમે' રૂપો પ્રાકૃત અમ્હે, અપભ્રંશ અમ્હઇં અને પ્રાકૃત તુમ્હે, અપભ્રંશ તુમ્હે, તુમ્હઇ પરથી આવ્યાં છે. અમ્હે રૂપ સંસ્કૃત અસ્મે (અસ્મ અંગ ૭પરથી) પરથી સ્ નો હ્ થઈ આવ્યું છે. અસ્મે રૂપ વૈદિક છે. તુમ્હેમાંના તુ-માંના ઉનો ગુજરાતીમાં અ થયો છે.

'અમો,' 'તમો' એ રૂપમાં 'અમો' રૂપ પ્રાકૃત અમ્હો પરથી આવ્યું છે.

ડૉ. ટેસિટોરિ કહે છે કે 'પંચાખ્યાન' માં એ રૂપ વપરાયું છે. 'અમો' ને સાદૃશ્યે 'તમો' થયું છે. પ્રાકૃતમાં તુમ્હે છે, તુમ્હો નથી.

ગુજરાતીમાં પ્રાકૃત ઇ ને ઉ નો 'અ' કરવા તરફ ઘણું વલણ છે; જેમકે,

સં. નિરીક્ષણ=નિરીક્ખણ–નિરખવું
પરીક્ષણ=પરીક્ખણ–પારખવું
પુનઃ=પુણો–પણ
મનુષ્ય– માણુસ
મૃત–મડદું

પ્રા. ણવરિ (અપ. નિરુ)–નહિ (નર્યો).

વિદેશીય શબ્દમાં પણ 'માલૂમ'નું 'માલમ' વગેરે.

બીમ્સ કહે છે કે "ગુજરાતીમાં 'અમે' રૂપ છે; પણ ગામડાંના લોકો 'હમે' વાપરે છે. એ 'હમે' રૂપ કંઈ 'અમે' કરતાં વધારે શુદ્ધ નથી."

'હુમે' રૂપ હાલ તો ગુજરાતી ભાષામાં જોડણીની અવ્યવસ્થા કે અરાજકતાને લીધે શિષ્ટ લેખક પણ વાપરે છે; પરંતુ ભીમ્સનું આ કહેવું યુક્ત છે કે 'અમે' રૂપના કરતાં 'હુમે' રૂપમાં વિશેષ શુદ્ધતા નથી. ઉપર દર્શાવ્યા પ્રમાણે અમ્હે રૂપ પરથી એ રૂપ આવ્યું છે અને હાલ 'અમે' રૂપના ઉચ્ચારમાં હકાર એવી રીતે રહેલો છે કે તે 'અમે'-થી તેમજ 'હુમે'થી દર્શાવાતો નથી. 'હુમે' લખી 'હ્'ને લઘુપ્રયત્ન હકાર કહેવો ને 'અમે' વાપરી ખરો ઉચ્ચાર કરવો એ બેમાં કંઈ લાભકારક ભેદ નથી. 'અ્મે' આમ નવું ટપકાવાળું રૂપ કદાચ ખરો ઉચ્ચાર દર્શાવી શકે; પરંતુ એવાં નવાં રૂપ ભાષામાં યોજવાં ઇષ્ટ નથી. એવાં નવાં રૂપ યોજીએ તો પોલાળા ઉચ્ચાર તેમજ ચકાર વગેરે કેટલાક વર્ણના જે ઉચ્ચાર કેટલાક પ્રાન્તમાં થાય છે તેને માટે પણ નવાં ચિહ્ન યોજવાનો પ્રસંગ આવે.

મેં-તેં, મયા–મઇં (અપ.), ત્વયા–તઇં (અપ.) પરથી આવ્યાં છે.

સામાન્ય અંગ—'હું' ને 'તું'નાં રૂપોમાં સામાન્ય અંગ 'મ' 'અમ'-'ત,' 'તમ' અને ષષ્ઠ્યન્ત 'મારા-મુજ'-અમારા,' 'તારા–તુજ,–તમારા' છે. અપભ્રંશનાં રૂપોમાં પણ સામાન્ય અંગ 'મ'–'ત', 'અમ્હ'–'તુમ્હ' છે. 'મુજ–તુજ' રૂપો અપભ્રંશ મજ્જ (ષ. એ. વ.)–તુજ્જ (ષ. એ. વ.) પરથી આવ્યાં છે. 'મુજને,' 'મુજથી,' 'મુજનું,' 'મુજમાં,' 'તુજને,' 'તુજથી,' 'તુજનું,' 'તુજમાં' ને 'મારામાં,' 'તારામાં' વગેરે રૂપોમાં ષષ્ઠ્યન્ત અંગને પ્રત્યયો લાગ્યા છે. ષષ્ઠ્યન્ત અંગ બને છે એ વાત અગાઉ કહી છે.

મરાઠીમાં પણ મજ અને તુજ સામાન્ય રૂપ તરીકે વપરાય છે; જેમકે, મજશીં–તુજશીં (તૃ.), મજલા–તુજલા (દ્વિ., ચ.); મજહૂન–તુજહૂન (પં.)

'મારા-અમારા', 'તારા-તમારા'-આ રૂપો ખરી જોતાં 'મ-અમ'; 'ત-તમ' અંગ ઉપરથીજ થયાં છે. એ અંગને કાર-(क् લોપાઈ) આર લાગી એ નવાં અંગ થયાં છે.

હિંદીમાં મેરા-તેરા, હમારા–તુમ્હારા છે. બંગાળીમાં 'મારા' અને 'તારા'ને માટે મોર–તોર; આમાર–તોમાર છે; બહુ. વ.–આમાદેર–તોમાદેર છે. સંસ્કૃત છ પ્રત્યયનો અપભ્રંશમાં ડાર્ (આર્) થાય છે; જેમકે, યુષ્મદીયઃ—તુમ્હારુ; અસ્મદીયઃ–અમ્હારુ.

अम्हारा, महारा, એ રૂપો અપભ્રંશમાં વપરાય છે; જેમકે,

भल्ला हुआ जु मारिआ बहिणी महारा कन्तु—ભલું થયું જે માર્યો-મરાયો એન મારો કાન્ત-ભલું થયું જે, એન, મારો કાન્ત મરાયો.

दिक्खि अम्हारा कन्तु—દેખ મારા કાન્તને.

કેર (सं. कार्य ઉપરથી), कार (सं. छ; कुम्मकार); कर (सं. छ; यशस्कर, મરાઠીમાં पुर्णेकर-पुनानो)-એ બધા પષ્ઠ્યર્થે વપરાય છે.

દર્શક સર્વનામ—'આ', 'એ', 'તે', 'પેલું', 'ઓલ્યું' (કાઠિયાવાડી)—એ દર્શક સર્વનામ છે. 'આ', 'એ', 'પેલું'-એ પ્રત્યક્ષપદાર્થવાચક અને 'તે' એ પરોક્ષપદાર્થવાચક છે. પ્રત્યક્ષ પદાર્થ સમીપ હોય તો 'આ', સહજ દૂર હોય તો 'એ' અને દૂર હોય તો 'પેલું' વપરાય છે. 'આ', 'એ', ને 'તે' એ અવિકારક રૂપ છે અને 'પેલો-લી-લું', 'ઓલ્યો-લી-લ્યું,' એ વિકારક રૂપ છે. 'આ,' 'એ,' ને 'તે'-નાં રૂપ નીચે પ્રમાણે છે.

	આ		એ	
	એ. વ.	બ. વ	એ. વ.	બ. વ.
૧લી	આ	આ- આઓ	એ	એ- એઓ
૨જી	આ-આને	આ- આઓને- આમને	એ-એને	એ- એઓને- એમને
૩જી	આણે	આઓએ- આમણે	એણે	એઓએ- એમણે
૪થી	આને	આઓને-આમને	એને	એઓને-એમને
૫મી	આથી	આઓથી- આમનાથી	એથી	એઓથી- એઓનાથી- એમનાથી

આ

	એ. વ.	બ. વ.
૬ઠ્ઠી	આનો– ની–નું	આઓનો– ની–નું; આમનો–ની–નું
૭મી	આમાં	આઓમાં– આમનામાં

એ

	એ. વ.	બ. વ.
૬ઠ્ઠી	એનો– ની–નું	એઓનો– ની–નું; એમનો–ની–નું
૭મી	એમાં	એઓમાં– એઓનામાં– એમનામાં

તે

	એ. વ.	બ. વ.
૧લી	તે	તે–તેઓ
૨જી	તે–તેને	તે–તેઓને–તેમને
૩જી	તેણે	તેમણે–તેઓએ
૪થી	તેને	તેઓને–તેમને
૫મી	તેથી–તેનાથી	તેઓથી–તેઓનાથી–તેમનાથી
૬ઠ્ઠી	તેનો–ની–નું	તેઓનો–ની–નું; તેમનો–ની–નું
૭મી	તેમાં	તેઓમાં–તેઓનામાં–તેમનામાં

'આ,' 'એ,' ને 'તે' નાં રૂપોમાં તેમજ સાપેક્ષ સર્વનામ 'જે'નાં રૂપોમાં ઘણી વાર એકવચનનાં રૂપો બહુવચનના અર્થમાં વપરાય છે. 'એઓ,' 'આઓ,' 'તેઓ', 'એઓને–આઓને,' 'એમને–આમને,' 'તેઓને–તેમને,' વગેરે બહુવચનનાં રૂપો બહુધા પ્રાણિવાચક નામને લાગુ પડે છે. જેમ નામમાં પણ પૂર્વાપરસંબંધથી બહુવચનનો અર્થ સમજાતો હોય તો બહુવચનનું રૂપ વાપરવું વિવક્ષાને અધીન છે, તેમજ ઉપલાં સર્વનામનાં રૂપમાં પણ એકવચનનું રૂપ બહુવચનના અર્થમાં વપરાય છે ને એવે સ્થળે બહુવચનનું રૂપ વાપરવું એ વિવક્ષાને અધીન છે. એવે ઠેકાણે કેટલાક બહુવચનનું રૂપ શિષ્ટ માનતા નથી.

મેં કહેલાં પુસ્તક (કે પુસ્તકો) મુંબઈ જાઓ ત્યારે લેતા આવજો.
આ સંસ્કૃત પુસ્તકો છે, **એને** માટે મારે બહુ રખડવું પડ્યું.

વ્યુત્પત્તિ–इदम् (આ, એ)નું અપભ્રંશમાં પું. પ્ર. એ. વ. આઅ (આય) અને સ્ત્રી. પ્ર. એ. વ. આઆ (આયા) થાય છે. આઅ (આયે) એ પું. પ્ર. બ. વ. છે. આઅ અને આઆ એ અનુક્રમે પુંલિંગ અને સ્ત્રીલિંગનાં સામાન્ય અંગ છે.

એજ પ્રમાણે एतद्નું અપભ્રંશમાં પું. પ્ર. એ. વ. એહ (सं. एषः, प्रा. एस, अप. एह) અને સ્ત્રી. પ્ર. એ. વ. પણ એહ છે અને એજ સામાન્ય અંગ છે.

એહ પરથી 'એ' અને આઅ પરથી 'આ' આવ્યા છે.

ગુજરાતીની પેઠે અપભ્રંશની સાથે હિંદી વધારે મળતી છે, તેમાં 'એ' કે 'આ'ને માટે વહ અને યહ છે. બંગાળીમાં એઇ–ઇનિ અને પંજાબીમાં ઇહ છે.

અપભ્રંશમાં એઇ ને તિ એ एतद् ને तद्નાં પ્ર.નાં વ. વ.નાં રૂપ છે.

एइ ति घोडा एइ थलि एइ ति निसिअ खग्ग ।

(આ તે ઘોડા છે, આ સ્થલી છે, આ તે તીક્ષ્ણ ખડ્ગો છે.)

સંસ્કૃતમાં इदम् ને एतद्માં इदम् કરતાં एतद् વધારે પાસેના પદાર્થ માટે વપરાય છે.* ગુજરાતીમાં एतद् પરથી આવેલા 'એ' કરતાં इदम् પરથી આવેલું 'આ' રૂપ સમીપતર પદાર્થને માટે વપરાય છે.

હિંદીમાં यह નિકટવર્તી પદાર્થ માટે અને वह દૂરવર્તી પદાર્થ માટે વપરાય છે. બંગાળીમાં ઇનિ પાસેના પદાર્થ માટે અને ઉનિ દૂરના પદાર્થને માટે વપરાય છે. મરાઠીમાં હા (એ) ને તો (તે) એ દર્શક સર્વનામ છે.

तद्નાં રૂપ અપભ્રંશમાં त ઉપરથી સવ્વ જેવાં થાય છે. सु–सो પ્ર. એ. વ. પું. માં છે; નપું.માં અપભ્રંશમાં जं, तं એ પ્ર. એ. વ. તેમજ દ્વિ. એ. વ. છે અને जे ને ते એ પ્ર. ને દ્વિ. નાં વ. વ. છે.
મરાઠીમાં તો; હિંદીમાં સો; પંજાબી ને સિંધીમાં પણ સો છે. બંગાળીમાં સે છે; ઉડિયામાં પણ સે છે.

---

* इदमस्तु संनिकृष्टं समीपतरवर्ति चैतदो रूपम् ।
अदसस्तु विप्रकृष्टं तदिति परोक्षे विजानीयात् ॥

इदम् સંનિકૃષ્ટ–સમીપના પદાર્થ ને માટે, एतद् વધારે સમીપનાને માટે, अदस् દૂરનાને માટે અને तद् પરોક્ષને માટે વપરાય છે.

'તે,' 'જે', 'સે' માં એકાર માગધીમાંથી આવ્યો છે. માગધીમાં સં. પુરુષઃ-નું પુલિશે થાય છે; એજ પ્રમાણે નરઃ=નલે; હંસઃ=હંશે છે.

સો એ તદ્નું પું. પ્ર. એ. વ. પ્રાકૃત રૂપ છે; સો=સઃ (સં). અપભ્રંશમાં જુ-જો (યદ્નાં) ને સુ-સો (તદ્નાં) રૂપ છે.

જૂની ગુજરાતીમાં જુ (જે), સુ (તે) રૂપો વપરાયાં છે—

મુગ્ધાવબોધ૦—

જુ તરઇ **સુ** કતી; **જુ** દેખઇ **સુ** કર્તા; **જુ** કીજઇ **તં** કર્મ. (તં—નપુંસકમાં; અપભ્રંશની પેઠે નપુંસકમાં જૂની ગુજરાતીમાં તં રૂપ વપરાયું છે.)

એ ગ્રન્થ સુખિઇં પઢાયઇ;

એહ—નઉ (એનું)

એહુ—રહઇં

મરાઠીમાં હા (હા પું., હી સ્ત્રી., ને હે નપું.) ને તો (તો તી-ત) એ દર્શક સર્વનામ છે; તેમાં હા એ ગુજરાતી 'આ' ને 'એ' ને મળતું છે ને તો એ ગુજરાતી 'તે' ને મળતું છે. તો એ ત્રીજા પુરુષનું સર્વનામ પણ છે. અદસ્નું પ્રાકૃતમાં પ્ર. એ. વ. અહ થાય છે, તેમાંથી હા આવ્યું છે.

બંગાળીમાં ઐઈ-ઇનિ રૂપ છે, અને ઉત્કલીમાં એ-એહિ-ઇહા રૂપો છે; એ બધાં અપભ્રંશ રૂપ પ્ર. એ. વ. એહ—એહો—એહુ પરથી આવ્યાં છે.

દૂરનો પદાર્થ દર્શાવવા હિંદીમાં વહ, ઉહ, ઓહ, વુહ શબ્દો છે; બંગાળીમાં ઓ-ઉનિ છે. ગુજરાતીમાં એને મળતો શબ્દ 'એ' છે. ખીમ્સ તેમજ ડૉ. ભાંડારકર દૂરના દર્શક સર્વનામ તરીકે ગુજરાતીમાં 'આ' આપે છે તે ખોટું છે. ગુજરાતીમાં પ્રત્યક્ષ પદાર્થ દર્શાવવા માટે પાસેનાને સારૂ 'આ' ને દૂરનાને સારૂ 'એ' છે.

જૂની ગુજરાતીમાં 'મુગ્ધાવબોધ'માં 'આલિઉ' ('આલ્યા' માટે) અને 'પઇલઉ' ('પેલા') માટે વપરાયાં છે. અપ૦માં ઇયતનું એવડુ થાય છે, તે પરથી અવડુ—અવલુ—અડલુ—આલુ—આલ્યું ને અવલુ—વેલુ—પેલુ—પેલું એમ એ રૂપો આવ્યાં છે, એમ ડૉ. ગ્રીઅર્સનનું કહેવું છે. ડૉ. ટેસિટોરિ પાર ને અવાર ઉપર ઇલઉ (અપ૦નો પ્રત્યય) લગાડી એ રૂપો વ્યુત્પન્ન કરે છે. પાર પરથી અપ.

परिल्लउ–રાજસ્થાની–પઇલઉ–પેલો, ને અવાર પરથી અપ.–अवरिल्लउ–ओरिल्लउ રાજ. ઓઇલઉ–ઓલિઉ–ઓલ્યો. 'પાર'=સામો કિનારો; અવાર–પાસેનો કિનારો; 'ઓલ્યો' કરતાં 'પેલો' દૂરનાને લાગુ પડે છે.

સાપેક્ષ સર્વનામ–'જે' એ સાપેક્ષ સર્વનામ છે; કેમકે એ વાપર્યા પછી 'તે'ની અપેક્ષા રહે છેજ–'તે' વાપરવુંજ પડે છે. 'તે' એકલું વાપરી શકાય; એની પહેલાં 'જે' ન મૂકીએ તો એ ચાલે; પરંતુ 'જે'ની પછી તો 'તે' આવવુંજ જોઈએ.

'જે' ને 'તે' આ બે શબ્દો વચ્ચે સંબંધ હોવાથી અને સંબંધ દ્વિનિષ્ઠ છે–હમેશ બે કે વધારે પદાર્થમાં રહે છે–તેથી 'જે' ને 'તે' એ પરસ્પર **સંબંધી સર્વનામ** કહેવાય છે.

'જે'નાં રૂપ 'તે'નાં જેવાંજ થાય છે.

સંસ્કૃતમાં यद् એ સાપેક્ષ સર્વનામ છે. પ્રાકૃતમાં य् નો ज् થાય છે. પ્રાકૃતમાં પુંલિંગમાં પ્રથમાનું એકવચન जो ને પ્રથમાનું બહુવચન जे છે; અપભ્રંશમાં પુંલિંગમાં પ્રથમાનું એકવચન जो–જુ ને બહુવચન जे છે. નપુંસકમાં પ્રાકૃત અને અપભ્રંશમાં પ્રથમા ને દ્વિતીયાનું એકવચન जं છે.

હિંદી, મરાઠી, પંજાબી, ને સિંધીમાં પ્રથમાનું એકવચન जो છે. ગુજરાતીની પેઠે ઉત્કલી ને બંગાળીમાં યે–યિનિ છે.

જુ, જં રૂપો સું, તં ની પેઠે જૂની ગુજરાતીમાં વપરાયાં છે.

મુગ્ધાવબોધ૦–

ક્રિયા કરિવઇ **જુ** મુલિગઉ હુઉ **સુ** કર્તા (ક્રિયા કરવામાં જે મૂળનો–પ્રથમનો છે તે કર્તા).

જં પૂછઇ (જે પૂછે છે); **જં** પૂછઇ **તં** કર્મ; જીણું કરી કરઇ લિઇ દિઇ ઇત્યાદિ યુક્તિઇ જિહાંઇ અનઇ જીણું કરી કર્તા ક્રિયા સાધઇ **તં** કરણ (જેણે કરી કરે છે, લે છે, દે છે, ઇત્યાદિ યુક્તિએ જ્યાં અને

જેમ એષ:નું એહ થયું છે ને તે જૂની ગુજરાતીમાં વપરાયું છે, તેમ 'જેહ' ને 'તેહ' રૂપો જૂની ગુજરાતીમાં વપરાયાં છે. વ્યુત્પત્તિ પ્રમાણે એ હકાર નથી, 'એહ' ને અનુસારેજ થયેલો જણાય છે. જેહ-તેહ એ રૂપો યાદૃશ-તાદૃશ-ને બદલે અપભ્રંશમાં છે.

મુગ્ધાવબોધ૦-

જેહુ-નઈં; કે જેહુ-નઇ કારણિ (તૃ.)
જેહુ-તઉ-હુંતઉ-થઉ-થકઉ (પં.)
જેહુ-નઉ-જેહુ-રહુઇં (ષ.)
તેહુ-નઇ યોગિ (તેને યોગે)

તેહુ ત્રીજા અક્ષર પરઇ હકાર-રહિં ત્રીજા-નઉ સગઉ ચઉથઉ હુઇ (તે ત્રીજા અક્ષર પર [પછી] હકારને બદલે ત્રીજાનો સગો-મળતો ચોથો થાય છે.)

'જે' ને 'તે' હકાર વગર પણ જૂની ગુજરાતીમાં વપરાયાં છે.

મુગ્ધાવબોધ૦—

જે કર્તા-નઉ અથવા કર્મ-નઉ આધાર હુઇ **તે** અધિકરણ. (જે કર્તાનો અથવા કર્મનો આધાર થાય છે તે અધિકરણ છે).

પ્રશ્નાર્થ સર્વનામ—'કોણ' અને 'શું' એ પ્રશ્નાર્થક સર્વનામ છે. 'કોણ' સામાન્ય રીતે પ્રાણીને માટે અને 'શું' વસ્તુને માટે વપરાય છે. પરંતુ કવિતામાં 'કોણ' પદાર્થને માટે પણ વપરાયું છે ('કોણ તેનું ગામ' પ્રેમા૦, જુઓ મધ્ય૦ વ્યાક૦, પૃ૦ ૭૦.)

'કોણ, ને 'શું'નાં રૂપાખ્યાન નીચે પ્રમાણે છે. 'કોણ'નાં રૂપ બધી જાતિમાં ને બંને વચનમાં સરખાં છે.

કોણ

૧લી	કોણ	૫મી	કોણથી–કોનાથી–કેનાથી
૨જી	કોને–કોણને–કેને	૬ઠ્ઠી	કોનો–ની–નું; કોણનો–ની–નું; કેણનો–ની–નું
૩જી	કોણે–કેણે	૭મી	કોનામાં–કોણનામાં–કોણમાં– કેનામાં
૪થી	કોને–કોણને– કેને		

'કોણને' વગેરે 'કોણ' અંગ પરથી થતાં રૂપ મુખ્યત્વે પારસીમાં પ્રચાર પામ્યાં છે. 'કેણને' ('કેને') વગેરે 'કેણ' અંગથી થયલાં રૂપ ઓછાં પ્રચલિત છે.

'કોનાથી,' 'કોનામાં,' વગેરેમાં ષષ્ઠી વિભક્તિના અંગ પર પ્રત્યય આવ્યા છે. ષષ્ઠી વિભક્તિ સામાન્ય અંગ તરીકે વપરાય છે એ અગાઉ દર્શાવ્યું છે.

વ્યુત્પત્તિ–'કોણ' એ કઃ પુનઃ–કઉણ–કોણ, એમ વ્યુત્પન્ન થયું છે. અપભ્રંશમાં કવણુ રૂપ છે. પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની, એ ગુજરાતી ને મારવાડી, બંનેનું મૂળ છે, તેમાં 'કવણ,' 'કઉણ,' 'કઉણ,' 'કૂણ' ને 'કુણ' રૂપો છે.

'શું'–'શું' એ વિકારી છે–શો–શી–શું. 'શી' વિશેષણ તરીકેજ વપરાય છે; 'શો' ને 'શું' નામ તરીકે પણ વપરાય છે; જેમકે; શાને માટે? શાથી આમ બોલો છો?

	શો પું.		શું નપું.	
	એ. વ.	બ. વ.	એ. વ.	બ. વ.
૧લી	શો	શા	શું	શાં
૨જી	શો–શાને–શેને	શા–શાને–શેને	શું–શાને–શેને	શાં–શાંને
૩જી	શાણે–શેણે	શાણે–શેણે	શાણે–શેણે	શાંણે
૪થી	શાને–શેને	શાને–શેને	શાને–શેને	શાંને

	શો પું.		શું નપું.	
	એ. વ.	બ. વ.	એ. વ.	બ. વ.
૫મી	શાથી–શેથી	શાથી–શેથી	શાથી–શેથી	શાંથી
૬ઠ્ઠી	શાનો–ની–નું;	શાનો–ની–નું;	શાનો–ની–નું; શેનો–ની–નું	શાંનો–ની–નું
	શેનો–ની–નું;	શેનો–ની–નું		
૭મી	શામાં–શેમાં	શામાં–શેમાં	શામાં–શેમાં	શાંમાં

'કોણ'ને બદલે હિંદીમાં કૌન, પંજાબીમાં કૌણ, મરાઠીમાં કોણ, અને બંગાળીમાં કે છે. મરાઠીમાં કવણ રૂપ કવિતામાં વપરાય છે. કોણમાં એક ઉમેરી મરાઠીમાં કોણેક (=કોણી એક) રૂપ વપરાય છે. જ્યાં હિંદીમાં ને પંજાબીમાં ऐ ને औ છે ત્યાં ગુજરાતીમાં 'એ' ને 'ઓ' છે, જેમકે,

ગુજ૦	હિન્દી	ગુજ૦	હિન્દી
બેડો	બૈડા	બૈસ	બૈસ
ચોથો	ચૌથા	ચોક	ચૌક
નેન	નૈન (નેણ પં.)	ભોંયઈ	ભૌંયી
નેણ	નૈન	ચોવીસ	ચૌબીસ
કોડી	કૌડી (પં. ને મ. માં પણ)		

'શું' ની વ્યુત્પત્તિ–સં૦માં કીદૃશ: છે, તેનું અપભ્રંશમાં કઇસુ થાય છે. હિંદીમાં કૈસા છે. જૂનું ગુજરાતી રૂપ 'કિસું' છે, તે કસાને મળતું છે. 'કિસું'માંથી 'કશું' ને 'કશું'માંથી 'ક' લોપાઈ 'શું' થયું છે.

'કોણ'નું જૂની ગુજરાતીમાં 'કઉણ–કુણ' રૂપ છે. અપભ્રંશમાં કિમ્ શબ્દનાં કાઇં ને કવણ એ બે આદેશ આપ્યા છે, તેમાં 'કોણ' કઃ પુનઃ–કઉણ–કોણ–એમ વ્યુત્પન્ન થયું છે અને કંઈ–કાંઈ, કિમપિ–કિંઇ- કંઈ–કંઈ–કાંઈ થયું છે.

મુગ્ધાવબોધ૦–

કઉણુ તરઇ ?; **કુણુ** ઊગઇ ?; **કીણઇ** કીજતઉ ? (કોણે કરાય છે ?) **કઉણુ–તઉ** પડઇ ? (કોનાથી પડે છે ?) **કિહ–તણુઉ ?, કઉણુ–તણુઉ ?** (કોનું ?)

કિસઉં–કિમું–કિસિઉ ?–શું ?

કિસું પૂછઇ ? (શું પૂછે છે ?), કિસું ખેડતઉ ?

ગુરિ અર્થુ કહતઇ. કિસિઉ કહતઇ ? (ગુરુ અર્થ કહે છે. કશો ?–શો કહે છે ?)

કિસિઇં તરઇ ? (કશા વડે–શા વડે તરે છે ?)

કિસ–નઇ કારણિ ધર્મુ હુઇ ? (શેને કારણે ધર્મ થાય છે ?) કિસઇ હુંતઇ ? (શું હતે ?)

ભાલણે 'કોણ'ને અનિશ્ચિત સર્વનામ તરીકે વાપર્યું છે.

કુણિ ચમરી ભાર ગ્રહ્યા, ગજદંત ગ્રહ્યા **કુણિ** હાથિ–

કાદમ્બરી, કડ૦ ૪

પ્રેમાનન્દમાં પણ 'કોણ'ના અનિશ્ચિત સર્વનામ તરીકેના દાખલા મળે છે.

'ખાંડવું, દળવું, અને ધોવું, **કોનાં** વાસીદાં કરતી;
કોનાં પાત્ર પખાળે એહાં કાહડે, **કોનાં** પાણી ભરતી.

ચંદ્ર૦–આખ્યાન, કડ૦ ૨જું

'પ્રભુની માયા મહાગંભીર, **કોણે** નવ દીઠું રુધીર.'

પ્રેમા૦–'વામનચરિત્ર', કડ૦ ૧૦મું

'**કો કોણ** પૃથ્વી પર થઈ ગયા, ને વળી થઈ જાશે;
રાજા રંક ને છત્રપતિ, કાળને વશ થાશે.'

વામ૦ ચરિ૦, કડ૦ ૧૨મું

અનિશ્ચિત સર્વનામ–જેમાંથી નિશ્ચિત અર્થ નીકળતો નથી તેવાં સર્વનામ **અનિશ્ચિત** છે.

કોઇ, કંઈ, કોઇકિ, કંઇકિ, હર કોઇ, સર્વ, દરેક, હરેક, પ્રત્યેક, બધું, સઘળું, સહુ, સહુ કોઈ, બીજું, અન્ય, ઇતર, અમુક, ફલાણું, કેટલુંક.

કોઇ, કંઈ, કોઇકિ, કંઇકિ–હિંદી ને પંજાબીમાં પણ એજ શબ્દ છે. હિંદીમાં કોઈ; મરાઠીમાં કોણ પું. ને સ્ત્રી. ને કાય નપું૦ છે. 'કોઇ'–કોપિ-કોઽપિ-કોઇ 'કંઈ' કિમપિ પરથી આવ્યું છે.

'કોઈ' ને 'કંઈ' સાથે 'એક' ઉમેરાઈ 'કોઈ એક' 'કોઇકિ,' 'કંઇકિ' શબ્દ થયા છે. એ સંયુક્ત અનિશ્ચિત સર્વનામ છે.

'કોઈ' અને 'કંઈ' બંને અનિશ્ચિત અર્થ સૂચવે છે. 'કોઈ' ત્રણે જાતિમાં વપરાય છે, 'કંઈ' બહુધા નપુંસકમાંજ વપરાય છે; પરંતુ તેનો પણ પ્રયોગ ત્રણે જાતિમાં જોવામાં આવે છે; જેમકે,

તેને જોતાં **કંઇકિ તિરસ્કાર** ઉત્પન્ન થયો.

તેને માટે મને **કંઇકિ અનુભવ** છે.

કોઈ પુરુષ, કોઈ સ્ત્રી, કોઈ ગામ, કોઈ કાર્ય, કોઈ ચીજ, કંઈ કામસર મારે મુંબઈ જવું છે.

અપભ્રંશમાં કાइं અવ્યય તરીકે 'કેમ' ને 'શું'ના અર્થમાં વપરાયો છે:—

એમ્વઇ વુન્નઉ કાइं? (एवं विषण्णः कथम्=એમ ખિન્ન કેમ?)

કાલક્ખેવેં કાइं? (कालक्षेपेन किम्–કાલક્ષેપથી શું?)

કાइं ન દૂરે દેક્ખઇ? (किं न दूरे पश्यति–શું તે દૂર દેખતો નથી?)

'મુગ્ધાવબોધ૦'માં **કિમપિને** માટે કાંઇ આપ્યું છે.

ભાલણે 'કાદમ્બરી'માં વિશેષણ તરીકે પ્રશ્નના અર્થમાં 'કાંઈ' વાપર્યું છે.

બાહ્ય પરિજન સંઘાતિ-કાંઈ કૃત્ય કહી છે?

કઉ૦ ૧૭

કાइं, કઇં, કવણુ, એ ત્રણ અપભ્રંશમાં કિમ્ નપુંસકના પ્રથમાનાં બહુવચન ને દ્વિતીયાનાં બહુવચન છે. વળી કાइं એ કિમનું પુંલિંગમાં અન્ય સ્વરૂપ છે, એ પરથી બધાં રૂપ થાય છે.

હર કોઈ, હરેક, દરેક, પ્રત્યેક–'હર' અને 'દર' એ ફારસીમાં નામયોગી અવ્યય છે. પ્રતિ સંસ્કૃતમાં ઉપસર્ગ છે. એ બધાં સાથે 'એક' મળીને એ શબ્દ થયા છે. એમાં 'આ,' 'તે' જેવો નિશ્ચિત અર્થ નથી. અનિશ્ચિતતા છે, માટે એ સંયુક્ત અનિશ્ચિત સર્વનામ છે.

સર્વ, સહુ (સૌ), બધું, સઘળું—'સર્વ' એ સંસ્કૃત શબ્દ છે. એનું અપભ્રંશમાં સાહુ-સવ્વુ થાય છે. 'સહુ' (સઉ-સૌ) રૂપ સાહુ પરથી આવ્યું છે. 'સઘળું' સકલમ્ (कला अवयव, भाग; भाग साथे, બહુવ્રીહિ સમાસ છે.) પરથી આવ્યું છે. 'બધું' બહુ ઉપરથી આવ્યું છે.

એ બધા શબ્દમાં પણ અનિશ્ચિતતાનો અર્થ છે.

અન્ય, બીજું ઇતર—આમાં 'અન્ય' ને 'ઇતર' સંસ્કૃત શબ્દો છે. 'બીજું' દ્વિતીય પરથી બઇજ્જ-બિઇજ્જ અપભ્રંશદ્વારા આવ્યું છે. અપભ્રંશમાં 'તઇજ્જી' શબ્દ 'ત્રીજી'ને માટે વપરાયો છે ('तणहं तइज्जी भङ्गि' હેમચન્દ્ર ૮।૪।૩૯=तृणानां तृतीया भङ्गिः-તરણાંની ત્રીજી રીત છે.); એટલે બઇજ્જ 'બીજા'ને માટે હોવું જોઈએ. 'બીજું' તે કયું તે નક્કી ન હોવાથી એમાં પણ અનિશ્ચિતતાનો અર્થ છે.

અમુક—સંસ્કૃત શબ્દ છે. 'મુગ્ધાવબોધ૦'માં 'અમુકઉ' રૂપ છે.

કેટલુંક—किति एक પરથી આવ્યું છે.

સ્વવાચક—'પોતે' એ સ્વવાચક સર્વનામ છે. એનાં રૂપાખ્યાન નીચે પ્રમાણે છેઃ—

પ્ર.	પોતે	પં.	પોતાથી-પોતાનાથી
દ્વિ.	પોતાને	ષ.	પોતાનો-ની-નું
તૃ.	પોતે	સ.	પોતામાં-પોતાનામાં
ચ.	પોતાને		

આ શબ્દનાં રૂપ બંને વચનમાં ને ત્રણે જાતિમાં સરખાં, ઉપર પ્રમાણે છે.

વ્યુત્પત્તિ—સં. स्वः-स्पो-पो ને तस् નું તે થઈ स्वतः પરથી 'પોતે' થયું છે. ડૉ. ટેસિટોરિ 'પોતે'ને બેવડાયલા અંગ પરથી વ્યુત્પન્ન કરે છે. 'આપોઆપ'નું અપ૦માં અપ્પહુઅપ્પ છે, તેમાંનો આદિ સ્વર લોપાઈ, દ્વિતીય પ્પ નો ત થઈ 'પોતે' થયું છે એમ એમનો મત છે. પ્રથમ દર્શાવેલી વ્યુત્પત્તિ સરળ ને યુક્તતર છે.

અન્યોન્યવાચક—અન્યોન્ય, પરસ્પર, એક બીજું-એ એવાં સર્વનામ છે.

તેઓ **અન્યોન્ય** બહુ પ્રેમથી વર્તે છે.

તેઓ **પરસ્પર** બહુ માનની લાગણી ધરાવે છે.
તેઓ **એક બીજા** સાથે છૂટથી વર્તે છે.

અન્યોન્ય, પરસ્પર—આ બે શબ્દમાં સમાસમાં પૂર્વપદની પછી સ્ આવે છે અને તે સ્નો વિસર્ગ થઈ 'અન્યોન્ય'માં વિસર્ગનો ઉ થઈ પૂર્વના અ સાથે મળીને ઓ થયો છે; નિયમિત રૂપ અન્યાન્ય ને બદલે અન્યોન્ય થયું છે. 'પરસ્પર'માં સ્નો વિસર્ગ થતો નથી; સ્નો સ્ જ કાયમ રહે છે. નિયમિત રૂપ પરપર ને બદલે પરસ્પર થયું છે.

આદરવાચક—'તમે'ને ઠેકાણે માનાર્થે 'આપ' વપરાય છે. 'આપોઆપ' એ સંયુક્ત સર્વનામ છે.

વ્યુત્પત્તિ—સં. આત્મન્; પ્રા. અત્તા–અપ્પા–અપ્પો, અપ. અપ્પુ–અપ્પઉ–આપા–આપ–એમ એ શબ્દ વ્યુત્પન્ન થયો છે. 'આપોઆપ'માં પહેલું રૂપ પંચમીમાં છે. એક નામ પછી તેનું તેજ નામ આવે છે ને અવ્યયરૂપ શબ્દસમુદાય બને છે, ત્યારે પહેલું નામ પંચમીમાં હોય છે ને તેને ઓ પ્રત્યય હોય છે. જૂની ગુજરાતીમાં 'હાથોહાથ,' 'ખંડોખંડ,' 'દિસોદિસિ,' 'વારોવાર,' 'માહોમાહ' – આવાં રૂપ વપરાયાં છે. તેમાં ઓ પ્રત્યય પંચમીના અપ૦ હૂ–કહૂ (શબ્દને અન્તે સ્વાર્થિક ક પ્રત્યય લાગવાથી)–અહૂ–અઊ પરથી આવ્યો છે.

આપણે—'આપણે' એટલે હું ને તું. એનાં રૂપ નીચે પ્રમાણે છે:—

૧લી	આપણે	૫મી	આપણાથી
૨જી	આપણને	૬ઠ્ઠી	આપણો–ણી–ણું
૩જી	આપણે	૭મી	આપણામાં
૪થી	આપણને		

મૂળ શબ્દ 'આપણ' સમજવો. કવિતામાં એ રૂપ વપરાય છે.

વ્યુત્પત્તિ—'આપણ' એ આત્મન્–આત્મા, પ્રા. અપ્પણ–અપ્પા ઉપરથી આવ્યું છે.

અપભ્રંશમાં એ શબ્દ સ્વાર્થવાચક તરીકેજ–'પોતે' એ અર્થમાં–વપરાયો જણાય છે.

કરહુ મ અપ્પહો ઘાઉ। (કુરુત મા આત્મનો ઘાતમ્—આત્માનો–પોતાનો ઘાત મા કરો.)

દુરુટ્ઠાણેં પડિઉ ખલુ અપ્પણુ જણુ મારેઇ ।

(દૂરોટ્ઠાનેન પતિતઃ ખલઃ આત્માનં જનં મારયતિ ।–દૂર ગમનથી–ઊંચે જવાથી પડેલે ખલ પોતાને ને જનને મારે છે.)

જો ગુણ ગોવઇ અપ્પણા । (યો ગુણાન્ ગોપયતિ આત્મનઃ–આત્મીયાન્–જે પોતાના ગુણ છુપાવે છે.)

પિએ દિટ્ઠે હલ્લોહલેણ કો ચેઅઇ અપ્પાણુ । (પ્રિયે દૃષ્ટે હલ્લોહલેન–વ્યાકુલત્વેન કઃ ચેતયતિ આત્માનમ્–પ્રિય જોવાયે છતે ગભરાટથી કોણ પોતાને જાણે છે? તલ્લીન થવાથી કોને ભાન રહે છે?)

ફોડેન્તિ જે હિયડઉં અપ્પણઉં । (સ્ફોટયન્તિ યે હૃદયમાત્મનઃ–જેઓ પોતાનું હૃદય ફોડે છે.)

આ પ્રમાણે અપ્પન્ નામ તરીકે તેમજ વિશેષણ તરીકે વપરાયું છે અને સ્વવાચક છે.

'મુગ્ધાવબોધ૦'માં સ્વાર્થવાચક તરીકેજ એ શબ્દ આપ્યો છે.

આપણી ક્રિયા; આપણા કર્મ–નઉ.

મરાઠીમાં આપણ પુરુષવાચક સર્વનામ તરીકે વપરાય છે; જેમકે,

'આપણ (આહ્મીં) ઉદ્યાં ખેળાવયાસ જાઊં.'

'આપણ (તુહ્મીં) મજવર કૃપા કરા.'

'તો આપણાસ (ત્યાસ) આનંદી રાખીત નાહીં.'

હિંદુસ્તાનીમાં નીચે પ્રમાણે ઉપયોગ છે.

જો કાર્ય કરતે હૈં અપને ઉદ્યોગકા ફલ પાતે હૈં ।

આ પ્રમાણે હિંદુસ્તાનીમાં 'આપણે' 'પોતે'ના અર્થમાં વપરાય છે. વળી આત્મનના તદ્ભવ તરીકે પણ વપરાય છેઃ—

જો અપને સચ્ચરિત્રોંસે પિતાકો પ્રસન્ન કરતા હૈ વહ પુત્ર હૈ (પોતાના) ।

હમ લોગ પવિત્ર આશ્રમકે દર્શનસે અપનેકો પવિત્ર કરેં (આત્માને) ।

પ્રકરણ ૧૭મું

વિશેષણ: પ્રકારાદિ

લક્ષણ ને વિભાગ—અગાઉ દર્શાવ્યું છે તેમ **વિશેષણ** એ નામની અંદર વિશેષ મૂકનાર ઉપાધિનો–ગુણનો વાચક છે. એ ઉપાધિ ગુણ હોય કે સંખ્યા હોય. સંખ્યા એ પણ વસ્તુતઃ ગણત્રીનો ગુણજ છે. આ પ્રમાણે વિશેષણના **ગુણવાચક ને સંખ્યાવાચક** એવા બે વિભાગ થાય છે. કેટલાંક વિશેષણ ક્રિયાવાચક હોય છે (બેસતું, ઊઠતું, ગયું, ગયલું, થનારૂં). એ કૃદન્ત વિશેષણ છે. એનું વિવેચન કૃદન્તમાં આવશે. વિશેષણ નામમાં વિશેષ ધર્મ મૂકે છે; માટે જે નામમાં વિશેષ મુકાયો હોય એવું નામ **વિશેષ્ય** કહેવાય છે.

ગુણવાચક–સુંદર, વિરૂપ, ખાટું, મીઠું, વગેરે.

સંખ્યાવાચક–બે, ચાર, ચોથું, થોડું, ઘણું, વગેરે.

સંખ્યા નિશ્ચિત હોય કે અનિશ્ચિત હોય, એમ **નિશ્ચિત-સંખ્યાવાચક** અને **અનિશ્ચિતસંખ્યાવાચક** એવા બે પેટા ભાગ થાય છે.

નિશ્ચિતસંખ્યાવાચક–બે, ચાર, દસ, અર્ધું, દોઢું, પહેલું, બીજું

અનિશ્ચિતસંખ્યાવાચક–થોડું, ઘણું, ઓછું, વત્તું

વળી નિશ્ચિતસંખ્યાવાચક વિશેષણ સંખ્યાનો ક્રમ દર્શાવે કે સંખ્યા પૂરી કરે–સંખ્યાના પૂરક થાય; આ પ્રમાણે **સંખ્યાક્રમ-વાચક** અને **સંખ્યાપૂરક** એવા એ પ્રકારના બે વિભાગ થાય છે.

સંખ્યાક્રમવાચક–એક, બે, ત્રણ, વગેરે

સંખ્યાપૂરક–પહેલું, બીજું, ત્રીજું, વગેરે

વળી સંખ્યાવાચક વિશેષણ સંખ્યાનો અંશ કે આવૃત્તિ દર્શાવે, આથી **સંખ્યાંશવાચક** અને **સંખ્યાવૃત્તિવાચક**, એવા બે વિભાગ થાય છે.

સંખ્યાંશવાચક–અર્ધું, પોણું, સવા, દોઢ, અઢી–(ક્રમવાચક) સવાયું, દોઢું, અઢીમું (સંખ્યાંશપૂરક)

સંખ્યાવૃત્તિવાચક–એકવડું, બેવડું, ત્રમણું, ત્રમાણું, ત્રગાણું, ચારગાણું

કેટલાક સંખ્યાવાચક શબ્દમાં સમૂહનો અર્થ છે; તે નામ છે, વિશેષણ નથી. તેને **સંખ્યાસમૂહવાચક** નામ કહેવાં.

સંખ્યાસમૂહવાચક–બેલું, તરી, ચોક, પંચું, છક્કું, સત્તું, અટ્ઠું, આઠું, નવું, દસકો, કુંડી, સૈકું, પંચક, સપ્તક, અષ્ટક, દશક.

સ્વરૂપ પ્રમાણે વિભાગ–સ્વરૂપ પ્રમાણે તમામ વિશેષણના બે પ્રકાર થાય છે. કેટલાંકમાં જાતિ કે વચનને લીધે રૂપમાં ફેરફાર થતો નથી ને કેટલાંકમાં થાય છે. ફેરફાર થાય છે તે **વિકારી** અને નથી થતો તે **અવિકારી** છે.

વિકારી–સારો–રી–રૂં; પહેલો–લી–લું; બીજો–જી–જું; અર્ધો–ર્ધી–ર્ધું; દોઢો–ઢી–ઢું; બેવડો–ડી–ડું; ત્રમણો–ણી–ણું; અઢીગણો–ણી–ણું; વગેરે.

અવિકારી–સુંદર, કોમળ, સુકુમાર, કઠણ, એક, બે, ત્રણ, વગેરે.

આ પ્રમાણે વિશેષણના પ્રકાર નીચે પ્રમાણે છે:–



પ્રયોગ તરીકે પ્રકાર—દરેક પ્રકારના વિશેષણનો બે રીતે ઉપયોગ થઈ શકે છે. આમ પ્રયોગપરત્વે વિશેષણના બે પ્રકાર છે:– **અનુવાદ્ય** અને **વિધેય**. કથિતનું પુનઃ કથન–કહેલી વસ્તુ ફરી કહેવી તે **અનુવાદ**; જે વિશેષણ અનુવાદ કરે છે તે **અનુવાદ્ય**; અને જેથી કશાનું વિધાન થાય છે તે **વિધેય**. અનુવાદ્ય વિશેષણ નામની પૂર્વે આવે છે; વિધેય વિશેષણ વાક્યપૃથક્કરણમાં વિધેયનો અંશ થાય છે.

આ **સુંદર** મહેલ મેં પૂર્વે જોયો નહોતો. (અનુવાદ્ય)

આ મહેલ કેવો **સુંદર** છે! (વિધેય)

આમાં 'આ સુંદર મહેલ'માં 'સુંદર' અનુવાદ્ય છે. એ જાણીતી વસ્તુ છે એમ વિવક્ષા છે. 'મેં પૂર્વે જોયો નહોતો' એ એને વિષે વિધાન કર્યું છે, માટે વિધેય છે. 'સુંદર' એ 'આ સુંદર મહેલ' એટલા

અનુવાદ્યનો ઘટક અવયવ–અંશ હોવાથી અનુવાદ્ય વિશેષણ કહેવાય છે. એજ પ્રમાણે 'કેવો સુંદર છે' એ વિધેયનો 'સુંદર' અંશ (ઘટક અવયવ) છે, માટે એ વિધેય વિશેષણ છે.

પૌર્વાપર્યનો નિયમ—વ્યાકરણશાસ્ત્રનો એક નિયમ છે કે અનુવાદ્ય કહ્યા પહેલાં વિધેય કહેવો નહિ. એ નિયમનો ભંગ કરવાથી વિધેયનો વિમર્શ–સમ્યક્ વિચાર આવી શકતો નથી. આથી કાવ્યશાસ્ત્રમાં આ દોષને **વિધેયાવિમર્શ** દોષ કહ્યો છે.

'ધિક્કાર છે આજ કે મારે શત્રુ છે'–અમાં 'ધિક્કાર છે' એ વિધેય કોને માટે છે તેનો વિચાર અનુવાદ્ય વગર આવી શકતો નથી. 'આજ ધિક્કાર છે કે મારે શત્રુ છે,' એમ કહેવું યુક્ત છે. એમાં અનુવાદ્ય 'આજ' કહીને પછી તેનો વિધેય 'ધિક્કાર છે' કહ્યો છે. 'આજ' એટલે 'કે મારે શત્રુ છે,' એ વાત.

અંગ્રેજી ને દેશી રચના—અંગ્રેજીમાં ઘણી વાર વાક્યમાં જુસ્સો લાવવા વિધેય વિશેષણ વાક્યના આરંભમાં મૂકવામાં આવે છે; અર્થાત્, ત્યાં તે અનુવાદ્યની પહેલાંજ આવે છે; જેમકે,

Happy is he who is contented—'સુખી છે તે જે સંતુષ્ટ છે,' આ પ્રમાણે અંગ્રેજીમાં કહી શકાય છે, તો સંસ્કૃત વૈયાકરણોએ ઉપલો નિયમ કર્યો તેનો અર્થ શો? અર્થ સ્પષ્ટ છે. સામાન્ય રીતે અનુવાદ્ય કહ્યા વિના વિધેય કહેવાય નહિ; કારણ કે જેને વિષે વિધાન કરવાનું છે તે કહ્યા વગર આરંભમાંજ વિધેય કેમ મુકાય? ખાસ પ્રયોજન હોય તો જુદી વાત છે. અંગ્રેજી રચનામાં વિધેય પ્રથમ મૂકવાનું ખાસ પ્રયોજન વિચારમાં જોમ લાવવાનું છે. તે ભાષાની એવી રૂઢિ છે. ઉપલા વાક્યમાં જ્યાં દોષ બતાવ્યો છે ત્યાં અનુવાદ્ય કહ્યા વિના વિધેયને તેની પહેલાં મૂકવાનું એવું કંઈ પ્રયોજન નથી. 'ધિક્કાર છે આજ' એમ કહ્યું છે એટલે જુસ્સો બતાવનાર શબ્દ 'જ' તો અનુવાદ્યની–'આ'ની સાથે છે; વિધેયને આરંભમાં મૂકવાનું આ રીતે કંઈ પ્રયોજન ન હોવાથી દોષ માન્યો છે.

વિકારી વિશેષણનાં રૂપ—વિકારી વિશેષણમાં જાતિ ને વચનનો ભેદ મુખ્ય છે; જેમકે, સારો છોકરો; સારી છોકરી; સારૂં છોકરૂં; સારા છોકરા; સારાં છોકરાં. સ્ત્રીલિંગનાં રૂપમાં વચનને લીધે વિકાર થતો નથી; જેમકે, સારી છોકરી; સારી છોકરીઓ.

તત્સમ શબ્દનું મૂળ રૂપ સ્ત્રીલિંગમાં વપરાય છે અથવા તો તેનું સ્ત્રીલિંગનું રૂપ વપરાય છે; જેમકે,

વિદ્વાન્ અને બુદ્ધિમાન્ સ્ત્રી; વિદુષી અને બુદ્ધિમતી સ્ત્રી.

વિભક્તિ—વિશેષણને સામાન્ય રીતે વિભક્તિ લાગતી નથી; પરંતુ તે ઓકારાન્ત પુંલિંગ હોય છે તો તે 'ઓ'નો એકવચન ને બહુવચનમાં 'આ' થાય છે અને ઉકારાન્ત સાનુસ્વાર નપુંસક હોય છે તો તે 'ઉં'નો એકવચનમાં 'આ' ને બહુવચનમાં 'આં' થાય છે.

સારો છોકરો; સારા છોકરાને
સારા છોકરા; સારા છોકરાને—સારા છોકરાઓને
સારૂં છોકરૂં; સારા છોકરાને
સારાં છોકરાં; સારાં છોકરાંને

વિશેષણને તૃતીયા ને સપ્તમીનો 'એ' પ્રત્યય આવે છે; જેમકે,

તે કન્યા **સારે** ઘેર પરણી છે.
તે છોકરો **ઊંચે** ઓટલેથી પડી ગયો.
સીધે રસ્તે ચાલ્યા જાઓ.

નામસમુદાય અને વિભક્તિ—ઘણાં નામ એકજ વાક્ય-યોગીથી જોડાયાં હોય તો બહુધા છેલ્લા નામનેજ વિભક્તિ લાગે છે. સ્પષ્ટતાની ખાતર કે વાક્યમાં જોમ લાવવા કોઈ વાર દરેક નામને વિભક્તિ લગાડાય છે; જેમકે,

સ્વાર્થીપણું, અભિમાન, કે વિષયલોલુપતાથી મનુષ્ય પાયમાલ થાય છે.

તેણે સ્વજનોની, ગુરુની, અને માબાપની પણ શિખામણનો અનાદર કર્યો. હિંદીમાં પણ એવીજ રચના છે.

'जिसके द्वारा शब्दोंकी व्युत्पत्ति, अर्थात्, शब्दोंमें धातुप्रत्यय, लिंग, वचन, कारक, और समासका बोध होता है उसे व्याकरण कहते हैं.

મરાઠીમાં આવે સ્થળે 'આ,' 'ઇત્યાદિ' જેવા અર્થના શબ્દો વાપરી તેનેજ પ્રત્યય ઉમેરવાનો પ્રચાર છે.

'उष्णता आणि तहान यांनीं त्रस्त झाल्यामुलें मला एक पाऊल-ही पुढें टाकवत नाहीं.'

વ્યાવર્તક, વિધેય, હેતુગર્ભ—સંસ્કૃત વૈયાકરણો વિશેષણના ત્રણ પ્રકાર આપે છેઃ—વ્યાવર્તક, વિધેય, અને હેતુગર્ભ. વ્યાવર્તક એટલે જુદું પાડનાર. 'પીળું વસ્ત્ર' એમાં 'પીળું' વિશેષણ **વ્યાવર્તક** જે; કેમકે એ 'વસ્ત્ર'ને અન્ય પ્રકારનાં વસ્ત્રથી વ્યાવૃત્ત કરે છે—જુદું પાડે છે. વિશેષણનો એજ મુખ્ય ધર્મ છે; 'વિધેય'નો અર્થ ઉપર દર્શાવ્યો છે. 'આ ચોપડી **સુંદર** છે,' એમાં 'સુંદર' **વિધેય** વિશેષણ છે. જે વિશેષણમાં હેતુનો અર્થ ગર્ભિત છે તે **હેતુગર્ભ** વિશેષણ કહેવાય છે. **'પીધેલો** પુરુષ રસ્તામાં પડી જાય છે.' 'પીધેલો'=પીધેલો હોવાથી. આવાં હેતુગર્ભ-સાભિપ્રાય વિશેષણથી કાવ્યમાં ચમત્કાર આવે તો પરિકર અલંકાર બને છે.

તુલનાત્મક રૂપ—વિશેષણનાં તુલનાત્મક રૂપ સંસ્કૃતમાં તર ને તમ કે ઈયસ્ ને ઇષ્ઠ પ્રત્યયો લગાડવાથી થાય છે. **તર ને ઈયસ્** પ્રત્યયો અધિકતાવાચક છે, એટલે એક વસ્તુ બીજીથી તે ગુણમાં અધિક છે એમ બતાવે છે; અને **તમ ને ઇષ્ઠ** પ્રત્યય શ્રેષ્ઠતાવાચક છે, એટલે તે ગુણમાં તે વસ્તુ સર્વોપરિ છે એમ દર્શાવે છે. આવાં ઘણાં રૂપ ગુજરાતી ભાષામાં પ્રચાર પામ્યાં છે.

લઘુતમ સાધારણ ભાજ્ય=સહુથી નાનામાં નાનો સાધારણ ભાજ્ય

શ્રેષ્ઠ, જ્યેષ્ઠ, કનિષ્ઠ, વરિષ્ઠ, વગેરે પ્રચલિત શબ્દો ઇષ્ઠ-પ્રત્યયાન્ત છે.

આ છોકરાનું કુળ ઉચ્ચ છે, પેલાનું ઉચ્ચતર છે, પણ કાલે મળ્યો હતો તેનું ઉચ્ચતમ છે.

'તર' અને 'તમ' એ બેનો દ્વન્દ્વ સમાસ 'તરતમ' થઈ તે પરથી ભાવવાચક નામ 'ય' પ્રત્યય લાગી 'તારતમ્ય' થયું છે.

એ વિષયનું **તારતમ્ય** કાઢવું જોઈએ.

તર અને તમ પ્રત્યય સંસ્કૃતમાં વિશેષણ ઉપરાંત નામ, અવ્યય, અને ક્રિયાપદને પણ લાગે છે; અવ્યયને અને ક્રિયાપદને લાગે છે ત્યારે તેનું તરામ્ અને તમામ્ થાય છે.

વિશેષણ–દરિદ્ર		દરિદ્રતર	દરિદ્રતમ
સં. નામ–યાચક		યાચકતર	યાચકતમ
,, ક્રિયાપદ–પચતિ		પચતિતરામ્	પચતિતમામ્
,, અવ્યય–ઉચ્ચૈઃ		ઉચ્ચૈસ્તરામ્	ઉચ્ચૈસ્તમામ્
	,,	ઉચ્ચૈસ્તર (વિશે૦)	ઉચ્ચૈસ્તમ (વિશે૦)

ઈયસ્ ને ઇષ્ઠ પ્રત્યય લાગતા પહેલાં અન્ત્ય સ્વરનો ને અન્ત્ય વ્યંજન હોય તો પૂર્વ સ્વર સહિત તે વ્યંજનનો લોપ થાય છે; જેમકે,

લઘુ લઘીયસ્ લઘિષ્ઠ

વળી મત, વિન્, ઇન્, વગેરે મત્વર્થક–સ્વામિત્વવાચક પ્રત્યય શબ્દને અન્તે હોય તો એ પ્રત્યયનો ઈયસ્ ને ઇષ્ઠ પ્રત્યયો લગાડતાં લોપ થાય છે.

દાખલા:—

પાપિન્—પાપીયસ્ પાપિષ્ઠ
ગર્વવત્—ગર્વીયસ્ ગર્વિષ્ઠ
બલવત્—બલીયસ્ બલિષ્ઠ

એ પ્રત્યયો લગાડતાં કેટલાક શબ્દમાં ફેરફાર થાય છે.

દાખલા:—

ગુરુ	ગરીયસ્	ગરિષ્ઠ (ગર્ થઈ પ્રત્યયો લાગે છે.)
પ્રશસ્ય	શ્રેયસ્	શ્રેષ્ઠ
વૃદ્ધ	જ્યાયસ્	જ્યેષ્ઠ
યુવન્	યવીયસ્–	યવિષ્ઠ–
	કનીયસ્	કનિષ્ઠ
પ્રિય	પ્રેયસ્	પ્રેષ્ઠ

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ અ, જ્ય, કન્ જેવા અપ્રચલિત થયલા શબ્દોનાં એ રૂપ હોવાં જોઈએ.

ગુજરાતીમાં આમાંનાં કેટલાંક રૂપ વપરાતાં થયાં છે.

દાખલા:—

લઘુતર પ્રયત્ન; બલવત્તર પ્રયાસ; અધિકતર વિસ્તાર; અધિકતમ વિસ્તાર

ગુજરાતી ભાષામાં તુલનાની રચના—ગુજરાતીમાં તુલના નીચે પ્રમાણે દર્શાવાય છે:—

આ ઘર ઊંચું છે; પેલું **તેથી વધારે** કે **અધિક ઊંચું** છે; પણ કાલે જોયું હતું તે **સહુથી વધારે ઊંચું** છે.

સુરતમાં અમદાવાદ **કરતાં ઓછી** ગરમી પડે છે; મુંબઈમાં **તેથી ઓછી**; રત્નાગિરિ, દ્વારકા, વગેરે બંદરોમાં **તેથી પણ ઓછી**; અને મહાબળેશ્વર, ઉટાકમંડ, સિમલા, વગેરે ડુંગર પર ને ઉચ્ચ સ્થળે **સહુથી ઓછી** ગરમી પડે છે.

વિશેષણરૂપ સર્વનામ—સર્વનામ વિશેષણ તરીકે વપરાય છે; જેમકે,

તે ઘર; **જે** સ્ત્રી; **પેલો** ડુંગર; **કેટલાક** માણસ; **કશી** ચીજ; **કયો** છોકરો; **કોઈ** પુરુષ; **કંઈ** કામ; **બીજી** વાત.

'એ,' 'આ,' 'તે,' 'જે,' ને 'કે,' (કિમનું રૂપ) પરથી પરિમાણવાચક ને પ્રકારવાચક વિશેષણ બને છે.

એ–એવડું, એટલું, એવું
આ–આવડું, આટલું, આવું
તે–તેવડું, તેટલું, તેવું
જે–જેવડું, જેટલું, જેવું
કે–કેવડું, કેટલું, કેવું

'એવડું' પરિમાણવાચક છે; 'એટલું' જથો બતાવે છે; ને 'એવું' પ્રકારવાચક છે. એજ પ્રમાણે અન્ય વિશેષણો વિષે સમજવું.

વ્યુત્પત્તિ—સંખ્યાવાચક વિશેષણ અને વિશેષણરૂપ સર્વનામની વ્યુત્પત્તિ વિચારીએ.

સં.	પ્રા.	ગુજરાતી	
એક	એક્ક	એક	
દ્વિ	દુવે–વે પ્રથમા.	બે	'મુગ્ધાવબોધ૦'માં 'બે', 'બિ' છે,
	બિણિ		બંને માટે 'બિહુ,' 'બિહુઇ' છે.
ત્રિ	તિણિ પ્રથ.	ત્રણ–તણ	'મુગ્ધા૦'માં 'ત્રિહુ' છે.
			'ત્રિણિ' નૂનું રૂપ છે.
ચતુર્	ચઉરો	ચાર	'મુગ્ધા૦'માં 'ચઉ' છે.
ચત્વારિ	ચારિ		'ચ્યારિ' નૂનું રૂપ છે.
પઞ્ચન્	પંચ	પાંચ	
ષષ્	છ	છ	
સપ્તન્	સત્ત	સાત	
અષ્ટન્	અટ્ઠ	આઠ	
નવન્	णव	નવ	
દશન્	દહ	દસ	
એકાદશન્	એગારહ–	અગ્યાર	હિ. ગ્યારહ
	એગ્ગારહ–		ઇગ્યારહ–ઇગ્યાર નૂનું રૂપ.
	એકારહ–		પં. યારાં–ગિઆરાં

સં.	પ્રા.		ગુજરાતી
			મ. અકરા
	એક્કારહ		બં, ઉ. એગાર
			સિં. યારહં
દ્વાદશન્	બારહ	બાર	હિં. બારહ
			પં. બારાં
			મ. બારા
			બં., ઉ. બાર
			સિં. બારહં
ત્રયોદશન્	તેરહ	તેર	હિં. તેરહ; પં. તેરાં
			મ. તેરા; બં., ઉ. તેર
			સિં. તેરહં
ચતુર્દશન્	ચઉદ્દહ	ચઉદ	ચઉદ્દર જૂનું ૩૫.
			હિં. ચૌદહ; પં. ચૌદાં
			ઉ. ચૌદ; બં. ચૌદ;
			સિં. ચૌડહં; મ. ચૌદા
પઞ્ચદશન્	પણ્ણરહ	પંદર	પનરહ–પનર જૂનું ૩૫.
			હિં. પંદ્રહ; પં. પંદરાં;
			મ. પંધરા; ઉ. પંધર;
			બં. પનેર; સિં. પંદ્રહં–પંધ્રં
ષોડશન્	સોલહ	સોળ	હિં. સોલ્હ; પં. સોલાં;
			મ. સોળા; ઉ. ષોહલ;
			બં. ષોલ; સિં. સોરહં
સપ્તદશન્	સત્તરહ	સત્તર	હિં. સત્રહ; પં. સતારાં;
			મ. સતરા; ઉ. સતર;
			બં. સતેર; સિં. સત્રહં
			સતરહ–સતર જૂનું ૩૫.
અષ્ટાદશન્	અટ્ઠારહ	અઢાર	હિં. અઠારહ; પં. અઠારાં

સં.	પ્રા.	ગુજરાતી
		અઢાર મ. અઠરા; હ. અઠર; બં. આઠાર; સિં. અડહં
		અઠાર–અઢાર જૂનાં રૂપ છે.
નવદશન્– એકોનવિંશતિ	નવદહ– એઓણવીસ	ઓગણીસ ('અગોણીસ' થઈ સ્વર-વ્યત્યયથી)
		'એગુણવીસ' જૂનું રૂપ છે.
		મ. એકુણીસ; પં. ઉન્નીહ;
		સિં. ઉણીહ– ઉણિવીહ;
		હિં. ઓનઇસ; બં. ઊનિશ; હ. ઉણાઇશ

'બાર', 'તેર,' 'સત્તર,' વગેરેમાં તેમજ પ્રાકૃત શબ્દોમાં દ્ નો દ્ થઈ ર્ થયો છે. 'સોળ'માં દ્ નો લ્ થયો છે. 'અઢાર'માં પ્રાકૃતમાંના હ્ નો દ્ થયો છે. 'અરાઢ' વર્ણવ્યત્યયથી થયું છે.

'એકવીસ'થી 'અઠ્ઠાવીસ' સુધીના શબ્દોમાં હિંદીમાં 'ચૌબીસ', 'છબ્બીસ'-માંય વ્ રહ્યો છે; બાકીનામાં લોપાય છે. ગુજરાતીમાં 'પચીસ' સિવાય બધામાં રહે છે. 'ચઉવીસ,' 'પાણુવીસ–પણુવીસ' એ જૂનાં રૂપ છે.

વિંશતિ	વીસ	વીસ	મ. વીસ;	હિં. બીસ;	બં. કૂડિ (ગુજ. કોડી–કુંડી)
ત્રિંશત્	તીસ	તીસ	મ. તીસ;	હિં. તીસ;	બં. ત્રિશ
ચત્વારિંશત્	ચત્તાલીસ	ચાળીસ	મ. ચાળીસ;	હિં. ચાલીસ;	બં. ચલ્લિશ
પઞ્ચાશત્	પન્નાસ	પચાસ	મ. પન્નાસ;	હિં. પચાસ;	બં. પઞ્ચાશ
ષષ્ટિ	છઠ્ઠી–છટ્ઠી	સાઠ	મ. સાઠ;	હિં. સાઠ;	બં. ષાટ
સપ્તતિ	સત્તરી	સિત્તેર	મ. સત્તર;	હિં. સત્તર;	બં. સત્તર
અશીતિ	આસીઈ	એંસી	મ. એશીં;	હિં. અસ્સી;	બં. આશી
નવતિ	નઉએ	નેવું	મ. નવ્વદ;	હિં. નબ્બે;	બં. નબ્બઈ

એકોનત્રિંશત્	એઓણત્તીસા	ઓગણત્રીસ
ચતુસ્ત્રિંશત્	ચોત્તીસા– ચઉત્તીસા	ચોત્રીસ ચઉતીસ–ચઉત્રીસ જૂનું રૂપ

સં.	પ્રા.	ગુજરાતી
षट्त्रिंशत्	छत्तीसा	છત્રીસ
एकचत्वारिंशत्	एगचालीसा– एअचालीसा– एगआलीसा– एअआलीसा	એકતાળીસ
त्रयश्चत्वारिंशत्	तेआलीसा	તેંતાળીસ ત્રયાલીસ જૂનું ૩૫
चतुश्चत्वारिंशत्	चोआलीसा- चउआलीसा	ચુમ્માળીસ
पञ्चचत्वारिंशत्	पंचआलीसा	પિસ્તાળીસ પાંત્રિતાલીસ જૂ. ૩.
षट्चत्वारिंशत्	छआलीसा	છેતાળીસ છઇતાલીસ જૂ. ૩.
सप्तचत्वारिंशत्	सत्तआलीसा	સુડતાલીસ સતતાલીસ જૂ. ૩.
अष्टचत्वारिंशत्	अट्ठआलीसा	ઉડતાળીસ અઠતાલીસ જૂ. ૩.

'એકતાળીસ' વગેરેમાં ચૂનો त् થયો છે. સિંધીમાં પણ એમ થાય છે; બાએતાલીહ–બેતાળીસ; અથવા તો एकचत्वारिंशत् નું પ્રા एक्कचत्तालीसा-एकअत्तालीसा થઈ 'એકતાળીસ' વગેરેમાં त् સમજવી શકાય. 'ચુમાળીસ'માં વ્ નો म् થયો છે (स्वप्न-सिमिण–સમણું)

पञ्चाशत्	पण्णासा	પચાસ પંચાસ જૂ. ૩.
एकपञ्चाशत्	एआवण्णासा– एगावण्णासा– एआवण्णा– एगावण्णा– एकावण्णा	એકાવન

સં.	પ્રા.	ગુજરાતી
દ્વિપઞ્ચાશત્–	બાવણ્ણા–	બાવન
દ્વાપઞ્ચાશત્	દુપણ્ણાસા–	
	દુપણ્ણા	
ત્રિપઞ્ચાશત્–	તેવણ્ણાસા–	તેપન હિં. તિરપન
ત્રય:પઞ્ચાશત્	તેવણ્ણા	
ષષ્ટિ	છટ્ઠી	સાઠ
		સાઠિ જૂ. ૩.
ચતુ:ષષ્ટિ	ચોટ્ઠી-ચઉછટ્ઠી	ચોસઠ
		ચઉસઠિ-ચઉસટ્ઠિ જૂ. ૩.
સપ્તતિ	સત્તરી	સિત્તેર
		સત્તરિ જૂ. ૩.
એકસપ્તતિ	એઅસત્તરી-એગહત્તરી	એકોતેર
		એકોતરઇ જૂ. ૩.
દ્વિસપ્તતિ–	દુસત્તરી–	બોત્તેર હિં. બહત્તર; મ. બહાત્તર;
દ્વાસપ્તતિ	બાસત્તરી-	બં. બાયાત્તર
	બાહત્તરી	બહત્તરિ-બહતરિ-બહુતરિ-બુહુતરિ
		બુહુતરિ જૂ. ૩.
ત્રિસપ્તતિ–	તેસત્તરી–	તોત્તેર
ત્રય:સપ્તતિ	તેહત્તરી	
ચતુ:સપ્તતિ	ચોસત્તરી–	ચુમોત્તેર
	ચોહત્તરી–	
	ચઉસત્તરી–	
	ચઉહત્તરી	

'ચુમ્માળીસ'ની પેઠે 'ચુમોત્તેર'માં 'મ્' થયો છે; અહિ પ્નો વ્ થઈ મ્ થયો છે; જેમકે સં. સ્થાપ પરથી 'ઠામ'. વિજ્ઞપ્તિ–વિણ્ણત્તિનું બંગાળીમાં મિનતિ ને 'ધીવર'નું હિંદીમાં 'ધીમર' થાય છે, તેમાં પણ વ્નો મ્ થાય છે.

એકાશીતિ	એગાસી	એક્યાસી
		ઇક્યાસી જૂ. ૩.

સં.	પ્રા.	ગુજરાતી
દ્વયશીતિ	બાસી	બ્યાસી; હિં. બયાસી; મ. બ્યાયશી; બં. બિરાશી
ત્રયશીતિ	તિઆસી	ત્યાસી; હિં. તિરાસી; મ. ત્र્યાયશી; બં. તિરાશી
ચતુરશીતિ	ચોઆસી–ચઉઆસી	ચોર્યાસી ચઉરાસી જૂ. ૩.
પઞ્ચાશીતિ	પંચાસી	પંચ્યાસી પંચાસી જૂ. ૩.
ષડશીતિ	છાસી	છ્યાસી
સપ્તાશીતિ	સત્તાસી	સત્યાસી

'ત્યાસી' 'તિઆસી' પરથી આવ્યું છે તેથી યકારયુક્ત છે. એને સાદૃશ્યે 'એકયાસી,' 'બ્યાસી' વગેરેમાં યકાર થયો જણાય છે.

દ્વિનવતિ	બાણવ્વઈ	બાણુ
ત્રિનવતિ–ત્રયોનવતિ	તેણવ્વઈ	ત્રાણુ; હિં. તિરાનબે; મ. ત્र્याण्णव; બં. તિરાનવ્વઇ
ચતુર્નવતિ	ચોણવ્વઈ–ચઉણવ્વઈ	ચોરાણુ
ષણ્ણવતિ	છાણવ્વઈ	છન્નુ; હિં. છાનવે; મ. શહાણ્णव; બં. છિયાનવ્વઇ છ્યાણુ જૂ. ૩.
અષ્ટનવતિ–અષ્ટાનવતિ	અટ્ઠાણવ્વઈ	અઠ્ઠાણુ
એકોનશતમ્–નવનવતિ	એઓણસઅં–નવણવઇ	નવ્વાણુ
શતમ્	સઅમ્–સઉ (અપ૦) સો	હિં. એકસૌ; મ. શંભર

પા—સં. પાદઃ (ચતુર્થાંશ); પ્રા. પાઓ; અપ. પાઉ પરથી

અર્ધો—અડ્ઢ—સં. અર્ધઃ, પ્રા. અદ્ધો-અદ્ધો (ર્ મૂર્ધન્યને લીધે ધનો મૂર્ધન્ય ્ઢ થયો છે.)

પોણો—સં. પાદોનઃ; પ્રા. પાઓણો-પાઊણો

સવા—સં. સપાદઃ; પ્રા. સવાઓ; અપ. સવાઉ (પ્ નો બ્ થઈ વ્ થયો છે.)

દોઢ– સં. અર્ધદ્વિતીયઃ; માગધીમાં અડ્ઢદુઇઅ કે અડ્ઢદિવઇઅ–આમાં અડ્ઢ ને દુઇ–દિવ નો વ્યત્યય થઈ દિવડ્ઢ પરથી 'દોઢ' થયું છે (ડ્ નો ઞ થઈ, વ્ નો ઉ થઈ); મ.–દીઢ; પૂર્વ હિંદી–દેઢ–ડેઢ; પશ્ચિમ હિંદી–ડૌઢા; પં.–ડેઉઢા; બં.–ડેડ

અઢી—સં. અર્ધતૃતીયઃ; માગધીમાં અડ્ઢાઇજ્જ (અડ્ઢઅઇજ્જ–અડ્ઢતઇજ્જ) છે; તે પરથી.

ઊઠાં—સં. અર્ધચતુર્થઃ–અદ્ધચઉટ્ઠો–અદ્ધઅઉટ્ઠો–અદ્ધોટ્ઠો–અહોટ્ઠો–અ લોપાઈ હોટા–હૂટા પશ્ચિમ હિંદીમાં છે, હ્ લોપાઈ ઊઠા–ઊટા; ગુજ૦ ઊહું–ઊઠાં. આ પ્રમાણે 'દોઢ,' 'અઢી,' 'ઊહું' અર્ધ સાથે પછીનો સંખ્યાપૂરક મળીને થયાં છે.

સાડા-સં. સાર્ધકઃ; પ્રા. સડ્ઢઓ

પહેલો–સં. પ્રથમ; પ્રા. તો પદુમો છે; પરંતુ થ્ નો હ્ થઈ શકે; પૃથ્વીનું પહુઈ, પથિકઃનું પહિઓ થાય છે. ર્ નો લ્ થયો હોય, મ્ લોપાયો હોય, ને વર્ણવ્યત્યય થયો હોય. માગધીમાં પઢમિલ્લ–પઢલ્લ છે. ડૉ. ટેસિટોરિ પહિલઉ એ ન્યૂના ગુજરાતી રૂપ પરથી એનું અપભ્રંશનું રૂપ ધારી સંસ્કૃત પ્રથિલકઃ શબ્દ કલ્પે છે.

'મુગ્ધાવબોધ૦'માં 'પહિલક' રૂપ છે. હિંદીમાં પહલા; પં.માં પહિલાં છે.

બીજું, ત્રીજું—સં. દ્વિતીય પ્રા. વિઇજ્જ; સં. તૃતીય; પ્રા. તઇજ્જ; અપભ્રંશમાં તઇજ્જ વપરાયું છે. પંજાબીમાં દૂજા, દૂઆ, તીજા છે.

'મુગ્ધા૦'માં 'ત્રીજઉ,' 'ત્રીજ્ન'ને ઠેકાણે ને 'ત્રિહુ' 'ત્રણ'ને ઠેકાણે છે.

ચોથું–ચતુર્થઃ–પ્રા. ચઉટ્ઠો–ચઉત્થો છે અપ. ચઉત્થઉ છે.

'મુગ્ધા૦'માં 'ચઉથઉ' છે.

પાંચમું છઠું, સાતમું, વગેરે શબ્દો સં. પઞ્ચમ, ષષ્ઠ, સપ્તમ, વગેરે પરથી પ્રાકૃતદ્વારા આવ્યા છે.

'મુગ્ધા૦'માં 'પાંચમઉ' છે.

સંધ્યાવાચક—'એકું,' 'દુ,' 'તરી,' 'ચોકું,' 'પંચું,' 'છકું,' 'સત્તું,' 'અકું,' 'નવું,' 'દાન'—આ સમૂહવાચક છે. આંકના કોઠામાં વપરાય છે. 'પંચાં,' 'છંગ–છક,' 'સત્તાં,' 'અઠ્ઠાં,' 'નવાં' એ બ. વ.નાં રૂપ છે. સંસ્કૃતમાં ક પ્રત્યય સમૂહવાચક છે–દ્વિક, ત્રિક, ચતુષ્ક, પઞ્ચક, ષટ્ક, સપ્તક, અષ્ટક, નવક, દશક શબ્દો સમૂહવાચક છે.

સં. એકકમ્; પ્રા. એક્કઅં, અપ. એક્કડું–**એક્કું**; પૂર્વ હિંદી એકા. દ્વિકમ્–દુઅં–**દુ**; 'બેલું'માં લ પ્રત્યય છે. ત્રિકમ્–પ્રા. તિઅં; તી પશ્ચિમ હિંદીમાં; ત્રિ પૂર્વ હિંદીમાં છે. **'તી'** ગુજરાતીમાં પણ વપરાય છે **'તરી'** પણ 'ત્રિક' પરથી સ્વરવ્યત્યયથી આવ્યું છે. ચતુષ્કકમ્; પ્રા. ચઉક્કડં–**ચોક્કું**; એજ પ્રમાણે પઞ્ચક પરથી **'પંચું,** ષટ્ક પરથી **'છક્કું,'** સપ્તક પરથી **'સત્તું;'** અષ્ટક પરથી **'અટ્ઠું'**, નવક પરથી **'નવું'** આવ્યાં છે.

કોડી, કુડી—એટલે વીસનો જથો. પૂર્વ હિંદીમાં કોરી કે કોદ્ધી છે.

શતક પરથી 'સૈકું' (અપ. સયક્કઉ)

ઘણું—સં. ઘન, હિ. ઘના; પં. ઘણા

એવડું, એટલું, એવું, વગેરે--

સં. યાવત્	અપ૦—જેત્તુલ–જેવડુ	
,, તાવત્	,, —તેત્તુલ–તેવડુ	
,, ઇયત્	,, —એત્તુલ–એવડુ	
,, કિયત્	,, —કેત્તુલ–કેવડુ	

અનિશ્ચિતતાવાચક—સંખ્યાવાચક શબ્દોની પછી 'એક' લખવાથી અનિશ્ચિતતાનો અર્થ આવે છે.

બેએક, ચારેક, દસેક, સાતેક

તેમજ પાસે પાસેના બે સંખ્યાવાચક શબ્દોનો સમાસ કરવાથી પણ અનિશ્ચિતતાનો અર્થ આવે છે.

ત્રણચાર, દસબાર; દસપંદર, વીસપચીસ

હિંદીમાં પણ આનું સાદૃશ્ય છે--

તિનિ ચારિ; દશ બીસ; બીસ પચીસ; વીસ તીસ; બારહ ચૌદહ; બીસ પચાસ

ગુજરાતીમાં 'વીસ'ને 'પચાસ' જેવી દૂરની સંખ્યા સાથે લખાતી નથી.

સંસ્કૃતમાં વત્ પ્રત્યય પરિમાણવાચક છે; તે તદ્ (તે), યદ્ (જે), ઇદમ્ (આ), ને કિમ્ (શું)ને લાગ્યો છે. ઇદમ્ ને કિમ્ને લાગતાં વત્નું યત્ થયું છે. અપભ્રંશમાં વત્નું એત્તુલ ને એવડ થાય છે.

'મુગ્ધાવબોધ૦'માં 'એતલઉ', 'તેતલઉ', 'જેતલઉ', ને 'કેતલઉ' રૂપો છે; તેમજ 'એવડઉ', 'તેવડઉ', 'જેવડઉ', ને 'કેવડઉ' પણ છે.

જેટલું–જેવડું; તેટલું–તેવડું, વગેરે આ રીતે આવ્યાં છે.

સં. यादृशः—અપ૦–जइसु
,, तादृशः— ,, –तइसु
,, ईदृशः — ,, –अइसु
,, कीदृशः— ,, –कइसु

ગુજરાતી ને હિંદીમાં આંકના કોઠામાં સંખ્યાનો ક્રમ સરખાવવા જેવો છે.

તીન કે તીન	તેરહ કે તેરહ
તીન દૂની છ	તેરહ દૂની છબ્બીસ
તીન ત્રિક નૌ	તેરહ તિ વનતાલીસ
તીન ચૌક બારહ	તેરહ ચૌકા બાવન
તીન પચ્ચે પંદ્રહ	તેરહ પચ્ચે પૈંસઠિ

જૂની ગુજરાતીમાં ત્રણ પ્રકારનાં રૂપ જોવામાં આવે છે:—

(૧) ઇસઉ (અસઉ); જિસઉ, તિસઉ, કિસઉ
(૨) ઇસિઉ (અસિઉ), જિસિઉ, તિસિઉ, કિસિઉ
(૩) ઇસ્યઉ, જિસ્યઉ, તિસ્યઉ, કિસ્યઉ

'મુગ્ધાવબોધ૦'માં 'જિસિઉ', 'તિસિઉ', 'ઇસિઉ', 'ઇસઉ', ને 'કિસિઉ' રૂપો છે.

'કાન્હડદેપ્રબન્ધ'માં 'અસ્યૂં', 'કિસી', 'કિસ્યૂં', 'અસિઉ', 'જસિઉ', 'તસિઉ'–'તિસ્યુ', 'એસું', 'જિસિ', 'તિસિ'–આવાં રૂપો મળી આવે છે.

દાખલા:—

ગૂજરાતિ **તે** કહીઇ **કિસી**?
કિસ્યૂં ખમ્ભાયત, અણહલપુર? **કિસ્યૂં** દીવગઢ, માંગલહુર। ૧. ૨૨–૨૩
કાન્હ–તણુઇ સંપત્તિ **ઇસી**, **જિસી** ઇન્દ્રહ ઘરિ રિદ્ધિ। ૧૯
અસિઉ નહી આસેર;
જસિઉ જલહુર જાણિઇ, તિસ્યુ નહી ગ્વાલેર;
ચિત્રકોટ **તિસિઉ નહી**; **તિસ્યુ** નહીં ચાંપાનેર;
જસિઉ જલહુર જાણિઇ; **તસિઉ** નહી ભામેર.
માંડવગઢ **તિસ્યુ** નહી; **તસ્યુ** નહી મેાહેર;
જસ્યુ જલહુર જાણીઇ; **તિસ્યુ** નહી રાનેર. ૪–૬–૮.

'**જેસા** લાલા **તેસા** કીકા'–'જેસા,' 'તેસા' યાદશ, તાદશ પરથી ઉપર પ્રમાણે આવ્યાં છે.

વળી

સં.	યાદૃશ્	અપ૦ જેહુ જેહો–જેહ;	ગુજ૦–જેવું
,,	તાદૃશ્	,, તેહુ–હો–હ; ,,	તેવું
,,	કીદૃશ્	,, કેહુ–હો–હ; ,,	કેવું
,,	ઈદૃશ્	,, એહુ–હો–હ; ,,	એવું

હ્ નો વ્ એ હિંદની રજપુત બોલીઓનું ખાસ લક્ષણ છે અને એ બોલીઓમાંથી ગુજરાતી ઉદ્ભવેલી છે.

વળી જૂની ગુજરાતીમાં નીચેનાં સમ્પ્રત્યર્થક સાર્વનામિક વિશેષણ જોવામાં આવે છેઃ—

એથઉ, જેથઉ, તેથઉ, કેથઉ—અપ૦, એત્થુ, જેત્થુ, તેત્થુ, કેત્થુ સાથે સંબદ્ધ છે (સં. અત્ર, યત્ર, તત્ર, કુત્ર). 'તે લીલા કેથી ગઈ'

હાલની ભાષામાં 'કેથાં' ('ક્યાં'ના અર્થમાં) અવ્યય તરીકે વપરાય છે, પણ એ રૂપ શિષ્ટ ગણાતું નથી.

પ્રકરણ ૧૮મું

ક્રિયાપદઃ સકર્મક, અકર્મક, અપૂર્ણક્રિયાવાચક, સંયુક્ત

ક્રિયાઃ ભાવનાઃ વ્યાપાર—ક્રિયાપદ એટલે ક્રિયાવાચક પદ. પણ ક્રિયા એટલે શું? ભાષ્યકાર કહે છે કે ક્રિયા એ અત્યન્ત અપરિદૃષ્ટ છે–બીલકુલ દેખી શકાતી નથી. તે અનુમાનથી ગમ્ય થાય છે; જેમકે બધાં સાધનો પાસે હોય છે તોપણ ક્વચિત્ 'રાંધે છે' એમ પાકક્રિયા થાય છે અને ક્વચિત્ પાકક્રિયા થતી નથી. સાધનો પાસે હોવાથી 'રાંધે છે' એમ પાકક્રિયા થાય છે તેજ નક્કી ક્રિયા છે. ક્રિયા, ભાવના, વ્યાપાર, એ બધા પર્યાય શબ્દ છે.

સાધ્યરૂપ અને સિદ્ધરૂપ ક્રિયા—'તજે છે' અને 'ત્યાગ' એ બંને પદ ક્રિયાવાચક છે; પરંતુ 'તજે છે'માં ક્રિયા સાધ્યરૂપ એટલે સધાતી થતી વર્ણવી છે અને 'ત્યાગ'માં ક્રિયા સિદ્ધરૂપ એટલે થયલી

અને તેમાંથી થયાની સ્થિતિ સમજાય એવી વર્ણવી છે. 'રાંધે છે,' 'રાંધશે,' અને 'રાંધ્યું', એ ત્રણે રૂપોનો વિચાર કરીએ તો માલમ પડશે કે 'રાંધે છે' અને 'રાંધશે' એ સાધ્યરૂપ ક્રિયા છે અને 'રાંધ્યું' એ પણ સિદ્ધ ક્રિયા સાધ્ય રૂપમાં દર્શાવી છે. 'પાક,' 'ત્યાગ,' 'રાગ,' એ શબ્દો સિદ્ધ ક્રિયા સિદ્ધ રૂપમાં દર્શાવે છે અને **ભાવ** કહેવાય છે. ભૂતકાળનું ક્રિયાપદ પણ ક્રિયા સિદ્ધ છે છતાં તેને સાધ્ય રૂપમાંજ દર્શાવે છે.

પૂર્વાપર અવયવ: ક્રિયાનું લક્ષણ—વળી ક્રિયામાં પૂર્વાપર અવયવો હોય છે એમ ભર્તૃહરિ કહે છે. રાંધવાની ક્રિયાનો વિચાર કરીશું તો માલમ પડશે કે તે ક્રિયામાં પૂર્વાપર ક્રમિક અવયવો છે. ચૂલા પર મૂકવું, તાપ કરવો, ફૂંક મારવી, વગેરે ક્રમિક અવયવો એ ક્રિયામાં છે અને તેનો છેલ્લો અવયવ ચૂલા પરથી નીચે ઉતારવું એ છે. આ પ્રમાણે સાધ્યરૂપ કે સિદ્ધરૂપ વ્યાપાર જેને સાધ્ય તરીકે વર્ણવેલો હોય તે **ક્રિયા** છે. ક્રિયામાં ઘણા અવયવ હોય છે, તોપણ તે બધાનું સંકલન કરી એકત્વબુદ્ધિથી તે એકજ છે એમ વિચારવાનું છે અને એ એકત્વબુદ્ધિને લીધેજ ક્રિયાનો પ્રથમ અવયવ થાય છે (રાંધવાની ક્રિયામાં તપેલી ચૂલા પર મુકાય છે) ત્યારે પણ ક્રિયાનો—'રાંધે છે' એમ ક્રિયાપદનો—આપણે પ્રયોગ કરીએ છીએ.

દીક્ષિતનું ક્રિયાનું વિવરણ—ભટ્ટોજી દીક્ષિત 'શબ્દકૌસ્તુભ' નામના ટીકાગ્રન્થમાં 'ક્રિયા' શબ્દનો અર્થ ઘણો સરળ સમજાવે છે. 'કરે છે' એવો જેનો અર્થ થાય તે ક્રિયા. દરેક ધાતુનો અર્થ 'શું કરે છે' એમ પ્રશ્ન પૂછવાથી સમજી શકાય છે; જેમકે 'રાંધે છે' એનો અર્થ 'શું કરે છે' એમ પૂછવાથી 'પાક કરે છે' એમ આવે છે. આ પ્રમાણે દરેક ધાતુનો અર્થ 'શું કરે છે' એમ પૂછવાથી સમજાય છે. પણ અહિં એક શંકા ઉત્પન્ન થાય છે કે 'હોય છે' એવા સત્તાવાચક ધાતુના અર્થ આવા પ્રશ્નથી શી રીતે સમજાય? 'છે,' 'હોય છે,' એટલે 'સ્વરૂપ ધારણ કરે છે.' કોઈ વસ્તુ નાશ પામવાની તૈયારીમાં

હોય એવી વસ્તુ માટે પણ 'શું કરે છે' એવો પ્રશ્ન પૂછીએ તો 'છે' એવો ઉત્તર આવશે. પણ દરેક ક્રિયા થાય છે ત્યારે વસ્તુસ્વરૂપ ધારણ તો કરે છેજ, અર્થાત્, વિદ્યમાન છેજ, છતાં તે સ્થળે 'શું કરે છે' એ પ્રશ્નનો ઉત્તર 'છે' એમ કેમ નથી આવતો? કારણ સ્પષ્ટ છે. ત્યાં વસ્તુની સ્થિતિ નિશ્ચિત હોવાથી તે વિષે પ્રશ્નનું તાત્પર્યજ નથી; તેથી પાકાદિ કરે છે એવોજ ઉત્તર ઇષ્ટ છે. 'વાક્યપદીય'માં હરિએ પણ કહ્યું છે કે "આત્માને આત્મા વડે ધારણ કરે છે ત્યારે 'છે' એમ કહેવાય છે."

ભાવવિકાર—ભગવાન્ વાર્ષ્યાયણિએ છ પ્રકારના ક્રિયાના વિકાર દર્શાવ્યા છે એમ ભાષ્યકાર કહે છે—'ઉત્પન્ન થાય છે, છે, વિપરિણામ પામે છે, વધે છે, અપક્ષય પામે છે, અને વિનાશ પામે છે.' પદાર્થમાત્રના આ પ્રમાણે ઉત્તરોત્તર ભાવવિકાર થાય છે. દરેક ક્રિયા ઉપર દર્શાવ્યા પ્રમાણે પૂર્વાપર (ક્રમિક) અવયવોની બનેલી છે અને આરંભથી તે સમાપ્તિપર્યન્ત એ અવયવો રહેલા છે. તેમાં જન્મ પામવો—ઉત્પન્ન થવું, એ સર્વથી પહેલો ભાવવિકાર છે. ત્યાર પછી વિદ્યમાન થવું, એમ છએ ક્રિયાવિકારો ક્રમિક છે. દરેક વિકારમાં ત્યાર પછીનો વિકાર હોય છે, તોપણ તે તેના અસ્તિત્વનું અભિધાન કરતો નથી તેમજ નિષેધ પણ કરતો નથી; કેમકે શબ્દમાત્રમાં એકજ અર્થ રહેલો છે. વસ્તુના સ્વરૂપનો નિશ્ચય થયો નથી એવી અવસ્થામાં કંઈક ઉત્પન્ન થાય છે એમ અનુમાન ગમ્ય થાય છે. તે ઉત્પન્ન થાય છે તે અવસ્થામાં તેનું અસ્તિત્વ છે, તોપણ તેનું તે શબ્દ અભિધાન કરતો નથી તેમજ પ્રતિષેધ પણ કરતો નથી. એજ પ્રમાણે દરેક ભાવને માટે સમજવાનું છે. ક્રિયામાત્ર આ છમાંથી કોઈ પણ વિકારમાં આવી શકે છે અને એ છથી અન્ય વિકાર નથીજ.

ધાતુ અને પ્રત્યયના અર્થઃઅકર્મક અને સકર્મક—ક્રિયાપદ ધાતુ અને કાળ કે અર્થના પ્રત્યયોનું બનેલું છે, તેમાં ધાતુના

અર્થ શા છે અને પ્રત્યયના અર્થ શા છે તેનો હવે વિચાર કરીએ. ધાતુમાત્રના બે અર્થ છે–ફળ અને વ્યાપાર; અર્થાત્, ક્રિયાનું ફળ અને ક્રિયા એ બે અર્થ ધાતુમાંથી નીકળે છે. એ અર્થોનો આશ્રય એ પ્રત્યયોનો અર્થ છે. ફળનો આશ્રય એટલે ફળ જેમાં રહ્યું છે તે, અર્થાત્, કર્મ; અને ક્રિયાનો આશ્રય એટલે ક્રિયા જેમાં રહી છે તે, અર્થાત્, કર્તા. કર્તા કે કર્મ આ પ્રમાણે પ્રત્યયનો અર્થ છે. ફળ અને વ્યાપાર એક આશ્રયમાં હોય છે ત્યારે ક્રિયાપદ અકર્મક છે અને ભિન્ન આશ્રયમાં હોય છે ત્યારે ક્રિયાપદ સકર્મક છે. 'છોકરો ચોપડી વાંચે છે,' એમાં 'વાંચ' ધાતુ, વાંચવાની ક્રિયા, એ ક્રિયાનો આશ્રય, અને એ ક્રિયાનું ફળ એટલે એ ક્રિયા જેને લાગુ પડે છે તે છે. 'વાંચે છે' એ ક્રિયાપદ 'વાંચ' ધાતુ અને 'એ' પ્રત્યયનું તેમજ 'છ' સાહાય્યકારક ધાતુ અને તેના પરના 'એ' પ્રત્યયનું બનેલું છે. તેમાં 'વાંચવું' એ ધાતુનો અર્થ છે. પ્રત્યયનો શો અર્થ છે? 'વાંચે છે' એ રૂપ કર્તાનું અભિધાન કરે છે કે કર્મનું? એ રૂપથી કર્તા ઉક્ત થાય છે, કર્મ થતું નથી. પ્રત્યય 'કર્તરિ' છે, એટલે કર્તાના અર્થમાં છે; માટે ક્રિયાપદનો કર્તરિ પ્રયોગ છે એમ કહેવાય છે. કર્તા એ પ્રત્યયનો વાચ્યાર્થ હોવાથી ક્રિયાપદને **કર્તૃવાચ્ય** પણ કહે છે. અહિં ક્રિયાનો આશ્રય 'છોકરો' છે અને ફળનો આશ્રય 'ચોપડી' છે. એ બંનેના આશ્રય ભિન્ન હોવાથી ક્રિયાપદ સકર્મક છે. 'છોકરો જાય છે,' એમાં જવાની ક્રિયાનો આશ્રય 'છોકરો' છે અને જવાના ફળનો પણ આશ્રય તેજ છે; માટે ક્રિયાપદ અકર્મક છે.

એક પ્રાચીન સંસ્કૃત કારિકામાં અકર્મક ક્રિયાપદની યાદી આપી છે, તે નીચે પ્રમાણે છે:—

વૃદ્ધિ, ક્ષય, ભય, જીવિત, મરણ, લજ્જા, સત્તા, સ્થિતિ, જાગરણ, શયન, ક્રીડા, રુચિ, અને દીપ્તિ–એવા અર્થના ધાતુ અકર્મક છે. આ યાદી સંપૂર્ણ છે એમ તો કહી શકાશે નહિ. પરંતુ એમાં આપેલા ધાતુ અકર્મક છે અને એ યાદીમાં ઘણા અકર્મક ધાતુનો સમાવેશ થાય છે. પરંતુ એમાં 'પડ,' 'બેસ,' 'ઊઠ,' 'ઊંઘ,' 'ફૂદ' અને એવા બીજા અકર્મક ધાતુનો સમાવેશ થતો નથી.

સકર્મકનો અકર્મક તરીકે પ્રયોગ—સકર્મક ક્રિયાપદને આપણે અકર્મક તરીકે ઇચ્છાનુસાર વાપરી શકીએ છીએ; જેમકે,

તું શું કરે છે? હું વાંચું છું—અહિં અપેક્ષા માત્ર ક્રિયાજ જાણવાની છે, તેથી વિશેષ નથી. કર્મની અવિવક્ષાથી ક્રિયાપદ અકર્મક છે.

હરિએ એક કારિકામાં કહ્યું છે કે ચાર સ્થિતિમાં ક્રિયાપદ અકર્મક બને છેઃ—૧. ધાતુ અન્ય અર્થમાં હોય ત્યારે; જેમકે, 'તે ભાર **વહે છે**' (સકર્મક); પરંતુ, 'નદી **વહે છે**' (રેલા તરીકે ચાલે છે, અકર્મક; અર્થ બદલાઈ ગયો છે); ૨. કર્મનો અર્થ ધાતુના અર્થમાં સમાયો હોય ત્યારે; જેમકે, 'તે **જીવે છે**,' અર્થાત્, પ્રાણ ધારણ કરે છે; ૩. કર્મ પ્રસિદ્ધ હોય ત્યારે; જેમકે, 'મેઘ **વર્ષે છે**,' અર્થાત્, જળ; અને ૪. વિવક્ષા ન હોય ત્યારે, જેમકે, 'દીક્ષિત નથી આપતો, નથી યજતો, કે નથી હોમતો,' અર્થાત્, દાન, યજ્ઞ, ને હોમની ક્રિયાના અભાવનીજ વિવક્ષા છે, કર્મની વિવક્ષા નથી.

અપૂર્ણક્રિયાવાચક—કેટલાંક અકર્મક તેમજ સકર્મક ક્રિયાપદમાંથી ક્રિયાનો પૂરો અર્થ નીકળતો નથી; તેની પછી કેટલાક શબ્દ આવે છે ત્યારેજ એ અર્થ પૂરો થાય છે. સકર્મક ક્રિયાપદોમાંથી તો ક્રિયાનો પૂરો અર્થ નીકળે છે, માત્ર ક્રિયા કોને લાગુ પડે છે, ક્રિયાનું ફળ શેમાં રહેલું છે, તેની, એટલે કર્મની, અપેક્ષા રહે છે. પરંતુ આ ક્રિયાપદોમાંથી ક્રિયાનો અર્થજ અધુરો છે એમ સમજાય છે. એવાં કેટલાંક સકર્મક ક્રિયાપદ પણ છે, તેમાં કર્મ આવ્યા છતાં ક્રિયાનો અર્થ અધુરો રહે છે; કર્મ પૂરૂં ક્રિયાપૂરક થતું નથી. આવાં ક્રિયાપદ **અપૂર્ણક્રિયાવાચક** કહેવાય છે.

દાખલાઃ—

તે છોકરો આગળ જતાં **સારો** નીવડશે.
રાજાએ તેને **અમાત્ય** બનાવ્યો.

રાજાએ તેને **માનપત્રદે** નીમ્યો.
હું તેને **અણસમજુ** ગણું છું.
સર્વ સજ્જનોથી આવો પુરુષ **અનીતિમાન્** મનાય છે.
આથેથી તે **ઘણું રમણીય શહેર** દેખાય છે.

આમાં ક્રિયાપૂરક નામ, વિશેષણ, કે ક્રિયાની સાથે સંબંધ રાખનાર પદ હોય છે. નામ કર્તા કે કર્મનું સમાનાધિકરણ હોય છે કે અન્ય વિભક્તિમાં હોય છે.

આ પ્રમાણે, હોવું, દેખાવું, નીવડવું, કહેવાવું, ગણવું–ગણાવું, માનવું–મનાવું, વિચારવું–વિચારાવું, ધારવું–ધરાવું, વગેરે અર્થનાં એવાં ક્રિયાપદ છે.

સંયુક્ત ક્રિયાપદ—બે ક્રિયાપદ ભેગાં થઈ તેમાંથી સંયુક્ત અર્થને બદલે જુદોજ અર્થ નીકળે તેવાં ક્રિયાપદ **સંયુક્ત ક્રિયાપદ** કહેવાય છે. એવાં ક્રિયાપદ બનાવવામાં મુખ્યત્વે નીચેનાં ક્રિયાપદ કામ લાગે છે. એવાં ઉપકારક ક્રિયાપદથી મુખ્ય ક્રિયાના અર્થમાં ત્વરા અને સંપૂર્ણતાના અર્થ આવે છે.

દે—લખી દે, ફેંકી દે;
હિ. फेंक देना; निकाल देना; મ. टाकून दे; लिहून देणें

નાખ–લખી નાખ; ધોઈ નાખ;
હિ. मार डालना; काट डालना; મ. त्यानें कर्ज वारून टाकिलें.

કાઢ—લખી કાઢ, ચીતરી કાઢ;

જા—પી જા; બેસી જા;
હિ. खा जाना; चले जाना; મ. रोज पहाटेस उठत जा; गांवांत आहेस तोंपर्यन्त आमचेकडे येत जा. सातत्यवाचक छे.

લે—કરી લે; ખાઈ લે;
હિ. सो लेना; મ. लवकर स्नान करून घ्या.

કર—વાંચ્યા કર; કર્યા કર;
હિ. आया करना

આવ--થતું આવે છે; બગડતું આવે છે.

મૂક--કરી મૂક; લખી મૂક;

મ. તी गाय बांधून ठेव; देऊन टाक

રહ--બેસી રહે; જતો રહે; કરી રહે;

હિં. बैठ रहना; चुप रहना;

પડ--જણાઈ પડશે; થઈ પડશે;

હિં. उसका दोष जो जान पडे तो हमभी नहीं बचंगे.

ચૂક--એનું કામ થઈ ચૂક્યું છે.

ઊઠ--આખરે એ રડી ઊઠ્યો. એનાથી કંઈ વળ્યું નહિ.

ભાવકર્તૃક--જે ક્રિયાપદનો કર્તા ક્રિયાનો ભાવ છે તે **ભાવકર્તૃક** કહેવાય છે.

આજ બહુ **ઘામે છે.** (ઘામ થાય છે.)

તે બેને **બનતું નથી.** (બનવાનું થતું નથી.)

જેમ **રુચે, ફાવે, ગોઠે,** તેમ કરો. (રુચવાનું, ફાવવાનું, ગોઠવાનું થાય.)

મરાઠીમાં मला त्याच्या येथेंच सांजावलें.
आतांशा सहा वाजतां उजाडतें.

ભાવકર્તૃક ક્રિયાપદમાં કર્તા ક્રિયાપદમાંજ સમાયો છે. ખુલ્લો ક્રિયાપદથી પૃથક્ નથી, માટે કંઈ કર્તા નથી ને ક્રિયાપદ અકર્તૃક છે એમ થતું નથી. ક્રિયા થઈ એટલે તેનો કર્તા, આશ્રય હોવોજ જોઈએ. આ ઉપરથી સમજાશે કે ભાવકર્તૃક ક્રિયાપદને અકર્તૃક કહેવું યુક્ત નથી.

અપૂર્ણ ક્રિયાપદ--'જોઈ એ' એ અપૂર્ણ ક્રિયાપદ છે; કેમકે એનાં બધા કાળ ને અર્થનાં રૂપ થતાં નથી. સં. युज्यते (जुइज्जइ-जुईअइ-जुई એ-જોઈએ) ઉપરથી એ રૂપ ગુજરાતીમાં આવ્યું છે, તેથી એ **કર્મણિ છે-કર્મવાચ્ય છે.**

ડૉ. ટેસિટોરિ સં. द्योत्यते પરથી એ રૂપ ઉપજાવે છે. द्योत्यते અપ૦ जोइज्जइ. જૂ. ગુ. જોઇયઇ-જોઇજઇ.

મારે તે જોઈએ છે (તેની જરૂર છે; કર્મણિ; 'તે' એ કર્મ છે; એનો અર્થ ઉક્ત છે માટે પ્રાતિપદિકાર્થે પ્રથમા છે; 'મારે'=ચતુર્થી, કર્તાના અર્થમાં)

તમારે આમ કરવું ન **જોઈએ** (કર્મણિ; 'કરવું' અભિહિત કર્મ, નામાર્થે પ્રથમા. સકર્મક કૃદન્ત છે, માટે 'તમારે' એનો કર્તા છે ને 'આમ' એ કર્મ છે. 'કરવું' પણ કર્મણિ છે, માટે 'આમ' મૂળ અવ્યય, નામ તરીકે વપરાયું છે, પ્રાતિપદિકાર્થે પ્રથમા)

જોઈએ; જોઈએ; જોઈએ છે; જોઈતું હોય; જોઈતું હતું; જોઈતું હોત; જોઈતું હશે; જોઈશે; જોઈતું નથી—આટલાં રૂપ વપરાય છે.

પાહિજે—મરાઠીમાં એજ અર્થનું અપૂર્ણ ક્રિયાપદ પાહિજે છે, તે दृश्-पश्य्-पस्स-पाह ઉપર કર્મણિ જ આવી થયું છે. પાહિજે એ રૂપ કર્મણિ વર્તમાન કાળના ત્રીજા પુરુષનું એકવચન છે. એનાં વર્તમાન કાળનાંજ રૂપ વપરાય છે. એનો અર્થ '—ની જરૂર છે' એવો છે.

તેં પુસ્તક મલા પાહિજે આહે—તે પુસ્તક મારે જોઈએ છે-અપેક્ષિત છે.

રામાનેં કિંવા રામાલા આજ હેં પુસ્તક વાચિલેં પાહિજે—રામે કે રામને આજ એ પુસ્તક વાંચવું જોઈએ. (કર્મણિ પ્રયોગ છે)

ત્વાં કિંવા તુલા ગેલેં પાહિજે (ક્રિયાપદ અકર્મક છે; માટે ભાવે પ્રયોગ છે)

પ્રકરણ ૧૯મું

ધાતુ: પ્રકારાદિ

ધાતુ—ધાતુ એ ક્રિયાપદનું ટૂંકામાં ટૂંકું રૂપ કે મૂળ છે. સંસ્કૃત વૈયાકરણો આસરે ૧,૭૦૦ ધાતુ આપે છે. એ મૂળ સ્વરૂપ છે અને એનાથી ટૂંકાં રૂપ થઈ શકતાં નથી એવું તેમનું મત છે.

પાશ્ચાત્ય મત—ભાષાશાસ્ત્રીઓએ ભાષાઓનો મુકાબલો કરી તે ધાતુઓનાં મૂળ ૫૦૦માં આણ્યાં છે. એથી પણ સૂક્ષ્મ

સંશોધનથી એ સંખ્યા ૧૦૦ કે ૫૦ પર આવી જાય છે એમ તેમનું માનવું છે.

સાર્વનામિક ધાતુ—સર્વનામનાં મૂળ સ્વરૂપને પાશ્ચાત્ય વિદ્વાનો **સાર્વનામિક ધાતુ** કહે છે. એ ધાતુ ઘણી વાર એકસ્વરી શબ્દના રૂપમાં જણાય છે; જેમકે,

સ, હો, ત, તો ('આ' કે 'તે'); સ્ય, ત્ય, સ્વ, સ્મ; મ, મે, તુ, તે ('હું', 'તું'); ય, ક, કુ ('જે', 'કે', 'કોણ').

ઘણી વાર આ મૂળમાં વિભક્તિના પ્રત્યયો સ્, મ્, ત્, ભ્યમ્, ભ્યસ્ લાગેલા હોય છે. ઘણી વાર એ પ્રત્યયો એકઠા થયલા હોય છે—ઇમ, એષ, અન, એત, એન

વિભાગ—ધાતુના વિભાગ નીચે પ્રમાણે કરી શકાયઃ—

(અ) પ્રાથમિક ધાતુ

(૧) સ્વરના બનેલાઃ-

(૧) ઇ 'જવું', ઋ 'જવું'

(૨) સ્વર ને વ્યંજનના બનેલાઃ—

અન્ 'શ્વાસ લેવો', અદ્ 'ખાવું', અત્ 'જવું', અટ્ 'ભટકવું', આસ્ 'બેસવું'; ઈડ્ 'સ્તુતિ કરવી', ઈશ્ 'અમલ કરવો', ઊહ્ 'તર્ક કરવો', ઋધ્ 'વધવું', વગેરે

(૩) વ્યંજન ને સ્વરના બનેલાઃ—

દા 'આપવું', ધા 'મૂકવું'; યા 'જવું', પા 'પાલન કરવું', મા 'માપવું', વા 'વાવું', યુ 'જોડવું', રુ 'રોવું', શી 'સૂવું', જિ 'જીતવું', ભૂ 'હોવું', કૃ 'કરવું', મૃ 'મરવું', વૃ 'વરવું', ધે 'ધાવવું', દો 'કાપવું', ધ્યૈ 'ધ્યાન ધરવું', વગેરે

(આ) દ્વૈતીયિક ધાતુ

(૧) વ્યંજન, સ્વર, ને વ્યંજનના બનેલાઃ—

યુજ્ 'યોજવું', દુધ્ 'લડવું', યુત્ 'પ્રકાશવું', યુપ્ 'વિમોહ પમાડવો', રુચ્ 'રુચવું', રુદ્ 'રોવું', રુધ્ 'રૂંધવું', રુટ્, રુઠ્, રુડ્ 'લૂંટવું', રુજ્ 'હિંસા કરવી', રુહ્ 'ઊગવું', તુદ્ 'પીડવું', તુષ્ 'તોષવું', તુલ્ 'તુલના કરવી', તુજ્ 'હિંસા કરવી', તુપ્ 'હિંસા કરવી', તુર્ 'ત્વરા કરવી', તુહ્ 'પીડા કરવી', વગેરે—

આમાં યુજ્, યુધ્, યુત્, યુપ્-યુ ધાતુ પરથી રુચ્, રુદ્, રુધ્, રુટ્, રુઠ્, રુડ્, રુજ્, રુહ્-રુ ધાતુ પરથી, અને તુદ્, તુષ્, તુલ, તુજ્, તુપ્, તુર્, તુહ્-તુ ધાતુ પરથી આવ્યા હોય એમ લાગે છે. યુ 'જોડવું', યુજ્ 'જોડવું', યુધ્

'લડાઈમાં જોડવું' આમ યુજ્ અને યુધ્ ધાતુનું મૂળ યુ જણાય છે. એજ પ્રમાણે અન્ય સ્થળે સમજી લેવું.

(૨) બે વ્યંજન ને દીર્ઘ સ્વરના બનેલા—

મ્ના 'માનવું', જ્ઞા 'જાણવું', સ્થા 'ઊભા રહેવું', ઘ્રા 'સૂંઘવું', જ્યા 'વૃદ્ધ થવું', દ્રા 'કુત્સિત ગતિ કરવી', હ્યા 'કહેવું', પ્સા 'ખાવું', સ્ના 'નહાવું', શ્રા 'રાંધવું', પ્રા 'પૂરવું', ક્લૈ–મ્લૈ 'ખિન્ન થવું', હ્રી 'લાજવું', બ્રૂ 'કહેવું', વગેરે.

(૩) સ્વર ને બે વ્યંજનના બનેલા:—

અર્દ્ 'પીડવું', અર્હ્ 'યોગ્ય થવું', અર્ચ્ 'પૂજવું', અર્થ્ 'પ્રાર્થના કરવી', અર્જ્ 'મેળવવું', ઉર્દ્ 'માન આપવું', ઉર્ધ્ 'ક્રીડા કરવી', વગેરે.

(૪) તાર્તીયિક ધાતુ—

(૧) સંયુક્ત વ્યંજન, પછી સ્વર, ને પછી વ્યંજનના બનેલા:—

ત્રસ્ 'બીવું', ત્રપ્ 'શરમાવું', ક્ષમ્ 'ક્ષમા કરવી', ક્ષિપ્ 'ફેંકવું', ક્લિશ્ 'ક્લેશ કરવો', ગ્રહ્ 'પકડવું', ક્લિદ્ 'ભીનું થવું', દ્રુહ્ 'દ્રોહ કરવો', સ્નિહ્ 'સ્નેહ કરવો' વગેરે.

(૨) સંયુક્ત વ્યંજન, સ્વર, ને સંયુક્ત વ્યંજનના બનેલા:—

સ્પન્દ્ 'ફરકવું', સ્વર્દ્ 'સ્વાદ લેવો', ક્લિન્દ્ 'શોક કરવો', સ્કન્દ્ 'જવું', સ્યન્દ્ 'વહેવું', ભ્રસ્જ્ 'ભૂંજવું', વગેરે.

ભાષાશાસ્ત્રની દૃષ્ટિથી સંસ્કૃત મૂળ ધાતુના પણ આ પ્રમાણે વિભાગ કરી શકાય છે.

વિકરણ સહિત ધાતુ—કેટલાક ધાતુ ગુજરાતીમાં સંસ્કૃત વિકરણ પ્રત્યય સાથે આવ્યા છે; જેમકે,

જ્ઞા—જાના—જાણ્; વિધ્—વિધ્ય—વીંધ્; નૃત્ નૃત્ય—નાચ્; ખિદ્—ખિદ્ય—ખીજ્; ભી—બિભી—બીહ્—બી; પદ્ પદ્ય—ઉપજ, નિપજ, વગેરે.

મૂળ ધાતુ—વ્યાકરણમાં ક્રિયાપદનાં હાલનાં ટૂંકામાં ટૂંકામાં રૂપને આપણે **મૂળ ધાતુ** કહીએ છીએ; જેમકે, 'કર', 'બેસ', 'હો', 'છ', 'આપ', વગેરે.

સાધિત ધાતુ—મૂળ ધાતુ ઉપરથી ગુજરાતીમાં 'પ્રેરવું' એ અર્થમાં સાધિત ધાતુ બને છે; જેમકે,

મૂળ	સાધિત	મૂળ	સાધિત
પડ	પાડ	લખ	લખાવ
મર	માર	બેસ	બેસાડ
કર	કરાવ	ઉછર	ઉછેર

આ દ્વૈતીયિક ધાતુ છે. દ્વૈતીયિક સાધિત ધાતુ પરથી પણ પુનઃ સાધિત ધાતુ બને છે તે તાર્તીયિક સાધિત ધાતુ છે; જેમકે,

મૂળ	દ્વૈતીયિક	તાર્તીયિક
પડ	પાડ	પડાવ
મર	માર	મરાવ
ઉછર	ઉછેર	ઉછેરાવ
બેસ	બેસાડ	બેસાડાવ
ઊંઘ	ઉંઘાડ	ઉંઘાડાવ
તપ	તાપ	તપાવ

સાધિત ધાતુ કેવી રીતે બને છે?—મૂળ ધાતુ ઉપરથી સાધિત ધાતુ થતાં નીચે પ્રમાણે ફેરફાર થાય છે. સાધિત ધાતુમાં પ્રેરણાનો અર્થ છે, માટે એ પ્રેરક–પ્રયોજક ધાતુ કહેવાય છે. મૂળ ધાતુ અકર્મક છે ને સાધિત સકર્મક થાય છે.

(૧) આદિ સ્વર દીર્ઘ થાય છેઃ—

પડ–પાડ; ઠર–ઠાર; મર–માર; તર–તાર; સર–સાર; બળ–બાળ; વળ–વાળ; દમ–દામ; હર–હાર; ગળ–ગાળ; ચર–ચાર

(૨) આદિ સ્વરનો ગુણ થાય છેઃ—

ફૂટ–ફોડ; છૂટ–છોડ; તૂટ–તોડ; ખૂલ–ખોલ

(૩) અન્ત્ય સ્વરમાં ફેરફાર થાય છે:—પી–પા

(૪) ઉપાન્ત્ય 'અ'નો 'એ' કે 'ઓ' થાય છે:—

ઉછર–ઉછેર; ઉખડ–ઉખેડ; ભળ–ભેળ; ઢળ–ઢોળ

(૫) આવ, આડ, એડ, અવ, વગેરે પ્રત્યયો લગાડવાથી—

(અ) લખ–લખાવ; કર–કરાવ; બોલ–બોલાવ; મૂક–મુકાવ; બોદ્ધ–બોદ્ધાવ; પૂછ–પુછાવ; દાટ–દટાવ; ભણ–ભણાવ; નાખ–નખાવ

(આ) બેસ–બેસાડ; સીવ–સિવાડ; રમ–રમાડ; વાગ–વગાડ; દેખ–દેખાડ; ચાવ–ચવાડ; નાસ–નસાડ; ઊડ–ઉડાડ; દેખ–દેખાડ; જાગ–જગાડ; લાગ–લગાડ; પામ–પમાડ; ખા–ખવાડ; સૂ–સુવાડ; ગા–ગવાડ

કેટલાક 'બેસાર', 'સુવાર', વગેરેમાં 'આડ'ને બદલે 'આર' બોલે છે.

(ઇ) ખસ–ખસેડ; ઘસ–ઘસેડ

(ઈ) શીખ–શિખવ; ભળ–ભેળવ;

દાટ–દટાવ; વાગ–વગાડ; ચાવ–ચવાડ—

આ દાખલાઓ પરથી સ્પષ્ટ થાય છે કે 'આવ,' 'આડ' વગેરે પ્રત્યયો લગાડતાં મૂળ ધાતુનો ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે. 'શિખવવું' માં 'ઇ' આ પ્રમાણે હ્રસ્વ જોઈ એ. 'દેખાડવું,' 'જોવાડવું'માં 'એ' ને 'ઓ'ના ઉચ્ચાર હ્રસ્વ છે એમ સમજવું.

તાર્તીયિક ધાતુ કેવી રીતે બને છે?—પ્રેરક ધાતુ ઉપરથી પુનઃ પ્રેરક થતાં નીચે પ્રમાણે ફેરફાર થાય છે:—

(૧) ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ થઈ 'આવ' પ્રત્યય લાગે છે; જેમકે,

મૂળ ધાતુ	પ્રેરક	પુનઃ પ્રેરક
પડ	પાડ	પડાવ
મર	માર	મરાવ
તર	તાર	તરાવ

(૨) અવ, આવ, કે રાવ પ્રત્યય લાગી—

મૂળ	પ્રેરક	પુનઃપ્રેરક
છૂટ	છોડ	છોડવ–ડાવ
તૂટ	તોડ	તોડાવ
વાગ	વગાડ	વગાડાવ
કર	કરાવ	કરાવરાવ
લખ	લખાવ	લખાવરાવ
ફર	ફેરવ	ફેરવાવ

રચનાઃ—

શિષ્ય પાઠ ભણે છે. શિક્ષક શિષ્યને પાઠ ભણાવે છે.

તે શિક્ષક પાસે શિષ્યને પાઠ ભણાવરાવે છે.

અર્થ—કેટલીક વખત એક પ્રેરક ધાતુ પરથી બીજો પ્રેરક ધાતુ બને છે; પરંતુ તેમાં વિશેષ અર્થ આવતો નથી.

સીવ–સિવાડ–સિવડાવ

ખા—ખવાડ–ખવડાવ

હિંદીમાં ને મરાઠીમાં પણ લગભગ એવીજ રીતે પ્રેરક રૂપો થાય છે.

હિં.—	छूटना	छोडना	छोडवाना
	छूटवुं	छोडवुं	छोडवावुं
	मरना	मारना	मरवाना
	दबना	दबाना (दाबना)	दबवाना

મ.—	तुटणें	(तुटवुं)	तोडणें	(तोडवुं)
	फुटणें	(फुटवुं)	फोडणें	(फोडवुं)
	करणें	(करवुं)	करविणें	(करावयुं)

ધાતુઃ—

કર—કરવ; બોલ—બોલવ; સાંગ—સાંગવ; ઊઠ—ઉઠવ; મર—માર ચર—ચાર; પડ—પાડ; દબ—દાબ—દાબવ.

સિ.—ગરણુ—ગારણુ; તુટણુ—તોડણુ

ઉપરના દાખલાઓ પરથી સમજાશે કે જેમ ગુજરાતીમાં જુદી જુદી રીતે પ્રેરક ધાતુ બને છે, તેમજ બીજી દેશી ભાષાઓમાં પણ બને છે.

હિંદીમાં સામાન્ય નિયમ એવો છે કે ધાતુના અન્ત્ય 'અ'નો 'આ' થાય અને પુનઃપ્રેરક રૂપ કરવા 'આ'નો 'અ' થઈ તેની સાથે 'વા' જોડાય છે; જેમકે,

चढना	चढाना	चढवाना
ચઢવું	ચઢાવવું	ચઢાવરાવવું
पकडना	पकडाना	पकडवाना
પકડવું	પકડાવવું	પકડાવરાવવું

કેટલાંક સકર્મક ક્રિયાપદમાં આદિ સ્વર હ્રસ્વ થઈ 'લા' ઉમેરાય છે અને પુનઃપ્રેરક રૂપમાં 'લા'નું 'લવા' થાય છે.

देना	दिलाना	दिलवाना	
डूबना	डुबाना	(डुबोना)	डुबवाना
सीखना	सिखाना	(सिखलाना)	सिखवाना (सिखलवाना)

વ્યુત્પત્તિ—સંસ્કૃતમાં પ્રેરક ધાતુ બનાવનાર પ્રત્યય णिच् એટલે इ છે (ण् ને च् નો લોપ થાય છે.) અને આકારાન્ત ધાતુમાં એ પ્રત્યય પૂર્વે 'प्' આગમ આવે છે; જેમકે कृ+णिच् (इ). આ इ પ્રત્યય પર છતાં ધાતુના અન્ત્ય સ્વરની ને ઉપાન્ત્ય બની વૃદ્ધિ થાય છે અને અન્ય ઉપાન્ત્ય સ્વરનો ગુણ થાય છે. આ નિયમ પ્રમાણે कृ+इ=कार्+इ=कारि અંગ થઈ વિકરણ પ્રત્યય अ અને પુરુષવાચક પ્રત્યય આવી कारि+अ+ति=कारे+अ+ति (અન્ત્ય સ્વરનો વિકરણ પ્રત્યય પર છતાં ગુણ થઈ) =कारयति. એ પ્રમાણે स्थानું प् આગમ આવી स्था+णिच्=स्थाप्+इ=स्थापि; स्थापि+अ+ति=स्थापे+अ+ति=स्थापयति થાય છે.

પાલીમાં પ્રેરક અંગ કરવા આપે, આપય, ણ, કે આય ઉમેરાય છે; જેમકે,

कारापेति, कारापयति, कारेति, કે कारायति. આ ઉપરથી પૂના વ્ થઈ પ્રાકૃતમાં અ, ए, आव, आवे પ્રત્યયો થયા છે. आपय–आवय–आवइ–आवे; આમ आपयમાંથી आवे થયું છે; તેમાંનો ए લોપાઈ 'आव' પ્રત્યય ગુજરાતીમાં આવ્યો છે. भ्रम्નું પ્રાકૃતમાં ભમાડઇ–ભમાડેઇ–ભમાવઇ–ભમાવેઇ રૂપો થાય છે. ભમાડઇમાં आड છે તે ગુજ૦ 'આડ' પ્રત્યયનું મૂળ છે. ઉચ્ચારની સરળતાની ખાતર 'आव्'ના 'व्'નો 'ડ્' થયો છે.

અન્ય સાધિત ધાતુ—પ્રેરક ધાતુ સિવાય સંસ્કૃતની પેઠે બીજા સાધિત ધાતુ પણ ગુજરાતીમાં છે; પરંતુ પ્રેરક ધાતુની પેઠે તે પરથી કાળ કે અર્થ બનતા નથી. કેટલાંક નામ ને વિશેષણ એ ધાતુ પરથી બને છે તેનો તત્સમ શબ્દ તરીકે ગુજરાતીમાં પ્રયોગ છે.

દાખલા:—

(૧) ઇચ્છાવાચક ધાતુ—

સં. ज्ञा (જાણવું) પરથી **જિજ્ઞાસ** (જાણવા ઇચ્છવું), **જિજ્ઞાસુ** (જાણવા ઇચ્છનાર),–**જિજ્ઞાસા** (જાણવાની ઇચ્છા).

„ पा (પીવું) „ **પિપાસ**–પિપાસુ; પિપાસા

„ मुच् (છોડવું) „ **મુમુક્ષ**—મુમુક્ષુ; મુમુક્ષા

(૨) 'ક્રિયાનું પુનઃ પુનઃ કે પ્રકર્ષે થવું' એવા અર્થના ધાતુ—

સં. दीप् (પ્રકાશવું) **દેદીપ્ય**–દેદીપ્યમાન (વર્ત૦ કૃદન્ત)– વારંવાર કે અતિશય પ્રકાશતું

જ્વલ્ (પ્રકાશવું) **જાજ્વલ્ય**–જાજ્વલ્યમાન–જાજ્વરમાન

નામધાતુ—નામ કે વિશેષણ ધાતુ તરીકે વપરાય તે **નામધાતુ** કહેવાય છે.

નામ પરથી—'અજવાળું' પરથી 'અજવાળ'—એણે શું **અજવાળ્યું** છે? 'દુધે ઊભર ધોવડાવિયાં અજુવાળ્યા બહુ ગોખ.' નંદબત્રીશી (૩૧૯). ફૂલ–ફૂલવું; કાજળ–કજળાવું (અગ્નિ કજળાય છે=કાજળ જેવો થાય છે–તે ઉપર રાખ ચઢે છે); હિંડોળો–હિંડોળાવું (તે શ્રીમન્તાઈ અને ગરીબાઈ વચ્ચે હિંડોળાય છે.)

વિશેષણ પરથી—ધવલ (ધોળું) પરથી—ધોળવું; ટૂંકું–ટુંકવવું; લાંબું—લંબાવવું.

મરાઠીમાં પણ એવા નામધાતુ વપરાય છેઃ—

મંદ–મંદાવણેં–લાંબ–લાંબણેં; ફૂલ–ફૂલણેં; હર્ષ–હર્ષણેં; આનન્દ–આનન્દણેં

સંસ્કૃત ભૂત કૃદન્ત પરથી આવેલા નામધાતુ—કાઢ, રૂઠ, તૂઠ, પાક, ધટ, લાગ, પલોટ, સુકા, હરખા—આ નામધાતુ સંસ્કૃત ભૂત કૃદન્ત પરથી આવ્યા છે.

કૃષ્	ખેંચવું;	ભૂ. કૃ.	કૃષ્ટ	ઉપરથી–કાઢ
રુશ્	ખિજવાવું;	,,	રુષ્ટ	,, –રૂઠ
તુષ્	તોષવું, રાજી થવું;	,,	તુષ્ટ	,, –તૂઠ
પચ્	રાંધવું;	,,	પક્વ	,, –પાક
ઘૃષ્	ઘસવું	,,	ઘૃષ્ટ	,, –ધટ (ઓછું થવું)
લગ્	લાગવું	,,	લગ્ન	,, –લાગ
પરિ+અસ્	ચારે તરફ ફેરવવું		પર્યસ્ત	,, –પલોટ (પ્રા. પલ્લત્થ–પલ્લટ્ટ)
શુષ્	સુકાવું	,,	શુષ્ક	,, –સુકા
હૃષ્	હરખવું	,,	હૃષિત	,, –હરખા (પ્રા. હરખિઅ)

ભૂત કૃદન્ત પરથી પ્રેરક ધાતુ—'ભિડાવ', 'ખવાડ', 'દેવાડ', જેવા પ્રેરણાવાચક ધાતુ પણ મૂળ ધાતુના ભૂત કૃદન્ત પરથી આવ્યા છે.

મી 'બીવું'-ભીત (भू. कृ.)-નામધાતુ भीतयति-પ્રા. भीदावेदि-એ પરથી ગુજરાતીમાં 'બિડાવ' થયું છે.

खाविद-પ્રાકૃતમાં પ્રેરક ભૂત કૃદન્ત खाद्-('खा') પરથી खाविद થાય છે; તે પરથી 'ખવાડ' થયું છે.

दाविद-दा 'આપવું' પરથી પ્રાકૃતમાં दाविद પ્રેરક ભૂત કૃદન્ત થાય છે; તે પરથી 'દેવાડ' થયું છે.

જન્મવું, સાચવવું—આ પણ નામધાતુ છે. जन्मन् પરથી જન્મવું, ને सत्य પરથી सत्यापयति, અપ० सच्चवइ-સાચવવું, એમ થયાં છે.

પ્રકરણ ૨૦મું

કૃદન્તઃ પ્રકારાદિ

કૃદન્ત-ધાતુને कृत् પ્રત્યય લાગી જે શબ્દ બને છે તે સંસ્કૃત વ્યાકરણમાં કૃદન્ત કહેવાય છે. कृत् છે અન્તે જેને તે 'કૃદન્ત,' એમ 'કૃદન્ત' શબ્દ બહુવ્રીહિ છે. 'कृत्' પ્રત્યય એટલે શું ? ધાતુને જે પ્રત્યયો લાગે છે તેમાંના ઘણાખરાને પાણિનિએ 'कृत्' પ્રત્યય કહ્યા છે. એ પ્રાથમિક પ્રત્યય છે અને એ પ્રત્યયથી બનેલા શબ્દને જે દ્વૈતીયિક પ્રત્યય લાગે છે તે 'तद्धित' પ્રત્યય છે.

भू 'હોવું'-ભાવ, ભૂત, ભવત્, ભવિષ્ય, ભવન, ભૂતિ, ભવિતવ્ય, ભવ્ય, ભવનીય, ભાવ્ય-આ બધા સંસ્કૃતમાં કૃદન્ત કહેવાય છે; કેમકે એ भू ધાતુને કોઈ એક કૃત્ પ્રત્યય લાગી થયા છે.

धृ 'ધારણ કરવું'-ધૃત, ધર્મ, ધૃતિ, ધારણ, ધરણી, વગેરે પણ કૃદન્તજ છે.

भू-ભાવ-ભાવિક

धृ-ધર્મ-ધાર્મિક

આમાં 'ભાવિક' ને 'ધાર્મિક' એ તદ્ધિતાન્ત છે.

ધાતુને કાળ કે અર્થ વાચક પ્રત્યય લાગી જે રૂપ બને છે તે પૂર્ણ–અર્થ–વાચક ન હોય તો તેને ગુજરાતી વ્યાકરણમાં 'કૃદન્ત' કહે છે. પૂર્ણ–અર્થ–વાચક પદ થાય તો તે ક્રિયાપદ બને છે.

પ્રકાર–કૃદન્તના પ્રકાર નીચે પ્રમાણે છેઃ–

કર ધાતુનાં રૂપઃ–

	મૂળ ધાતુ	પ્રેરક કે પ્રયોજ્ય ધાતુ (સાધિત)
વર્તમાન	કરતો–તી–તું	કરાવતો–તી–તું
પ્રથમ ભૂત (અદ્યતન)	કર્યો–કરી–કર્યું	કરાવ્યો–કરાવી–કરાવ્યું
દ્વિતીય ભૂત (અનદ્યતન)	કરેલો–લી–લું	કરાવેલો–લી–લું
ભવિષ્ય	કરવાનો–ની–નું કરનાર	કરાવવાનો–ની–નું કરાવનાર
સામાન્ય (વિધ્યર્થક)	કરવો–વી–વું	કરાવવો–વી–વું
હેત્વર્થક (ચતુર્થ્યન્ત, અવ્યય)	કરવા–કરવાને	કરાવવા–કરાવવાને
અવ્યય ભૂત	કરી–કરીને	કરાવી–કરાવીને

કૃદન્તનો પ્રયોગ–કૃદન્ત નામ, વિશેષણ, કે અવ્યય તરીકે વપરાય છે.

દાખલાઃ–

શિખામણ **દેવી** સહેલી છે; પણ તે પ્રમાણે **કરવું** અઘરું છે.

(સામાન્ય કૃ૦; નામ)

તે **દોડતો દોડતો** મારી પાસે આવ્યો. (વર્ત૦ કૃ૦, વિશે૦)
તેને **દોડતાં દોડતાં** ઠોકર લાગી. (વર્ત૦ કૃ૦, અવ્યય)
અવસર **ચૂકેલો** પાછો આવતો નથી. (ભૂત કૃ૦, વિશે૦)
તેનું **કહ્યું** કોઈ ગણકારતું નથી. (ભૂત કૃ૦, નામ)
'**કહ્યું** કથે તે શાનો કવિ, **શીખી** વાત તે શાની નવી.'
(નામ; વિશેષણ)

મારૂં **બોલેલું** હવામાં ઊડી ગયું. (ભૂત કૃ૦, નામ)
બોલેલું વચન પાછું ખેંચી શકાતું નથી. (ભૂત કૃ૦, વિશે૦)
હું તમને **કહી કહીને** થાક્યો. (અવ્યય ભૂ. કૃ., પૂર્વકાલ-વાચક છે; કહેવાની ક્રિયા થાકવાની ક્રિયા કરતાં પહેલી થઈ છે.)

બોલનાર બોલી રહ્યા ? તમારૂં કામ **કરવા** હું **બંધાયલો** નથી, માટે તે **કરવાનો** નથી.

(ભવિ૦કૃ.; હેત્વર્થ કૃ૦; ક્રિતી. ભૂ. કૃ૦; ભવિ. કૃ૦; 'કરવા' અવ્યય; 'બોલનાર' નામ, બાકીનાં વિશેષણ)

કરવાનું—આ ભવિષ્યનું રૂપ ખરૂં જોતાં 'કરવું'નું ષષ્ઠ્યન્ત છે; પરંતુ તે નામ તરીકે પ્રથમા વિભક્તિમાં પણ વપરાય છે અને તેમાં ભવિષ્યકાળનો અર્થ છે; જેમકે,

મારે કંઈ **કરવાનું** રહ્યું નથી.

વ્યુત્પત્તિ—પાલી ને પ્રાકૃતમાં વર્તમાન કૃદન્તનાં નીચે પ્રમાણે રૂપ છે:—
પચંતો પું., પચંતી સ્ત્રી, પચંતં નપું.

હિંદી ને ગુજરાતીમાં બે રૂપ છે, એક વ્યયી અને બીજું અવ્યયી.

વ્યયી { હિં. મારતા પું. એ. વ.; રહતા; સ્ત્રી. રહતી,
મારતે પું. બ. વ.; રહતે; મારતી
ગુ. મારતો પું. એ. વ.; મારતી સ્ત્રી. મારતું નપું. એ. વ.
મારતા પું. બ. વ. મારતાં નપું. બ. વ.

અવ્યયી હિં. સુનત, બજત, ભજ્જંત
ગુ. કરતાં

મરાઠીમાં પણ વ્યયી ને અવ્યયી એવાં બે રૂપ છે.

વ્યયી-કરીત, લિહીત } કરીતો પું.
બસત, ઉઠત } કરીતી સ્ત્રી.
આચરત, આચરીત } કરીતેં નપું.

અવ્યયી-કરિતાં, કરિતાંના
જેવિતાં-જેવતાં, જેવિતાંના-જેવતાંના

આ ભાષાઓમાં વર્તમાન કૃદન્તના પ્રાકૃત રૂપના ન્તો માંથી ન્ જતો રહ્યો છે. સિંધી, પંજાબી, ને ઉત્કલી સિવાય બીજી દેશી ભાષાઓમાંથી અનુનાસિક જતો રહે છે. સિંધી ને પંજાબીમાં 'ત્' ને બદલે 'દ્' થાય છે.

ઉત્કલીમાં ન્ કાયમ રહ્યો છે-કરન્ત, દેખન્ત

બંગાળીમાં એ કૃદન્તને અન્તે ઇતે આવે છે; દેખિતે; પરંતુ હાલ તેનો અર્થ હેત્વર્થ જેવો છે.

ક્રિયાતિપત્તિ-આ કૃદન્ત ક્રિયાપદ તરીકે વપરાય છે ત્યારે એમાં ક્રિયાતિપત્તિનો અર્થ આવે છે; જેમકે,

તે આ કામ **કરત** તો **થાત.** (અર્થાત્, તેણે કર્યું નહિ, તેથી થયું નહિ.)

પ્રાકૃતમાં પણ વર્ત૦ કૃદન્ત ક્રિયાતિપત્તિના અર્થમાં ક્રિયાપદ તરીકે વપરાય છે. હોન્તો-હોમાણો એ અભવિષ્યત્ (હોત) એવા ક્રિયાતિપત્યર્થમાં વપરાય છે.

પ્રાકૃતનો દાખલોઃ—

" હોજ્જ ન સંઝા, હોજ્જા ન નિસા, તિમિરંપિ જઇ ન હોમાણં।
તા હોન્તા કહ અમ્હે." કુમારપાલચરિત-૫.૧૦૫

જો સાંજ ન થાત, જો રાત ન થાત (પડત), અંધકાર ન થાત, તો આપણે કેવી રીતે થાત! (આપણે કેમ જીવી શકત?)

જૂની ગુજરાતીમાં હાલની ગુજરાતીમાં વપરાય છે તેમ વર્તમાન કૃદન્તનું રૂપ વ્યયી ને અવ્યયી એમ બે પ્રકારનું હતું અને વ્યયી રૂપ ભૂતકાળના અર્થમાં ને અવ્યયી રૂપ ક્રિયાતિપત્ત્યર્થ ભૂતકાળના અર્થમાં વપરાતું.

દાખલા:—

'રાયિઅ લેવા વાછતઉ' (રાજ્ય લેવા વાંછતો)
'આપણઉ મુખિ ધાતતઉ' (પોતાના મુખમાં મૂકતો)
'જઇ એવડુ તપ કરત તઉ મોક્ષિ–હિ જિ પામત' (જો એવડું તપ કરત તો મોક્ષજ પામત)

હાલ 'એ' નિશ્ચયવાચક વપરાય છે (સુખે સૂજો) તેનું જૂનું 'ઇ' રૂપ છે.

'કરતાં' એ ક્રિયાવિશેષણરૂપ વર્તમાન કૃદન્ત છે. કવિતામાં 'કરન્તાં,' 'ભણુન્તાં' જેવાં રૂપ વપરાય છે.

ડૉ. ટેસિટોરિ એને અપભ્રંશ ષષ્ઠ્યન્ત રૂપ પરથી આવેલું સમજે છે.

એહઉં વઢ ચિન્તતાહં પચ્છઇ હોઇ વિહાણુ
(એ વિચારતાં તે મૂર્ખને પછી વહાણું વાયું.)
તેમજ 'તુમ્હ જમાઇ છતાં'

જૂની ગુજરાતીમાં વર્તમાન કૃદન્ત 'અત' પ્રત્યયથી થાય છે.

પું. કરતઉ; સ્ત્રી. કરતી; નપું. કરતઉં–કરતું

પ્રાચીન રૂપમાં નકાર છે પણ ખરો:—

'ચાલન્તઉ,' 'ધરન્તઉ'

કર્મણિ રૂપ–કીજતઉ–કીજતી–કીજતઉં

મુગ્ધાવબોધ૦–

મેધિ વરસતઇ મોર નાચઇ (મેઘ વરસતે [સતે] મોર નાચે [છે];
ગુરિ અર્થ કહતઇ પ્રમાદીઉ ઊંઘઇ (ગુરુ અર્થ કહેતે [સતે] પ્રમાદી ઊંઘે [છે].

ભૂત કૃદન્ત-સંસ્કૃત પ્રત્યય ત છે; પ્રાકૃતમાં ત્ લોપાય છે કે ત્નો દ્ થાય છે.

સં. પઠિતઃ-પ્રા. પઢિઓ-પઢ્યો-

" હસિતઃ-પ્રા. હસિઓ-હસ્યો-

" હિં. બૈઠા પું. એ. વ-, બૈઠે પું. બ. વ.

બૈઠી સ્ત્રી. એ. વ. ને બ. વ.

પઢ્યો-હસ્યો-વગેરે રૂપમાંથી પું.નો 'ઓ' કાઢી નાખતાં જે રહે છે તે ત્વરિત ઉચ્ચારેલા ઇઅની બરાબર છે. ઇ આગમ ને ભૂત કૃદન્તના ત પ્રત્યય મળીને ઇત થાય છે, તેમાંથી ત્ લોપાઈ ઇઅ થાય છે.

હિંદીમાં ઇત-ઇઅ ને બદલે ત-અ આગમ રહિત આવ્યો છે-રહા, મારા, બૈઠા.

કાઠિયાવાડી રૂપોમાંથી પણ ઇ જતો રહ્યો છે-લાગો ('લાગ્યો' ને બદલે)

કેટલાંક ભૂત કૃદન્તનાં રૂપ નીચે પ્રમાણે આવ્યાં છેઃ-

દૃષ્ટઃ-દિટ્ઠો-દીઠા; લબ્ધઃ-લદ્ધઃ-લીધો; પ્રવિષ્ટઃ-પવિટ્ઠો;-પેઠો;કૃતઃ-કિદો-કીધો

જૂની ગુજરાતીમાં અપભ્રંશની પેઠે ભૂત કૃદન્ત 'ઇઉ' માં પરિણમે છે; જેમકે,

આવિઉ, ગિઉ, પૂજિઉં (નપું.)

ભૂત કૃદન્તનું લવાળું રૂપ-'લ્' એ શૌરસેની 'દ્' પરથી આવ્યો છે; દ્નો ડ્ થઈ ડ્નો લ્ થયો છે. મરાઠી, બંગાળી, ને ઉત્કલીમાં એવું લવાળું રૂપ છે.

ગુજ૦—કરેલો-લી-લું; દેખેલો-લી-લું.

મરા૦—केला–केली–केलें

केलेला–केलेली–केलेलें

બંગાળી ને ઉત્કલી—દેખિલ, કરિલ

મરાઠી, ઉત્કલી, બંગાળી, બિહારી, ને આસામીસ—એ બાહ્ય પ્રદેશોની ભાષામાં 'લ'વાળો કૃદન્ત માલમ પડે છે. એ લ-એલ પ્રત્યય સ્વાર્થિક પ્રત્યય ઇલ્લ પરથી થયો છે એમ ડૉ. ગ્રીઅર્સનનું ને ડો. ટેસિટોરિનું માનવું છે. અર્ધ માગધીમાં ઇલ્લ સ્વાર્થિક પ્રત્યય લાગી તે પર ઇઅ ઉમેરાઈ ઇલ્લિઅ પરથી ભૂત કૃદન્ત થાય

છે; આણુ-ઇલ્લિઅ=આણેલું. સ્લૅવોનિક ભાષામાં ભૂત કૃદન્તનો લ્ (l), મૂળ દ્ (d) માંથી આવ્યો છે અને દ્ (d), ત્ (t)માંથી ઉદ્ભવ્યો છે. આ પ્રમાણે ઇંડો-યુરોપીઅન કુળની શાખાઓ જુદી પડી તે પહેલાંનો એ પ્રાચીન વિકાર છે.

સતિસપ્તમી—ભૂત કૃદન્તની સતિસપ્તમીની રચના જૂની ગુજરાતીમાં છે તે લક્ષમાં લેવા યોગ્ય છે. 'જઇ પાપ જસ લીધઇ નામિ' (જેનું નામ લીધે પાપ જાય)—આમાં 'નામિ' ને 'લીધઇ' બંને સપ્તમીમાં છે. હાલ 'નામ લીધે' એમ વાપરીએ છીએ તેમાં 'નામ' એ લુપ્તસપ્તમ્યન્ત છે એ આ પ્રમાણે ખુલ્લું છે. 'સોસ કર્યઇ સ્યું થાય' (શોક કરે શું થાય)-આમાં હાલ વપરાય છે તેમ 'સોસ' લુપ્તસપ્તમ્યન્ત છે એમ સમજવું.

અવ્યયકૃદન્ત—સંસ્કૃતમાં ઉપસર્ગપૂર્વક ધાતુને ય લગાડાય છે; પ્રાકૃતમાં ('ય'નો વિશ્લેષ થઈ) ઇઅ, ને અપભ્રંશમાં (અ લોપાઈ) ઇ છે.

જૂની હિંદીમાં 'કરિ', 'ચલિ' એવાં રૂપ છે. 'કરિ'માંનો 'ઇ' લોપાઈ 'કર' થયું; દેખ કર, દેખ કરકે=દેખીને; પંજાબીમાં 'દેખિ કરિ' (દેખીને) જેવાં રૂપ છે.

મરાઠીમાં ઊન પ્રત્યય છે; જાઊન-જાવૂન, કરૂન, દેઊન-દેવૂન; ઘેઊન-ઘેવૂન

કવિતામાં આ પ્રત્યય ઉની-ઉનિયાં; ઊની-ઊનિયાં; ઓન-ઓની-ઓનિયાં એવું રૂપ ધારણ કરે છે.

સં. ત્વા પ્રત્યયનું પ્રાકૃતમાં તૂણ-ઊણ થઈ, મરાઠીમાં ઊન થયું છે.

સં. દત્ત્વા-પ્રા. દાતૂણ-દાઊણ-મ. દેઊન થયું છે.

જૂની ગુજરાતીમાં 'ઈ' પ્રત્યય છે; જેમકે,

કરી, લેઈ, દેઈ, પઢી

મુગ્ધાવબોધ૦-કરી જાણુઇ; લેઈ સકઇ

'કરીને,' 'હરીને' વગેરેમાં 'ને' ક્ષેપક છે. ભાલણની 'કાદમ્બરી'માં એક સ્થળે 'ઈ' પ્રત્યય અને 'ને' ને છૂટાં પાડી વચ્ચે 'અ' અવ્યય મૂકયું છે.

'શુદ્ધ આચમન **કરી** અ**નિ** તે પિહિરિ વસ્ત્ર દુકૂલ' કડ૦ ૧૧મું

કાવ્યમાં કેટલેક સ્થળે 'ઈ' ની પછી નિરર્થક 'અ' આવે છે:– 'પણુમીય,' 'વરીય.'

પદ્યમાં ને ગદ્યમાં બંનેમાં 'ઈ'ની પછી 'નઈ' મૂકવામાં આવે છે:–

'કરી–નઈ,' 'વાંચી–નઈ,' 'મેહલી–નઈ.' (કાન્હડદે પ્ર. ૧.૯૬ 'પ્રથવી તણું પીઠ મેહલી–નઈ દેવ ગયા કૈલાસ'). કેટલીક વખત 'ઈ'ની પછી 'કરી' આવે છે. 'તેડાવી કરી' (પંચાખ્યાન).

સામાન્ય કૃદન્ત–સંસ્કૃતમાં વિધ્યર્થ કૃદન્તનો એક પ્રત્યય તવ્ય છે. પ્રાકૃતમાં એ 'તવ્ય'નું 'અવ્વ' થાય છે.

સં. કર્તવ્યઃ; પ્રા. કરિઅવ્વો

ગુજ૦ કરવું; મરા૦ करावें; સિંધી–કરિવો

મુલાનીં વિદ્યા કરાવી–છોકરાએ વિદ્યા પ્રાપ્ત કરી.

જૂની ગુજરાતીમાં 'કરિવઉં' (કરવું); 'લેવઉં' (લેવું) રૂપો છે. 'કરિવા,' 'લેવા'–આવાં રૂપ મુગ્ધાવબોધ૦માં આપ્યાં છે.

કરેવા, 'મારેવા,' આવાં રૂપ 'કાન્હડદે પ્રબન્ધ'માં છે. એ રૂપ તવ્યનું અપભ્રંશમાં એવા થાય છે તે સાથે જોડાયલું છે.

'ઘર **પાડેવા** લાગા.' કાન્હ૦ ૧–૯૪

'પ્રાણ **કરેવા** લાગઇ.' કાન્હ૦ ૧–૯૫

સં. તવ્યના બીજા આદેશો અપભ્રંશમાં એવ્વ, એવ્વઇ, ને એપ્પઇ થાય છે.

ભવિષ્ય કૃદન્ત–કર્તૃત્વવાચક પ્રત્યય 'આર' છે; જેમકે, 'કરનાર,' 'હોનાર,' 'થનાર,' 'શકનાર'.

મરાઠીમાં પણ એજ પ્રત્યય છે:–करणार, जाणार, येणार, वसणार, વગેરે.

'કાર' (કરનાર) પરથી ક્ લોપાઈ 'આર' થયું છે.

અન પ્રત્યયથી ક્રિયાવાચક નામ બને છે; જેમકે, સ્મરણ, મરણ, કરણ, ભજન, વાચન, સિંચન, પ્રેક્ષણ. એ અન સાથે આર એકરૂપ થઈ 'નાર' પ્રત્યય બને છે.

કરણ+કાર=કરણ+આર=કરનાર.

જૂની ગુજરાતીમાં અનન્ત શબ્દને 'હાર' પ્રત્યય લાગે છે; એ 'હાર' પણ કારનો ક્ લોપાઈ થાય છે; ઉચ્ચારની સરળતા માટે હ્ આરંભમાં ઉમેરાય છે. અથવા તો હ ને ષષ્ઠીનો પ્રત્યય લેવો; પાલણ-હકાર (પાલણનો કરનાર) ક્ લોપાઈ પાલણહાર=પાળનાર.

મુગ્ધાવબોધ૦-કરણુનાર, લેણુહાર.

'સર્જનહાર'-હાલ પણ વપરાય છે.

હિંદીમાં 'વાલા' (સં. પાલક), 'હારા' તેમજ 'વૈયા' ('વાલા'નું પ્રાન્તિક રૂપ 'વારિયા' ને તેનું ટૂંકું રૂપ 'વૈયા') છે.

કરનેવાલા; દેખનેહારા; રખવૈયા; કરવૈયા; પું. બોલનેવાલા, સ્ત્રી. બોલનેવાલી; એજ પ્રમાણે જાનેવાલા-લી; દેનેહારા-રી.

ગુજરાતીમાં પણ કરવૈયા રૂપ વપરાય છે. 'ઘોડાવાળો,' 'ઘરવાળો' એ રૂપ પણ ગુજરાતીમાં વપરાય છે.

હિંદી ને પંજાબીમાં વાલા અન્તવાળો શબ્દ ભવિષ્ય કૃદન્ત તરીકે વપરાય છે. વહ જાનેવાલા થા.

પ્રકરણ ૨૧મું

કાળઃ અર્થ

વિભાગ—જે સમયે ક્રિયા થઈ હોય તે સમયપરત્વે ક્રિયાપદના કાળના વિભાગ થાય છે. કાળ ત્રણ છેઃ-વર્તમાન, ભૂત, અને ભવિષ્ય. એજ પ્રમાણે ક્રિયાપદના રૂપમાંથી જે અર્થ નીકળે છે તે પરત્વે પણ તેના વિભાગ નીચે પ્રમાણે થાય છેઃ—સ્વાર્થ, આજ્ઞાર્થ, વિધ્યર્થ, ક્રિયાતિપત્ત્યર્થ, અને સંકેતાર્થ.

૩૫—વર્તમાન કાળનાં રૂપ નીચે પ્રમાણે છેઃ—

કર ધાતુ

વર્તમાન કાળ

	એ. વ.	બ. વ.
૧લો પુરુષ	હું કરું	અમે કરીએ
૨જો પુરુષ	તું કરે	તમે કરો
૩જો પુરુષ	તે કરે	તેઓ કરે

મરાઠીમાં વર્તમાન કૃદન્તનું રૂપ ક્રિયાપદ તરીકે વપરાય છે.-મુલગા ચાલતો; હરી બસતો (છોકરો ચાલે છે; હરિ બેસે છે.) ગુજરાતીમાં એ રૂપ ક્રિયાપદ તરીકે વપરાય છે; પરંતુ તેમાંથી ભૂતકાળનો અર્થ નીકળે છે. છોકરો ચાલતો; હરિ બેસતો.

વ્યુત્પત્તિ—વર્તમાનકાળનાં ને ભવિષ્યકાળનાં રૂપ સંસ્કૃત વર્તમાનકાળનાં રૂપ પરથી પ્રાકૃતદ્વારા આવ્યાં છે.

કાળના પ્રત્યય વ્યુત્પત્તિ પ્રમાણે સર્વનામનાં રૂપ છે.

	એ. વ.	દ્વિ. વ.	બ. વ.
પ્ર. પુ.	મિ (હું)		મસ્ (મ=હું+સ=તું;=અમે)
દ્વિ. પુ.	સિ (તું)	થસ્ (થ=તું+સ=તું;=તમે)	
તૃ. પુ.	તિ (તે)	તસ્ (ત=તે+સ્=તું;=તેઓ)	

અપભ્રંશના પ્રત્યય-અપભ્રંશમાં ઘણા પ્રત્યય છે, તેમાંના જે પ્રત્યયમાંથી વર્તમાન કાળના પ્રત્યય આવ્યા છે તે પ્રત્યય નીચે પ્રમાણે છે. અપભ્રંશના વર્તમાન કાળનાં રૂપ પણ નીચે આપ્યાં છે.

	પ્રત્યય		'ચલ્લ'નાં રૂપ	
	એ. વ.	બ. વ.	એ. વ.	બ. વ.
૧લો પુ.	ઉં	હું	ચલ્લઉં	ચલ્લહું
૨જો પુ.	હિ	હુ	ચલ્લહિ	ચલ્લહુ
૩જો પુ.	ઇ	હિં	ચલ્લઇ	ચલ્લહિં

વર્તમાન કાળનાં બધાં રૂપ ઉપલાં અપભ્રંશનાં રૂપ પરથી આવ્યાં છે એ સ્પષ્ટ છે. માત્ર ૧લા પુરુષના બહુવચનના રૂપની વ્યુત્પત્તિ સરળ નથી.

જૂની ગુજરાતી—આ રૂપને મળતાં રૂપ જૂની ગુજરાતીમાં છે.

આવઇ (તે આવે, તું આવે); જાણુઈ; તરઇ; દેખઇ; પૂછઇ; પામઇ; સકઇ; હુઇ; લિઇ (લે); દિઇ (દે)

૧લા પુ. બ. વ.માં 'કરઉં' ને 'કરાં' એવાં બે જૂનાં રૂપ છે, તેમાં 'કરઉં'-માંથી 'અઉં' જતું રહી 'ઇએ' (વર્ત૦ ૩ પુ. એ. વ.) પ્રત્યય આવ્યો છે.

'કાન્હડદે પ્રબન્ધ'માં તેમજ અન્ય જૂની ભાષાવાળા ગ્રન્થમાં વર્તમાન કાળનું જૂનું રૂપ મળી આવે છેઃ—

'કાન્હ૦—સવે દિવસિ વાસુ **વસઇ** રાજભવનિ નવ નિદ્ધિ.' ૧.૯

'હંસવાહની હરખિ **રમિ, કાર** જગલીલ વિલાસ.'
શ્રીવૈતાલપંચવિંશી રાસ, પૃ૦ ૧

'ઘણા પુરુષ **છિં** સ્વામી ઇંહાં, આપણુ **જઇઇં** નવરૂં જિહાં.'
શ્રીવૈતા૦, પૃ. ૪

'તેહુ નગરમાંહઇ વિષ્ણુસર્મા એહવે નામે બ્રાહ્મણ **વસિ.**'
શ્રીવૈતા૦, પૃ. ૧૦૩

'રાત્રે જે ઘરિમાંહે સુએ તેહનઇ દ્વારિ જે ઉભુ **રહિ.**'
શ્રીવૈતા૦, પૃ. ૧૧૫

'તુ રાજી સુ વર્ષ **જીવઇ.**' શ્રીવૈતા૦, પૃ. ૧૧૭

'જેણિ પુત્રે કરી જસ **પામીયે.**'—

'એ પાંચ વાના શોક **ટાલઇ.**' પૃ. ૧૧૭

'હે સ્ત્રી, યે પુત્રનું મસ્તક છેદી દેવીનઇ **ચઢાવીએ.**' પૃ. ૧૧૭

	અપભ્રંશ	જૂની ગુજ૰	હાલની ગુજ૰
૧લો પુ..	નચ્ચઉં	નાચઉં	નાચું
૨જો પુ, ૩જો એ. વ.	નચ્ચહિ-ઇ	નાચઇ	નાચે (તું, તે)
૩જો પુ. બ. વ.	નચ્ચહિં	નાચઇ	નાચે (તેઓ)

૩જા પુ. એ. વ.નાં જૂની ગુજરાતીમાં–વસઇ, રમિં, કરિં, વસિ ને ૧લા પુ. બ. વ.નાં–જઇઈં (જઈએ); પામીયે, ચઢાવીએ, કરઉં, કરાં; ૨જો પુ. એ. વ. જીવઇ; ૩જો પુ. બ. વ. ટાલઇ–આવાં રૂપો મળી આવે છે.

સંસ્કૃત પ્રત્યય તિ છે; તેમાંનો त् પ્રાકૃતમાં ને અપભ્રંશમાં લોપાય છે. चलति–चलइ–ચાલે, હિંદીમાં चलै થાય છે. वह બૈઠે (તે બેસે). બીજા પુરુષના એકવચનમાં સંસ્કૃત પ્રત્યય सि છે, તેમાંનો स् પ્રાકૃતમાં કાયમ રહે છે, પણ અપભ્રંશમાં તેનો ह् થાય છે ને તે ह् ગુજરાતીમાં જતો રહે છે. ગુજરાતીમાં એ રૂપ ત્રીજા પુરુષના જેવું જ થાય છે. અપ. करहि નું 'કરઇ' થઈ 'કરે'-તું કરે. હિંદીમાં तू બૈઠે થાય છે. અપ૰ करहु–કરઉ-કરો (તમે કરો); હિંદીમાં तुम बैठो; અપ૰ करहिं–કરઇ-કરે (૩જો પુ. બ. વ.). હિંદીમાં वे बैठें (તેઓ બેસે). ગુજરાતીમાંથી અનુનાસિક જતો રહ્યો છે. ૧લા પુ. બ. વ.ના પ્રત્યયની વ્યુત્પત્તિ સરળ નથી. ડૉ. ટેસિટોરિ એ રૂપ કર્મણિ વર્તમાનના ૩જા પુ. એ. વ.ના રૂપ પરથી લાવે છે. 'જઈયઇ'–જઈએ; 'આપીયઇ'—આપીએ; 'કરીયઇ'—કરીએ.

ભવિષ્યકાળ: રૂપ—ભવિષ્યકાળનાં રૂપ નીચે પ્રમાણે છે:—

'કર' ધાતુ, ભવિષ્યકાળ

	એ. વ.	બ. વ.
૧લો પુ.	હું કરીશ	અમે કરીશું
૨જો પુ.	તું કરીશ–કરશે	તમે કરશો
૩જો પુ.	તે કરશે	તેઓ કરશે

મરાઠીમાં ચાલેલ, બસેલ જેવાં રૂપ થાય છે. હિંદીમાં બૈઠૂંગા–બૈઠેંગે જેવાં થાય છે.

વ્યુત્પત્તિ—સંસ્કૃતમાં બે ભવિષ્યકાળ છે—એકના પ્રત્યય તાસ્‌ને વર્તમાન કાળના પ્રત્યય લગાડવાથી થાય છે (તાસ્મિ–તાસ્વઃ–તાસ્મઃ, વગેરે) અને બીજાના સ્થને વર્તમાન કાળના પ્રત્યય લગાડવાથી થાય છે. સંસ્કૃત સાહિત્યમાં ૧લા ભવિષ્ય કાળનો પ્રયોગ વિરલ છે, બીજો સામાન્ય પ્રચારવાળો છે. પ્રાકૃતમાં ને દેશી ભાષાઓમાં એજ કાળ ઊતરી આવ્યો છે.

સંસ્કૃત પ્રત્યય

	એ. વ.	દ્વિ. વ.	બ. વ.
૧લો પુ.	સ્યામિ	સ્યાવઃ	સ્યામઃ
૨જો પુ.	સ્યસિ	સ્યથઃ	સ્યથ
૩જો પુ.	સ્યતિ	સ્યતઃ	સ્યન્તિ

સ્ય પ્રત્યય કેટલાક ભાષાશાસ્ત્રીઓના ધારવા પ્રમાણે અસ્ ને યા ધાતુઓનો બનેલો છે. દાસ્યતિ–તે આપવા જશે–આપવાની તૈયારીમાં છે–આપશે–એવો અર્થ છે.

મહારાષ્ટ્રી ને શૌરસેનીમાં સ્ય નું સ્સ ને અપભ્રંશમાં સ થાય છે; જેમકે,

હોસ્સામિ–હોહામિ શૌરસેની ને મહારાષ્ટ્રી

હોસમિ–હોસઉ અપભ્રંશ

હું કરીશ—આમાં 'કરીશ' એ રૂપમાંથી બધા પ્રત્યય જતા રહ્યા છે. સ્ય–ઇષ્ય–ઇસ્સ–ઈસ. બાકીનાં રૂપ 'સ' પર વર્તમાન કાળના પ્રત્યય લાગી થયાં છે. ૧લા પુરુષના બ. વ.નો પ્રત્યય 'સ' ને અપભ્રંશ વર્તમાન કાળના હુંમાંનો હ્ લોપાઈ ઉં મળીને થયો છે (સ+ઉં=સું-શું).

જૂની ગુજરાતી—જૂની ગુજરાતીમાં ભવિષ્યકાળનાં રૂપ નીચેના સ્વરૂપમાં જોવામાં આવે છે:—

	એ. વ.	બ. વ.
૧લો પુ.	માંડિસિ (હું માંડીશ); જાઇસુ; કહિસ	પૂરસ્યું (પૂરીશું); લેસીઉ (લઇશું); બોલિસિઉં (બોલીશું)

૨જો પુ. જાઇસિ (તું જઇશ) થાઇસિઉ (થશો)
૩જો પુ. હોસિ (હોશે); કહિ- લેસઇ (લેશે); કહિસી (કહેશે)
સિઇ; દેસિઇ

દાખલા:—

ગૂજરાતી સ્યૂં **માંડિસિ** કલહુ (માંડીશ). ૧–૨૬–કાન્હ૦
સાહમા ઘા **લેસીઉં** (લઇશું).–૧–૫૨ ,,
કરસિ કેડિ, **મારસિ** હિંદુ,—૧–૨૧૭ (કરશે, મારશે)
જુ કાન્હડદે બોલ **માનસિ**, તં **દેસિઉં** જે મુખિ **માગસિ**
—૩. ૧૩૦

(માનશે, દઇશું, માગશે)

ભાલણ–

દુ:ખિતાં એહનિ કરી તતક્ષણ **છાંડિશિ** પ્રાણ (છાંડીશ).
કાદમ્બરી, કડ૦ ૨૧

સખી સઘલી **જાણુશિ**, નીલજ થઈ એ નારિ (જાણુશે).
કાદ૦, કડ૦ ૨૨

નિર્મલ નાશા તિલનૂં ફૂલ, દંત તણુઉં કુણ **કરશિ** મૂલ (કરશે).
વિમલપ્રબન્ધ૦, પૃ. ૩

હું અઘોર મંત્ર **સાધિસિ** (સાધીશ). શ્રીવૈતાલ૦, પૃ. ૯૦

કૃદન્ત ક્રિયાપદ તરીકે: ભૂતકાળ—બધી ઈંડો–આર્ય ભાષામાં ભૂત કૃદન્ત ભૂત કાળના ક્રિયાપદની ગરજ સારે છે. ભૂત કૃદન્તનું વિવેચન આગલા પ્રકરણમાં આવી ગયું છે. બે પ્રકારના ભૂત કૃદન્ત હોવાથી બે પ્રકારના ભૂતકાળ થાય છે:–

પ્રથમ (અદ્યતન ભૂત કાળ)–તે કાલે મુંબઈ **ગયો**.
દ્વિતીય (અનદ્યતન ભૂત કાળ)–તમે તેને **જોયલો** ખરો?

'કર' ધાતુ–પ્રથમ ભૂતકાળ		'કર' ધાતુ–દ્વિતીય ભૂતકાળ	
એ. વ.	બ. વ.	એ. વ.	બ. વ.
૧લો પુ. મેં કર્યું	અમે કર્યું	મેં કરેલું	અમે કરેલું
૨જો પુ. તેં કર્યું	તમે કર્યું	તેં કરેલું	તમે કરેલું
૩જો પુ. તેણે કર્યું	તેમણે કર્યું	તેણે કરેલું	તેમણે કરેલું

'લ' વાળું કે દ્વિતીય ભૂતકાળનું રૂપ પ્રથમ ભૂતકાળ બતાવે છે તે કરતાં ઘણી વાર વધારે પાછલા વખતની ક્રિયા બતાવે છે; પણ એવો ભેદ હમેશ જોવામાં આવતો નથી.

મરાઠીમાં 'લ'વાળું રૂપ વપરાય છે. મુલગા चालला; પત્ર आलें હિંદીમાં ગુજરાતીના જેવું જ રૂપ વપરાય છે:—મૈં બૈઠા–હમ બૈઠે.

વર્તમાન કૃદન્ત ને ભવિષ્ય કૃદન્ત કાળ તરીકે—જેમ ભૂત કૃદન્ત ભૂત કાળના ક્રિયાપદની ગરજ સારે છે, તેમ વર્તમાન કૃદન્ત અને ભવિષ્ય કૃદન્ત પણ ગુજરાતીમાં ક્રિયાપદ તરીકે વપરાય છે.

તે મારે ત્યાં રોજ **આવતો.**

હું તો તમારી જોડે **આવવાનો.**

પહેલું રૂપ નિયમિત ભૂતકાળ દર્શાવે છે અને બીજું ભવિષ્ય-કાળ દર્શાવે છે. બીજાનો પ્રયોગ બહુ શિષ્ટ અને સામાન્ય નથી.

'કર'–નિયમિત ભૂતકાળ		ભવિષ્યકાળ	
એ. વ.	બ. વ.	એ. વ.	બ. વ.
૧લો પુ. હું કરતો	અમે કરતા	કરવાનો	કરવાના
૨જો પુ. તું કરતો	તમે કરતા		
૩જો પુ. તે કરતો	તેઓ કરતા		

નિયમિત ભૂતકાળના રૂપને મળતું રૂપ હિંદીમાં છે:—મૈં બૈઠતા–હમ બૈઠતે; મૈં બૈઠતી–હમ બૈઠતીં. આને હેતુહેતુમદ્‌ભૂતકાળ કહે છે.

અર્થ—અર્થ ઉપર ગણાવ્યા છે; તેમાંના આજ્ઞાર્થ અને વિધ્યર્થના કેટલાક અર્થ સરખા છે. આજ્ઞાર્થમાં આજ્ઞા ઉપરાંત આશીર્વાદનો કે શાપનો–નઠારૂં થાય એવી ઈચ્છાનો–પણ અર્થ છે. વિધ્યર્થમાં વિધિ એટલે શાસ્ત્રની આજ્ઞા કે પ્રેરણા, ઉપદેશ, ફરજ, અને ફરમાશના અર્થ છે.

'કર' ધાતુનાં આજ્ઞાર્થ ને વિધ્યર્થનાં રૂપાખ્યાન નીચે પ્રમાણે છે:–

	આજ્ઞાર્થ		વિધ્યર્થ	
	એ. વ.	બ. વ.	એ. વ.	બ. વ.
૧લો પુ.	હું કરૂં	અમે કરીએ	મારે કરવું	અમારે કરવું
૨જો પુ.	તું કર–કરજે –કરની–કરજેની	તમે કરો કરજો–કરોની, કરજોની	તારે કરવું	તમારે કરવું
૩જો પુ.	તે કરે	તેઓ કરે	તેણે કરવું	તેમણે કરવું

અર્થને કાળનો સંબંધ—આજ્ઞા વર્તમાન કાળમાંજ થઈ શકે છે. વિધ્યર્થમાં પ્રેરણા ને ઉપદેશ રહ્યા છે, તે સર્વ કાળને લાગે છે.

રૂપમાં ફેર—આજ્ઞાર્થનાં રૂપ વર્તમાન કાળનાં રૂપથી સહજજ જુદાં છે. માત્ર બીજા પુરુષમાંજ ફેર છે. વિધ્યર્થનાં રૂપ સામાન્ય કૃદન્તથી થાય છે. ક્રિયા અમુક કાળમાંજ સંકુચિત નથી, સર્વ કાળને લાગુ પડે છે; માટે કૃદન્ત સામાન્ય કૃદન્ત કહેવાય છે.

સિંધી સિવાય બધી ઉદીચ્ય–આર્ય ભાષામાં ૨જા પુરુષના એકવચનમાં ધાતુનું મૂળ રૂપજ વપરાય છે; મરા.–હસ; હિંદી–બૈઠ

બીમ્સ કહે છે કે ગુજરાતની ઉત્તર તરફની પ્રાન્તિક બોલીમાં આજ્ઞાર્થના બીજા પુરુષના એકવચનમાં 'ય' ઉમેરાય છે; જેમકે, કર્ય, બોલ્ય, ચાલ્ય.

આ રૂપોનો પ્રયોગ ચરોતરમાં વિશેષ છે; અમુક પ્રદેશમાં સંકુચિત હોવાથી એ પ્રાન્તિકજ ગણાય.

'કરજે–કરજો'—આ આજ્ઞાર્થનાં માનાર્થક રૂપો છે.

હિંદીમાં એવા રૂપને અન્તે इये બ. વ. इयो જોવામાં આવે છે.

આદરવાચક વિધિ–બૈઠિયે

પરોક્ષસૂચક વિધિ–બૈઠિયો

વ્યુત્પત્તિ–આ માનાર્થક આજ્ઞાર્થ રૂપ પ્રાકૃત વિધ્યર્થ રૂપ ૭પરથી નિષ્પન્ન થયું છે. પ્રા. હસેજ્જ–હસેજ્જા. હોજ્જ–હોજ્જા એ રૂપ બધા પુરુષનાં વચનમાં વપરાય છે.

એ રૂપ જૂની ગુજરાતીમાં વિશેષ વપરાયું છે. હાલ માત્ર બીજા પુરુષના એકવચન ને બહુવચનમાં વપરાય છે; પણ જૂની ગુજરાતીમાં ૧લા ને ૩જા પુ.માં પણ વપરાયું છે.

કાન્હડદે પ્ર૦

અહ્મસ્યૂં પ્રીતિ **આણેજ્યો** ઘણી (આણજો). ૨–૧૫૦

તિહાં પેરણૂ **કરિજ્યુ** જઈ. ૩.૧૭૭

એક વાત હુઈઇ **જાણિજે**, વીરતણુ મસ્તક **આણિજે**. ૪.૮૮

આવોની–ને, આવજો–ની–ને–આ રૂપ વીનવણી કરવાના અર્થમાં વપરાય છે.

સંકેતાર્થ–આ અર્થને ત્રણે કાળ સાથે સંબંધ છે. 'સંકેત' એટલે શરત. સંકેતવાચક 'જો' અવ્યય વપરાય કે ન વપરાય

વર્તમાનકાળ–

(જો) હું વહેલો ન **ઊઠું**, તો મારૂં કામ પૂરૂં **થાય** નહિ.

ઉપર દર્શાવ્યા પ્રમાણે વર્તમાનકાળમાં આજ્ઞાનો તેમજ સંકેતનો અર્થ રહેલો છે. એ બેમાંથી એકે અર્થ ન હોય ત્યારે તે સ્વાર્થમાં છે એમ કહેવાય છે. ખાસ અર્થ નથી, પોતાનાજ અર્થમાં છે; માટે **સ્વાર્થ** કહેવાય છે.

જે કરે તે ભોગવે.

'કરે'=કરે છે; 'ભોગવે'=ભોગવે છે; અહિં સર્વ કાળે ખરાં પડે એવા સાર્વત્રિક વાક્યના અર્થમાં છે. એ વર્તમાન કાળનો એક અર્થ છે. આજ્ઞા કે સંકેતનો અર્થ નથી, માટે સ્વાર્થમાં છે એમ કહેવાય છે.

ભાઈ! ભલે તે સુખ **ભોગવે** (વર્તમાન કાળ, આજ્ઞાર્થ, શુભેચ્છાના અર્થમાં)

ઈશ્વર તેને તેનાં પાપનું ફળ **આપે!** (વર્ત૦ કાળ, આજ્ઞાર્થ, અશુભેચ્છાના અર્થમાં)

આવું કે **જાઉં**? (આજ્ઞાર્થ, અનુજ્ઞાના અર્થમાં)

ગુરુની શિખામણ નહિ **માનો** તો દુઃખી **થશો**. (વર્ત૦ કાળ, સંકેતાર્થ)

આ કામ તે મારાથી કેમ **થાય**! (થઈ શકે? વિધ્યર્થ)

હું **આવું** ત્યાંસુધી અહિં બેસ. (વિધ્યર્થ, ગૌણ વાક્યમાં છે.)

મૂળ અને સાધિત ધાતુના સર્વ અર્થ અને કાળ—આ પ્રમાણે શુદ્ધ કાળને અર્થ સાથે જોડતાં મૂળ અને સાધિત ધાતુના નીચે પ્રમાણે વિભાગ થાય છે.

	કર ધાતુ, મૂળ	કરાવ ધાતુ, સાધિત
વર્તમાન કાળ		
સ્વાર્થ–તે	કરે.	તે કરાવે.
આજ્ઞાર્થ–તે	કરે.	તે કરાવે.
તું	કર–કરજે.	તું કરાવ–કરાવજે.
સંકેતાર્થ—(જો) તે	કરે.	(જો) તે કરાવે.
વિધ્યર્થ—તેણે	કરવું.	તેણે કરાવવું.
ભવિષ્યકાળ		
સ્વાર્થ—તે	કરશે–કરવાનો.	તે કરાવશે–કરાવવાનો.
સંકેતાર્થ—(જો) તે	કરશે.	(જો) તે કરાવશે.
પ્રથમ ભૂતકાળ		

સ્વાર્થ—તેણે કર્યું.		તેણે કરાવ્યું.
સંકેતાર્થ—(જો) તેણે કર્યું.		(જો) તેણે કરાવ્યું.

દ્વિતીય ભૂતકાળ

સ્વાર્થ—તેણે કરેલું.		તેણે કરાવેલું.
સંકેતાર્થ—(જો) તેણે કરેલું.		(જો) તેણે કરાવેલું.

નિયમિત ભૂતકાળ

સ્વાર્થ—તે કરતો.		તે કરાવતો.
સંકેતાર્થ કે ક્રિયાતિપત્ત્યર્થ	(જો) તે કરત.	(જો) તે કરાવત.

આ શુદ્ધ રૂપોમાં ભૂત કાળના સર્વ પ્રકાર તથા વિધ્યર્થમાં કૃદન્તજ ક્રિયાપદનું કામ કરે છે.

મિશ્રકાળ—ઉપર દર્શાવ્યા પ્રમાણે વર્તમાન કાળમાં આજ્ઞા ને વિધિનો અર્થ રહેલો છે; તેથી વર્તમાન કાળનો અર્થ સ્પષ્ટ બતાવવા 'છ' ને 'હો' એ ક્રિયાપદનાં રૂપ ઉમેરવાનો પ્રચાર પડ્યો. એ બે ક્રિયાપદો આ રીતે ઉપકારક થવાથી **સાહાય્યકારક** કહેવાય છે.

મરાઠીમાં કૃદન્તની સાથે અસ્ ધાતુનું રૂપ વપરાઈ બે મળીને એક શબ્દ થઈ જાય છે; 'હસતોસ' (હસન્તોસિ).

પ્રક્રિયા—મિશ્ર વર્તમાન કાળ (સ્વાર્થ) સિવાયના તમામ મિશ્ર કાળોના બંધારણમાં મુખ્ય ક્રિયાપદના કૃદન્ત વપરાય છે; માત્ર મિશ્ર વર્તમાન કાળમાંજ મુખ્ય ક્રિયાપદનો વર્તમાન કાળ વપરાય છે; તેમાં પણ સંકેતાર્થમાં બંધારણ બીજા મિશ્ર કાળના જેવુંજ છે.

મિશ્ર કાળની સંજ્ઞા—મિશ્ર કાળની સંજ્ઞા બે રીતે આપી શકાય, તેના બંધારણ ઉપરથી કે અર્થ ઉપરથી. મરાઠી, હિંદી, વગેરે ભાષામાં અર્થ ઉપરથીજ સંજ્ઞા પાડી છે અને તે યુક્ત લાગે છે.

'કાલ' શબ્દનો અર્થજ, મહાભાષ્યકારે વ્યાપારસંતાન–ક્રિયાનું સંતાન– એવો આપ્યો છે. કાળ એ ક્રિયાત્મક છે અને ક્રિયાના ભેદને માટેજ કાળ છે. આ પ્રમાણે અર્થનિબંધન સંજ્ઞાજ—અર્થને આધારે રહેલી સંજ્ઞાજ—યુક્ત છે. ક્રિયા પૂર્ણ થઈ છે કે અપૂર્ણ છે એને ઉદ્દેશીને અર્થને જોડીને મિશ્ર કાળના નીચે પ્રમાણે વિભાગ કરી શકાય છે:—

	કર, મૂળ	કરાવ, સાધિત
મિશ્ર વર્તમાન		
અપૂર્ણ વર્તમાન		
સ્વાર્થ—	તે કરે છે.	તે કરાવે છે.
સંકેતાર્થ—	(જો) તે કરતો હોય.	(જો) તે કરાવતો હોય.
પ્રથમ પૂર્ણ વર્તમાન		
સ્વાર્થ—	તેણે કર્યું છે.	તેણે કરાવ્યું છે.
સંકેતાર્થ—	(જો) તેણે કર્યું હોય–હશે.	(જો) તેણે કરાવ્યું હોય–હશે.
દ્વિતીય પૂર્ણ વર્તમાન		
સ્વાર્થ—	તેણે કરેલું છે.	તેણે કરાવેલું છે.
સંકેતાર્થ—	(જો) તેણે કરેલું હોય–હશે.	(જો) તેણે કરાવેલું હોય–હશે.
ઇચ્છાવાચક વર્તમાન		
સ્વાર્થ—	તે કરનાર છે– કરવાનો છે– તેને કરવું છે.	તે કરાવનાર છે– કરાવવાનો છે– તેને કરાવવું છે.
સંકેતાર્થ—	(જો) તે કરનાર હોય– કરવાનો હોય–તેને કરવું હોય (હશે).	(જો) તે કરાવનાર હોય– કરાવવાનો હોય– તેને કરાવવું હોય (હશે).

મિશ્ર ભૂત

અપૂર્ણ ભૂત

સ્વાર્થ—તે કરતો હતો.	તે કરાવતો હતો.
સંકેતાર્થ—(જો) તે કરતો હોત (હત).	(જો) કરાવતો હોત (હત).

પ્રથમ પૂર્ણ ભૂત

સ્વાર્થ—તેણે કર્યું હતું.	તેણે કરાવ્યું હતું.
સંકેતાર્થ—(જો) તેણે કર્યું હોત (હત).	(જો) તેણે કરાવ્યું હોત (હત).

દ્વિતીય પૂર્ણ ભૂત

સ્વાર્થ—તેણે કરેલું હતું.	તેણે કરાવેલું હતું.
સંકેતાર્થ—(જો) તેણે કરેલું હોત (હત).	(જો) તેણે કરાવેલું હોત (હત).

ઇચ્છાવાચક ભૂત

સ્વાર્થ—તે કરનાર હતો– –કરવાનો હતો– તેને કરવું હતું.	તે કરાવનાર હતો– –કરાવવાનો હતો– તેને કરાવવું હતું.
સંકેતાર્થ—તે કરનાર હોત– કરવાનો હોત– તેને કરવું હોત (હત).	તે કરાવનાર હોત– કરાવવાનો હોત– તેને કરાવવું હોત (હત).

કર્યું છે, કર્યું હતું, કરે છે, કરતો હતો—આમાંનાં પહેલાં બે રૂપ ક્રિયા પૂર્ણ થઈ ગઈ છે એમ દર્શાવે છે અને પાછલાં બે દર રોજ થતી કે ચાલુ ક્રિયા બતાવે છે. જ્યારે ક્રિયા ચાલુજ હોય છે ત્યારે તેની અપૂર્ણતા સ્પષ્ટ છે. જ્યારે દરરોજ થતી કે થયલી ક્રિયાને માટે

'કરે છે,' 'કરતો હતો,' એવું રૂપ વપરાય છે ત્યારે પણ તે ક્રિયાની અપૂર્ણતાનો અર્થ આવે છેજ. એક દિવસ ક્રિયા થાય છે કે થઈ રહી ત્યાર પછી બીજે દિવસે તેજ ક્રિયા થતી નથી કે થઈ નહોતી એમ નથી; પરંતુ બીજે દિવસે, ત્રીજે દિવસે, એમ રોજ થાય છે કે થતી હતી. આમ વિચારતાં સમજાશે કે 'કરે છે' ને 'કરતો હતો' એ અપૂર્ણ ક્રિયા દર્શાવે છે.

કર્યું છે, કર્યું હતું–બંને રૂપમાં ક્રિયા ભૂત કાળમાં થઈ છે ને પરિપૂર્ણ થઈ છે. પરંતુ પહેલા રૂપમાંથી એવો અર્થ નીકળે છે કે ક્રિયા ભૂત કાળમાં થઈ છે; પરંતુ તેની અસર હાલ ચાલુ છે, એવો અથવા તો ભૂત કાળમાં થયલી ક્રિયાની વર્તમાન સ્થિતિ એવો અર્થ એમાંથી નીકળે છે. આ કારણથી એને પૂર્ણ વર્તમાન કાળ કહ્યો છે; કેમકે ક્રિયા પૂર્ણ થઈ છે અને તેની અસર વર્તમાન કાળ સાથે જોડાયલી છે. 'કર્યું છે' ને 'કરેલું છે' માં ભેદનો એટલોજ ભાસ છે કે પ્રથમ રૂપ કરતાં બીજું રૂપ વધારે પાછલી ક્રિયા બહુધા દર્શાવે છે. આ કારણથી પ્રથમ રૂપને અદ્યતન પૂર્ણ વર્તમાન ને બીજા રૂપને અનદ્યતન પૂર્ણ વર્તમાન કહ્યું છે. એમાં 'અદ્યતન' એટલે આજનું, અર્થાત્ પાસેનું અને 'અનદ્યતન' એટલે તેને મુકાબલે દૂરનું, આજનું નહિ.

કર્યું, કરતો હતો—પહેલા રૂપમાં જેમ અમુક સમયની નિયન્ત્રણા આવે છે, તેવી બીજામાં આવતી નથી. 'કર્યું' એ રૂપ 'અમુક સમયે' એવા શબ્દોની સાથે બહુધા વપરાય છે; અને એવા શબ્દો નથી વપરાતા તોપણ એ રૂપમાંથી એવા શબ્દના સંબંધના અર્થનો ભાસ થાય છે.

કરવાનો છે, કરવાનો હતો—આ અને એની સાથેનાં રૂપોમાં ભવિષ્ય કાળની સાથે વર્તમાન અને ભૂતનો અર્થ જોડાયલો છે. પરંતુ એમાં ક્રિયા કરવાની ઇચ્છાનો અર્થ રહેલો છે, તેથી એ અર્થને આધારે

એની સંજ્ઞા પાડી છે. કરવાનો છે=કરીશ એવી તેની ઇચ્છા છે; કરવાનો હતો–કરીશ એવી તેની ઇચ્છા હતી.

કરવું છે, કરવું હતું—આમાં વિધિનો અર્થ પ્રધાન છે. વિધિમાં ઇચ્છા અન્તર્ભૂત છે અને અર્થ સાથે કાળની ગુંચવણ ન થાય, માટે એનો ઇચ્છાવાચક રૂપોમાંજ સમાવેશ કર્યો છે.

મરાઠી વ્યાકરણમાં મિશ્રકાળની સંજ્ઞા લગભગ આવીજ છે:—

		વર્તમાન	ભૂત	ભવિષ્ય
શુદ્ધ	(તો)	બસતો	બસલા	બસેલ
	(તે)	બેસે	બેઠા–ઠેલા	બેસશે
મિશ્ર				
અપૂર્ણ		બસત આહે	બસત હોતા	
		(બેસે છે)	(બેસતો હતો)	
(પ્રથમ) પૂર્ણ		બસલા આહે	બસલા હોતા	
		(બેઠા છે)	(બેઠા હતો)	
ઉદ્દેશ્ય		બસણાર આહે	બસણાર હોતા	
		(બેસનાર છે)	(બેસનાર હતો)	

જેને મરાઠીમાં ઉદ્દેશ્ય વર્તમાન ને ઉદ્દેશ્ય ભૂત કહ્યા છે તેને અહિં ઇચ્છાવાચક વર્તમાન ને ઇચ્છાવાચક ભૂત કહ્યા છે.

હિંદીમાં પણ વહ બૈઠા થા (તે બેઠા હતો) એને પૂર્ણ ભૂતકાળ અને વહ બૈઠતા થા (તે બેસતો હતો) એને અપૂર્ણ ભૂતકાળ કહ્યો છે.

'બેઠા છે' (વહ બૈઠા હૈ) જેવા રૂપને આસન્નભૂત કહ્યું છે.

'છે' ને 'હોવું' નો વ્યુત્પત્તિ—'છે' ક્રિયાપદ 'અસ્' હોવું પરથી આવ્યું છે અને 'હોવું' એ भू 'હોવું' પરથી આવ્યું છે. 'નથી'=નાસ્તિ. भू ધાતુનો પાલીમાં ને પ્રાકૃતમાં हो થાય છે.

જૂની ગુજરાતી—'અછઇ,' 'અછિઇ,' 'અછિ,' 'છિ,' 'છિં,' 'છે,' 'અછે'—આવાં રૂપ જૂની ગુજરાતીમાં મળી આવે છે.

કાન્હડદે પ્રબન્ધ—

જાલહુર ગઢ વિસમુ **અછિઇ**. ૨·૩૩
ઇંછા **છઇ** ગઢ જોવા તણી. ૩·૨૪૪

આગઇ એ ગઢ **અછિ** સદૈવત પ્રાણુ કોઇઁઇ ન થાઇ. ૪·૧૭૫

વૈતાલ૦—

કહું કથા વૈતાલની, જે **છિં** જગવિખ્યાત. પૃ૦ ૧
જંબુદ્વીપ માંહિ **અછેં**, ભરતે ખેત્ર સુવિચાર;
તસ મધેં બહુ દેશ **છેં**, અંગ, બંગ, મલબાર. પૃ૦ ૨

હિંદીમાં થા (સ્થા) ધાતુ પણ સાહાય્યકારક ક્રિયાપદ તરીકે વપરાય છે.

હિંદી—વહ બોલતા થા, રહતા થા. (તે બોલતો હતો રહેતો હતો.)
વહ બોલા થા, રહા થા. (તે બોલ્યો હતો રહ્યો હતો.)

ગુજરાતીમાં 'કરતો થા,' 'ચાલતો થા' એવાં વાક્યમાં 'થા' એ સાહાય્યકારક ક્રિયાપદ નથી, પરંતુ બે ક્રિયાપદ મળીને સંયુક્ત ક્રિયાપદ બને છે અને તેમાંથી ક્રિયાના ઉપક્રમનો અર્થ નીકળે છે.

ડૉ. ટેસિટોરિ 'છે' ને ક્ષ ધાતુ પરથી વ્યુત્પન્ન કરે છે.

સં.	અપ૦	જૂ. ગુ.	હાલની ગુ.
ક્ષચ્છતિ	અચ્છઇ	અછઇ-છઇ	છે

કેટલાક આસ્ 'બેસવું' એ પરથી પણ લાવે છે. આસ્તે–આચ્છઇ–છે.

પ્રકરણ ૨૨મું

પ્રયોગ

વિવરણ, વ્યુત્પત્તિને આધારે–અગાઉ દર્શાવી ગયા તે પ્રમાણે સંસ્કૃત પ્રત્યયો મિ, સિ, ને, તિ, એ અનુક્રમે પ્રથમ, દ્વિતીય, અને તૃતીય પુરુષવાચક સર્વનામ છે. ગુજરાતી પ્રત્યય એજ પ્રત્યયોમાંથી અપભ્રંશદ્વારા આવ્યા છે; એટલે વર્તમાન કાળના પ્રત્યયોથી કર્તા વાચ્ય થાય છે અને ક્રિયાપદનો પ્રયોગ કર્તરિ–કર્તાના અર્થમાં છે. ભવિષ્ય કાળના પ્રત્યય પણ, સ્યમાં (ગુજરાતી સમાં) વર્તમાન કાળના પ્રત્યય મળીને થયા છે એટલે એ પ્રત્યય પણ એવીજ રીતે કર્તાનું અભિધાન કરે છે અને એમાં પણ ક્રિયાપદ કર્તરિ પ્રયોગમાં છે. આ પ્રમાણે ક્રિયાપદ અકર્મક હોય કે સકર્મક હોય તોપણ શુદ્ધ વર્તમાન અને ભવિષ્ય કાળમાં હમેશ કર્તરિ પ્રયોગ હોય છે; કારણ કે ઉપર સમજાવ્યા પ્રમાણે પ્રત્યય કર્તાના અર્થનું અભિધાન કરે છે.

હું પુસ્તક લખું; તેઓ કામ કરશે–ગામ જશે.

આ બધા કિર્તરિ પ્રયોગના દાખલા છે; કેમકે એમાં પ્રત્યયથી કર્તાનો અર્થ કહેવાય છે.

વળી મિશ્ર કાળોમાં પણ નીચેના કાળમાં કર્તરિ પ્રયોગજ હોય છે:–

૧. અપૂર્ણ વર્તમાન–આ કાળમાં મુખ્ય અને સાહચ્યકારક, બંને ક્રિયાપદ વર્તમાનકાળમાં છે; માટે એમાં પ્રત્યય કર્તાનું અભિધાન કરે છે; અર્થાત્ ક્રિયાપદ કર્તરિ છે; જેમકે,

તું પુસ્તક **વાંચે છે**; તેઓ આસન પર **બેસે છે.**

૨. નિયમિત ભૂતકાળ—આ રૂપ વર્તમાન કૃદન્ત પરથી આવ્યું છે અને વર્તમાન કૃદન્ત ત્રીજા પુરુષ વર્તમાન કાળના બહુ-

વચનના રૂપ ઉપરથી થયો છે; એટલે એ રૂપમાં પણ કર્તાનું અભિધાન થાય છે, માટે ક્રિયાપદ કર્તરિ પ્રયોગમાં છે.

અગાઉ તમે રોજ વહેલા **ઊઠતા** અને ઈશ્વરનું સ્તવન **કરતા.**

૩. ભૂતકાળ—ક્રિયાતિપત્ત્યર્થ—આ રૂપ પણ વર્તમાન કૃદન્તમાંથી નિષ્પન્ન થયું છે, માટે એમાં પણ કર્તરિ પ્રયોગજ છે.

વૃષ્ટિ **થાત** તો દુકાળ **પડત** નહિ.

૪. ઇચ્છાવાચક કાળ—વર્તમાન અને ભૂત—આમાંનાં બે રૂપોમાં વિધિનો અર્થ નથી, તે બંનેમાંથી એકમાં—'નાર'વાળા રૂપમાં કર્તાનો અર્થ ઉક્ત થાય છે; કારણ કે 'નાર' પ્રત્યય કર્તૃવાચક છે. કરણ+કાર='કાર'માંનો 'ક્' લોપાઈ, કરણ+આર='કરણ'માંનો અન્ત્ય 'અ' લોપાઈ, કરણાર=કરનાર; 'કાર'=જે કરે છે તે; એમાં કર્તાના અર્થનું અભિધાન થાય છે. 'કરવાનું' એ રૂપ 'કરવું' એ વિધ્યર્થનું ષષ્ઠ્યન્ત છે એટલે વિશેષણરૂપ છે; તેથી જ્યારે એ રૂપ કર્તાનું વિશેષણ હોય છે ત્યારે કર્તરિ પ્રયોગમાં અને કર્મનું વિશેષણ હોય છે ત્યારે કર્મણિ પ્રયોગમાં હોય છે.

દાખલા—

તે કાલે મુંબઈ **જવાનો** છે. (કર્તરિ)
તેઓ ગીતા **વાંચવાના** હતા. (કર્તરિ)
હું એ કામ કદી **કરવાનો** નથી. (કર્તરિ)
મારે **ચોપડી લખવાની** છે. (કર્મણિ)
મારે **કામ કરવાનું** છે. (કર્મણિ)

કર્મણિ પ્રયોગ—સંસ્કૃતમાં સકર્મક ક્રિયાપદને ભૂત કૃદન્તનો પ્રત્યય કર્મણિ અર્થમાં અને અકર્મક ક્રિયાપદને કર્તરિ અર્થમાં લાગે છે.

कृ કરવું (સકર્મક)—कृत (કર્મણિ)
देवदत्तेन कटः कृतः।

(દેવદત્તે સાદડી કીધી.)

પત્ પડવું (અકર્મક)–પતિત (કર્તરિ)

વૃક્ષાત્ પર્ણં પતિતમ્ ।

(ઝાડથી પાંદડું પડ્યું.)

ગુજરાતીમાં પણ એજ પ્રમાણે સકર્મક ક્રિયાપદનો ભૂત કૃદન્ત સામાન્ય રીતે કર્મણિ છે અને અકર્મક ક્રિયાપદનો ભૂત કૃદન્ત કર્તરિ છે.

કર (સકર્મક)–દેવદત્તે સાદડી **કીધી.** (કર્મણિ)

પડ (અકર્મક)–વૃક્ષથી પાંદડું **પડ્યું.** (કર્તરિ)

અપવાદ:–કેટલાંક સકર્મક ક્રિયાપદનાં ભૂત કૃદન્ત કર્મણિ નથી, પણ કર્તરિ છે; જેમકે,

બોલ, પામ, જમ, લાગ, ભણ, શીખ, સમજ, લાવ.

હું તે વાક્ય મોટેથી **બોલ્યો.**

તે સ્ત્રી એ સાંભળી ઘણું આશ્ચર્ય **પામી.**

તે પેટ ભરીને લાડુ **જમ્યો.**

તે અપશબ્દ બોલવા **લાગ્યો,** ત્યારે મેં તેને અટકાવ્યો.

છોકરો પાઠ **ભણ્યો,** પણ **શીખ્યો** નહિ; કેમકે તે **સમજ્યો** ન હતો.

છોકરો તે પુસ્તક મારી પાસે લાવ્યો.

આમાં ગત્યર્થક ધાતુની રચના સંસ્કૃતને મળતી છે. સંસ્કૃતમાં એવા ધાતુને ભૂત કૃદન્તનો 'ત' પ્રત્યય કર્તરિ-કર્તાના અર્થમાં થાય છે.

ગઙ્ગાં ગતઃ–પ્રાપ્તઃ ।

ઉપરના દાખલાઓમાં 'પામ' એ પ્રાપ્ પરથી વ્યુત્પન્ન થયું છે.

એવાં કેટલાંક ભૂતકાળનાં રૂપમાં કર્મપદ પુરુષવાચક હોય છે ને સપ્રત્યય દ્વિતીયામાં હોય છે. ક્રિયાપદ સકર્મક છે, તોપણ ભૂતકાળનું રૂપ કર્તરિ છે.

તે ઈશ્વરને **ભજ્યો** નહિ.

કુતરો છોકરાને ખૂબ **કરડ્યો.**

તેને સવારે વીંછુ **ડંખ્યો.**

મરાઠીમાં પણ એવાં ભૂતકાળનાં રૂપ કર્તરિ છે;

મી પરમેશ્વરાસ ભજલો–હું પરમેશ્વરને ભજ્યો.

કુત્રા ત્યાલા ડસલા–કુતરો તેને ડંખ્યો.

મી ભાત જેવલોં (હું ભાત જમ્યો).

તો તી ગોષ્ટ લૌકર ઉમજલા (તે તે વાત જલદી સમજ્યો).

તૂં વ્યાકરણ શિકલાસ–પઢલાસ (તું વ્યાકરણ શીખ્યો—પઢ્યો).

મી ધર્મ આચરલોં (હું ધર્મ આચર્યો).

મ્યાં ધર્મ આચરિલા (મેં ધર્મ આચર્યો).

તો શંભર ગાયત્રી જપલા (તે સો ગાયત્રી જપ્યો).

ત્યાનેં ગાયત્રી જપલ્યા (તેણે ગાયત્રી જપી).

જ્યાં ભૂત કૃદન્તથી બનેલા કાળ હોય છે ત્યાં સામાન્ય રીતે કર્મણિ પ્રયોગ છેઃ–

૧. પ્રથમ કે દ્વિતીય ભૂત કાળમાં ક્રિયાપદ સકર્મક હોય તો બહુધા કર્મણિ પ્રયોગ છે.

મેં પુસ્તક **આપ્યું.**

તેણે મારૂં વચન **સાંભળેલું.**

૨. પ્રથમ પૂર્ણ વર્તમાન અને પ્રથમ પૂર્ણ ભૂત તેમજ દ્વિતીય પૂર્ણ વર્તમાન અને દ્વિતીય પૂર્ણ ભૂત કાળમાં સકર્મક ક્રિયાપદ હોય તો બહુધા કર્મણિ પ્રયોગ છેઃ–

મેં તે કાર્ય **કર્યું છે.**

તેણે બરાબર લક્ષ **આપેલું છે.**

તેણે બધાં કપડાં **પહેર્યાં હતાં.**

તમે પાઠ **વાંચેલો હતો.**

૧. ને ૨. નિયમમાં 'બહુધા' કહ્યું છે તે 'બોલ,' 'પામ,' વગેરે ધાતુનો અપવાદ ઉપર આપ્યો છે તે લક્ષમાં રાખીને કહ્યું છે.

સામાન્ય કૃદન્ત—સામાન્ય કૃદન્તનો પ્રત્યય સંસ્કૃત વિધ્યર્થના तव्य પ્રત્યય પરથી આવ્યો છે. ભૂત કૃદન્તની પેઠે એ પ્રત્યય સકર્મક ક્રિયાપદમાં કર્મણિ છે; માટે એ કૃદન્ત તેમજ એ કૃદન્ત ક્રિયાપદ તરીકે વપરાયો હોય ત્યાં તે ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં છે.

ઇચ્છાવાચક રૂપ, જે સામાન્ય કૃદન્તનું ષષ્ઠયન્ત છે, તે કર્મનું વિશેષણ હોય તો પ્રયોગ કર્મણિ છે.

'બોલ,' 'પામ,' વગેરે ધાતુનો અપવાદ આ રૂપોને લાગતો નથી.

મારે એ પુસ્તક **જોવું** છે.

તમારે આટલાં બધાં **કામ કરવાનાં** નથી.

તેને ચોપડી **વાંચવી** ગમતી નથી.

તમારે આવાં વચન **બોલવાં** નહિ.

તમને આટલું બધું ખોટું **લાગવું** ન જોઈએ.

ઉપસંહાર—આ પ્રમાણે વ્યુત્પત્તિની દૃષ્ટિએ પ્રયોગની પરીક્ષા કરી. 'કર્તરિ,' 'કર્મણિ,' ને 'ભાવે' એ શબ્દ અનુક્રમે 'કર્તૃ,' 'કર્મન્,' ને 'ભાવ'ના સપ્તમ્યન્ત છે અને એનો અર્થ 'કર્તાના અર્થમાં,' 'કર્મના અર્થમાં,' ને 'ભાવના અર્થમાં,' એવો થાય છે. ક્રિયાપદના કે કૃદન્તના રૂપથી કર્તા, કર્મ, કે ભાવ, જેનું અભિધાન થતું હોય, તેના પ્રયોગમાં તે રૂપ કહેવાય છે.

પ્રત્યયની વ્યુત્પત્તિ—સંસ્કૃતમાં કર્મણિ રૂપ य પ્રત્યયથી થાય છે. પ્રાકૃતમાં य નો ईअ કે इज्ज થાય છે.

भू—सं. भूयते; प्रा. होईअइ—होइज्जइ

અપભ્રંશ—एत्थु मुणीसिम जाणीअइ।

(अत्र मनुष्यत्वं ज्ञायते—અહિં મનુષ્યત્વ જણાય છે.)

સંગરસએહિં જુ વણ્ણિઅઇ (સંગ્રામશતેષુ યો વર્ણ્યતે સેંકડો સંગ્રામમાં જે વર્ણાય છે).

સુહેં ચિન્તિજ્જઇ માણુ (સુખેન ચિન્ત્યતે માનઃ–સુખે વિચારાય છે માન–પ્રેમગર્વ).

એજ પ્રમાણે કપિજ્જઇ–કપાય છે; છિજ્જઇ–છેદાય છે; પરિપાવિઅઇ કે પરિપાવીઅઇ–પમાય છે; જોઇજ્જઉં–જોવાઉં; વોલ્લિઅઇ–બોલાય છે; વગેરે રૂપ અપભ્રંશમાં છે.

મુગ્ધાવબોધ૦–ઉચ્ચરીયઇ (ઉચ્ચારાય છે); કહીયઇ–કહીઇ (કહેવાય છે); તરીઇ (તરાય છે); દીજઇ (દેવાય છે); લીજઇ (લેવાય છે); કીજઇ (કરાય છે).

ઈયનું ઈ થયું છે–જાણીતું, માનીતું, વગેરેમાં ઈ કર્મણિ છે.

કાન્હડદે––

જલહુર જગિ **જાણીઇ** (અપભ્રંશમાં જાણીઅઇ–જાણિજ્જઇ છે. અહિં ઈઅનું ઈ થયું છે) ૧. ૫.

જિણિ દેસિ **કીજઇ** જાગ, જિહાં વિપ્રનઇ **દીજઇ** ત્યાગ,
જિહાં તુલસી પીપલ **પૂજ્જઇ**, વેદ પુરાણ ધર્મ **બૂઝીઇ**.
જિણિ દેસિ સહુ તીરથ જાઇ, સ્મૃતિ પુરાણ માનીઇ ગાઈ,
નવખણ્ડે અપકીરતિ કહી, માધવિ મ્લેચ્છ આણિયા તહિં.
૧.૧૬–૧૭

આ ઈય–ઇજવાળું કર્મણિ રૂપ અર્વાચીન ગુજરાતીમાં આવ્યું નથી.

બીજું અર્વાચીન કર્મણિ રૂપ–અત્યાર સુધી ગુજરાતીમાં જે એક પ્રકારનું કર્મણિ રૂપ છે–સકર્મક ક્રિયાપદના ભૂતકૃદન્ત અને સામાન્ય ભૂતકૃદન્તનું–તેની વાત કરી; પરંતુ ગુજરાતીમાં બીજું કર્મણિ રૂપ છે, તે ધાતુને 'આય' કે 'આ' લગાડવાથી થાય છે.

કર–કરાય છે, કરાયું, કરાશે, કરાતું
લખ–લખાય છે, લખાયું, લખાશે, લખાતું

જૂની ગુજરાતીમાં કર્તરિ ધાતુને 'આ' લગાડવાથી વિધ્યર્થક કર્મણિ ધાતુ થાય છે. અર્થ ધીમે ધીમે બદલાયો અને હાલ એ રૂપ સર્વત્ર વિધ્યર્થક નથી.

'સમુદ્ર પાણીઇં દોહિલુ પૂરાઇં' (સમુદ્ર પાણીએ દોહિલો પુરાય).

મુગ્ધાવબોધ૦માં આવાં 'આય'વાળાં રૂપના દાખલા છે, તેમાં 'શકવું'નો અર્થ છે એમ કહ્યું છે; જેમકે,

પઢાયઇ (પઢી શકાય); બોલાયઇ (બોલી શકાય); કહાઇં (તેઓને કહી શકાય).

ઘણે સ્થળે હાલ પણ એ રૂપમાં શક્તિનો અર્થ છે.

મારાથી વહેલાં ઉઠાતું નથી (ઊઠી શકાતું નથી).

'જા' સાથે કર્મણિ કૃદન્તની રચના—અપભ્રંશમાં તેમજ જૂની ગુજરાતીમાં આ રચના છે ને હિંદી તથા મરાઠીમાં પણ છે:—

અન્નુ જુ તુચ્છઉં તહે ધણહે તં અક્ખણહ ન જાઇ।

(અન્ય જે તુચ્છ તે ધેણુનું-નાયિકાનું (છે) તે કહ્યું જતું નથી.)

કાન્હડદે૦—

એ વડુ રોસ ન સહિણુ જાઇ. ૧–૨૬ (એ ભારે રોષ સહ્યો નહિ જાય–સહેવાય નહિ.)

મરાઠીમાં—'વાઘ મારલા જાતો.'

હિંદીમાં—'લડકેસે પોથી પઢાઇ જાતી થી.' હિંદીમાં કર્મણિ તેમજ ભાવે પ્રયોગમાં જા ધાતુનો યોગ ઘણો સાધારણ છે—દેવદત્તસે પુસ્તક લિખિ જાતી હૈ; અબ મુઝસે જાયા જાતા હૈ. (દેવદત્ત વડે પુસ્તક લખાય છે; આજ મારાથી જવાય છે); આપસે જીતા જાય–આપ વડે જીતાય.

મરાઠીમાં પણ હિંદીને મળતી રચના છે—દેવદત્તાનેં પુસ્તક લિહિલેં જાતેં; અધુના માઝ્યાનેં ગેલેં જાતેં.

કારક ને પ્રયોગ—કર્મણિ પ્રયોગમાં કર્મ ક્રિયાપદથી ઉક્ત

હોવાથી પ્રાતિપદિકાર્થે પ્રથમામાં આવે છે. સંસ્કૃતમાં સર્વત્ર એમ થાય છે; ગુજરાતીમાં બહુધા થાય છે, સર્વત્ર નહિ.

તેણે તેને બોલાવ્યો–માર્યો–ઓળખ્યો–દીઠો, વગેરે.

ઉપરનાં વાક્યોમાં કર્મ ઉક્ત છે છતાં દ્વિતીયામાં છે.

જૂની ગુજરાતીમાં એવે સ્થળે કર્મ પ્રથમામાં આવતું તે ભાલણના પ્રયોગથી જણાય છે. કાદમ્બરીમાં ભાલણે 'તેણી હૂ દીઠુ નહિ' વાપર્યું છે. પૃ૦ ૧૫૨–૫૩ જુઓ.

હિંદીમાં ઉપરને મળતી રચના થાય છે:—

રાજાને શેરની–કો મારા (રાજાએ વાઘણને મારી)–આમાં કર્મ શેરની–કો ચતુર્થીમાં છે; પ્રથમામાં નથી. ક્રિયાપદ કર્મ સાથે જાતિમાં અન્વય પામતું નથી; તે ભાવે પુંલિંગમાં આવે છે; કેમકે હિંદુસ્તાનીમાં નપુંસક લિંગ નથી.

ગુજરાતીમાં તો કર્મ બીજીમાં કે ચતુર્થીમાં* હોય, તોપણ કર્મણિ કૃદન્ત કે ક્રિયાપદ તેનીજ સાથે અન્વય પામે છે. રાજસ્થાનીમાં એવીજ રચના છે; પણ જ્યાં ગુજરાતીમાં નપુંસક છે, ત્યાં રાજસ્થાનીમાં પુંલિંગ વપરાય છે:–

રાજાએ વિચાર્યું; રાજ૦–રાજાઇ વિચાર્યો.

મરાઠીમાં પણ કર્મ ચતુર્થીમાં આવે છે તોપણ ક્રિયાપદ કર્મ સાથે અન્વય પામે છે. પરંતુ કેટલેક સ્થળે એમ થતું નથી, ત્યાં મરાઠીમાં ક્રિયાપદ નપુંસકમાં ને હિંદુસ્તાનીમાં નપુંસક નથી તેથી પુંલિંગમાં આવે છે ને તેવે સ્થળે પ્રયોગ ભાવે થાય છે.–

મી મુલીલા નિજવિલી–મેં **છોકરીને** ઉધાડી.

વૈદ્યાને **રોગ્યાસ** બરા કેલા–વૈદ્યે **રોગીને** સારો કર્યો.

આમ્હીં મુલગી કાલચ સાસરી પાઠવીલી (કર્મણિ)–અમે છોકરી કાલેજ સાસરે મોકલી.

---

* 'રાજાએ વાઘણને મારી,' આમાં 'વાઘણને' ને ચતુર્થીમાં પણ લઈ શકાય.

આમ્હીં મુલીલા કાલચ સાસરીં પાઠવિલેં (ભાવે)–અમારા વડે છોકરીને કાલેજ સાસરે મોકલાવાનું થયું–મોકલાયું=મોકલવાનું બન્યું).

રાજાને શેરની–કો **મારા** (ભાવે).

મરાઠી વ્યાકરણમાં એમ કહે છે કે વ્યાકરણની દૃષ્ટિને અનુસારે આઇનેં મુલગી નિજવિલી (કર્મણિ) અને આઇનેં મુલીલા નિજવિલેં (ભાવે)–આમ થવું જોઇએ; પરંતુ કર્મણિ પ્રયોગમાં આઇનેં મુલીલા નિજવિલી એ પ્રયોગ રૂઢ થયો છે.

વિધ્યર્થમાં–મુલગ્યાનેં પોથી વાચાવી (કર્મણિ)–છોકરે ચોપડી વાંચવી.

મુલગ્યાનેં પોથીલા વાચાવેં (ભાવે)–છોકરે ચોપડીને–ચોપડીના સંબંધમાં વાંચવું–વાંચવાનું કામ કરવું.

મરાઠી ને હિંદીમાં જ્યાં કર્મપદ ચતુર્થીમાં આવે છે અને જ્યાં ક્રિયાપદ કર્મ સાથે અન્વય પામતું નથી, પણ ભાવે પ્રયોગમાં હોય છે, ત્યાં રચના શાસ્ત્રીય અને સયુક્તિક છે. ગુજરાતીમાં તેમ નથી.

ભાવે—ભાવે પ્રયોગમાં ક્રિયાપદ અકર્મક હોય છે અને તેમાંથી ભાવનો અર્થ નીકળે છે.

મારાથી **જવાયું** નહિ (જવાનું થયું નહિ). ભાવ નપુંસક એકવચનમાં હોય છે, તેથી ક્રિયાપદ હમેશ નપુંસક એકવચનમાં આવે છે.

પ્રયોગઃ મરાઠી, હિંદી, બંગાલી—

મરાઠીમાં રચના નીચે પ્રમાણે થાય છેઃ—

કર્તરિ—રામા પુસ્તક વાચિતો (રામ પુસ્તક વાંચે છે).

કર્મણિ—રામાનેં પુસ્તક દિલેં (રામે પુસ્તક આપ્યું).

ભાવે—(અ) રામાનેં રાવણાસ મારિલેં (રામે રાવણને માર્યું–રાવણના સંબંધમાં મારવાનું કામ કર્યું).

(આ) હરીનેં ગાવાલા જાવેં (હરિએ ગામના સંબંધમાં જવું). ત્યાનેં ઘરીં જાવેં (તેણે ઘેર જવું).

(અ) રામાનેં રાવણાસ મારિલેલેં આહે।

(આ) હરીનેં गांवाला जावें असें आहे।

મરાઠીમાં કર્મણિ પ્રયોગ કર્મપદ ત્રીજા પુરુષમાં હોય ત્યારેજ થાય છે, પહેલા કે બીજામાં હોય ત્યારે નહિ.

વિદ્યાર્થ્યાનેં ધડા કેલા–ધડે કેલે (પાઠ કીધો–પાઠો કીધા).

તો મલા બોલાવિતો, તો આમ્હાંસ બોલાવિતો, તો તુલા બોલાવિતો, તો તુમ્હાલા બોલાવિતો–ઉપરનાં વાક્યોનાં કર્મણિ રૂપો. ત્યાનેં મી બોલાવિલોં વગેરે થઈ શકે, પણ એવાં રૂપો હાલ વપરાતાં નથી. એને બદલે ભાવે પ્રયોગ વપરાય છે; જેમકે

ત્યાનેં મલા બોલાવિલેં; ત્યાનેં આમ્હાંસ બોલાવિલેં; ત્યાનેં તુલા બોલાવિલેં; ત્યાનેં તુમ્હાંસ બોલાવિલેં.

પરંતુ જૂના સાહિત્યમાં પહેલા ને બીજા પુરુષમાં કર્મણિ રૂપ જોવામાં આવે છે, જેમકે,

'भूप म्हणे, तूं मुनिंनी चित्तीं षडरिक्षयार्थ धरिलास'।
'वरिलासि मत्सखीनें, म्यां ही वरिलासि तूं मनें'।

ગુજરાતીમાં તો ત્રણે પુરુષમાં કર્મણિ રૂપ વપરાય છે; જેમકે, હું એનાથી સંતોષાયો નહિ; તું મારાથી સંતોષાયો નહિ; તે મારાથી સંતોષાયો નહિ.

કર્મણિ ને ભાવે—રૂઢિ ને વ્યાકરણ

ત્યાનેં આપલા મુલગા શાળેંત પાઠવિલા (કર્મણિ, વ્યાકરણની દૃષ્ટિએ શુદ્ધ રૂપ)

ત્યાનેં આપલ્યા મુલાસ શાળેંત પાઠવિલા (કર્મણિ, રૂઢિ પ્રમાણે).

રૂઢિના પ્રયોગમાં કર્મણિ રચનામાં કર્મપદ દ્વિતીયામાં આવે છે.

ત્યાનેં આપલ્યા મુલાસ શાળેંત પાઠવિલેં (ભાવે).

'જા' ધાતુ–કર્મણિ રૂપ બનાવવામાં મરાઠીમાં 'જા' ધાતુનો ઉપયોગ સામાન્ય છે.

દેવદત્ત પુસ્તક લિહિતોં (કર્તરિ)

દેવદત્તાકડૂન પુસ્તક લિહિલેં જાતેં (કર્મણિ)

રાજે વિદ્વાનાંશીં બોલતાત (કર્તરિ)

રાજાંકડૂન પણ્ડિતાંબરોબર બોલલેં જાતેં (કર્મણિ)

ગુજરાતીમાં—આ દુઃખ સહ્યું જતું નથી (સહેવાતું નથી; કર્મણિ).

હિંદી—હિંદીમાં કર્મણિ ને ભાવે રૂપ બનાવવામાં 'જા' ધાતુનો પ્રયોગ સામાન્ય છે.

देवदत्त पुस्तक लिखता है। (કર્તરિ)
देवदत्तसे पुस्तक लिखि जाती है। (કર્મણિ)
अब मैं जाता हूं। (કર્તરિ)
अब मुझसे जाया जाता है। (ભાવે)
घोडेसे घास खाई जाती है। (કર્મણિ)
मुझसे चीठी नहीं पढी जाती। (કર્મણિ)
होना, चलना, बनना, बन पडना—આ રૂપો કર્મણિ અર્થમાં વપરાય છેઃ—
मुझसे (=मेरे किये) परिश्रम नहीं होता।
तुमसे (=तुम्हारे चलाये) नौकरी नही चलती।
देवदत्तसे किसीकी खुशामद नहीं बनती।
मुझसे माला नहीं बनती (=बनाइ जाती)।
उससे ठाकुरकी पूजा भी नहीं बन पडती।

'મારાથી પરિશ્રમ **થતો નથી**', 'મારાથી ખુશામદ **બનતી નથી**'—આવાં રૂપો ગુજરાતીમાં વપરાય છે તે કર્મણિજ છે (થતી=કરાતી; બનતી=બનાવાતી, કરાતી).

ઘોડા મૈંને છોડા, પૌથી મૈંને પઢી—આવાં વાક્યોને હિંદી વ્યાકરણમાં કર્તરિ માન્યાં છે, તે વ્યુત્પત્તિની દૃષ્ટિએ અશુદ્ધ છે. છોડા (સૃષ્ટઃ), પઢી (પઠિતા) એ રૂપો વ્યુત્પત્તિ પ્રમાણે કર્મણિજ છે. વળી મૈંને જેવાં રૂપો તૃતીયાન્તજ છે, પ્રથમાન્ત નથી. હિંદી વ્યાકરણમાં એ રૂપોને પ્રથમાન્ત માન્યાં છે ને તૃતીયાને કરણવાચકજ માની છે. આ, શાસ્ત્ર ને વ્યુત્પત્તિ, બંનેથી વિરુદ્ધ છે. 'कर्तृकरणयोस्तृतीया' ૨।૩।૧૮॥ આ પાણિનિના સૂત્ર પ્રમાણે કર્તા ને કરણ એ બે તૃતીયાના અર્થ છે. વળી ને—નૈં પ્રત્યય જેને હિંદીમાં પ્રથમામાં માન્યો છે, તે એન પરથી વર્ણ-વ્યત્યયથી વ્યુત્પન્ન થયો છે, તેથી તૃતીયાનોજ પ્રત્યય છે.

રામને રાવણકો ૪ શેરનીકો બાણસે મારા—આવાં કર્મણિ રૂપમાં ગુજરાતીની ને મરાઠીની પેઠે કર્મ દ્વિતીયામાં વપરાય છે.

બંગાળી—
देवदत्त पुस्तक लिखिते छे (દેવદત્ત પુસ્તક લખે છે; કર્તરિ).
देवदत्तेर द्वारा एकखानि पुस्तक लिखित हइते छे (કર્મણિ).
आमि महाभारत पडिते छि (કર્તરિ).

दारोगाकर्तृक चोर धरा पडिया छे (કર્મણિ).
ક્વચિત્ કર્મણિ પ્રયોગમાં કર્મ દ્વિતીયામાં આવે છે:
ताहाके वला हइया छे (અર્થાત્, સે उक्त हइया छे).

સાધિત ધાતુઃ પ્રયોગ—મૂળ ધાતુ પરથી થાય છે તેવાંજ પ્રયોગનાં રૂપ સાધિત ધાતુ પરથી થાય છે; પરંતુ પ્રેરક ધાતુ સકર્મક હોવાથી તે પરથી ભાવે રૂપ થતું નથી.

મારે ચોપડી **લખવી**; મારે ચોપડી **લખાવવી** (કર્મણિ).
તે કામ સારૂં **કરશે**; તે તમારી પાસે કામ **કરાવશે** (કર્તરિ).
મારાથી **ચલાતું નથી** (ભાવે).

પ્રકરણ ૨૩મું

નિપાતઃ ઉપસર્ગઃ પૂર્વગ

નિપાત—અત્યાર સુધી વ્યયી પદોનું વિવેચન થયું. આ પ્રકરણમાં નિપાતનું વિવેચન છે. નિપાત એટલે અવ્યય. જુદા જુદા અર્થમાં એ પડે છે (નિ+પત્–પડવું), તેથી એ નિપાત કહેવાય છે, એવું 'નિપાત' શબ્દનું નિર્વચન યાસ્ક મુનિએ કર્યું છે.

નિપાત અને ઉપસર્ગ—યાસ્ક મુનિએ પદના ચાર વિભાગ કરી નિપાત અને ઉપસર્ગને જુદા મૂક્યા છે, તેનું કારણ એ છે કે ઉપસર્ગનો સમાવેશ નિપાતમાં થાય છે, તોપણ તેનો ખાસ પ્રયોગ છેઃ તે હમેશ ક્રિયાપદ સાથે જોડાયલા છે; તેની પાસે (उप)–પૂર્વે આવી તેના અર્થમાં ફેરફાર કરે છે.

પ્રાતિશાખ્યમાં પણ પદના એજ ચાર વિભાગ આપ્યા છે. કહ્યું છે કે પદના ચાર વિભાગ છે:—નામ, આખ્યાત, ઉપસર્ગ, અને નિપાત. સત્ત્વનું અભિધાન કરે છે તે નામ; ભાવનું અભિધાન કરે છે તે આખ્યાત; ઉપસર્ગ ૨૦ છે અને તે નામ અને આખ્યાતની સાથે રહી અર્થના દ્યોતક થાય છે; અને એથી ભિન્ન તે નિપાત ('અને,' 'જો,' 'તો,' વગેરે). એ પાદપૂરક પણ હોય છે.

પાણિનિએ નીચેનાની ઉપસર્ગમાં ગણના કરી છેઃ—

પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, નિસ્ (નિર્), દુસ્ (દુર્), વિ, આ, નિ, અધિ, અતિ, સુ, ઉદ્, અભિ, પ્રતિ, પરિ, ઉપ

એ સિવાય અ(અન્), શ્રત્, અન્તર્, બહિર્, વગેરે કેટલાક સંસ્કૃત શબ્દ અને ગેર, બિન, વગેરે કેટલાક ફારસી શબ્દ પણ શબ્દની પૂર્વે આવે છે. આ બધાની ઉપસર્ગમાં ગણના ન હોવાથી એ પૂર્વગ કહેવાય છે. ઉપસર્ગ એ પણ પૂર્વગ છે; એ પ્રકારના પૂર્વગની ખાસ સંજ્ઞા પાડી છે તેથી પૂર્વગ શબ્દ ઉપસર્ગ સિવાયનાને લાગુ પાડવો.

ઉપસર્ગના વ્યાપાર—હરિએ ઉપસર્ગના ત્રણ વ્યાપાર બતાવ્યા છેઃ—૧–કોઈક સ્થળે ધાતુના અર્થનો બાધ કરે છે; અર્થાત્, ધાતુના અર્થથી ઉલટોજ અર્થ લાવે છે; ૨–કોઈક સ્થળે ધાતુના અર્થને અનુસરે છે; અને ૩–કોઈક સ્થળે ધાતુના અર્થમાં વિશેષ આણે છે.

દાખલાઃ—

૧. પ્રસ્થાન (સ્થાન=સ્થિતિ; આમાં સ્થા ધાતુનો અર્થ 'ઊભા રહેવું' છે; ગતિની નિવૃત્તિ, એવો અર્થ છે. 'પ્રસ્થાન'નો અર્થ એથી ઉલટો છે; એ ગતિવાચક છે.); આગમન ('ગમન'થી ઉલટું); વિક્રય ('ક્રય'થી ઉલટું); વિયોગ ('યોગ'થી ઉલટું); અપમાન ('માન'થી ઉલટું); વગેરે.

૨. અનુસરણ; ઉપગમન; વગેરે—આમાં ઉપસર્ગ ધાતુના અર્થને અનુસરે છે.

૩. પ્રતાપ (ઘણો તાપ; પ્ર=પ્રકર્ષવાચક); સંતાપ (અત્યન્ત તાપ; સમ્=સમ્યક્).

ઉપસર્ગના મુખ્ય અર્થ નીચે પ્રમાણે છેઃ—

પ્ર—પ્રકર્ષવાચક; પ્રકર્ષ એટલે અતિશય.

પ્રતાપ; પ્રમોદ; પ્રલાપ; પ્રચંડ; પ્રશાન્ત; વગેરે
(Latin *Pro*=forth)

પરા–૧. ઉલટો અર્થ બતાવે છે; ૨. દૂર, પાછું; ૩. તરફ

૧. જય—પરાજય
૨. પરાવર્તન
૩. પરાક્રમ
(Greek *Para*=beside)

અપ–૧. દૂર; ૨. ઉલટો અર્થ બતાવે છે; ખરાબ

૧. અપગમન; અપહરણ
૨. વાદ–અપવાદ; અપશબ્દ; અપભાષણ; અપમાન; અપકાર; અપશકુન; અપમૃત્યુ
(Greek *Apo*=from)

સમ્=૧. સાથે; ૨. સમ્યક–સારી પેઠે

૧. સંગમ; સંયોગ
૨. સંરક્ષણ; સંસ્પર્શ
સ્ આગમ સાથે–સંસ્કાર; સંસ્કૃતિ
(Gr. *Syn*=together)

અનુ–૧. પાછળ; ૨. સાદૃશ્યવાચક

૧. અનુગમન; અનુસરણ; અનુપાન; અનુચર; અનુજ; અનુરૂપ
૨. અનુકરણ
(L. *Ana*=again)

અવ–૧. નીચે; ૨. તિરસ્કારવાચક

૧. અવતાર; અવતરણ; અવરોહ; અવનતિ
૨. અવમાન; અવગણના; અવકૃપા

'અવ'ના 'અ'નો વિકલ્પે લોપ થાય છે.
અવકાશ–વકાશ; અવગાહ–વગાહ
(La. *Ab*=away)

નિસ્–નિર્–બહાર નીકળવાના અર્થમાં

નિર્મર્યાદ; નિર્લજ્જ; નિર્દય; નિરંકુશ

દુસ્–દુર્–૧. દુઃખે સધાય–થાય એવા અર્થમાં; ૨. દુષ્ટ

૧. દુર્ગમ; દુષ્પ્રાપ્ય

૨. દુર્જન; દુર્નીતિ; દુષ્કાળ; દુર્ગુણ; દુરાચાર; દુર્દિન

(Gr. *Dys*=ill)

અભિ–તરફ

અભિમુખ; અભિગમન; અભિજ્ઞાન

(Gr. *Amphi*=round)

વિ–૧. વિશેષ; ૨. વિયોગવાચક

૧. વિનય; વિવેક; વિરોધ

૨. વિધવા; વિરૂપ; વિકલ

અધિ–ઉપર

અધિરોહ; અધિવેશન; અધિષ્ઠાન; અધિપતિ; અધિકાર; અધિદૈવત; અધ્યક્ષ

(L. *Ad*=to)

સુ—૧. પ્રશંસાવાચક; ૨. અત્યન્ત

૧. સુજન; સુસમૃદ્ધ; સુકૃત; સુદિન

૨. સુદુષ્કર; સુસ્વાદુ

ઉદ્—૧. ઉપર; ૨. વિરોધવાચક

૧. ઉત્પતન; ઉડ્ડયન; ઉલ્લંઘન; ઉન્નતિ

૨. ઉન્માર્ગ; ઉત્પથ

(Anglo-Saxon *Ute, Ut*)

અતિ—૧. અતિશયવાચક; ૨. પેલી તરફ

૧. અતિદુઃખિત; અતિપીડા; અત્યુક્તિ; અત્યાચાર; અતિસ્નેહ

૨. અતિક્રમણ; અતીન્દ્રિય (ઇન્દ્રિયને અગોચર)

નિ–૧. નીચે; ૨. મધ્યે

૧. નિપતન; ૨. નિધાન

પ્રતિ–૧. તરફ; ૨. સામું; ૩. દરેક

૧. પ્રતિગમન

૨. પ્રતિવચન

૩. પ્રતિદિવસ; પ્રત્યેક

પરિ—આસપાસ

પરિધિ; પરિવર્તન; પરિસ્થિતિ; પરિવાર; પર્યટન

(Gr. *Peri*=round)

અપિ—પાસે, તરફ, ઉપર

અપિધાન (ઉપર ઓઢેલું; વસ્ત્ર; ઢાંકણ)

'અપિ' નો 'અ' 'અવ' ના 'અ'ની પેઠે વિકલ્પે લોપાય છે:–

અપિધાન–પિધાન

ઉપ—૧. પાસે; ૨. નાનું

૧. ઉપગમન

૨. ઉપવાક્ય; ઉપવન; ઉપનામ; ઉપનેત્ર (ચશ્મા); ઉપવેદ

(A. S. *Up*=above)

આ—૧. મર્યાદાવાચક; ૨. આરંભવાચક; ૩. ઈષત્–થોડું, એવા અર્થમાં; ૪. ચારે તરફ, એ અર્થમાં; ૫. ઉલટો અર્થ; ૬. ઉપર

૧. આબાલવૃદ્ધ

૨. તે આજન્મ દુઃખી છે.

૩. આકંપિત (થોડું કંપેલું)

૪. આકંપ (ચારે તરફથી કંપારી)

૫. આગમન; આદાન

૬. આરોહ

સંસ્કૃત પૂર્વગો—કેટલાંકથી ખુલ્લા સમાસ બને છે.

અ (અન્)–નકારવાચક

અધર્મ; અનર્થ (સ્વરાદિ શબ્દની પૂર્વે 'અન્')

(નઞસમાસ)

તિરસ્—કૃ, ધા, ને ભૂ ધાતુની પૂર્વે વપરાય છે.

તિરસ્કાર; તિરોધાન (અન્તર્ધાન); તિરોભૂત (અન્તર્ધાન થયલું)

આવિસ્—કૃ ને ભૂ ધાતુની પૂર્વે વપરાય છે.

આવિષ્કૃત=પ્રકાશ કરેલું

આવિર્ભૂત=પ્રકાશ પામેલું

શ્રત્—ધા ધાતુની પૂર્વેજ આવે છે.

શ્રદ્ધા

અલમ્—કૃ ધાતુની પૂર્વે આવે છે; ભૂષણનો અર્થ છે.

અલંકાર; અલંકૃત; અલંકૃતિ (કર્મ૦ સ૦)

અમા—સાથે

અમાત્ય (રાજાની સાથે રહેનાર, પ્રધાન); અમાવાસ્યા (જે તિથિમાં સૂર્ય અને ચન્દ્ર સાથે વસે છે તે)

અન્તર્—અન્તર્દૃષ્ટિ; અન્તઃકરણ; અન્તઃપુર (કર્મ૦)

બહિર્—બહિર્દૃષ્ટિ; બહિરિન્દ્રિય (કર્મ૦)

ઇતિ–ઇતિહ—ઇતિહાસ (સુપ્સુપ્સ૦); ઇતિવૃત્ત (કર્મ૦); ઇત્યાદિ (બહુ૦)

કુ (ક ને કા પણ થાય છે)–કુત્સિતના અર્થમાં–

કુગ્રામ; કુપાત્ર; કાપુરુષ; કદન્ન (કર્મ૦)

ચિરમ્—લાંબા વખત સુધી

ચિરંજીવી; ચિરકાળ (કર્મ૦)

દિવા—દહાડો

દિવાકર (ઉપપદસ૦); દિવાંધ (તત્પુ૦; ઘુવડ)

ધિક્–ન્યક્—કૃ ધાતુ સાથે વપરાય છે.

ધિક્કાર; ન્યક્કાર (ઉપપદસ૦)

નાના—જુદું જુદું

નાનાવિધ (બહુ૦; વિધા=પ્રકાર)

પશ્ચાત્—પછી

પશ્ચાત્તાપ (કર્મ૦)

પુરસ્—આગળ

પુરોગામી(તત્પુ૦, ઉપ૦)

પુરા—અગાઉનું

પુરાવૃત્ત (કર્મ૦)

પૃથક્—જુદું

પૃથક્કરણ (કર્મ૦)

પ્રાતર્—સવારે

પ્રાતઃકાળ; પ્રાતઃસંધ્યા (કર્મ૦)

સાયમ્—સાંજે

સાયંકાળ; સાયંસંધ્યા (કર્મ૦)

સ કે સહ—૧. સાથે; ૨. સરખું

૧. સકૂળ; સકર્મક(બહુ૦)

૨. સરૂપ (બહુ૦)

શમ્—સુખવાચક

શંભુ, શંકર (તત્પુ૦)

સ્વયમ્—જાતે

સ્વયંભુ (ઉપપદસ૦); સ્વયંવર (બહુ૦);

સ્વયંકૃત (કર્મ૦)

અધઃ—નીચે

અધોમુખ (કર્મ૦, બહુ૦); અધઃપાત (કર્મ૦)

પ્રાદુર્—ખુલ્લું
પ્રાદુર્ભાવ (કર્મ૦)
સ્વર્—સ્વર્ગ
સ્વર્લોક (કર્મ૦); સ્વર્ગંગા (તત્પુ૦)
પુનર્—ફરીથી
પુનર્વચન; પુનરુક્તિ; પુનર્વાદ (કર્મ૦)
નક્તમ્—રાત્રે
નક્તંચર (ઉપ૦)
સ્વસ્તિ—કલ્યાણવાચક
સ્વસ્તિવાચન (કર્મ૦)
મિથ્યા—જૂઠું
મિથ્યાવાદી (ઉપ૦); મિથ્યાવાદ (કર્મ૦)
નમસ્—કૃ સાથે વપરાય છે.
નમસ્કાર, નમસ્કૃતિ (કર્મ૦)
શનૈઃ—ધીમે ધીમે
શનૈશ્ચર (ઉપ૦)
સાક્ષાત્—કૃપૂર્વે વપરાય છે.
સાક્ષાત્કાર (કર્મ૦)
વૃથા—ફોગટ
વૃથાપ્રલાપ (કર્મ૦)
ન—નહિ
નપુંસક (કર્મ૦, નપુંસ.); નાસ્તિક (ઈશ્વર નથી એવી જેની મતિ છે તે; બહુ૦); નાન્યતર
અસ્તમ્—આથમવું
અસ્તંગત (કર્મ૦)

અવ્યય પરથી વિશેષણ—કેટલાંક અવ્યયને પ્રત્યય લાગી વિશેષણ બને છે.

પુરા—પુરાતન

હ્યસ્ (ગઈ કાલે)—હ્યસ્તન

શ્વસ્ (આવતી કાલે)—શ્વસ્તન

પ્રાચ્, અર્વાચ્, સમ્યચ્—મૂળ વિશેષણ છે, તે અવ્યય તરીકે વપરાય છે ને તે પર ' તન, ' 'ઈન' પ્રત્યયો આવી વિશેષણ બને છે:—

પ્રાકૃતન, અર્વાકૃતન; પ્રાચીન, અર્વાચીન, સમીચીન. એજ પ્રમાણે ઉદચ્—ઉદીચીન

સના (હમેશ)—સનાતન

ફારસી ને અરબી પૂર્વગો—

બે (સં. વિ.)–'ઉલટા'ના અર્થમાં

બેઆબરૂ; બેહદ; બેવકૂફ; બેઈમાન; બેશુમાર; બેશક; બેઅદબ; બેજ્ઞન; બેદમ; બેફ્રેામ; બેભાન; બેસમજ; બેહાલ; (આમાં કેટલાક શબ્દ ભાષાસંકર થાય છે–પૂર્વગ ફારસી ને શબ્દ સંસ્કૃત; જેમ કે, બેશક; બેભાન)

ના–અભાવવાચક

નાઉમેદ; નાપસંદ; નાહક; નાખુશ; નાદાર (દાર=રાખનાર); નાદાન (દાન=જ્ઞાન; 'દાનિસ્તન'=જાણવું); નામર્દ; નાલાયક (લાઇક અર.=ચેાગ્ય)

લા (અરબી)–અભાવવાચક

લાઇલાજ; લાચાર

બિલા (અરબી)–સિવાય

બેલાશક (અર. બિલાશક)

ગેરહાજર; ગેરવાજબી; ગેરઇન્સાફ; ગેરફાયદો; વગેરે–
(અને બીજું વ=અને; ગૈર–બીજું)

આ પૂર્વગ કેટલાંક અરબી અને કેટલાંક ફારસી નામની પૂર્વે આવે છે. અરબી ને ફારસીમાં 'એ,' 'ઓ,' 'ઍ,' ને 'ઑ' નથી; પણ અનુક્રમે 'ઇ,' 'ઉ,' 'અય્' અને 'અવ' છે. 'એ,' 'ઓ,' 'ઍ,' અને 'ઑ' ઉર્દૂમાં વપરાય છે.

કેટલાક ફારસી પૂર્વગોથી સમાસ બને છે.

દાખલા:—

કમ—ઓછું, ખરાબ

કમજોર; કમતાકત; કમનજર; કમકૂવ્વત; કમનસીબ; કમબખ્ત

હર—પ્રત્યેક

હરરોજ (પ્રત્યેક દિવસ),—હર વિશે૦ છે, માટે સમાસ કર્મધારય છે.

બદ—ખરાબ

બદનામ; બદકેલી; બદમાશ

સર—માથું, મુખ્ય

સરદાર; સરકાર; સરપંચ; સરપેચ

બર (ફારસી)–બાજુ. ફારસીમાં અવ્યય તરીકે વપરાય છે.

બરતરફ

બિન (સં. વિના)—આ વિકૃત સંસ્કૃત અવ્યય ઉર્દૂમાં છે; મૂળ અરબી કે ફારસી નથી, સંસ્કૃત છે.

બિનઅપરાધ; બિનચૂક

અરબી ભાષામાં બે શબ્દોને જોડવા માટે વચ્ચે ઉલ્ (ના, ષષ્ઠીનો પ્રત્યય) મુકાય છે.

દાખલા:—

સિરાજ (દીવો, સૂર્ય)–ઉલ–દૌલા (દૌલદ્–સંપત્તિ)=સંપત્તિનો સૂર્ય

અબ્દ (ભક્ત)–ઉલ્–કરીમ (ઈશ્વર)=ઈશ્વરનો ભક્ત

અલા (સાધન)–ઉલ્–દીન (ધર્મ)=ધર્મનું સાધન

અબ્દ (ભક્ત)–ઉલ્–રહીમ (કૃપા)=કૃપાનો–કૃપાળુ ભક્ત

આ બધા ષષ્ઠીતત્પુરુષ સમાસના દાખલા છે.

પ્રકરણ ૨૪મું

અવ્યય: પ્રકારાદિ

પ્રકાર–અવ્યયના ચાર પ્રકાર છે. જે અવ્યય ક્રિયાપદનાં વિશેષણ થાય છે તે **ક્રિયાવિશેષણ** અવ્યય કહેવાય છે. જે નામની સાથે સંબંધ બતાવી વિભક્તિના પ્રત્યયની ગરજ સારે છે તે **નામયોગી** કહેવાય છે. જે બે શબ્દ કે વાક્યને જોડે છે તે **ઉભયાન્વયી** કહેવાય છે અને જે હર્ષશોકાદિ ભાવના ઉદ્ગારરૂપ છે અને જેનો વાક્યમાં કેવળ પ્રયોગજ થાય છે, અન્વય થતો નથી, તે **કેવળપ્રયોગી** અવ્યય કહેવાય છે.

એના ઉપવિભાગ **મધ્ય વ્યાકરણ**માં સહજ સૂક્ષ્મ દૃષ્ટિથી કર્યા છે તે ત્યાં જોવા.

ક્રિયાવિશેષણ અવ્યય–ક્રિયાવિશેષણ અવ્યય મુખ્યત્વે કાળ, સ્થળ, રીતિ, કે કારણાદિનો અર્થ દર્શાવે છે.

કાળવાચક–

(અ) જ્યારે, ત્યારે, ક્યારે (પ્રશ્નાર્થક અને અનિશ્ચયાર્થક), અત્યારે, કદી, કદા, જ્યારથી, ત્યારથી, ક્યારથી, અત્યારથી આ સાર્વનામિક છે ને સપ્તમ્યર્થક તથા પંચમ્યર્થક છે.

'મન બાજીગર રે, રૂપ ઘણાં ઘણાં ધરે;
ક્યારે થાય સંન્યાસી રે, ક્યારે નારી ધરે (ફાઈક વખત). ધીરાકૃત 'સ્વરૂપ.'

(આ) આજ, કાલ, ઝટ, તરત, જલદી, હમણાં, હવે, હાલ, હોણ, પહોર, પરાર, વગેરે

સ્થળવાચક–

(અ) જ્યાં, ત્યાં, અહિં, અહિંઆં, ક્યાં, જ્યાંથી, ત્યાંથી, અહિંથી, ક્યાંથી
આ સાર્વનામિક છે ને પંચમ્યર્થક છે.

(આ) પહેલાં, પછી, આગળ, પાછળ, હેઠળ, ઊંચે, નીચે, અંદર, બહાર, આઘે, છેટે, પાસે, નજીક, નજદીક, દૂર, આઘે, વગેરે

રીતિવાચક

(અ) જેમ, તેમ, કેમ, એમ, આમ
આ સાર્વનામિક છે ને તૃતીયાર્થક છે.

(આ) અચાનક, ઓચિંતાં, એકદમ, ઠીક, પ્રથમ તો, પહેલાં તો, ધમમમ, ટપટપ, ઠીક, હા, ભલે, વારૂ

(ઇ) સંશયનિશ્ચયવાચક–ઘણું કરીને, કદાચ, કદાચિત્, નક્કી, જરૂર, અવશ્ય, જ, બેશક, વગેરે

(ઈ) સંભાવનાવાચક–જાણે, શકે, રખે, વગેરે

હેતુવાચક

કેમ

નિષેધવાચક

ના, ન, નહિ, મા

પરિમાણવાચક

જરા, લગાર, લગારેક, ઘણુંખરૂં, અતિશય, બહુ, વગેરે

વ્યુત્પત્તિ—

જ્યારે, ત્યારે, ક્યારે, અત્યારે–આ અવ્યયો અનુક્રમે યદ્, તદ્, કિમ્, અને ઇદમ્ પરથી આવ્યાં છે. 'જેવારે,' 'તેવારે,' 'કેવારે,' ને 'એવારે'નાં સંક્ષિપ્ત

રૂપ છે–યત્ર વારે, તત્ર વારે, કુત્ર (કિમ્નો કુ થઈ) વારે, અત્ર વારે–એવો અર્થ છે. યદ્નો 'જે,' તદ્નો 'તે', કિમ્નો 'કુ,' ને ઇદમ્નો 'એ' થયો છે.

જૂની ગુજરાતી–જૂની ગુજરાતીમાં

'જવારઇં,' 'કવારઇં,' 'તવારઇં,;' 'જિવારઇં,'

'તિવારઇં,' 'કિવારઇં;'

તેમજ 'જામ,' 'તામ' રૂપો પણ છે.

અપભ્રંશ—અપભ્રંશમાં યાવત્–તાવત્નાં 'જાઉં–જામહિં–જામ,' 'તાઉં–તામહિં–તામ' રૂપો છે.

તે કૂલ રાએ આણાવ્યાં જંભ, ભંડાર થકી લેઈ આવ્યો તાંબ.

શ્રીવૈતાલ૦ પૃ. ૪

મરાઠીમાં જેવ્હાં, તેવ્હાં, કેવ્હાં, એવ્હાં છે.

કદી—કદાનું 'કદી' થયું છે. મરાઠીમાં કધીં છે.

હવે—અત્ર વેલાયામ્ એવો અર્થ છે.

હિંદીમાં જબ, તબ, કબ, અબ–આ બધાંમાં યદ્, તદ્, કિમ્, ને ઇદમ્નાં જ, ત, ક, ને અ થયાં છે. 'બ' એ વેલા પરથી થયું છે.

'હવે'માં 'અ'ને સ્થળે 'હ' મુકાયો છે. આજ કારણથી વ્યુત્પત્તિને અનુસારે કેટલાક 'અવે' પણ લખે છે.

જ્યાં, લ્યાં, ક્યાં, અહિંયાં—યત્ર, તત્ર, કુત્ર, ને અત્રનાં અપભ્રંશમાં જેત્થુ, તેત્થુ, કેત્થુ, ને એત્થુ આપેલાં છે. આ અપભ્રંશનાં રૂપ પરથી 'ક્યાં' જેવું હાલ ગ્રામ્ય ને અશિષ્ટ મનાતું રૂપ વ્યુત્પત્તિને અનુસારે છે તે સમજશે. યસ્માત્, તસ્માત્, કસ્માત્, ને અસ્માત્ પરથી જમ્હાં, તમ્હાં, કમ્હાં, ને અમ્હાં થઈ 'જહાં,' 'તહાં,' 'કહાં,' ને 'અહાં' થાય છે ને છેવટે 'જાં,' 'તાં,' 'કાં,' 'આં' થઈ ઉચ્ચારની સરળતા ખાતર 'ય્' ઉમેરાઈ 'જ્યાં,' 'ત્યાં,' 'ક્યાં,' ને છેલ્લાનો 'ઇહાં' થાય છે. આ પ્રમાણે આ અવ્યયો વ્યુત્પત્યનુસારે પંચમ્યર્થક છે.

જૂની ગુજરાતી–જૂની ગુજરાતીમાં 'જિહાં,' 'તિહાં,' 'ઇહ–ઇહાં,' 'કિહાં'–'કેથઉં' મળે છે. 'જહાં,' 'તહાં,' 'કહાં,' 'અહાં,' એ જૂનાં પંચમ્યન્ત રૂપો 'જહંં,' 'તહંં,' 'કહંં,' અહંં,' એ અપભ્રંશ પંચમ્યન્ત રૂપ પરથી આવ્યાં છે અને એ જૂની ગુજરાતીનાં

રૂપ પરથી 'જાં,' 'તાં,' 'કાં,' 'આં' થઈ 'જ્યાં,' 'ત્યાં,' 'ક્યાં' 'યાં–હ્યાં–હિંયાં–અહિંયાં' થયાં જણાય છે.

વળી જહિં–તહિં–અહિં–કહિં–એ સપ્તમ્યન્ત રૂપો છે. અપભ્રંશમાં સપ્તમીનો પ્રત્યય હિં (સ્મિન્–સ્સિ–હિં) છે. એની સાથે પણ 'જિહાં', 'તિહાં' વગેરેનો સંબંધ ઘટાવી શકાય.

જેમ, તેમ, કેમ, એમ—યથા; તથા; કથમ્; ઇત્થમ્ નાં અપભ્રંશમાં જિમ–જેમ; તિમ–તેમ; કિમ–કેમ; ઇમ–એમ થાય છે.

યદ્વત્–યદ્ધ–જેમ; તદ્વત્–તદ્ધ–તેમ ('દ્ધ'નો 'એ' અને 'વ્'નો 'મ્' થઈ).

જૂની ગુજરાતીમાં જિમ, તિમ, ઇમ વગેરે, રૂપો છે; તેમજ જિ, તિ, કિં, ઇં પણ છે.

આજ—અદ્ય–અજ્જ–આજ; જૂ. ગુ. આજિ

આજ પણ—આજે એ—અદ્યાપિ–અજ્જઇ; જૂ. ગુ. આજઇ

કાલ—કલ્ય–કલ્લ–કાલ; જૂ. ગુ. કાલિ;

ગિઇ કાલિ; આવતઇ કાલિ; હવડા–નઇ કાલિ

તરત–તુરત—ત્વરિત પરથી. હિંદીમાં તુરંત ને મરાઠીમાં તુર્ત છે.

ઝટ–ઝટિતિ પરથી

ઝટપટ—દ્વિર્ભાવ થયો છે.

અચાનક–એચિંતુ–અચિન્તિતકમ્–અચિંતિउं–અચિંત્યું

પછી–પશ્ચાત્નું અપભ્રંશમાં પચ્છહ થાય છે તે પરથી

અંદર–અન્તર્ પરથી

બહાર—બહિર્ પરથી

વચ્ચે–વર્ત્મનિ; અપ૦ વિચ્ચે; જૂ૦ ગુ૦ વિચિ

હેઠે–હેઠળ—અધસ્તાત્ ('ળ' સ્વાર્થિક છે.), અપ૦માં હેટ્ઠિલઉ છે.

હજી—અદ્યાપિ–અજ્જબિ; જૂ૦ ગુ૦ માં 'અજી' છે.

જ—અપભ્રંશમાં જિ છે. સં. ચ એવ; પ્રા. ચિअ, चेअ; જૂ૦ ગુ૦ જ, જિ

એકદમ—એકદા પરથી

પોર—પરાર સંસ્કૃતમાં પૂર્વસ્મિન્ વત્સરેના અર્થમાં પરુત્ અને પૂર્વતરે વત્સરેના અર્થમાં પરારિ છે. પરુત્ પરથી અન્ત્ય વ્યંજન લોપાઈ, સ્વરવ્યત્યય થઈ ને તેનો ગુણ થઈ 'પોર' આવ્યું છે. પરારિ પરથી અન્ત્ય સ્વર લોપાઈ 'પરાર' થયું છે.

ક્રિયાવિશેષણ ને નામયોગી—કાલવાચક અને સ્થલવાચક અવ્યય ક્રિયાનાં વિશેષણ હોય છે ત્યારે ક્રિયાવિશેષણ અવ્યય છે અને નામ કે સર્વનામને યોગે વપરાય છે ત્યારે નામયોગી અવ્યય છે.

કાલવાચક નામયોગી—પહેલાં, પછી, લગી, લગણ, સુધી, વગેરે

સ્થલવાચક નામયોગી—આગળ, પાછળ, ઉપર, નીચે, અંદર, બહાર, વચ્ચે, લગણ, લગી, સુધી, વગેરે

અન્ય નામયોગી—સાથે, વગર, વિના, વગેરે

નામયોગી ને વિભક્તિ—નામયોગી અવ્યય વિભક્તિની ગરજ સારે છે.

દાખલા:—

દ્વિતીયાર્થક–સુધી, લગી, લગણ, પર્યન્ત

તૃતીયાર્થક–લીધે, કરીને, સાથે, વિના (કવિતામાં–વિણ), સુદ્ધાં, વગર, વડે, વતી, મારફતે, રૂએ

ચતુર્થ્યર્થક–કાજે, માટે, વાસ્તે, સારૂ

પંચમ્યર્થક–ઉપરથી, નીચેથી, બહારથી, અંદરથી, પાસેથી

સપ્તમ્યર્થક–ઉપર, નીચે, આગળ, પાછળ, વિષે, કને

વ્યુત્પત્તિ-

લગી–સંસ્કૃત (લગ્ને, લગ્નો ભૂ. કૃ. સપ્ત. એ. વ.)–અપ. લગ્ગે કે લગ્ગહિં; જૂ૦ ગુ૦ લગઇ; પૂર્વ હિંદીમાં લગ્–લગિ; પશ્ચિમ હિંદીમાં લાગિ; સિંધીમાં લગે–લગિ;
બંગાળીમાં લગે–લગિ– લગ્–લાગિ છે.
જૂની ગુજરાતીમાં લગઇ લગી; તઇ લગઇ.

કને–સં. કર્ણે; પ્રા. કણ્ણે. કણ ને સ્મિન્ (સપ્ત.નો પ્રત્યય) પરથી અપમાં કણ્ણહિં થઈ જૂ ગુ. માં કન્હઇ, કન્હિ.

લીધે–સં. લબ્ધ્વા; અપ૦ લહિઅ; હિંદીમાં લિયે.

સારૂ-સં. સારકમ્ -સારઉં સારૂં. વિશેષણ અવ્યય તરીકે વપરાયું છે. વૈશેષિક અવ્યય. ગુજરાતીમાં અવ્યય હોય છે ત્યારે અનુસ્વાર લખાતું નથી.

સુધી-સુદ્ધાં—સાવધિ પરથી વ્યુત્પન્ન થયાંનો સંભવ છે.

ડૉ. હોર્નલ 'સારૂ'ને સદૃશ-સરિહહુ-સરિઅહુ પરથી વ્યુત્પન્ન કરે છે અને 'સુધી'ને સમાધા ધાતુ પરથી સાધિત થયલા કોઈ શબ્દ સાથે જોડે છે. અપ૦-સવૅદ્ધ-સડ્ઢ-એકઠું થયલું, ગોઠવાયલું.

કાજે—કાર્યે-કજ્જે; પૂર્વ હિંદી-કાજ

સાથે—સાર્થ, અપ૦ સત્થ; જૂ. ગુ. સાથઇ-સાથિં

વાસ્તે—ઉર્દૂ 'વાસ્તે' પરથી

માટે—સં. માત્રા (પૈસા) પરથી. જૂ. ગુ. માટઇ-માટિ. માત્રકે-એટલાજ માટે-એવો અર્થ ઉત્કલીમાં છે.

ભાલણ—'કાદમ્બરી'માં 'મટિ' વપરાયું છે.

સુંદરતા અનોપમ મટિ મૃત્યુલોકિ ઉત્પત્તિ કિમ ઘટિ? કડ૦ ૧૩

ડૉ. ટેસિટોરિ નિમિત્તકેન, અપ૦-નિમિત્તઇં પરથી આદિ એકાચૂ લોપાઈ તનો દ્ થઈ થયું છે, એમ માને છે. કહે છે કે પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની, જે ગુજરાતી ને મારવાડીનું મૂળ છે, તેમાં 'માટઇ' ને 'નિમિત્તઇ' એકજ અર્થમાં વપરાયાં છે. સરળ વ્યુત્પત્તિને બદલે અટપટી શોધવી યુક્ત નથી.

વતે—સં. વાર્ત સુખ, કલ્યાણ; પ્રા૦-વટ્ટ-વત્ત

પાસે—સં. પાર્શ્વે. પાશ્વ-પસ્સ-પાસ

પછી—પશ્ચાત્; પ્રા. પચ્છા; અપ૦ પચ્છઇ

વચ્ચે—અપ૦ વિચ્ચ-વિચ્ચિ (સં. વર્ત્મનિ પરથી)

આગળ—અગ્ર-અગ્ગ-આગ(ળ-સ્વાર્થિક પ્રત્યય)

પેઠે—સં. પીઠિકયા

ભણી—ભૂ. કૃ. ભણિત-ભણિઅ પરથી સમભ્યન્ત; જૂ. ગુ.માં 'માટે'ના અર્થમાં છે; જેમકે 'શાસ્ત્રસમુદ્ર તરવા ભણી નીતિબુદ્ધિ છઇ નાવ' પંચાખ્યાન. હાલના અર્થમાં 'ચાલિઉ વન ભણી.'

નજીક—ફારસી (નઝ્દીક)

બારફત—અરબી (બારિફ્ત)

ઉભયાન્વયી અવ્યય—જે અવ્યય બે શબ્દને કે વાક્યને જોડે છે તે. 'ઉભય'=બે; 'અન્વય'=સંબંધ; 'ઈ' ઇન્—મત્વર્થક, 'વાળું'—ના અર્થનો સ્વામિત્વવાચક પ્રત્યય.

ખરૂં જોતાં જે અવ્યય શબ્દોને જોડે છે તે વાક્યોને જોડે છે; જેમકે, તે **ને** તમે, બંનેએ આ વિષયમાં ગફલત કરી છે ('તેણે ગફલત કરી છે' અને 'તમે ગફલત કરી છે').

પ્રકાર—મુખ્ય પ્રકાર નીચે પ્રમાણે થાય છે:—

(અ) સહગામી—સમુચ્ચયવાચક
અને, ને, તથા

(આ) વિકલ્પવાચક
અથવા, વા, કે, યાતો

(ઇ) વિરોધવાચક
પણ, તોપણ, પરંતુ, તથાપિ

(ઈ) સંકેતવાચક (પરિણામવાચક સાથે)
જો—તો

(ઉ) અપેક્ષાપૂરકવાક્યારંભક
જ, કે

(ઊ) સાંકેતિક વિયોગવાચક—નહિ તો

વ્યુત્પત્તિ—

પણ—સં. પુનઃ, અપ. પુણુ—પણ, જૂ. ગુ. પણિ

તો—સં. તાવત્; પ્રા. તાવ; અપ. તઉ—તો; જૂ. ગુ. તઇ, તઉ

જો—સં. યાવત્; પ્રા. જાવ; અપ. જઉ—જો; જૂ. ગુ. જઇ, જઉ, જુ "જઈ એહ જગમાંહિ રાગદ્વેષ ન હુત તઉ કઉણ જીવ દુઃખ પામત"?

જે—યદિ; પ્રા. જઇ—જે

કે—કિમ્;—પ્રા. કિં; કાનિ; અપ. કાઇં. કિમકદ્—કક—કઅ—કય—કઇ=કે જૂ. ગુ. કઇ—કિ. 'એ સાચઉ કઇ બોલિઉ આલ' (એ સાચું કે જૂઠું બોલ્યો); 'રૂપિ કરી રભા જિમી કઇ ઉર્વશી સમાન.'

અને—અન્યત્; અપ. અણઇ; જૂ. ગુ. અનઇ (અન્યાનિ—અણ્ણઇં. અનિં, નિં, નિ)

તોપણ (અનુમતિવાચક)—સં. તતો હિનું તઉહિ (મારવાડીમાં 'તો હિ' છે). એ સાથે નિશ્ચયવાચક 'પણ' જોડાઈ 'તોહિ પણ', 'તઉહિ પણિ' પરથી 'તોપણ' આવ્યું છે.

નહિતો—નહિ તર્હિ—નહીં તરિ જૂ. ગુ.

કેવળપ્રયોગી—એ અવ્યય ઉદ્ગારવાચક છે. વાક્યમાં એનો અન્વય નથી, માત્ર પ્રયોગજ છે.

પ્રકાર:—

શોકવાચક—અરે! રે! બાપરે! ઓરે! હાય! અહહ! રામ રામ!

હર્ષવાચક—શાબાશ!

આશ્ચર્યવાચક—અહો! ઓહો! વાહ!

તિરસ્કારવાચક—છટ્! છિટ્! ધિક્! થુ!

અશ્લીલતાવાચક—છિ!

ક્રોધવાચક—ચુપ!

વિનયવાચક—જી! સાહેબજી!

સંબોધનવાચક—રે! હે! ઓ!

પ્રકરણ ૨૫મું

સંધિઃ પ્રકારાદિ

સંહિતા—સંસ્કૃત વ્યાકરણમાં સંધિનું બીજું નામ સંહિતા છે અને તેને વિષે એવો નિયમ છે કે સંહિતા કેટલેક સ્થળે નિત્ય-આવશ્યક છે અને કેટલેક સ્થળે વૈકલ્પિક છે. એક પદમાં, ધાતુ અને ઉપસર્ગની વચ્ચે, અને સમાસમાં સંધિ નિત્ય છે અને વાક્યમાં સંધિ કરવી કે ન કરવી એ વક્તાની ઇચ્છા પર આધાર રાખે છે. આ

પ્રમાણે સંસ્કૃતમાં એક પદમાં, સમાસમાં, અને ધાતુ અને ઉપસર્ગની વચ્ચે સંધિ અવશ્ય કરવી પડે છે. સંસ્કૃતમાં સ્વરો સાથે આવે કે તે બે મળીને એક નવીન વર્ણ થાય છે; બે સ્વર બદલાયા વિના સાથે આવી શકતા નથી.

પ્રાકૃતમાં અનાદિ વ્યંજનો લોપાઈ બે કે વધારે સ્વર સાથે આવે છે; જેમકે आगतः—आअओ; कुंभआरो; लोहआरो; बिइओ. આજ પ્રમાણે ગુજરાતીમાં પણ સ્વરો સાથે આવી શકે છે. જૂની ગુજરાતીમાં, અપભ્રંશને અનુસારે 'દેખઇ,' 'કરઇ,' 'સાંભલઉં,' 'છઇ,' 'તણુઉં,' 'હુઉં,' 'ગોપાલિઇં,' 'ધર્મિઇં,' 'પ્રમાદિઉ,' 'થકઉ,' 'થઉ,' 'હુંતઉ,' 'કન્હઇ,' 'પરઇ,' 'અનઇં'—આવાં રૂપમાં સ્વરો સાથે આવતા. આગળ જતાં, 'અઇ'નો 'એ' અને 'અઉ'નો 'ઓ' લખવાનો પ્રચાર થયો; જેમકે, 'છઇ'ને બદલે 'છે,' 'દેખઇ'ને બદલે 'દેખે,' 'કરઇ' ને બદલે 'કરે,' 'તણુઉં' ને બદલે 'તણું', ને 'હુઉં' ને બદલે 'હું,' આમ સંધિ થઈ સ્વરો જોડાતા થયા; પરંતુ હજી પણ ગુજરાતીમાં 'ઓ,' 'એ' પ્રત્યયો જોડ્યા વિના લખવાનો પ્રચાર બહુધા ચાલે છે; જેમકે, 'નદીઓ,' 'નદીએ.' પરંતુ એવે સ્થળે કેટલાક લેખક સ્વરોને સાથે આવતા અટકાવવા ઇકારાન્ત નામના 'ઓ' ને 'એ' ની પૂર્વે લઘુપ્રયત્ન યકાર મૂકે છે, તેમજ ક્રિયાપદના રૂપમાં ઇકાર પછી 'એ' હોય તો તેની પૂર્વે પણ લઘુપ્રયત્ન યકાર મૂકે છે; જેમકે 'નદિયો,' 'નદિયે,' 'લખિયે.' આ પ્રચાર પ્રાકૃતના સમયથી ચાલે છે. પ્રાકૃત વ્યાકરણમાં જ્યાં અનાદિ क्, ग्, च्, ज्, त्, द्, प्, य्, व्, લોપાય છે ત્યાં એથી પર લઘુપ્રયત્ન યકારની શ્રુતિ થાય છે. એ य् ક્વચિત્ લખાય છે અને ક્વચિત્ નથી લખાતો; જેમકે नगरम्—नयरं; मृगाङ्कः—मयंको; नयणं—नयनं. હેમચન્દ્રના સમયથી આ યકારશ્રુતિનો પ્રચાર ચાલતો જણાય છે. વરરુચિના 'પ્રાકૃતપ્રકાશ' નામના પ્રાકૃત વ્યાકરણમાં કે માર્કણ્ડેયના 'પ્રાકૃતસર્વસ્વ'માં યકારશ્રુતિ જણાતી નથી.

'प्राकृतप्रकाश'ની વૃત્તિમાં सागरो। णअरं। णअणं (सागरः। नगरम्। नयनम्) છે અને प्राकृतसर्वस्वમાં गओ (गजः)। मओ (मृगः–मदः) છે.

લક્ષણ––સંધિ એટલે બે વર્ણના યોગથી ઉત્પન્ન થતો વર્ણ-વિકાર, વર્ણોનો એક પ્રાણથી–ઉચ્ચારથી થતો યોગ તે સંધિ, એવું સંધિનું લક્ષણ થાય છે તે યુક્ત છે; કેમકે વર્ણો સાથે આવે છે ત્યારે ઉચ્ચારસ્થાનને અનુસારે તેની સાથે મળતો વર્ણવિકાર થાય છે.

પ્રકાર––સંધિના નીચે પ્રમાણે પ્રકાર થાય છેઃ–૧. અચ્સંધિ (સ્વરસંધિ); ૨. હલ્સંધિ (વ્યંજનસંધિ); ૩. વિસર્ગસંધિ; ૪. આન્તરસંધિ

અચ્સંધિઃ નિયમ

૧. *ઇવર્ણ, ઉવર્ણ, ઋવર્ણ, અને ऌની પછી કોઈ અસવર્ણ કે વિજાતીય સ્વર આવે તો તેના અનુક્રમે य्, व्, र्, અને ल् થાય છે.

ઇ ને य्, ઉ ને व्, ઋ ને र्, અને ऌ ને ल्, એ એકજ સ્થાનના છે.

जाति+अभिमान=जात्यभिमान†
कोटि+अवधि=कोट्यवधि†
इति+आदि=इत्यादि
मधु+अरि=मध्वरि
धातृ+अंश=धात्रंश
प्रति+उत्तर=प्रत्युत्तर
मनु+अन्तर=मन्वन्तर
पितृ+आज्ञा=पित्राज्ञा

ऌનો પ્રયોગ ગુજરાતીમાં નથી. સંસ્કૃતમાં ऌ+आकृतिः= लाकृतिः થાય છે.

---

* અવર્ણ=અ કે આ; ઇવર્ણ=ઇ કે ઈ; ઉવર્ણ=ઉ કે ઊ; ઋવર્ણ=ઋ કે ૠ.

† 'जात्याभिमान' અને 'कोट्यावधि' એ અશુદ્ધ છે, તે સમજશો.

૨. અવર્ણ, ઇવર્ણ, ઉવર્ણ, કે ઋવર્ણની પછી સવર્ણ સ્વર આવે તો બે સ્વર મળીને દીર્ઘ સ્વરરૂપ એક આદેશ થાય છે.

દાખલા:—

દૈત્ય+અરિ=દૈત્યારિ	અધમ+અધમ=અધમાધમ
શ્રી+ઈશ=શ્રીશ	મહા+આશય=મહાશય
ભાનુ+ઉદય=ભાનૂદય	કવિ+ઈશ્વર=કવીશ્વર
	સિંધુ+ઊર્મિ=સિંધૂર્મિ

પિતૃ+ઋણ=પિતૄણ (ગુજરાતીમાં વપરાતું નથી.)

૩. અવર્ણની પછી ઇવર્ણ, ઉવર્ણ, કે ઋવર્ણ આવે તો બે મળીને પર સ્વરના ગુણરૂપ એક આદેશ થાય છે.

ઇવર્ણનો ગુણ એ, ઉવર્ણનો ઓ, અને ઋવર્ણનો અર્ છે.

અવર્ણનું કંઠસ્થાન અને ઇવર્ણનું તાલુસ્થાન છે; માટે એ બે મળીને 'એ' થાય છે; કેમકે 'એ'નું સ્થાન કંઠતાલુ છે. એજ પ્રમાણે 'ઓ'નું સ્થાન કંઠૌષ્ઠ છે ('અ'નું કંઠ+'ઉ'નું ઓષ્ઠ).

દાખલા:—

ગજ+ઇન્દ્ર=ગજેન્દ્ર	રમા+ઈશ=રમેશ
ચન્દ્ર+ઉદય=ચન્દ્રોદય	ગંગા+ઉદક=ગંગોદક

ઉત્તમ+ઉત્તમ=ઉત્તમોત્તમ

કૃષ્ણ+ઋદ્ધિ=કૃષ્ણર્દ્ધિ

વર્ષા+ઋતુ=વર્ષર્તુ

૪. અવર્ણની પછી 'એ' કે 'ઐ' આવે તો બે મળીને 'ઐ' અને 'ઓ' કે 'ઔ' આવે તો બે મળીને 'ઔ' થાય છે.

'ઐ' એ ઇવર્ણની અને 'ઔ' એ ઉવર્ણની વૃદ્ધિ કહેવાય છે. ઋવર્ણની વૃદ્ધિ 'આર્' છે.

સંધિસ્વર—એ, ઐ, ઓ, ઔ, એ દરેક બે સ્વરના મળેલા હોવાથી સંધિસ્વર કહેવાય છે.

દાખલા:–

વાક્ય+એકવાક્યતા=વાક્યૈકવાક્યતા (બધાં વાક્યની એક-વાક્યતા–એક સરખોજ ઉપદેશ કરે છે એવું સિદ્ધ કરવું તે)

ગંગા+ઓઘ=ગંગૌઘ

વન+ઔષધિ=વનૌષધિ

૬. 'એ', 'ઐ', 'ઓ', ને ઔ પછી કોઈ સ્વર આવે તો 'એ' નો 'અય્' 'ઐ' નો 'આય્', 'ઓ' નો 'અવ્', અને 'ઔ'નો 'આવ્' થાય છે.

એ (અ+ઇ)+અ–આમાં ઇ+અ='ય' છે; માટે એ+અ=અય; એજ પ્રમાણે અન્યત્ર સમજવું.

દાખલા:–

ને+અન=નયન	ભો+અન=ભવન
નૈ+અક=નાયક	પૌ+અક=પાવક

ઉપલા નિયમના અપવાદ નીચે પ્રમાણે છે. ગુજરાતીમાં વપરાતા શબ્દોજ આપ્યા છે.

(અ) અક્ષ+ઊહિની=અક્ષૌહિણી

પ્ર+ઊઢ=પ્રૌઢ

પ્ર+ઊઢિ=પ્રૌઢિ

સ્વ+ઈર=સ્વૈર

સ્વ+ઈરી=સ્વૈરી

સ્વ+ઈરિણી=સ્વૈરિણી

ઉપલા દાખલાઓમાં પર સ્વરના ગુણને બદલે વૃદ્ધિ થઈ છે.

(આ) ગો+ય=ગવ્ય–ગાયનો વિકાર–છાણ, દૂધ, દહિં, માખણ, ને ઘી

ગો+યૂતિ=ગવ્યૂતિ (બે કોશ)

આમાં 'ઓ'નો 'ય' પ્રત્યય અને 'યૂતિ'ના 'યૂ' પર છતાં 'અવ્' થયો છે.

(૬) ગો+અક્ષ=ગવાક્ષ (ગોખ, ઝરૂખો)
ગો+ઇન્દ્ર=ગવેન્દ્ર (વિષ્ણુ)
આમાં 'ઓ'નો 'અવ્' થવાને બદલે 'અવ' થયો છે.

(૭) બિંબ+ઓષ્ઠ=બિંબોષ્ઠ–બિંબૌષ્ઠ (બિંબફળ જેવા ઓઠ–એ ફળ પાકે છે ત્યારે લાલ હોય છે.)

દન્ત+ઓષ્ઠ=દન્તોષ્ઠ–દન્તૌષ્ઠ
અધર+ઓષ્ઠ=અધરોષ્ઠ–અધરૌષ્ઠ

'ઓષ્ઠ'ની સાથે પૂર્વના 'અ'ની સંધિ સમાસમાં 'ઓ' ને 'ઔ' બંને થાય છે.

(૮) કુલ+અટા=કુલટા
સીમ (ન્)+અન્ત=સીમન્ત (સેંથી)
મન (સ્)+ઈષા=મનીષા (બુદ્ધિ)
મન (સ્)+ઈષી=મનીષી (બુદ્ધિમાન્)
સાર (વિચિત્ર, સારું)+અંગ=સારંગ (હરણ)
માર્ત+અંડ=માર્તંડ (મૃત અંડથી ઉત્પન્ન થયલા; સૂર્ય)
પત (ન્)+અંજલિ=*પતંજલિ (મહાભાષ્યકાર)

ઉપલા દાખલામાં પૂર્વ પદનો અન્ત્ય સ્વર કે પૂર્વસ્વર સહિત અન્ત્ય વ્યંજન લોપાય છે.

અન્ત્ય સ્વર કે અન્ત્ય વ્યંજન હોય તો પૂર્વસ્વર સહિત અન્ત્ય વ્યંજનને સંસ્કૃત વ્યાકરણમાં ટિ સંજ્ઞા આપી છે.

---

* ગોનર્દ દેશમાં--સિંધમાં ઋષિ તપ કરતા હતા ત્યારે તેના ખોબામાં સર્પરૂપે પડ્યા માટે પતંજલિ કહેવાયા એવી દન્તકથા છે. ગોનર્દમાં જન્મ્યા માટે ભાષ્યકાર 'ગોનર્દીય' કહેવાય છે. એજ પ્રમાણે જન્મસ્થાન પરથી પાણિનિનું નામ 'શાલાતુરીય' કે 'શાલોત્તરીય' છે.

હલ્‌સંધિ (વ્યંજનસંધિ): નિયમો

૧. અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના કોઈ પણ વ્યંજનની પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો પૂર્વ વ્યંજનને સ્થાને તેના વર્ગનું ત્રીજું વ્યંજન થાય છે.

આ નિયમ પદાન્તના તેમજ પદની અસિદ્ધ અવસ્થામાં આવેલા વ્યંજનને લાગુ પડે છે.

દાખલા:—

વાક્+ઈશ= વાગીશ
ચિત્+રૂપ= ચિદ્રૂપ

૨. અન્તઃસ્થ કે અનુનાસિક સિવાયના કોઈ પણ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે તો પૂર્વ વ્યંજનને સ્થાને તેજ વર્ગનું કે તેના સ્થાનના વર્ગનું પહેલું વ્યંજન થાય છે.

મૃદ્+પાત્ર= મૃત્પાત્ર
ક્ષુધ+તૃષા= ક્ષુત્તૃષા

પ્રાવૃષ્+કાળ=પ્રાવૃટ્‌કાળ (પ્રાવૃષ—મરાઠી પાઉસ, વર્ષાકાળ)
ષષ્+પદી=ષટ્પદી

૩. 'સ્' અને 'તવર્ગ'નો યોગ 'શ્' અને 'ચવર્ગ'ની સાથે થાય તો 'સ્'નો 'શ્' અને 'તવર્ગ'નો 'ચવર્ગ' થાય છે. 'તવર્ગ'નો જેટલામો વર્ણ હોય તેટલામો 'ચવર્ગ'નો થાય છે.

દાખલા:—

સત્+ચિત્+આનન્દ=સચ્ચિદાનન્દ
સત્+જન=સદ્+જન (૧. પ્રમાણે)=સજ્જન
નિસ+ચય=નિશ્ચય
શરદ્+ઝંઝાપાત=શરજ્ઝંઝાપાત
ઉદ્+ચાર=ઉત્+ચાર (૨. પ્રમાણે)=ઉચ્ચાર

૪. 'સ્' અને 'તવર્ગ'નો યોગ 'ષ' અને 'ટવર્ગ'ની સાથે થાય તો 'સ્'નો 'ષ્' અને 'તવર્ગ'નો 'ટવર્ગ' થાય છે. 'તવર્ગ'નો જેટલામો વર્ણ હોય તેટલામો 'ટવર્ગ'નો થાય છે.

દાખલા:–

તત્+ટીકા=તટ્ટીકા (તેની ટીકા)

૫. 'હ' સિવાયના કોઈ પણ વ્યંજન પછી અનુનાસિક આવે તો પૂર્વ વ્યંજનનું વિકલ્પે અનુનાસિક થાય છે; અને અનુનાસિક વર્ણ પ્રત્યયનો હોય તો પૂર્વ વ્યંજનનું નિત્ય અનુનાસિક થાય છે.

દાખલા:–

જગત્+નાયક=જગન્નાયક–જગદ્નાયક

પ્રાચ્+મુખ=પ્રાઙ્મુખ–પ્રાગ્મુખ

અનુનાસિકવાળું રૂપ વધારે પ્રચાર પામ્યું છે.

તત્+માત્ર=તન્માત્ર

ચિત્+મય=ચિન્મય

મૃદ્+મય=મૃન્મય('મૃણ્મય' પણ થાય છે.)

૬. પદાન્ત 'મ્' પછી 'શ્', 'ષ્', 'સ્', 'ર્', કે 'હ્' આવે તો 'મ્'નું અનુસ્વાર થાય છે અને તે સિવાય કોઈ પણ વ્યંજન આવે તો અનુસ્વાર થાય છે કે તે વ્યંજનના વર્ગનું અનુનાસિક થાય છે; 'ય્', 'વ્', કે 'લ્' આવે તો અનુસ્વાર કે અનુનાસિક 'ય્', 'વ્', કે 'લ્' થાય છે.

દાખલા:––

સમ્+રોધ=સંરોધ

સમ્+હાર=સંહાર

સમ્+જય=સંજય કે સઞ્જય

સમ્+વાર=સંવાર કે સઁવ્વાર

૭. 'તવર્ગ'ની પછી 'લ' આવે તો 'તવર્ગ'નો 'લ' થાય છે.

દાખલા:—

તદ+લીન=તલ્લીન

ભગવત્+લીલા=ભગવલ્લીલા

૮. 'હ'ની પૂર્વે વર્ગીય ચાર વ્યંજનમાંનું ગમે તે આવ્યું હોય તો 'હ'નું તેજ વર્ગનું ચોથું વ્યંજન વિકલ્પે થાય છે.

એ ચોથું વ્યંજન પ્રયત્નમાં 'હ'ને મળતું છે:—બંને મહાપ્રાણ ને ઘોષ છે. ગુજરાતીમાં ઘણે ભાગે નિયમ નિત્ય પ્રવર્તે છે.

દાખલા:—

વાક+હરિ=વાગ્હરિ—વાગ્ઘરિ

ઉદ+હાર=ઉદ્હાર—ઉદ્ધાર

તદ+હિત=તદ્હિત—તદ્ધિત

૯. પદાન્ત 'ન્'ની પૂર્વે હ્રસ્વ સ્વર હોય ને પછી સ્વર આવે તો 'ન્' બેવડાય છે.

દાખલા:—

સન્+અન્ત=સન્નન્ત

સન્+અચ્યુત=સન્નચ્યુત

૧૦. પદાન્ત 'ચ્', 'જ્', કે 'શ્' નો અન્તઃસ્થ કે અનુનાસિક સિવાય કોઈ પણ વ્યંજન પર છતાં કે પદને અન્તે 'ક્' થાય છે.

સમાસમાં પૂર્વ અવયવ પદ છે એ લક્ષમાં રાખવું.

દાખલા:—

વાચ્+દાન=વાગ્દાન

ભિષજ્+રાજ=ભિષગ્રાજ

દિશ્+ગજ=દિગ્ગજ

દિશ્+મૂઢ=દિગ્મૂઢ—દિઙ્મૂઢ

૧૧. અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી 'શ્' આવે તો 'શ્'નો 'છ્' થાય છે. સંસ્કૃતમાં આ નિયમ વૈકલ્પિક છે.
દાખલા:–ઉદ+શૃંખલ=ઉચ્છૃંખલ
શ્વાસ+ઉદ્+શ્વાસ=શ્વાસોચ્છ્વાસ

૧૨. 'છ્'ની પૂર્વે હ્રસ્વ સ્વર હોય તો 'છ્'નો 'ચ્છ' થાય છે.
દાખલા:—
શિર+છેદ=શિરચ્છેદ
અ+છિદ્ર=અચ્છિદ્ર

'અચ્છ' શબ્દનું મૂળ સ્વરૂપ 'અછ' છે. છો=કાપવું, બાધ કરવો, એ ધાતુ પરથી 'અછ' વ્યુત્પન્ન થયું છે. ન છ્યતિ દૃષ્ટિ બાધતે ઇતિ અચ્છમ્—જે દૃષ્ટિને બાધ ન કરે તે 'અચ્છ.' નિર્મળ વસ્તુ દૃષ્ટિને બાધ કરતી નથી. તેમાં દૃષ્ટિ પ્રસરે છે. 'અછ'નું 'અચ્છ' ૧૨. નિયમને અનુસારે થયું છે.

૧૩. પદાન્ત હ્રીર્ઘ સ્વર પછી 'છ્'નો વિકલ્પે 'ચ્છ' થાય છે; પરંતુ 'આ' ઉપસર્ગની પછી 'છ' આવે તો તેનો 'ચ્છ' નિત્ય થાય છે.

દાખલા:—
લક્ષ્મી+છાયા=લક્ષ્મીચ્છાયા–લક્ષ્મીછાયા
આ+છાદન=આચ્છાદન

૧૪. 'સ્'ની પહેલાં 'અ' કે 'આ' સિવાય કોઈ સ્વર આવે તો બહુધા 'સ્'નો 'ષ્' થાય છે.
દાખલા:—
વિ+સમ=વિષમ
પ્રતિ+સેધ=પ્રતિષેધ
માતૃ+સ્વસા=માતૃષ્વસા
પિતૃ+સ્વસા=પિતૃષ્વસા

'માતુઃસ્વસા' અને 'પિતુઃસ્વસા' એવાં પણ રૂપ સંસ્કૃતમાં ચાલે છે.

અપવાદ—વિસર્ગ, વિસ્મરણ, વિસ્તીર્ણ, અનુસાર, અનુસરણ, વગેરેમાં 'સ્'નો 'ષ્' થતો નથી.

૧૫. 'સ્' કે 'ર્' ની પછી અઘોષ વ્યંજન આવે તો 'સ્' કે 'ર્' નો વિસર્ગ થાય છે; પણ 'નમસ્' ને 'તિરસ્'ના 'સ્'નો થતો નથી.

ઉપલા નિયમમાં અઘોષ વ્યંજન=બહુધા 'ક્' ને 'પ્' સમજવા. વિસર્ગસંધિ, નિ. ૩. જુઓ.

દાખલા:—

પુનર્+કથન=પુનઃકથન

અધસ્+પતન=અધઃપતન

પણ નમસ્+કાર=નમસ્કાર

તિરસ્+કાર=તિરસ્કાર

૧૬. કેટલાંક વિશિષ્ટ રૂપ નીચે આપ્યાં છે:—

ઉદ્+સ્થાન=ઉત્થાન

ઉદ્+સ્તંભન=ઉત્તંભન

સમ્+કાર–કૃતિ=સંસ્કાર–સંસ્કૃતિ (ભૂષણ)

પુમ્+કોકિલ=પુંસ્કોકિલ

વિસર્ગસંધિઃ નિયમ

૧. વિસર્ગની પહેલાં 'અ' અને પછી 'અ' કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનું 'ઓ' થાય છે અને તે 'ઓ' પૂર્વના 'અ' સાથે મળીને 'ઓ' થાય છે.

દાખલા:–

મનઃ+ભાવ=મનોભાવ

મનઃ+વૃત્તિ=મનોવૃત્તિ

મનઃ+રથ=મનોરથ
મનઃ+અનુકૂલ=મનોનુકૂલ

૨. (અ) વિસર્ગની પહેલાં 'અ' કે 'આ' સિવાય કોઈ પણ સ્વર આવે અને વિસર્ગની પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો 'ર્' થાય છે.

(આ) 'ર્' ની પછી 'ર્' આવે તો પહેલો 'ર્' ઊડી જાય છે અને તેની પૂર્વનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય છે.*

નિઃ+મર્યાદ=નિર્મર્યાદ
દુઃ+જન=દુર્જન
નિઃ+રવ=નીરવ
નિઃ+રસ=નીરસ

૩. વિસર્ગની પછી નીચેનાં વ્યંજન આવે તો નીચે દર્શાવ્યા પ્રમાણે ફેરફાર થાય છેઃ–

(અ) 'ચ' કે 'છ' આવે તો 'શ'
(આ) 'ત્' કે 'થ્' આવે તો 'સ્'
(ઇ) 'ટ્' કે 'ઠ્' આવે તો 'ષ્'
(ઈ) 'શ્', 'ષ્', કે 'સ્' આવે તો અનુક્રમે 'શ્', 'ષ્', કે 'સ્' થાય છે કે વિસર્ગ કાયમ રહે છે.

દાખલાઃ––

(અ) નિઃ+ચય=નિશ્ચય; નિઃ+છન્દ=નિશ્છન્દ; શનૈઃ+ચર=શનૈશ્ચર
(આ) નિઃ+તાપ=નિસ્તાપ
(ઇ) દુઃ+ટીકા=દુષ્ટીકા
(ઈ) નિઃ+શંક=નિઃશંક–નિશ્શંક; જ્યોતિઃ+શાસ્ત્ર=જ્યોતિઃ–શાસ્ત્ર–જ્યોતિશ્શાસ્ત્ર; નિઃસાર=નિઃસાર–નિસ્સાર

* આ વ્યંજનસંધિનો નિયમ છે; પરંતુ તેનો પ્રસંગ અહિં હોવાથી અહિં આપ્યો છે.

૪. વિસર્ગની પછી 'શ,' 'ષ,' કે 'સ' આવે ને તે 'શ,' 'ષ,' કે 'સ' ની પછી અઘોષ વ્યંજન હોય તો વિસર્ગના ત્રણ ફેરફાર થાય છેઃ—૧. વિસર્ગ કાયમ રહે છે; ૨. વિસર્ગનો અનુક્રમે 'શ,' 'ષ,' કે 'સ' થાય છે; ૩. વિસર્ગ લોપાય છે.

નિઃ+સ્પૃહ=નિઃસ્પૃહ; નિસ્સ્પૃહ; નિસ્પૃહ

છેલ્લું રૂપ બહુ પ્રચાર પામ્યું નથી.

૫. 'સ' કે વિસર્ગની પૂર્વે ઇવર્ણ કે ઉવર્ણ આવ્યો હોય અને પછી 'ક', 'ખ', 'પ', કે 'ફ' હોય તો પૂર્વ વર્ણને સ્થાને 'ષ' થાય છે. દાખલાઃ—

નિસ્ (નિઃ)+કપટ=નિષ્કપટ

દુસ્+કાળ=દુષ્કાળ

દુસ્+પ્રકૃતિ=દુષ્પ્રકૃતિ

નિસ્+કારણ=નિષ્કારણ

નિસ્+ફળ=નિષ્ફળ

પણ

અયસ્+કાર=અયસ્કાર (લોહકાર–લુવાર)

ભાસ્+કર=ભાસ્કર

આન્તરસંધિ (અંતરંગ સંધિ): નિયમો

લક્ષણ—પ્રકૃતિ ને પ્રત્યયને ભેગા કરતાં સંધિ થાય છે તે **આન્તરસંધિ** કહેવાય છે.

ગુજરાતીમાં સાધારણ પ્રચારમાં આવેલા તત્સમ શબ્દમાં આ સંધિના નિયમ પ્રવર્તે છે, તે નીચે આપ્યા છે.

૧. અન્તઃસ્થ કે અનુનાસિક સિવાય કોઈ પણ વ્યંજન પર છતાં ધાતુના અન્ત્ય 'હ્'નો 'ઢ' થાય છે.

૨. પ્રત્યયના 'ત' કે 'થ'ની પૂર્વે વર્ગીય ચોથું વ્યંજન હોય તો 'ત' કે 'થ'નો 'ધ' થાય છે.

૩. 'ઢ્'ની પછી 'ઢ્' આવે તો પૂર્વ 'ઢ્' લોપાઈ, તેની પહેલાંનો સ્વર ('ઋ' સિવાય) દીર્ઘ થાય છે.

૪. અવિકારક* પ્રત્યય પર છતાં કેટલાક ધાતુના 'ય્', 'વ્', 'ર્', 'લ્'ના અનુક્રમે 'ઇ', 'ઉ', 'ઋ', 'ઌ' થાય છે. આ ફેરફાર **સંપ્રસારણ** કહેવાય છે.

નવોઢા=નવ+ઊઢા ('ઊઢ'નું સ્ત્રીલિંગ)

ઊઢ–વહ્+ત (ભૂ. કૃ.નો પ્રત્યય)=ઉહ્+ત (૪. પ્રમાણે)

ઉઢ+ત (૧. પ્રમાણે)=ઉઢ્+ધ (૨.)=ઉઢ+ઢ (વ્યંજન સં. ૪.) =ઊઢ (૩.)

પ્ર+ઊઢ=પ્રૌઢ; પ્ર+ઊઢિ=પ્રૌઢિ (આમાં 'ઊઢ' ને 'ઊઢિ' આજ પ્રમાણે નિષ્પન્ન થયા છે.)

૫. દકારાદિ ધાતુના અન્ત્ય 'હ્'નો અન્તઃસ્થ કે અનુનાસિક સિવાય કોઈ પણ વ્યંજન પર છતાં 'ધ્' થાય છે.

દાખલા:–

દુહ્+ત=દુધ્+ત=દુધ્+ધ (૨)=દુગ્ધ (વ્યં. સં. ૧.). (દુગ્ધ=દૂધ)

બુધ્+તિ=બુધ+ધિ (૨.)=બુદ્ધિ (વ્યં. સં. ૧.)

બુધ્+ત=બુધ્+ધ=બુદ્ધ

લુભ્+ત=લુભ્+ધ=લુબ્ધ

૬. 'મુહ્' ધાતુના 'હ્'નો અન્તઃસ્થ કે અનુનાસિક સિવાય કોઈ પણ વ્યંજન પર છતાં 'ધ્' કે 'ઢ્' થાય છે; અને 'નહ્' ધાતુના 'હ્'નો એવીજ સ્થિતિમાં 'ધ્' થાય છે.

દાખલા:–

મુહ્+ત=મુદ્+ત કે મુધ્+ત

મુઢ્+ત=મુઢ+ધ=મુઢ્+ઢ (વ્યં. સં. ૪.)=મૂઢ (૩.)

---

* અંતમાં ગુણ કે વૃદ્ધિનો ફેરફાર કરાવે તે પ્રત્યયો વિકારક અને એવો ફેરફાર ન કરાવે તે અવિકારક કહેવાય છે.

મુધ્+ત=મુધ+ધ=મુગ્ધ (વ્યં. સં. ૧.)

સંનહ+ત=સંનધ્+ત=સંનધ+ધ=સંનદ્ધ

૭. 'સૃજ્,' 'મૃજ્,' 'યજ્,' 'રાજ' ધાતુના અને છકારાન્ત અને શકારાન્ત ધાતુના અન્ત્ય વર્ણનો અન્તઃસ્થ કે અનુનાસિક સિવાય કોઈ પણ વ્યંજન પર છતાં 'ષ્' થાય છે અને 'ષ્'ના પદને અન્તે 'ટ્' કે 'ડ્' થાય છે.

યજ+તિ=ઇજ્+તિ (૪.)=ઇષ્+તિ=ઇષ+ટિ=ઇષ્ટિ

સૃજ્+તિ=સૃષ્+તિ=સૃષ+ટિ=સૃષ્ટિ

સમ્રાજ્+કિવપ્ પ્રત્યય=સમ્રાજ્ (પ્રત્યય લોપાઈ)=

સમ્રાષ્ (૭)=સમ્રાટ્-ડ્ (પદાન્તે હોવાથી)

ઉપવિશ+ત=ઉપવિષ+ત (૭)=ઉપવિષ્+ટ=ઉપવિષ્ટ (બેઠેલું).

પ્રચ્છ્+ત=પ્રષ્+ત (૭. 'છ્'નો 'ષ્' થયો; 'છ્' જવાથી 'ચ્' જે હ્રસ્વ સ્વરની પછી 'છ્'ની પૂર્વે મુકાય છે તે લોપાયો છે—નિમિત્તનો નાશ થયે નૈમિત્તિકનો (નિમિત્તને લીધે થયલા ફેર-ફારનો) નાશ થાય છે, એવી વ્યાકરણશાસ્ત્રની પરિભાષા છે.)=પૃષ્+ત (૪.)=પૃષ+ટ=પૃષ્ટ.

પરિમૃજ+ત=પરિમૃષ્+ત=પરિમૃષ+ટ=પરિમૃષ્ટ.

૮. (અ) 'ઋ', 'ર્', કે 'ષ્'ની પછી લાગલોજ 'ન્' આવે તો 'ન્'નો 'ણ્' થાય છે.

(આ) 'ઋ,' 'ર્', કે 'ષ્' અને 'ન્'ની વચ્ચે સ્વર, 'લ્' સિવાય અન્તઃસ્થ વ્યંજન, અને કવર્ગ ને પવર્ગ—એમાંના ગમે તે એક કે અનેક વર્ણ આવે તોપણ 'ન્'નો 'ણ્' થાય છે.

દાખલા:—

(અ) ઋ+ત (ભૂ.કૃ.નો પ્રત્યય)=ઋ+ન ('ત'નો 'ન' થઈ)=
ઋણ (દેવું, રણ)

વૃ+ન=વર્+ન (‘ઋ’નો ગુણ થઈ)=વર્ણ
કૃ+ન=કર્+ન=કર્ણ
વિષ્+નુ=વિષ્ણુ

(આ) ભાષણ; ચર્વણ; રમણ; વ્યાકરણ

નિયમ ૮. (આ) એકજ પદમાં એ વર્ણ આવ્યા હોય ત્યાં સર્વત્ર અને ભિન્ન ભિન્ન પદોમાં હોય ત્યાં બહુધા લાગુ પડે છે.

દાખલા:–

રામ+અયન=રામાયણ
નાર+અયન=નારાયણ
પ્રણિપાત; પરિણામ; પરિણાહ

બહુધા કહેવાનું કારણ કે ‘ન્’ નો ‘ણ્’ ને ‘સ્’ નો ‘ષ્’ થવાના નિયમ ઘણા છે; તેથી ગુજરાતીમાં વપરાતા કે વાપરી શકાય એવા દાખલાજ બસ છે.

દૂર્વાવન કે દૂર્વાવણ
ઇન્દ્રવાહન (‘ઇન્દ્રવાહણ’ નહિ)
ગિરિનદી–ગિરિણદી
ક્ષીરપાન–ક્ષીરપાણ
પ્રનષ્ટ (‘પ્રણષ્ટ’ નહિ)

૯. (અ) પ્રત્યયના ‘સ્’ની પૂર્વે ‘અ’ કે ‘આ’ સિવાય કોઈ પણ સ્વર કે ‘ક્,’ ‘ર્’, કે ‘લ્’ આવ્યો હોય તો ‘સ્’નો ‘ષ્’ થાય છે.

(આ) એવીજ સ્થિતિમાં ‘શાસ્’ ને ‘વસ્’ ધાતુના ‘સ્’નો પણ ‘ષ્’ થાય છે.

(ઇ) એવીજ સ્થિતિમાં અન્ય ધાતુના ‘સ’નો ‘ષ્’ કેટલેક સ્થળે નિત્ય થાય છે; કેટલેક સ્થળે વિકલ્પે થાય છે; અને કેટલેક સ્થળે બીલકુલ થતો નથી.

(અ) ભૂ+ઇ+સ્ય=ભો+ઇ+સ્ય=ભવિષ્ય

(આ) શાસ્+ત=શિસ્+ત=(ધાતુના 'આ'નો 'ઇ' થઈ) શિષ્+ત=શિષ્+ટ=શિષ્ટ

વસ્+ઇ+ત=ઉસ્+ઇત (૪.)=ઉષ્+ઇત=ઉષિત

પ્રોષિતભર્તૃકા નાયિકા (જેનો સ્વામી પ્રવાસમાં હોય એવી નાયિકા)

(ઇ) નિષ્ણાત (નિ+સ્નાત; 'સ્'નો 'ષ્' થવાથી 'ન્'નો 'ણ' થયો છે [વ્યં. સં. ૪]); અધિષ્ઠિત (અધિ+સ્થિત; 'સ્'નો 'ષ્' થવાથી 'થ્'નો 'ઠ્' થયો છે); યુધિષ્ઠિર; પ્રતિષેધ; નિષેધ;

માતૃષ્વસા—માતુઃસ્વસા; પિતૃષ્વસા—પિતુઃસ્વસા

અપવાદઃ—વિસ્મરણ; વિસ્તીર્ણ; અનુસરણ; વિસર્ગ; ઉસ્ર (કિરણ); વિસોઢ

પ્રકરણ ૨૬મું

સમાસઃ પ્રકારાદિ

સમાસઃ વૃત્તિ—બે કે વધારે પદોનું એકીભવન—એક થવું તે **સમાસ**. સમાસને સંસ્કૃત વૈયાકરણોએ એક પ્રકારની વૃત્તિ કહી છે. વૃત્તિમાં કૃદન્ત અને તદ્ધિતાન્ત પણ આવે છે.

સમાસઃ અન્વય—સમસ્ત પદમાંથી એકજ અર્થ નીકળે છે, તેથી જે અર્થ નીકળે છે તે અર્થવાળા મુખ્ય પદની સાથેજ વાક્યનાં બીજાં પદનો અન્વય હોઈ શકે છે, ગૌણ પદ સાથે હોઈ શકતો નથી. દાખલા તરીકે, 'રાજપુરુષ' એ સમસ્ત પદમાં 'પુરુષ'નો અર્થ પ્રધાન છે અને 'રાજ'નો ગૌણ છે. વાક્યમાં બીજાં પદો 'પુરુષ' પદના અર્થની સાથેજ અન્વય પામશે, 'રાજ' પદના અર્થની સાથે નહિ. 'મોટું' એ વિશેષણનો અન્વય 'રાજ' પદ સાથે થઈ શકશે નહિ. 'મોટા રાજાનો પુરુષ' એવો અર્થ 'મોટો રાજપુરુષ' એમાંથી નીકળશે

નહિ. 'મહારાજપુરુષ' એમ 'મહા' પદને સમાસમાં દાખલ કરીએ ત્યારેજ તેનો અન્વય 'રાજ' સાથે થઈ શકે.

પ્રકાર:—સમાસના પ્રકાર નીચે પ્રમાણે છે:—

૧. દ્વન્દ્વ; ૨. તત્પુરુષ; ૩. બહુવ્રીહિ; ૪. અવ્યયીભાવ; ૫. સુપ્સુપ્સમાસ

વિગ્રહ–સમાસનો અર્થ શબ્દો છૂટા વાપરી દર્શાવવો તેને સમાસનો વિગ્રહ કરવો કહે છે. વિગ્રહ=છૂટું કરવું તે.

દ્વન્દ્વ–દ્વન્દ્વ એટલે જોડકું. જોડકામાં જેમ બંને અવયવો સમાન કક્ષામાં છે, કોઈ પ્રધાન નથી કે ગૌણ નથી, તેમ દ્વન્દ્વ સમાસમાં સમસ્ત પદો સમાન પંક્તિમાં છે. એમાં બે કે વધારે પદ સમુચ્ચયવાચક અવ્યયથી ('અને' થી) જોડાયલાં હોય છે.

પ્રકાર–દ્વન્દ્વના બે પ્રકાર છે:–૧. ઇતરેતરદ્વન્દ્વ અને ૨. સમાહારદ્વન્દ્વ.

ઇતરેતરદ્વન્દ્વ–ઇતરેતર દ્વન્દ્વમાં ઉપર સમજાવ્યા પ્રમાણે બંને પદ સમાન કક્ષામાં છે. આ કારણથી સમાસમાં બહુવચનનો અર્થ છે; જેમકે,

માબાપ કહે તે તમારે માનવું; **તેઓ** તમારા ભલાની ખાતર કહે છે.

દાખલા:–

માબાપ, ભાઈબેન, સગાંવહાલાં, રામલક્ષ્મણ, ભીમાર્જુન, કૌરવપાંડવ, દંપતી (દં=જાયા)

સમાહારદ્વન્દ્વ–સમાહારદ્વન્દ્વમાં સમસ્ત પદોનો છૂટો અર્થ નથી, પણ સમાસમાંથી સમાહારનો–સમુદાયનો અર્થ નીકળે છે. આથી સમસ્ત પદ એકવચનમાં રહે છે.

સંસ્કૃત વ્યાકરણમાં પ્રાણીના, સેનાના, કે વાદ્યના અવયવનો

અર્થ જેમાં હોય એવાં પદોનો સમાસ સમાહારદ્વન્દ્વજ હોવો જોઈએ એવો નિયમ છે.

હસ્તપાદ, હસ્ત્યશ્વરથપદાતિ, વગેરે સંસ્કૃતમાં સમાહારદ્વન્દ્વ છે; પરંતુ ગુજરાતીમાં 'હાથપગ' બહુવચનમાંજ વપરાય છે (જેમકે, મારા હાથપગ ચાલતા નથી); માટે, 'હાથપગ,' 'હસ્તપાદ' વગેરેને **ઇતરેતરદ્વંદ્વ** લેવાજ યુક્ત છે.

પરંતુ સંસ્કૃતમાં જે કેટલાક દાખલા ઇતરેતરદ્વન્દ્વના છે તે ગુજરાતીમાં સમાહારદ્વન્દ્વ તરીકે વપરાય છે.

ન્યાયાન્યાય, લાભાલાભ; સારાસાર, જાઆવ, ઊઠબેસ—આ એવા દાખલા છે.

યદ્વાતદ્વા (જે તે)—એ પણ સમાહારદ્વન્દ્વ છે.

ક્રમ—દ્વન્દ્વ સમાસમાં પદોને કયા ક્રમમાં ગોઠવવાં તેને માટે કેટલાક નિયમ છે તે નીચે આપ્યા છે.

૧ અભ્યર્હિતના-પૂજ્યના નામનો પ્રથમ પ્રયોગ થાય છે.

દાખલાઃ-માતપિતા, માબાપ, પાર્વતીપરમેશ્વર, ઉમામહેશ્વર, લક્ષ્મીનારાયણ, સીતારામ, સાસુસસરા

માતા ને પિતામાં માતા વધારે પૂજ્ય છે. દંપતીમાં સ્ત્રી વિશેષ પૂજ્ય છે. સ્ત્રીની પૂર્વ કાલે મનાતી પ્રતિષ્ઠાની ભાષા પણ સાક્ષી પૂરે છે.

૨. ભાઈનાં, ઋતુનાં, નક્ષત્રનાં નામમાં સમયના ક્રમ પ્રમાણે નામ ગોઠવાય છે. વર્ણનાં નામમાં દરજ્જાનો ક્રમ સચવાય છે.

દાખલાઃ-યુધિષ્ઠિરાર્જુન; ભીમાર્જુન; શિશિરવસન્ત; કૃત્તિકારોહિણી, બ્રાહ્મણક્ષત્રિયવૈશ્યશૂદ્ર

૩. ઇકારાન્ત પદ પહેલું મુકાય છે.

હરિહર

૪. લઘુ વર્ણવાળું પદ પૂર્વે આવે છે.

કુશકાશ

દેવતાદ્વન્દ્વ—દેવતાનાં નામ દ્વન્દ્વ સમાસમાં વપરાય છે. એને **દેવતાદ્વન્દ્વ** કહે છે. એમાં પૂર્વપદનો સ્વર દીર્ઘ થાય છે.

મિત્રાવરુણ, અગ્નીષોમ, દ્યાવાભૂમિ, દ્યાવાપૃથિવી ('દિવ્'નું 'દ્યાવા' થાય છે. ('દિવ્' આકાશ)

એકશેષ–સંસ્કૃતમાં દ્વન્દ્વ સમાસના બે અવયવમાંનો એક દ્વિવચનમાં વપરાઈ બંનેનો અર્થ બતાવે છે. એક શેષ રહી બેનો અર્થ દર્શાવે છે, માટે એને 'એકશેષ દ્વન્દ્વ' કે 'એકશેષ' કહે છે; જેમ કે,

પિતરૌ–માતા ને પિતા; શ્વશુરૌ–સાસુ ને સસરો; હંસૌ–હંસી ને હંસ.

ગુજરાતીમાં આવો એકશેષ સમાસ બીલકુલ પ્રચારમાં નથી.

તત્પુરુષ–'તદ્' તે અને 'પુરુષ' એ બે પદનું 'તત્પુરુષ' પદ બન્યું છે. એનો અર્થ 'તેનો પુરુષ' એવો થઈ શકે છે. એ અર્થથી સમાસના લક્ષણ પર પ્રકાશ પડે છે. જે સમાસમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિના સંબંધથી જોડાયું હોય તે તત્પુરુષ સમાસ કહેવાય છે. એમાં ઉત્તરપદ પ્રધાન છે અને પૂર્વપદ ગૌણ છે.

દ્વિતીયા તત્પુરુષ–પૂર્વપદ ઉત્તરપદ સાથે દ્વિતીયા વિભક્તિના સંબન્ધથી જોડાયું હોય એવો સમાસ દ્વિતીયાતત્પુરુષ કહેવાય છે.

દાખલા:—

ઇન્દ્રિયાતીત (ઇન્દ્રિયોને–ઇન્દ્રિયોના માર્ગને–અતીત–ઓળંગેલું); દેશગત (દેશમાં ગયલું; દેશ ગયલું–ગત્યર્થક ક્રિયાપદને યોગે દ્વિતીયા વપરાય છે.); દુ:ખાપન્ન (દુ:ખને આપન્ન–પ્રાપ્ત થયલું); દુ:ખપ્રાપ્ત (દુ:ખને પ્રાપ્ત થયલું); કૃષ્ણાશ્રિત (કૃષ્ણને આશ્રિત); મુહૂર્તસુખ (મુહૂર્તપર્યન્ત સુખ; દ્વિતીયા અત્યન્તસંયોગવાચક છે.)

ખટ્વારૂઢ (ખટ્વામાં—ખાટલામાં આરૂઢ)—નિન્દાવાચક છે. જે શિષ્ય બાંય પર સૂવાને બદલે ખાટલામાં સૂએ છે તેની નિન્દા સમાસથી ગમ્ય થાય છે. સંસ્કૃતમાં એ સમાસજ નિન્દાવાચક છે. એનો વિગ્રહ નિન્દાવાચક નથી.

તૃતીયાતત્પુરુષ—એમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે તૃતીયાના સંબંધથી જોડાયું હોય છે.

દાખલા:—

શ્રીયુત (શ્રી વડે યુત=જોડાયલું); ઈશ્વરનિર્મિત; માતૃસદૃશ;

પિતૃસમ; કરુણાશૂન્ય; દયાયુક્ત; ગુણોપેત; ગુણસંપન્ન; આશાભર્યું; રસભીનું; રસાર્દ્ર; રસબોળ

દહિંભાત (દહિં સાથે સંસ્કાર પામેલો કે મેળવેલો ભાત); દહિંવડા; ગોળધાણા

આ સમાસને સંસ્કૃત વ્યાકરણમાં તૃતીયાતત્પુરુષ સમાસ માન્યા છે.

ચતુર્થીતત્પુરુષ—પૂર્વપદ ચતુર્થીમાં હોય એવો તત્પુરુષ સમાસ ચતુર્થીતત્પુરુષ કહેવાય છે.

દાખલા:—

પ્રીત્યર્થ (પ્રીતિને અર્થે–માટે); લોકહિત (લોકને હિત કલ્યાણકારક); કાકબલિ

પંચમીતત્પુરુષ—પૂર્વપદ ને ઉત્તરપદની વચ્ચે પંચમીનો સંબંધ હોય એવો તત્પુરુષ પંચમીતત્પુરુષ કહેવાય છે.

દાખલા:—

ચૌરભય, સ્વર્ગપતિત, ઋણમુક્ત, સિતેતર (સિતથી–શુક્લથી ઇતર–અન્ય; અર્થાત્, કૃષ્ણ), ઉત્તરોત્તર (ઉત્તરથી ઉત્તર)

ષષ્ઠીતત્પુરુષ—પૂર્વપદનો ઉત્તરપદ સાથે ષષ્ઠી વિભક્તિથી સંબંધ હોય એવો તત્પુરુષ ષષ્ઠીતત્પુરુષ કહેવાય છે.

દાખલા:—

દેવમંદિર; ગજશાળા; કૂપમંડૂક; સ્વચ્છન્દ; મારખાઉ

રાજહંસ (હંસોનો રાજા); રાજયક્ષ્મા (યક્ષ્મન્–યક્ષ્મા=રોગ; રોગનો રાજા, ક્ષય); રાજરોગ; રાજમાર્ગ—આ સમાસોમાં 'રાજન્–રાજ' પદ ઉત્તરપદને બદલે પૂર્વપદ થયું છે. નકારાન્ત પદ પૂર્વપદ હોય તો તેનો 'ન્' લોપાય છે.

યજ્ઞસ્તમ્ભ, અશ્વઘાસ, રન્ધનસ્થાલી—આવા સમાસમાં ચતુર્થીનો અર્થ છે; પરંતુ એની ગણના સંસ્કૃત વ્યાકરણમાં ષષ્ઠીતત્પુરુષમાં કરી

છે; કારણ કે ચતુર્થ્યન્ત પદ 'બલિ,' 'હિત,' 'સુખ,' 'રક્ષિત,' કે 'અર્થ'પદ સાથે સમાસ પામે છે; અથવા તો પ્રકૃતિવિકૃતિભાવવાચક પદોનો સમાસ ચતુર્થીતત્પુરુષ ગણાય છે. 'યૂપદારુ' એ ચતુર્થીતત્પુરુષ છે; કારણ કે એમાં પ્રકૃતિવિકૃતિભાવ છે. 'દારુ' એ પ્રકૃતિ (મૂળ વસ્તુ) છે અને 'યૂપ' એ વિકૃતિ (મૂળ વસ્તુની બનેલી વસ્તુ) છે. 'અશ્વઘાસ,' 'યજ્ઞસ્તંભ,' 'રન્ધનસ્થાલી,' એમાં પ્રકૃતિવિકૃતિભાવ નથી; માટે એની ગણના ષષ્ઠીતત્પુરુષમાં કરી છે.

સપ્તમીતત્પુરુષ–પૂર્વપદ ઉત્તરપદ સાથે સપ્તમી વિભક્તિના સંબંધથી જોડાયું હોય એવો તત્પુરુષ સપ્તમીતત્પુરુષ કહેવાય છે.

દાખલા:—

દૈવાધીન, વ્યવહારકુશળ, શાસ્ત્રનિષ્ણાત; પુરુષોત્તમ, દ્વિજસત્તમ, નરશ્રેષ્ઠ, દ્વિજશ્રેષ્ઠ; લોકોત્તર (લોકોને વિષે ઉત્તર; અલૌકિક).

અધમર્ણ (ઋણને વિષે અધમ–કરજદાર); ઉત્તમર્ણ (ઋણને વિષે ઉત્તમ=લેણદાર)–'અધમ' ને 'ઉત્તમ' વિશેષણ ઉત્તરપદને બદલે પૂર્વપદ થયાં છે.

એકદેશી કે અવયવી સમાસ–એકદેશ એટલે અવયવ. અવયવ અને અવયવીનો સમાસ એક પ્રકારનો ષષ્ઠીતત્પુરુષ સમાસ છે. પરંતુ એમાં ષષ્ઠ્યન્ત નામ પહેલું આવવાને બદલે છેલ્લું આવેલું છે.

દાખલા:—

પૂર્વકાય (કાયનો–શરીરનો પૂર્વ ભાગ); મધ્યાહ્ન (અહ્નનો–દિવસનો મધ્ય ભાગ; 'અહ્ન' નું 'અહ્ન' થયું છે.)

મધ્યરાત્ર–મધરાત (રાત્રિનો મધ્ય ભાગ; 'રાત્રિ'નું 'રાત્ર' થયું છે.)

પૂર્વાહ્ણ–અપરાહ્ણ (અહ્નનો–દિવસનો પૂર્વ ભાગ–પાછલો ભાગ; અપર=પાછલો; 'અહ્ન'નું 'અહ્ન' થઈ તેમાંના 'ન' નો 'ણ' થયો છે.)

ઉપપદસમાસ–નામ અને ધાતુસાધિત શબ્દનો સમાસ તે ઉપપદસમાસ છે.

દાખલા:—

કુંભકાર; સર્વજ્ઞ; અધિપ ('અધિક'નું 'અધિ' થયું છે; અધિકનું—ઘણાંનું રક્ષણ કરનાર); કચ્છપ (કચ્છ=મુખસંપુટ; કાચબો થોડીક નજર ફેરવી શરીરની અંદરજ મુખસંપુટનો પ્રવેશ કરે છે.); શેષશાયી; ગૃહસ્થ; નર્મદા (નર્મન્=ક્રીડા; ક્રીડાની આપનારી; એને કિનારે ઘણાં ક્રીડાસ્થાન છે; નકારાન્ત પૂર્વપદ હોવાથી અન્ત્ય 'ન્' લોપાયો છે.); ઇન્દ્રજિત્ (ઇન્દ્રને જીતનાર); પૂર્વપદસ્થ; ઉત્તરપદસ્થ; અંડજ (અંડ—ઈંડું, તેમાંથી ઉત્પન્ન થનાર); સહજ; ઉદ્ભિજ્જ (ભોંયને ઉત્પન્ન થનાર); સૂત્રકાર; વૃત્તિકાર; ભાષ્યકાર; નીચગા; નિમ્નગા (નિમ્ન—નીચું, નીચા પ્રદેશમાં વહનાર, નદી)

કર્મધારય—'તત્પુરુષ' એ શબ્દનો બીજો અર્થ 'તે પુરુષ' થાય છે. એ શબ્દમાં પૂર્વપદ વિશેષણ છે અને ઉત્તરપદ વિશેષ્ય છે. એવો સમાસ કર્મધારય કહેવાય છે. અર્થાત્, જે સમાસમાં વિશેષણ પૂર્વપદ હોય અને વિશેષ્ય ઉત્તરપદ હોય તે સમાસ **કર્મધારય** કહેવાય છે. 'કર્મધારય' શબ્દ અન્વર્થ છે; કર્મ એટલે ક્રિયા; ક્રિયાને ધારણ કરનારાં પદોનો—અર્થાત્, ક્રિયાની સાથે સરખો સંબંધ રાખનાર પદોનો એ સમાસ છે. એવાં પદ સમાનાધિકરણ હોય છે, એટલે એકજ વિભક્તિમાં હોય છે. આ પ્રમાણે સમાનાધિકરણ પદોનો સમાસ તે કર્મધારય સમાસ.

દાખલા:—

પીતાંબર (પીળું વસ્ત્ર); મહારાજા; કૃષ્ણપક્ષ; બહુલપક્ષ (બહુલ=કૃષ્ણ); શુક્લપક્ષ; સિતપક્ષ (સિત=શુક્લ); રક્તચંદન

ઘનશ્યામ (ઘન એટલે ઘન જેવો, વાદળ જેવો શ્યામ); ચન્દ્રમુખ (ચન્દ્ર જેવું મુખ); કુવાક્ય (કુત્સિત વાક્ય); સુવાક્ય (સુષ્ઠુ—શોભન વાક્ય); સ્વલ્પ (સુષ્ઠુ—અત્યન્ત અલ્પ); સ્વાગત;

સહાધ્યાયી (અવ્યયનો વિશેષણ તરીકે ઉપયોગ છે); દક્ષિણાપથ; ઉત્તરાપથ ('દક્ષિણા' ને 'ઉત્તરા' અવ્યય છે તે વિશેષણ તરીકે વપરાયાં છે; 'પથિન્' [માર્ગ] નું 'પથ' થયું છે; ઉત્તર માર્ગ–ઉત્તર દેશ, દક્ષિણ દેશ, એવો અર્થ છે.)

(૧) ઘનશ્યામ, ચન્દ્રમુખ, વજ્રદેહ—એવા સમાસમાં ઉપમાન પૂર્વપદ હોવાથી એ **ઉપમાનપૂર્વપદ કર્મધારય** કહેવાય છે.

(૨) વદનકમળ (કમળ જેવું વદન); મુખચન્દ્ર; ચરણપલ્લવ (પલ્લવ જેવા ચરણ); વચનામૃત—આવા સમાસમાં ઉપમાન ઉત્તરપદ હોવાથી એ સમાસ **ઉપમાનોત્તરપદ કર્મધારય** કહેવાય છે.

(૩) વદનકમળ (વદન એજ કમળ, વદનરૂપી કમળ); ભવસાગર; દુઃખાબ્ધિ (દુઃખ એજ અબ્ધિ–સમુદ્ર); મયૂરવ્યંસક (મયૂર એજ વ્યંસક–ધૂર્ત–ધૂર્ત મયૂર)—આવા સમાસમાં પૂર્વપદ અવધારણવાચક–નિશ્ચયવાચક છે; માટે એ **અવધારણપૂર્વપદ** કર્મધારય કહેવાય છે.

સંસ્કૃતમાં આને **મયૂરવ્યંસકાદિ સમાસ** કહે છે; કેમકે 'મયૂરવ્યંસક' એ એવા કેટલાક અનિયમિત સમાસોના વર્ગમાં આદિ છે.

બે વિગ્રહ—'વદનકમળ' એ સમાસના વિગ્રહ બે રીતે થઈ શકે છે:—૧. કમળના જેવું વદન; ૨. વદન એજ કમળ. ૧.માં 'વદન' પ્રધાનપદ છે. અને ૨.માં 'કમળ' પ્રધાનપદ થાય છે. એ સમસ્ત પદના વિશેષણનો અન્વય સમાસના જે અવયવની સાથે ઘટે તે પરથી સમાસનો પ્રકાર નક્કી થાય છે. 'પ્રફુલ્લ વદનકમળ'—અહિં 'પ્રફુલ્લ'નો અન્વય 'કમળ' સાથે વાચ્યાર્થમાં ઘટે છે; માટે સમાસ મયૂરવ્યંસકાદિ છે. 'સુંદર વદનકમળ'—આમાં વિશેષણનો અન્વય સમાસનાં બંને પદ સાથે ઘટે છે; માટે બંને પ્રકાર લઈશકાય. 'હાસ્યયુક્ત વદનકમળ'—આમાં વિશેષણનો અન્વય 'વદન' સાથે વધારે ઘટે છે; માટે ઉપમાનોત્તરપદ કર્મધારય છે.

વદનકમળ=કમળ જેવું વદન (અહિં અલંકાર ઉપમા છે.)

વદનકમળ=વદન એજ કમળ (અહિં અલંકાર રૂપક છે.)

(૪) મહાસાગર; વિશ્વદેવ; પરમાત્મા–આવાં સાધારણ ઉદાહરણોમાં વિશેષણ પૂર્વપદ હોવાથી એ **વિશેષણપૂર્વપદ કર્મધારય** કહેવાય છે.

(૫) ઘનશ્યામ; મેઘશ્યામ–આવા દાખલામાં વિશેષણ ઉત્તરપદ હોવાથી એ **વિશેષણોત્તરપદ કર્મધારય** કહેવાય છે.

પુરુષવ્યાઘ્ર (વ્યાઘ્ર જેવો પુરુષ); નરસિંહ (સિંહ જેવો નર)–આમાં પણ ઉત્તરપદ વિશેષણ બને છે. એમાં પૂર્વપદ ઉપમેય છે અને ઉત્તરપદ ઉપમાન છે. ઉપમેયને ઉપમિત પણ કહે છે. ઉપમિત પૂર્વપદ છે, તેથી આવો સમાસ **ઉપમિતસમાસ** કહેવાય છે.

(૬) સ્નાતાનુલિપ્ત (પ્રથમ સ્નાત–નહાયલો અને પછી અનુલિપ્ત–અનુલેપ કરાયલો)–આ **વિશેષણ સમાસ** કહેવાય છે.

દ્વિગુ–કર્મધારયનો પેટા પ્રકાર દ્વિગુ છે. પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય તો સમાસ દ્વિગુ છે. 'દ્વિગુ' શબ્દ સમાસના લક્ષણ પર પ્રકાશ પાડે છે. એ શબ્દમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ છે. દ્વિગુ સમાસમાં સમાહારનો અર્થ છે.

દાખલાઃ–

પંચપાત્ર (પાંચ પાત્રોનો–પૂજાની સામગ્રી મૂકવાનાં નાનાં વાસણોનો–સમાહાર; નવરાત્ર (નવ રાત્રીનો સમાહાર); 'રાત્રી'નું 'રાત્ર' થયું છે.); અષ્ટાધ્યાયી (અષ્ટ–આઠ અધ્યાયનો સમૂહ; 'ઈ' પ્રત્યય લાગી સ્ત્રીલિંગ થયું છે; કેટલાંક દ્વિગુનાં ઉદાહરણમાં અન્ત્ય 'અ'ને આ પ્રત્યય લાગે છે.); ચતુઃસૂત્રી (ચાર સૂત્રોનો સમૂહ); ત્રિલોકી; પંચવટી; ત્રિભુવન; પંચગવ્ય

ચોમાસું, નવટાંકી, પાંચશેરી, એ એવાજ સમાસ છે.

દ્વિગવ–પંચગવ (બે ગાયનો–પાંચ ગાયનો સમૂહ; 'ગો'નું 'ગવ' થયું છે.)

પ્રાદિસમાસ–પ્ર, પરા, આદિ ઉપસર્ગ પૂર્વપદ હોય એવો તત્પુરુષ સમાસ **પ્રાદિસમાસ** કહેવાય છે.

દાખલા:––

અતીન્દ્રિય (ઇન્દ્રિયોને અતીત–ઓળંગી ગયલું; ઇન્દ્રિયોને અગોચર)

નઞ્સમાસ—જે કર્મધારયમાં પૂર્વપદ 'ન' કે નિષેધવાચક 'અ' કે 'અન્' હોય તે **નઞતત્પુરુષ** કહેવાય છે.

દાખલા:–

નક્ષત્ર (ન ક્ષત્ર–ક્ષરે, નાશ પામે તે; નાશ ન પામે તે); અધર્મ (ન ધર્મ, ધર્મ નહિ તે); અનિષ્ટ (ઇષ્ટ નહિ તે); અનર્થ; અભાવ; અનુપકાર, અભણ; અજ્ઞાનુતાં; અણુધાર્યું ('અન્'નો અપભ્રંશ 'અણુ')

મધ્યમપદલોપી તત્પુરુષ—જે તત્પુરુષમાં મધ્યમ પદનો લોપ થયો હોય એવો તત્પુરુષ **મધ્યમપદલોપી તત્પુરુષ** કહેવાય છે.

દાખલા:—

કલ્પવૃક્ષ (કલ્પ=મનોરથ; કલ્પપૂરક વૃક્ષ); કલ્પલતા (કલ્પ-પૂરિકા લતા); ગન્ધગજ (ગન્ધપ્રધાન ગજ); છાયાવૃક્ષ (છાયા-પ્રધાન વૃક્ષ).

દહિંવડાં, દહિંભાત; ગોળધાણા—આને સંસ્કૃતમાં તૃતીયા-તત્પુરુષ માન્યા છે; એને મધ્યમપદલોપી તત્પુરુષ પણ લઈ શકાય.

અલુક્સમાસ—સમાસમાં અનેક પદ મળીને એક પદ બને છે, તેથી વિભક્તિ સમસ્ત પદનેજ આવે છે. પૂર્વ પદોને વિભક્તિ આવી લોપાય છે; પરંતુ કેટલાક સમાસમાં પૂર્વપદની વિભક્તિ કાયમ

રહે છે તે લોપાતી નથી (અલુક–લુક=લોપ) તેથી એવા સમાસને **અલુક્‌સમાસ** કહે છે.

દાખલા:—

યુધિષ્ઠિર; સરસિજ; મનસિજ; ખેચર; વાચસ્પતિ (વાણીનો પતિ, બૃહસ્પતિ); ગેહેશૂર (ગેહ=ઘર; ઘરમાં શૂરો); ગેહેનર્દી (ઘરમાં ગાજનાર); પાત્રેસમિત (ભોજન સમયે તૈયાર, કાર્યવખતે નહિ); વાચોયુક્તિ (વાણીની રચના); વિશાંપતિ (વિશ્નો–લોકોનો પતિ; રાજા); દેવાનાંપ્રિય (મૂર્ખ), વદતોવ્યાઘાત–આ સમાસ નથી; પરંતુ અલુક્ સમાસના જેવી રચના છે. 'વદતઃ' એ વદ્ ધાતુના વર્તમાન કૃદન્તનું ષષ્ઠીનું એકવચન છે. વદતઃ=બોલનારનો; વ્યાઘાત=વિરોધ. બોલનાર પોતે વિરુદ્ધ–અસંગત બોલે તે 'વદતોવ્યાઘાત' કહેવાય છે; જેમકે,—'હું જીવનપર્યન્ત મૌની છું; મારો પિતા બ્રહ્મચારી છે!'

કર્મધારયના અનિયમિત દાખલા:—

ભાષાન્તર ('અન્ય'નું 'અન્તર' થયું છે), વનાન્તર, 'ગ્રામાન્તર,' વગેરે; કાપુરુષ (કુત્સિત પુરુષ; 'કા'નું 'કુ' થયું છે.); કદન્ન (કુત્સિત અન્ન; 'કા'નું 'કદ્' થયું છે.) ચિન્માત્ર (કેવળ ચિત્, ચિતજ; જ્ઞાનસ્વરૂપ); અકુતોભય (જેને કશાથી ભય નથી તે; અર્થ બહુવ્રીહિનો છે, તોપણ આ સમાસની ગણના કર્મધારયમાં કરી છે); ઉચ્ચાવચ ('ઉદ્ચ્' ને 'અવાચ્' ના 'ઉચ્ચ' ને 'અવચ' થયા છે; જાત જાતનું).

મિશ્રસંખ્યાવાચક શબ્દોની ગણના સંસ્કૃતમાં કર્મધારયમાં કરી છે:—

એકવીસ, છાસેઠ, અઠ્યાસી, છન્નુ, વગેરે.

લાંબા સમાસ—'અનેકશુલોપમાયોગ્ય,' 'સર્વગુણાલંકૃત'–આવાં લાંબાં સમસ્ત પદ વપરાય છે. અર્થ સંદિગ્ધ કે ક્લિષ્ટ ન થાય અને કર્ણને કઠોર ન લાગે એવા સમાસ કરવાની હરકત નથી.

(શુભોપમા–કર્મ૦; અનેકશુભોપમા–કર્મ૦; તેના યોગ્ય–ષષ્ઠીતત્પુ૦; સર્વગુણ–કર્મ૦; તે વડે અલંકૃત–તૃતીયાતત્પુ૦).

બહુવ્રીહિ—આ શબ્દજ સમાસનું સ્વરૂપ કહે છે. જેમાં પૂર્વપદ વિશેષણ હોય અને ઉત્તરપદ વિશેષ્ય હોય તેમજ આખું સમસ્ત પદ અન્ય પદનું વિશેષણ હોય એવો અન્યપદાર્થપ્રધાન સમાસ તે **બહુવ્રીહિ** કહેવાય છે.

બહુવ્રીહિ=બહુ છે વ્રીહિ–ડાંગર જેની પાસે એવો (કોઈ પુરુષ)

પીતાંબર=પીત (પીળું) છે અંબર (વસ્ત્ર) જેનું એવા (વિષ્ણુ)

કૃતાર્થ (કૃત=સંપન્ન); કૃતકૃત્ય; મહાબાહુ ('મહત્'નું 'મહા' થયું છે); ચતુર્મુખ; પંચવક્ત્ર; ત્રિનેત્ર; એકદન્ત

આ સમાનાધિકરણ બહુવ્રીહિ છે; કેમકે એમાં સમસ્ત પદો સમાનાધિકરણ–એકજ વિભક્તિમાં છે.

ગાંડીવપાણિ (ગાંડીવ–ધનુષ છે પાણીમાં–હાથમાં જેના એવો [અર્જુન]); ચક્રપાણિ (કૃષ્ણ)

આ સમાસોમાં પદો સમાનાધિકરણ નથી. એવો બહુવ્રીહિ **વ્યધિકરણ બહુવ્રીહિ** કહેવાય છે. એ અપવાદરૂપ છે. **સમાનાધિકરણ** બહુવ્રીહિ નિયમરૂપ છે.

હરિણાક્ષી (હરિણના જેવી છે અક્ષિ–આંખ જેની એવી સ્ત્રી; 'અક્ષિ'નું 'અક્ષ' થઈ સ્ત્રી.માં 'અક્ષી' થયું છે.); કમલનયના; ગજાનન; હંસગમના

તપોધન, નીલકંઠ, ગરુડધ્વજ, અશ્વત્થામા (અશ્વના જેવું છે સ્થામન્–બળ જેનું; 'સ'નો 'ત્' થયો છે.)

તદ્ગુણસંવિજ્ઞાન અને અતદ્ગુણસંવિજ્ઞાન—'લંબકર્ણને લાવો'–જેના કર્ણ લાંબા છે એવાને લાવો–આમ કહીએ છીએ ત્યારે જે પ્રાણી આવે છે તે તેના લાંબા કર્ણ સાથે આવે છે. 'લંબકર્ણ' શબ્દથી આપણને અન્ય પદાર્થનું–પ્રાણીનું સંવિજ્ઞાન થાય છે તેનીજ સાથે

તેના ગુણનું–લાંબા કાનનું પણ સંવિજ્ઞાન થાય છે; માટે આવો સમાસ **તદ્ગુણસંવિજ્ઞાન** બહુવ્રીહિ કહેવાય છે.

એથી ઉલટું, 'દૃષ્ટસાગર કે કૃતાર્થ પુરુષને લાવ' આમ કહેવાથી જેણે સાગર જોયો છે કે જેના અર્થ સફળ થયા છે એવો પુરુષ આવે છે; પરંતુ તે પુરુષને જોવાથી તેના ગુણનું–તેણે સાગર જોયો છે તેનું કે તેના મનોરથ સફળ થયા છે તેનું–સંવિજ્ઞાન થતું નથી; માટે એવો સમાસ **અતદ્ગુણસંવિજ્ઞાન** બહુવ્રીહિ કહેવાય છે.

બહુવ્રીહિમાં ગણના—નીચે લખેલા સમાસોની ગણના સંસ્કૃતમાં બહુવ્રીહિમાં કરી છે:—

(૧) પૂર્વપદ 'સ' હોય એવા સમાસ

'સહ'નો કે 'સમાન'નો 'સ' થાય છે; 'સહ'નો 'સ' વિકલ્પે થાય છે.

દાખલા:—

સકુટુંબ (કુટુંબની સાથે); સહપરિવાર; સાવશેષ (અવશેષની સાથે; સંપૂર્ણ); સકર્મક (કર્મની સાથે; 'ક' પ્રત્યય કેટલાક બહુવ્રીહિને અન્તે આવે છે); * દ્વિકર્મક; સફળ; સમૂળ; સચેલ [સ્નાન] (વસ્ત્ર-સહિત સ્નાન); સપુત્ર; સકલત્ર; સપત્નીક; સાપેક્ષ

સોદર (સમાન છે ઉદર જેનું; ભાઈ); સપિંડ (સમાન છે પિંડ–દેહ જેનો); સવર્ણ

સત્વર ('ત્વરા'નું 'ત્વર' થયું છે; ક્રિયાપદ સાથે અન્વય હોય ત્યારે બહુવ્રીહિ ક્રિયાવિશેષણ તરીકે વપરાયો છે એમ સમજવું.)

(૨) સંખ્યાવાચક પદોનો સમાસ—એમાં બે સંખ્યા પાસે પાસેની છે અને તેની વચ્ચે 'કે'નો સંબંધ છે.

દાખલા:—

એકબે; બેચાર; ચારપાંચ; આઠદસ. ગુજરાતીમાં આને વૈકલ્પિક દ્વન્દ્વ ગણી શકાય.

---

* જેમકે, અકર્મક, અસાજક, સપત્નીક, સસ્ત્રીક, વગેરે

(૩) **કર્મવ્યતિહાર**–ક્રિયાનું વારંવાર થવું–બતાવનારા નીચેના જેવા સમાસ–સંસ્કૃતમાં એવા સમાસ નપુંસક લિંગમાં છે ને અવ્યય છે. ગુજરાતીમાં કેટલાક એવા સ્ત્રીલિંગના શબ્દો છે. મરાઠીમાં પણ એમજ છે.

દાખલા:—

મુષ્ટામુષ્ટિ, દંડાદંડિ (યુદ્ધ; જેમાં મુઠ્ઠી મુઠ્ઠીએ–દંડે દંડે પ્રહાર કરી યુદ્ધ ચાલે છે એવું);

મુક્કામુક્કી; લઠ્ઠાલઠ્ઠી; મારામારી

મરાઠી–બુકાબુકી; મારામારી; ગુદાગુદી; લાથાલાઠી

રોકકળ (રોકકળ સર્વત્ર ચાલી રહી.)

પ્રાદિ બહુવ્રીહિ—

નિર્દય (નિર્ગત છે દયા જેનામાંથી); નિર્લજ્જ; નિર્મર્યાદ; નિસ્ત્રપ (ત્રપા=લજ્જા)—બહુવ્રીહિ સમાસને અન્તે આકારાન્ત સ્ત્રીલિંગનો શબ્દ હોય ને સમાસ પુંલિંગમાં હોય તો 'આ' નો 'અ' થાય છે.

વિધવા (વિગત છે ધવ–સ્વામી જેનો); નિષ્કારણ (નિષ્ક્રાન્ત છે કારણ જેમાંથી); ઉદ્દામ (ઉદ્‌ગત છે દામ અંકુશ જેનો)

નગ્નબહુવ્રીહિ—

દાખલા:—

અભય (નથી ભય જેને); અનુત્તમ (નથી ઉત્તમ જેનું; અત્યુત્તમ); નૌતમ ('નોત્તમ'નો અપભ્રંશ); અપશ્ચિમ (નથી પશ્ચિમ–છેલ્લું જેનું; સર્વથી છેલ્લું).

સમાસાન્ત પ્રત્યય—

(૧) 'ગન્ધ'નું 'ગન્ધિ' થાય છે–

સુગન્ધિ (સુષ્ઠુ–શોભન છે ગન્ધ જેનો); સુરભિગન્ધિ, ઉદ્‌ગન્ધિ (ઉદ્‌ગત છે ગન્ધ જેનો); પદ્મગન્ધિ (પદ્મના જેવો છે ગન્ધ જેનો)

(૨) 'જ્ઞા'નું 'જ્ઞનિ' થાય છે—

સીતાજ્ઞનિ (રામ); રેવતીજ્ઞનિ (બલરામ)

(૩) 'અક્ષિ'નું 'અક્ષ' થાય છે—

કમલાક્ષ; પદ્માક્ષ; પદ્માક્ષી (સ્ત્રી.)

(૪) કેટલાક બહુવ્રીહિ સમાસને અન્તે 'ક' પ્રત્યય આવે છે. ઈકારાન્ત ને ઊકારાન્ત સ્ત્રીલિંગ અને ઋકારાન્ત શબ્દોને 'ક' પ્રત્યય નિત્ય આવે છે; અન્યત્ર વિકલ્પે આવે છે.

દાખલાઃ—

અકર્મક; સકર્મક; સપત્નીક; સસ્ત્રીક; સવધૂક, શિક્ષણવિષયક (સમાજ); ભાવકર્તૃક

ત્રિપદી બહુવ્રીહિ—જે બહુવ્રીહિમાં ત્રણ પદ આવે છે તે ત્રિપદી બહુવ્રીહિ છે.

ઉભયપદપ્રધાન (ઉભય પદ છે પ્રધાન જેમાં); પૂર્વપદપ્રધાન; ઉત્તરપદપ્રધાન; અન્યપદપ્રધાન

અવ્યયીભાવ–જે સમાસનું પૂર્વપદ અવ્યય હોય અને આખું સમસ્ત પદ પણ અવ્યય હોય એવો પૂર્વપદપ્રધાન સમાસ **અવ્યયીભાવ** કહેવાય છે. જે અવ્યય નથી તેનું અવ્યય થવું તે 'અવ્યયીભાવ.' એ શબ્દમાં અભૂતતદ્ભાવના અર્થમાં ઇ (સં. ચ્વિ) પ્રત્યય થઈ દીર્ઘ થયો છે. અભૂતતદ્ભાવ એટલે જે સ્થિતિ નથી તે થવી તે. એવા અર્થમાં પ્રત્યય લાગ્યા પછી કૃ, ભૂ, કે અસ્ નાં રૂપ તેની પછી આવે છે. 'ભાવ' એ ભૂ ધાતુનું રૂપ 'અવ્યયી'ની પછી આવ્યું છે.

દાખલાઃ–

યથાશક્તિ (શક્તિ પ્રમાણે); પ્રતિદિન (દરરોજ); પ્રતિદિવસ; પ્રતિમાસ; પ્રતિવર્ષ; પ્રત્યક્ષ; પરોક્ષ; સમક્ષ; આબાલવૃદ્ધ; આસમાપ્તિ; અધ્યાત્મ (આત્માને વિષે; કે આત્માને અભિલક્ષીને)

નિત્યસમાસ–જે સમાસનો વિગ્રહ સમાસમાં વાપરેલાં પદથી થઈ શકતો નથી; એવા સમાસ **નિત્યસમાસ** કહેવાય છે. અવ્યયીભાવ એ એવા સમાસ છે. ચતુર્થીતત્પુરુષ 'પ્રીત્યર્થ પૂજા' પણ એવો છે.

પૃષોદરાદિ–કેટલાક નિયમવિરુદ્ધ સમાસને સંસ્કૃતમાં આ વર્ગમાં મૂક્યા છે. એ વર્ગનો આદિ સમાસ 'પૃષોદર' હોવાથી એ **પૃષોદરાદિ** કહેવાય છે. એમાં કેટલાંક પદમાં 'ટિ' નો લોપ થયો હોય છે અને કેટલાંકમાં વર્ણમાં ઘણો વિકાર થયો હોય છે.

દાખલા:—

પૃષોદર (પૃષત્+ઉદર; પૃષત્નું–જળબિંદુનું ઉદર; અથવા તો પૃષત્ છે ઉદર જેનું; પવન)–આ સમાસમાં 'પૃષત્'નો 'ત્' લોપાયો છે.

મનીષા–ષી (મનસ્+ઈષા–ષી; મનીષા=બુદ્ધિ; મનીષી=વિદ્વાન્). આમાં 'મનસ્'ની 'ટિ' લોપાઈ છે.

વલાહક=મેઘ (વારિ+વાહક)–વર્ણમાં વિકાર થયો છે.

શ્મશાન (શ્મન્=શબ; શબ શયન કરે છે જેને વિષે તે)

જીમૂત (જીવન–જળ મૂત–બદ્ધ છે જે વડે તે; મેઘ)

દિવૌકસ્ (દિવ્–આકાશ છે ઓકસ્ L. oikos–ઘર જેનું તે)–'ઓ' ને ઠેકાણે 'ઔ' થયું છે.

પિશાચ (પિશિત–માંસને આચમે–માંસનું ભક્ષણ કરે તે)

અશ્વત્થામા ('સ્થામન'ના 'સ્' નો 'ત્' થયો છે)

પારસ્કરાદિ–કેટલાક સમાસમાં પૂર્વપદને 'સ્' આગમ આવે છે, તેને આ વર્ગમાં મૂક્યા છે.

પારસ્કર (દેશનું અને મુનિનું–ગૃહ્યસૂત્રના કર્તાનું નામ)

વનસ્પતિ (વનનો પતિ, ષષ્ઠીતત્પુ.)

બૃહસ્પતિ (બૃહત્–વાણી. 'ત્' લોપાઈ 'સ્' આગમ આવ્યો છે.)

પ્રાયશ્ચિત્ત (પ્રાય=તપ; ચિત્ત=નિશ્ચય; એ બેનો સંયોગ)

સુપ્સુપ્સમાસ–જે સમાસ પૂર્વોક્ત વર્ગોમાં–દ્વન્દ્વ, તત્પુરુષ, બહુવ્રીહિ, અને અવ્યયીભાવમાં–આવી શકતા નથી તે **સુપ્સુપ્સમાસ** કહેવાય છે. 'સુપ્' એ સંસ્કૃતમાં નામિકી વિભક્તિના સર્વ પ્રત્યયોનું (સુ–સ્ પ્ર. એ. વ.થી તે સુપ્–સુ સ. બ. વ. પર્યન્તનું) નામ છે. અર્થાત્, એક વિભક્ત્યન્ત પદ બીજા એવા વિભક્ત્યન્ત પદ સાથે સમાસ પામે છે તે સમાસ સુપ્સુપ્સમાસ કહેવાય છે. સમાસના સૂક્ષ્મ દૃષ્ટિથી નિયમ

કર્યા છતાં ભાષામાં પ્રચાર પામેલા જે સમાસનો એમાં સમાવેશ ન થયો તેને માટે પાણિનિએ આ વ્યાપક વર્ગ બાંધી શિષ્ટ વક્તાને ને લેખકને છૂટ મૂકી છે. શિષ્ટ વચનના નિયમ કરવા સારૂ વ્યાકરણ છે અને એ નિયમથી અશિષ્ટ ઉક્તિનું પ્રતિબંધન થાય છે.

દાખલાઃ—

દૃષ્ટપૂર્વ (પૂર્વે જોયલું); ભૂતપૂર્વ (પૂર્વે થયલું).

ફારસીઅરબી શબ્દના સમાસ--

તત્પુરુષ--તોપખાનું; કારખાનું; હાથીખાનું (ખાના=સ્થાન) તોશાખાનું (ફા. તોશાકખાના=સામાન મૂકવાની જગા). શુદ્ધ શબ્દો તોપખાના, કારખાના, વગેરે છે.

હુકમનામું, રોજનામું, શાહનામું (નામા=પત્ર) (હુકમ અર.). શુદ્ધ શબ્દો હુકમનામા, રોજનામા, વગેરે છે.

નૂરજહાન (નૂર અર૦—પ્રકાશ; જહાન—જગત્)

સરકાર (સર=મુખ્ય)

આબરૂ (આબ=પાણી; રૂ=મુખ; મુખ પરનું પાણી, પ્રતિષ્ઠા)

અહમદાબાદ, ઔરંગાબાદ (આબાદ ફા. વસેલું; વસાવેલું)

હિંદુસ્તાન, અરબસ્તાન (સ્તાન—ઠેકાણું)

કલમદાન, અત્તરદાન (ની); શમેદાન (ની) (દાન=ઠેકાણું; 'દાનિસ્તાન'=જાણવું ઉપરથી)

ગુલજાર (ગુલ=ફૂલ; જાર=ઠેકાણું; ફૂલની વાડી)

ઉપપદસમાસના દાખલાઃ—

ગર—ગાર (સં. કાર)—કરનાર

સોદાગર (સૌદા—વેપાર)

મદદગાર, ગુનેગાર, ખિદમતગાર (ખિદ્મત્ અર૦=ચાકરી)

બાન—કરનાર

બાગબાન, મહેરબાન (મિહ્ર=પ્રીતિ)

મિજબાન (મેજ=જમવા માટે પાથરવામાં આવતું લુગડું. પછીથી ટેબલ પર જમવા લાગ્યા તેથી 'મેજ'નો અર્થ 'ટેબલ' થયો.)

અંદાજ—ફેંકનાર

તીરંદાજ, ગોલંદાજ

દાર—રાખનાર

દુકાનદાર, ફોજદાર, અમલદાર, ચોબદાર, નેકનામદાર (નેક=ખરું)

કબ્જેદાર (અ. ફા.; કબ્જે રાખનાર); કબીલદાર (અ. ફા.; બાળબચ્ચાં રાખનાર; બાળબચ્ચાંવાળો); કરજદાર; કામદાર; જામદાર

ગીર—લેનાર, જીતનાર

જહાનગીર, આલમગીર (આલમ અર૦=જગત્)

ખોર—ખાનાર

હલાલખોર (હલાલ અર૦=ચોગ્ય); હરામખોર (હરામ અર૦=અયોગ્ય)

નવીસ=લેખક

ચિટનીસ (ચિટ્ઠીનવીસ); ફડનવીસ; અ. ફા. ફર્દનિવીસ; ફડ મરા૦=માલ વેચવાની જગા; 'ફર્દ'=યાદી

પરવર=પાલક

ગરીબપરવર (ગરીબ અર૦)

બંદ—બાંધનાર

નાલબંદ (નાલ અર૦); કમરબંદ; ગુલ્લુબંદ (ગળપટો)

બર—લઈ જનાર

પેગંબર (પૈગામ—સંદેશો)

આવેજ–લટકનાર

દસ્તાવેજ (દસ્ત, હસ્ત)

બાજ–ખેલનાર

શતરંજબાજ, દગાબાજ, હુનરબાજ

બીન–જોનાર

દૂરબીન

માલ–લોનાર, ઘસનાર, મસળનાર

રૂમાલ (રૂ=મુખ)

જાદા–પુત્ર (સં. જાત)

શાહજાદા––દી

કર્મધારય—

ખુશામદ (ખુશ=સારૂં; આમદ=પ્રાપ્તિ); ખુશબો; ખુશરૂ (સારૂં મોં); બદનામ; ગેરહાજર

કમજાત (ફા. અ.; જાત અ.; ઓછું પાત્ર); કમજાદે (ફા. અ., જિયાદા અ.–ઓછુંવત્તું)

બહુવ્રીહિ—કમજોર; કમજોશ; કમતાકત ફા. અ.; તાકત અ.નું બ. વ. તાકાત; કમ છે તાકત જેની એવું); કમકૌવત (અ. કુવ્વત); કમઅકલ; નાઉમેદ; નામુરાદ; દિલદરિયાવ (દરિયાવ=મોટું). 'જ્યાં દાતા **દિલદરિયાવ** છે, ત્યાં જાચક જાએ છે ઘણા.'

બદમાશ (બદ=ખરાબ; મઆશ અરબ=વર્તન)

દ્વન્દ્વ—આબોહવા (આબ ફા. પાણી. 'વ'=અને 'ઉ' થઈ સંધિ થઈ)

અવ્યયીભાવ––

હરરોજ, બેલાશક (અ. બિલાશક; બિલા=નહિ; બેસુતમ

(ફા. બેસિતમ; બે=નહિ; સિતમ=જુલમ; ગુજરાતીમાં ઘણુંજ); બેસમજ (બે. ફા.)

અન્ય ભાષામાં સમાસ––લૅટિન, ગ્રીક, જર્મન, અને અંગ્રેજી ભાષામાં પણ સમાસ છે. સંસ્કૃતમાં ઘણા લાંબા સમાસ વપરાય છે.

પ્રકરણ ૨૭મું

તદ્ધિત

લક્ષણ––નામિક વિભક્ત્યન્ત પદને જે પ્રત્યય લાગે છે તે **તદ્ધિત** કહેવાય છે. 'તદ્ધિત'માં 'તદ્' પદનો અર્થ તે, એટલે નામિક વિભક્તિવાળું પદ છે; તેને હિત–તેથી પર જે પ્રત્યય આવે છે તે તદ્ધિત. અર્થાત્, નામ, સર્વનામ, વિશેષણ, અને અવ્યયને જે પ્રત્યય લાગે છે તે તદ્ધિત પ્રત્યય કહેવાય છે. એ પ્રત્યય ધાતુને લાગતા પ્રત્યયથી ભિન્ન છે. ધાતુને લાગતા પ્રત્યય પ્રાથમિક છે અને તદ્ધિત પ્રત્યય દ્વૈતીયિક છે.

વિભાગ––તદ્ધિત પ્રત્યયોમાં કેટલાક સંસ્કૃત પ્રત્યય છે, તે તત્સમ શબ્દને લાગે છે; કેટલાક સંસ્કૃતમાંથી અપભ્રષ્ટ થયલા પ્રત્યય છે, તે તદ્ભવ શબ્દને લાગે છે; અને કેટલાક વિદેશીય–ફારસી કે અરબી પ્રત્યય છે.

સંસ્કૃત પ્રત્યય

૧. અપત્યાર્થવાચક

કેટલાક પ્રત્યય અપત્યના–પુત્રપૌત્રાદિકના અર્થમાં આવે છે:—

૧. અ––રાવણ (રવણનો અપત્ય–પુત્ર); રાઘવ (રઘુકુળમાં જન્મેલાનો–દશરથનો પુત્ર); પાર્વતી (પર્વતની–હિમાલયની પુત્રી; ઈ પ્રત્યય સ્ત્રીત્વવાચક છે); પૌત્ર (પુત્રનો પુત્ર); દૌહિત્ર (દુહિતાનો–દીકરીનો દીકરો); કૌરવ (કુરુવંશના પુત્ર); પાંડવ (પાંડુના પુત્ર); યાદવ

યદુના પુત્ર); પાંચાલી (પંચાલ દેશનો રાજા પાંચાલ, તેની પુત્રી); દ્રૌપદી (દ્રુપદની પુત્રી); વૈદર્ભી (વિદર્ભ દેશનો રાજા વૈદર્ભ, તેની પુત્રી); પૌરવ (પુરુનો વંશજ); માનુષ ('મનુ' ઉપરથી 'ષ' આગમ આવી); ષાણ્માતુર ('માતૃ' શબ્દના 'ઋ'નો 'ઉર્' થઈ 'અ' પ્રત્યય આવ્યો છે. 'ષણ્' [છ] ના આદિ સ્વરની વૃદ્ધિ થાય છે; છ માતાનો પુત્ર; કાર્તિકેય) દ્વૈમાતુર; કૈકેયી (કેકય દેશનો રાજા કૈકેય, તેની પુત્રી); ભાર્ગવ (ભૃગુપુત્ર); સૌભદ્ર (સુભદ્રાપુત્ર); માર્કંડ (મૃકંડુના પુત્ર)

આ 'ઞ' પ્રત્યય અને અન્ય પ્રત્યય પર છતાં સામાન્ય રીતે અન્ત્ય સ્વર લોપાય છે અને આદિસ્વરની વૃદ્ધિ થાય છે. 'રઘુ,' 'કુરુ,' 'પાણ્ડુ', ને 'યદુ'માં અન્ત્ય સ્વરનો ગુણ થયો છે. આ પ્રમાણે પ્રત્યય લગાડતાં પ્રકૃતિમાં જે ફેરફાર થાય છે તે યથાયોગ્ય સમજી લેવા.

૨. ઇ–દાશરથિ (દશરથનો અપત્ય પુમાન્, પુત્ર); સૌમિત્રિ (સુમિત્રાનો પુત્ર, લક્ષ્મણ); કાર્ષ્ણિ (કૃષ્ણનો પુત્ર; કામદેવ)

૩. એય–ગાંગેય (ગંગાનો પુત્ર, ભીષ્મ); રાધેય (રાધાનો પુત્ર; કર્ણ); વૈનતેય (વિનતાનો પુત્ર, ગરુડ); ભાગિનેય (ભગિનીનો પુત્ર, ભાણેજ); સૌભદ્રેય (સુભદ્રાપુત્ર); માર્કંડેય (મૃકંડુનો પુત્ર)

૪. ય, ઇય, ષ્ય–ગાર્ગ્ય (ગર્ગના અપત્યપુમાન્); વાત્સ્ય (વત્સ–પુત્ર); મનુષ્ય (મનુનો વંશજ; 'ય'ની પૂર્વે ષ્ આગમ આવ્યો છે.)

સ્વસ્રીય ('સ્વસૃ'–ઐન, ઉપરથી; ભાણેજ)

ભ્રાતૃવ્ય–(ભ્રાત્રીય; 'ભ્રાતૃ' પરથી; ભત્રીજો)

દૈત્ય (દિતિના વંશજ); આદિત્ય (અદિતિના વંશજ); શાંડિલ્ય (શંડિલનો પુત્ર); યાજ્ઞવલ્ક્ય (યજ્ઞવલ્કનો પુત્ર); જામદગ્ન્ય (જમદગ્નિનો પુત્ર)

૨. સમૂહવાચક

૧. તા–જનતા, બન્ધુતા, ગ્રામતા

૩. તેનું અધ્યયન કરે છે–તે જાણે છે, એ અર્થમાં

૧. અ–વૈયાકરણ (વ્યાકરણનું અધ્યયન કરે કે જાણે તે)

૨. ઇક–નૈયાયિક ('ન્યાય' પરથી;) તાર્કિક ('તર્ક' પરથી); પૌરાણિક ('પુરાણ' પરથી);

ઐતિહાસિક ('ઇતિહાસ' પરથી)

૩. અક–મીમાંસક ('મીમાંસા' પરથી)

૪. ત્યાં થયલું–એ અર્થમાં

ત્યાં=પ્રકૃતિમાં

૧. ય–દન્ત્ય (દાંતથી ઉચ્ચારેલું); ઓષ્ઠ્ય (ઓઠેથી ઉચ્ચારેલું); કંઠ્ય ('કંઠ' પરથી); મૂર્ધન્ય ('મૂર્ધન્' પરથી); તાલવ્ય ('તાલુ' પરથી, અન્ત્ય સ્વરનો ગુણ થઈ); સ્તન્ય ('સ્તન' પરથી; દૂધ); આદ્ય ('આદિ' પરથી); અન્ત્ય ('અન્ત' પરથી); પ્રાચ્ય ('પ્રાચ્' પરથી; પૂર્વમાં થયલું); પ્રતીચ્ય (પ્રત્યચ્' પરથી 'પ્રતીચ' થઈ; પશ્ચિમમાં થયલું); ઉદીચ્ય ('ઉદચ્' પરથી 'ઉદીચ્' થઈ; ઉત્તરનું); વન્ય; સોમ્ય (શીતલ); સતીર્થ્ય (સમાન તીર્થ (ગુરુ) પાસે વસનાર); સોદર્ય (સમાન ઉદરમાં થયલું)

૨ ઈય––અંગુલીય ('અંગુલિ' પરથી; આંગળીની વીટી); જિહ્વામૂલીય; વર્ગીય; સ્વકીય; પરકીય; રાજકીય (છેલ્લા ત્રણ દાખલામાં ક્ આગમ છે); ગોનર્દીય; ભવદીય; મદીય; ત્વદીય; અસ્મદીય; યુષ્મદીય

૩. ત્ય––દાક્ષિણાત્ય ('દક્ષિણા' અવ્ય૦ પરથી–દક્ષિણમાં થયલું); પાશ્ચાત્ય ('પશ્ચાત્' પરથી; પશ્ચિમનું); પૌરસ્ત્ય ('પુરસ્' પરથી; પૂર્વનું). પાશ્ચિમાત્ય અને પૌર્વાત્ય શબ્દો અપાણિનીય–અશુદ્ધ છે.

૪. ઇય––રાષ્ટ્રિય (રાષ્ટ્રને લગતું); યજ્ઞિય; શ્રોત્રિય

૫. ઇક––શારીરિક (શરીરને લગતું); માનસિક (મનને લગતું); દૈનિક (દિનનું); નૈશિક (નિશાનું, રાત્રીનું); માસિક; વાર્ષિક; ષાણ્માસિક

સિક; દ્વૈમાસિક; ચાતુર્માસિક; ષાષ્ટિવાર્ષિક, પાંચાશદ્વાર્ષિક (આ 'ષાણ્માસિક' આદિ દાખલાઓમાં ઉભય પદમાં આદિ સ્વરની વૃદ્ધિ થઈ છે); સ્વાભાવિક (સ્વભાવથી થયલું); નૈસર્ગિક (નિસર્ગથી–સ્વભાવથી થયલું); પ્રામાણિક (પ્રમાણને અનુસરતું); વ્યાવહારિક; ભાવિક; ધાર્મિક; નૈષ્ઠિક (નિષ્ઠાથી થયલું)

પ્રમાણિક–વ્યવહારિક–જેવા શબ્દ અશુદ્ધ છે. ઇક પ્રત્યય લગાડતાં આદિ સ્વરની વૃદ્ધિ થાય છે.

ઇક પ્રત્યય વિવિધ અર્થમાં આવે છેઃ–ધાર્મિક (ધર્મ ચરે–આચરે તે); શાબ્દિક (શબ્દ કરે તે; વૈયાકરણ); સામાજિક (૧. સમાજને રક્ષે તે; ૨. સમાજને લગતું); લૌકિક (લોકને વિષે વિદિત); આહ્નિક (દિવસને લગતું; દરરોજ કરવાનું; રોજની ધાર્મિક ક્રિયા; એક દિવસમાં પઠાય એટલું; મહાભાષ્યનો ભાગ દિવસમાં પઠાય એટલો); પારલૌકિક; ઐહલૌકિક; આધિભૌતિક; આધિદૈવિક; આધ્યાત્મિક; પૌનઃપુનિક

નીચેના શબ્દમાં આવતા ઇક ને ક પ્રત્યય ઉપલા ઇકથી જુદા છે; માટે એમા વૃદ્ધિ થતી નથી.

અશ્વિક, રથિક, પર્પિક–તેન ચરતિ (તે વડે ફરે છે) એ અર્થમાં ષ્ઠન્ પ્રત્યય થયો છે. અશ્વે ફરે તે અશ્વિક; રથે ફરે તે રથિક; અને પર્પે ફરે તે પર્પિક. છેલ્લો શબ્દ સંસ્કૃતમાં વપરાય છે. લંગડો જે પીઠને ટેકવીને ચાલે છે તે 'પર્પ' કહેવાય છે; પર્પ વડે ફરે છે, માટે લંગડો 'પર્પિક' કહેવાય છે.

ધનિક, રસિક, કૃમિક–'तदस्यास्ति'–(તે એને છે), એ અર્થમાં ઠન્ પ્રત્યય થયો છે. ધન જેને છે તે ધનિક; એજ પ્રમાણે 'રસિક' ને 'કૃમિક' સમજવા.

પથિક—એમાં 'પથિન્' શબ્દને ક્કન્ (ક) પ્રત્યય થયો છે–પથા–માર્ગે જાય તે પથિક, એ અર્થમાં પ્રત્યય થયો છે.

૬. ईन—પારીણ; પારાવારીણ (પાર ને અવાર એ બે કાંઠાનાં નામ છે; અવાર=આ કાંઠો; પાર=પેલો કાંઠો); વિશ્વજનીન, સર્વજનીન (સર્વ જનને હિતકારક); કુલીન; શાલીન (સલજ્જ)

૫. તેનું આ–તેને લગતું–એ અર્થમાં

૧. अ–શૈવ (શિવનું; શૈવ ધનુષ); ચાક્ષુષ (ચાક્ષુષ જ્ઞાન); સૌર (સૌર માસ); ચાન્દ્ર (ચાન્દ્ર માસ); નાક્ષત્ર (નાક્ષત્ર માસ); પાર્થિવ (પૃથિવીનો ઈશ્વર); વૈદર્ભ (વિદર્ભનો રાજા); સાર્વભૌમ (સર્વ ભૂમિનો ઈશ્વર); બૈલ્વ; પૈપલ, દૈવદારવ, પાલાશ, સૌવર્ણ, રાજત (રજત=રૂપું; તે સંબંધી).

૨. ईय—મદીય, ત્વદીય, યદીય, તદીય, વગેરે. પર્વતીય; આચમનીય

૩. य—પાદ્ય (પાદનું–પગનું આ; જળ વગેરે); અર્ઘ્ય

૬. વિકારવાચક

૧. मय—ગોમય (છાણ); વાઙ્મય (વાણીનો વિકાર; અમુક ભાષાના તમામ ગ્રન્થો); મૃન્મય (મૃદ્નો–મૃત્તિકાનો વિકાર); યવમય (જવનું બનેલું); આમ્રમય; શરમય; રસમય; સુખમય; દુઃખમય

૨. य—દ્રવ્ય (દ્રુ–વૃક્ષ, તેનો અવયવ કે વિકાર); ગવ્ય–પંચ ગવ્ય (દૂધ, દહિં, ઘી, છાણ, મૂત્ર); પયસ્ય

૭. તેને વિષે સાધુ–દયાળુ–એ અર્થમાં

૧. य—શરણ્ય (શરણ પ્રતિ સાધુ, વશ થયલાને દયાળુ)

૨. एय—પાથેય (પથિન્ પરથી; માર્ગને વિષે લાભકારક; ભાથું); આતિથેય (અતિથિ પ્રતિ દયાળુ)

૮. તેથી દૂર નહિ–એ અર્થમાં

૧. य—ધર્મ્ય (ધર્મથી અનપેત–દૂર નહિ); ન્યાય્ય (વાજબી; ન્યાયથી અનપેત)

૯. ભાવવાચક

૧. ત્વ—તા–ગુરુત્વ; ગુરુતા; બ્રાહ્મણત્વ; ક્ષત્રિયત્વ; દીનતા; સહૃદયતા; નમ્રતા

૨. ઇમન્—ગરિમા ('ગુરુ' પરથી 'ગરિમન્', તેનું પ્રથમા એ. વ. ગરિમા); લઘિમા ('લઘુ' પરથી); મૃદિમા ('મૃદુ' પરથી); કાલિમા ('કાલ'–કાળું પરથી; કાળાશ)

૩. અ—ગૌરવ ('ગુરુ' પરથી); લાઘવ–હસ્તલાઘવ; માર્દવ; કૌમાર ('કુમાર' પરથી); શૈશવ ('શિશુ' પરથી); સૌષ્ઠવ ('સુષ્ઠુ' અ૦= સારી રીતે પરથી; (અંગસૌષ્ઠવ=અંગની શોભા)

૪. ય—માધુર્ય ('મધુર' પરથી); લાલિત્ય ('લલિત' પરથી); સ્થૈર્ય ('સ્થિર' પરથી); ધૈર્ય ('ધીર' ઉપરથી); પાંડિત્ય; શૌર્ય; નૈપુણ્ય; કૌશલ્ય; આલસ્ય; મૌર્ખ્ય; માલિન્ય (મલિનતા); માન્દ્ય; જાડ્ય; રાજ્ય, આધિ–રાજ્ય; સાહાય્ય ('સહાય' પરથી); કાવ્ય (કવિનું કર્મ)

દ્રુત્ય (દ્રુતનો ભાવ કે કર્મ); સખ્ય (સખિનો ભાવ કે કર્મ); સ્તેય (સ્તેનનો [ચોરનો] ભાવ કે કર્મ)–આમાં આદિ સ્વરની વૃદ્ધિ થતી નથી.

૫. ઇ—ચાતુરી, ઔચિતી

૧૦. ઉત્કર્ષવાચક

૧. તર, તમ—લઘુતર (બેમાંથી વધારે હલકું), લઘુતમ (સર્વમાં વધારે હલકું); ગુરુતર–ગુરુતમ

૨. ઈયસ્—ઇષ્ઠ–લઘીયસ્ ('લઘુ' ઉપરથી; બેમાં વધારે હલકું); લઘિષ્ઠ (સર્વથી વધારે હલકું); જ્યાયસ્; જ્યેષ્ઠ (પાણિનિ 'વૃદ્ધ'નાં એ રૂપ આપે છે; 'જ્ય' રૂપ વપરાતું બંધ થયું તેનાં એ રૂપ જણાય છે.); શ્રેષ્ઠ (પાણિનિ 'પ્રશસ્ય'નાં 'શ્રેયસ્–શ્રેષ્ઠ' એ રૂપ આપે છે; પરંતુ એ રૂપ 'શ્ર' પરથી થયલાં જણાય છે. 'શ્ર' વપરાતું બંધ થયું); કનીયસ–

કનિષ્ઠ ('કન' પરથી, વપરાતું બંધ થયું; પાણિનિ 'અલ્પ' પરથી આપે છે); વરિષ્ઠ ('વર' ઉપરથી)

૧૧. સ્વામિત્વવાચક

૧. મત્--(બુદ્ધિમાન્–બુદ્ધિમત્ નું પ્ર. એ. વ.); નીતિમાન્; મતિમાન્

મત્ નું વત્ નીચેના નિયમ પ્રમાણે થાય છે:–

અંગને અન્તે કે ઉપાન્તે અવર્ણ કે મ્ હોય તો મત્ નું વત્ થાય છે.

દાખલા:—ભગવાન્; ભાસ્વાન્; પયસ્વાન્; લક્ષ્મીવાન્; ઉદન્વાન્ ('ઉદક'નું 'ઉદન્' થઈ; 'ઉદક'=પાણી; 'ઉદન્વાન્'=સમુદ્ર)

અપવાદ:—યવમાન્; ભૂમિમાન્

૨. ઇન્—ધની ('ધન' પરથી–ધનિન્–તેનું પ્ર. એ. વ.); ત્યાગી; યોગી; ભોગી; સુખી; દુ:ખી; કેસરી; વિદ્યાર્થી; પક્ષી; તરઙ્ગિણી (નદી; 'તરઙ્ગ'–મોજું+ઈ સ્ત્રીપ્રત્યય); શશી; દણ્ડી; બર્હી (મોર; 'બર્હ'–પીછું); માલી (માલાવાળો); પદ્મિની–નલિની–કમલિની (ઇન્+ઈ; જે પ્રદેશમાં કમળ ઊગ્યાં હોય તે)

૩. ઇન—બર્હિણ (મોર); શૃંગિણ (સીંગડાંવાળું); મલિન; રથિન (રથપતિ); ફલિન (વૃક્ષ)

૪. વિન્—માયાવી ('માયાવિન્'નું પ્ર. એ. વ.); મેધાવી ('મેધા'=બુદ્ધિ); યશસ્વી; તેજસ્વી; પયસ્વી (પયસ્વિની–ગાય)

૫. આલુ—દયાળુ; માયાળુ; કૃપાળુ ('લ' નો 'ળ' થયો છે); ઉષ્ણાલુ, શીતાલુ–(ગરમી ને ઠંડી સહન કરી શકે એવું)

૬. વલ—કૃષીવલ ('કૃષિ'=ખેતી; અન્ત્ય સ્વર દીર્ઘ થયો છે; ખેડુત); ઊર્જસ્વલ (ઊર્જસ્–તેજ, બળ); દન્તાવલ ('અ' દીર્ઘ થઈ; હાથી); શિખાવલ (મોર); રજસ્વલા (વલ્+આ સ્ત્રી.)

૭. લ—પાંસુલ ('પાંસુ' ૨જ ઉપરથી); માંસલ; વાતુલ–વાતૂલ ('વાત'પરથી; વાયુના રોગથી પીડાતો); ચૂડાલ (ચૂડાવાળું; ચૂડા=શિખા); વત્સલ (પ્રેમવાન્); અંસલ (બળવાન્ ખભાવાળો; બળવાન્)

૮. વ–કેશવ; અર્ણવ (સમુદ્ર, 'અર્ણસ્' પાણી પરથી; 'સ્' લોપાયો છે); રાજીવ (દલપંક્તિ જેને છે તે; 'રાજી–જી'=પંક્તિ) વિષુવ (વિષુ અવ્ય૦=સરખે ભાગે)

૯. ગ્મિન્–વાગ્મી ('વાચ્'પરથી; છટાથી ભાષણ કરનાર)

૧૦. ઘ–અહંયુ (અહંતાવાળું; અહંકારી)

૧૧. ઇલ–ફેનિલ (ફીણવાળું); પિચ્છિલ (પીછાંવાળું); પંકિલ; જટિલ; સિકતિલ ('સિકતા'–રેતી); તુંડિલ ('તુંડ'=મુખ; વાચાળ); તુંદિલ ('તુંદ' પેટ; મોટા પેટવાળું; જાડું)

૧૨. ષ–લોમશ; રોમશ (રૂંવાંટાંવાળું)

૧૩. ન–અંગના (ન+આ સ્ત્રી., કલ્યાણકારક અંગવાળી સ્ત્રી); લક્ષ્મણ ('લક્ષ્મી'પરથી 'અન' લાગી); દદ્રુણ ('દદ્રુ'–દાદર, દરાજ; દરાજથી પીડાતું); શ્લેષ્મણ ('શ્લેષ્મન્' કફ)

૧૪. ઙર–દન્તુર (ઊંચા દાંતવાળું)

૧૫. ર–મધુર ('મધુ'=માધુર્ય, મધ); ખર ('ખ'–મોટું કાંણવિવર; ગધેડો); મુખર (વાચાળ); કુંજર ('કુંજ'=હાથીની હડપચી); પાંસુર; પાંડુર (પાંડુ'–શુક્લ વર્ણ)

૧૬ મ–દ્રુમ (દ્રુ=વૃક્ષ; વૃક્ષ ઉત્પન્ન કરે છે, તેથી દ્રુમ=વૃક્ષ)

૧૭ આલ–આટ–વાચાલ; વાચાટ (બહુ બકબકાટ કરનાર)

૧૮ આમિન્–સ્વામી

૧૯ અચ્ (અ)–અર્શસ (હરસ જેને છે તે; 'અર્શસ'=હરસ); પીત (જેણે પીધું છે તે)

૨૦ ભ–તુંદિભ (તુંદિ=ટુંટી); વલિભ (વલિ=વળિઆં)

૨૧ ઈમસ–મલીમસ (મલ'=મેલ; મેલું, પાપી)

૧૨. અભૂતતદ્ભાવ (જે સ્થિતિ નથી તે થવી એ અર્થમાં)

૧. ઇ–અવ્યયીભાવ (જે અવ્યય નથી તેનું અવ્યય થવું; 'યથા-વિધિ'માં 'વિધિ' અવ્યય થાય છે, એ મૂળ અવ્યય નથી. ઇ પ્રત્યય

લોપાય છે અને એ લોપાતા પહેલાં અન્ત્ય અ વર્ણનો ઈ થાય છે; અન્ત્ય ઇ કે ઉ દ્વીર્ઘ થાય છે; અવ્યયમાં ફેરફાર થતો નથી. આ પ્રત્યય કૃ, ભૂ, કે અસ્નાં સાધિત રૂપને યોગે આવે છે); સ્વીકાર; અંગીકાર; મલિનીભૂત; સમીકરણ; વર્ગીકરણ; બાષ્પીભવન; શ્યામીભૂત; પ્રાદુર્ભૂત; આવિર્ભૂત; તિરોભૂત; શુચીભૂત

૧૩. ઈષન્ન્યૂનતાવાચક–કંઈકિ ઊણપના અર્થમાં

૧. કલ્પ–દ્વીપકલ્પ (દ્વીપથી કંઈકિ ન્યૂન; ત્રણ બાજુએ પાણી હોવાથી; દ્વિ+અપ્–પાણી=દ્વીપ; 'અપ્' ના 'અ' નો 'ઈ' થયો છે.)

૨. પ્રાય–મૃતપ્રાય (મુઆ જેવું; લગભગ મુએલું)

૧૪. 'તેને એ થયું છે' એ અર્થમાં

૧. ઇત–તારકિત (તારક–તારા જેમાં ઊગ્યા છે એવું આકાશ તે તારકિત આકાશ); પુલકિત (પુલક–રૂવાં જેમાં ઊભાં થયાં છે એવું શરીર તે પુલકિત શરીર); કંટકિત (કંટક–કાંટો); પુષ્પિત (જેને પુષ્પ ઊગ્યાં છે); કુસુમિત; દુઃખિત

૧૫. પ્રમાણવાચક

૧. માત્ર–તાવન્માત્ર (તેટલુંજ); તન્માત્ર (તેજ)

૧૬. તેની પેઠે (ક્રિયા સાથે સંબંધ રાખે છે.)

૧ વત્–બ્રાહ્મણવત્ અધ્યયન કરે છે. (બ્રાહ્મણની પેઠે)

૧૭. સ્વાર્થિક–સ્વાર્થવાચક

આ પ્રત્યય પ્રકૃતિના અર્થમાં ફેરફાર કરતા નથી.

૧. ધેય–નામધેય (નામ); ભાગધેય (ભાગ્ય)

૨. ય–માલ્ય ('માલા' પરથી); સૌખ્ય ('સુખ' પરથી); ઔપમ્ય (ઉપમા); પારંપર્ય (પરંપરા)

૩. ક—બાલક (બાલ); મૃત્તિકા (મૃદ્–માટી); પુત્રક (પુત્ર); આગન્તુક (આગન્તુ; આવી પડેલું; આકસ્મિક); ભિક્ષુક (ભિક્ષુ)

૪. તા—દેવતા (દેવ)

૫. અ—બાન્ધવ (બંધુ); પ્રાજ્ઞ (પ્રજ્ઞ=ડાહ્યો પુરુષ); ચૌર (ચોર); દૈવત (દેવતા); રાક્ષસ (રક્ષસ્ પરથી); માનસ (મનસ્ પરથી); મારુત ('મરુત્' પવન પરથી); પૈશાચ (પિશાચ); વાયસ ('વયસ્' કાગડો); શાત્રવ (શત્રુ)

૧૮. 'તે વહન કરે છે'—એ અર્થમાં

૧. ય—રથ્ય (રથ ખેંચનાર; ઘોડો); યુગ્ય (ઘોડો કે બળદ; યુગ=ઝુંસરી); ધુર્ય (ધુર્–ઝુંસરી)

૨. એય—ધૌરેય

૧૯. 'તેને વિષે કરેલો ગ્રન્થ' એ અર્થમાં

૧. ઈય—કિરાતાર્જુનીય; પ્રતાપરુદ્રીય; વિક્રમોર્વશીય

૨. અ—શિશુપાલવધ; અભિજ્ઞાનશાકુન્તલ

૨૦. 'તેણે કહેલું' એ અર્થમાં

૧. ઈય—પાણિનીય; તૈત્તિરીય (તિત્તિરિએ કહેલું–૧. તૈત્તિરીય શાખા; ૨. તે અધ્યયન કરનાર)

૨૧. 'તે જેનું પ્રહરણ છે' એ અર્થમાં

૧ ક—ધાનુષ્ક; આસિક ('અસિ'=તરવાર)

૨. ઈક—શાક્તીક; યાષ્ટીક

૨૨. ઇવાર્થક-ઇવ-જાણેના અર્થવાળું

૧. ય—મુખ્ય; અવ્યય; જઘન્ય (હલકું)

૨૩. લઘુતાવાચક

૧. ક—(કુત્સાવાચક–નિન્દાવાચક)–અશ્વક

(હ્રસ્વતાવાચક)—વૃક્ષક (નાનું ઝાડ)

(અલ્પતાવાચક)—તૈલક (થોડું તેલ)

(અનુકમ્પાવાચક)—પુત્રક (બાપડો છોકરો)

દેવદત્તક–દેવક–દત્તક ('દેવદત્ત' પરથી); સિંહક; રાસભક

૨. **ल**—અનુકમ્પાવાચક

ભાનુલ ('ભાનુદત્ત' પરથી)

૩. **इक–इल–इय**—અનુકમ્પાવાચક

દત્તિક; દત્તિલ; દત્તિય ('દેવદત્ત' પરથી)

ઉપિક; ઉપિલ; ઉપિય ('ઉપેન્દ્રદત્ત' પરથી)

૪. **अड–अक**—અનુકમ્પાવાચક

ઉપડ–ઉપક ('ઉપેન્દ્રદત્ત' પરથી)

૫. **र**—હ્રસ્વતાવાચક

કુટીર (નાનું ઝુંપડું); ગભીર

૬. **तर**—હ્રસ્વત્વવાચક

અશ્વતર; ઉક્ષતર; ઋષભતર; વત્સતર

૨૪. क પ્રત્યયના અનેક અર્થ

૧. કુત્સા (નિન્દા)—અશ્વક (કુત્સિત અશ્વ)

૨. અનુકમ્પા–પુત્રક (અનુકમ્પિત પુત્ર)

૩. લઘુતા–મઠિકા (અલ્પ મઠ)

૪. વાત્સલ્ય–પુત્રક (પ્રિય પુત્ર)

૫. સ્વાર્થ–અવિક (અવિ પું., સ્ત્રી.–ઘેટો–ઘેટી)

૨૫. પરચુરણ પ્રત્યય

કાર્મુક (કર્મન્+ઉક–કર્મ માટે શક્તિમાન્–ધનુષ્ય)

સામયિક (સમય+ઇક–જેને સમય પ્રાપ્ત થયો છે.)

આર્તવ (ઋતુ+અ–જેને ઋતુ પ્રાપ્ત થઈ છે.)

સાક્ષી (સાક્ષાત્ જોનાર)

શ્રોત્રિય (શ્રુતિનું અધ્યયન કરે તે)

ઉભય (ઉભ+ય–બે છે અવયવ જેના)

વયસ્ય (વયસ્+ય–વયે તુલ્ય)

ઔરસ (ઉરસ્+અ–ઉરે (પેટે) પેદા કરેલો)

ધન્ય (ધન+ય; ધનને મેળવનાર)
વશ્ય (વશ+ય; વશ થયલું)
દૈષ્ટિક (દિષ્ટિ [દૈવ] એવી જેની મતિ છે તે; પ્રારબ્ધવાદી)
આસ્તિક–નાસ્તિક (અસ્તિ–ઈશ્વર છે એવી–જેની મતિ છે તે; ઈશ્વર નથી એવી જેની મતિ છે તે)
કૃત્રિમ (કૃતિથી નિર્મિત)
નારી (નર+અ+ઈ–નરની ધર્મ્યા–ધર્માર્થક પત્ની)
સૈન્ય–સૈનિક (સેના સાથે સમવેત–જોડાયલું)
પિતામહ–પ્રપિતામહ–માતામહ–પ્રમાતામહ ('મહ' પ્રત્યય છે.)
માતુલ (માતૃ+ઉલ; મામો ભાઈ; મામો)
દૌવારિક (દ્વાર+ઇક; દ્વારપાલ)

સર્વનામ પરથી થયલાં વિશેષણ તથા અવ્યય

વિશેષણ

ઈય—મદ્દીય, અસ્મદ્દીય; ત્વદ્દીય, યુષ્મદ્દીય; તદ્દીય; યદ્દીય; ભવદ્દીય; અન્યદ્દીય

ક્ આગમ સાથે–પરકીય; સ્વકીય

ક—આસ્માક; યૌષ્માક; મામક; તાવક; ભાવક

ક+ઈન—તાવકીન; મામકીન; આસ્માકીન; યૌષ્માકીણ

વત્—યાવત્ (જેટલું); તાવત્ (તેટલું); એતાવત્; ઇયત્; કિયત્

ચિત્–ચન–અપિ—કિંચિત્, કિંચન, કિમપિ; કોપિ (કોઈ)–પ્રત્યયથી અનિશ્ચયનો અર્થ આવે છે.

અવ્યય

તસ્ (સાર્વવિભક્તિક)–ઈતઃ, અતઃ, યતઃ, તતઃ, મત્તઃ, અસ્મત્તઃ, કુતઃ, અન્યતઃ

દા (કાલવાચક)–તદા, યદા, કદા, સર્વદા, અન્યદા

ત્ર (સ્થલવાચક)–તત્ર, યત્ર, અત્ર, કુત્ર, સર્વત્ર, અન્યત્ર

થા (પ્રકારવાચક)–યથા, તથા, અન્યથા, સર્વથા

ધા (પ્રકારવાચક)–બહુધા
શઃ (રીતિવાચક)–સર્વશઃ
અદ્ય—આ દિવસે (**અસ્મિન્ અહનિ**)
અન્યેદ્યુઃ—બીજે દિવસે
ઉભયેદ્યુઃ—બંને દિવસે
સદ્યઃ—સમાન દિવસે; તરત
પરુત્–પોર—પૂર્વ વત્સરે
પરારિ–પરાર—પર–પૂર્વતર વત્સરે (પૂર્વથી પૂર્વ વર્ષમાં)

સંખ્યાવાચક વિશેષણ પરથી

પૂરક—
તીય—દ્વિતીય, તૃતીય
થ—ચતુર્થ
મ—પંચમ; સપ્તમ; નવમ; વગેરે
તમ–વિંશતિતમ; ષષ્ટિતમ; વગેરે
અ–વિંશ; ત્રિંશ; વગેરે

સમૂહવાચક

ય–તય–ક–અત્–દ્વય–દ્વિતય; ત્રય–ત્રિતય–ત્રિક; ચતુષ્ટય–ચતુષ્ક; પંચક–પંચત્; ષટ્ક; સપ્તક; અષ્ટક; નવક; દશક–દશત્

સ્વાર્થિક

ઈક–દ્વૈતીયિક; તાર્તીયિક

અવ્યય પરથી

ત્ય–તત્રત્ય (ત્યાં થયલું); અત્રત્ય; નિત્ય (ધ્રુવના અર્થમાં); અમાત્ય (અમા=સાથે; રાજા સાથે રહેનાર, સચિવ)

ય–પ્રાચ્ય, પ્રતીચ્ય, ઉદીચ્ય

તન–અદ્યતન, હ્યસ્તન, શ્વસ્તન, ચિરંતન, સદ્યાતન, સનાતન, પુરાતન, દિવાતન (દિવસસંબંધી), દોષાતન (રાત્રિસંબંધી)

ईन–પ્રાચીન, અર્વાચીન, સમીચીન, અધીન

इम–પશ્ચિમ (પશ્ચાત્=પછી)

ना–अना (સ્વાર્થે)-વિના; નાના

शाल–વિશાલ ('વિસ્તૃત'ના અર્થમાં)

कट–સંકટ; પ્રકટ; ઉત્કટ; વિકટ

त्यक–અધિત્યકા (પર્વતના શિખર ઉપરની જમીન); ઉપત્યકા (પર્વતની પાસેની જમીન)

તદ્ભવ તદ્ધિત પ્રત્યય

૧. ભાવવાચક

એ પ્રત્યયો વિશેષણ પરથી ભાવવાચક નામ બનાવે છે.

૧. आई—મોટાઈ, બડાઈ, હલકાઈ, ચતુરાઈ

સં. ता; પ્રા. दा ('तल्त्वयोर्दात्तणौ' વર૦ ।૪।૨૨)-મૂઢદા, પીણદા)

સ્વાર્થિક क સાથે સં. तिका–પ્રા. दिआ–इआ–વ્યત્યયથી 'आइ'—મિઠાઈ. मिष्टतिका–मिट्ठइआ–મિઠઈ (પૂર્વ હિંદી); मिष्टकतिका–मिट्ठअइआ–મિઠાઈ

૨. आस–श—મિઠાસ(–શ); ખારાસ; કડવાસ; રતાસ

ડૉ. હૉર્નલે વાચ્છા પરથી એ પ્રત્યય સિદ્ધ કરે છે. નિદ્દાસ–નિદ્રાની ઇચ્છા. મિઠાસ=મીઠું થવાનું વલણ. वाच्छा–वांसा–आस (વ્ લોપાઈ; છનો સ્ એ મરાઠી ને મારવાડીમાં ઘણો સાધારણ ફેરફાર છે.)

निद्रावाञ्छा–निद्दवंछा–निदाँस

૩. पणु–पणुं—ડહાપણ, શાહુપણ, ગાંડપણ, મોટાપણું, હલકાપણું, ખારીલાપણું

સં. त्व. વૈદિક સં. त्वन. त्वतलोःष्पणः ॥ હેમ ૪।૪૩૭ ॥-અપ० ष्पण; પ્ર. એ. વ. ष्पणु. बृद्धत्वनकम्–बुड्ढप्पणउ–બુઢ્ઢાપણું

૪. प—મોટપ; ઉણપ

त्व–ष्प

૫. म—મોટમ; નાનમ

त्व–ष्प–प–म (પૂનો म्, शिंशप–સીસમ, વગેરે શબ્દોમાં થાય છે.)

૬. ઈ—નાદાની

ઈ પ્રત્યય સંસ્કૃત છે, તે તદ્ભવ શબ્દોને ઉમેરાય છે.

૭. **આણુ–આણું**—ઉંડાણુ, નીચાણ, પોલાણુ

૮. **પો**—ઘરડાપો, બળાપો, અંધાપો

વૃદ્ધત્વકમ્–વુદ્ધપ્પઉ (પું.)–બુઢ્ઢાપો

૯. **વટ, આટ, આટો, ઓટી**—

ઘરવટ, ખારાટ, ગરમાટ, ગરમાટો, હથોટી, ચિકણાટ, સાચવટ, સગાવટ

સં. વૃત્તિ સ્ત્રી., વૃત્ત નપું.; વૃત્તિ કે વૃત્તનું પ્રાકૃતમાં વટ્ટી–વટ્ટ થાય છે; એ પરથી 'વટ'ની પૂર્વે 'આ' આવી 'આવટ,' 'વટ'માંના 'વ્'નું સંપ્રસારણ થઈ 'આઉટ'–ઓટ+ઈ (સ્ત્રી.)–ઓટી; 'આવટ'માંથી 'વ્' લોપાઈ 'આટ'

અથવા મત્–વત્ પરથી

૨. મત્વર્થક

૧. **મન્ત, વન્ત**—બુદ્ધિમન્ત, શ્રીમન્ત, ધીમન્ત, ભગવન્ત

જે નિયમ પ્રમાણે મત્નો વત્ થાય છે, તેજ નિયમ પ્રમાણે 'મન્ત'નો 'વન્ત' થાય છે. મત્ ને વત્નાં પ્રાકૃતમાં મંત ને વંત થાય છે.

રૂપવંત; દયાવંત; હનુમંત; પણુ, ગાડીવાન

ગાળો–વાળો—આંબાગાળો, કેરીગાળો—આવા શબ્દોમાં 'ગાળો' એ પ્રત્યય જેવો લાગે છે; પણ વાસ્તવિક રીતે તેમ નથી. કાલઃનું પ્રાકૃતમાં ગાલો–ઝો થાય છે. એ રીતે એ ષષ્ઠીતત્પુરુષના દાખલા છે.

દૂધવાળો, ગોવાળ—આમાં 'વાળો,' 'વાળ' એ પાલઃનું પ્રાકૃત રૂપ છે અને એ પણ તત્પુરુષ સમાસ છે.

લઘુતાવાચક

એ પ્રત્યયોમાં તિરસ્કાર, લઘુતા, કે સ્વાર્થનો અર્થ છે. કેટલેક સ્થળે બેવડા પ્રત્યય પણ આવે છે.

ક–મણીકો, શેરીકો

ડ–બાપડો–ડી–ડું; ગરીબડું; આંખુડી; મુખડું; ફૂલડું; ગામડું; માવડી; કોયલડી; નાવડું; મનડું; દીલડું; વેલડી; ગીતડું; જીવડો; છાંયડો; રાબડી; ગોઠડી, વિનતડી, પંખીડું

લ–પાટલો, ખાટલો; ચાંલ્લો; ટબકલું; મૃગલી; આંધળો (સ્વાર્થિક); પાંગળો (સ્વાર્થિક); વાંસળી; કોડીલું; ઘોડલી; બેડલું; નણુદલ (નણુદલના વીરા)

બેવડા પ્રત્યય–સેજલડી, પ્રીતલડી, વાંસલડી, આંગલડી, સાહેલડી, મૃગલડી, નાનકડું, ભાભલડી, વાટલડી, બાલુડાં, મીઠલડું, કોયલડી, આંખલડી, એકલડા

વ–છોડવો, લાડવો, કાનુવો, જાનુવો

ખોડાંગતો ચાલે **કાનુવો**, વાકું ઘુંટણ પગે જાનુવો.

અભિ૦–આખ્યાન

ર–ઘણેરૂં, આઘેરો, મોઘેરૂં

'મંદિર મે'ળી **આઘેરો** ગયો.'–તુલસી–'ધ્રુવાખ્યાન'

'માવડીનું હિત મોઘેરૂં જાણું.'–રાસમન્દિર

ઉ–પાતળીઓ, કૃષ્ણીઓ, હરિયેા–યા; સાસરીઉં, સરવરીઉં

'આવ્યાં **સરવરીયાની** પાળ, ઘટા ઘણી ઝાડની રે લોલ'.–

રાસમન્દિર

'કેા જનુનીએ નથી જણ્યેા, જે પેલા **કૃષ્ણીયાને** પછાડે રે.'

અભિ૦–આખ્યાન

'રખે માયા કરી **કૃષ્ણીઓ** રડે, એનેા ભેદ બ્રહ્માને નવ જડે.'

અભિ૦–આખ્યાન

બેવડા પ્રત્યય–વહાલેરૂં; વાછરડું; હાલરડું; નાનડીઓ; પેટડીઉં; આંબલીઓ; ચાંદલીઓ

ટ–ચોરટો

'મારો માખણચોરટાને, એમ ઉછળતાં વાણી વહી.'

અભિ૦–આખ્યાન

ઈ–પાટલી, ગાડી, ઓટલી, માચડી

સંસ્કૃત લઘુતાવાચક ને સ્વાર્થિક પ્રત્યય

સંસ્કૃત લઘુતાવાચક ને સ્વાર્થિક પ્રત્યયો ઉપર દર્શાવ્યા છે તે પ્રમાણે ક, લ, ઇક–ઇલ–ઇય, અક–અડ, ર, તર છે.

અપભ્રંશમાં એવા લઘુતાવાચક ને સ્વાર્થિક પ્રત્યયો નીચે પ્રમાણે છે:—

૧. અ, અડ, ઉલ્લ

અ એ સં. કનો ક્ લોપાઈ થયો છે.

મમ્મક–મમ્મઅ–મમ્મઉ

વૃક્ષઃ–રુક્ખડુ—રુક્ખુલ્લુ

૨. ઉ

પુનર્–પુણુ; વિના–વિણુ; ધ્રુવમ્–ધ્રુવુ

૩. અ–એં

અવશ્યમ્–અવાસ–અવાસેં

પરમ્–પર

૪. ઇ

એકશઃ–એગસિ

ગુજરાતીમાં લઘુત્વવાચક પ્રત્યયોમાંના કેટલાક ઉપર દર્શાવ્યા પ્રમાણે સ્વાર્થિક, કેટલાક લઘુત્વવાચક, ને કેટલાક તિરસ્કારવાચક છે. વળી કેટલાક શબ્દમાં એકથી વધારે પ્રત્યય એકઠા થયલા છે. ઉપર દાખલા આપ્યા છે તે ઉપરાંત થોડાક નીચે આપ્યા છે.

હલકું-હળવું-વે—આ શબ્દ લઘુ પરથી ઘણો હ થઈ, વર્ણવ્યત્યય થઈ હલ્લુ થઈ તે પર સ્વાર્થિક પ્રત્યય ક ને વ આવીને થયો છે.

એવડું, કેવડું, જેવડું, તેવડું; એટલું, કેટલું, જેટલું, તેટલું—ઇયત્, કિયત્, યાવત્, તાવત્ એનાં અપભ્રંશમાં એવડ્ડ, કેવડ્ડ, જેવડ્ડ, તેવડ્ડ, અને એત્તુલ્લ, કેત્તુલ્લ, જેત્તુલ્લ, તેત્તુલ્લ, એવાં રૂપ થાય છે, તેમાં ડ ને લ સ્વાર્થિક છે.

હિંદીમાં એતના–તેતના–કેતના–જેતના છે. આમાંનો ના ગુજરાતીમાં 'આપણ'-માં છે. આત્મીયમ્–આત્મીયકમ્નું પ્રાકૃતમાં અપ્પુલ્લં થાય છે; લ્નો ન્ થઈ હિંદીમાં અપના–આપન–આપુન થયું છે. ગુજ૦ માં 'આપણુ'–'આપણા' છે.

વછેરો–વાછરડો. વત્સ પરથી ર સ્વાર્થિક આવી 'વછેરો' થયું છે, બીજો પ્રત્યય ડ આવી 'વાછરડો' થયું છે.

ક–પુતળી–પુત્ર–પુત્તલિકા

સુતળી–સૂત્ર પરથી

નવલ; એકલું; આગલું (અગ્ર); પાછલું (સં. પશ્ચાત્–પ્રા. પચ્છ); પહેલું (પ્રથમ–પ્રા. આગધી પઢમિલ્લ–પહિલ); પતેલું (પાત્ર); હાથેલી (હસ્ત–હત્થ હાથ)–આમાં લ પ્રત્યય છે.

ડ–ગાંસડી (ગ્રન્થિ, પ્રા. ગંઠડિઆ; પૂર્વ હિંદી ગઠરી); હથોડી (હસ્ત, પ્રા. હત્થુલ્લિઆ; પૂર્વ હિંદી–હથુરી–હથરી); કાકડી (કર્કટ; પ્રા. કક્કટી; હિંદી કેંકરા) આમાં ડ પ્રત્યય છે. હિંદીમાં ર થાય છે. થોડું (સ્તોક–સ્તોઅ–થોઅ–થો, પર ડ પ્રત્યયથી)

છોકરો (શાવ, પ્રા. છાવ, ર પ્રત્યય આવી) હિન્દીમાં છોરા–છોરી છે; ગુજરાતીમાં 'છોડી' વપરાય છે. ઘણે ભાગે હિન્દીમાં ર છે ત્યાં ગુજરાતીમાં ડ છે.

ચામડું (चर्म–चम्म–चाम+ड)
ટુકડો (स्तोक–टूक+ड)–હિંદી–ટૂકરા
બૂચકણો (भूच+क+न+अ)
મોખરે (२)
અધેલો–પાયલી–અર્ધ, પાદ (આધ, પાય+લ)
સૂતળી, ટુકડી, પલંગડી, ગાંસડી, દોરી–'ઈ' લઘુતાવાચક

ફારસી પ્રત્યય

ચા–અલ્પત્વવાચક

ગાલીચો (ગાલી અર૦=કીમતી; શેતરંજી; કાલી ફા. પાથરણું) બગીચો (ફા. બાગ્ચા); ખુમચો (ફા. ખાન્ચા; ખાન=થાળો); દીબાચો (ફા. દીબા=રેશમી કપડું; શણગાર)

ઈ–ભાવવાચક

નેક (ખરૂં)–નેકી; ખુશ–ખુશી; ખૂબ (સુંદર)–ખૂબી; સાહી (સિઆહ=કાળું)

ગી–બંદગી (બંદહ–બંદા, સેવક); રવાનગી (રવાનહ–રવાના, મોકલેલું); તાજગી (તાજહ્–તાજા=નવા)

તી–ભાવવાચક

જિયાદતી (ગુજ૦–જ્યાસ્તી)

આ, ગીન, મંદ, વર (આવર), વાર–પૂર્ણતાવાચક–

આ–દાનો (દાના)

ગી–સંબંધી; ખાનગી (ફા. ખાના=ઘર; ઘરસંબંધી)

ગીન–ગમગીન

દાર=સ્વાર્થિક કે નિરર્થક; તાબેદાર (તાબિઅ અર.+દાર ફા૨.)

મંદ–અકલમંદ (અક્લ અર.=જ્ઞાન); દૌલતમંદ (દૌલત અર.–સંપત્તિ)

વર–જાનવર, નામવર–જેવર (ફા. જયૂવર–જેબ=શોભા)

વાર–ઉમેદવાર, તકસીરવાર

આ–લઘુત્વવાચક

મુકદ્દમો, મુકાબલો, મુદ્દો (મુકદ્દમા, મુકાબલા, મુદ્દા)

ઈ–વિશેષણ બનાવે છે.

ઈરાની, શહરી, ફારસી, હિંદી, તુર્કી

આના (ઈયાના–ઈના)–વિશેષણ કે ક્રિયાવિશેષણ બનાવે છે–

સાલિયાના, માહિયાના–મહીના; નજરાણું; બયાન (અર.)–બયાનવાર; તફ્સીલવાર

અરબી તદ્ધિત પ્રત્યય

ઈ–નામને લાગી વિશેષણ થાય છે. મિસર–મિસરી (મિસર દેશનું); અરબ–અરબી; હલવા–હલવાઈ (મિઠાઈવાળો)

ચી–આ તુર્કી પ્રત્યય છે, નામને લાગે છે, ધંધાનો અર્થ લાવે છે. ગુજરાતીમાં 'જી'; મરાઠીમાં પણ 'જી' છે.
મશાલચી–જી, તોપચી, બાવરચી, તબલચી (તબ્લ=ઢોલ)

પ્રકરણ ૨૮મું

કૃત્પ્રત્યય

લક્ષણ—ધાતુને જે પ્રત્યય લાગે છે તે કૃત્પ્રત્યય કહેવાય છે. એ પ્રાથમિક પ્રત્યય છે.

સંસ્કૃત કૃત્પ્રત્યય

૧. કર્તૃવાચક

૧. તૃ—(પ્ર. એ. વ. તા)—નાર

કૃ (કરવું)–કર્તા	ની (દોરવું)–નેતા
શ્રુ (સાંભળવું)–શ્રોતા	ભુજ્ (ભોગવવું)–ભોક્તા
ભૃ (ભરવું)–ભર્તા	દૃશ્ (જોવું)–દ્રષ્ટા
હૃ (હરવું)–હર્તા	સૃજ્ (સર્જવું)–સ્રષ્ટા
દા (આપવું)–દાતા	જન્ (પેદા કરવું)–જનિતા
વચ્ (બોલવું)–વક્તા	શાસ્ (શાસન કરવું, અમલ કરવો)–શાસિતા
યુધ્ (લડવું)–યોદ્ધા	

૨. અક–નાર

કૃ (કરવું)–કારક	વાચ્ (વાંચવું)–વાચક
તૃ (તરવું)–તારક	લિખ્ (લખવું)–લેખક
પા (રક્ષણ કરવું)–પાલક	નશ્ (નાશ કરવો)–નાશક
દા (આપવું)–દાયક [પ્રીતિ-દાયક]	નૃત્ (નાચવું)–નર્તક
	જન્ (પેદા કરવું)–જનક
ગૈ (ગાવું)–ગાયક	હિંસ્ (હિંસા કરવી)–હિંસક
પૂ (પાવન કરવું)–પાવક [અગ્નિ]	હન્ (હણવું)–ઘાતક

૩. અન–નાર

નન્દ્ (ખુશ કરવું)–નન્દન
અર્દ્ (પીડવું)–અર્દન–જનાર્દન (વિષ્ણુ)
ભી (બીવું. ભીષય–બીવડાવવું)–વિભીષણ
ચક્ષ્ (કહેવું)–ચક્ષણ; વિચક્ષણ
સૂદ્ (નાશ કરવો)–સૂદન–મધુસૂદન (વિષ્ણુ)
રમ્ (રમવું)–રમણ

સભા મધ્યે સર્વ હસ્યા, આ રત્ન **રથખેડણ**,
ઋતુપર્ણ બોલ્યો માન દેઈ, આવો **દુઃખફેડણ**.'
(રથ ખેડનાર; દુઃખ ફેડનાર); નળાખ્યાન, કડ૦ ૫૩મું

૪. ઇન્–(પ્ર. એ. વ. ઈ)–નાર

ગ્રહ (પકડવું) ગ્રાહી; ગુણગ્રાહી
મન્ત્ર્ (મસલત કરવી)–મન્ત્રી
ત્યજ્ (તજવું)–ત્યાગી
સ્થા (રહેવું)–સ્થાયી
યા (જવું)–યાયી; અનુયાયી

૫ અ–નાર

ચુર્ (ચોરવું)–ચોર
દિવ્ (પ્રકાશવું)–દેવ
બુધ્ (જાણવું)–બુધ
પ્રી (ખુશ કરવું)–પ્રિય
ચર્ (ફરવું)–ચર; ચરાચર, ખેચર, ભૂચર, જલચર
ચલ્ (ફરવું)–ચલ, અચલ
વિદ્ (મેળવવું)–ગોવિન્દ; અરવિન્દ (અર–પૈંડાના આરા–આરાની પેઠે પત્રોને મેળવે તે; કમળ)
જ્વલ્ (પ્રકાશવું)–ઉજ્જ્વલ
દા (આપવું)–પ્રદ, આનન્દપ્રદ; સુખદ; દુઃખદ
જ્ઞા (જાણવું)–પ્રદ, પ્રાજ્ઞ
સ્થા (રહેવું)–ગૃહસ્થ; તટસ્થ; દૂરસ્થ
જન્ (જન્મવું)–સરોજ, અનુજ, અજ
સૃ (સરવું)–પુરઃસર, અગ્રેસર
કૃ (કરવું)–યશસ્કર, દુઃખકર, ભાસ્કર, દિવાકર, કિંકર, ભયંકર–કાર, કુંભકાર, સુવર્ણકાર, લોહકાર, ચર્મકાર

વદ્ (બોલવું)–પ્રિયંવદ, વશંવદ
ગમ્ (જવું)–વિહંગમ, વિહંગ (વિહાયસ્–આકાશમાં જનાર પક્ષી); ઉરગ (ઉરસ્–છાતી વડે જનાર, સર્પ); પન્નગ (પન્ન–પદ્ [જવું] નો ભૂ. કૃ.; પડ્યો પડ્યો જાય તે; સર્પ)
સૃપ્ (જવું)–સર્પ

૬. ક્વિપ્–જે પ્રત્યય ધાતુને આવી તદ્દન લોપાય છે તે—

ની (દોરવું)–સેનાની
ભૂ (થવું)–સ્વયંભૂ, પ્રભુ (ધાતુ હ્રસ્વ થયો છે.) શંભુ (શમ્ અવ્ય. સુખ; ધાતુ હ્રસ્વ થયો છે.)
જિ (જીતવું)–ઇન્દ્રજિત્ (ધાતુને અન્તે હ્રસ્વ સ્વર હોય તો ત્ આગમ આવે છે.)

૨. ભાવવાચક

૧. તિ—

કૃ (કરવું)–કૃતિ
ની (દોરવું)–નીતિ
પ્રી (ખુશ કરવું)–પ્રીતિ
રી (જવું)–રીતિ
સ્થા (રહેવું)–સ્થિતિ
ગમ્ (જવું)–ગતિ
નમ્ (નમવું)–નતિ
રમ્ (રમવું)–રતિ
તન્ (તાણવું)–તતિ, સંતતિ
ક્ષણ્ (ઘાયલ કરવું)–ક્ષતિ
બુધ્ (જાણવું)–બુદ્ધિ
ભજ્ (ભજવું)–ભક્તિ
વચ્ (બોલવું)–ઉક્તિ
યજ્ (યજવું)–ઇષ્ટિ
હ્વે (બોલાવવું)–હુતિ; આહુતિ
ગ્લૈ (કરમાવું)–ગ્લાનિ
મ્લૈ (કરમાવું)–મ્લાનિ

૨. અન—

કૃ (કરવું)–કરણ, અનુકરણ
વાચ્ (વાંચવું)–વાચન
ભજ્ (ભજવું)–ભજન
કૃત્ (વખાણવું)–કીર્તન
હૃ (હરવું)–હરણ
મૃ (મરવું)–મરણ

चर् (ફરવું)–ચરણ
श्रु (સાંભળવું)–શ્રવણ
दृश् (જોવું)–દર્શન
लिख् (લખવું)–લેખન
छिद् (કાપવું, છેદવું)–છેદન
रुद् (રોવું)–રોદન
भुज् (ખાવું)–ભોજન
विद् (જાણવું)–વેદન, નિવેદન
बन्ध् (બાંધવું)–બંધન

अना સ્ત્રી.—

विद् (જાણવું)–વેદના
वन्द् (વન્દવું, નમવું)–વન્દના
इष् (અનુ સાથે, શોધવું)–અન્વેષણા

૩. अ—

जि (જીતવું)–જય
भी (બીવું)–ભય
नी (દોરવું)–નય, વિનય
भू (થવું)–ભાવ; પરિભવ; સંભવ; પ્રભવ
चि (એકઠું કરવું)–સંચય, નિશ્ચય
पच् (રાંધવું)–પાક
कम् (ચહાવું)–કામ
युज् (જોડવું)–યોગ
रुज् (વ્યાધિથી પીડાવું)–રોગ
छिद् (છેદવું)–છેદ; વિચ્છેદ
खिद् (દિલગીર થવું)–ખેદ
श्वस् (શ્વાસ લેવો)–શ્વાસ; ઉચ્છ્વાસ
स्तृ (પાથરવું)–વિસ્તર (ગ્રન્થનો); વિસ્તાર (પટનો)
मद् (ગાંડા થવું)–પ્રમાદ, ઉન્માદ
वह् (લઈ જવું)–વિવાહ; પરિવાહ

૪. या—

विद् (જાણવું)–વિદ્યા
कृ (કરવું)–ક્રિયા
शी (સૂવું)–શય્યા
चर् (ફરવું)–ચર્યા, દિનચર્યા, પરિચર્યા

૫. આ—

ઇષ્ (ઇચ્છવું)–ઇચ્છા	કથ્ (કહેવું)–કથા
ઊહ્ (વિચારવું)–ઊહા; ઊહાપોહ	ચર્ચ્ (ચર્ચા કરવી)–ચર્ચા
ત્રપ્ (લાજવું)–ત્રપા	ધા (ઋત્પૂર્વક)–શ્રદ્ધા
પૂજ્ (પૂજવું)–પૂજા	સ્પૃહ્ (ઇચ્છવું)–સ્પૃહા
કૃપ્ (કૃપા રાખવી)–કૃપા (સંપ્રસારણ થઈ)	જ્ઞા (જાણવું)–આજ્ઞા; સંજ્ઞા; પ્રજ્ઞા
જૃ (ઘરડા થવું)–જરા (ગુણ થઈ)	ભા (ભાસવું)–પ્રભા
	મા (માપવું)–પ્રમા

ઇચ્છાદર્શક અંગને આ–જિજ્ઞાસા, પિપાસા

૬. ન––

પ્રચ્છ્ (પૂછવું)–પ્રશ્ન	સ્વપ્ (સૂવું)–સ્વપ્ન
યત્ (યત્ન કરવો)–યત્ન	યજ્ (યજવું)–યજ્+ન=યજ્ઞ+ત્ર=યજ્ઞ

૩. કરણાર્થક

૧. અન––

ની (દોરવું)–નયન (જે વડે મનુષ્ય દોરવાય છે તે, આંખ)	મા (માપવું)–પ્રમાણ (જે વડે સમ્યક્ જ્ઞાન થાય તે)
શ્રુ (સાંભળવું)–શ્રવણ (કાન)	વદ્ (બોલવું)–વદન (જે વડે બોલાય તે, મુખ)

૨. ત્ર—

ની (દોરવું)–નેત્ર	અસ્ (ફેંકવું)–અસ્ત્ર
શ્રુ (સાંભળવું)–શ્રોત્ર (કાન)	ચર્ (ફરવું)–ચરિત્ર
પા (પીવું)–પાત્ર	પદ્ (જવું)–પત્ર
સ્તુ (વખાણવું)–સ્તોત્ર	પૂ (પવિત્ર કરવું)–પવિત્ર (દાભ)

કૃત્પ્રત્યયઃ વિશેષણ બનાવનારા

૧. વર્તમાન કૃદન્ત

માન—

વૃત્ (હોવું)–વર્તમાન
વૃધ્ (વધવું)–વર્ધમાન
જિજ્ઞાસ (જાણવા ઇચ્છવું–જિજ્ઞાસમાન)
દીપ્ (પ્રકાશવું)–દેદીપ્ય (વારંવાર પ્રકાશવું)–દેદીપ્યમાન

'વર્તમાન' શબ્દ જાતે વર્તમાન કૃદન્ત છે અને આત્મનેપદી ધાતુના અંગને માન પ્રત્યય લાગી વર્તમાન કૃદન્ત બને છે એમ સૂચવે છે.

ત્–અત્—

જાગૃ (જાગવું)–જાગ્રત્
અસ્ (હોવું)–સત્

૨. ભૂત કૃદન્ત

ત—

ભૂ (હોવું)–ભૂત

'ભૂત' શબ્દ જાતેજ ભૂત કૃદન્ત છે અને ધાતુને 'ત' પ્રત્યય લાગવાથી ભૂત કૃદન્ત બને છે એમ દર્શાવે છે.

કૃ (કરવું)–કૃત, કૃતાર્થ
જિ (જીતવું)–જિત
ની (દોરવું)–નીત, વિનીત
સ્મિ (હસવું)–સ્મિત (૧. હસેલું, ૨. હાસ્ય)
ખ્યા (કહેવું)–ખ્યાત; પ્રખ્યાત; વિખ્યાત; વ્યાખ્યાત
ગમ્ (જવું)–ગત
નમ્ (નમવું)–નત; પ્રણુત; વિનત
રમ્ (રમવું)–રત; વિરત
તન્ (તાણવું)–તત; સંતત–સતત
ક્ષણ્ (ઘાયલ કરવું)–ક્ષત
મા (માપવું)–મિત; પરિમિત
સ્થા (રહેવું)–સ્થિત

ચ્યુ (પડવું)—ચ્યુત, અચ્યુત
શાસ્ (શાસન કરવું)—શિષ્ટ
વસ્—(વસવું)—ઉષિત (ઇ આગમ સાથે)
વિદ્ (જાણવું)—વિદિત
ગુપ્ (રક્ષણ કરવું)—ગુપ્ત
દુહ્ (દોહવું)—દુગ્ધ
ગુહ્ (સંતાડવું)—ગૂઢ
બુધ્ (જાણવું)—બુદ્ધ
ક્રુધ્ (ક્રોધ પામવો)—ક્રુદ્ધ
લભ્ (મેળવવું)—લબ્ધ
લુભ્ (લોભ રાખવો)—લુબ્ધ
ક્ષુભ્ (ક્ષોભ પામવો)—ક્ષુબ્ધ, સંક્ષુબ્ધ
શક્ (શકવું)—શક્ત
મુચ્ (છોડવું, મૂકવું)—મુક્ત
ભજ્ (ભજવું)—ભક્ત
બન્ધ્ (બાંધવું)—બદ્ધ
સિધ્ (સિદ્ધ કરવું)—સિદ્ધ
તૃપ્ (તૃપ્ત થવું)—તૃપ્ત
દહ્ (બાળવું)—દગ્ધ
અર્ચ્ (પૂજવું)—અર્ચિત
પૂજ્ (પૂજવું)—પૂજિત

ત—ન (તનો ન થાય છે—ધાતુને અન્તે દ્ કે ર્ (ઋનો ઇર્ કે ઉર્ થયલો તે) હોય છે ત્યારે તનો ન થાય છે).

ભિદ્ (ભાંગવું)—ભિન્ન
છિદ્ (છેદવું)—છિન્ન
ખિદ્ (ખેદ પામવો)—ખિન્ન
નિર્વિદ્ (નિર્વેદ પામવો, ગ્લાનિ પામવી)—નિર્વિણ્ણ
દી (ક્ષીણ થવું)—દીન
લી (લય પામવો)—લીન
કૃ (વિખેરવું)—કીર્ણ, સંકીર્ણ, પ્રકીર્ણ
પૃ (ભરવું)—પૂર્ણ; સંપૂર્ણ
જૃ (ઘરડા થવું)—જીર્ણ
પ્યાય્ (વૃદ્ધિ પામવી)—પીન

ત—લ ફલ્ (ફળવું)—ફુલ્લ; પ્રફુલ્લ
ત— શુષ્ (સુકાવું)—શુષ્ક
ત—વ પચ્ (રાંધવું)—પક્વ

૩. પરોક્ષ ભૂત કૃદન્ત

વસ્—(વાન્ પ્ર. એ. વ.)
વિદ્ (જાણવું)—વિદ્વાન્

૪. વિધ્યર્થક

૧. તવ્ય, ય, અનીય. કૃ (કરવું)–કર્તવ્ય, કાર્ય, કરણીય (કરવા યોગ્ય), કૃત્ય (યની પૂર્વે ત આગમ લાગ્યો છે.)
વર્ણ્ (વર્ણવવું)–વર્ણનીય–વર્ણ્ય
રમ્ (રમવું)–રમ્ય, રમણીય
લભ્ (મેળવવું)–લભ્ય
શક્ (શકવું)–શક્ય
સહ્ (સહવું)–સહ્ય
હન્ (હણવું)–વધ્ય
સ્તુ (વખાણવું)–સ્તુત્ય, સ્તવનીય યની પૂર્વે ત્ આગમ આવ્યો છે.
ઉદ્દિશ્ (બતાવવું; ઉદ્ સાથે દિશ્ અભિલક્ષવું)–ઉદ્દેશ્ય
ત્યજ્ (તજવું)–ત્યાજ્ય
ગર્હ્ (નિંદવું)–ગર્હ્ય
વદ્ (વદવું)–અવદ્ય (નિન્દ્ય; અનવદ્ય–અનિન્દ્ય, ઉત્તમ); અનુવાદ્ય
નિન્દ્ (નિંદવું)–નિન્દ્ય
ભૂ (હોવું)–ભવ્ય (ઉત્તમ); ભાવ્ય (થવાનું છે તે)
વચ્ (બોલવું)–વાચ્ય, વાક્ય
યુજ્ (જોડવું)–યોગ્ય
વિધા (કરવું)–વિધેય
નશ્ (નાશ પામવો)–વિનાશ્ય
મૃ (મરવું)–મરણીય

૫. શીલાર્થક

ઇષ્ણુ—સહ્ (સહેવું)–સહિષ્ણુ
આલુ—નિ+દ્રા (ઊંઘવું)–નિદ્રાળુ; દય્ (દયા રાખવી)–દયાલુ
વર—નશ્ (નાશ પામવો)–નશ્વર; સ્થા (રહેવું)–સ્થાવર; ભાસ્ (પ્રકાશવું)–ભાસ્વર
ઉ—ઇષ્ (ઇચ્છવું)–ઇચ્છુ; ભિક્ષ્ (ભીખવું)–ભિક્ષુ
ઇચ્છાવાચક અંગને—જિજ્ઞાસ (જાણવા ઇચ્છવું)–જિજ્ઞાસુ; મુમુક્ષ (મુક્તિ ઇચ્છવી)–મુમુક્ષુ
ઉર—ભિદ્ (ભાંગવું)–ભિદુર; વિદ્ (જાણવું)–વિદુર
ર—નમ્ (નમવું)–નમ્ર; હિંસ્ (હિંસા કરવી)–હિંસ્ર

ઉણાદિ પ્રત્યય (મુખ્ય આપ્યા છે.)

ઉ—વા (વાવું)–વાયુ (જે વાય તે); સ્વાદ્ (ચાખવું)–સ્વાદુ; સાધ્ (સાધવું)–સાધુ (પરકાર્ય સાધે તે); દૃ (ફાડવું)–દારુ (ફડાય તે, લાકડું); જન્ (જન્મવું)–જનુ; ચર્ (ફરવું)–ચારુ (સુંદર); ચટ્ (વરસવું)–ચાટુ (પ્રિય); મૃ (મરવું)–મરુ (જેને વિષે પ્રાણીઓ મરણ પામે; મારવાડ); ચર્ (ચારવું, ખાવું)–ચરુ (દેવતા જેનું ભક્ષણ કરે છે તે); તન્ (તાણવું)–તનુ; શો (પાતળું કરવું)–શિશુ (બાળક); વ્યધ્ (વિંધવું)–વિધુ (ચન્દ્ર; વિરહીને વીંધે છે); ગૃ (બોલવું)–ગુરુ; દૃશ્ (જોવું)–પશુ (સર્વને સરખાં જુએ; વિવેકરહિત); બાધ્ (પીડવું)–બાહુ; મૃદ્ (મર્દન કરવું)–મૃદુ; દ્રુ (દ્રવ પામવો)–દ્રુ (ઊંચે દ્રવે તે, વૃક્ષ ને શાખા; તદ્વાન્ તે દ્રુમ); લઙ્ઘ્ (ઓળંગવું)–લઘુ

ઉર–

મથ્ (હિંસા કરવી, પીડવું)–મથુરા; ચત્ (યાચવું)–ચતુર; અઙ્કૂ (નિશાની કરવી)–અંકુર; અસ્ (ફેંકવું)–અસુર; અશ્ (વ્યાપવું; શુ અવ્ય૦=જલદી; શુ+અશ્+ઉર)–શ્વશુર (સસરો)

ઇર–

મદ્ (ગાંડા થવું)–મદિરા; મન્દ્ (સ્તુતિ કરવી)–મંદિર; તિમ્ (ભીનું કરવું)–તિમિર; રુચ્ (પ્રકાશવું)–રુચિર; રુધ્ (રુંધવું)–રુધિર; બન્ધ્ (બાંધવું)–બધિર; સ્થા (સ્હેવું)–સ્થિર (આ લોપાઈ)

ઇલ

અન્ (જીવવું)–અનિલ (વાયુ); સલ્ (જવું)–સલિલ (પાણી; નિમ્ન પ્રદેશમાં જાય છે) મહ્ (પૂજવું)–મહિલા; કુક્ (લેવું)–કોકિલ; કુટ (વાંકા થવું)–કુટિલ

મ–

ધૃ (ધારણ કરવું)–ધર્મ; યુજ્ (જોડવું)–યુગ્મ; ભી (બીવું)–ભીમ; ધૃ (પ્રકાશવું)–ધર્મ–ધામ; કૃ (કરવું)–કર્મ; જન્ (પેદા કરવું)–જન્મ; ચર્ (ફરવું)–ચર્મ; રુ (શબ્દ કરવો)–રોમ

અનિ–

સૃ (સરવું)–સરણિ (પદ્ધતિ; નીસરણી, માર્ગ); ધૃ (ધરવું)–ધરણિ; અવ્ (રક્ષવું)–અવનિ; તૃ (તરવું)–તરણિ; રજ્ (ખુશ કરવું)–રજનિ

इस्-

अर्च् (પૂજવું)-अर्चिष् (જ્વાલા); द्युत् (પ્રકાશવું)-द्योतिष्; चक्ष् (કહેવું)-चक्षुष्

न-

कृ (કરવું)-कर्ण; वृ (વરવું)-वर्ण; रम् (રમવું)-रत्न

त्र-

चि (ચેકડું કરવું)-चित्र; सिव् (સીવવું)-सूत्र; शस् (સ્તુતિ કરવી)-शस्त्र; पू (પવિત્ર કરવું)-पुत्र; मि (ફેંકવું)-मित्र

मि

नी (દોરવું)-नेमि; भू (હોવું)-भूमि; ऋ (જવું)-ऊर्मि

दृश् ધાતુ ઉપરથી—सदृश्-सदृश-सदृक्ष
—मादृश्-श-क्ष
—त्वादृश्-श-क्ष
—एतादृश्-श-क्ष
—अन्यादृश्-श-क्ष

तृ-

नप्ता (न पत्-પૌત્ર, ક્રોધિત; જે વડે પડે નહિ તે); भ्राता (भ्राज् પ્રકાશવું, ज् લોપાઈ); नप्ता (मा-માપવું, જેને માપે તે); माता (मान्-પૂજવું, न् લોપાઈ); पिता (पा-રક્ષવું); दुहिता (दुह्-દોહવું)

स्वसा (सुपूर्वक अस्); ननान्दा (न+नन्द् ખુશ થવું; ખુશ ન થાય તે); देवर (दिव-પ્રકાશવું)

तद्भव प्रत्यय

१. भाववाचक

अण-अणी-आणुं (सं. अन)—

જમણ; સીવણ; કાપણી; માપણી; રહેણી; કરણી; ખાંડણી; બાંધણી; લળણી; ચાલણી; રાંધણું; ભરણું; વલોણું; બિછાનું (વિસ્તરણ), પાથરણું

અત—

રમત; ગમત; આડત

તી— (સં. તિ)

ભરતી, બેસતી, ગણતી

આઈ—(તદ્ધિત 'આઇ'નું મૂળ જુઓ.)

ચડાઈ; ઘડાઈ; ધોળાઈ

આવ—

ચડાવ, ઠરાવ, પડાવ, અટકાવ

આવટ—

બનાવટ, મિલાવટ

આટ—

ગભરાટ; ગડગડાટ–ખડખડાટ–લપલપાટ, વગેરે; કકળાટ; ચળકાટ

પું. પ્રત્યય સાથે–**આટો—**

ગપાટો; સપાટો; બુમાટો

આણ—

કકલાણ, વેચાણ

આપ—

મેળાપ

આમણ—

ગભરામણ; લખામણ; શિખામણ; ચરામણ; ચળામણ

ટ્કર્મણિ આ કે પ્રેરક ભાવ પ્રત્યયને બદ્ધ ને ડાઈ એ પ્રત્યય થયા છે. 'આમણ'માં 'વ્'નો 'મ્' થયો જણાય છે. 'આવટ', 'આટ'માં 'ટ' ક્ષેપક છે.

ઉક—વર્તણુક

અક—બેઠક

તર—

ભણુતર, કળતર, ચણુતર, વગેરે

ઈ—

બોલી, ધાટી; (ફારસી શબ્દોને પણ લાગે છે)–કમી–કમતી

આળ—

વટાળ

૨. કર્તૃવાચક

નાર; કાર—

બેસનાર, લખનાર, વાંચનાર, જાણુનાર; કાર–જાણુકાર

૩. વિશેષણ બનાવનાર

આઉ—

ઉડાઉ; ચડાઉ; શિખાઉ; ટકાઉ; કમાઉ

આળ (સં. આલુ)—

દયાળ–ળુ

કૃત્—કૃદન્તના પ્રકરણમાં આપેલા પ્રત્યય—જતું; ગયું; ગયલું; જનારૂં; જવાનું

ઉ, આઉ—

વ્યાજખાઉ; કમાઉ; મારૂ; ખેડુ; ભેદુ; ખર્ચુ (ફારસી 'ખર્ચ' ને 'ઉ' પ્રત્યય લાગી)

ખાઉ (સં. खादितृ; પ્રા. खाइउओ)–ખાઉ

આઉ–પ્રેરક છે. સં. कर्मापयितृ–પ્રા.–कम्मावउओ–કમાઉ

અરબી પ્રત્યય

ધાતુના વર્ણમાં 'આ,' 'ઈ,' કે 'અ' એ સ્વર જોડવાથી કર્તૃવાચક શબ્દ થાય છે અને ધાતુની પહેલાં 'મ' મૂકવાથી કર્મવાચક શબ્દ થાય છે.

ભૂત કાળ ૩પુ. એ. વ.	કર્તરિ	કર્મણિ
અલમ (તેણે જાણ્યું)	આલિમ (જાણનાર)	માલૂમ (જણાયલું)
અશક (તેણે ઇચ્છ્યું)	આશિક (ઇચ્છનાર)	માશૂક (ઇચ્છાયલું)
કદર (તે સમર્થ થયો)	કાદિર	મકદૂર (મગદૂર, શક્તિ)
નજર (તેણે જોયું)	નાજિર (જોનાર)	મંજુર (જોયલું; પસંદ કરેલું)
હુકમ (તેણે હુકમ કર્યો)	હાકિમ (આજ્ઞા કરનાર)	
જહર (તેણે જોયું)	જાહિર (દેખાનાર)	
શહર (તેણે પ્રસિદ્ધ કર્યું)		મશહૂર (પ્રસિદ્ધ થયલું)
જલમ (તેણે પીડા કરી)	જાલિમ (પીડનાર)	
શહદ (તેણે જોયું)	શાહિદ (જોનાર)	
જબત (તેણે રાખ્યું)	જાબિત (જબતો રાખનાર)	મજબૂત (સ્થિર)
હમદ (તેણે સ્તુતિ કરી)	હામિદ	મહમૂદ (સ્તુત)
જકર (તેણે કહ્યું)		મજકૂર (કહેલું)
સહબ (તે રહ્યો)	સાહિબ (સહચર)	
હસલ (તેણે જમા કર્યું)	હાસિલ (જમા કરનાર)	મહસૂલ (કર, ઉત્પન્ન)
જમન (તેણે જવાબ દીધો)	જામિન (જવાબ દેનાર)	

ભૂત કાળ ૩પુ. એ. વ.	કર્તરિ	કર્મણિ
લયક (તે યોગ્ય હતો)	લાઈક (લાયક)	
મજવ (તે ગયો)	માજી (ગયલું; 'માજિ-વ'નું 'માજી' થયું છે.)	
હરમ (તેણે પવિત્ર રાખ્યું)		મુહર્રમ (પૂજ્ય, મોહરમ)
રખમ (તેણે રાખ્યું)	મુરખ્-ખી (રક્ષક)	મુરખ્-ખા (રાખેલો પદાર્થ)
જફર (તેણે જીત્યું)	મુજફ્ફિર (વિજયી)	
કરર (તેણે મૂક્યું)		મુકર્-રર (મુકરર, સ્થાપિત)
કદમ (તે આગળ થયો)	મુકદ્દિમ (આગળ ચાલનાર)	મુકદ્દ-દમા (પહેલાં ગયલું; પ્રસ્તાવના)
ફસલ (તેણે વહેંચ્યું)	તફ્સીલ (ક્રિયાવાચક; કકડે કકડે વર્ણન)	
અરફ (તેણે વર્ણવ્યું)	તઅરીફ્(તારીફ,વર્ણન; ક્રિ. વા.)	
સદ્દઅ (તેણે પીડ્યું)	તસદ્દી (ક્રિ. વા.)	
જવજ (તેણે શોધ્યું)	તજવીજ (ક્રિ. વા.)	
કસર (તેણે અન્યાય કર્યો)	તકસીર (ક્રિ. વા.)	
કરર (તે બોલ્યો)	તકરાર (ક્રિ. વા.)	
સફર (તે ગયો)	મુસાફિર	
નસબ (તે યોગ્ય હતો)		મુનાસિબ (યોગ્ય)

ભૂત કાળ ૩ પુ. એ. વ.	કર્તરિ	કર્મણિ
અમલ (તેણે અધિકાર ચલાવ્યો)	મુઆમલત (મામલત, મામલા, અધિકાર; (ક્રિ. વા.)	
કબલ (તે આગળ થયો)	મુકાબિલા (તુલના; ક્રિ. વા.)	
બરક (તેણે આશીર્વાદ દીધો)		મુબારક (આશીર્વાદ પામેલું; સુખી)
લકય (તે મળ્યો)	મુલાકાત (મળવું તે; (ક્રિ. વા.)	
નસક્ર (તેણે ન્યાય કર્યો)	મુનસિફ્ર (ન્યાયકર્તા)	ઇનસાફ્ર (ન્યાય; ક્રિ. વા.)
નશચ (તેણે લખ્યું)	મુનશી (લેખક)	
અમન (તેણે વિશ્વાસ કર્યો	ઇમાન (વિશ્વાસ; ક્રિ. વા.)	
રવહ (તેણે ઇચ્છયું)	મુરીદ (ઇચ્છનાર) ઇરાદા (ઇચ્છા; ક્રિ. વા.)	મુરાદ (ઇચ્છિત; ઇચ્છા)
કરર (તે બોલ્યો)	ઇકરાર (વચન; ક્રિ. વા.)	
સલમ (તે સુખી થયો)	મુસલ્લિમ (મુસલમાન, ધાર્મિક)	ઇસલામ (મુસલમાની ધર્મ; ક્રિ. વા.)
જરય (તેણે શુદ્ધ કર્યું)		મુજરા (સન્માન, ભેટ)

અલક (તેણે આશ્રય લીધો)	તઅલ્લુકા (તાલુકા, આશ્રય-સ્થાન, ભૂમિ, ધન, વગેરે)
સહય (તેણે હિસાબ રાખ્યો)	મુતસદ્દી (ગણનાર)

કલબ (તેણે બદલ્યું)	તકલ્લુબ (રૂપાન્તર, ભેદ; ક્રિ. વા. વિશે. તખલુબી=ખોટું, બદલેલું)
લશય (તેણે શોધ્યું)	તલાશ (શોધ; ક્રિ. વા.)
ફવત (તેણે બદલ્યું)	તફાવુત (તફાવત; ક્રિ. વા.)
કવય્ (તેણે મદદ કરી)	તકાવી (તગાઈ, મદદ; ક્રિ. વા.)
મશય (તેણે બતાવ્યું)	તમાશી (તમાશા; ક્રિ. વા.)
અબર (તેણે વિશ્વાસ કર્યો)	ઇઅતિબાર (ઇતબાર–વિશ્વાસ ક્રિ. વા.)
ખયર (તે નિવડ્યો)	ઇખતિયાર (અખત્યાર, અધિકાર, ક્રિ. વા.)
દઅઅ (તેણે ઇચ્છયું)	મુદ્દઆ (મુદ્દા–ઇચ્છા)
હસબ (તેણે પૂરું કર્યું)	હિસાબ (ક્રિ. વા.)
ખસર (તેણે ટૂંકું કર્યું)	મુખ્તસર (ટૂંકું કરેલું)
શગલ (તે કામે લાગ્યો)	મશગૂલ (કામે લાગનાર)

પ્રકરણ ૨૯મું

હિન્દ–આર્ય પ્રાકૃત ભાષાઓ: ગુજરાતીનું તેમાં સ્થાન

આર્ય ટોળી અને તેમનો ફેલાવો—પ્રાચીન સમયમાં કેટલીક આર્ય ટોળીઓ ઉત્તરના સામાન્ય નિવાસસ્થાનમાંથી યુરોપ અને એશિઆના જુદા જુદા ભાગોમાં ફેલાઈ ગઈ; પ્રાચીન સંસ્કૃત ભાષા પ્રાચીન ઈરાની ભાષાને ઘણી મળતી છે. અવેસ્તામાંના ઘણા ભાગ થોડાજ નિયમને અનુસારે વૈદિક સંસ્કૃતમાં લાવી શકાય છે. આર્ય ટોળીઓ જુદી પડી ત્યાર પછી સંસ્કૃત અને ઈરાની ભાષાનો વિકાસ જુદી અને સ્વતન્ત્ર રીતે થયો.

કેટલીક આર્ય ટોળી ઉત્તરથી દક્ષિણ તરફ આવી હાલ જેને પૂર્વ અફ્ગાનિસ્તાન કહે છે ત્યાં વસી અને કેટલીક કાબુલ નદીની

ખીણદ્વારા પંજાબમાં વસી. આ પ્રમાણે આર્ય પ્રજાની જુદી જુદી ટોળી જુદે જુદે સમયે હિંદુસ્તાનમાં ઘણા સૈકા સુધી આવ્યા કીધી.

મધ્ય પ્રદેશ—ગંગાયમુનાનો પ્રદેશ મૂળ મધ્ય દેશ કહેવાતો. અહિં બોલાતી ભાષા શુદ્ધ થતી ગઈ. વૈયાકરણોએ ઇ૰ સ૰ પૂર્વે ૮૦૦ને સુમારે વ્યાકરણ રચી તેનું શુદ્ધ સ્વરૂપ સુદૃઢ કર્યું. એ ભાષા તે સંસ્કૃત ભાષા. ત્યાંના સામાન્ય અશિષ્ટ લોકોની અશુદ્ધ ભાષા તે પ્રાકૃત ભાષા. પ્રાકૃત ભાષા એટલે લોકભાષા. સંસ્કાર પામેલી ભાષા તે સંસ્કૃત અને તેનું ભ્રષ્ટ રૂપ તે પ્રાકૃત.

મધ્ય દેશ ને આસપાસનો તથા બાહ્ય પ્રદેશ—મધ્ય દેશની આસપાસ પૂર્વ, પશ્ચિમ, અને દક્ષિણમાં વૈદિક સમયમાં પણ બીજી આર્ય ટોળી વસતી હતી. આ પ્રદેશમાં હાલનું પંજાબ, સિંધ, ગુજરાત, રજપુતાના, અયોધ્યા, અને બિહારનો સમાવેશ થતો હતો. કાલક્રમે મધ્યદેશની વસ્તી વધતી ગઈ અને એ પ્રદેશના લોકોએ પૂર્વ પંજાબ, રજપુતાના, ગુજરાત, અને અયોધ્યા જીતી લીધાં. રજપુતાના અને ગુજરાતમાં વસેલી જાતોનો વિચાર કરીશું તો આ બાબત સમજાશે. ઈ. સ.ના ૧૨મા સૈકાને અન્તે રાઠોડોએ ગંગાયમુનાના મધ્ય દેશમાં આવેલું કનોજ છોડયું અને મારવાડ જીતી લીધું. જેપુરના કછવાહા લોકો અયોધ્યાથી આવ્યા છીએ એમ કહે છે અને સોળંકીઓ પૂર્વ પંજાબમાંથી રજપુતાનામાં દાખલ થયા. યાદવોનું મૂળ સ્થાન મથુરા હતું, ત્યાંથી તેઓ ગુજરાતમાં આવ્યા. આ વચલા પ્રદેશની ભાષા પર મધ્ય દેશની ભાષાની અસર થઈ અને તેથી એમાં બોલાતી ભાષા **મિશ્ર ભાષા** છે. જેમ મધ્ય દેશના લોકો ત્રણે બાજુએ ફેલાયા તેમ એ વચલા પ્રદેશના—ગુજરાત, રજપુતાના, પંજાબ, ને અયોધ્યાના—આર્ય લોકો પણ પૂર્વ અને દક્ષિણ તરફ ફેલાયા. પશ્ચિમ તરફ તેઓ ઠેઠ દરિયા લગણ વસ્યા હતા, તેથી તે તરફ

ફેલાવાનો અવકાશ ન હતો. આ કારણથી તેઓ દક્ષિણમાં મરાઠા પ્રદેશમાં અને પૂર્વમાં ઓરિસા, બંગાળા, અને આસામમાં ફરી વળ્યા.

વિભાગ—આ પ્રમાણે હાલમાં હિંદ–આર્ય ભાષાના નીચે પ્રમાણે ભાગ થઈ શકે છે.

૧. મધ્ય દેશની હિંદ–આર્ય ભાષા—પશ્ચિમ હિંદી એ ગંગા–યમુનાના પ્રદેશ અને તેની ઉત્તરદક્ષિણે બોલાય છે. તેમાં સામાન્ય રીતે પશ્ચિમે પૂર્વ પંજાબથી પૂર્વે કાનપુર લગણનો પ્રદેશ આવે છે.

૨. વચલા પ્રદેશની મિશ્ર ભાષા. એ મધ્ય દેશની ત્રણ બાજુએ, પૂર્વ, પશ્ચિમ, અને દક્ષિણે બોલાય છે. પંજાબી (મધ્ય પંજાબની), ગુજરાતી, રાજસ્થાની (રજપુતાના અને તેના આસપાસના પ્રદેશની), અને પૂર્વ હિંદી (અયોધ્યા અને તેના દક્ષિણ પ્રદેશની)

૩. બાહ્ય ભાષા–કાશ્મીરી, પશ્ચિમ પંજાબની, સિંધી (ગુજરાતના સીમા પ્રદેશની), મરાઠી, ઉત્કલી (ઓરિસાની), બિહારી, બંગાળી, અને આસામની ભાષા.

પાલી, પ્રાકૃત, અપભ્રંશ—ઉપર દર્શાવ્યા પ્રમાણે સંસ્કૃત એટલે શુદ્ધ સંસ્કાર પામેલી કેળવાયલા શિષ્ટ વર્ગની ભાષા. એ ભાષા હાલ છે તેવી તે સમયે મૃત ભાષા ન હતી, પણ જીવન્ત ભાષા હતી. જીવતી ભાષામાં હમેશ વિકાર થયા કરે છે. બધા બોલનારાના ઉચ્ચાર સરખા શુદ્ધ હતા નથી. તે અનેક રીતે અશુદ્ધ થાય છે. આ કારણો ઉપરાંત, આર્ય પ્રજા અનાર્ય પ્રજાના સંબંધમાં આવવાથી તેનું અશુદ્ધ રૂપ થયું. એ અશુદ્ધ રૂપનું પ્રાચીનમાં પ્રાચીન સ્વરૂપ તે પાલી ભાષા. પાલી એ બૌદ્ધોની પવિત્ર ભાષા હતી. પાલી કરતાં વધારે અશુદ્ધ થયલું સંસ્કૃત ભાષાનું સ્વરૂપ તે પ્રાકૃત ભાષા. પ્રાકૃતમાં ભ્રષ્ટતા થઈ જે સ્વરૂપ થયું તે અપભ્રંશ. એ અપભ્રંશમાંથી હાલની દેશી ભાષાઓ ઉદ્ભવેલી છે.

પ્રાકૃત ભાષાઃ વિભાગ—પ્રાકૃત ભાષાઓના મુખ્ય બે ભાગ કરી શકાયઃ–૧. મધ્ય દેશની પ્રાકૃત ભાષા અને ૨. બાહ્ય પ્રદેશની પ્રાકૃત ભાષા. મધ્ય દેશની પ્રાકૃત ભાષા તે શૌરસેની. મથુરાની આસપાસનો પ્રદેશ શૂરસેન કહેવાતો, તે ઉપરથી એ પ્રાકૃત ભાષાનું નામ પડ્યું છે. ગંગાયમુનાનો પ્રદેશ એ પ્રાકૃતનું મધ્ય સ્થળ હતું અને પશ્ચિમ તરફ લાહોર સુધી અને પૂર્વ તરફ ગંગા-જમનાના સંગમ સુધી એ ફેલાયલી હતી. મધ્ય પ્રદેશના લોકો બહાર ફેલાઈ ગુજરાત ને રજપુતાનામાં વસ્યા, તેમની સાથે શૌરસેની ભાષા પણ તે પ્રદેશોમાં ફેલાઈ.

બાહ્ય પ્રદેશની પ્રાકૃત ભાષાઓને શૌરસેની સાથે જેટલો સંબંધ હતો તેના કરતાં માંહોમાંહે વિશેષ હતો. માગધી, અર્ધમાગધી, અને મહારાષ્ટ્રી એ પ્રાકૃત ભાષાઓ હતી. માગધીનું મુખ્ય સ્થળ મગધ, અર્વાચીન દક્ષિણ બિહાર હતું. પશ્ચિમ તરફ તે કાશીપર્યન્ત ફેલાયલી હતી. એ ભાષાના પ્રદેશ અને શૌરસેનીના પ્રદેશની વચ્ચે અર્ધ-માગધીનો પ્રદેશ હતો. મહારાષ્ટ્રી એ મહારાષ્ટ્રની ભાષા હતી. એ રાજ્ય નર્મદાથી કૃષ્ણાપર્યન્ત હતું.

શૌરસેનીની અપભ્રંશ ભાષા તે નાગર અપભ્રંશ. એ અપભ્રંશ ગુજરાતમાં ને રાજસ્થાનમાં બોલાતી. સિંધમાં વ્રાચડ અપભ્રંશ હતી.

સંસ્કૃત ને દેશ્ય શબ્દ–શૌરસેનીમાં સંસ્કૃત શબ્દ ઘણા છે. બાહ્ય પ્રદેશની ભાષાઓમાં દેશ્ય શબ્દ ઘણા છે. દેશી ભાષાઓમાં તત્સમ, તદ્ભવ, અને દેશ્ય શબ્દો છે. એ દેશ્ય શબ્દો ઘણે ભાગે બાહ્ય પ્રદેશના તદ્ભવ શબ્દજ છે. પંજાબીમાં તત્સમ શબ્દો થોડામાં થોડા અને બંગાળીમાં વધારેમાં વધારે છે.

દેશી ભાષામાં અન્ય શબ્દો–વળી દેશી ભાષાઓમાં દ્રાવિડ ભાષાના શબ્દ પણ ઘૂસવા પામ્યા છે. તેમજ ફારસી અને ફારસીદ્વારા અરબીમાંથી પણ ઘણા શબ્દ દાખલ થયા છે. ઘણા વખત સુધી

મુગલ કચેરીમાં ફારસી ભાષા સભ્યતા અને સાહિત્યની ભાષા હતી, તેથી તેમાંથી એ શબ્દ આવ્યા છે.

પશ્ચિમ ને પૂર્વ હિંદી અને તેની બોલીઓ–ઉપર દર્શાવ્યા પ્રમાણે ગંગાયમુનાનો પ્રદેશ અને તેની ઉત્તરદક્ષિણનો ભાગ તે પશ્ચિમ હિંદીનો પ્રદેશ છે અને એની પ્રશ્ચિમે પંજાબીનો પ્રદેશ અને પૂર્વે પૂર્વ હિંદીનો પ્રદેશ છે.

પશ્ચિમ હિંદી ને પૂર્વ હિંદીની કેટલીક પ્રાન્તિક બોલીઓ વિષે જાણવું જરૂરનું છે. પૂર્વ હિંદીની એક અગત્યની પ્રાન્તિક બોલી **અવધી** છે, તે અયોધ્યામાં બોલાય છે. પશ્ચિમ હિંદીની બોલીઓમાં **બુંદેલી** બુંદેલખંડમાં, **વ્રજભાષા** મથુરાની આસપાસ, **કનોજી** મધ્ય ગંગાયમુનાના અને ઉત્તરના પ્રદેશમાં, અને **હિંદુસ્તાની** એ દિલ્હી ને ઉપલા ગંગાયમુનાના પ્રદેશમાં બોલાય છે. આ પ્રમાણે હિંદુસ્તાની એ પશ્ચિમ હિંદીની એક પ્રાન્તિક બોલી છે અને શૌરસેની પ્રાકૃતમાંથી ઉદ્ભવી છે. દિલ્હીની આસપાસના પ્રદેશની એ કુદરતી ભાષા હતી. બ્રજ્જરમાં એકઠો થનારો ઘણો ભાગ એ ભાષા બોલતો. આથી તે બ્રજ્જરની ભાષા થઈ. અહિંથી તે મુગલ છાવણીની ભાષા થઈ અને બાદશાહના અધિકારીઓએ તેને હિંદુસ્તાનના બધા ભાગમાં ફેલાવી. એમાં **ઉર્દુ** ને **હિંદી** એ ભિન્ન બોલીઓ છે. ઉર્દુ એ મૂળ છાવણીની ભાષા હતી. મુગલોના સમયમાં ફારસી દરબારી ભાષા હોવાથી ઉર્દુમાં ખૂબ ફારસી શબ્દ દાખલ થયા. બંધારણમાં ઉર્દુ ભાષા હિંદ–આર્ય ભાષા છે, તોપણ તેમાં એટલા બધા ફારસી શબ્દ છે કે તે ફારસી ન જાણનારને સમજવી મુશ્કેલ પડે છે. અંગ્રેજ લોકો હિંદુસ્તાનમાં આવ્યા પછી ઉર્દુનું ગદ્યસાહિત્ય ઊભું થયું. ફોર્ટ વિલિઅમના મહાવિદ્યાલયમાં પાઠ્ય પુસ્તકોની જરૂર પડી, તે પૂરી પાડવા એ સાહિત્ય રચાયું. એજ વખત ફોર્ટ વિલિઅમના બીજા શિક્ષકોએ હિંદુસ્તાનીના હિંદી સ્વરૂપને જન્મ આપ્યો. ઉર્દુમાંના ફારસી શબ્દો કાઢી નાખી તેને

બદલે તેમણે સંસ્કૃત તદ્ભવ ને તત્સમ શબ્દો દાખલ કર્યા. આ બોલી ઘણી લોકપ્રિય થઈ અને હાલ ઉત્તર હિંદુસ્તાનના જે લોકો ઉર્દુ વાપરતા નથી તેમની એ ભાષા છે. આ હિંદી બોલી પણ ઉર્દુની પેઠે અંગ્રેજ લોકોના અમલથી શરૂ થઈ છે. એ કાવ્યને માટે ભાગ્યેજ વપરાય છે. કાવ્યને માટે અવધી કે વ્રજભાષા વપરાય છે. ઉર્દુમાં સ્વાભાવિક વિકાસ થયો છે અને તેમાં પુષ્કળ કાવ્ય છે. આ પ્રમાણે ઉર્દુ એ કેળવાયલા મુસલમાનોની ફારસી બનાવેલી હિંદુસ્તાની છે અને હિંદી એ કેળવાયલા હિંદુઓની સંસ્કૃત બનાવેલી હિંદુસ્તાની છે. હિંદુસ્તાની તો દિલ્હીની આસપાસના પ્રદેશની લોકસામાન્ય ભાષા છે. આ રીતે હિંદુસ્તાની, ઉર્દુ, અને હિંદી, એ પ્રાન્તિક બોલીઓનાં નામ છે. પશ્ચિમ હિંદી ને પૂર્વ હિંદી એ બે ભાષાનાં નામ છે, પ્રાન્તિક બોલીનાં નથી.

પ્રાકૃતમાં વર્ણ—સંસ્કૃતમાં વર્ણ છે તેજ દેશી ભાષાઓમાં છે; પરંતુ પ્રાકૃતમાં અને દેશી ભાષામાં નવા ઉચ્ચાર જન્મ પામ્યા છે. સંસ્કૃતમાં ए ને ओ જ હતા; પરંતુ પ્રાકૃતમાં ને દેશી ભાષામાં હ્રસ્વ ए ને ओ તેમજ દીર્ઘ ए ને ओ બંને જોવામાં આવે છે. પ્રાકૃતમાંથી ऐ ને औ જતા રહી તેને બદલે ए ને ओ થયા છે. એજ સમયમાં अ इ ને अ उ સાથે આવતા થયા. દેશી ભાષામાં, એ બે સ્વરો મળી જઈને અનુક્રમે 'એ' ને 'ઓ' થયા. બાહ્ય પ્રદેશની ભાષાઓમાં 'એ' ને 'ઓ'ને નમ્ર કરી 'ઇ' ને 'ઉ' કરવા તરફ વલણ છે. દેશી ભાષાઓમાં સંસ્કૃત ભાષાના સંયુક્ત વ્યંજનનો કઠિન ઉચ્ચાર કાઢી નાખી સરળ ઉચ્ચાર કરવા તરફ વલણ છે, તેથી પ્રાકૃતમાંના શબ્દોનું એક વ્યંજન લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થાય છે; જેમકે,

સં. હસ્ત; પ્રા. હત્થ; ગુજ. હાથ.

કેટલીક દેશી ભાષાઓમાં 'હત્થ' અને 'હાથ' બંને છે. પંજાબીમાં માત્ર 'હુથ'જ છે. સિંધીમાં પૂર્વ સ્વર દીર્ઘ થતો નથી, તેથી 'હુથ'

રૂપ છે. બાહ્ય પ્રદેશની ઘણી ભાષાઓમાં મહાપ્રાણ વર્જવાની વૃત્તિ છે; તેથી કાશ્મીરી, મરાઠી, ને બંગાળીમાં 'હાત' શબ્દ છે.

ગુજરાતી ને રાજસ્થાની—ગુજરાતી ને રાજસ્થાની ભાષાઓ વચ્ચે ઘણો નિકટનો સંબંધ છે. એકજ હિંદી ભાષાની એ બંને બોલીઓ છે. ડૉ. ટેસિટોરિનું માનવું એવું છે કે ઈ. સ.ના ૧૫મા સૈકા સુધી ગુજરાતમાં ને પશ્ચિમ રજપુતાનામાં એકજ ભાષા ચાલતી. તે ભાષાને તેઓ પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની કહે છે. એ ભાષા ગુજરાતી તેમજ મારવાડીનું મૂળ છે. પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાનીને આપણે જૂની ગુજરાતી કહીએ છીએ. એ બોનો પ્રદેશ આગ્રા ને દિલ્હીથી અરબી સમુદ્રપર્યન્ત છે. ગુજરાતી એ મુંબઈ ઈલાકાના દરિયાકિનારાના પ્રદેશમાં દક્ષિણે છેક દમણથી તે ઉત્તરે પાલણપુરના બ્રિટિશ પ્રાન્ત સુધીમાં તેમજ વડોદરા, કાઠિયાવાડ, વગેરેનાં દેશી રાજ્યોમાં બોલાય છે અને રાજસ્થાની રજપુતાના અને મધ્ય હિંદના બોની પાસેના ભાગોમાં બોલાય છે.

ગુજરાતીઃ પ્રાન્તિક બોલીઓ—ગુજરાતીમાં અગત્યની પ્રાન્તિક બોલી નથી. પારસી, મુસલમાનો, ને હિંદુઓના ઉચ્ચારમાં કેટલોક ફેર છે. પારસી અને મુસલમાનોમાં દન્ત્ય અને મૂર્ધન્ય વ્યંજનોને સેળભેળ કરવા તરફ વલણ છે. હિંદુઓમાં પણ શિષ્ટ અને અશિષ્ટ વર્ગોમાં તેમજ ગુજરાતના સર્વ ભાગોમાં ઉચ્ચાર સરખા નથી. ઉત્તર તરફ પહોળા ઉચ્ચાર અને શકાર અને દક્ષિણ તરફ શકારને બદલે સકાર ને હકાર તરફ વધારે વલણ છે. એથી ઉલટું, ઉત્તર તરફ અશિષ્ટ વર્ગોની બોલીમાં હકારનો સકાર થાય છે ('મોહનલાલ'ને બદલે 'મોસનલાલ'). ઉત્તરમાં 'ક' અને 'ખ'ને બદલે 'ચ' ને 'છ' થાય છેઃ—'દીકરો—દીચરો;' 'બેતર—છેતર'. કાઠિયાવાડ ને સુરતમાં 'હુંને,' 'હુંથી' જેવાં રૂપ વપરાય છે અને ચરોતરમાં 'બેતરાં,' 'ઝાડાં,' 'આંખ્ય,' 'રાખ્ય,' 'મૂક્ય' જેવાં રૂપ વપરાય

છે. 'આંખ્ય,' 'મૂક્ય' એવાં યકારવાળાં રૂપ અમદાવાદમાં પણ વપરાય છે. કાઠિયાવાડમાં 'કેને,' 'કેનાથી,' 'ખબર આવ્યા નથી,' 'ઊભવું,' 'આવેલ,' 'જાણેલ' જેવાં રૂપનો પ્રયોગ જોવામાં આવે છે. આમ સહેજસાજ ફેર દેખાય છે, તોપણ રાજસ્થાનીમાં છે તેવી ખુલ્લી પ્રાન્તિક બોલીઓ નથી. રાજસ્થાનીમાં મેવાટી, માળવી, મારવાડી, ને જેપુરી જેવી પ્રાન્તિક બોલીઓ છે. એમાંની મારવાડી ને જેપુરી સાથે, તેમાં પણ વિશેષે મારવાડી સાથે, ગુજરાતીને ઘણો નિકટનો સંબંધ છે.

સૌરાષ્ટ્રી–ઉત્તર ગુજરાતની જૂની પ્રાકૃત ભાષા સૌરાષ્ટ્રી હતી. મધ્ય દેશના લોકો ગુજરાતમાં ને રજપુતાનામાં ફરી વળ્યા તેમની પ્રાકૃત ભાષા શૌરસેની હતી. ગુજરાતી ભાષા એ સૌરાષ્ટ્રીની અને શૌરસેનીના અપભ્રંશરૂપની બનેલી છે ને તેમાં શૌરસેનીના અપભ્રંશનું પ્રાધાન્ય છે.

લિપિ–ગુજરાતી ને રાજસ્થાની બંને સંસ્કૃત લિપિને મળતી લિપિમાં લખાય છે. સંસ્કૃત લિપિ તે નાગરી લિપિ છે. રજપુતાનામાં એ લિપિના પ્રકારને મહાજની લિપિ કહે છે. ગુજરાતી લિપિ ઉત્તર હિંદુસ્તાનની કૈથિ લિપિને ઘણી મળતી છે. નાગરી લિપિનો ઉપયોગ ગુજરાત કરતાં રજપુતાનામાં વિશેષ છે.

દેશી ભાષાઓનો મુકાબલો–પ્રાકૃત શબ્દોમાંના વચલા સંયુક્ત વ્યંજનમાંથી એક લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થવાનો નિયમ ગુજરાતીમાં સાર્વત્રિક છે; હિંદીમાં ઘણે ભાગે પ્રવર્તે છે, સાર્વત્રિક નથી. પરંતુ પંજાબીમાં પ્રાકૃતની પેઠે જોડાક્ષર કાયમ રહે છે.

સં. ભક્ષણમ્; અપ૦–મક્ખણ; હિંદી–મખ્ખણ; ગુજ૦–માખણ
સં. હસ્તઃ; અપ૦–હત્થુ; પૂર્વ ને પશ્ચિમ હિંદી–હાથ; ગુજ૦–હાથ; પંજા૦–હત્થ
સં. કર્મ; અપ૦કમ્મુ; હિંદી ને ગુજ૦–કામ; પંજા૦–કમ્મ
સં. સત્યમ્; અપ૦ સચ્ચુ; હિંદી–સાઁચ; ગુજ૦ સાચું; પંજા૦ સચ્ચ

હિંદી 'ऐ' ને औ'ના ગુજરાતીમાં 'એ' ને 'ઓ' થાય છે. હિં. बैठा–ગુજ૦ બેઠો; હિં. चौथा; ગુજ૦–ચોથો. રાજસ્થાનીમાં એથી પણ નમ્ર સ્વરૂપ બને છે. હિંદીમાં ઘણા શબ્દમાં 'ઇ' હોય છે તેનો ગુજરાતી ને રાજસ્થાનીમાં 'અ' થાય છે.

હિં. लिखे; ગુજ૦ લખે

હિં. दिन; ગુજ૦ ને રાજ૦ દન

વળી, હિંદી 'ઉ'ને બદલે ગુજરાતીમાં ને રાજસ્થાનીમાં 'અ' થાય છે.

હિં. तुम; ગુજ૦ ને રાજ૦ તમે

ગુજરાતીમાં સંસ્કૃત ને પ્રાકૃતની માફક બાહ્ય પ્રદેશની મરાઠીની પેઠે નપુંસક લિંગ રહેલું છે. હિંદીમાં નથી. મરાઠીમાં ત્રણે જાતિ છે. પશ્ચિમ હિંદી અને રાજસ્થાનીની ગ્રામ્ય બોલીઓમાં નપુંસકના કોઈ કોઈ દાખલા મળે છે. અન્યત્ર માત્ર પ્રમાર્થ સર્વનામમાંજ નપુંસક લિંગ છે.

ઉત્કલી અને બંગાળી સિવાય બીજી બધી દેશી ભાષાઓમાં વર્તમાનકાળનો અર્થ બદલાયો છે, તેથી તેની સાથે 'છ' કે 'હો' ધાતુનાં રૂપ વાપરવાં પડે છે. ગુજરાતી, સિંધી, પંજાબી, અને હિંદીમાંથી આજ્ઞાર્થ જતો રહ્યો છે; પણ મરાઠી, ઉત્કલી, ને બંગાળી, એ બાહ્ય ભાષાઓમાં રહ્યો છે. ગુજરાતીમાં અને વ્રજ ભાષામાં ભવિષ્યકાળ છે. આ સ્વતન્ત્ર કાળની વાત કહી. મિશ્રકાળ, બહુધા કૃદન્તને અંગ ગણી તેની સાથે સાહાય્યકારક ક્રિયાપદનાં કાળનાં રૂપ વાપરવાથી થાય છે. જૂની વ્રજભાષામાં વર્તમાનકાળનાં અપભ્રંશનાં રૂપ બદલાયા વિનાનાં જોવામાં આવે છે; તેમજ સિંધી, ગુજરાતી, ને પંજાબીનાં વર્તમાનકાળનાં રૂપ અપભ્રંશ પરથીજ આવ્યાં છે. અપભ્રંશમાં જેવો ભવિષ્યકાળ છે તેવો ગુજરાતીમાં જોવામાં આવે છે; કેમકે અપભ્રંશ શૌરસેની સાથે જોડાયલી છે અને શૌરસેનીના ભવિષ્યના स्स પ્રત્યય પરથી ગુજરાતીમાં ભવિષ્યકાળનો 'શ' પ્રત્યય આવ્યો છે. વળી શૌરસેનીનો અવ્યયકૃદન્તનો પ્રત્યય इअ, ઇ લોપાઈ, સિંધી, ગુજરાતી, પંજાબી, ને રાજસ્થાનીમાં इના રૂપમાં માલમ પડે છે.

આ પ્રમાણે ગુજરાતી ભાષા શૌરસેની પ્રાકૃત અને અપભ્રંશમાંથી ઉદ્ભવી છે. તે ને રાજસ્થાની, બંને, પશ્ચિમ હિંદીની પ્રાન્તિક બોલીઓ જેવી છે અને જેપુરી ને મારવાડી સાથે ગુજરાતીને ઘણો સંબંધ છે.

પ્રકરણ ૩૦મું

શબ્દસિદ્ધિ

ઉપસંહાર–'સંસ્કૃત' એટલે શુદ્ધ, સંસ્કાર પામેલી, શિષ્ટ વર્ગની ભાષા; અને 'પ્રાકૃત' એટલે સામાન્ય લોકો જેઓ એવો સંસ્કાર પામ્યા નહોતા તેમની ભાષા. સામાન્ય લોકોમાં આર્ય તેમજ હિંદના મૂળ વતની અનાર્ય લોકોનો સમાવેશ થાય છે. સંસ્કૃત ને પ્રાકૃત એ કંઈ તદ્દન જુદીજ ભાષા નહોતી. સંસ્કૃત ભાષાનુંજ બગડેલું સ્વરૂપ તે પ્રાકૃત. ઉચ્ચારની ખામીથી અને અન્ય પ્રજાના સમાગમથી સંસ્કૃત ભાષામાં બગાડ થઈ પ્રાકૃત ભાષા થઈ. જે પ્રાકૃત સંસ્કૃતને બહુ મળતી છે તે પાલી. એ સિઆમ, સિલોન, અને બ્રહ્મદેશના બૌદ્ધોની પવિત્ર ભાષા છે.

પાલી: વિકાર–પાલીમાં ક્ષ શબ્દ શુદ્ધ સંસ્કૃત શબ્દ છે અને બાકીના ક્ષ ઉચ્ચારશાસ્ત્રના નિયમ પ્રમાણે ફેરફાર થઈ બનેલા છે. ઉચ્ચારનો પ્રયત્ન જેમ બને તેમ ઓછો કરવો એ બીજ એ નિયમોમાં રહેલું છે. સંસ્કૃતમાંનાં ઘણાં રૂપ ઓછાં કરી વ્યાકરણને સરળ કરવામાં આવ્યું. જે રૂપ જરૂરનાં ન લાગ્યાં તે કાઢી નાખ્યાં, સાદૃશ્યને ધોરણે નવાં રૂપ દાખલ થયાં, અને જૂનાં રૂપ ઉચ્ચારથી ભ્રષ્ટ થઈ નવા સ્વરૂપમાં રહ્યાં. નામ અને ક્રિયાપદનું દ્વિવચન બહુ જરૂરનું ન હોવાથી જતું રહ્યું. ચતુર્થી ને પંચમી માત્ર અકારાન્ત પુંલિંગમાં ને નપુંસકમાંજ રહી; બીજા શબ્દોમાંથી નીકળી ગઈ. ષષ્ઠી સંબંધવાચક હોવાથી ઘણી વ્યાપક છે. મહાભાષ્યમાં એની વ્યાપકતા એના સો અર્થ છે એમ કહી દર્શાવી છે. ચતુર્થીનો અર્થ ષષ્ઠીથી કહી શકાય છે. પંચમીના અપાદાન સિવાયના ઘણાખરા અર્થ તૃતીયાના અર્થ સાથે એકરૂપ છે અને અપાદાનનો અર્થ તસ્ પ્રત્યયથી દર્શાવી શકાય છે. સંસ્કૃતમાં ૧લા ગણના ઘણા ધાતુ છે, તેનો વિકરણ અ પ્રત્યય પાલીમાં બીજા ગણોને પણ લગાડવામાં આવ્યો. ધાતુને આદેશ થાય છે તે સંસ્કૃતમાં અમુક કાળ અને અર્થમાંજ થાય છે; પણ પાલીમાં તે સર્વ કાળ ને અર્થમાં કરવામાં આવ્યા.

સંસ્કૃત: પાલી: પ્રાકૃત: અપભ્રંશ–પાલીથી વિશેષ ભ્રષ્ટ થયલી

ભાષા તે પ્રાકૃત અને પ્રાકૃતથી પણ વિશેષ ભ્રષ્ટતા પામેલી ભાષા તે અપભ્રંશ. અપભ્રંશ એ પ્રાકૃત અને અર્વાચીન દેશી ભાષાનું વચલું પગથીઉં છે.

વિષય–સંસ્કૃતમાંથી પ્રાકૃત અને અપભ્રંશદ્વારા ગુજરાતી ભાષામાં આવતાં શબ્દોમાં કેવો ફેરફાર થયો છે તે આ પ્રકરણથી જણાશે.

સ્વરોના ફેરફાર

બે પાસેનાં વ્યંજનોમાં એકજ સ્વર હોય તો ઉચ્ચાર કરવો અઘરો પડે, માટે બેમાંના એકને ઠેકાણે અસવર્ણ સ્વર થાય છે.

'અ'નો અસવર્ણ સ્વર

અણ્ડકમ્–ઈંડું
પ્રગલનમ્–પિગળ(વું) } 'અ'ના 'ઇ'

વરણ–વરણી–વરુણી–'અ'નો 'ઉ'

'અ'નો 'એ'–કથનમ્–સહનમ્–વહનમ્–રહનમ્–લભનમ્–કેહ(વું), સેહ-(વું), વેહ(વું), રેહ(વું), લે(વું)–લભનમ્નું પ્રાકૃત લહનમ્ છે; તેનું 'લેહ-(વું),' 'લે(વું)' થાય છે. એજ પ્રમાણે 'કેહવું,' 'સેહવું,' 'વેહવું,' વગેરેમાં પ્રથમ સ્વર 'એ' છે. હાલ સામાન્ય પ્રચાર 'કહેવું,' 'સહેવું,' રહેવું,' વગેરે લખવાનો છે.

ફારસી ને અરબી ભાષામાંથી વ્યુત્પન્ન થયલા શબ્દોમાં પણ આ નિયમ પ્રવર્તતો જણાય છે:–

રેહમ, તેહસીલ, જેહર, કેહર, દેહશત

અહ્ન્ધ્રિ–એડી
શય્યા–પ્રા. સેજ્જા, સેજ–સજ્જ
ત્રયોદશ–પ્રા. તેરહો–તેર
વલ્લિ=પ્રા. વેલ્લી–વેલ
મસી–મેસ
ગર્ગરી–ગાગેર
વાલુકા–પ્રા. વાલુઆ–વેળુ–વાળુ } 'અ'નો કે 'આ'નો 'એ'

મરાઠીમાં પણ અનો એ થાય છે.

સં. નિયમ–મ. નેહેમી
,, પટ્ટન ,, પેંઠ
ગ્રહણમ્ ,, घेणें

'અ'નો 'આ' અને 'આ'નો 'અ'

અધીન–આધીન	અશોક–આસો
આવાસ–અવાસ	આપોશાન–અપુસાન

'અ' નો 'ઓ'

ખર્પર–ખોપરી

'ઇ' ને 'ઉ'ના ઉચ્ચાર કરતાં 'અ' નો ઉચ્ચાર કોમળ છે. એ ઉચ્ચાર કરવામાં 'ઇ' અને 'ઉ'ના જેટલી જીભની ગતિની જરૂર નથી. આ કારણથી ઘણા શબ્દોમાં 'ઇ' અને 'ઉ'ને બદલે 'અ' થાય છે.

'ઇ'નો 'અ'

હરિદ્રા–હળદર–હળદ	ગિલ (गिल्)–ગળ(વું)
પ્રતિચ્છાયા–પડછાયો	લિખ (लिख्)–લખ(વું)
વારિદ–વાદળ (વર્ણવ્યત્યય થઈ)	મિષ–મસ
પરીક્ષા–પ્રા. પરિક્ખા–પરખ, પારખ	ચિન્તા–ચન્તા
નિરીક્ષણ–પ્રા. નિરિક્ખણ–નિરખ(વું)	કઠિન–કઠણ
(સવર્ણ સ્વરનો નિયમ)	તિમિર–તમર
ત્રિભૂતિ–ભભૂતિ	વિષમ (कम्)–વસમું
વિલગ (वि+लग्)–વળગ(વું)	વિક્રય (यः)–વકરો
વિમૃશ (वि+मृश्)–વમાસ(વું)	વિઘટ (वि+घट्)–ઝગડ(વું)
વિડઙ્ગ–વાયવડંગ	પિણ્ડ–પંડ
મિલ (मिल्)–મળ(વું)	વિસૃષ્ટ–(कम्) વછૂટું

કિટ્ટ–કાટ; મ. કટ–કાટ

ગર્ભિણી–ગાભણી	} સવર્ણ સ્વરનો નિયમ
શિથિલ–પ્રા. સઢિલ–ઢીલું	

'ઇ' નો 'ઉ'

વૃશ્ચિક–વીંછુ	ગૈરિક–ગેરૂ
શિઙ્ઘ (शिङ्घ्)–સૂંઘ(વું)	વિહીન–વિહૂણ–વિહોણો('ઉ'થઈ 'ઓ')

'ઇ' અને 'ઉ'ના ઉચ્ચાર કરતાં 'એ' અને 'ઓ'ના ઉચ્ચાર કોમળ છે. એમાં 'ઇ' અને 'ઉ'ના ઉચ્ચારમાં કરવી પડે છે તેટલી જીભ ઊંચી કરવી પડતી નથી. આથી ઘણા શબ્દોમાં 'ઇ'નો 'એ' અને 'ઉ'નો 'ઓ' થાય છે.

'ઇ'નો 'એ'

વિભીતક (કમ્)–અપ. વહેડઉં–બહેડું
દાડિમ–દાડેમ
પીઠિકા (તૃ. એ. વ. પીઠિકયા)–પેઠે
પિણ્ડઃ–પ્રા. પિંડો–પેંડો–પેંડો, પિંડો
વિષ્ટિ–વેઠ
વિરાગ–વેરાગ
વિતસ્તિ–વેંત
ઉત્કીલ (ઉદ્+કીલ્)–ઉકેલ(વું)
સીમન્ત–સેંતી–થી
કિંશુક–કેસુડાં
નીવ્ર–નેવ

'ઉ'નો 'અ'

કર્બુર–કાબર
પુનઃ–પણ
કુટુમ્બ–કુટમ્બ
વિદ્યુત્–વીજ(ળી)
ગુણ–ગણ
મનુષ્ય–માણસ
યૂથઃ–જથો
સુરઙ્ગા–સુરઙ્ગ-ઙ્ગા–સુરંગ
દુષ્કાલ–ડકાળ
ધુર્–ધર (ધરથકી=આરંભથી)
મુકુટ–મગટ
મુહૂર્ત–મહુરત, મુરત
ઉન્દુરુ–ઉંદર
ઉપાશ્રયઃ–અપાસરો
સુલક્ષણઃ–સલખણો
ઉજ્જ્વલન–(કમ્) અજવાળું
પુટકઃ–પડીઓ
પુરુષોત્તમ–પરસોતમ
શકુન–સકન (પ્રાકૃત)–સુકન (વર્ણવ્યત્યય)
અગુરુ–અગર (સવર્ણ સ્વરનો નિયમ)
અગુરુવર્તિ–અગરબત્તી
ગુરુક–ગરુઅ–(ગરવી ગુજરાત),ગરવા
કુસુમ્મઃ–કસુંબો
કુઙ્કુમ–કંકુ
ગુગ્ગુલ–ગૂગળ
ગુડુચી–ગલોઈ–ગળો
મુકુટઃ–મડો–મોડ (સ્વરવ્યત્યય)

પુરોહિત–પરોત
લશુન–લસણ
વાગુરિક–વાધરી (રને લીધે ગૂનો 'ધ')
સુપુત્ર–સપૂત
વિરૂપઃ–વરવો

'ઉ'નો 'એ'

નૂપુર–નેઉર (જૂ. ગુ.)–નેવર

'ઉ'નો 'ઓ'

મુખ–પ્રા. મુહ–મોહ, મોહડું, મોઢું
ગુરુ–ગોર
તામ્બૂલ–તંબોળ
પુસ્તકમ્–પ્રા૰ પોત્થઅં–પોથી
મુદ્ગ–પ્રા૰ મુગ્ગ–મોગ
ઉદ્ગારે–ઓડકાર
તુ–તો
ઉદીચ્ય–ઓ (ઔ) દીચ
ઉદ્ભવ–ઓધવ
ઉત્સવ–ઓચ્છવ
પૂગફલ–પૂઅફલ–કૂફલ–ફોફળ
મુદ્ગરઃ–મોગ્ગરો–મુગ્ગરો–મોગરી
ભૂમિ–પ્રા. ભૂઇં–ભોંય–ભાંય
મુસ્તા–મોત્થા–મોથ
મુક્તઃ–મોક્કો–મોક(ળો)
કુષ્ઠ–કોટ્ઠ–કોઢ
કુષ્ઠી–કોટ્ઠી–કોઢી (એ)
કુદ્દાલઃ–કોદ્દાલો–કોદાળો
ઉચ્છીર્ષક–ઓસીસું–કું
ઉચ્ચર (ઉદ્+ચર્)–ઓચર (વું)
ઉલ્લઙ્ઘ (ઉદ્+લઙ્ઘ્)–ઓળંગ (વું)
ઉદ્ગિર (ઉદ્ગૃ–ઉદ્ગિર્)–ઓક (વું)
કુધ્યતિ–કુત્થઇ–કોહે

'ઐ' ને 'ઔ'નાં અનુક્રમે 'એ' ને 'ઓ'

ગૈરિક–પ્રા૰ ગેરિઅ–ગેરુ
તૈલમ્–પ્રા૰ તેલ્લં–તેલ
વૈદિકઃ–પ્રા૰ વેદિઓ–વેદિઓ
વૈવાહિકઃ–પ્રા૰ વેવાહિઓ–વેવાહી
શૈવલઃ–શૈવાલઃ–પ્રા. સેવલો–સેવાલો–સેવાળ
વૈર–વેર
સૌભાગ્યમ્–પ્રા. સોહગ્ગં–સોહાગ–સુહાગ
મૌક્તિકમ્–પ્રા. મોત્તિઅં–મોતી
ગૌરઃ–પ્રા. ગોરો–ગોરો
યૌવન–પ્રા. જોવ્વણ–જોબન
ઔષધ–પ્રા. ઓસઢ–ઓસડ
પૌષ–પ્રા. પોસ–પોસ
ચૈલ–ચેડાં (ફાડવાં)

'એ' ને 'ઔ'ના અનુક્રમે 'ઇવર્ણ' ને 'ઉવર્ણ'

ફેન–ફીણ
વેદના–વીણા (ચૂંટા)
રૌપ્ય–રૂપું

સ્વરોનો વ્યત્યય

બિન્દુ-બુંદ (સ્વરોનો વ્યત્યય થઈ અન્ત્ય 'ઇ' લોપાય છે.)
શ્મશ્રુ-મૂછ
પરિવિશ-(પરિ+વિશ્)-પીરસ(વું)
કોલાહલ-કળાહોળ
શકુન-સુકન
કટિ-કેડ (સ્વરવ્યત્યય થયા પછી 'ઇ'નો 'એ' થઈ)
ભગિનીપતિઃ-પ્રા. ભઇણીવઇ-બનેવી (ભઈણ-'ભેન-બેન'નું 'બેન')

ઋના ફેરફાર

ઋમાં સ્વર ને વ્યંજનનું તત્ત્વ, બંને મળેલાં છે. તેમાં વ્યંજનનું તત્ત્વ સ્વરને ગૌણ છે. વાજસનેયી પ્રાતિશાખ્યમાં કહ્યું છે કે સ્વરનું તત્ત્વ રૂની પૂર્વે ને પછી છે. ઋમાંનું સ્વરતત્ત્વ કંઠસ્થાનમાં કે તાલુ-સ્થાનમાં ઉચ્ચારાય છે, તેથી 'ઋ'નો 'અ' કે 'ઇ' થાય છે. 'ર્'નું તત્ત્વ 'રિતુ,' 'રણ' જેવા ફેરફારથી જણાય છે.

'ઋ'નો 'અ' કે 'આ'

મૃતકમ્-અપ૦ મડઉં-મડ(દું)
મૃદુ-પ્રા. મઉ-મઉ
વૃદ્ધઃ-પ્રા. વદ્ઢો-વડો, વડીલ, વડેરો
ઋણ-રણ (ઋનો ર)
કૃષ્ણઃ-પ્રા. કણ્હો-કહાન
મૃત્તિકા-પ્રા. મત્તિઆ-મટ્ટિઆ-મિટ્ટિઆ-માટી; હિ. મિટ્ટી
પૃથુક-પ્રા. પહુઅ-પહુઆં
પૃથુલ-પ્રા. પહુલ-પહોળું
શૃઙ્ખલા-સાંકળ
પૃષ્ઠ-પાઠું
દૃક્ષ (દૃશ્)-દાખવવું
મૃષ (મૃષ્=સીંચવું)-મટ(વું), મટાડ(વું)
વૃન્તાક-વંતાક (વેગણ)

'ઋ'નો 'ઇ'

હૃદયકમ્-અપ. હિઅઅં-હઇયું (વર્ણ-વ્યત્યય)
દૃષ્ટઃ-પ્રા. દિટ્ઠો-દીઠો
દૃષ્ટિ-પ્રા. દિટ્ઠિ-દીઠ, દીટ (૧૫ ૩૦. દીટ પગાર મળે છે.)
દૃશ્યતે-પ્રા. દિસ્સઇ-દીસે
શૃગાલ-પ્રા. સિઆલ-શિયાળ
માતૃગૃહ-પ્રા. માઇઘર-માઇહર-મહિયર
પિતૃગૃહ-પ્રા. પિઇઘર-પિઇહર-પીહર
અમૃત-અમિઅ-અમી
વૃશ્ચિકઃ-વિંછુઓ-વીંછુ-છી
માતૃ-માઇ-મા

ભ્રાતૃ–ભાઇ–ભાઈ
જામાતૃ–જામાઇ–જમાઈ
વૃન્ત–વિંટ–દીંડું
શૃઙ્ગ–સિંગ–સીંગ; સિંગ(ડું)
મૃષ્ટ–મિટ્ઠ–મીઠું
પૃષ–(પૃષ્=કષ્ટ આપવું)–પીટ(વું)
પૃષ્ઠ–પ્રા. પિટ્ઠ–પીઠ
કૃતઃ–પ્રા. કિદો–કીધો
ઘૃત–પ્રા. ઘિઅ–ઘી
મૃત્યુ–પ્રા. મિચ્ચુ–મીચ(વું)
કૃષિ–પ્રા. કિસિ–કીસ
કૃપા–કિરપા
ગૃધ્ર–પ્રા. ગિદ્ધ–ગીધ
માતૃકા–પ્રા. માઇઆ–માઈ
ભ્રાતૃકઃ–ભાઇઓ–ભાઈ
ઋદ્ધિ–રિદ્ધિ (ઋનો રિ)
ભ્રાતૃજઃ–ભત્રીજો
ગૃહસ્થ–ગરિસ્તી

'ઋ'નો 'ઉ'

સામાન્ય રીતે ઔષ્ઠ્યવ્યંજનની અસરથી ઔષ્ઠ્ય વ્યંજનની પછીના 'ઋ'નો 'ઉ' થાય છે.

મૃતઃ–પ્રા. મુઓ–મુઓ
પૃષ્ઠમ્–પ્રા. પુટ્ઠં–પૂઠ
પ્રચ્છ્–પૃચ્છ્–પ્રા. પુચ્છ–પૂછ(વું)
માતૃષ્વસૃકા–પ્રા. માઉસિઆ–માસી
ભ્રાતૃકઃ–પ્રા. ભાઉઓ–ભાઉ (મરા.)
વૃદ્ધઃ–બુટ્ઠો
સ્મૃતિ–સુરત
ભ્રાતૃજાયા–ભાઉ (ભો)જાઈ
શ્રુ(શૃણુ)–પ્રા. સુણ–સૂણ(વું)

ઉપસર્ગમાં કે અન્ય પદભાગમાં આદિ 'અ'નો કે આદિ બીજા કોઇ સ્વરનો લોપ (કેટલેક સ્થળે આખા ઉપસર્ગનો લોપ થાય છે.)

અભ્યન્તર–ભીતર
અભ્યર્ણ=(પાસે)–ભીડ
અભ્યઞ્જન–ભીંજ(વું)
અપિ–પ્રા. બિ ('હું બી આવસ' પારસીઓ 'બી'ને 'પણ'ના અર્થમાં વાપરે છે. હિં. ભી)
ઉપવિષ્ટઃ–પ્રા. ઉવટ્ઠો–બેઠો; હિં. બૈઠા
ઉપવિશ (ઉપ+વિશ્)–પ્રા.ઉવઇસ–બેસ
સંપન્ન–વન્ન–બન(વું)
વિશ્રબ્ધ–સદ્ધ–સહું
અવત્રાણ–બચાવ(વું), હિં. બચાના; મરા. बचाविणें
અરઘટ્ટ–રેંટ
અરણ્યમ્–પ્રા. રણ્ણં–રણ
અરત્નિ (કોણી; કનિષ્ઠિકા બહાર રાખેલી એવી રીતે મુઠ્ઠી વાળી કોણીથી લાંબો કરેલો હાથ)–રાંટો
આચમન–મછ્છણ (વર્ણવ્યત્યય થઈ)

ઉપજન (=ઉમેરો; આદિ 'અ' ઉમેરાય છે.)

મિથ્યા–અમથું
ભર્ત્સના–અભ્રછના
લોપ–અલોપ
રિષ્ટ–અરિષ્ટ

મોહન (મુહ્=મુઝાવું)–અમુઝણ ('અમુઝાવે અતિશે અંગ'–ધીરાકૃત 'સ્વરૂપ')

વિદેશીય શબ્દમાં પણ સ્વરવ્યત્યય ને સ્વરવિપરિણામના દાખલા મળી આવે છે. થોડાક નીચે આપ્યા છેઃ—

જાહેર (જાહિર અ૦)
જાલમ (જાલિમ અ૦)
જુબાની (જબાન ફા૦=જીભ)
તમાસો (તુમાશા ફા૦)
દાખલ–દાખલો
(દાખિલ–દાખિલા અ૦)
દેદાર (દીદાર ફા૦)
જાનવર–જનાવર (જાનવર ફા૦)
કસૂર (કુસૂર અ૦)
કાફર (કાફિર અ૦)
કાફલો (કાફિલા અ૦)
કાબેલ (કાબિલ અ૦)
ખલેલ (ખલલ અ૦)

જનસ (જિન્સ અ૦)
જરૂર (જુરૂર અ૦)
રિવાજ (રવાજ અ૦)
રેશમ (રીશમ ફા૦)
લહેજત (લઝ્ઝત અ૦)
લેબાસ (લિબાસ અ૦)
વકિલાત (વકાલત અ૦)
વાકેફ (વાકિફ અ૦)
વાજબી (વાજિબી–
જરૂરિયાત, અ૦)
બજાર (બાજાર ફા૦)
બદામ (બાદામ ફા૦)
પેશવા (પીશવા=આગેવાન; ફા૦)

સ્વરભારનો નિયમ

બધી દેશી ભાષામાં ઉપાન્ત્ય સ્વર પર ભાર પડે છે, તેથી અન્ત્ય સ્વર લોપાઈ ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થવાનું વલણ છે. આ નિયમને અનુસારે તદ્ભવ શબ્દોમાં અન્ત્ય 'આ,' 'ઇ,' કે 'ઉ'નો=શ્રાન્ત-અનુચ્ચરિત 'અ' થાય છે.

દાખલા:—

વ્યક્તિ–વિગત	જિહ્વા–પ્રા. જિબ્ભા–જીભ
શ્વસુરાલય–સાસર	વાર્તા–વાત
આશ્રય–આસર–રો	શય્યા–પ્રા. સેજ્જા–સેજ
ગતિ–ગત	સંજ્ઞા–પ્રા. સણ્ણા–સાન
વિપત્તિ–વિપત	ભગિની–પ્રા. ભઇણી–બહિણી–બેન
રીતિ–રીત	મહિષી–ભેંસ
રાશિ–રાસ	કુક્ષિ–કૂખ
પદ્ધતિ–પદ્ધત	વલ્લિ–વેલ
જાતિ–જાત	રજની–પ્રા. રયણી–રૈન
મધુ–મધ	ખનિ–પ્રા. ખાણી–ખાણુ
નિદ્રા–નીંદ; મરા. નીદ	રાત્રિ–પ્રા. રત્તી–રાત
દ્રાક્ષા–દરાખ	વિદ્યુત્–પ્રા. વિજ્જુ–વીજ(ળી)
પરીક્ષા–પ(પા)રખ	અક્ષિ–પ્રા. અક્ખિ–આંખ
અસ્થિ પ્રા. અટ્ઠી–હાડ	પાર્શ્વે–પાસે–પાસ

અસંયુક્ત વ્યંજનના ફેરફાર

નિયમો:—

૧. સામાન્ય રીતે આદિ વ્યંજનમાં ફેરફાર થતો નથી.

દાખલા:—

કટાહ–કડાઈ	નમ્ર (કમ્)–નાગું
કપર્દ–કોડી	મુષ્ટિ–મૂઠ
કોકિલ–કોયલ	સૂચિ–સોય

અપવાદ:—એકજ છે.

કન્દુક–પ્રા. ગેંદુઓ–ગેડી; હિં. ગેંદા; મરા. ગેંદ

૨. વચલાં વ્યંજનોમાં અઘોષને બદલે ઘોષ થાય છે; કેમકે અઘોષના ઉચ્ચાર કરતાં ઘોષ વ્યંજનના ઉચ્ચારમાં ઓછો પરિશ્રમ પડે છે. શ્વાસનળીનું દ્વાર સ્વાભાવિક સ્થિતિમાં હોય છે ત્યારે મોંમાંથી જે ધ્વનિ નીકળે છે તે નાદ. શ્વાસ કે અઘોષ અક્ષરના ઉચ્ચારને માટે

(શ્વાસ લેવા સારૂ) શ્વાસનળીના દ્વારને વિસ્તારવું પડે છે. આથી શ્વાસ–અઘોષ કરતાં નાદનો–ઘોષનો ઉચ્ચાર સહેલો છે. પ્રાકૃત વ્યાકરણના નિયમ પ્રમાણે અનાદિ, અસંયુક્ત એવાં કેટલાંક વ્યંજન લોપાઈ જાય છે; પરંતુ દેશી ભાષામાં કેટલેક સ્થળે લોપ થવાને બદલે ઉચ્ચારશાસ્ત્રના નિયમ પ્રમાણે અઘોષના ઘોષ વર્ણ થાય છે.

દાખલા:—

'ક્'નો 'ગ્'

કાક:–પ્રા. કાઓ; પણ ગુજરાતીમાં 'કાગ', 'કાગ(ડો)'; હિં., પંજા., મરા., ને બંગા.માં પણ 'કાગ' શબ્દ છે; સિં. કાંગુ	બક–બગ(લું; 'લ' સ્વાર્થિક)
	કઙ્કાલ–કંગાલ
	કઙ્કણ–કાંકણ; પણ હિં. કંગન
	ક્રોડ–ગોદ
સકલ–પ્રા. સઅલ (સયલ)–સગળું (સઘળું, 'સ્' મહાપ્રાણને લીધે 'ગ્'નો 'ઘ્')	પર્યઙ્ક–પલંગ
	મુકુટ–મુગટ
	કાર્યકર:–કલ્યાગરો, કાજગરો
પ્રકટ–પ્રગટ	મૂક:–મૂગો
પ્રાકાર–જૂ. ગુ. પગાર(કોટ)	શાક–સાગ(નું ઝાડ)

'ચ્'નો 'જ્'

સૂચ્ય (સૂચ્)–સૂઝ(વું)	ત્વચ્–તજ
ચ એવ–પ્રા. ચિઅ–જૂ. ગુ. જિ–જ (અવધારણવાચક)	

'ટ્'નો 'ડ્'

કીટ:–પ્રા. કીડો–કીડો	ઘોટક:–પ્રા. ઘોડઓ–ઘોડો
કર્પટ:–પ્રા. કપ્પડો–કાપડ	ઘટિકા–પ્રા. ઘડિઆ–ઘડી
કટાહ:–પ્રા. કડાહો–કઢાઈ–કડાહી	કપાટ (બારણું)–કમાડ
વટ:–પ્રા. વડો–વડ	કટિ–કેડ
ઘટ:–પ્રા. ઘડો–ઘડો	શાટિકા–સાડી
ભાટ–ભાટકમ્–ભાટિ–ભાડું	પટલ–પડળ–પડાળ

પટહઃ–પ્રા. પડહો–પડો(પડધમ)
પટોલ–પરવળ ('ડ્'નો 'ર્' થઈ)–મરા૦ પડવળ
મુકુટ–મોડ (મઉડ)
સ્ફોટ (સ્ફોટયતિ, સ્ફુટ્ ધાતુ)–ફોડ(વું)
ત્રોટ (ત્રોટયતિ, ત્રુટ્)–તોડ(વું)
રટ (રટતિ, રટ્)–રડ(વું)
રાટિ–(લડાઈ)રાડ
કટુ–કડવું

કટક(મ્)–કડું
તટ–તડ
કુક્કુટઃ–કુકડો
બટુકઃ–બડવો (બડુઓ)
વાટિકા–વાડી
વીટિકા–બીડી
કચ્છટિકા–પ્રા. કચ્છાડી–કાછડી
ખટ–ખડ
ખટી–ખડી

'ત'નો મૂર્ધન્ય 'ટ્' થઈ 'ડ્'

પત (પત્–પડવું)–પડ(વું)
પ્રતિઘાતઃ–પડઘો
પ્રતિવેશી–પડોસી
પ્રતિચ્છાયા–પડછાયો
બિમીતકમ્–અપ. બહેડઉં–બેહડું (ડાં)
કૌતુક–કોડ

હરીતકી–પ્રા. હરડઈ–હરડે
મૃતકમ્–અપ. મડઉં–મડ(દું)
ઉત્ખાત (ઉદ્+ખન્–ખોદ(વું)–ઉખેડ(વું)–ઉખાડ(વું)
પ્રતિશાલા–પડ (૨) સાળ
પ્રતિપૃચ્છા–પડપૂછ
પ્રતિપદ્–પડવો

'ત'નો 'દ્'–'ધ્'

જામાતા–હિં.માં દામાદ
સ્ફુરત્ (સ્ફુરનો વર્ત૦ કૃ૦)–પ્રા. ફુરન્દો–ફરન્દો; મરા૦ કરીન્દો

કત (કમ્)–અપ૦ કીદઉં–કીધું
પીત (કમ્)–અપ૦ પીદઉં–પીધું
તુન્દ–દુંદ

'પ્'નો 'વ્', ક્વચિત્ 'મ્'

વાપી–વાવ
કૂપઃ–કુવો
તાપ–તાવ
ગોપાલ–ગોવાળ
કચ્છપઃ–કાચબો (વ્ ને બ્ પરસ્પર બદલાય છે.)

કપાટ–પ્રા. કવાડ–કમાડ
પ્રાપ (પ્ર+આપ્ મેળવવું)–પામ(વું); પ્રા. પાવ
શિંશપ–પ્રા. સિંસવ–સિસમ
દીપઃ–દીવો
મણ્ડપઃ–માંડવો

નિપત(નિ+પત્)–નિવડ(વું)
સ્વપન (કમ્)–સમણું
ક્ષપણી–ખમણી
કપર્દ–કોડી; મરા૦ કવડી–કવડી થઈ
કસપટ્ટ–પ્રા. કસવટ્ટ–કસોટી
આપદ્–આબદા
પ્રપા–પરવ(ડી)
ચાપોત્કટ (ઉત્કટ=ભીષણ)–ચાવડા
સપાદ–સવા
સર્ષપ–સરસવ
વપ (વપ્–વાવવું)–વાવ(વું)
વિરૂપઃ–વરવો
પ્રસ્થાપ(પ્ર+સ્થા; સ્થાપય)–પાઠવ(વું)
અપવરકઃ–ઓરડો (અવ–અઉ–ઓ)
વટપદ્ર–વટવદ્ર–વડઉદ્ર–વડોદ(ર્; દ્રના-દ્ ને ર્ જુદા થઈ)
કપિત્થ–કોઠ(પ્નો વ્ થઈ વ્નો સંપ્રસારણથી ઉ થઈ)

'દ્'નો 'ઢ્'

પઠ (પઠ્=પઢવું)–પઢ(વું)
દંષ્ટ્રા–પ્રા. દાઢા–દાઢ
શિથિલ–પ્રા. સઢિલ–ઢીલું
કુષ્ઠ–કોઢ
કુષ્ઠી–કોઢી(ઓ)
કૃષ્ટ (કૃષ્=ખેંચવું)–કાઢ(વું)
મઠ–મઢી
વેષ્ટ (વેષ્ટ્=વિંટાળવું)–વેઢ
કથ (કથ્=ઉકાળવું)–કાઢ–કાઢો-કઢી

'ડ્'નો 'ર્' કે 'ળ્' (ડ્, ર્, ળ્ પરસ્પર બદલાય છે.)

ક્રીડ (ક્રીડ્=રમવું)–ખેલ, ખેલ(વું) ('ર્' જવાથી 'ડ્'નો મહાપ્રાણ 'ખ્' થયો છે.)
ગુડ–ગોળ
તાલ–તાડ
તડાગ–તળાવ
અતસી–પ્રા. અલસી–અળસી ('ત્'-નો 'લ્' પછી 'ડ્'-'ળ્')
પ્રસૃતિ–પસલી
પીડ (પીડ્=પીડવું)–પીલ(વું)
ચેટઃ–ચેલો ('ટ્'નો 'ડ્' થઈ)
ક્રોડઃ–ખોળો ('ર્'ને લીધે 'ડ્'-નો 'ખ્')
એકાદશ–પ્રા. એઆરહ ('દ્'નો 'હ્' થઈ 'ર્')–અગ્યાર
દ્વાદશ–પ્રા. બારહ–બાર
ત્રયોદશ–પ્રા. તેરહ–તેર
પાલન–(કમ્)–પારણું
અષ્ટાલિકા–અટારી
ષોડશ–પ્રા. સોલહ–સોળ
દોહદઃ–પ્રા. દો (ડો) હલો–દોહેલાં
રૂક્ષ–લુક્ખ–લૂખું

'ન્'નો 'લ્' અને 'લ્'નો 'ન્'

નીલ–લીલું	લાઙ્ગલ–નાંગર
નિમ્બ:–લીમ(ડા)	

'સ્'નો 'હ્'

બધી આર્ય-હિંદ ભાષામાં આ વલણ છે; પણ પંજાબી ને સિંધીમાં વધારે છે.

ગુજરાતીમાં અશિષ્ટ વર્ગમાં મુખ્યત્વે દક્ષિણ ભાગમાં 'સ્'નો 'હ્' કરવાની વૃત્તિ ઘણી પ્રબળ છે (શાક–સાક–હાક; સમજવું–હમજવું).

સપ્તતિના સ્નો બધી આર્ય-હિંદ ભાષામાં હ્ થાય છે. સપ્તતિની મિશ્ર સંખ્યામાં આ ફેરફાર જણાય છે.

પ્રસૂત–પહાડ ('ત્'નો 'દ્' થઈ 'ર્'ને લીધે 'ડ્' થયો અને 'સ્'નો 'હ્' થયો છે.)	પાષાણ–પહાણ (ષ્નો સ્ થઈ)
દિવસ–પ્રા. દિઅહ–દિહ, દહા(ડા)	

'સ્'નો 'છ્'

સુધા પ્રા. છુહા–છો

'મ્'નો વ્

મ્ ઓષ્ઠ્ય અને અનુનાસિક છે, તેથી તેનો વ્ થાય છે.

કર્દમ–કાદવ	તારતમ્ય–તરતવ
કુમાર–કુંવર	આમ્ર–આંબ–આંબોઈ
ધૂમક–પ્રા. ધૂમઅ–ધુઆં ('મ્'નો 'વ્' થઈ લોપાયો છે)	આમલક(મ્)–આંબળું(ળાં)
નર્મદા–નર્બદા	ગોમય–ગોબર
વર્ધમાન–વઢવાણ	તામ્ર–તાંબું
મહામાત્ર–મહાવત	ભૂમિ–ભોંય–ભાંય (હિં.માં વ્ લોપાઈ ભૂઁ)
સુગમતા–સગવડ	રોમન્–રૂંવાં–વાં (વ્ લોપાઈ)

દન્ત્ય વ્યંજનનાં મૂર્ધન્ય

દન્ત્ય વ્યંજનનો ઉચ્ચાર કરવા કરતાં મૂર્ધન્ય વ્યંજનનો ઉચ્ચાર

કરવામાં વધારે મહેનત પડે છે. પ્રાકૃતમાં છે તેના કરતાં સંસ્કૃતમાં દન્ત્ય વ્યંજનનો પ્રયોગ વિશેષ છે અને પ્રાકૃતમાં મૂર્ધન્યનો પ્રયોગ વિશેષ છે.

પ્રાકૃતમાં તનો દ્ થવાના દાખલા થોડા છે; પરંતુ દનો દ્ થવાના દાખલા ઘણા છે. નનો ણ્ સામાન્ય છે.

કેટલેક સ્થળે સંસ્કૃત ને પ્રાકૃતમાં દન્ત્ય અને દેશી ભાષામાં મૂર્ધન્ય જોવામાં આવે છે; કેટલેક સ્થળે સંસ્કૃતમાં દન્ત્ય અને પ્રાકૃતમાં અને દેશી ભાષામાં મૂર્ધન્ય જોવામાં આવે છે; અને કેટલેક સ્થળે સંસ્કૃત ને પ્રાકૃતમાં મૂર્ધન્ય અને દેશી ભાષામાં દન્ત્ય જોવામાં આવે છે.

પત (પત્–પડવું)–પ્રા. પડ–પડ(વું)
પત્ર–પ્રા. પત્ત–પડ–પડીઓ
પત્તન–પ્રા. પટ્ટણ–પાડા (શહેરનો ભાગ); હિં. પટના
દંશ (દંશ્–ડંસવું)–પ્રા. ડસ–ડસ(વું), ડાંસ, ડંખ
દહ (દહ્યતે કર્મણિ)–પ્રા. ડહ–ડઝ્ઝઇ, દાઝે; ડામ
દર–પ્રા. ડર–ડર, ડર(વું); હિં. ડરના
તિલક (કમ્)–અપ. તિલઅઉં–ટીલું, ટીકડી (વ્યંજનના વ્યત્યય સાથે)
તુણ્ડ–તોડો
દલતિ (દલ્ ફાડવું); પ્રા. દલઇ–દળે, દાળ, ડાળી (હિં. ડાલ–શાખા); ડલ્લો
તુણ્ડિ (વર્ણવ્યત્યય સાથે)–ડુંટી
સ્થાણુ–ઠુંઠો
ત્રુટ (ત્રુટ્–તૂટવું)–પ્રા. તુટ્ટ–તુટ–તૂટ(વું); તોટો (ટોટો)
દુલ (દુલ્–હલાવવું); ડોલા–ડોળી, ડોલ(વું), ડોળો
દુહિતા–ધીઆ–દીંગલી
દર્ભ–ડાભ (રને લીધે)
રોહિતકઃ–રોહેડો (તનો દ્ થઈ દ્)
મૃત્તિકા–માટી
વૃદ્ધ–વડો
વૃધ (વૃધ્–વધવું)–વઢ(વું)
વર્ધ (વર્ધ્–કાપવું)–વાઢ(વું)
કર્ત (કર્ત્–કાપવું)–કાટ(વું)
દીપવર્તિ–દીવેટ
સાર્ધ–સાડા
ધન્યા–ધણ
ધક્ક (ધક્=નાશ કરવો)–પ્રા. ઢક્ક–ઢકેલ(વું)–ધકેલ(વું); ધક્કો
રટ (રટ્=ગર્જવું)–રડ(વું); લડ(વું)
દણ્ડ (દણ્ડ્=શિક્ષા કરવી)–પ્રા. ડણ્ડ–દણ્ડ; ડંડ, ડાંડી, દંડો, દંડ(વું); દંડુકો, દાંડો, દાટો, દાટ(વું), દાંડી, ડાંડીઓ, ડટ્ટો
પાનીય–પાણી
ननान्दा–નણંદ
માનુષ–માણસ

કઠિન–કઠણ
કઃ પુનઃ–કઉણ–કોણ
નયન–નેણ
વચન–વેણ
સંદેશ–સાંડસી
વસાન્ન–(વસા=ચરબી; પોષક અન્ન)–વસાણું
વિગાન–વગોણું
ચાલની–ચાયણી–ચાણણી
ઇન્ધન–ઇંધણાં
ધાના–ધાણા
આત્માન–પ્રા. અપ્પાણ–આપણ
જન–જણ
તન (તન્=તાણવું)–તાણ, તાણ(વું)
શદ (શદ્=નાશ પામવું)–પ્રા. સડ–સડ(વું)
દોલા–પ્રા. ડોલા–ડોલ(વું); ડોળી; ડોળો
શિથિલ–પ્રા. સઢિલ–ઢીલ–ઢીલું
દોહદ–પ્રા. ડોહલ–ડોયલ–લાં
મરાઠી અને ઉત્કલીમાં દન્ત્ય તરફ વિશેષ વૃત્તિ છે.
મરા૦ દાઢી; હિં. ડાઢી
મરા. થંડા; હિં. ઠણ્ડા
મરા. દીઢ; હિં. ડેઢ

મૂર્ધન્યનો દન્ત્ય

કર્ણ–પ્રા. કણ્ણ–કાન, (કર્ણ+સ્મિન્, અપ૦ કણ્ણહિં–કન્હિઁ) કને
પર્ણ–પ્રા. પણ્ણ–પાન
જૂર્ણકમ્–અપ૦ જુણ્ણઉં–જૂનું
વિજ્ઞપ (વિ+જ્ઞા; વિજ્ઞાપય)–પ્રા. વિણ્વવ–વિનવ(વું)
અરણ્ય–પ્રા. રણ્ણ–રાન
વિજ્ઞપ્તિ–પ્રા. વિણ્ણત્તિ–વિનંતિ
સંજ્ઞા–પ્રા. સણ્ણા–સાન
મન્ય (મન્)–પ્રા. મણ્ણ–માન(વું)
યજ્ઞોપવીત–પ્રા. જણ્ણોવઈઅ–જનોઈ
જન્ય (વરનાં સ્નિગ્ધ) પ્રા. જઞ્ઞ–જાન

ગુજરાતીમાં 'ણ્' છે ત્યાં હિન્દીમાં ઘણા શબ્દમાં 'ન્' છે–કોન, કઠિન, આપના, જન, માનૂશ, વગેરે

વ્યંજનોનો લોપ

અનાદિ, અસંયુક્ત ક્, ગ્, ચ્, જ્, ત્, દ્, પ્, ય્, અને વ્ બહુધા લોપાય છે. પ્રાકૃતમાં વ્યંજનો લોપાયા પછી સ્વરો સંધિ થયા વિનાના રહે છે; પણ દેશી ભાષામાં તેની સંધિ થાય છે. વ્યંજન લોપાયા પછી અ કે આ રહે, તેની પહેલાં અ કે આ હોય ત્યારે તેનો ઉચ્ચાર લઘુ પ્રયત્ન ય જેવો થાય છે અને હસ્તલિખિત પુસ્તકોમાં એમ લખાય પણ છે.

અનાદિ 'ક્'નો લોપ

કોકિલ–પ્રા. કોइल–કોઅલ; હિં., પં., સિં.માં कोइल; ઉત્ક.માં कोयिल छे.
કુમ્ભકાર–પ્રા. કુમ્भआર–કુંભાર
સુવર્ણકાર–પ્રા. સુવણ્णआર–સોણાર; સોની; હિં. सोनार
ચર્મકાર–ચમાર
લોહકાર–લુહાર
મકુલ–પ્રા. મउલ–મોલ (પાક; ફાલ), મોર, મરવા; હિં., બં.માં मौल
અન્ધકાર–પ્રા. અન્ધયાર–અંધેર
શીતકાલકઃ–પ્રા. સીअઆ (યા) લઓ–શિયાળો
બકુલસર–બउરસર–બોરસલી
રાષ્ટ્રકૂટ–રાઠોડ
મુકુટ–પ્રા. મउડ–મોડ
નકુલ–પ્રા. णउલ–નોળ (નાળીઓ)
નારિકેલ–પ્રા. णારિएલ–નારિએળ
ઉષ્ણકાલકઃ–પ્રા. ઉન્હआલઓ–ઉનાળો
મૌક્તિકમ્–પ્રા. મોત્તिअં–મોતી
યૂકા–પ્રા. જૂआ–જૂ
યૂથિકા–પ્રા. જૂહिआ–જૂહી–ઈ
શાટિકા–પ્રા. સાડिआ–સાડી
તૈલિકઃ–પ્રા. તેલિઓ–તેલી
તામ્બૂલિકઃ–પ્રા. તંબોલિઓ–તંબોળી
વિકાલકઃ–અ. વિआલउ–વિઆળુ–* વાળુ

અનાદિ 'ગ્'નો લોપ

નગર–પ્રા. णયર–નોર('ય્'નો 'ઇ' થઈ); ચાંપાનેર
સાગર–પ્રા. સાયર–સાયર
દ્વિગુણઃ–પ્રા. દુउણો–બઉણો (બમણો, 'મ્' પ્રક્ષિપ્ત)
ભગિની–પ્રા. ભइણી–બહિણી–બેન; પંજા.માં. ભૈણ, બૈન્હ; સિંધીમાં ભેણુ; મરા.માં બહીણ, બંગા.માં બહન છે.
શૃગાલ–પ્રા. સિયાલ–સિયાળ

મૃગાઙ્ક–પ્રા. મअંક–મઅંક (કવિતામાં વપરાય છે.)

અનાદિ 'ચ્'નો લોપ

સૂચી–પ્રા. સૂઈ–સોય, હિં. ને મરા.માં સૂઈ
સૌચિક–સોઈ–સઈ
વચન–પ્રા. વયણ–વેણ (ય્ નો ઇ થઈ)
વચનકમ્–અપ. વઅણउં–વાનું, બાનું
રક્તચન્દન–રત્તअંદણ–રતાંદળી

---

* સુરતના નાગરોમાં 'વિઆળુ' શબ્દ વપરાય છે.

અનાદિ 'જ્'નો લોપ

રાજા–પ્રા. રાઆ–રાયા–રાય
રાજપુત્ર–પ્રા. રાઅવુત્ત–રાવત
ભાજન–પ્રા. ભાઅણ–ભાણું

અનાદિ 'ત્'નો લોપ

પિતૃગૃહ–પ્રા. પિઇઘર–પિઇહર–પીયર
માતૃગૃહ–પ્રા. માઇઘર–માઇહર–મહિયર
ભ્રાતૃજાયા–પ્રા. માઉજાયા–(ભો.ભાઈ); હિં. ભૌજાઈ
ગતકઃ–અપ. ગયઅઉ–ગયો
પીતલકમ્–અપ. પીઅલઉં–પીળું
ઘૃત–પ્રા. ઘિઅ–ઘી
માતૃષ્વસૃકા–પ્રા. માઉસિઆ–માસી; હિં. મૌસી
મૃતકઃ–અપ. મુઅઉ–મુઓ
માતા–પ્રા. માઆ–મા
જાતિ–પ્રા. જાઈ–જાઈ
જાતિફલમ્–પ્રા. જાઇફલં–જાયફળ
ભ્રાતૃકઃ–પ્રા. ભાઇઓ–ભાઈ
માતૃકા–પ્રા. માઇઆ–માઈ
ચતુર્વિંશતિ–પ્રા. ચઉવીસા–ચોવીસ
ચતુર્થ–પ્રા. ચઉત્થ–ચોથ–ચોથું
ચતુર્ગુણ–પ્રા. ચોગ્ગુણ–ચઉગ્ગુણ–ચોગણુ–ણું
ચતુષ્ક–પ્રા. ચઉક્ક–ચોક
પ્રતોલી–પોળ
વાતૂલ–પ્રા. વાઉલ–વાયલ
પારાવત–પારેવો–વું
અવતારઃ–ઓઆરો (અવના 'વ્'નો ઉ થઈ અ+ઉ=ઓ, ત્ લોપાઈ)–ઓવારો ('વ' પ્રક્ષેપક)
કેતકી–કેવડો ('વ્' પ્રક્ષેપક)

અનાદિ 'દ્'નો લોપ

ખાદિતવ્યકમ્–અપ. ખાઇઅવ્વઉં–ખાવું
રોદિતવ્યકમ્–અપ. રોઇઅવ્વઉં–રોવું
પાદોન–પ્રા. પાઓણ–પાઉણ–પોણુ–પોણું
ખદિર–પ્રા. ખઇર–ખેર
કેદાર–પ્રા. કેઆર–ક્યારો
વેદના–પ્રા. વેઅણા–વેણાં (ચંટાં)
કદલ–પ્રા. કયલ–કેળ
હૃદય–(કમ્)–અપ. હિઅઅં–હઇયું (સ્વરવ્યત્યયપૂર્વક)
પાદ–પ્રા. પાય–પાય(દળ); પાય (રી); પા

અનાદિ 'પ્'નો લોપ

કૂપઃ–પ્રા. કૂઓ–કુએ (કુવો); હિં. કૂઆં; બં૦, ઉ.–કૂઆ
દીપઃ–*દીવો; હિં. દિયા; પં. દીઆ
બીજપૂર–પ્રા. બીજઊર–બીજોરું
પિપાસા–સી–પિઆસા–સી–પ્યાસા-સી

---

* ગુજરાતીમાં 'પ્'નો 'વ્' થવાના દાખલા વિશેષ છે.

અનાદિ 'ય'નો લોપ

પ્રિયઃ–અપ. પિઉ–પિઉ	પાનીયમ્–પ્રા. પાણિઅં–પાણી
	મયૂર–પ્રા. મઊર–મોર

અનાદિ 'વ'નો લોપ

જીવઃ–પ્રા. જીઓ–અપ. જીઉ–જી	પ્રવિષ્ટઃ–પ્રા. પવિટ્ઠો–પેઠ–પેઠો
દિવસઃ–અપ. દિઅહઉ–દિઅહડઉ–દહાડો (અપ૦માં 'ડ' પ્રત્યય સ્વાર્થિક છે.)	ઉપવિષ્ટઃ–પ્રા. ઉવવિટ્ઠો–ઓઠ–બેઠો (ઉ લોપાઈ)
	કારવેલ્લ–કારેલ–લી–લું

અન્તઃસ્થના ફેરફાર

યનો જ્ હિન્દી ને બંગાળીમાં તેમજ પંજાબીમાં નિયમિત રીતે થાય છે; પણ મરાઠી, ગુજરાતી, અને સિન્ધીમાં કંઈક ઓછો થાય છે.

યાતવ્યમ્–જવું; હિં. જાના; પં. જાણા; મરા૦ જાણેં; બં. જાઇતે; ઉત્ક. જિબા	યમુના–જમના
	યષ્ટિમધુક–જેઠીમધ
	યૂથિકા–જૂઈ
યજ્ઞ–જગન	ઇન્દ્રયવ–ઇન્દ્રજવ
યાગ–જાગ	કાલેય–કલેજું
યોત્ર–જોતર; હિં. જોત	યોગ્ય–જોગ; મરા૦ ને હિં.–જોગ; મરા૦માં યોગ પણ છે.
યક્ષ–જક્ષ	
યશ–જશ	કાર્ય–કારજ

'ય'નું સંપ્રસારણ (ઇ)

વ્યજન (કઃ)–વીજણો	નયન–પ્રા. ણયણ–નેન
વ્યતીત (કમ્)–વીત્યું	રજનો–પ્રા. રયણી–રેણુ
પ્રત્યય–પતીજ	વચન–પ્રા. વયણ–વેણ

'ર' લોપાતો નથી, ચીકણો છે.

હરિદ્રા–પ્રા. હલ્દિ–હલદી–હળદર

'લ'નો 'ર'

પાલન (કમ્)–પારણું–પાલણું

'વ્'

'વ્' 'બ્' સાથે ગુંચવાય છે. સિંધી, ગુજરાતી, અને મરાઠીમાં 'વ્' ને 'બ્' જુદા છે; બીજી બધી હિંદ–આર્ય ભાષામાં એક છે.

'વ્'નો 'ઉ' (સંપ્રસારણ)

ત્વરમાણ–પ્રા.–તુરંત–તુરત, તરત	અપસર (અવસર–અઉસર)–ઓસર(વું)
નવમી–નોમ	પ્રતિવેશી–પડોસી
નવરાત્ર–નોરતાં	ધવલ (કમ્)–ધોળું
કપર્દિકા–કોડી (પ્નો વ્ થઈ)	કવલ–કોળીઓ
અપરમાત્રિય–ઓરમાઈ (પ્નો વ્ થઈ)	રસવતી–રસોડું
અવલમ્બ–ઓળંબો	અવચ્છાદય–ઓછાડ(વું)
અવલક્ષ (અઉલક્ખ)–ઓળખ(વું)	

'વ્'નો લોપ

હિંદીમાં તો ૨૧થી ૨૮ સુધીના સંખ્યાવાચક શબ્દમાં ચોવીસ ને છવ્વીસ સિવાય બધામાં વ્ લોપાય છે. ઇક્કીસ, બાઈસ, તેઈસ, પચ્ચીસ, વગેરે. ગુજરાતીમાં 'પચ્ચીસ'માં 'વ્' લોપાય છે.

'વ્'નો 'મ્'

નીવાર–નમાર	ધીવર–ટીમર
સ્વપ્ન–પ્રા. સિમિણ–સમણું	સુપર્વન્–સપરમો
પ્રાવાર–પામર–રી	અવસ્રાવણ–ઓસામણ

ખ્, ઘ્, થ્, ધ્, ભ્

સામાન્ય રીતે અલ્પપ્રાણ લોપાય છે અને 'હ્' ચીકણો હોવાથી કાયમ રહે છે. આ કારણથી 'ખ્' 'ઘ્', 'થ્,' 'ધ્,' ને 'ભ્' નો 'હ્' થાય છે.

'ખ્'નો 'હ્'

મુખ–મુહ–મોં	સખી–પ્રા. સહી–સહી, સાહે(લી)
લેખકઃ–પ્રા. લિહઓ–લહીઓ	નખ–પ્રા. નહ–નહો(ર)

'ધ્'નો 'હ્'

મેઘ–પ્રા. મેહ–મેહ, મેહ(લો)
અરઘટ્ટ–રહેંટ
પ્રાઘૂર્ણકઃ–પ્રા. પાહુણઓ–પરોણો
પિતૃગૃહ–પ્રા. પિઇઘર–પિઇહર–પીયર; હિં. પીહર
માતૃગૃહ–પ્રા. માઇઘર–માઇહર–મહીયર; મરા૦–માહેર
ભૂમિગૃહ–પ્રા. ભૂઘર-ભાંયરૂં; હિં. ભુંયારા
દેવગૃહ–પ્રા. દેવઘર–દેહરૂં

'ધ્' કાયમ

ઘોટકઃ–ઘોડો
ઘટઃ–ઘડો
ઘૂર્ણિતવ્ય–ઘૂમવું

'થ્'નો 'હ્'

પૃથુક–પહુંઆ
પ્રથમ–પહેલું
કથ (કથ્–કહેવું)–પ્રા. કહ–કેહ(વું)
કથાનક–નિકા–પ્રા. કહાણઅ–ણિઆ–કહાણી
પૃથુલકમ્–અપ. પુહુલઉં–પોહળું
મથિતકારી–મહિયારી

'થ્' કાયમ

ગ્રન્થિ–ગાંઠ
ગ્રન્થિતવ્ય–ગાંઠવું
મન્થિતવ્ય–મથવું

'ધ્'નો 'હ્'

બધિરઃ–પ્રા.–બહિરો–બહેરો
દધિ–પ્રા. દહિં–દહિ
સાધુ–પ્રા. સાહુ–સાહુ(કાર)
મધુક–પ્રા. મહુક–મહુ(ડાં)
વધૂ–પ્રા. વહૂ–વહુ
ગોધા–પ્રા. ગોહા–ઘો (પાટલાઘો);
હિં. ગોહ
ગોધૂમ–પ્રા. ગોહૂમ–ઘઉં, હિં. ગોહું
પરિધા–પ્રા. પરિહા–પહેરવું (વર્ણવ્યત્યયથી)
મધ્યે–મહિં

'ધ્' કાયમ

યુદ્ધ–જુદ્ધ; બીજી દેશી ભાષાઓમાં જુદ્ધ રૂપ પ્રાપ્ત કરે છે. જુદ્ધાર–યોદ્ધો
ધાવક–ધોબી–ભી
ધવલ–ધોળું
ધ્મા–પ્રા. ધુમા–ધમણ

'ભ્'નો 'હ્'

પ્રભા–પ્રા. પહા–પોહ
શુભ (શુમ્–શોભવું)–પ્રા. સુહ–સોહ(વું)
શોભાયમાનઃ–સોહામણો
સૌભાગ્ય–પ્રા. સોહગ્ગ–સોહાગ
આભીર–પ્રા. આહીર–આહીર; હિં. અહીર
ભૂ–પ્રા. હો–હો(વું)
ભાણ્ડઃ–હાંડો–ડી
લભ (લમ્–મેળવવું)–પ્રા. લહ–લે(વું)
વિમાનકમ્–અપ. વિહાણઉં–વહાણું
વલ્લભ–વહાલ–લું (વર્ણવ્યત્યય)
સુલભ–સહેલ–લું ,,
દુર્લભ–દોહેલ–લું ,,
પ્રત્યભિજાના–પ્રા. પચ્ચહિઆણ–પિછાણ–વું; 'ભ્'નો 'હ્' ને 'જ્ઞ'ને લીધે 'ચ્'નો 'છ્' થાય છે. હિં. પહિચાન
વિભજ્–વહેંચ(વું)
લાભઃ–લાહો–લ્હાઓ, લ્હાવો
નિભાલય–નિહાળ(વું)

'શ્', 'ષ્'નો 'સ્'

શુણ્ડા–સૂંઢ
મનુષ્ય–માણસ
મહિષી–ભેંસ
પરિવિષ (પરિવિષ્–પરિવેષય)–પીરસ(વું)
શૃઙ્ખલા–સાંકળ
નાશ (નશ્–નાશય)–નાસ(વું)
શુષ્કકમ્–સૂકું
કિંશુક–કેસુ(ડું)
શિરોનામ (કમ્)–સરનામું
શલ્ય–સાલ
શિંશપ–સીસમ
શ્યામલ(કમ્)–સામળું
શ્યાલઃ–સાળો
વિશ્રામઃ–વિસામો
શય્યા–સેજ
શમન–સમણ
શિક્ય–સીકું
શૂર્પ–સૂપ(ડું)
શુદ્ધ(કમ્)–સૂધું
શોથઃ–સોજો
શ્રેઢિ–સીડી
દીપશલાકા–દીવાસળી
શ્યામાકઃ–સામો

'શ્'નો 'છ્'

શકન્–છાણ
શેષ–છે(લ્લું), છેડ–ડો–છેવટ
શાવક–પ્રા. છાવક–છોકર(રો)
શકટઃ–છકડો

'ષ્'નો 'ખ્'

જૂની ગુજરાતીમાં 'ષ્'નો 'ખ્' લખાય છે ને ઉચ્ચારાય છે.

ભાષ (ભાષ્)-ભાખ(વું) | વિષ-વિખ

અલ્પપ્રાણનો મહાપ્રાણ

મહાપ્રાણ ને ઊષ્માક્ષરને લીધે અલ્પપ્રાણનો મહાપ્રાણ થાય છે.

પનસ-પ્રા. પનસ-ફણસ (સ્ને લીધે પ્નો ફ્)
કાસિત-પ્રા. ખાસિઅ-ખાંસી (સ્ને લીધે ક્નો ખ્)
પરશુ-ફરસી
બુસ-ભુસ-સું
કૃષ (કૃષ્)-ખસ(વું)
બાષ્પ-બાફ
અસ્થિ-પ્રા. અટ્ઠિ-હાડ
પાશ-ફાંસો
સંસ્મર (સંસ્મૃ-સંસ્મર્)-સાંભર(વું) (સ્ને લીધે મ્નો મ્)
નિર્વાહ (નિર્વહ્-નિર્વાહય)-નિભાવ (વું) (વ્નો બ્ થઈ મ્)
કૃશર-ખીચડો
મિશ્ર-પ્રા. મિસ્સ-ભેળ (સ્ ને લીધે મ્નો મ્)
કર્પર-પ્રા. ખપ્પર-ખપ્પર (ર ને લીધે ક્નો ખ્ર)
ક્રોડઃ-ખોળો
અગ્રાહ્ય-અધરું
પાથેય-ભાથું
કીલકઃ-ખીલો (કારણ વગર અલ્પ૦-નો મહા૦)
કૂપઃ-ખો (કારણ વગર)
ચકિત-છક (કારણ વગર)
મેષકઃ-પ્રા. મેસડઉ-મેહડઉ-મેંઢો
કોણઃ-ખૂણો } કારણ વગર
કણ્ડ (કણ્ડ્)-ખાંડ(વું) } કારણ વગર
કૂટ-ખોટું

અનુસ્વારનો ઉમેરો

બોલનારનું નાકમાંથી બોલવાનું વલણ આનું કારણ છે.

વક્ર-પ્રા. વંક-વાંક-કું
અશ્રુ-પ્રા. અંસુ-આંસુ
પુચ્છ-પ્રા. પુંછ-પુંછ(ડી)
માર્જાર-પ્રા. મંજાર-માંજર
વૃશ્ચિક-પ્રા. વિંછુઅ-વિંછુ
ત્ર્યસ્ર-ત્રાંસ-ત્રાંસું
અક્ષિ-પ્રા. અક્ખિ-આંખ

વર્ણવ્યત્યાસ

ક્ષેપ–પ્રા. ખેપ–ફેંક(વું)	(આ) ચમન–મછણ
હ્રદ–દહર–રો	વાચાલ–ચાવળું
લઘુકઃ–પ્રા. હલુઓ–હળ(વું)	દારિકા–દીકરી
વલ્લભ–વહાલ–લું	અષ્ટાદશ–પ્રા. અટ્ઠારહ–અઢાર
સુલભ–સહેલ–લું	ઘટ્યાલય–ઘડિયાળ
દુર્લભ–દોહેલ–લું	પ્રાઘૂર્ણકઃ–પરો(હ)ણો
બિડાલ–બિલાડી	ગુચ્છ–છોગ–ગું
ચટકી–ચકલી	પરિઘા–પહેર(વું)
તુન્દી–ઢૂંટી	કણેરુ–કરેણુ–ણું
શાણી–નીશા	વારાણસી–વાણારસી–બનારસ
ચિકિલ–કીચડ	મહારાષ્ટ્ર–પ્રા. મરહટ્ટ–મરાઠા
નિહ્નવ–નપ્પટ	

વ્યંજનોના પરચુરણ ફેરફાર

ભૂયસી–ભૂરસી	કફોણી–કોણી
તિર્યચ્–તિરછું	સુવાસિની–સોભાસણ
પ્રત્યચ્–પણછ (પ્રત્યંચા)	અધિક–અદકું
નિત્યાવલીય–નતવાળીઓ	મેંધ્રી–ધ્રિકા–મેદી
શટમધુર–ખટમધુરું	

સંયુક્ત વ્યંજનના ફેરફાર

સંયોગઃ પ્રકાર—દરેક વર્ગનાં પહેલાં ચાર વ્યંજન પ્રબળ વર્ણ છે, બાકીનાં એટલે અનુનાસિક, અન્તઃસ્થ, અને ઊષ્મ, એ નિર્બળ વર્ણ છે. પ્રબળ વર્ણના જોડાક્ષર તે પ્રબળ સંયોગ, નિર્બળ વર્ણના જોડાક્ષર તે નિર્બળ સંયોગ, અને પ્રબળ અને નિર્બળ વર્ણોના જોડાક્ષર તે મિશ્ર સંયોગ કહેવાય છે.

પ્રબળ સંયોગ–ક્ત્, ગ્ધ્, દ્ઘ્, બ્ભ્, ક્ષ્, દ્ગ્, વગેરે
મિશ્ર સંયોગ–ર્ગ્, ક્સ્, ક્ક્, ક્ષ્, જ્ઞ્, વગેરે
નિર્બળ સંયોગ–શ્ર્, મ્ર્, ર્ણ્, વગેરે

નિયમ

૧. પ્રબળ સંયોગમાં પ્રાકૃતમાં પ્રથમ વ્યંજન દ્વિતીયને મળતું થાય છે; અર્થાત્, પ્રથમ લોપાય છે અને દ્વિતીય બેવડાય છે. પંજાબી અને સિંધી સિવાયની તમામ હિંદ-આર્ય ભાષામાં પ્રથમ વ્યંજનનો લોપ થઈ પૂર્વ સ્વર દીર્ઘ થાય છે.

खग्गः–પ્રા. खग्गो–ખાંડું	सक्कु–પ્રા. सक्कु–સાકુ
शब्द–પ્રા. सद्द–સાદ; પંજા. सद्द	रक्त–પ્રા. रत्त–રાત–તું; પં. रत्ता; સિં. रतो
भक्त–પ્રા. भत्त–ભાત; પંજા. भत्त; સિં. भतु	मौक्तिअ–પ્રા. मोत्तिअ–મોતી
सुप्त–પ્રા. सुत्त–સૂતું	सप्त–પ્રા. सत्त–સાત
मुद्ग–પ્રા. मुग्ग–મોગ	सप्तम–પ્રા. सत्तम–સાતમ–મો
छिक्का–છીક	सप्तदश–પ્રા. सत्तरह–सत्तर; હિં. सत्तरह
सुक्ति–પ્રા. सिप्पि સીપ, છીપ	सप्तति–પ્રા. सत्तति–सत्तरि–હત્તરિ સિત્તેર
उत्कल–(उद्+कल्)-પ્રા. उक्कल–ઉકેલ(વું)	उद्गम–(उद्+गम्)–ઊગ(વું)
उत्कर–પ્રા. उक्केर–ઉકર(ડો)	उत्था–ઊઠ(વું)
दुग्ध–પ્રા. दुद्ध–દૂધ	षट्पदः–પ્રા. छप्पओ–છપ્પો
मुद्गर–પ્રા. मुग्गर–मोग्गर–મોગર–રી	मुक्त–પ્રા. मोक्क–મોક(ળો)
कुब्ज–પ્રા. खुज्ज–કુબ(ડો)	

૨. (અ) મિશ્ર સંયોગમાં નિર્બળ વ્યંજન પ્રબળની પૂર્વે કે પછી હોય તો પ્રાકૃતમાં નિર્બળ વ્યંજન પ્રબળમાં મળી જાય છે; અર્થાત્, નિર્બળ લોપાઈ પ્રબળ બેવડાય છે. દેશી ભાષામાં એમાંથી એક વ્યંજન લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થાય છે.

(આ) નિર્બળ વ્યંજન અનુનાસિક હોય અને પ્રબળ વ્યંજનની પૂર્વે આવ્યું હોય તો તેનું અનુસ્વાર થાય છે. પ્રાકૃતમાં એવી સ્થિતિમાં પૂર્વ સ્વર દીર્ઘ થતો નથી, પણ દેશી ભાષામાં થાય છે.

(અ) ના દાખલા

અગ્નિ–પ્રા. અગ્ગિ–આગ
ઊર્ધ્વ–પ્રા. उड्ढ–ઊભું
દર્દુર–પ્રા. દદુર–દાદુર–દાદર
ધ્વજ–પ્રા. झअ–ઝંડો–ઝુંડો (સિં.-માં પણ છે)
સ્વિદ્ય–(स्विद्)-પ્રા. सिज्ज–સીજ(વું)
અર્પ–(ઋ–અર્પય)–પ્રા. अप्प–આપ
જ્ઞા–પ્રા. जाना–જાણ(વું)
યજ્ઞ–જગ
સર્પ–પ્રા. सप्प–સાપ
સમર્પ–(सम+ऋ; सम्+अर्पय) પ્રા. समप्प–સોંપ(વું)
વિજ્ઞપ્તિ–પ્રા. विण्णत्ति–વીનતી (વિનંતિ)
તીક્ષ્ણ–પ્રા. तिण्ह–તીખ–ખું
લગ્ન–પ્રા. लग्ग–લાગ
ભગ્નક:–પ્રા. भग्गओ–ભાગ્યો
દર્ભ–પ્રા. दब्भ–દાભ
નગ્ન–પ્રા. णग्ग–નાગ–ગો
રાજ્ઞી–રાણી
રાજ્ઞીદેવી (રાજ્ઞી=સૂર્યપત્ની)–રન્નાદેવ, રાંદેર
સંજ્ઞા–પ્રા. सण्णा–સાન
યજ્ઞોપવીત–પ્રા. जण्णोवईअ–જનોઈ
કર્દમ–પ્રા. कद्दम–કાદવ
તર્ક–પ્રા. तक्क–તાક(વું)

(આ) ના દાખલા

કંકણ–પ્રા. कंकण–કાંકણ
કણ્ટક:–પ્રા. कंटओ–કાંટો
ચન્દ્ર–પ્રા. चंद–ચાંદ
કમ્પ (કમ્પ્)–પ્રા. कंप–કાંપ(વું)
સ્કન્ધ–પ્રા. खंध–ખાંધ
ચઞ્ચુ–ચાંચ
જઙ્ઘા–જાંઘ
શુણ્ઠિ–સૂંઠ
જમ્બુ–જાંબુ
સંપાદ (સમ્+પદ્–સમ્+પાદય)–સાંપડ(વું)

ઊષ્માક્ષરવાળા મિશ્ર સંયોગ

બેઉક્ષરોનાં બંને વ્યંજનનાં તત્ત્વ સચવાય એવી રીતે ફેરફાર થાય છે. સ્ક્, શ્ક્, શ્ચ્, સ્ત્, ષ્ટ્, સ્પ્, ષ્પ્માંના ઊષ્માક્ષર અને શ્વાસ વર્ણોનું મહાપ્રાણત્વ તત્ત્વ ક્, ચ્, ટ્, ત્, ને પ્માં ભળી જઈને તેના ખ્, છ્, ઠ્, થ્, ને ફ્ થાય છે. પછી તે બેવડાય છે (આરંભમાં હોય તો તે બેવડાતો નથી) અને પ્રથમ વર્ણ તરીકે વર્ગીય પહેલું વ્યંજન થાય છે.

સ્ક્

સ્કન્ધ–પ્રા. खन्ध–ખાંધ (સ્ લોપાઈ ક્નો ખ્ થયો છે.)

ક્ક્

શુષ્ક–પ્રા. સુક્ખ–સૂકું
વિષ્કિર (વિ+કૃ)–પ્રા. વિક્કિર–વિખર(વું)

શ્ચ્

પશ્ચ–પ્રા. પચ્છ–પછી
પશ્ચાત્–પ્રા. પચ્છા–પાછું
વૃશ્ચિકઃ–પ્રા. વિચ્છુઓ–વીછુ
પશ્ચિમ–પ્રા. પચ્છિમ–પચ્છમ-પશ્ચિમ

સ્ત્

હસ્ત–પ્રા. હત્થ–હાથ; પંજા૦ હસ્થ; સિં૦ હથુ; મરા; બં૦, ઉ૦ હાત
કુસ્તુમ્બરી–કોથમીર
પ્રસ્તર–પ્રા. પત્થર–પથ્થર
મુસ્તા–પ્રા. મોત્થા–મોથ
પુસ્તક–પ્રા. પોત્થઅ–પોથી
અગસ્તિ–અગથીઆ

સ્તન–પ્રા. થણ–થાન
સ્થાન–પ્રા. ઠિણ–ઠી(ન્યું)
અસ્તાઘ–(ધણું ઉંડું)–અથાગ
સ્તમ્ભ–પ્રા. થમ્ભ–થાંભ(લો), થંભ(વું)
સ્તોક–પ્રા. થોઅ–થો(ડું)
સ્તબ્ધ–થંડું

ષ્ટ્

મુષ્ટિ–પ્રા. મુટ્ઠિ–મૂઠી, મુઠ્ઠી
ઉપવિષ્ટકમ્–અપ૦ ઉવઇટ્ઠઉં–બેઠું
વેષ્ટ–વેઢા
દૃષ્ટિ–પ્રા૦ દિટ્ઠિ–દીઠ (માથા દીઠ)
દૃષ્ટઃ–પ્રા. દિટ્ઠો–દીઠો
મૃષ્ટકમ્–અપ૦ મિટ્ઠઉં–મીઠું
યષ્ટિ–પ્રા. લટ્ઠિ–લાઠી
અષ્ટ–પ્રા. અટ્ઠ–આઠ

ષષ્ટિ–પ્રા. સટ્ઠી–સાઠ
ઉષ્ટ્ર–પ્રા. ઉટ્ટ–ઊંટ
ઇષ્ટા–પ્રા. ઇટ્ઠા–ઇંટ
ધૃષ્ટ–પ્રા. ધિટ્ઠ–ધીટ
અરિષ્ટઃ–પ્રા. અરિટ્ઠો–અરીઠા
ઉચ્છિષ્ટકમ્–અજી૦ ઉંડું
તુષ્ટ–પ્રા. તુટ્ઠ–તૂઠયું
રુષ્ટ–પ્રા. રુટ્ઠ–રૂઠયું
માઘવૃષ્ટિ–માવઠું

સ્થ્

પ્રસ્થાપ (પ્ર+સ્થા)-પ્રા. પટ્ઠાવ–પાઠવ(વું)
અસ્થિ–પ્રા. અટ્ઠિ–હાડ(ટ્ઠનું ડ્ઢ થઈ ઢ્ મહાપ્રાણ હોવાથી હ્ થયો છે.)
એકસ્થ–એકઠું

સ્થાનકમ્–અપ. થાણઉ–થાણું
સ્થામ–પ્રા. થામ–હામ
સ્થિત–પ્રા. થક્ક–થાક(વું)
સ્થગ–ઠગ

ષ્ટ્

પૃષ્ઠકમ્–અપ. પટ્ઠુઁ–પાહું; પિટ્ઠ–પીઠ; પુટ્ઠ–પૂઠ	કુષ્ઠિન્–કોઢી–ડી(એા)
અઙ્ગુષ્ઠઃ–પ્રા. અંગુટ્ઠો–અંગુઠો	કોષ્ઠ–કોઠી, કોઠા(૨)
ઓષ્ઠ–પ્રા. ઓટ્ઠ–હોઠ	ષષ્ઠકમ્–અપ. છટ્ઠુઁ–છટ્ઠું
કુષ્ઠ–કોઢ–ડ	મઞ્જિષ્ઠા–મંજીઠ
અષ્ઠીલિકા–ઠળીએા (આદિ અ લુપ્ત)	નિષ્ઠુર–પ્રા. ણિટ્ઠુર–નોઠોર

ષ્પ્

બાષ્પ–પ્રા. બપ્ફ–આફ્

સ્પ્

સ્પન્દ–પ્રા. ફન્દ–ફંદ–ફાંદો–ફંદો

સ્ક્

સંસ્કાર–પ્રા. સક્કાર–સકાર

સ્ફ્

સ્ફોટકઃ–ફોલ્લો	સ્ફટ (સ્ફદ્)–ફાટ(વું)
સ્ફુટ (સ્ફુદ્)–ફૂટ(વું)	સ્ફટી–ફટ(કડી)

સ્ત્, સ્પ્

સ્નો ઉચ્ચાર વર્ગીય દન્ત્ય વર્ણની પેઠે દાંતના મૂળ સાથે જીભના ટેરવાના સ્પર્શથી થતો નથી; પણ દાંતના મૂળ સાથે ટેરવાનો ઉપલો ભાગ ગોળ થઈ અડકે છે, તેથી થાય છે. આ પ્રમાણે સ્નો ઉચ્ચાર તાલુસ્થાની વર્ગીય વ્યંજનને મળતો છે. આથી સ્નો મહાપ્રાણ અઘોષ છ્ થાય છે.

અપ્સરસ્–અપ્છરા–અપ્છરા (અપભ્રષ્ટ); સિં.માં પણ એજ શબ્દ છે.	હિં. બાચ્છા, બચ્છા–બચ્છ–બચ્ચો
વત્સ–પ્રા. વચ્છ–વાછ(રડું); બચ્ચું;	ઉત્સઙ્ગ–પ્રા. ઉચ્છંગ–ઓછંગ

ક્ષ્

ક્ષનો ઉચ્ચાર ક્+ષ્ જેવો શુદ્ધ થાય ત્યારે ષ્નું તત્ત્વ મહાપ્રાણુત્વ કમાં મળીને ખ્ થાય છે; પણ ક્+શ્ જેવો થાય–કેમકે ક્+ષ્

કરતાં કૂ+શ્ ઉચ્ચાર સહેલો છે–ત્યારે શ્ને મળતો મહાપ્રાણ ને અઘોષ છ્ થાય છે.

અક્ષિ–પ્રા. અક્ખિ–આંખ
કુક્ષિ–પ્રા. કુક્ખિ–કૂખ
મક્ષિકા–પ્રા. મક્ખિઆ–માખી
ક્ષમા–પ્રા. ખમા–ખમા
દ્રાક્ષા–દ્રાખ, દરાખ
પક્ષ–પડખે ('ડ' પ્રક્ષિપ્ત)–પ્રા.પક્ખ–પાંખ, પાખ (પાર્શ્વના અર્થમાં)
રક્ષ (રક્ષ્)–પ્રા. રક્ખ–રાખ(વું)
અક્ષરક્ષકમ્–અપ. અક્ષરક્ખઉં–અંગરખું
ઉપલક્ષ (ઉપ+લક્ષ્–પ્રા. ઉવલક્ખ)–ઓળખ(વું)
ચો(ચૌ) ક્ષ (કમ્)–ચોકખું
ક્ષપ (ક્ષપય=નાશ પામવું)–ખપ(વું)
બુમુક્ષા–પ્રા. બુહુક્ખા–ભૂખ
ભક્ષણ–પ્રા. મક્ખણ–માખણ
શિક્ષ (શિક્ષ્)–પ્રા. સિક્ખ–શીખ(વું)
પરીક્ષ (પરિ+ઈક્ષ્)–પ્રા. પરિક્ખ–પારખ(વું)
નિરીક્ષ (નિર્–ઈક્ષ્)–પ્રા. નિરિક્ખ–નિરખ(વું)
પ્રક્ષાલય (પ્ર+ક્ષલ્–પ્રક્ષાલય)–પ્રા. પક્ખાલ–પખાલ(વું)
વિક્ષાલન–વીછળ(વું)
ગવાક્ષ–ગોખ
ક્ષુરિકા–પ્રા. છુરિઆ–છુરી–છરી
ક્ષોદનકમ્–છૂંદણું
ક્ષર–ઝર(મર)
ક્ષીર–પ્રા. છીર–ખીર
*ક્ષેત્ર–પ્રા. છેત્ત–ખેતર
ઋક્ષ–પ્રા. રિચ્છ–રીંછ
તક્ષ (તક્ષ્)–પ્રા. તચ્છ–તાસ(વું); તાછ(વું)
ક્ષિપ્ર–ખિવ્વ–ખેવ–તખેવ

અંત:સ્થવાળા મિશ્રસંયોગ

કર્કટિકા–પ્રા. કક્કડિઆ–કાકડી
અર્ચિ:–પ્રા. અચ્ચિ–આંચ
માર્ગ–પ્રા. મગ્ગ–માગ
માર્ગ (માર્ગ્)–પ્રા. મગ્ગ–માગ(વું)
ગર્ભ–પ્રા. ગબ્ભ–ગાભ
ગર્ભિણી–પ્રા. ગબ્ભિણી–ગાભણી
અર્પ(ઋ, અર્પય)–પ્રા. અપ્પ–આપ
આર્દ્રકમ્–અપ. અલ્લઉં–આદું; આલું
અભ્ર–પ્રા. અબ્ભ–આભ
અગ્ર–પ્રા. અગ્ગ–આગ(ળ)
વર્તિ–પ્રા. વટ્ટિ–વાટ
વર્તિકા–પ્રા. વટ્ટિ(ત્તિ)આ–વાટ

---

* શબ્દના આરંભમાંજ બેડાક્ષર હોય ત્યારે તેમાંનો એક અક્ષર લોપાય છે; કેમકે વચ્ચે બેડાક્ષર હોય તેમ તે થડકાઈને બોલાતો નથી.

સર્પ–પ્રા. સપ્પ–સાપ
વ્યાઘ્ર–પ્રા. વગ્ઘ–વાઘ
કર્પટ–પ્રા. કપ્પડ–કાપડ
કર્પાસ (કાર્પાસ)–કપાસ
દુર્બલ–પ્રા. દુબ્બલ–દૂબળ–ળો
બર્બર–પ્રા. બક્કર–બકર–રો; મરા૦ બાકર
ખર્જૂર–પ્રા. ખજ્જૂર–ખજૂર
ગર્જ (ગર્જ્)–પ્રા. ગજ્જ–ગાજ(વું)
માર્જ (માર્જ્)–પ્રા. મજ્જ–માજ(વું)
ભ્રાતા–પ્રા. ભાઆ–ભાઈ, ભાઉ
ભ્રમર–પ્રા. ભમર–ભમર–રો
પ્રસ્તર–પ્રા. પત્થર–પત્થર, પથરો
પ્રસ્થાપ (પ્ર+સ્થા; પ્ર+સ્થાપય)–પ્રા. પટ્ઠાવ–પાઠવ(વું)
પ્રતિવાસી–પ્રા. પડિવાસી–પડોસી
પ્રતિચ્છાયા–પ્રા. પડિચ્છાઆ–પડછાયો
શર્કરા–પ્રા. સક્કરા–સાકર
ગર્તઃ–ખાડો
પ્રત્યુત્તર–પ્રા. પડિઉત્તર–પડઉત્તર
યોગ્ય–પ્રા. જોગ્ગ–જોગ
પ્રસ્થલ–પ્રા. પત્થલ–પાથલ (ઉત્સ્થલ–પ્રા. ઉત્થલ–ઉથલ)
અન્યાનિ (અન્યનું નપું. પ્ર. બ. વ.)–અપ૦ અણ્ણહઁ–અને
સત્ય–પ્રા. સચ્ચ–સાચ, સાચું
નૃત્ય–પ્રા. નચ્ચ–નાચ
મૃત્યુ–પ્રા. મિચ્ચૂ– મીચ(વું)

ત્ અઘોષ ને અલ્પપ્રાણ છે, તેથી યૂના સ્થાનનો અઘોષ અને અલ્પપ્રાણ ચ્ થાય છે.
ચત્વર–ચચ્ચર–ચાચર
અદ્ય–પ્રા. અજ્જ–આજ
વિદ્યુત્–પ્રા. વિજ્જ(લી)–વીજળી
ખાદ્યકમ્–ખાજું
વાદ્યકમ્–વાજું
વૈદ્યનાથ–વૈજનાથ
નૈવેદ્ય–નેજ
દ્યૂતક–જૂગટું
'અદ્ય' વગેરેમાં દ્ય્ સ્પષ્ટ અને પ્રધાન છે, તેથી તે પહેલામાં મળી જતો નથી. તેને મળતો નાદ અને ઘોષ જ્ થાય છે.
દ્વાર–પ્રા. દાર–બાર–બાર
ઊર્ધ્વ–પ્રા. ઉજ્જ–ઊભું
બર્હિચરા–બહુચરા
દ્વિ–બે
દ્વિતીય–પ્રા. બિઇજ્જ–બીજું
દ્વાદશ–પ્રા. બારહ–બાર
વૃષ–વર્ષ(વૃષ્)–પ્રા. વટ્ઠ–વધ(વું)
મધ્ય–પ્રા. મજ્ઝ–માઝ–માહ–મહમાં યૂની પૂર્વે મહાપ્રાણ ધ્ હોવાથી યૂનો મહાપ્રાણ ને ઘોષ, સમાન સ્થાનનો ઝ્ થાય છે.
ધ્યાન–પ્રા. ઝાન–(સમ)જ(વું)
ઉપાધ્યાયઃ–પ્રા. ઉઅજ્ઝાઓ–ઓઝા

સંધ્યા–પ્રા. સંઝા–સાંજ
બુધ્ય (બુધ્)–પ્રા. બુજ્ઝ–બૂજ(વું)
યુધ્ય (યુધ્)–પ્રા. જુજ્ઝ–જૂઝ(વું)
પક્વ–પ્રા. પિક્વ–પાકું
જ્વલ–જ્વાલ(જ્વલ્)–પ્રા. જલ–જ્વાલ; બલ–બાલ–બાળ(વું); ઝાળ
ત્વરિત–પ્રા. તુરિઅ–તુરત
ત્વન–પ્રા. ત્તણ, અપ. પ્પણ–પણું, પણુ (ડહાપણુ, બુરાપણું)
છર્દ (છર્દ્)–પ્રા. છડ્ડ–છાંડ(વું)
વર્ધ (વર્ધ્)(વાઢવું)–પ્રા. વડ્ઢ–વાઢ(કાપ)
કર્ત (કર્ત્)–પ્રા. કટ્ટ–કાટ(વું)
સાર્ધ–પ્રા. સડ્ઢ–સાઢા
કર્તરી–પ્રા. કત્તરી–કાતર
વાર્તા–પ્રા. વત્તા–વાત
કપર્દ–કોડી
ચતુર્થ–પ્રા. ચઉત્થ–ચોથું
ઉપર્યસ્તપર્યસ્ત–પ્રા. ઉવલ્હત્થપલ્હત્થ–ઉલટપાલટ
ધૂર્ત્ત–પ્રા. ધુત્ત–ધૂત
કર્દમ–પ્રા. કદ્દવ–કાદવ
દર્દુર–પ્રા. દદ્દુર–દાદુર
ગર્દભ–પ્રા. ગદ્દહ–ગધેડો
ચિત્ર–છીંટ
ત્રુટ (ત્રુટ્)–પ્રા. તુટ્ટ–તૂટ(વું)
પત્ર–પટ્ટી
ગન્ત્રી–ગાડી
ગર્ત–પ્રા. ગડ્ડ–ગડ(બડ)

નિર્બળ સંયોગ

પ્રકાર—નિર્બળ સંયોગના પ્રકાર નીચે પ્રમાણે છે:—

(૧) બે અનુનાસિકનો
(૨) અનુનાસિક અને અન્તઃસ્થનો
(૩) અનુનાસિક અને ઊષ્માક્ષરનો
(૪) બે અન્તઃસ્થનો
(૫) અન્તઃસ્થ અને ઊષ્માક્ષરનો

(૧) છન્ન–પ્રા. છણ્ણ–છાનું
(૨) કર્મ–પ્રા. કમ્મ–કામ
ધર્મ–પ્રા. ધમ્મ–ધામ
ચર્મ–પ્રા. ચમ્મ–ચામ
કર્ણ–પ્રા. કણ્ણ–કાન, કને (કર્ણ+સ્મિન્)
પર્ણ–પ્રા. પણ્ણ–પાન
અરણ્ય–પ્રા. રણ્ણ–રાન
અન્યાનિ–અપ૦ અણ્ણઇં–અન+ઇ–અને–ને
કર્ણિકાર–પ્રા. કણ્ણેર–કરેણુ–ણું (વર્ણવ્યત્યય)

ધાન્ય–પ્રા. ધાણ–ધાન
ગુલ્મ–ગૂમ(ડું)
આમ્ર–પ્રા. અંબ–આંબ
તામ્ર–પ્રા. તંબ–તાંબ–બું
ઊર્ણ–પ્રા. ઉણ્ણ–ઊન
સુવર્ણકમ્–અપ. સુવણ્ણઉં–સોણ્ણઉં–સોનું
પ્રાઘૂર્ણકઃ–અપ. પ્રાહુણ્ણઉ–પરોણો

(૩)

ઉષ્ણકમ્–અપ. ઉણ્હઉં–ઉન્હું, ઊનું
સ્નાનકમ્–અપ. ણ્હાણઉં–નહાણું
સ્ના–પ્રા. ણ્હા–નહા–નહા(વું)
કૃષ્ણઃ–પ્રા. કણ્હો–કહાન
પૂર્ણકમ્–અપ. પુણ્ણઉં–પૂરું
ચૂર્ણઃ–પ્રા. ચુણ્ણો–ચૂનો
ઘૂર્ણ (ઘૂર્ણ્)–પ્રા. ઘુમ્મ–ઘૂમ(વું)
ચૌર્ય–પ્રા. ચોરિઅ–ચોરી
પર્યઙ્કઃ–પ્રા. પલ્લંકો–પલંગ
પર્યાણ–પ્રા. પલ્લાણ–પલાણ
ચર્વ (ચર્વ્)–પ્રા. ચવ્વ–ચાવ(વું)
રશ્મિ–પ્રા. રસ્સિ–રાસ
શ્મશ્રુ–પ્રા. મસ્સુ–મૂછ
સ્નેહ–પ્રા. નેહ–ણેહ–નેહ
શ્લેષ્મ–પ્રા. સિલેમ્હ–સણેખમ

સ્ન્, ષ્ણ્, સ્મ્, શ્મ્, ષ્મ્–આમાં બીજો વર્ણ નાદ છે, તેથી પહેલા શ્વાસનો નાદ હ્ થાય છે.

(૪)

કલ્ય–પ્રા. કલ્લ–કાલ
વ્યતીત–પ્રા. વિઇત–વીત(વું)
વ્યાખ્યાન–પ્રા. વક્ખાણ–વખાણ
કાર્ય–પ્રા. કજ્જ–કાજ

(૫)

જિહ્વા–પ્રા. જિબ્ભા–જીભ
કર્ષ (કૃષ્)–પ્રા. કટ્ઠ–કાઢ(વું)
શ્યામ–સામ
શ્વશ્રૂ–સાસુ
સ્વામી–પ્રા. સાંઈ–સાંઈ
સ્વકમ્–સગું
સર્ષપ–સરસવ
પાર્શ્વે–પાસે
શ્રાવક–પ્રા. સાવગ–સાવક
પાર્ષ્ણિ–પ્રા. પાહી–પાની
શ્યામલઃ–સામળો
શ્યાલઃ–સાળો
કાંસ્યકમ્–કાંસું
અવશ્યાય–ઓસ
સ્વપ (સ્વપ્)–પ્રા. સુવ–સૂવું
નિઃશ્વાસ–પ્રા. નીસાસ–ણીસાસ–નીસાસ–સો
અશ્રુ–પ્રા. અંસુ–આંસુ
શ્વશુરઃ–પ્રા. સસરો–સસરો

અર્વાચીન તદ્ભવ

૧. અર્વાચીન તદ્ભવમાં સંયોગના ભાગ જુદા પાડવામાં આવે છેઃ—
વર્ષ–વરસ; કર્મ–કરમ; ધર્મ–ધરમ; માર્ગ–મારગ

૨. સંયોગના બે વર્ણની વચ્ચે સ્વર મુકાય છેઃ—
શ્લોક–પ્રા. સિલોક–સિલોકા
સ્નાન–પ્રા. નહાન, સિનાન–નહાણું, સનાન
સ્મરણ–પ્રા. સુમરણ–સમરણુ
ક્લેશ–પ્રા. કિલેસ–કલેસ
શ્લેષ્મ–સલેખમ
દુર્જન–દુરિજણ (માગધીમાં દુજ્જણે)
પ્રાણ–પરાણુ; પરાણે
નમ્ર–નરમ (વર્ણવ્યત્યય થઈ)
શાપ–શ્રાપ–શરાપ ('ર'ઉપજન)
આર્દ્રા–આરુદ્રા
અભ્રક–અભરખ

ઉપસંહારઃ—

મહાસંસ્કૃત—ગુજરાતી ભાષાના ઇતિહાસ વિષે અને તેમાંના શબ્દોની તથા નામિકી અને આખ્યાતિકી વિભક્તિની વ્યુત્પત્તિ વિષે અત્યાર સુધી જે કંઈ કહેવામાં આવ્યું છે તે પર લક્ષ આપ્યું હશે તો સમજાયું હશે કે હિંદી, પંજાબી, સિંધી, બંગાળી, ઉત્કલી, અને મરાઠી ભાષાની પેઠે ગુજરાતી ભાષા સંસ્કૃતની પુત્રી છે. ઇ. સ. પૂર્વે ૨૦૦૦થી વધારે વર્ષ ઉપર આર્ય ટોળીઓ વાયવ્ય ખૂણાને માર્ગે હિંદુસ્તાનમાં દાખલ થઈ. પ્રથમ તેઓ સિંધુ નદીને કાંઠે અને પછી ગંગાજમનાના પ્રદેશ વચ્ચે વસી અને ક્રમે ક્રમે ઉત્તર હિંદુસ્તાનમાં હિમાલય અને વિન્ધ્યની વચ્ચેના પ્રદેશમાં ફેલાઈ અને એ પ્રદેશ આર્યાવર્ત કહેવાયો. ઋગ્વેદની સંસ્કૃત ભાષા એ તેમની ભાષાનું પ્રાચીન સ્વરૂપ છે. એ મહાસંસ્કૃતમાં અને પછીની સંસ્કૃત ભાષામાં ઘણો ફેર છે. વિભક્તિનાં રૂપો તથા શબ્દો જુદાં જોવામાં આવે છે. કેટલોક ફેરફાર નીચે દર્શાવ્યો છેઃ—

મહાસંસ્કૃત (વૈદિક સંસ્કૃત)	પાછળનું સંસ્કૃત
વિશ્વેદેવાસઃ, બ્રાહ્મણાસઃ	વિશ્વેદેવાઃ, બ્રાહ્મણાઃ
અગ્નિર્દેવેભિઃ	દેવૈઃ
પરમે વ્યોમન્	વ્યોમનિ
વસન્તા યજેત	વસન્તે
તન્વં તનુવં વા પુષેમ	તનુમ્
અસ્મે ઇન્દ્રાબૃહસ્પતી	અસ્મભ્યમ્
ધીતી, મતી	ધીત્યા, મત્યા
ઋજવઃ સન્તુ પન્થાઃ	પન્થાનઃ
નાભા પૃથિવ્યાઃ	નાભૌ
શૃણુધી ગિરઃ	શૃણુ
શૃણોત ગ્રાવાણઃ	શૃણુત

હેત્વર્થના પ્રત્યયો સે (વક્ષે રાયઃ); અસે (જીવસે=જીવિતુમ્); અધ્યૈ–પિબધ્યૈ (પાતુમ્); તવૈ (દાતવાઉ); તવે (કર્તવે) છે. તેમાં તવે લક્ષમાં લેવા લાયક છે. કર્તુને નામ ગણી તે પર પ્રત્યયો લાગી કર્તુમ્ (દ્વિ. એ. વ.) ને કર્તવે (ચ. એ. વ.) રૂપો થયાં છે. અવ્યયરૂપ ભૂ. કૃ. કૃત્વા એ તૃ. એ. વ.નું રૂપ છે. કેટલાક શબ્દોમાં મ્ ને ધ્ ને બદલે પાછળની ભાષામાં હ્ થયો છે. સધ વૈદિકને બદલે પાછળથી સહ અને ગૃમ્ને બદલે ગૃહ્ થયો છે. (ગૃભ્ણામિ તે=ગૃહ્ણામિ તે; મઘ્વા જભાર=મઘ્વા જહાર).

બ્રાહ્મણના સમયની ભાષા–વેદની ભાષા પછી ભાષાનો વિકાસ ઐતરેય વગેરે બ્રાહ્મણોમાં જોવામાં આવે છે. વેદમાં જણાતા ઘણા અપરિચિત શબ્દો જતા રહ્યા છે. ભાષાનું સ્વરૂપ પાછળની સાહિત્યની ભાષાને મળતું થયું છે અને બધા કાળો અને અર્થોના પ્રયોગ જોવામાં આવે છે.

ભાષ્યકારના સમયની ભાષા–બ્રાહ્મણના સમય પછીની ભાષામાં કાળ અને અર્થને બદલે કૃદન્તોનો પ્રયોગ વિશેષ થયો. ભગવાન્ પાણિનિના સમયમાં ભાષાનું જે સ્વરૂપ હતું તેમાં અને ભાષ્યકાર પતંજલિના સમયમાં જે હતું તેમાં આવો ફેરફાર છે.

પાલી—ભાષા બોલાતી હોય છે ત્યારે તેમાં અનેક જાતના વિકાર થયાં કરે છે. બધા માણસોની ઉચ્ચાર કરવાની શક્તિ સરખી નથી. ઉતાવળથી બોલવાની ટેવને લીધે તેમજ ઉચ્ચારની અને રૂપોની શુદ્ધિ જાળવવા માટે પૂરતી સંભાળ ન હોવાને લીધે ભાષામાં વિકાર થાય છે અને એક પ્રજા બીજીના સમાગમમાં આવવાથી એ વિકારમાં વૃદ્ધિ થાય છે. ઉચ્ચાર અશુદ્ધ થવાનાં આવાં કારણોને લીધે તેમજ આર્ય પ્રજા અનાર્ય પ્રજાના સંબંધમાં આવી તેથી સંસ્કૃત ભાષામાં વિકાર થઈ તેનું અશુદ્ધ રૂપ થયું. આરંભમાં આ વિકાર જે અનાર્ય પ્રજા આર્ય પ્રજાના સંબંધમાં આવીને એ ભાષા બોલવા માંડી તેનામાં જોવામાં આવ્યો હશે અને પછી આર્ય પ્રજાના અધમ, અસંસ્કારી વર્ગોમાં દાખલ થયો હશે. પ્રથમનું આ અશુદ્ધ રૂપ તે પાલી ભાષા. આર્યાવર્તના પવિત્ર સંસ્કારી બ્રાહ્મણોની દેશી ભાષા સંસ્કૃત હતી. જેઓ શિષ્ટ અને સંસ્કારી હતા તથા શુદ્ધ ઉચ્ચાર કરી શકતા તેઓ સંસ્કૃત ભાષા બોલતા. સાધારણ લોકો ઉચ્ચારની ખામીથી અને અનાર્ય પ્રજાના સંસર્ગથી શુદ્ધ ઉચ્ચાર કરી શકતા નહોતા, તેમની બોલેલી ભાષા તે પાલી ભાષા. એમાં શુદ્ધ અને અશુદ્ધ બન્ને પ્રકારના શબ્દો હતા. પાલી એ બૌદ્ધોની પવિત્ર ભાષા છે અને એ સિલોન, સિઆમ, ને બ્રહ્મદેશમાં બોલાતી હતી. બૌદ્ધોનું સાહિત્ય એ ભાષામાં છે અને અશોકના શિલા-લેખ પણ એને મળતીજ ભાષામાં છે.

ભાષાવિકારના નિયમો—ભાષામાં અશુદ્ધિના વિકારો થાય છે તે પણ અમુક નિયમોને અનુસરીનેજ થાય છે. તે નિયમો અગાઉ દર્શાવ્યા છે. તેમાંના મુખ્ય નીચે પ્રમાણે છે:—

(૧) જોડાક્ષરમાં એમાં જે નબળો હોય તે લોપાય છે અને તેને સ્થાને જે અવશિષ્ટ રહે છે તેને મળતો થાય છે.

જુદાં જુદાં સ્થાનનાં વ્યંજનોના બનેલા જોડાક્ષરનો ઉચ્ચાર કરવામાં આપણે એક ઉચ્ચારસ્થાનમાંથી તરતજ બીજા ઉચ્ચાર-સ્થાનમાં જવું પડે છે. અનાર્ય પ્રજાને સંસ્કૃત ભાષા ઉચ્ચારવાની ટેવ નહોતી, તેને આ કઠણ લાગે એ સ્વાભાવિક છે. ઉચ્ચારનો માર્ગ

સહેલો કરવા માટે અનાર્ય લોકોએ જુદાં જુદાં સ્થાનનાં બે વ્યંજનો ઉચ્ચારવાને બદલે એક વ્યંજન બીજાને મળતું કર્યું. જેમકે,

(૧) (અ) સંયુક્ત વ્યંજનમાં પહેલાનો વિકાર–ધર્મ-ધમ્મ; મત્ત-મત્ત; શબ્દ-સદ્દ; અર્પ-અપ્પ; લબ્ધ-લદ્ધ (બે મહાપ્રાણ સાથે ઉચ્ચારવામાં પરિશ્રમ પડે છે, તેથી પહેલાને બદલે બીજાને મળતો અલ્પપ્રાણ થાય છે; લદ્ધમાં પહેલા ધ્નો દ્)

(આ) સંયુક્ત વ્યંજનમાં બીજાનો વિકાર–ગૃધ્ર-ગિદ્ધ; આર્દ્રક-અદ્દક; અગ્ર-અગ્ગ; પક્ક-પક્ક

(૨) શ્, ષ્, કે સ્ અઘોષ અલ્પપ્રાણ સાથે જોડાયલા હોય છે, ત્યારે (અ) એ ઊષ્માક્ષરની અસરથી અલ્પપ્રાણનો મહાપ્રાણ થાય છે.

(આ) એમાંથી જે વ્યંજન બદલાય છે તેને બીજાની અસર થાય છે. (૧લા નિયમ પ્રમાણે)

સ્કન્ધ-ખન્ધ-(સ્ક્માંનો સ્ લોપાયો છે અને તેના મહાપ્રાણત્વની અસરથી અઘોષ અલ્પપ્રાણ ક્નો અઘોષ મહાપ્રાણ ખ્ થયો છે); મસ્તક-મત્થા; પશ્ચાત્-પચ્છા; આશ્ચર્ય-અચ્છરિય; દિષ્ટ-દિટ્ઠ; પુષ્પ-પુપ્ફ

(આ) ઉષ્ણ-ઉણ્હ (ણ્ ઘોષ છે, તેને મળતો ઊષ્મ ષ્નો ઊષ્મ ઘોષ હ્ થાય છે; પાર્ષ્ણિ-(ર્ લોપાર્ધ) પાણ્હિ

(૩) ક્ષ્ ને જ્ઞ્નો ઉચ્ચાર કરવો અઘરો છે. ક્ષ્ એ ક્+ષ્ની બરાબર છે. કેટલાક ક્ ને ષ્ સાથે બોલાય એવી રીતે ક્ષ્નો ઉચ્ચાર કરી શકયા, તેમણે ષ્નો ખ્ કર્યો અને જેમણે ક્ ને શ્ સાથે બોલાય એવી રીતે ક્ષ્નો ઉચ્ચાર કર્યો તેમણે શ્ને મળતો તાલુસ્થાનનો છ્ કર્યો અને પૂર્વના ક્નો ચ્ કર્યો. આ રીતે ક્ષ્ના ખ્ અને છ્ બે વિકાર પાલી ને પ્રાકૃતમાં આવ્યા છે:—

(અ) ક્ષ્માંના ષ્નો ખ્ થયાના દાખલા:—

ક્ષીર–ખીર; ક્ષાર–ખાર; ભક્ષણ–મક્ખણ–(માખણ); ક્ષપ્–ખવ્(ખોવું)

(આ)ક્ષ્માંના ષ્નો છ્ થયાના દાખલા:—

ઋક્ષ–રિચ્છ (રીંછ); ક્ષુરિકા–છુરિઆ (છરી)

જ્ઞ્ જ્+ન્ નો બનેલો છે. એનો ઉચ્ચાર ઞ્ કે ન્ય્ જેવો થવા માંડ્યો તેથી જ્ઞ્નો ઞ્ થયો.

વિજ્ઞપ–વિણ્ણવ (વીનવ); રાજ્ઞી–રણ્ણી (રાણી); સંજ્ઞા–સણ્ણા (સાન)

(૪) જોડાક્ષર ઉચ્ચારતાં હમેશ આગલો સ્વર થડકાય છે. આરંભમાંજ જોડાક્ષર હોય તો તેમ બની શકે નહિ, માટે તેમાંનો નિર્બળ વર્ણ લોપાય છે; ભ્રમર–ભમર

(૫) કેટલીક વાર જોડાક્ષર બોલવાની મુશ્કેલી દૂર કરવા તેના અવયવો વચ્ચે સ્વર મુકાય છે; જેમકે,

શ્રી–સિરી; સ્મરતિ–સુમરતિ (પ્રા૦ સુમરઇ); શ્લોક–સિલોક; સ્નાન–સિનાન–નહાણ

(૬) શ્, ષ્, સ્ના ઉચ્ચાર સ્પષ્ટ કરવા અઘરા છે. એમાં સ્નો ઉચ્ચાર સહુથી સહેલો છે તેથી પાલી ને પ્રાકૃતમાં એ ત્રણે વ્યંજનોને ઠેકાણે બહુધા સ્ થાય છે ('બહુધા' કહેવાનું કારણ કે માગધીમાં શ્ વપરાય છે). ષ્નો ઉચ્ચાર કેટલાક શ્ જેવો કરે છે તેથી ષ્ને બદલે શ્ના સ્થાનનો અઘોષ મહાપ્રાણ છ્ થાય છે; જેમકે ષષ્–છ

(૭) કેટલાક શબ્દોમાં એક વર્ણની અસર બીજા પર થઈ વર્ણ-વિકાર થાય છે; જેમકે પરશુ–ફરસુ (ફરસી); આમાં શ્નો સ્ થયો અને તેને લીધે પ્નો મહાપ્રાણ ફ્ થયો.

(૮) પાલી બોલનારનાં ઉચ્ચારસ્થાન મૂર્ધન્ય વર્ણ તરફ વધારે વળેલાં હતાં, આથી પાલીમાં દન્ત્યનો મૂર્ધન્ય થાય છે. પ્રાકૃતમાં પણ એમ થાય છે; જેમકે, દંશ–ડંસ–(ડાંસ); દાહ–ડાહ

(૯) ઉચ્ચારનો પરિશ્રમ બચાવવો એ સ્વાભાવિક છે; એથી અઘોષના ઘોષ અને કઠોર વર્ણના મૃદુ વર્ણ થાય છે.

બક–બગ; વટ–વડ; પીડ(ન)–પીળ(ન) [પીલ(વું)]; તડાક–તળાક (ડ્નો મૃદુ વર્ણ ળ્ થાય છે).

પાલીમાં મહાસંસ્કૃતની પેઠે અને ગુજરાતીની પેઠે ળ છે; આ વિકાર પાલી અને પાકૃત કરતાં દેશી ભાષામાં વિશેષ થાય છે; પ્રાકૃતમાં એટલો બધો થતો નથી.

(૧૦) સ્વરોના વિકાર

(અ) ઋના અ, ઇ, ઉ, કે ર્ થાય છે; ગૃહ–ગહ; ગૃધ્ર–ગિદ્ધ; મૃદુ–મુદુ; વૃક્ષ–રુક્ખ

(આ) ઐ નો એ ને ઔનો ઓ થાય છે; ઐનો ઉચ્ચાર અ+ઇ જેવો અને ઔનો અ+ઉ જેવો થાય છે; તેથી ઐને સ્થાને અ+ઇ=એ ને ઔને સ્થાને અ+ઉ=ઓ થાય છે.

તૈલ–તેલ; મૌલિ–મોલિ

(ઇ) અયનો એ ને અવનો ઓ થાય છે.

કથયતિ–કથેતિ; અવકાશ–ઓકાસ; નવનીત–નોનીત; પ્રાકૃતમાં ઐ ને ઔના બહુધા અઇ ને અઉ થાય છે.

પૌર–પઉર (નાગપોર)

પાલી ને પ્રાકૃતમાં

૧. ઋ વર્ણ ને ૠ નથી; તેમજ ઐ અને ઔ નથી.

૨. શ્ ને ષ્ નો બહુધા સ્ થાય છે.

૩. હ્ ને વ્ સ્વર સાથે જોડાયલા વપરાતા નથી, માત્ર વ્યંજન સાથે જોડાયલાજ વપરાય છે.

૪. દ્વિવચન નથી.

૫. વ્યંજનાન્ત શબ્દો વપરાતા નથી. એવા શબ્દોમાં 'અ' ઉમેરાય છે. શરદ્–શરદ

૬. ચતુર્થીને સ્થાને ષષ્ઠી વપરાય છે.

૭. પરસ્મૈપદ ને આત્મનેપદનો તેમજ ગણોનો ભેદ જતો રહ્યો છે.

પ્રાકૃત—સંસ્કૃત અને પાલી બંને એકી વખતે બોલાતી હતી. પાલી પ્રચારમાં આવી ત્યારે કંઈ સંસ્કૃત મૃત ભાષા થઈ નહોતી. બન્ને ભાષા સાથે સાથે ચાલતી હતી અને જેમ જેમ સંસ્કાર ઘટતો ગયો તેમ તેમ સંસ્કૃત ભાષા બોલનારની સંખ્યા ઓછી થતી ગઈ અને અશુદ્ધ ભાષાનો પ્રચાર અને પ્રદેશ વધતો ગયો. આ રીતે પાલી જુદા જુદા પ્રદેશોમાં ફેલાયલી જુદી જુદી પ્રાકૃત ભાષાનું સ્વરૂપ પામી. દેશ-પરત્વે પ્રાકૃતના મુખ્ય છ ભાગ છે—૧. મહારાષ્ટ્રી (મહારાષ્ટ્રમાં બોલાતી)–એ મુખ્ય પ્રાકૃત છે. હેમચન્દ્રે એને પ્રાકૃત નામ આપ્યું છે; ૨. શૌરસેની (શૂરસેનમાં–મથુરાની આસપાસના પ્રદેશમાં બોલાતી); ૩. માગધી (મગધમાં–બિહારમાં બોલાતી); ૪. પૈશાચી અને ૫. ચૂલિકા-પૈશાચી (અફ્ગાનિસ્તાન, નેપાળ, બાહ્લિક, વગેરે પ્રદેશોમાં બોલાતી);

અને ૬. અપભ્રંશ–સિંધ, ગુજરાત, વગેરે દેશોમાં બોલાતી. ગુજરાતી અને હિંદીને અપભ્રંશ સાથે, બંગાળીને માગધી સાથે, અને મરાઠીને મહારાષ્ટ્રી સાથે વધારે સંબંધ છે.

પ્રાકૃતમાં વિકારો—પાલીમાં જે જે વિકારો દર્શાવ્યા છે તે તે વિકારો ઉપરાંત ત્રણ વિકાર પ્રાકૃતમાં ખાસ થયાઃ—

૧. અઘોષને સ્થાને ઘોષ.

૨. ઘોષ અને અઘોષ મહાપ્રાણમાંથી કેવલ અંશ જઈ માત્ર હકાર રહે છે.

૩. અનાદિ વ્યંજનનો લોપ. લોપ થઈ બે સ્વર સાથે આવે ત્યારે ઉચ્ચારની સરળતાની ખાતર પહેલાની પૂર્વે બહુધા લઘુપ્રયત્ન યકાર મુકાય છે, ક્વચિત્ વકાર, ને ક્વચિત્ હકાર પણ પ્રક્ષેપક તરીકે મુકાય છે. આમાંનો બીજા વિકાર એ પ્રાકૃતનું ખાસ લક્ષણ છે.

આના દાખલા દેશી ભાષામાં વિશેષ છે. પ્રાકૃતમાંના દાખલા થોડાક નીચે આપ્યા છેઃ—

૧. લોક–લોગ; ઘટ–ઘડ; હરીતકી–હરડઇ (હરડે–ત્નો દ્ થઈ ડ્); કૃત–કીદ (કીધું); કસપટ્ટ–કસવટ્ટ (કસોટી)

૨. મુખ–મુહ; પ્રાઘુણક–પાહુણઅ; માઘ–માહ; કથાનિકા–કહાણિઆ; પરિઘા–પરિહા; સુધા–છુહા; સૌભાગ્ય–સોહગ્ગ–સોહાગ

૩. ચર્મકાર–ચમ્મઆર–ચમાર; વચન–વયણ–વેણ (ય્નો ઇ થઈ); રાજપુત્ર–રાઅવુત્ત–રાવત; માતા–માઆ–મા; મયૂર–મઊર–મોર; પિપાસી–પિઆસી–પ્યાસી; સૂકર–સૂવર (વ્ પ્રક્ષેપક); સર્જનકાર–સર્જ્જનહાર (હ્ પ્રક્ષેપક)

શૌરસેનીમાં મહારાષ્ટ્રીની પેઠે અનાદિ ત્ લોપાવાને બદલે તેનો દ્ થાય છે;

કૃત–કઅ (મહારાષ્ટ્રી)–કિદ–કીધ–ધું (શૌરસેની).

માગધીમાં સ્નો શ્ અને ન્નો લ્ થાય છે. બંગાળી ભાષાને માગધી સાથે વિશેષ સંબંધ હોવાથી એમાં શકાર વધારે છે.

પૈશાચીમાં ન્નો ણ્ થતો નથી.

અપભ્રંશ: મુખ્ય લક્ષણો:–અપભ્રંશ, જેની સાથે ગુજરાતીને ઘણો સંબંધ છે, તેનાં ખાસ લક્ષણ નીચે દર્શાવ્યાં છે:–

૧. પ્રાકૃતમાં અનાદિ અઘોષ વર્ણ બહુધા લુપ્ત થાય છે, પણ અપભ્રંશમાં તેને બદલે ઘોષ વર્ણ થાય છે. આ વિકાર દેશી ભાષામાં વિશેષ જોવામાં આવે છે.

૨. પ્રથમા એકવચનનો પ્રત્યય ઉ છે; આ જૂની ગુજરાતીમાં પણ ઘણે સ્થળે જોવામાં આવે છે.

૩. સંસ્કૃત સ્વાર્થિક ક પ્રત્યયનો પ્રયોગ ઘણો છે. એ ક પ્રત્યયનો લોપ થાય છે અને નપુંસક એ. વ. અમ્ પ્રત્યયનો ઉં થાય છે. આ ઉં ગુજરાતીમાં નપુંસકના એ. વ.માં આવ્યો છે.

૪. સ્વાર્થિક અડ અને ઉલ્લ પ્રત્યયોનો પણ ઘણો પ્રયોગ છે. ગુજરાતીમાં ડ ને લ સ્વાર્થિક પ્રત્યયોનો ઘણો પ્રચાર છે.

દાખલા:—

લોકઃ–લોગુ; કાકઃ–કાગુ; કમલકમ્–કમલડું; વૃક્ષકઃ–રુક્ખડુ–રુક્ખુલુ

૪. શબ્દોના વિકારો ગુજરાતી ભાષાનાં રૂપોને મળતા થાય છે:–કથમ્–કિમ–કેમ; યથા–જિમ–જેમ; તથા–તિમ–તેમ; યત્ર–જેત્થુ; તત્ર–તેત્થુ; કુત્ર–કેત્થુ; અત્ર–એત્થુ; એવ–જિ; એવમ્–એમ્વ–એમ; પશ્ચાત્–પચ્છહ; યતઃ–જો; ततः–तो; तदा–तो; यावत्–जेत्तुल्ल–जेवडु; तावत्–तेत्तुल्ल–तेवडु; कियत्–केत्तुल्ल–केवडु; इयान्–एत्तुल्ल–एवडु; यादृश–जइसु; तादृश–तइसु; कीदृश–कइसु; ईदृश–अइसु; पुनः–पुणु; सर्वः–साहु–सव्व; विना–विणु

વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'કેમ', 'જેમ', 'તેમ', 'જ', 'જો', 'તો' માટે અવ્યયના પ્રકરણમાં સમજાવ્યું છે.

પ્રત્યયોના વિકારો ગુજરાતીમાં ઊતરી આવેલા છે, તેમાંના કેટલાક દાખલા નીચે પ્રમાણે છે:—

त्व ता	} પટુત્વ–તા–પડુપ્પણુ (પટુપણું)
तव्य	} કર્તવ્યમ્–કરિએવ્વઉં (પ્રત્ય. ઇએવ્વઉં) સોઢવ્યમ્–સહેવ્વઉં (પ્ર. એવ્વઉં) સ્વપિતવ્યમ્–સોએવા (પ્ર. એવા)

સોએવા જેવાં રૂપ જૂની ગુજરાતીમાં છે. હેત્વર્થ કૃદન્તનું આ મૂળ છે.

ईय–युष्मदीयः–तुम्हारु (તમારૂં)

इ–कृत्वानुं करइ ('કરી' અવ્ય. ભૂ. કૃ.) (વ્યાકરણમાં અપભ્રંશમાં ત્વાના આદેશ–इ, इउ, ए (હેમ. इवि), અને अवि આપે છે. વ્યુત્પત્તિ પ્રમાણે इ એ સોપસર્ગ ધાતુમાં ત્વાના આદેશ યનો વિશ્લેષ થઈ થાય છે.)

આજ્ઞાર્થના ૧લા પુ. બ. વ. સિવાય બધા પ્રત્યયો અપભ્રંશમાંથી આવ્યા છે.

		અપ૦		ગુજ૦	
		એ.વ.	બ.વ.	એ.વ.	બ.વ.
૧લો	પુ.	उं	हुं	ઉં	ઇએ
૨જો	પુ.	हि	हु	એ	ઓ
૩જો	પુ.	इ	हिं	એ	એ

અપભ્રંશમાં આજ્ઞાર્થના ૨જા ને ૩જા પુ. એ. વ. માં બીજા પ્રત્યયો इ, उ, ને ए છે; એ પ્રત્યયો જૂની ગુજરાતીમાં જોવામાં આવે છે.

આમ દેશપરત્વે પ્રાકૃતના વિભાગ થયા. જુદા જુદા વિભાગોમાં વસવાથી જુદી જુદી પ્રાકૃતોમાં જુદા જુદા વિકારો થયા અને એ રીતે દેશી ભાષાઓ ઉદ્ભવી.

સંસ્કૃતઃ પ્રાકૃતઃ અપભ્રંશઃ—ફરી કહેવું જરૂરનું છે કે ભાષાના આ ઇતિહાસ પરથી એમ ન સમજવું કે પાલી કે પ્રાકૃત ભાષા જ્યારે વપરાતી હતી ત્યારે સંસ્કૃત મૃત ભાષા હતી. શિષ્ટ વર્ગમાં બોલાતી ને સંસ્કાર પામેલી ભાષા તે સંસ્કૃત. તેમાં અશુદ્ધિ થઈ અધમ વર્ગમાં પ્રચાર પામેલી ભાષા તે પાલી કે પ્રાકૃત. મૂળ અશુદ્ધ થયલી ભાષા તે પાલી. કાલક્રમે વસ્તી ફેલાતે અનાર્ય જાતિના વિશેષ સંસર્ગથી દેશ-પરત્વે વિશેષ અશુદ્ધિ પામી પ્રાકૃત ને અપભ્રંશ ભાષા થઈ. અધમ આર્ય જાતિઓ અનાર્ય જાતિ સાથે લગ્નના સંબંધથી જોડાઈ એકરૂપ મિશ્ર પ્રજા થઈ તેથી આ વિકારમાં વૃદ્ધિ થઈ. પ્રાકૃત એ પાલીથી વિશેષ અશુદ્ધ સ્વરૂપ છે અને અપભ્રંશ એ સહુથી વધારે અશુદ્ધિ

પામેલું સ્વરૂપ છે. હાલ જ્યાં વ્રજ ભાષા બોલાય છે ત્યાં અપભ્રંશ ઇ. સ.ના ૬ઠ્ઠા કે ૭મા સૈકામાં ઉત્પન્ન થઈ. જૈનોના ગ્રન્થો પ્રાકૃત ભાષામાં લખેલા છે. એ પ્રાકૃતને અર્ધમાગધી કહે છે; કેમકે એમાં માગધી પ્રાકૃતનાં રૂપો ઠેકાણે ઠેકાણે જોવામાં આવે છે. ઘણો વખત સુધી સંસ્કૃત ને પ્રાકૃત ભાષાઓ સાથે સાથે બોલાતી લોકભાષા હતી. સંસ્કૃત નાટકોમાં સ્ત્રીઓ અને અધમ પુરુષપાત્રોના મુખમાં કવિઓએ પ્રાકૃત ભાષા મૂકેલી છે, તેથી એમ પણ સિદ્ધ થાય છે કે નીચલા વર્ગના ઓછા કેળવાયલા લોકો સંસ્કૃત બોલી શકતા નહોતા ને પ્રાકૃત બોલતા તોપણ તેઓ સંસ્કૃત સમજી શકતા હતા. એમ ન હોય તો ઉત્તમ પાત્રો સંસ્કૃતમાં ને અધમ પાત્રો પ્રાકૃતમાં બોલીને સંભાષણ ચલાવતાં નાટકમાં વર્ણવ્યાં છે તેમ થઈ શકે નહિ.

અર્વાચીન તદ્ભવ–સંસ્કૃત ભાષાના શબ્દો હમેશ દેશી ભાષાઓમાં દાખલ થયા કરે છે. પ્રાકૃત ભાષા બોલનારાઓની અશુદ્ધ ઉચ્ચાર કરવાની કેટલીક ટેવ દેશી ભાષા બોલનારા તેમના વારસોમાં ઊતરી છે. પરંતુ બંનેનાં બધાં ઉચ્ચારસ્થાનો સરખી રીતે વિકાર પામેલાં હોય નહિ. આ કારણથી જેવો વિકાર પામી સંસ્કૃત શબ્દો પ્રાકૃત થયા, તેનાથી અન્ય રીતે વિકાર પામી સંસ્કૃત શબ્દો દેશી ભાષામાં દાખલ થયા. આમ કેટલાક તદ્ભવ શબ્દો પ્રાકૃતદ્વારા દેશી ભાષામાં દાખલ થયા છે અને કેટલાક પાછળથી સંસ્કૃતમાંથી લાગલાજ વિકાર પામી દેશી ભાષામાં દાખલ થયા છે. પહેલા વર્ગના શબ્દ તે પ્રાચીન તદ્ભવ અને બીજા વર્ગના તે અર્વાચીન તદ્ભવ.

પ્રાચીન તદ્ભવઃ–માર્ગ–મગ્ગ–માગ; ગૃધ્ર–ગિદ્ધ–ગીધ; યોગ્ય–જોગ્ગ–જોગ; મૃત્તિકા–મટ્ટિઆ–માટી; મુકુલ–મઉલ–મોલ

અર્વાચીન તદ્ભવ–વર્ષ–વરસ; માર્ગ–મારગ; શ્લક્ષ્ણ–સખણો; પ્રાણ–પરાણુ–પરાણે

દેશી ભાષાઓઃ મુખ્ય વિકારોઃ–પ્રાકૃતમાં સંયુક્ત વ્યંજનોના જે વિકાર થાય છે તેથી વિશેષ દેશી ભાષાઓમાં થાય છે; તેમાં હિંદી, બંગાળી, મરાઠી, ને ગુજરાતીમાં જોડાક્ષરમાંનું એક વ્યંજન લોપાઇ પૂર્વ સ્વર દીર્ઘ થાય છે; સિંધીમાં એક વ્યંજન લોપાય છે, પણ પૂર્વ

સ્વર દીર્ઘ થતો નથી. પંજાબીમાં બહુધા જોડાક્ષર કાયમ રહે છે. થોડાક દાખલા નીચે આપ્યા છેઃ–

સં.	પ્રા.	ગુજ.	મરા.	હિંદી	સિંધી.	પંજા.	બંગા.
રક્ત	રત્ત	રાતો	રાતા	રાતો	રતો	રત્તા	
હસ્ત	હત્થ	હાથ	હાત	હાથ	હ્થુ	હ્થ્થ	હાત (ઉચ્ચ. હાત)
મસ્તક	મત્થા–	માથું	માથું	માથા	મથો	મત્થા	માથા
	અપ. મત્થઉં.						
અદ્ય	અજ્જ	આજ	આજ	આજ	અજુ	અજ્જ	આજ (ઉચ્ચ. આજિ)
અક્ષિ	અક્ખિ	આંખ			અખિ	અક્ખ	આખિ (ઉચ્ચ.આખિ)
સખી	સહી	સખી (આહેડી)	સહ	સહેલી	સહેલી	સહેલી	સહ (ઉચ્ચ. સહ)
મેઘ	મેહ	મેહ–મેહુ(લા.)		મેહ	મેહુ		મેઘ
તડાગ	તલાઅ	તળાવ	તળે	તલાવ	તલાડ		તલાડ
તુણ્ડા	થોણ્ડા	સૌંઢ	સોંड	સંઢ	સંઢિ	સુંઢ	સુંઢ (ઉચ્ચ. સુંઢ)
ભગિની	બહણી	બેન	બહિણ– મેણ	બહિન– બહન–બૈન	મેણ– મેણુ	મૅણ	બોન
વિપત્તિ		વિપત		વિપત		વિપત	વિપદ
મધુ	મધ્ધ	મધ	મધ	મધ		મધ	મધુ
ધવલ	ધોણ્ણ	ધોળું	ધવળા	ધોળા		ધોલા	

પ્રત્યયોમાં વિકારો–સંસ્કૃત ભાષા પ્રત્યયાત્મક હોવાથી તેમાં વિભક્તિના ઘણા પ્રત્યયો છે. આથી ભાષા અઘરી છે. ભાષાના વિકાસમાં ભાષા સરળ કરવા તરફ લક્ષ જાય છે. આથી કેટલાક પ્રત્યય લોપાય છે અને ઘણે સ્થળે સામ્ય–સરખાપણું કરવા તરફ વૃત્તિ થાય છે. દાખલા તરીકે, સંસ્કૃતમાં દસ ગણ છે; પરંતુ પ્રાકૃતમાં બધા ગણો સરખા કરી પહેલા ગણના જેવું રૂપ થાય છે. આથી વિકરણ પ્રત્યય (ગણકાર્યચિહ્ન) ધાતુનો અંશ થાય છે; જેમકે, બુધ્–બુધ્ય–બુજ્ઝ–બૂઝ; જ્ઞા–જાના–જાણ; શ્રુ–સુણ–સૂણ; નૃત્ય–નચ્ચ–નાચ. સંસ્કૃતમાં જેમ પરસ્મૈપદ અને આત્મનેપદ પ્રત્યયોનો ભેદ છે તેમ પ્રાકૃતમાં નથી.

સંસ્કૃતમાં નપુંસકમાં પ્રથમા ને દ્વિતીયાનાં રૂપ ઘણુંખરાં સરખાં છે. આથી પ્રાકૃતમાં બીજી જાતિઓમાં પણ પ્રથમા ને દ્વિતીયાનાં બ. વ. રૂપ બહુધા સરખાં છે. રામ–રામા; સવ્વ–સવ્વે; અગ્ગિ–અગ્ગિણો; વાઉ–વાઉણો–વાઊ; જાઆ–જાઆઓ–જાઆઉ–જાઆ; રુક્ખ–રુક્ખઓ–રુક્ખઉ–રુક્ખ; ધેણુ–ધેણૂઓ–ધેણૂઉ–ધેણૂ; ગોરી–ગોરી–ગોરીઓ–ગોરીઉ–ગોરીઆ; જંબૂ–જંબૂ–જંબૂઓ–જંબૂઉ; પિતૃ–પિઅરા–પિઉણો–પિઊ વગેરે.

અપભ્રંશમાં તો બંને વચનમાં બહુધા પ્ર. ને દ્વિ. નાં રૂપ સરખાં છે; કેટલેક સ્થળે તે ઉપરાંત જુદાં રૂપો પણ છે.

રામ–પ્ર. દ્વિ. રામ–રામ; કઇ–કઇ–કઈ; કારુ–કારુ–કારૂ; બંને વિભક્તિનાં બંને વચન આમ બહુધા સરખાં છે.

દેશી ભાષામાં પ્રથમા ને દ્વિતીયાનાં બંને વચનો સરખાં છે. દ્વિતીયાનો બીજો પણ પ્રત્યય છે તે વ્યુત્પત્તિની દૃષ્ટિએ ષષ્ઠીનો છે.

સામ્યના આજ નિયમથી પુંલિંગ અને નપુંસકલિંગ વચ્ચેનો ફેરફાર કાઢી નાખવા તરફની વૃત્તિથી હિંદી ને સિંધીમાંથી નપુંસક તદ્દન જતું રહ્યું છે.

કાળ અને અર્થ––સંસ્કૃતમાં કાળ અને અર્થ મળીને દસ છે; પાલીમાં તેમાંના આઠ રહ્યા છે. તાસ્પ્રત્યયયુક્ત ભવિષ્યકાળ અને આશીર્વાદ જતા રહ્યા છે. પ્રાકૃતમાં આમાંના ત્રણજ કાળ અને અર્થ રહ્યા છે–વર્તમાનકાળ; ભવિષ્યકાળ, અને આજ્ઞાર્થ. વિધ્યર્થના પ્રત્યયો આજ્ઞાર્થ-

ના છે તેજ છે. ત્રણે ભૂતકાળનાં રૂપોમાં માત્ર ત્રીજા પુરુષના એકવચનનુંજ સરખુંજ રૂપ વપરાય છે. અજન્ત ધાતુમાં સિ, હિઅ, અને હિ અને હલન્ત ધાતુમાં ઈઅ પ્રત્યય બધા ભૂતકાળોમાં ૩જા પુ. એ. વ.ના છે. ક્રિયાતિપત્ત્યર્થમાં માણ ને ન્ત પ્રત્યયો બધા પુરુષોમાં વપરાય છે. અર્થાત્, વર્તમાન કૃદન્તનું રૂપ (પરસ્મૈ ત્ કે અત્ પરથી ન્ત ને આત્મને માન પરથી માણ) ક્રિયાતિપત્ત્યર્થ તરીકે વપરાય છે. દેશી ભાષામાં પણ એમજ છે. આ રીતે બહુધા ત્રણજ કાળ અને અર્થ રહ્યા છે. ભૂતકાળને બદલે આર્ય દેશી ભાષાઓમાં ભૂત કૃદન્ત વપરાય છે; ક્રમકે સંસ્કૃતમાં મહાભાષ્યકારના સમયથી એજ શૈલી દાખલ થઈ છે અને પ્રાકૃતમાં પણ એમજ છે.

હિંદી—ઘોડા મૈંને છોડા; પૌથી મૈંને પઢી.

મરા.—ત્યાનેં મલા બોલાવિલેં; વિદ્યાર્થ્યાનેં ધડા કેલા.

બંગા.—શૃગાલેરા એક વને પ્રવેશ કરિયાછિલ.

મરાઠીમાં વર્તમાનકાળનો અર્થ વિધ્યર્થ અને ભૂતકાળના જેવો છે. ગુજરાતીમાં પણ આજ્ઞાર્થ જેવો કે વિધ્યર્થ જેવો છે. હિંદી ને ગુજરાતીમાં ૨જા ને ૩જા પુરુષના બધા પ્રત્યયો અને ૧લા પુરુષના એકવચનના પ્રત્યયો અપભ્રંશના પ્રત્યયો પરથી આવ્યા છે. ૩જા પુ. બ. વ.માંનો અનુનાસિક ગુજરાતીમાં ઊડી ગયો છે. માત્ર ૧લા પુ. બ. વ.ની વ્યુત્પત્તિ ગુજરાતીમાં સરળ નથી. હિંદીમાં ૧લા પુ. બ. વ.નો ઍં ૩જા પુ. બ. વ.ના જેવોજ છે. એ ઍંમાંથી અનુનાસિક લોપાઈ, પૂર્વે ઇ લાગી ગુજરાતીમાં ૧લા પુ. બ. વ.નો પ્રત્યય 'ઇએ' થયો જણાય છે એમ ડૉ. ભાંડારકરનું માનવું છે. અન્ય વ્યુત્પત્તિ પૃ૦ ૨૨૪ પર દર્શાવી છે.

આજ્ઞાર્થના રૂપમાં માત્ર ૨જા પુ. એ. વ.માંજ વર્તમાનકાળના રૂપથી ફેર છે. એ રૂપ પ્રાકૃત રૂપને મળતું છે. (હસ ધાતુનું રૂપ હસ–હસે–હસહિ–હસેહિ–હસસુ–હસેસુ વગેરે થાય છે, તેમાં હસ છે) અને હિંદી, મરાઠી, અને પંજાબીમાં પણ સરખુંજ છે. અપભ્રંશમાં ૨જા પુ. એ. વ.માં આજ્ઞાર્થના ઇ, ઉ, ને એ પ્રત્યયો છે. જૂની ગુજરાતીમાં એ ત્રણે જોવામાં આવે છે.

'पूछइ बात पातसाह हसी, गूजराति ते कहीइ किसी'.

કાન્હ૦ ૧.૨૧

'गूजराति स्यूं मांडिसि कलहु. माहारइ साथइ कटक मोकलु.

કાન્હ૦ ૧.૨૬

केयूरक एणी पिरि बोलि, गाढूं आलिंगन
देइ काहाव्यूं छि कादंबरीइ, सांभलु एकि मंन.

ભાલણ–કાદ૦ કડ૦ ૨૦મું

माहाश्वेता कहि राजा! सुण. पूर्वि वंश कह्युं अम तणु.

ભાલણ કાદ૦ કડ૦ ૧૯મું

उच्छव अति हउआ घरि तेहनि, सांभलि, हो राजान!

કાદ૦ કડ૦ ૨૦મું

बाला एहनि लडावे; सूत! म करसु कांइ रीस.

કાદ૦ કડ૦ ૧૧મું

सूंणि राजा तुं मोरो वयण, ते कुंमरी सही नारीरयण;

વૈતાલપંચવિંશી ૧.૯૫

'આવન્જે,' 'કરન્જે' એવું આજ્ઞાર્થનું માનાર્થક રૂપ છે તેનું જૂનું સ્વરૂપ 'આણેજ્યો' ('અહ્મસ્યું પ્રીતિ આણેજ્યો ઘણી.' કાન્હ૦ ૨.૧૫૦) જેવું છે. હિંદીમાં 'ઇએ' પ્રત્યય અને 'જે'વાળું એવું રૂપ છે; બેસીએ; પ્રવિષ્ટ કીજે; અવધાન દીજે. એ રૂપ વિધ્યર્થ દ્રજ પ્રત્યય પરથી આવ્યું છે.

જૂની ગુજરાતી–અપભ્રંશના કરતાં પણ વ્યંજનો લોપાઈ સ્વરો સાથે લખાવાનો પ્રચાર જૂની ગુજરાતીમાં વિશેષ થયલો જણાય છે; જેમકે, અપ૦નાં चल्लहि, चल्लहु, चल्लहिं, રૂપોમાંથી (પૃ૦ ૨૨૨ જુઓ) ह् લોપાઈ જૂની ગુજરાતીમાં 'ચાલઇ', 'ચાલઉ', ચાલઇ એવાં રૂપો મળી આવે છે. આ રીતે 'અઇ', 'અઉ' જૂની ગુજરાતીમાં ઘણે સ્થળે માલમ પડે છે. પાછળથી તેની સંધિ થઈ 'એ' ને 'ઓ' લખાતા થયા અને કેટલેક સ્થળે અ+ઇ મળીને 'ઇ' અને 'અ' ને 'ઉ' મળીને 'ઉ' થયા. તૃતીયા ને સપ્તમીનો પણ 'ઇ' પ્રત્યયનો પાછળથી 'એ' થયો છે. 'ઇ' ને 'ઉ' નકામા ઘુસાડવાનો પણ પ્રચાર જણાય છે. ઘને બદલે

ખ્ ને ચ્ને બદલે જ્ લખાતો. આમાં ષ્નો ઉચ્ચાર યજુર્વેદીઓ પણ ખ્ કરે છે ને ઉત્તર હિંદુસ્તાનમાં ચ્નો જ્ અને વ્નો બ્ ઉચ્ચાર ઘણો સામાન્ય છે (ऋषि–રુખિ; यमुना–જમુના; वङ्ग–બઙ્ગ; वंश–બાંસ).

રાજા–એટલાં મણી ઠાલઇ (ઠાલી) હાથે ન જઇએ। એક રાજા, દેવ, ગુરુ, જોશી, વેદ। ફલે કરી ફલ પાંમીએ। વલી રાજા બોલુ હે દેગંબર। તાહરઇ (તારે) શું કાર્ય છઇ (છે) તે મુહનઇ (મને) કહઇ (કહે)। દેગંબર બોલિઉ। એકાંતિ (એકાંતે) આવિય (આવી, આવીને) તુહુઉજનઇ (તુજને) કાર્ય કહું। વૈતાલ-પંચવિંશી, પૃ. ૮૯

રાજા વક્રમાદૈત્ય કહઇ (વિક્રમાદિત્ય! કહે) એતલામાંહઇ (એટલામાં) સાત્વિક કુણ (કોણ)। જાણતુ હુયે ન નહી કહઇ (કહે) તુ (તો) તે હત્યા તુહને। રાજા વક્રમાદઇત્ય બોલુ। એતલામાંહઇ રાજા સાત્વિક। વૈતાલ બોલુ સે કારણિ (શે કારણે–શા કારણે)। રાજા બોલુ। સ્વામીનઇ (સ્વામીને) અર્થ સેવક પ્રાણ ત્યાગિ કરઇ (ત્યાગ કરે) એહ તુ (તો) સેવકનું ધર્મ છઇ (છે). પણ સેવકનઇ કાજિ (સેવકને કાજે) રાયે આપણું રાજ તૃણ સમાંની (સમાન) લેષુ (લેખું–લેખ્યું)। આપોપુ મરણ આગમ્યુ। અત એવ રાજા સાત્વિક। એહવું સાંભલિ સબ (શબ) પાછુ ગ્યું। વૈતા૦, પૃ૦ ૧૧૯

સ્વરભાર—પ્રાકૃતમાં શબ્દના ઉપાન્ત્ય સ્વર પર ભાર પડે છે, તેથી ઘોડઓનો ઓ લોપાઈ પૂર્વ સ્વર દીર્ઘ થઈ મરાઠી ને હિંદીમાં ઘોડા રૂપ થયું છે. ગુજરાતીમાં અપ. ઘોડઉમાંના બે સ્વરો ભેગા થઈ 'ઘોડો' થયું છે. આ સ્વરભારનો નિયમ બધી આર્ય દેશી ભાષાઓમાં પ્રવર્તે છે એમ અગાઉ કહ્યું છે (પૃ૦ ૩૫૦–૫૧ જુઓ)–'ગત,' 'રીત,' 'જાત'. એવા બે સ્વરવાળા શબ્દોમાં આ ખરૂં છે. પરંતુ બેથી વધારે સ્વરવાળા શબ્દોમાં એ ખરૂં નથી. ડૉ. ભાંડારકર કહે છે કે મરાઠીમાં सुतंक्, 'नुतन्,' 'पितंळ्,' 'जिवंन्त' જેવા શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર પર ભાર પડે છે, તેથી તે અનો ઉચ્ચાર અઅ જેવો લાંબો થાય છે. ગુજરાતીમાં આમ નથી. આપણી ભાષામાં તો સ્વરભાર હમેશ શબ્દના આદિ સ્વર પર અને શબ્દ મોટો હોય તો આદિ સ્વર પર અને બીજા સ્વર પર એમ બે ભાગ પર ભાર પડે છે. આ સ્વરભારને લીધે અન્ત્ય 'અ' અને મોટા શબ્દોમાં તેની સાથે વચલો 'અ' પણ અનુચ્ચરિત રહે છે.

દાખલા:—

ગામ; વંત, પુંસ્તક, કેનક (અન્ત્ય 'અ' અનુચ્ચરિત)
વંતવાસ; ધરધણી; રાજકુંવર; તંનમંનધંન; ચંતુરસુજાંણ
બોલકણું; ખંચાંળ; મંદવાડ; સંજનહાર
કુતરો; છોંકરો; જંમણો.

'મગન,' 'મદન' જેવા શબ્દો સંબોધન તરીકે ઉચ્ચારાય છે, ત્યારે સ્વરભાર ઉપાન્ત્ય સ્વર પર પડે છે, એ ખરી વાત છે (જેમકે, 'મગંન અહિં આવ'); પરંતુ નહિ તો તો સ્વરભાર બહુધા શબ્દના આદિ સ્વર પરજ પડે છે.

વૈદિક શબ્દો પર જેવો સ્વરભાર ખુલ્લો સમજાય છે અને સ્વરિતત્વ ચિહ્નથી દર્શાવાય છે, તેમ પાછળના સંસ્કૃત સાહિત્યમાં કે દેશી ભાષામાં સ્વરભાર સ્પષ્ટ નથી. સ્પષ્ટ હોત તો જોડણીના ઘણા નિયમો રચવામાં તે કામ આવત.

આ ઉપસંહાર પરથી સ્પષ્ટ સમજાયું હશે કે આર્ય દેશી ભાષાના શબ્દો અને નામિકી અને આખ્યાતિકી વિભક્તિ તથા અન્ય પ્રત્યયો સંસ્કૃત ભાષામાંથી પ્રાકૃત અને અપભ્રંશદ્વારા નિયમપુરઃસર આવ્યા છે. મુસલમાનો અને પાશ્ચાત્ય પ્રજાઓએ હિંદુસ્તાન જીત્યું અને તેમના સમાગમમાં હિંદી પ્રજાઓ આવી તેથી ફારસી, અરબી, પોર્ટુગીઝ, અંગ્રેજી વગેરે ભાષાઓમાંથી ગુજરાતીમાં શબ્દો દાખલ થયા છે; પરંતુ ભાષાના બંધારણ પર એ ભાષાઓની નહિ જેવીજ અસર થઈ. નવા શબ્દો અને રચનાઓ દાખલ થઈ છે. હરકોઈ જીવન્ત ભાષામાં એવા વિકાર થયાંજ કરે છે.

પ્રકરણ ૩૧મું

દ્વિરુક્ત શબ્દ

દ્વિરુક્તિ: અર્થ—ગુજરાતી ભાષામાં ઘણે સ્થળે એકનો એક શબ્દ બેવડાયલો જોવામાં આવે છે. શબ્દની આ પ્રમાણે દ્વિરુક્તિ થવાથી તેમાં 'દરેકનો', 'પૂર્ણપણાનો', 'વારંવાર થવાનો',

કે 'અતિશય'નો એવા અર્થ આવે છે. દ્વિરુક્તિ પણ જુદી જુદી રીતે થાય છે. આ સંબંધી વર્ગીકરણ કરી થોડાક દાખલા નીચે આપ્યા છે.

નામ—૧. દ્વિરુક્તિના બંને શબ્દ સરખા હોય છે અને તે સમુદાયમાંથી 'પ્રત્યેક'નો કે 'પૂર્ણપણા'નો અર્થ નીકળે છે.

દાખલા:—

માણસ માણસમાં ફેર છે (પ્રત્યેક માણસ જુદો છે).

આખા ગામમાં તેની **ફજેતી ફજેતી** થઈ રહી. (પૂરેપૂરી ફજેતી)

ક્ષણે ક્ષણે, પળે પળે આયુષ્ય વહ્યું જાય છે. (પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક પળે)

હું **શેરીએ શેરીએ** ફરી વળ્યો; પણ તે માણસ મારે હાથ લાગ્યો નહિ. (પ્રત્યેક શેરીએ)

મરાઠીમાં પણ આવાં રૂપ થાય છે:—

'માણૂस माणूस प्रकृतीनें भिन्न असतें।'

'पळ–पळ, क्षण–क्षण आयुष्य जात आहे'

૨. દ્વિરુક્તિના બે શબ્દમાં પ્રથમ શબ્દને વિભક્તિ લાગેલી હોય છે, કે તેનો અન્ત્ય સ્વર દીર્ઘ થયલો હોય છે, કે તેમાં ફેરફાર થયલો હોય છે, અને બીજો મૂળ સ્વરૂપમાં હોય છે.

દાખલા:—

નામ—

મેં **ગામેગામ** તપાસ્યું. ('ગામોગામ' પણ કહેવાય છે.)

મનોમન સાક્ષી છે.

આ કામ **હાથોહાથ** કરવાનું છે.

વખતોવખત મને મળતા રહેજો.

હું **નગરેનગર** જોઈ વળ્યો.

તેણે તરવાર વડે શત્રુના **કકડેકકડા** કરી નાખ્યા. (પૂર્ણપણાનો અર્થ)

શિખર પરથી તે પદાર્થ પડવાથી તેના **ચૂરેચૂરા** થઈ ગયા. (પૂર્ણતાનો અર્થ)

તેની રેવડી **દાણાદાણ** થઈ ગઈ. (પૂર્ણતાનો અર્થ)

બેનેબેન મળી એટલે ખાનગી વાત ચાલવા માંડી. (પરસ્પર સંબંધનો અર્થ)

ભાઈએભાઈ લડી મરે છે. (પરસ્પર સંબંધનો અર્થ)

ભલભલા સવાલનો નિર્ણય થાય છે; પણ ગુજરાતી ભાષામાં જોડણીના સવાલનો નિર્ણય થતો નથી.

તેઓ **મુક્કામુક્કી** લડે છે.

ધપ્પાધપ્પી; ગડદાગડદી; ફેરફાર; જળજળીઆં

મરાઠીના દાખલા:—

'प्रकरणें–प्रकरणें काढून वांच'

गांवोगांव; घरोघर; वनोवन; शहरोशहर

સર્વનામ—

ત્યાં **કોણ કોણ** આવ્યું છે ને **શું શું** કરે છે તે જુઓ. (પ્રત્યેકનો અર્થ)

જે જે ગામ હું ફરું છું **તે તે** ગામના માણસોના રીતરિવાજ ધ્યાનથી તપાસું છું. (પ્રત્યેકનો અર્થ)

વિશેષણ—

આ ટોળામાં **અશક્ત અશક્તને** શોધી પૈસો પૈસો આપો. (પ્રત્યેકનો અર્થ)

ચાર ચાર ગાઉ; **પાંચ પાંચ** રૂપીઆ;

છૂટાં છૂટાં–આઘાં આઘાં ઘર

વિસામા **દૂર દૂર** છે. (પ્રત્યેકનો અર્થ, **એક એકથી** એક બીજાથી–દૂર)

આવા સત્પુરુષો **વિરલ વિરલ** છે. (અત્યન્ત વિરલ)

મોટા મોટા–મોટમોટા આમ કરે છે તો **નાના નાનાની** શી વાત? (બધા મોટા, પૂર્ણતાનો અર્થ)

ક્રિયાવિશેષણ—

આવા સંજોગો **ક્વચિત્ ક્વચિત્** આવે છે.

(બહુજ ક્વચિત્)

તેને **સરાસરી** મહીને સો રૂપીઆ ખર્ચ થાય છે.

જેમ જેમ–તેમ તેમ; જ્યાં જ્યાં..... ત્યાં ત્યાં; આઘે આઘે; પાસે પાસે; ઝટ ઝટ; હળવે હળવે; હાય હાય; છિટ છિટ; ધિક્ ધિક્; શિવ શિવ; રામ રામ

ક્રિયાપદ–ક્રિયાવાચક નામ ને વિશેષણ—

તે આખો દહાડો **આખા** કરે છે–**ઊંઘ ઊંઘ** કરે છે––**લખ લખ** કરે છે; **વાંચ વાંચ** કરે છે.

જા જા; બોલ બોલ; આવ આવ

સંસ્કૃતમાં આવી રચના છે; તેમાં સહજ ફેર છે–યાહિ યાહિ ઇતિ યાતિ (જા, જા, એમ જાય છે. 'કરે છે'ને બદલે 'જાય છે').

તે **ચાલતો ચાલતો** આવ્યો.

તે **દોડતો દોડતો** ગયો.

હું **બોલતાં બોલતાં** થાક્યો.

તે **વાંચતાં વાંચતાં** ઊંઘી ગયો.

તેણે **રડારડ** કરી મૂકી. (ક્રિયાનું વારંવાર થવું)

ત્યાં **હસાહસ** થઈ રહી. "

ખેંચાખેંચ; તાણાતાણ; ફેંકાફેંક; મારામારી; કાપાકાપી; કૂટાકૂટ; દોડાદોડ; પકડાપકડી.

મરાઠીમાં પણ એવા દાખલા છેઃ—

મારામાર; ઝોડાઝોડ; લાથાલાથી; બુક્કાબુક્કી.

૩. દ્વિરુક્તિના પહેલા શબ્દનો છેલ્લો એકાચ્ કેટલેક ઠેકાણે લોપાય છે; જેમકે,

તેઓ **પોતપોતાને** કામે વળગ્યા.

આવાં **નિરનિરાળાં** સ્થાનો ઘણાં રમણીય લાગતાં નથી.

૪. કેટલેક સ્થળે પહેલો શબ્દ સામાનાધિકરણ્યવાચક ષષ્ઠીમાં હોય છે; જેમકે,

એકનો એક માણસ રોજ કામ કરે અને બીજા બેસી રહે?

એ કંઈ લોક નથી; **ઘરનું ઘર** છે.

(એકતાનો અર્થ વધારે દૃઢતાથી દર્શાવે છે).

મરાઠીમાં પણ એવા દાખલા છેઃ—

આપઆપલા; વેગવેગળા; મલમલતેં; એકનાએક; થોરકાથોર; ઘરકીંઘર; ઘરચઘર; ઘરાનઘર; હાતચેહાર્તી.

૫. **કેટલેક સ્થળે દ્વિરુક્તિમાં શબ્દો** અનુકરણવાચક હોય છે; અર્થાત્, પ્રાણી કે પદાર્થના પડવા, અફળાવા કે બોલવાના ધ્વનિ પરથી થયલા હોય છે; જેમકે,

તે **ધમધમ** ચાલે છે.

તું **કડકડાટ** વાંચે છે.

તે **લપલપાટ** કરે છે.

ચૂલો **ધગધગ** સળગે છે.

સડાસડ; તડાતડ; ફડાફડ

આ અનુકરણવાચક દ્વિરુક્તિમાં પણ (૧) બંને શબ્દ સરખાજ હોય છે; કે (૨) પહેલા શબ્દનો અન્ત્ય સ્વર દીર્ઘ થયલો હોય છે કે તેમાં ફેરફાર થયલો હોય છે; કે (૩) પહેલા શબ્દ પર પ્રત્યય ('આટ' જેવો) આવી બીજો શબ્દ બનેલો હોય છે.

દાખલા:–

(૧) ચપચપ; ધબધબ; બડબડ; બડબડ;

(૨) સડાસડ; ફડાફડ

(૩) સડસડાટ; ફડફડાટ; બકબકાટ; ઘસઘસાટ; લસલસાટ; લપલપાટ; કળકળાટ (કકળાટ)

૬. કેટલેક સ્થળે દ્વિરુક્તિમાં પ્રથમ શબ્દના પ્રથમ વર્ણમાં ફેરફાર થઈ બીજો શબ્દ બનેલો હોય છે; આવા ફેરફારમાં પ્રથમ વર્ણને સ્થળે બકાર વિશેષ જોવામાં આવે છે; પરંતુ મકાર ને પકાર કે સકાર પણ જણાય છે; જેમકે, કાગળબાગળ; ચોપડીબોપડી; બડીબોબડીબો; બુરસીબુરસી; બથાબુંબથાબું; પૂરીબૂરી

ઝટપટ; ચટપટ; ચટાપટા; ધોતીબોતીબાં; ઉલટપાલટ; બોળબીતાંપારબીતાં; ઝોળીપોળી; આસપાસ; આડોશીપાડોશી; બષ્ટંપષ્ટં (સમજાવવું).

ધંતરબંતર; ગરબડસરબડ;

મરાઠીમાં પણ ઉપરના જેવા દાખલા જોવામાં આવે છે; જેમકે, भाकरीबिकरी, लहानसहान, लटपट; पोरसोर.

૭. કેટલેક સ્થળે પર્યાય શબ્દથી દ્વિરુક્તિ થાય છે.

દાખલા:—

તીખુંતમતમું; ધિંગામસ્તી, દાધાબળ્યો; ચાલચલગત; જરજેવર; ક્ષેમકુશળ; કાગળપત્ર; ઇજતઆબરૂ; કોલકરાર; ગાંડુંઘેલું; ડાહ્યોડમરો; ચાકરનકર (નકર અરબી=ચાકર); નોકરચાકર; દવાદારૂ (દારૂ ફા.=દવા); પસાટકા; ભાઈબાંડુ; લુગડાંલત્તાં; શાલપામરી; લાલચોળ; શાકતરકારી; લીલુંછમ (ફા. સબ્જ=લીલું); રમતગમત; માલમતા; શાકભાજી; વણજવેપાર; સહેલસપાટા; મકનોહાથી (मक्कुण=દાંત વગરનો હાથી); કાળુંમેશ, હીમજીહરડે (હૈમવતી हरीतकी); હડપચી (हनुपीच); વનવગડો; કાદવકીચડ; ધનદોલત; ટોળટીખળ.

પ્રકરણ ૩૨મું
પદવિન્યાસ

લક્ષણ–કયા ક્રમમાં પદો ગોઠવવાથી વાક્ય બને છે એ વિષયનું જેમાં વિવેચન કર્યું હોય છે તે વ્યાકરણના ભાગને **પદવિન્યાસ** કહે છે. વિન્યાસ એટલે ગોઠવણ. પદોની ગોઠવણ કેવી રીતે થાય છે તે એ ભાગમાં દર્શાવાય છે.

પ્રત્યયાત્મક ભાષા અને પદવિન્યાસ—સંસ્કૃત જેવી પ્રત્યયાત્મક ભાષાઓમાં પદોની રચના વિષે કંઈ નિયમ હતા નથી. પદોનો અન્વય પ્રત્યયોથી જણાય છે, એટલે વાક્યના ગમે તે ભાગમાં પદો મૂકવાથી અર્થમાં ફેર પડતો નથી. પરંતુ અંગ્રેજી જેવી પ્રત્યયરહિત ભાષાઓ, જેમાંથી શબ્દના પ્રત્યય બહુધા લુપ્ત થયા છે, તેમાં પદોના ક્રમિક વિન્યાસ પરજ અર્થનો આધાર છે. દાખલા તરીકે, અંગ્રેજી ભાષામાં એકજ પદ ક્રિયાપદની પૂર્વે આવે તો કર્તા અને પછી આવે તો કર્મ થાય છે. આવી ભાષાઓમાં પદવિન્યાસ એ વ્યાકરણનો ઘણો અગત્યનો ભાગ થઈ પડે છે.

ગુજરાતી ભાષા અને નિયમ–ગુજરાતી ભાષા સંસ્કૃત ભાષા જેટલી પ્રત્યયાત્મક નથી તેમજ અંગ્રેજી ભાષા જેટલી પ્રત્યયરહિત પણ નથી. એમાં પદોની રચના વિષે બહુ સરળ નિયમો છે.

૧. પ્રથમ કર્તા, પછી ક્રિયાપદ સકર્મક હોય તો તેનું કર્મ, અને છેવટે ક્રિયાપદ—આ ક્રમમાં પદો ગોઠવાઈ વાક્ય બને છે.

હું પુસ્તક વાંચું છું.
છોકરો કાગળ લખે છે.

૨. નામનાં વિશેષણ નામની પૂર્વે અને ક્રિયાપદનાં વિશેષણ ક્રિયાપદની પૂર્વ આવે છે. એ વિશેષણ છૂટક શબ્દ હોય કે શબ્દસમૂહ હોય, સંબંધ રાખનારા શબ્દોને પણ અત્ર વિશેષણ જેવાજ ગણવા.

સાધુ પુરુષો સન્માર્ગ **કદી પણ** તજતા નથી.

. મેં તેને **મેજ પર મૂકેલું** પુસ્તક **મારી પાસે** લાવવા કહ્યું.

૩. વિધેય વિશેષણ ક્રિયાપદની પૂર્વે આવે છે.

આ મહેલ **કેવો સુંદર** દેખાય છે!

૪. કર્તાની સાથે સંબંધ રાખનારા શબ્દ કર્તાની પૂર્વે અને કર્મની સાથે સંબંધ રાખનારા શબ્દ કર્મની પૂર્વે આવે છે. કર્મને બને ત્યાંસુધી ક્રિયાપદની પાસેજ મૂકવામાં આવે છે.

પિતાની આજ્ઞા માથે ચઢાવનાર રામ એકદમ વનમાં જવા તૈયાર થયા.

૫. પૂર્વકાલવાચક અવ્યયરૂપ કૃદન્ત બહુધા વાક્યના આરંભમાં આવે છે.

બ્રાહ્મ મુહૂર્તમાં **ઊઠી,** દાતણ પાણી **કરી,** સ્નાનસંધ્યા સમાપ્ત **કરી,** તે અધ્યયન કરવા મંડી જતો.

આવા સામાન્ય નિયમ પ્રમાણે બહુધા પદોની રચના વાક્યમાં થાય છે; પરંતુ ખાસ કારણ હોય તો એ ક્રમમાં ફેરફાર થાય છે.

અપવાદઃ—

૧. અમુક શબ્દ પર ખાસ લક્ષ ખેંચવું હોય તો તેને વાક્યના આરંભમાં મૂકવામાં આવે છે.

ઉપદેશ કરતાં દાખલાથી વધારે ઊંડા સંસ્કાર પડે છે.

૨. કાળવાચક, સ્થળવાચક, રીતિવાચક, કે કાર્યકારણવાચક ક્રિયાવિશેષણ શબ્દ કે શબ્દસમુદાય બહુધા વાક્યના આરંભમાં આવે છે.

હાલ આપણા શહેર પર આળસનું સામ્રાજ્ય ચાલે છે.

પ્રથમ અપરાધે ગંભીરતાથી આશ્ચર્ય બતાવી નમ્ર ઠપકો દેવો. (શિક્ષ૦ શાસ્ત્ર)

શિક્ષા કરવામાં તમને લેશ પણ આનન્દ થતો નથી, પણ બહુ દિલગીરી થાય છે, એમ બતાવવાથી બહુ સારી અસર થશે. (શિક્ષ૦ શાસ્ત્ર)

૩. સાપેક્ષ પદ સંબંધી પદની પૂર્વે આવે છે.

જે ઘણો ઉદ્યોગી છે **તેને** હરકોઈ કામ કરવા માટે અવકાશ મળે છે. (શિક્ષ૦ શા૦)

જેવો દુર્ગ વશ કરવો મુશ્કેલ છે, તેવું એ કામ કરવું મુશ્કેલ છે. (શિક્ષ૦)

સામાન્ય સૂચના—જે પદોને સાથે મૂકવાથી વિવક્ષિત અર્થ બરાબર નીકળે તેને સાથે મૂકવાં અને જે પદોનો પરસ્પર અન્વય હોય તેને બહુ દૂર રાખી વચ્ચે ઘણાં પદે મૂકવાં નહિ. આવા દૂરાન્વયના દોષથી મુક્ત રહેવા બનતી કાળજી રાખવી.

પ્રકરણ ૩૩મું

વાક્યાર્થ અને વાક્યપૃથક્કરણ

વાક્યાર્થનું સ્વરૂપ: ભિન્ન મતો—પદોમાંથી જે અર્થો નીકળે છે તે અર્થોના પરસ્પર સંસર્ગથી વાક્યાર્થ બને છે એ જાણીતું છે; પરંતુ પદોના અર્થમાંથી વાક્યનો અર્થ શી રીતે થાય છે એ વિષે મીમાંસકો અને નૈયાયિકોના મતમાં ભેદ છે. મીમાંસકોએ વાક્યાર્થ વિષે ઘણું બારીક સંશોધન કર્યું છે અને તેમના વિચાર બહુધા માન્ય થયા છે અને માન્ય થયા નથી ત્યાં પણ મનનીય તો છેજ. વૈયાકરણો પદજ્ઞ અને મીમાંસકો વાક્યજ્ઞ કહેવાય છે.

મીમાંસકમત-નૈયાયિકો અને ભાટ્ટ મીમાંસકો*ના મત પ્રમાણે દરેક પદનો અર્થ સામાન્ય છે. વાક્યમાં પદો એક બીજા સાથે જોડાય છે તે અન્વયને

* કુમારિલ ભટ્ટ અને તુતાત ભટ્ટના અનુયાયીઓ.

લીધે જોડાય છે અને એ અન્વય, આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિથી આવે છે. આ પ્રમાણે આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિના બળથી એક બીજા સાથે જોડાયલો પદોનો જે અર્થ તેજ વાક્યાર્થ. એ વિશિષ્ટ અર્થ છે, તેમજ અપદાર્થ છે; કેમકે પદનો અર્થ તો સામાન્ય છે. વાક્યાર્થને તાત્પર્યાર્થ પણ કહે છે. આ મત પ્રમાણે પદની શક્તિ માત્ર પદાર્થ ઉપજાવવામાં છે, અન્વયાંશમાં નથી. અન્વયાંશ આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિના બળથી પ્રાપ્ત થાય છે. અભિહિત થયલાં એટલે સાધારણ રીતે પદશક્તિથી પ્રતિપાદિત થયલાં પદોનો અન્વય, આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિના બળથી થાય છે એમ એ વિદ્વાનોનું કહેવું છે; માટે તેઓ **અભિહિતાન્વયવાદી** કહેવાય છે. દાખલા તરીકે, આ મત પ્રમાણે 'ગાયને લાવો' એ વાક્યમાં 'ગાય'નો અર્થ ગોત્વજાતિ અને આક્ષેપથી ગોવ્યક્તિ, 'ને' નો અર્થ કર્મત્વ, અને 'લાવો'નો અર્થ લાવવાની કૃતિ એવો થાય છે. પદોનો અર્થ સામાન્ય છે. ગાય છે કર્મ જેનું એવી આનયન કૃતિ-આ પદોનો પરસ્પર અન્વિત અર્થ પદોની પરસ્પર આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિના બળથી થાય છે.

પ્રભાકરમત-પ્રાભાકરો એટલે પ્રભાકર કે ગુરુના અનુયાયીઓનો મત આથી જુદો છે. એ મત પ્રમાણે પદોનો અર્થ સામાન્ય નથી, પણ વિશિષ્ટ છે; અર્થાત્, પરસ્પર અન્વિત-જોડાયલો છે. પદશક્તિથીજ અન્વયનો બોધ થાય છે; તેને માટે આકાંક્ષા, યોગ્યતા, કે સંનિધિની જરૂર નથી. આ મતને અનુસારે પદો સામાન્ય અર્થના વાચક નથી પણ અન્વિત અર્થનું અભિધાન કરે છે અને પદોનો એવો જે અન્વિત અર્થ તેજ વાક્યાર્થ છે. આ વિદ્વાનો આ કારણથી **અન્વિતાભિધાનવાદી** કહેવાય છે.

નિષ્કર્ષ-આ મતનો નિષ્કર્ષ નીચે પ્રમાણે છે:-'ગાય લાવ' એમ ઉત્તમ વૃદ્ધ પુરુષના પ્રયોગથી સાસ્ના (ગાયને ગળે લટકતી ચામડી, ધાબળી) આદિવાળી વ્યક્તિને મધ્યમ વૃદ્ધ આણે છે, તે બાળક જુએ છે. મધ્યમ વૃદ્ધ પુરુષની ચેષ્ટાથી વાક્યનો આવો અર્થ છે એમ બાળક નિશ્ચય કરે છે. પછી 'ગાયને લઈ જા; અશ્વને લાવ' એમ ઉત્તમ વૃદ્ધ પ્રયોગ કરે છે એટલે મધ્યમ વૃદ્ધ ગાયને દૂર કરે છે અને અશ્વને આણે છે. બાળક આ પણ જુએ છે. આ ઉપરથી અન્વય અને વ્યતિરેકથી ક્રિયાપદના અર્થ સાથે અન્વિત થયલો કારક પદનો અર્થ છે અને કારક પદના અર્થની સાથે અન્વિત થયલો ક્રિયાપદનો અર્થ છે એમ બાળક શક્તિનું અવધારણ કરે છે. આ પ્રમાણે પદો અન્વિત અર્થનું અભિધાન કરે છે એમ બાળકને પ્રયોગથી સમજાય છે. પદો સામાન્ય અર્થનું અભિધાન કરતાં નથી, પણ કારક ક્રિયા સાથે અન્વિત થયલા અર્થનું અને ક્રિયા કારક સાથે અન્વિત થયલા અર્થનું, એમ અન્વિતાર્થનુંજ પદો અભિધાન કરે છે, એવો એ મતનો નિષ્કર્ષ છે.

વૈયાકરણમત—આલંકારિકોને તેમજ વૈયાકરણોને પ્રથમ મત ઇષ્ટ છે; કારણ કે પ્રાભાકરોને પણ અન્વયવિશેષના જ્ઞાનને માટે આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિનો આશ્રય લેવો પડે છે; તો પદની શક્તિ સામાન્ય અર્થમાંજ લેવી અને વિશેષ અર્થનું એટલે અન્વયનું જ્ઞાન આકાંક્ષા, યોગ્યતા, અને સંનિધિથી થાય છે એમ સ્વીકારવુંજ ઇષ્ટ છે.

શાબ્દ બોધ–વૈયાકરણો અને નૈયાયિકોને વાક્યમાંથી શાબ્દબોધ જુદી રીતે થાય છે એ વિષે અગાઉ વિવેચન કર્યું છે. નૈયાયિકો વાક્યમાં પ્રથમાન્ત પદને વિશેષ્ય માને છે અને ક્રિયાપદને તેનું વિશેષણ માને છે. 'દેવદત્ત ચોખા રાંધે છે' નો 'ચોખા જેનું કર્મ છે એવી રાંધવાની ક્રિયાથી વિશિષ્ટ દેવદત્ત' એવો અર્થ નૈયાયિકો કરે છે; માટે તેઓ **પ્રથમાન્તાર્થવિશેષ્યવાદી** કહેવાય છે. વૈયાકરણો ક્રિયાપદને પ્રધાન માને છે. તેમના મત પ્રમાણે ક્રિયાપદ વિશેષ્ય છે અને અન્ય પદ તેનાં વિશેષણ છે, એવો શાબ્દબોધ વાક્યમાંથી થાય છે. 'દેવદત્ત ચોખા રાંધે છે'નો અર્થ વૈયાકરણોના મત પ્રમાણે 'દેવદત્તકર્તૃક તંદુલકર્મક રંધન-ક્રિયા' થાય છે. આ કારણથી વૈયાકરણો **ક્રિયાર્થપ્રધાનવાદી** કહેવાય છે.

સંસર્ગ—વળી વૈયાકરણોના મત પ્રમાણે ઉદ્દેશ્યવિધેયભાવ-રૂપ પદાર્થોનો પરસ્પર સંસર્ગ તેજ વાક્યાર્થ. દરેક વાક્યમાં કોઈને ઉદ્દેશીને–અભિલક્ષીને કંઈક વિધાન કર્યું હોય છે. જે ઉદ્દેશવા યોગ્ય છે, જેને ઉદ્દેશીને–અભિલક્ષીને કે દર્શાવીને કે શબ્દથી સંકીર્તન કરીને કંઈ કહ્યું હોય તે **ઉદ્દેશ્ય** કહેવાય છે; અને એ ઉદ્દેશ્યને વિષે જે વિધાન કર્યું હોય છે, જે કંઈ કહ્યું હોય છે તે વિધાન કરવા–કહેવા યોગ્ય હોવાથી **વિધેય** કહેવાય છે. જેને ઉદ્દેશ્ય કહીએ છીએ તે **અનુવાદ્ય** પણ કહેવાય છે. ઉદ્દેશ્ય કંઈ જાણવાની બાબત નથી, તેને વિષે જે કંઈ કહેવામાં આવે છે તે જાણવાની બાબત છે. ઉદ્દેશ્ય તો જાણીતીજ બાબત છે, તેથી ઉક્ત વસ્તુનું પુનઃકથન કર્યા જેવું તે હોવાથી અનુવાદ્ય–ફરી કહેવાયલું–કહેવા યોગ્ય પણ કહેવાય છે.

પૃથક્કરણ—આ પ્રમાણે દરેક વાક્યનું પૃથક્કરણ કરતાં તેના બે વિભાગ થાય છે:–૧. ઉદ્દેશ્ય અને ૨. વિધેય. સાદામાં સાદા વાક્યથી મોટામાં મોટા વાક્યના આજ બે ભાગ થાય છે.

સાદાં વાક્ય:—

છોકરો પુસ્તક વાંચે છે.

મુંબઈ અલબેલી નગરી છે.

ઉદ્દેશ્ય	વિધેય
છોકરો	પુસ્તક વાંચે છે
મુંબઈ	અલબેલી નગરી છે

દરેક નિરપેક્ષ કે સ્વતન્ત્ર વાક્યના તેમજ દરેક સાપેક્ષ વાક્યના કે નિરાળા વાક્યોના સમૂહના પણ આ પ્રમાણે બેજ વિભાગ થઈ શકે છે.

દાખલા:—

૧. મનોરથોની ગતિ સર્વત્ર છે.

૨. વિદેશીય પદ્ધતિ જે સ્વરૂપમાં પાશ્ચાત્ય પ્રદેશોમાં ચાલે છે તેજ સ્વરૂપમાં આપણા દેશને અનુકૂળ નજ પડે એ ખુલ્લું છે.

૩. નાનાં છોકરાં આપણને હસતાં જોઈ હસે છે અને દિલગીર થતાં જોઈ દિલગીર થાય છે.

આ ત્રણમાંનું પહેલું વાક્ય **નિરપેક્ષ** કે **સ્વતન્ત્ર** છે; બીજું **સાપેક્ષ વાક્યોનું બનેલું** છે; અને ત્રીજામાં **નિરાળાં વાક્યોનો સમુચ્ચય** છે. 'જે સ્વરૂપમાં પાશ્ચાત્ય પ્રદેશોમાં વિદેશીય પદ્ધતિ ચાલે છે'—આ વાક્ય **સાપેક્ષ** છે; કેમકે એને 'તેજ સ્વરૂપમાં'ની અપેક્ષા છે—તેની સાથે એનો સંબંધ છે. '(વિદેશીય પદ્ધતિ) આપણા દેશને અનુકૂળ નજ પડે' એ વાક્ય એક પદની ગરજ સારે છે અને એનો સંબંધ 'એ'ની સાથે છે; કેમકે એ વાક્ય 'એ'ની સાથે સમાનાધિકરણ છે—સમાન વિભક્તિમાં છે. ત્રીજા વાક્યમાં 'નાનાં છોકરાં.....હસે છે' અને '(નાનાં છોકરાં) દિલગીર થતાં.....થાય છે' એ બે વાક્યોનો સમુચ્ચય છે.

બે ભાગ—આ પ્રમાણે વાક્યો હોઈ શકે છે; પરંતુ તેનું પૃથક્કરણ કરતાં પ્રથમ ઉદ્દેશ્ય અને વિધેય એવા બેજ ભાગ થઈ શકે છે. દાખલા તરીકે, ઉપલાં ત્રણ વાક્યોનું પૃથક્કરણ નીચે પ્રમાણે થાય છે:—

ઉદ્દેશ્ય	વિધેય
૧. મનોરથની ગતિ	સર્વત્ર છે.
૨. એ–જે સ્વરૂપમાં વિદેશીય પદ્ધતિ પાશ્ચાત્ય પ્રદેશોમાં ચાલે છે.....અનુકૂળ નજ પડે	ખુલ્લું છે.
૩. (અ) નાનાં છોકરાં	આપણને હસતાં જોઈ હસે છે.
(આ) નાનાં છોકરાં	(આપણને) દિલગીર થતાં જોઈ દિલગીર થાય છે.

ઉદ્દેશ્યવર્ધક—ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરનારા શબ્દ ઉદ્દેશ્ય-વર્ધક કહેવાય છે. એ શબ્દ વિશેષણ કે વિશેષણ તરીકે વપરાયલા શબ્દ–સમાન વિભક્તિમાં આવેલાં નામ, ષષ્ઠ્યન્ત પદ, કૃદન્ત–અને તેની સાથે સંબંધ રાખનારાં પદ હોય છે.

વિધેયવર્ધક—વિધેયના અર્થમાં વધારો કરનારાં પદ વિધેય-વર્ધક કહેવાય છે; અને તે ક્રિયાવિશેષણ હોઈ કાળવાચક, સ્થળવાચક, રીતિવાચક, કે કાર્યકારણવાચક હોય છે.

દાખલા:—

આ પદ્ધતિ પ્રમાણે બાળકને આપવાના પાઠ ટૂંકા હોય છે. (‘આપવાના’ કૃદન્ત છે અને ‘આ પદ્ધતિ પ્રમાણે’ અને

'બાળકને' એ પદો 'આપવાના'ની સાથે સંબદ્ધ છે. એ ઉદ્દેશ્ય-વર્ધક છે.)

બાળક પોતાના શરીરને **એકની એક સ્થિતિમાં લાંબો વખત** રાખી શકતું નથી. ('એકની એક સ્થિતિમાં' એ રીતિ-વાચક અને 'લાંબો વખત' એ કાળવાચક વિધેયવર્ધક છે.)

આજ પ્રમાણે બીજા દાખલા સમજી લેવા.

વિધેય–વિધેય ક્રિયાપદ અને ક્રિયાપૂરકનું બનેલું હોય છે. ક્રિયાનો અર્થ પૂરો કરનારા શબ્દ ક્રિયાપૂરકમાં આવે છે. સકર્મક ધાતુમાં ક્રિયાપૂરક બહુધા કર્મ હોય છે; પરંતુ અપૂર્ણક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ હોય છે ત્યાં ક્રિયાપૂરક પદ વિશેષણ કે નામ હોય છે, પરંતુ ક્રિયાપદ અકર્મક હોવાથી તે કર્મથી ભિન્ન હોય છે અને ઉદ્દેશ્યની સાથે સમાન વિભક્તિમાં હોય છે કે અન્ય વિભક્તિમાં હોય છે. અપૂર્ણક્રિયાવાચક ક્રિયાપદ સકર્મક હોય છે ત્યાં પણ ક્રિયા-પૂરક પદ કર્મથી ભિન્ન હોઈ શકે છે. તે કોઈ વખત ઉદ્દેશ્ય સાથે અને કોઈ વખત કર્મ સાથે સમાન વિભક્તિમાં હોય છે. કોઈ વખત એવાં પદ વિશેષણ હોય છે.

દાખલા:—

૧. ચંદનીમાં તાજમહાલ કેવો રમણીય દેખાય છે!

૨. તે પરાક્રમી રાજાએ તેને સચિવપદે નીમ્યો અને તે પ્રજામાં બહુ ડાહ્યો મનાયો.

૩. અહો! આ કેવી સુંદર નગરી છે!

૪. તમે તેને બહુ ઠરેલ પુરુષ ગણો છો.

આ વાક્યોનું પૃથક્કરણ નીચે દર્શાવ્યું છે.

ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	વિધેય		વિધેયવર્ધક
		ક્રિયા	ક્રિયાપૂરક	
૧. તાજમહાલ		દેખાય છે	કેવો રમણીય	ચંદ્રનીમાં (સ્થિતિ-વાચક)
૨. રાજાએ	૧. તે	નીમ્યો	૧. તેને	
	૨. પરાક્રમી		૨. સચિવપદે	
તે		મનાયો	બહુ ડાહ્યો	પ્રજામાં (સ્થળ-વાચક)
૩. આ		છે	કેવી સુંદર નગરી (ઉદ્દેશ્ય સાથે સમાન વિભક્તિમાં)	
૪. તમે		ગણ્યો છો	૧. તેને (કર્મ)	
			૨. બહુ ઠરેલ પુરુષ (કર્મ સાથે સમાન વિભક્તિમાં)	

૨. વાક્યમાં 'અને' બે વાક્યોની વચ્ચે સંબંધક છે.

૩. વાક્યમાં 'અહો' આશ્ચર્યવાચક છે. એ કેવળપ્રયોગી અવ્યય હોવાથી એને વાક્યનાં અન્ય પદો સાથે સંબંધ નથી.

પ્રકરણ ૩૪મું

વાક્યપૃથક્કરણ: પ્રધાન અને ગૌણ વાક્ય

લક્ષણ–પાછલા પ્રકરણમાં નિરપેક્ષ વાક્યના પૃથક્કરણ વિષે વાત કહી. પરંતુ બધાં વાક્ય નિરપેક્ષ હોતાં નથી. સાપેક્ષ વાક્યને બીજા વાક્યની અપેક્ષા હોય છે. જે વાક્યને અન્ય વાક્યની અપેક્ષા હોય છે તે **ગૌણ** વાક્ય છે અને તે વાક્યને જે વાક્યની, અર્થાત્, તેમાંના કોઈ શબ્દની, અપેક્ષા છે તે **પ્રધાન** વાક્ય કહેવાય છે.

દાખલો:–

કોઈ પણ કામ વારંવાર કરવાથી મનની જે સ્થિતિ થાય છે તેને આપણે ટેવ કહીએ છીએ.–આ વાક્યમાં 'કોઈ પણ...થાય છે' એ વાક્યને 'તેને આપણે...છીએ' એ વાક્યના 'તેને' શબ્દ સાથે અપેક્ષા છે; માટે એ વાક્ય ગૌણ છે અને બીજું વાક્ય, જેની સાથે તેને અપેક્ષા છે, તે પ્રધાન છે.

ગૌણ વાક્યના પ્રકાર–ગૌણ વાક્ય નામ તરીકે વપરાયું હોય તો તે **નામવાક્ય**, વિશેષણ તરીકે વપરાયું હોય તો **વિશેષણ-વાક્ય**, અને ક્રિયાવિશેષણ તરીકે વપરાયું હોય તો **ક્રિયાવિશેષણ-વાક્ય** કહેવાય છે.

દાખલા:–

'મને આ કામ કરવાને અવકાશ નથી,' એવા શબ્દ બહુધા અનિયમિત રીતે કામ કરનારાઓનાંજ મુખમાંથી નીકળે છે. (નામવાક્ય, 'શબ્દ' સાથે સમાનાધિકરણ)

મનુષ્ય ઘણી વાર ધારે છે કે **હું આ કામ આટલા વખતમાં પૂરું કરી શકીશ.** (નામવાક્ય; 'ધારે છે'નું કર્મ)

જે ઘણો ઉદ્યોગી છે તેને હરકોઈ કામ કરવા માટે અવકાશ મળે છે. (વિશેષણવાક્ય; 'તેને' વિશેષ્ય)

એવો એક પણ દિવસ ગયો નથી કે **તેમાં મેં કંઈ પણ ન લખ્યું હોય.** (વિશેષણવાક્ય; 'એવો' સાથે સંબંધ છે; વિશેષણનું વિશેષણ છે.)

વિશેષણનું વિશેષણ હોય તે વાક્ય પણ વિશેષણવાક્ય કહેવાય છે.

ઉદ્યોગ કર્યો એટલે આપણે આપણો ધર્મ બજાવ્યો. (ક્રિયા-વિશેષણવાક્ય; 'બજાવ્યો' ક્રિયાનું વિશેષણ છે.)

મિશ્ર વાક્ય–એક પ્રધાન વાક્ય અને એક કે વધારે ગૌણ વાક્યોનું જે સમગ્ર વાક્ય બન્યું હોય તે **મિશ્ર વાક્ય** કહેવાય છે.

સંયુક્ત વાક્ય–કેટલેક સ્થળે નિરપેક્ષ વાક્યો નીચેમાંના કોઈ સંબંધથી જોડાયાં હોય છે:–

(૧) સમુચ્ચયથી–'અને,' 'તથા' જેવા શબ્દ સમુચ્ચયવાચક છે.

(૨) વિકલ્પથી–'અથવા,' 'વા,' 'કે' એ વિકલ્પ કે પક્ષવાચક છે.

(૩) વિરોધથી–' પણ,' 'પરંતુ,' ' કિંતુ ' જેવા શબ્દ વિરોધ-વાચક છે.

(૪) કાર્યકારણભાવથી–'કેમકે,' 'કારણ કે' જેવા શબ્દ કારણ-વાચક અને 'તેથી,' 'તેટલા માટે' જેવા શબ્દ કાર્યવાચક છે.

ઉપલા સંબંધથી જોડાયલાં વાક્યમાં ગૌણ વાક્ય હોય કે ન-એ હોય. આ પ્રમાણે બે કે વધારે નિરપેક્ષ કે પ્રધાન વાક્ય ગૌણ વાક્ય સાથે કે વગર જે સમગ્ર વાક્ય બનાવે છે તે સમગ્ર વાક્ય **સંયુક્ત વાક્ય** કહેવાય છે.

(૪)થા સંબંધથી જોડાયલાં વાક્યોનું બનેલું સમગ્ર વાક્ય કેટલેક સ્થળે મિશ્ર ને કેટલેક સ્થળે સંયુક્ત હોય છે. બંને વાક્ય ખુલ્લી રીતે સ્વતંત્ર, નિરપેક્ષ જેવાં જણાતાં હોય ત્યાં સમગ્ર વાક્ય સંયુક્ત વાક્ય છે અને તેવાં જણાતાં ન હોય, પરંતુ એક વાક્યને બીજાની અપેક્ષા જેવું જણાતું હોય ત્યાં સમગ્ર વાક્ય મિશ્ર વાક્ય છે.

દાખલા:–

૧. દુકાળમાં કદાચ પૈસો કાઢવાની જરૂર પડે અને તેમ કરવાનું મન થઈ જાય, માટે એણે હાથમાં પાણી લઈ સંકલ્પ મૂક્યો કે મરતાં સુધી આમાંથી પાઈ કાઢવી નહિ.

આમાં 'દુકાળમાં.....પડે' અને 'તેમ કરવાનું મન થઈ જાય' આ વાક્યો નિરપેક્ષ નથી; માટે શું ?–એવી અપેક્ષા રહે છેજ. આ કારણથી આ સમગ્ર વાક્ય મિશ્ર વાક્ય છે. (જુઓ 'લઘુવ્યાકરણ', પૃષ્ઠ ૬૨)

૨. વળી પર્વતની ઘણી હાર છે અને તેથી તેમાં નાનાં મેદાન ને ખીણો થયાં છે; તેથી જુદા જુદા પ્રાન્તનાં રાજ્ય એક એકથી નિરાળાં અને સ્વતન્ત્ર થયાં–

આમાં 'વળી પર્વતની ઘણી હાર છે' અને 'તેથી તેમાં નાનાં મેદાન ને ખીણો થયાં છે' એ નિરપેક્ષ વાક્ય જેવાં દેખાય છે; માટે તેવાંજ લેવાં; એટલે સમગ્ર વાક્ય સંયુક્ત વાક્ય છે.

૩. હાલ આળસનું આપણા દેશ પર સામ્રાજ્ય છે, એટલે વહેલા ઊઠવાના લાભ થોડાજ સમજે છે–

આમાં 'હાલ આળસનું.....છે' એ નિરપેક્ષ વાક્ય છે. 'એટલે'-નો અર્થ 'તેટલા માટે' થાય છે.

૪. હાલ શારીરિક શિક્ષા માત્ર વડો શિક્ષકજ કરે છે ને તે પણ ક્વચિતજ, માત્ર અનીતિનાં આચરણ માટે કે ન છૂટકેજ કરવામાં આવે છે; તેમ છતાં અગાઉ કરતાં વિશેષ દોષ જોવામાં આવતા નથી; માટે જેમ બને તેમ શિક્ષાનો ઓછો ઉપયોગ કરવા તરફ શિક્ષકની દૃષ્ટિ હમેશ રહેવી જોઈએ.

ઉપલા વાક્યમાં 'તેમ છતાં' ને 'માટે જેમ બને તેમ'ની પહેલાં

અર્ધવિરામ ચિહ્ન છે ત્યાં પૂર્ણવિરામ ચિહ્ન મૂકી શકાય. આવે સ્થળે વાક્યોને નિરપેક્ષજ સમજવાં.

ઉપર દર્શાવેલા ચાર સંબંધથી જોડાયલાં સંયુક્ત વાક્યના દાખલા નીચે આપ્યા છે.

૧. ઘણા પુરુષો એક વાર એક નિશ્ચય કરે છે અને તરતજ તે નિશ્ચય બદલી નાખે છે. (બે નિરપેક્ષ વાક્ય 'અને'થી સમુચ્ચિત થયાં છે.)

૨. તમારે જાતે વિચાર કરી કામ કરવું, અથવા તો ઠરેલ અને અનુભવી પુરુષોના કહ્યા પ્રમાણે ચાલવું. (બે નિરપેક્ષ વાક્ય છે. 'અથવા' વિકલ્પવાચક છે.)

૩. તે ઉદ્યોગ તો કરે છે; પણ ફળ ન મળવાથી નિરાશ થાય છે. (બે નિરપેક્ષ વાક્ય. 'પણ' એ બે વચ્ચે વિરોધ દર્શાવે છે.)

૪. બાળકના કાન અશિષ્ટ વાણીથી અપવિત્ર થવા દેવા નહિ; કેમકે બાળપણના સંસ્કાર જીવનપર્યન્ત કાયમ રહે છે. (બે નિરપેક્ષ વાક્ય વચ્ચે કાર્યકારણભાવનો સંબંધ છે, બીજું વાકય કારણવાચક છે.)

૫. વ્યસન ન કરવાથી આપણું આરોગ્ય સચવાય છે; એટલા માટે વ્યસનથી દૂર રહેવું જોઈએ. (કાર્યકારણભાવના સંબંધથી બે નિરપેક્ષ વાક્ય જોડાયાં છે. બીજું વાક્ય કાર્યવાચક છે.)

૬. જેઓ વિનાશકાળે પણ ચળતા નથી તેઓ મહાત્મા કહેવાવાને યોગ્ય છે અને એવા પુરુષો થોડાજ જોવામાં આવે છે. ('અને'થી બે વાક્યો સમુચ્ચિત થયાં છે; તેમાંનું પહેલું પ્રધાન અને ગૌણ વાક્યનું બનેલું હોવાથી મિશ્ર વાક્ય છે અને બીજું નિરપેક્ષ છે; સમગ્ર વાક્ય સંયુક્ત છે.)

વાક્યપૃથક્કરણના નમુના:—

૧. 'જે ધર્મમાં માણસ જન્મ્યો હોય, જેમાં તે ઉછર્યો હોય, જેનો ઉપદેશ નાનપણથી તેના કાનમાં પડ્યો હોય, જેમાં તેણે આ લોકની આશા બાંધી હોય; સારાંશ કે જે ધર્મની સત્યતા ઉપર તેને દૃઢ વિશ્વાસ હોય, તે ધર્મ ઉપર તેને પોતાના દેહ જેટલી પ્રીતિ બંધાય છે, તે ધર્મને નુકસાન લાગે તો પોતાના શરીરને તેટલું લાગ્યું એમ તે માને છે, અને ઘણે એક પ્રસંગે તે ધર્મને વાસ્તે મહાભારત દુ:ખ વેઠવાને તત્પર થાય છે, અને કોઈ વાર તે ધર્મને અર્થ પોતાનો પ્રાણ ત્યાગ કરવાને તે આચકો ખાતો નથી.'

'કરણઘેલો.'

જ્યાંસુધી માબાપો પોતાના આચારવિચાર, રહેણીકહેણી, વગેરે ઊંચાં ને અનુકરણીય રાખી બાળકોને યોગ્ય માર્ગે દોરવશે નહિ, જ્યાંસુધી પોતાનું જીવન ઉચ્ચ, પવિત્ર, અને નિયમિત બનાવી બાળકોના મોં આગળ ઉત્તમ દૃષ્ટાન્ત ખડો કરશે નહિ, તેમને શાસન ને શિક્ષણ આપવાનો ધર્મ પોતે બજાવશે નહિ, તેમજ તે બાળકો કોની સંગતિ રાખે છે ને શાળામાં શું શીખે છે એ બધી બાબત પર તેઓ લક્ષ રાખશે નહિ, ત્યાંસુધી તેમનાં અવિનીત અને અશિષ્ટ વર્તનમાં કદી સુધારો થશે નહિ.

'શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્ત્વ'

વાક્ય	પ્રકાર	સંયોજક	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધ.	વિધેય		વિધેયવર્ધક
					ક્રિયા	ક્રિયાપૂરક	
જે ધર્મમાં...ખાતો નથી.	સંયુક્ત						
૧. જે ધર્મમાં....તે ધર્મ ઉપર તેને પોતાના દેહ જેટલી પ્રીતિ બંધાય છે	મિશ્ર		પ્રીતિ	પોતાના દેહ જેટલી	બંધાય છે		૧. તેને (સંબંધવાચક) ૨. જે ધર્મમાં.....તે ધર્મ ઉપર (સ્થળવાચક)
૨. જે ધર્મમાં...તે ધર્મને નુકસાન લાગે તો પોતાના શરીરને તેટલું લાગ્યું એમ તે માને છે.	મિશ્ર	તો (સંકેતવાચક, 'તે ધર્મને નુકસાન લાગે' અને 'પોતાના શરીરને... માને છે' એ બે વાક્યોને જોડે છે.)	તે		માને છે	પોતાના શરીરને તેટલું લાગ્યું એમ (કર્મ)	જે ધર્મમાં.....તે ધર્મને નુકસાન લાગે (સંકેતવાચક, 'લાગ્યું'નું ક્રિયાવિશેષણ)
૩. જે ધર્મમાં...ઘણે એક પ્રસંગે તે ધર્મને વાસ્તે મહાભારત દુઃખ વેઠવાને તત્પર થાય છે.	મિશ્ર	અને (૨. ને ૩. વાક્યોને જોડે છે, એ સહાનુભાવી વાક્યો છે.)	(તે)		થાય છે	તત્પર	૧. જે ધર્મમાં...તે ધર્મને વાસ્તે મહાભારત દુઃખ વેઠવાને (હેતુવાચક) ૨. ઘણે એક પ્રસંગે (કાળવાચક)
૪. જે ધર્મમાં...કોઈ વાર તે ધર્મને અર્થે...આચકો ખાતો નથી	મિશ્ર	અને ૩. ને ૪ સહાનુભાવી વાક્યોને જોડે છે.	(તે)		ખાતો નથી	આચકો (કર્મ)	૧. જે ધર્મમાં.....પ્રાણત્યાગ કરવાને (હેતુવાચક) ૨. કોઈ વાર (કાળવા.)

વાક્ય	પ્રકાર	સંયોજક	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધ	વિધેય		વિધેયવર્ધક
					ક્રિયા	ક્રિયાપૂરક	
૫. જે ધર્મમાં...જન્મ્યો હોય.	વિશેષણવાક્ય ('તે ધર્મ' વિશેષ્ય)		માણસ		જન્મ્યો હોય		જે ધર્મમાં (સ્થળવા.)
૬. જેમાં.....તે હોય	,,		તે		ઉછર્યો હોય		જેમાં (સ્થળવા.)
૭. જેનો ઉપદેશ...હોય	,,		ઉપદેશ	જેનો	પડ્યો હોય		૧. તેના કાનમાં (સ્થળવા.) ૨. નાનપણથી (કાળવા.)
૮. જેમાં તેણે...બાંધી હોય	,,		તેણે		બાંધી હોય	આ લોકની આશા(કર્મ)	જેમાં (સ્થળવા.)
૯. સારાંશ કે જે ધર્મની હોય	,,		વિશ્વાસ	દૃઢ	હોય		૧. જે ધર્મની સત્યતા ઉપર (સ્થળવા.) ૨. તેને (સંબંધ વાચક.) ૩. સારાંશ કે ('સંક્ષેપમાં'ની બરાબર છે; વાક્ય છે, પણ એક પદની બરાબર છે.)
૧૦. તે ધર્મને...લાગે	ક્રિયાવિશેષણ વાક્ય('લાગ્યું'નું વિશેષણ)		નુકસાન		લાગે		તે ધર્મને (સંબંધવા.)
૧૧. પોતાના શરીરને... લાગ્યું	નામવાક્ય-'એમ' સાથે સમાનાધિકરણ		તેટલું		લાગ્યું		પોતાના શરીરને (સંબંધવા.)

વાક્ય	પ્રકાર	સંયોજક	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	વિધેય		વિધેયવર્ધક
					ક્રિયા	ક્રિયાપૂરક	
જ્યાંસુધી માબાપો..... થશે નહિ	મિશ્ર		સુધારો		થશે નહિ		૧. તેમનાં અવિનીત અને અશિષ્ટ વર્તનમાં (સ્થળ.) ૨. કદી (કાળ.) ૩. જ્યાંસુધી..... દોરવશે નહિ (કાળ.) ૪. જ્યાંસુધી...કરશે નહિ (કાળ.) ૫. જ્યાંસુધી...બનાવશે નહિ (કાળ.) ૬. જ્યાંસુધી.....રાખશે નહિ (કાળ.)
૧. જ્યાંસુધી માબાપો ...દોરવશે નહિ	ક્રિયાવિશેષણ-વાક્ય ('થશે નહિ'નું)		માબાપો		દોરવશે નહિ	બાળકોને (કર્મ)	૧. પોતાના આચાર..... રાખી (રીતિ.) ૨. યોગ્ય માર્ગે (સ્થળ.)
૨. જ્યાંસુધી...કરશે નહિ	,,		(તેઓ)		કરશે નહિ	ઉત્તમ દૃષ્ટાન્ત (કર્મ) ખડો	૧. પોતાનું જીવન...બનાવી (રીતિ.) ૨. બાળકોના મોં આગળ (સ્થળ.)

વાક્ય	પ્રકાર	સંયોજક	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધ.	વિધેય		વિધેયવર્ધક
					ક્રિયા	ક્રિયાપૂરક	
૩. જ્યાંસુધી.....બનાવશે નહિ	ક્રિયાવિશેષણ વાક્ય ('થશે નહિ'નું)		પોતે		બનાવશે નહિ	તેમને શાસન .....ધર્મ (કર્મ)	
૪. જ્યાંસુધી...તે બાળકો રાખશે નહિ	,,	તેમજ (૩. ને ૪. સહગામી વાક્યોને જોડે છે.)	તેઓ		રાખશે નહિ	લક્ષ (કર્મ)	કોની સંગતિ...એ બધી બાબત પર (સ્થળ.)
૫. તે બાળકો કોની સંગતિ રાખે છે	નામ ('બાબત' સાથે સમાનાધિકરણ)		બાળકો	તે	રાખે છે	કોની સંગતિ (કર્મ)	
૬. (તે બાળકો) શાળામાં શું શીખે છે	નામ (સહાનુગામી, ૫.નું)	ને (૫. ને ૬. સહાનુગામી વાક્યોને જોડે છે.)	(બાળકો)	(તે)	શીખે છે	શું (કર્મ)	શાળામાં (સ્થળ.)

પ્રકરણ ૩૫મું

વિરામચિહ્ન

વિરામચિહ્નના પ્રયોગનું મૂળ—સંસ્કૃતમાં વાક્ય પૂરું થાય ત્યારે | (ઊભી લીટી) મૂકવામાં આવે છે. એ સિવાય બીજાં વિરામચિહ્નોનો પ્રયોગ થતો નથી. ગુજરાતી ભાષામાં વિરામચિહ્નનો પ્રયોગ અંગ્રેજી ભાષાને અનુસારે છે.

પ્રકાર—નીચે આપેલાં વિરામચિહ્નો અને અન્ય ચિહ્નનો ભાષામાં પ્રયોગ થાય છેઃ—

(૧) . પૂર્ણવિરામ
(૨) ? પ્રશ્નાર્થ ચિહ્ન
(૩) ! ઉદ્ગારવાચક ચિહ્ન
(૪) , અલ્પવિરામ
(૫) ; અર્ધવિરામ (મધ્યવિરામ)
(૬) : મહાવિરામ
(૭) – વિગ્રહરેખા (લઘુ રેખા)
(૮) — મહારેખા કે ગુરુ રેખા
(૯) ( ), { }, [ ] કૌંસ

અન્ય ચિહ્ન

(૧૦) ‘ ’ કે “ ” અવતરણચિહ્ન

લાભ—વિરામચિહ્નથી લખાણ વાંચવામાં તેમજ તેનું તાત્પર્ય સમજવામાં ઘણી સરળતા પડે છે. વિચારોની પરસ્પર સંકલના એથી સ્પષ્ટ સમજાય છે.

પૂર્ણવિરામઃ, પ્રશ્નાર્થ, અને ઉદ્ગારવાચક ચિહ્ન—વિચાર પૂરો દર્શાવ્યાથી વાક્ય પૂરું થતું હોય ત્યાં પૂર્ણવિરામ મુકાય

છે; પ્રશ્નનો અર્થ હોય તો પ્રશ્નવિરામ, અને કોઈ લાગણીનો ઉદ્ગાર હોય ત્યાં ઉદ્ગારવાચક ચિહ્ન મુકાય છે. સંબોધનની પછી ઉદ્ગારવાચક ચિહ્ન કે અલ્પવિરામ મુકાય છે.

ગૌણ વાક્યમાં પ્રશ્ન હોય પણ પ્રધાન વાક્યમાં પ્રશ્ન ન હોય તો વાક્યને અન્તે પૂર્ણવિરામજ આવે છે. પરંતુ પ્રધાન વાક્યની પછી પ્રશ્નવાચક ગૌણ વાકય આવે તો અન્તે પ્રશ્નાર્થ ચિહ્ન આવે છે.

દાખલા:—

ઔરંગઝેબ ક્યારે ગાદીએ આવ્યો તે કહો.
ઔરંગઝેબ ક્યારે ગાદીએ આવ્યો તે કહી શકશો ?
શિક્ષકે તેને પૂછ્યું, ઔરંગઝેબ ક્યારે ગાદીએ આવ્યો ?
અહો ! આ કેવું પવિત્ર તીર્થ છે ! શી ઘાટની શોભા !
ગુરુજી ! તમારો ઉપદેશ અમને શિરસાવન્દ્ય છે.

પૂર્ણવિરામ: દુરુપયોગ—લક્ષમાં રાખવું કે વાક્ય પૂરું થાય ત્યાંજ પૂર્ણવિરામ આવે છે. પાનાં કે પ્રકરણોનાં મથાળાંને છેડે પૂર્ણવિરામનું ટપકું કરવાનો અગાઉનો પ્રચાર હાલમાં જતો રહ્યો છે.

અગાઉ લખાતું	હાલ લખાય છે.
પ્રસ્તાવના.	પ્રસ્તાવના
પ્રકરણ ૧લું.	પ્રકરણ ૧લું
શિક્ષકનાં કર્તવ્ય.	શિક્ષકનાં કર્તવ્ય

૧, ૨, ૩, જેવા આંકડાથી કે અ, બ, ક, જેવા અક્ષરથી નિયમો દર્શાવવા હોય તો તે આંકડાઓને અને અક્ષરોને નિયમના લખાણથી જુદા પાડવા તેની પછી . મૂકવામાં આવે છે; જેમકે,

૧. 'ઇક' પ્રત્યય પર છતાં અન્ત્ય સ્વરનો લોપ અને આદ્ય સ્વરની વૃદ્ધિ થાય છે.

અ. 'કૃત્' પ્રત્યય જેને અન્તે હોય તે કૃદન્ત કહેવાય છે.

સંક્ષિપ્ત સૂચક શબ્દ પછી પૂર્ણવિરામનું ટપકું મુકાય છે.

દાખલા:—અ. વ. (બહુવચન)

ષ. તત્પુ. (ષષ્ઠીતત્પુરુષ)

એમ. એ. (માસ્તર ઑવ્ આર્ટ્સ)

રા. રા. (રાજમાન રાજશ્રી)

દા. (દસ્કત)

મુ. (મુકામ)

અલ્પવિરામ—અલ્પવિરામ મુખ્યત્વે નીચેને સ્થળે મૂકવામાં આવે છે:—

૧. સંબોધન પછી

ભાઈ, આવું કરવું તને ઘટતું નથી.

૨. 'અને' કે 'અથવા' જેવા અવ્યયથી જોડાયલાં બે કે વધારે પદ, પદસમૂહ, કે વાક્ય અલ્પવિરામથી છૂટાં પાડવામાં આવે છે; પરંતુ એ ચિહ્ન એવા છેલ્લા પદ, પદસમૂહ, કે વાક્યની પછી આવતું નથી; જેમકે,

જોડણીની ભૂલો માટે, દાખલા ખોટા ગણવા માટે, ભૂગોળ કે બીજા વિષયોમાં ખોટા જવાબ દેવા માટે, મોડા આવવા માટે, ઘેરથી કરી લાવવા આપેલો મનોયત્ન બેદરકારીથી કરવા માટે, અને એવા બીજા ઘણા સાધારણ દોષો માટે છોકરાંને નેતરની સોટીનો માર મારવામાં આવે છે. 'શિક્ષણ૦'

અહિં 'દોષો માટે' પછી અલ્પવિરામ મુકાતું નથી. કેટલાક 'કરવા માટે'ની પછી પણ એ ચિહ્ન મૂકતા નથી; પણ તે યુક્ત નથી. હાલના શિષ્ટ પ્રચાર પ્રમાણે ત્યાં ને તેવે બીજે સ્થળે અલ્પવિરામ મૂકવુંજ જોઈએ.

અમદાવાદથી અજમેર અને ત્યાંથી જેપુર, આગ્રા, મથુરા, કાશી, અયોધ્યા, ગયા, વગેરે યાત્રાને સ્થળે થઈ અમે કલકત્તે ગયા.

આંહુ 'અને' બે શબ્દસમૂહને જોડે છે—'અમદાવાદથી અજમેર થઈ' અને 'ત્યાંથી જેપુર,.....યાત્રાને સ્થળે થઈ'; આ કારણથી 'અજમેર' પછી અલ્પવિરામ મૂકવામાં આવતું નથી. બેજ શબ્દ, શબ્દસમૂહ, કે વાક્યની વચ્ચે 'અને', 'અથવા' જેવા શબ્દ હોય ત્યારે તે બે શબ્દ, શબ્દસમૂહ, કે વાક્યની વચ્ચે એ ચિહ્ન મુકાતું નથી.

'વગેરે'નો અર્થ 'અને બીજું' થાય છે, માટે તેની પહેલાં અલ્પવિરામ મૂકયું છે.

'આજ આપણો ભરથાર, આપણું શિરચ્છત્ર, આપણું પ્રતિપાલણ કરનાર, તથા આપણા માથાનો મુગટ રણક્ષેત્રમાં પડયો.'

'કરણઘેલો'

શિક્ષક પોતે સત્યશીલ, ન્યાયી, ઉદ્યમી, નિયમિત, દયાળુ, સંસ્કારી, અને વિવેકી થઈ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે શિષ્યમાં એવા ગુણો ઉત્પન્ન કરી શકે. 'શિક્ષણ૦'

૩. સામાન્ય રીતે, ગૌણ વાક્યની પછી અલ્પવિરામ મૂકવામાં આવે છે; પરંતુ એવું વાક્ય ઘણું નાનું હોય તો એ ચિહ્ન નથી પણ મુકાતું.

દાખલા:—

જેમ ચેષ્ટાથી મનના ભાવ સમજાય છે તેમ ચેહરા પરથી પણ સમજાય છે. ('શિક્ષણ૦')

જ્યાંસુધી વ્યક્તિના કે પ્રજાના વિચારો બંધાઈ દૃઢ ને પાકા થયા નથી, ત્યાંસુધી તેને બાહ્ય સંસર્ગથી દૂર રહેવાની અને જે ઉચ્ચ ભાવના પ્રાપ્ત કરી હોય તે ભાવનાને શુદ્ધ રાખવાની જરૂર છે.

('શિક્ષણ૦')

અર્ધવિરામ નીચેને સ્થળે વપરાય છે:—

૧. જે સહુગામી વાક્યો વચ્ચે સમુચ્ચયવાચક ઉભયાન્વયી 'અને' ન વપરાયું હોય એવાં વાક્યો વચ્ચે મધ્યવિરામ મુકાય છે.

દાખલો:—

રસ્તા પર સેંકડો ઘોડા અને ઊંટનાં શબ પડ્યાં હતાં; લડાઈમાં ફેંકી દીધેલાં શસ્ત્રથી માર્ગ છવાઈ ગયો હતો; હજારો યોદ્ધા મરણ પામ્યા હતા.

૨. વિરોધવાચક કે કાર્યકારણવાચક ઉભયાન્વયી અવ્યયની પછી મોટાં વાક્ય હોય તો સામાન્ય રીતે તે અવ્યયની પહેલાં અર્ધવિરામ મુકાય છે; પરંતુ એવાં વાક્ય નાનાં હોય તો અલ્પવિરામ મુકાય છે. નાનાં વાક્ય હોય તોપણ કેટલાક અર્ધવિરામ મૂકે છે.

દાખલા:—

તે કોઈ મોટું કામ માથે લેતો નથી; કેમકે તેનામાં શક્તિ છે છતાં નથી એમ તે અવિશ્વાસથી ધારે છે. ('શિક્ષણ૦')

'આ વખતે તે પાછો ખસ્યો, પણ તેણે પોતાનું ખરેખરું વિકરાળ સ્વરૂપ પ્રકાશ્યું.' ('કરણ૦')

જ્ઞાની પુરુષોમાં એ ગુણો હોય એમ સર્વ કોઈ ધારે એ વાજબી છે; પરંતુ ઘણી વાર તેનામાં એ ગુણોનો અભાવ જોવામાં આવે છે એટલુંજ નહિ, પણ જ્ઞાનને લીધે અનીતિના માર્ગો શોધવામાં અને યુક્તિથી અનીતિભરેલું વર્તન પણ નીતિમય દર્શાવવાનો પ્રયત્ન કરવામાં તેઓ મચેલા રહે છે. ('શિક્ષણ૦')

મહાવિરામ નીચેને સ્થળે વપરાય છે:—

અમુક બાબત પૂરેપૂરી વર્ણવી હોય અને તેની પછી બીજી બાબતોને ગણતરી, દાખલા, પરિણામ, કારણ, કે વિરોધ તરીકે વર્ણવી હોય ત્યારે એ ચિહ્ન વપરાય છે.

અનુક્રમે દાખલા:—

૧. તેમને મહામહા દુઃખો પડ્યાં: પાસે ખાવાનું કે પીવાનું મળે નહિ: તેઓ ભર જંગલમાં હતા: રસ્તો બતાવનાર કોઈ મળી આવવાનો સંભવ ન હતો: રાત્રી પડવા આવી હતી.

૨. કેટલાક ધાતુને 'તિ' પ્રત્યય લગાડતાં અન્ત્ય મ્ કે ન્ લોપાય છે: ગતિ, નતિ, મતિ, હુતિ, તતિ.

૩. તેઓ મદને વશ થયા છે: તેમની સાથે વાત કરવી નકામી છે.

૪. કોઈ પણ બાબત અત્યાગ્રહપૂર્વક ખરી માનવી નહિ: ભલા ભલા ડાહ્યા પુરુષો પણ ભૂલે છે.

૫. લશ્કરને મોખરે તોપખાનું હતું: પાછલા ભાગમાં પાયદળ હતું.

આમાંને પહેલે બે સ્થળે મહાવિરામની સાથે ગુરુરેખા (—) પણ મુકાય છે; અર્થાત્ :—આવું મિશ્ર ચિહ્ન મુકાય છે.

વિગ્રહરેખા (લઘુરેખા)—અમુક શબ્દ એક લીટીમાં પૂરો ન થાય તો ઉચ્ચાર પ્રમાણે જેમ તેના ભાગ બોલાતા હોય તેમ, અને સામાસિક શબ્દમાં તેના અવયવ પ્રમાણે ભાગ પાડી એક ભાગ આગળથીજ શબ્દને તોડી તેની પછી વિગ્રહરેખા (લઘુરેખા) (-) મૂકી બાકીનો ભાગ બીજી લીટીના આરંભમાં લખવામાં આવે છે.

દાખલા:—

મહા-	લખ-	ગડ-	શોર-	વિક્રમા-
પરાક્રમી	વામાં	બડાટ	બકોર	દિત્ય

ગુરુરેખા—ગુરુરેખા નીચેને સ્થળે વપરાય છે:—

૧. અર્થ સ્પષ્ટ કરવા માટે; જેમકે, એ એવો અનિષ્ટ પ્રસંગ છે કે તે પ્રમાણથી—પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. ('શિક્ષણ૦')

૨. ઘણી બાબતો વર્ણવી પાછળથી તે બધીને માટે એક શબ્દ મૂકવામાં આવે તો તે શબ્દની પૂર્વે આ ચિહ્ન મુકાય છે.

દાખલો:–

અમુક યુદ્ધમાં લશ્કરની સંખ્યા, શહેરોની વસ્તી, દેશોની આયાત ને નિકાસ—આવી આવી નકામી બાબતો ગોખાવવાથી કંઈ લાભ નથી. ('શિક્ષણ૦')

કૌંસ–કૌંસ નીચેને સ્થળે વપરાય છે:–

૧. કશાનો અર્થ સમજાવવા માટે (ગુરુ રેખાની પેઠે); જેમકે, પદાર્થ, મૉડેલ (નમુનો), ચિત્રો, વગેરે સાહિત્યો વડે વસ્તુનું પ્રદર્શન થાય છે.

શ્રુતલેખનના (ડિક્ટેશનના) પાઠમાં ઉપર દર્શાવેલી સૂચના લક્ષમાં રાખવી.

૨. સ્પષ્ટતા માટે જરૂરની હકીકત કેટલીક વાર કૌંસમાં દર્શાવવામાં આવે છે.

દાખલો:–

જે જે સાહિત્યનો ઉપયોગ કરવો હોય તે નોંધમાં લખવાં; જેમકે, ચિત્ર, નકશો, નમુનો, કાળું પાટીઉં, નોટ બુક (નોંધપોથી), પેન્સિલ (છોકરાં માટે), મદ્યાર્કનો દીવો, પાણીનું ભરેલું વાસણ, વગેરે જે હોય તે. ('શિક્ષણ૦')

આપણી પાછળ આવેલી દિશા પશ્ચિમ (પશ્ચાત્ ઉપરથી) કહેવાય છે.

અવતરણચિહ્ન–

૧. કોઈના બોલેલા શબ્દ તેજ રૂપમાં દર્શાવાય છે ત્યારે અંગ્રેજીમાં હમેશ અવતરણચિહ્નોની વચ્ચે તે શબ્દો મુકાય છે. ગુજરાતીમાં પણ બોલેલા શબ્દ ક્વચિત્ અવતરણચિહ્નોની વચ્ચે મુકાય છે. હમેશ એ ચિહ્ન વાપરવાનો પ્રચાર નથી.

"આ શિક્ષક બહુ નરમ છે," એવાં શિષ્યનાં વચન એક પ્રકારનો તેમનો તિરસ્કારજ છે. ('શિક્ષણ૦')

૨. કોઈ શબ્દ કે અક્ષરને શબ્દ કે અક્ષર તરીકેજ વાપર્યો હોય ત્યારે પણ એ ચિહ્ન વપરાય છેઃ–

દાખલોઃ–

'य्', 'व्', 'र्', અને 'ल्'નું સંપ્રસારણ અનુક્રમે 'इ,' 'उ,' 'ऋ,' અને 'ऌ' થાય છે.

——:o:——

પ્રકરણ ૩૬મું

ભાષાશૈલી

સૂચના અને નિયમ–કોઈ પણ ભાષામાં ઉત્તમ શૈલીમાં લખવાની શક્તિ પ્રાપ્ત કરવી હોય તો તેમાં ઉત્તમ સાહિત્ય વાંચવું, તેની શૈલીનું અધ્યયન કરવું, અને તેમાં લખવાનો અભ્યાસ કરવો. આવા અધ્યયન અને મહાવરાથીજ ઉત્તમ શૈલી પ્રાપ્ત કરી શકાય છે. આમ છે, છતાં એ વિષે નીચેના નિયમ લક્ષમાં રાખવાથી લાભ થશેઃ–

૧. શૈલી વિષયને અનુસરતી જોઈએ.

સાધારણ વર્ણનમાં ભારે શબ્દ કે અલંકારવાળી આડંબરી ભાષા શોભતી નથી.

૨. સરળતા, માધુર્ય, શિષ્ટતા, સ્વાભાવિકતા, વિશદતા, અને અસંદિગ્ધતા પર ખાસ લક્ષ રાખવું.

ભાષા જેમ બને તેમ સરળ જોઈએ. ગુંચવણભરેલી ભાષાથી વિચારમાં ગુંચવણ જણાઈ આવે છે. જે શૈલી પાણીના પ્રવાહની પેઠે અસ્ખલિત ચાલી જતી નથી અને જેનું તાત્પર્ય સમજવા

વાંચનારને કષ્ટ અને પરિશ્રમ પડે છે તેવી શૈલીથી દૂર રહેવું. જે બાબતો વિચારમાં જોડાયલી હોય તે બાબતોનું વર્ણન કરનારા શબ્દો અન્વયમાં પાસે પાસે જોઈએ. સંબંધવાળા શબ્દો પાસે પાસે ન મૂકવાથી જે શબ્દની સાથે જેનો સંબંધ હોય છે તે સમજાતો નથી કે સમજવામાં વિલંબ થાય છે એટલુંજ નહિ, પણ અન્ય શબ્દની સાથે તે શબ્દનો સંબંધ ઘટાવવાથી ઘણી વાર અર્થનો અનર્થ થાય છે. દૂરાન્વય અને દુર્બોધ્ય ક્લિષ્ટ રચના એ મોટો દોષ છે. એથી શૈલી ગુંચવણભરેલી થાય છે; માટે શૈલી સરળ અને સુગમ રાખવી અને અન્વય તરત સમજાય એમ શબ્દોની યોજના કરવી.

૩. **દોષો પરિહરવા**—કર્ણને કઠોર લાગે એવા શબ્દો વાપરવાથી શ્રુતિકટુત્વ દોષ આવે છે. વ્યાકરણના નિયમથી વિરુદ્ધ શબ્દો યોજવાથી અસંસ્કારનો (ચ્યુતસંસ્કૃતિનો) દોષ થાય છે; અને શિષ્ટ પુરુષો ન વાપરે એવા શબ્દો વાપરવાથી ગ્રામ્યતાનો દોષ થાય છે. શ્રુતિકટુત્વ, અસંસ્કૃતિ, અને ગ્રામ્યતાના દોષથી દૂર રહેવું.

૪. **માધુર્ય અને સ્વાભાવિક શૈલી**—શબ્દો પસંદ કરવામાં બહુ કાળજી રાખવી. મધુર શૈલી ઘણી રસિક અને લોકપ્રિય થાય છે; પરંતુ માધુર્ય કંઈ સંસ્કૃત શબ્દોજ વાપરવાથી આવતું નથી એ લક્ષ બહાર જવું ન જોઈએ. વિષયને અને જે વાચકવર્ગ માટે તે લેખ ઉદ્દિષ્ટ હોય તેને ઘટે એવી શૈલી વાપરવી. એવા પ્રકારની શૈલીમાં શબ્દોની પસંદગી કરવામાં પૂરતું લક્ષ અપાયું હોય, શું કર્ણને પ્રિય લાગશે અને શું કઠોર ને કટુ લાગશે તે જાણવાની ઊંચા પ્રકારની રસિકતા હોય, તો શૈલી સહજ મધુર થઈ શકે છે.

માધુર્ય લાવતાં શૈલી કૃત્રિમ ન થઈ જાય તે પર ખાસ લક્ષ રાખવું. સ્વાભાવિક શૈલીજ ઉત્તમ છે; પરિશ્રમ લીધેલો જણાઈ આવે એવી કૃત્રિમ શૈલી લોકપ્રિય થતી નથી.

૫. **શિષ્ટ પુરુષની ભાષા અનુસરવી.** શિષ્ટ પુરુષ કોને કહેવો તે વિષે 'पृषोदरादीनि यथोपदिष्टम्' એ પાણિનિના સૂત્ર પરના મહાભાષ્યમાં શ્રીમાન્ પતંજલિએ ચર્ચા કરી છે. આરંભમાં કહ્યું છે કે જે વ્યાકરણના નિયમોને જાણે ને અનુસરે તે શિષ્ટ અને શિષ્ટ વિદ્વાનોએ રચેલા નિયમો જેમાં હોય તે વ્યાકરણશાસ્ત્ર. આમ તો અન્યોન્યાશ્રયનો દોષ આવે છે એમ શંકાકાર કહે છે ત્યારે ભાષ્યકાર છેવટે નિર્ણય કરે છે કે જેનું નિવાસસ્થાન, સંસ્કાર, ને વર્તન ઉત્તમ પ્રકારનાં હોય તે શિષ્ટ; અર્થાત્, ઉત્તમ નિવાસસ્થાન અને ઉત્તમ સંસ્કારવાળા તથા ઉત્તમ પરિસ્થિતિમાં રહેનારા તે શિષ્ટ. એવા શિષ્ટ પુરુષોની ભાષા તે શિષ્ટ ભાષા. એવી ભાષા ગ્રામ્યતા આદિ દોષથી મુક્ત હોય છે. એવા પુરુષો જે વાણીને ગ્રામ્ય ગણે છે તે વાણીનો પ્રયોગ ન કરવો.

૬. **વિશદ શૈલી**--શૈલી વિશદ એટલે સુસ્પષ્ટ હોવી જોઈએ. જેમ કાવ્યમાં પ્રસાદ ગુણ વગરનું કાવ્ય વખણાતું નથી, તેમ ભાષાશૈલી વિશદ ન હોય તો તે સારી ગણાતી નથી. તેમજ એક શબ્દના અનેક અર્થમાંથી કયો અર્થ વિવક્ષિત છે તે વિષે જેમાં સંદેહ પડતો હોય એવી સંદિગ્ધ શૈલી પણ સારી કહેવાતી નથી.

૭. **એકધારી ભાષા**--ભાષા એકધારી જોઈએ. સરળ શૈલી ચાલતી હોય તેમાં વચ્ચે આડમ્બરવાળી, અલંકારયુક્ત, અને ભારે શબ્દવાળી રચના આવે તો તે સુશ્લિષ્ટ થતી નથી અને વાંચનારને કંટાળો આપે છે.

૮. **પ્રસિદ્ધ શબ્દો અને અલંકારો** હોય તેને છોડી અપ્રયુક્ત, અપ્રસિદ્ધ શબ્દો કે અલંકારો લાવવા, એ પણ ભાષાને કઠંગી બનાવે છે.

૯. **સાદી, સંક્ષિપ્ત, અને ચોકસ શૈલી** કેળવવા ખાસ લક્ષ આપવું. એક શબ્દથી કામ સરતું હોય તો નકામા અનેક શબ્દ વાપરવા નહિ. નકામાં વિશેષણ અને અવ્યય કે અન્ય પદ વાપરી ટાંહેલું કરવાથી ભાષા શોભતી નથી એ ભૂલવું નહિ. લખવામાં ચોકસાઈની ઘણી જરૂર છે, તે પર પણ પૂરતું લક્ષ આપવું.

૧૦. **વિદેશીય શૈલીનું અનુકરણ**—હાલ ઘણા લેખકો અંગ્રેજી ભાષાની કેળવણી પામેલા હોવાથી ગુજરાતી ભાષામાં તે ભાષાની રચના આણે છે; પણ તે બધી રચના ગુજરાતી ભાષાને બંધબેસતી થતી નથી. એવી વિદેશીય રચનાથી ભાષા દુષ્ટ થાય છે અને જેમને અંગ્રેજી ભાષાનું જ્ઞાન નથી તેમને તો તે ઘણી કઢંગી અને કઠોર લાગે છે. એક ભાષાની બધી રચના અન્ય ભાષાને સુશ્લિષ્ટ થતી નથી. દાખલા તરીકે, સાપેક્ષ સર્વનામનો પ્રયોગ, કોઈના બોલેલા શબ્દોને દર્શાવવાની આડકતરી ભાષા-રચના, પ્રધાન ને ગૌણ વાક્યમાં કાળોનું સાદૃશ્ય—આ અને એવી બીજી રચના જેવી અંગ્રેજી ભાષામાં હોય છે તેવી ગુજરાતી ભાષામાં નથી; પરંતુ ઘણા લેખક અંગ્રેજી ભાષાની રચના ગુજરાતી ભાષામાં ઉતારે છે, તેથી ભાષા ઘણીજ કઠોર અને ઉદ્વેજક થાય છે. આવી વિદેશીય રચનાથી ભાષાને અશુદ્ધ અને કર્ણકઠોર બનાવવી નહિ.

ઉપસંહાર—શૈલી વિષે લક્ષમાં રાખવા લાયક બધી બાબતો ટૂંકામાં નીચે દર્શાવી છે:—

જે શૈલીનું સ્વરૂપ વિષય અને અધિકારીને ઉદ્દેશીને બદલાય, પ્રૌઢ ઘટે ત્યાં પ્રૌઢ, મુગ્ધ ઘટે ત્યાં મુગ્ધ, તેજસ્વી જોઈએ ત્યાં તેજસ્વી, ને નમ્ર જોઈએ ત્યાં નમ્ર, એમ જ્યાં જેવા રસનો આવિ-

ભાવ હોય ત્યાં તેવા રસને દિપાવે એવી, પણ સર્વત્ર સરળ રચનાવાળી, સ્વાભાવિક, અસંદિગ્ધ, શુદ્ધ, અને પ્રયત્ન વિના કે કવચિત્ અલ્પજ પ્રયત્ને સમજાય એવી હોય તે ઉત્તમ શૈલી સમજવી.

—:o:—

પ્રકરણ ૩૭મું

ભાષાશુદ્ધિઃ તત્સમ શબ્દના સામાન્ય દોષ

તત્સમ શબ્દની જોડણી—ગયા પ્રકરણમાં ભાષાશૈલી વિષે વિચાર કર્યો તેમાં ભાષા શુદ્ધ અને સંસ્કારી કે શિષ્ટ હોવી જોઈએ એમ દર્શાવ્યું છે. ભાષા શુદ્ધ હોવા માટે તેમાં પ્રયોજાયલો દરેક શબ્દ શુદ્ધ લખાવો જોઈએ. તત્સમ શબ્દ મૂળ ભાષામાં જેમ લખાતા હોય તેમ લખાય ત્યારેજ શુદ્ધ લખાયા કહેવાય. એ વિષે સર્વ વિદ્વાનો સંમત છે. ગુજરાતીની માતૃભાષા સંસ્કૃત છે, તેથી તત્સમ સંસ્કૃત શબ્દો જેમ સંસ્કૃતમાં લખાતા હોય તેમજ ગુજરાતીમાં લખાવા જોઈએ. તેમ ન થાય તો સહૃદય વાચકને ઉદ્વેજક થાય છે અને એવું લખાણ દુષ્ટ કહેવાય છે. સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હોય તો તેમાંના તત્સમ શબ્દ થોડા—જે જાણીતા હોય તેજ—વાપરવા; પરંતુ વાપરવાનીજ ઇચ્છા હોય તો તેની જોડણી કોશમાં જોઈ શુદ્ધ કરવા તરફ લક્ષ રાખવું. વળી સંસ્કૃત ભાષા મૃત ભાષા છે; તેમાં મરજીમાં આવે તેમ નવીન શબ્દો ઘડાતા નથી એ પર ખાસ ધ્યાન આપવું. આ બાબત લક્ષમાં ન રાખવાથી ઘણા લેખકો પુસ્તકોમાં તત્સમ શબ્દોની જોડણીમાં તરેહવાર ભૂલ કરે છે. એવી ભૂલો પુસ્તકોમાં જોવામાં આવેલી તેનો મોટો સંગ્રહ મારી પાસે છે, તેનો ઉપયોગ કરી નીચે યાદી આપી છે, તે પરથી શુદ્ધ શબ્દ કેવી રીતે અશુદ્ધ લખાય છે તે સમજાશે. તત્સમ ફારસીઅરબી શબ્દ પણ બને ત્યાંસુધી મૂળને અનુસરતી જોડણીમાં લખવા જોઈએ. ફારસી ને અરબી

ભાષા કંઈ ગુજરાતીની માતૃભાષા નથી. વળી તેમાંના બધા ઉચ્ચાર ગુજરાતી અક્ષરોથી દર્શાવી શકાતા નથી. આ કારણથી ફારસી-અરબી તત્સમ શબ્દ એ ભાષામાં જેવા સ્વરૂપમાં હોય છે તેવાજ સ્વરૂપમાં ગુજરાતીમાં લખી શકાશે નહિ; પરંતુ તે સ્વરૂપને બને તેટલી અનુસરતી જોડણીમાં લખાવા જોઈએ. આ કારણથી ઘણા પ્રચલિત અને પરિચિત ફારસીઅરબી શબ્દોની મૂળને અનુસરતી જોડણી દર્શાવનારી યાદી પણ આપી છે.

સંસ્કૃત તત્સમ શબ્દના દોષની યાદી

(૧) 'તિ' પ્રત્યયાન્ત શબ્દમાં 'તિ' ને બદલે 'તી' કરવામાં આવે છે; અથવા તો ધાતુના સ્વરની જોડણી ખોટી કરવામાં આવે છે. કેટલાક શબ્દમાં 'તિ' ને બદલે 'નિ' થાય છે, ત્યાં 'ની' કરવામાં આવે છે.

અશુદ્ધ	શુદ્ધ	અશુદ્ધ	શુદ્ધ
સ્થીતિ–સ્થિતી	સ્થિતિ	દ્રષ્ટિ	દૃષ્ટિ
પ્રિતી	પ્રીતિ	સ્રષ્ટિ	સૃષ્ટિ
નિતી	નીતિ	ગ્લાની	ગ્લાનિ
સંતતી	સંતતિ	મ્લાની	મ્લાનિ
પ્રસુતિ–પ્રસુતી	પ્રસૂતિ	હાની	હાનિ

સમાન શુદ્ધ શબ્દ નીચે આપ્યા છેઃ—

રીતિ, શક્તિ, મતિ, ગતિ, નતિ, તતિ, હુતિ, ક્ષતિ, વિનતિ, ઉન્નતિ, અવનતિ, પરિણુતિ, વિજ્ઞપ્તિ, યતિ, શ્રુતિ, સ્મૃતિ, ઇષ્ટિ, ઉક્તિ, વિભક્તિ, વ્યુત્પત્તિ, જાતિ, શુદ્ધિ, વૃદ્ધિ, તૃપ્તિ, પુષ્ટિ, ઉત્પત્તિ, મૂર્તિ કે મૂર્ત્તિ, કીર્તિ કે કીર્ત્તિ, ઉપમિતિ, મિતિ, પદ્ધતિ, સ્તુતિ, યુક્તિ, વગેરે

(૨) જોડાક્ષર નથી ત્યાં જોડાક્ષર લખવાની ભૂલ. સંસ્કૃત શબ્દ

છે, માટે જોડાક્ષરથી શુદ્ધ લખાશે એવી સમજ એ ભૂલનું કારણ હોય એમ લાગે છે.

અશુદ્ધ	શુદ્ધ	અશુદ્ધ	શુદ્ધ
ચર્ણ	ચરણ	સ્મર્ણ	સ્મરણ
મર્ણ	મરણ	અન્ત:કર્ણ	અન્ત:કરણ
શર્ણ	શરણ	કીર્ણ	કિરણ
હર્ણ	હરણ		

પ્રત્યય 'અન' છે એ યાદ રાખવાથી એ ભૂલ જતી રહેશે. ચર્+અન=ચરણ; મૃ+અન=(ગુણ થઈ) મર્+અન=મરણ; કૃ+અન=કર્+અન=કરણ.

'કર્ણ'=કાન; 'વર્ણ'=જાતિ, એ શબ્દો 'યત્ન' શબ્દની પેઠે 'ન' પ્રત્યયાન્ત છે; એમાં 'અન' પ્રત્યય નથી.

પદ્ધી—પદ્ધિ પદવી

આ ભૂલ ઘણીજ સાધારણ છે. સારાં પુસ્તકો પણ આ ભૂલથી ભાગ્યેજ મુક્ત જોવામાં આવે છે.

વિકાળ વિકરાળ (વિ+કરાળ=ભયંકર; વિશેષ ભયંકર)

(૩) ઋકારને બદલે રકાર ને એથી ઉલટું

અશુદ્ધ	શુદ્ધ	અશુદ્ધ	શુદ્ધ
દ્રષ્ટિ	દૃષ્ટિ	સાદ્રશ્ય	સાદૃશ્ય
સ્રષ્ટિ	સૃષ્ટિ	તાદ્રશ્ય (ચિતાર)	તાદૃશ—શ (ચિતાર)
દ્રષ્ટાન્ત	દૃષ્ટાન્ત		
હ્રદય	હૃદય	દ્રઢ	દૃઢ
ગ્રહસ્થ	ગૃહસ્થ	પતિવ્રતા	પતિવ્રતા
વ્રન્દાવન	વૃન્દાવન	દ્રષ્ટવ્ય	દ્રષ્ટવ્ય
પ્રથક્	પૃથક્	સ્રષ્ટવ્ય	સ્રષ્ટવ્ય
વ્રત્તાન્ત	વૃત્તાન્ત	નમ્રતા	નમ્રતા
દ્રશ્ય	દૃશ્ય	ગ્રહણ	ગ્રહણ
		વ્રજ	વ્રજ

(૪) શ્, ષ્, ને સ્ની ગુંચવણથી થતા દોષ

અશુદ્ધ	શુદ્ધ	અશુદ્ધ	શુદ્ધ
શેવક	સેવક	અશ્રુશ્રાવ	અશ્રુસ્રાવ
શુદ્દિ / શુદ્ધ	સુદ્દિ / સુદ્ધ	સ્પર્ષાસ્પર્ષી	સ્પર્શાસ્પર્શી
		દાશી	દાસી
ક્લેષ	ક્લેશ	સ્મસાન	સ્મશાન (સ્મ-ન્=શબ, 'શી'—સૂવું)
વિશેશણ	વિશેષણ		
વિશેશ	વિશેષ	વર્ણશંકર	વર્ણસંકર

શંકર=મહાદેવ (શમ્=સુખ); સંકર=મિશ્રણ; 'ભાષાસંકર', 'વર્ણસંકર' એ શુદ્ધ રૂપ છે.

સપથ	શપથ
ઉદાશ	ઉદાસ
સૂન્યકાર	શૂન્યકાર
સાસન	શાસન
વૈષ્ય	વૈશ્ય

(૫) ખોટી સંધિથી થતી ભૂલ

અશુદ્ધ	શુદ્ધ
ન્યાત્યાભિમાન / જાત્યાભિમાન	નાત્યભિમાન / જાત્યભિમાન
નિરાભિમાન	નિરભિમાન
અધમોધમ	અધમાધમ
સ્વપ્નાવશ	સ્વપ્નવશ
દીનાનાથ (કવિતામાં માત્રા મેળવવા)	દીનનાથ

સત્વ	સત્ત્વ
તત્વ	તત્ત્વ
સાત્વિક	સાત્ત્વિક
તાત્વિક	તાત્ત્વિક
મહત્વ	મહત્ત્વ
કોટ્યાવધિ	કોટ્યવધિ
પરિક્ષા	પરીક્ષા
નિરિક્ષા	નિરીક્ષા
સમિક્ષા	સમીક્ષા
નિરવ	નીરવ
નિરોગ	નીરોગ
નિરસ	નીરસ
શ્વાસોશ્વાસ	શ્વાસોચ્છ્વાસ

'ઈક્ષા' શબ્દ 'ઈક્ષ્' ધાતુ પરથી

(૬) 'ઇક' પ્રત્યયાન્ત શબ્દોમાં થતી ભૂલ

અશુદ્ધ	શુદ્ધ
પ્રમાણિક	પ્રામાણિક
વ્યવહારીક	વ્યાવહારિક
પરમાર્થિક	પારમાર્થિક
	(ઉભયપદવૃદ્ધિ)
અલૌકિક	અલૌકિક

સમાન શુદ્ધ શબ્દ નીચે આપ્યા છેઃ—

નૈસર્ગિક, ભાવિક, દૈનિક, આહ્નિક, માસિક, વાર્ષિક, સ્વાભાવિક, વાસ્તવિક, આનુભવિક, સાંપ્રતિક, ઐતિહાસિક, ધાર્મિક, ઐચ્છિક, સામયિક, સામાજિક, માંગલિક, પ્રાથમિક, દ્વૈતીયિક; તાર્તીયિક, ('તૃતીય' પરથી), વગેરે.

ઉભયપદવૃદ્ધિના દાખલા:--ઐહલૌકિક, પારલૌકિક, સાર્વલૌકિક, પાંચાશદ્વાર્ષિક, ષાષ્ટિવાર્ષિક, આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક, આનુશતિક.

રસિક, ધનિક, પથિક—આ શબ્દોમાં વૃદ્ધિ થતી નથી. 'પથિક'માં 'ક' પ્રત્યય છે, 'ઇક' નથી. 'રસિક' અને 'ધનિક'માં 'ઠન્' પ્રત્યય છે તે 'ઠક્' ની પેઠે ક્ઙિત્ નથી. જુઓ 'મધ્ય વ્યાક૦' (૨જી આવૃત્તિ), પૃ૦ ૧૬૯, પૃષ્ઠટિપ્પણ.

(૭) ચ્વિપ્રત્યયાન્ત (ઇ પ્રત્યયાન્ત કૃ, ભૂ, કે અસ્ ના રૂપ સાથે) શબ્દમાં

અશુદ્ધ	શુદ્ધ
સ્વિકરણ	સ્વીકરણ
અંગિકરણ	અંગીકરણ
ભસ્મિભૂત	ભસ્મીભૂત
સ્પષ્ટિકરણ	સ્પષ્ટીકરણ

શુદ્ધ શબ્દ:—

એકીકરણ, સંયોગીકરણ, સમીકરણ

(૮) નિરર્થક એત્રડા પ્રત્યયથી થતી ભૂલ

અશુદ્ધ	શુદ્ધ
ધૈર્યતા	ધૈર્ય
આરોગ્યતા	આરોગ્ય
આર્જવતા	આર્જવ
ગૌરવપણું	ગૌરવ—ગુરુપણું
મહત્ત્વતા	મહત્ત્વ—મહત્તા
અતિશયતા—અતિશયપણું	અતિશય

'અતિશય' સંસ્કૃતમાં નામ છે; ગુજરાતીમાં વિશેષણ તરીકે વપરાય છે; પરંતુ તેને વિશેષણ ગણી તે પરથી 'અતિશયતા' જેવું બનાવેલું નામ હાસ્યજનક થાય છે.

(૯) ईन પ્રત્યયના શુદ્ધ રૂપના અજ્ઞાનથી થતી ભૂલ (ईन ને બદલે 'ઇન' લખે છે.)

અશુદ્ધ	શુદ્ધ
અર્વાચિન	અર્વાચીન
પ્રાચિન	પ્રાચીન
સમીચિન	સમીચીન (સમીચ્)
ઉદીચિન	ઉદીચીન (ઉદીચ્)

(૧૦) મત્–મન્ત પ્રત્યયનો અયોગ્ય સ્થળે વત્–વન્ત કરવાથી થતા દોષઃ—

અશુદ્ધ	શુદ્ધ
નીતિવાન્	નીતિમાન્
બુદ્ધિવન્ત	બુદ્ધિમન્ત
સમૃદ્ધિવાન્	સમૃદ્ધિમાન્

અંગને અંતે કે ઉપાન્તે અવર્ણ કે મ્ હોય છે ત્યારે 'મત્–મન્ત'નો 'વત્–વન્ત' થાય છે. તેમજ 'યવ' ને 'ભૂમિ' શબ્દને પ્રત્યય લગાડતાં 'મ્'નો 'વ્' થાય છે.

શુદ્ધ દાખલાઃ—ભગવાન્, ભાસ્વાન્, ધીમાન્, શ્રીમાન, યવમાન્, ભૂમિમાન્

(૧૧) ઇષ્ઠ પ્રત્યયને બદલે इष्ट વાપરવાથી થતી ભૂલઃ—

અશુદ્ધ	શુદ્ધ
શ્રેષ્ટ	શ્રેષ્ઠ
વરિષ્ટ	વરિષ્ઠ
ધર્મિષ્ટ	ધર્મિષ્ઠ

(૧૨) 'અનીય' પ્રત્યયમાં ઈ છે (દીર્ઘ છે) તેને બદલે ઇ (હ્રસ્વ) વાપરવાથી થતી ભૂલ

અશુદ્ધ	શુદ્ધ
રમણિય	રમણીય
વન્દનિય	વન્દનીય

સમાન શુદ્ધ શબ્દ–સ્તવનીય, વર્ણનીય, કરણીય, માનનીય, પૂજનીય, ચિન્તનીય, વગેરે

(૧૩) માન પ્રત્યય વર્તમાન કૃદન્તનો છે; અને માન્ પ્રત્યયાન્ત રૂપ મત્ પ્રત્યયાન્ત શબ્દનું પ્રથમાનું એકવચન છે. આ ભેદના અજ્ઞાનથી થતો દોષ

અશુદ્ધ	શુદ્ધ
રાજમાન્	રાજમાન
દેદીપ્યમાન્	દેદીપ્યમાન

(૧૪) નવીન ઘડેલા અશુદ્ધ શબ્દ–સંસ્કૃતમાં ગમે તેમ શબ્દ ઘડી શકાય નહિ. મૃત ભાષામાં નવીન શબ્દ વ્યાકરણના નિયમની વિરુદ્ધ ઘડી શકાતા નથી.

અશુદ્ધ	શુદ્ધ
પાશ્ચિમાત્ય	પાશ્ચાત્ય
પૌર્વાત્ય	પૌરસ્ત્ય
આદ્યય	પૂર્વગ

'ત્ય' પ્રત્યય 'દક્ષિણા' અવ્ય૦, 'પશ્ચાત્' અવ્ય૦, અને 'પુરસ્' અવ્ય૦નેજ લાગે છે—દાક્ષિણાત્ય, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય. 'ઉદીચ્ય' ને 'પ્રાચ્ય'માં 'ય' પ્રત્યય છે.

'આદ્યય' એવો શબ્દ 'પ્રત્યય' શબ્દને અનુસારે બની શકતો નથી. એને બદલે 'પૂર્વગ' શબ્દ શુદ્ધ છે તે વાપરવો.

(૧૫) પરચુરણ શબ્દ

અશુદ્ધ	શુદ્ધ
અદ્‌ભૂત	અદ્‌ભુત

भू ધાતુને ઉણાદિ ડુતચ્ (उत) પ્રત્યય થઈ શબ્દ બન્યો છે. 'ભૂત' શબ્દ નથી.

દિન ('દિવસ'ના અર્થમાં)

દિન=દિવસ;	દીન=ગરીબ
દીવસ	દિવસ
શ્રીયુત્	શ્રીયુત

આ દોષ ઘણો સામાન્ય છે. 'યુત' એ 'યુ' જોડવું, એ ધાતુનો ભૂત કૃદન્ત છે. શ્રી વડે જોડાયલો તે શ્રીયુત, એમ એ શબ્દ તૃતીયા-તત્પુરુષ સમાસ છે.

ચિન્હ	ચિહ્ન

બોલવામાં સરળતાની ખાતર અશુદ્ધ રીતે 'ન્' પહેલો મૂકી 'ચિહ્ન'ને બદલે 'ચિન્હ' લખાય છે. પ્રાકૃતમાં પણ चिन्ह છે.

સહસ્ર	સહસ્સ
વિચિક્ષણ	વિચક્ષણ (વિ+ચક્ષ્= બોલવું+અન)
વિસ્તિર્ણ	વિસ્તીર્ણ
પુર્ણ	પૂર્ણ
સ્ફુર્તિ	સ્ફૂર્તિ

'ઇર્' ને 'ઉર્'ની પછી વ્યંજન આવે તો ઇ ને ઉ દીર્ઘ થાય છે.

કૂલ	કુલ

'કુલ'=કુટુંબ; 'કૂલ'=કિનારો; 'અનુકૂલ' ને 'પ્રતિકૂલ'માં 'કૂલ' શબ્દ છે, 'કુલ' નહિ.

દ્વિપ (બેટના અર્થમાં) દ્વીપ

દ્વિપ=હાથી (દ્વિ=બે; બે વડે પીએ તે–સંઢે ને મોંએ); દ્વીપ= બેટ (દ્વિ+અપ્=પાણી; 'અપ્'નું 'ઈપ' થયું છે.)

નપુષક	નપુંસક

ન+પુંસ–પુમાન્=પુરુષ નહિ તે.

ઉચીત ઉચ્ચિત	ઉચિત ('ઉચ્'નો ભૂ. કૃ.)
ભીક્ષા	ભિક્ષા
હતભાગ્ય	હતભાગ્ય (હત=હન્+ત [ભૂ. કૃ.નો પ્રત્યય])
સતત્	સતત (સમ્+તત, 'તન્'નો ભૂ. કૃ. 'સમ્'નો 'મ્' લોપાય છે.)
આશીષ	આશિષ્
આશિર્વાદ	આશીર્વાદ

આ શબ્દની જોડણી બહુધા ખોટીજ કરેલી જોવામાં આવે છે. આશિષ્+વાદ=આશીર્વાદ.

મંદીર	મંદિર
નમ્રતાપુર્વક	નમ્રતાપૂર્વક
નિષ્ટા	નિષ્ઠા
સંમત્તિ	સંમતિ (સમ્+મન્+તિ)
કઠીન	કઠિન
ભુખરીત	મુખરિત (શબ્દાયમાન)

અજ્ઞાનથી, સંસ્કૃત શબ્દ લખવાના લોભથી વિપરીત શબ્દ બનાવે છે.

વિપરિત	વિપરીત (વિ+પરિ+ઇત 'ઇ'= 'જવું'નો ભૂ. કૃ.)
ઇતીહાસ	ઇતિહાસ (ઇતિહ+આસ)
દંપતિ	દંપતી
તિવ્ર	તીવ્ર
પતીત	પતિત (પત્+ઇત-ભૂ. કૃ. નો આગમસહિત પ્રત્યય)
ઉપવિત	ઉપવીત
આધિન	આધીન (સંસ્કૃતમાં 'અધીન' છે.)
સંહ્યાદ્રી	સહ્યાદ્રિ
ગંભિર	ગંભીર
સુશિલ	સુશીલ
મહીમા	મહિમા
બિભત્સ	બીભત્સ
કાકતાલિ ન્યાય	કાકતાલીય ન્યાય
ઉજ્જવળ	ઉજ્જ્વળ (ઉદ્+જ્વળ)
પ્રજ્જ્વલિત	પ્રજ્વલિત (પ્ર+જ્વલિત)

લક્ષમાં રાખો કે રકાર પછી વ્યંજનનો દ્વિર્ભાવ વૈકલ્પિક છે. સંસ્કૃતમાં એવો નિયમ છે કે સ્વરની પછી ર્ કે હ્ આવ્યો હોય અને તે ર્ કે હ્ ની પછી વ્યંજન આવે તો તે વ્યંજનનો વિકલ્પે દ્વિર્ભાવ થાય છે. संस्कृतशिक्षिका, પૃ૦ ૫૩, નિ૦ ૨ જુઓ. આ પ્રમાણે દ્વિર્ભાવ વૈકલ્પિક છે. દાખલા:—

મૂર્તિ-ર્ત્તિ; કીર્તિ-ર્ત્તિ; વાર્તા-ર્ત્તા; સ્ફૂર્તિ-ર્ત્તિ; કર્તવ્ય-ર્ત્તવ્ય; વર્તમાન-વર્ત્તમાન; કર્તા-ર્ત્તા

ફારસીઅરબી શબ્દની યાદી

અલાયદું (અલાહિદા)
આઇના
આજિજી
આફ્રીન
આબરૂ (આબ્રૂ)
આમદાની (આમ્દાની)
આશક (આશિક)
આસ્માન
ઇજ્જત
ઇન્સાન
ઇન્સાફ્
ઇબારત
ઇમાન
ઇમારત
ઇરાદો (ઇરાદા)
ઇલાકો (ઇલાકા)
ઇસ્લામ
ઈજી
ઈદ
ઈમાન
ઉમર (ઉમ્ર)
ઉર્દૂ
કબૂતર
કબૂલ
કસૂર (કુસૂર)
કાતિલ
કાનૂન
કાબૂ
કાબેલ (કાબિલ)
કાયમ (કાઇમ)
કારકુન (કાર્કુન)
કિતાબ
કિફાયત
કિંમત (કીમત)
કિસ્મત
કીમતી
ખર્ચ
ખલીફા
ખિતાબ
ખુલાસા
ખુશકી
ખુશામદ
ખૂન
ગાલીચો (ગાલીચા)
ગિરિફ્તાર
ગુમાસ્તો (ગુમાશ્તા)
ગુલાલ
ચશ્મા
જનૂન (જિનૂન, જુનૂન)
જલદ (જલ્દ)

જહાનમ (જહંનમ)
જાદૂ
જામિન
જાલિમ
જાસૂસ
જિગર
જિન્યા
જિદ
જિંદગી
જિયાફત
જુદું (જુદા)
જુલાબ (જુલ્લાબ)
જૈફ
તકદીર
તકલીફ
તક્સીર
તકાળો (તકાળા)
તકિયો (તકયા)
તખલ્લુસ
તકાવી
તજવીજ
તદબીર
તન્દુરસ્ત (તન્દુરુસ્ત)
તફસીલ
તબીઅત
તબીબ
તર્જુમો (તર્જુમા)
તરફ
તરેહ (તરહ)
તસ્વીર
તાબૂત
તુખમ (તુખ્મ)
તૂમાર
તંબૂ
તંબૂરો (તંબૂર)
દબ્બો (દબ્બા)
દર્બાસ્ત
દર્ગાહ
દર્ગુજર
દરજ્જો (દરજ્જો)
દરિયો (દર્યા)
દલાલ (દલ્લાલ)
દસ્તૂર
દહશત
દિગર-દીગર
દિલ
દિલગીર (દિલ્ગીર)
દિલાસો (દિલાસા)
દીબાચો (દીબાચા)
દીવાન
દુઆ
દુનિયા (દુન્યા)

દુરસ્ત (દુરુસ્ત)
દુશ્મન
દૂર્બીન
દોજખ
નકલ (નક્લ)
નકશો (નકશા)
નજદીક
નમાજ
નવાજિશ
નવાબ (નવ્વાબ)
નસીહત
નાજિર
નાબૂદ
નામર્દ
નાયબ (નાઇબ)
નાસિપાસ
નાસૂર
નાસ્તો (નાસ્તા)
નિગાહ
નિજામ
નિમક (નમક)
નિસ્બત
નિહાલ
નીલમ
નુકસાન
પર્વર્દ્‌ગાર (પર્વદ્‌ગાર)
પરવા (પર્વા)
પરવાનગી (પર્વાનગી)
પર્હેજ
પસંદ
પિસ્તાં (પિસ્તા)
પુલ
ફક્ત (ફકત)
ફકીર
ફર્યાદ
ફિકર
ફિતૂર (ફુતૂર)
ફિદવી (ફિદ્વી)
ફિરંગી
ફુરજો (ફુર્જા)
ફુર્સત
બકતર
બખ્શિશ
બખિયા (બખ્યા)
બદમાશ (બદ્‌મઆશ)
બરતરફ (બર્તરફ)
બરાબર
બર્ખાસ્ત
બલ્કે
બહાનું (બહાના)
બાગ્બાન
બાગાત

બાજૂ
બાતલ (બાતિલ)
બાનૂ
બાર્કશ
બાર્દાન
બિરાદર
બિલ્કુલ
બીમાર
બુન્યાદ
બુરકો (બુર્કો)
બુરજ (બુર્જ)
બૂબક
બૂરૂં (બૂરા)
બેહેશ્ત (બિહિશ્ત)
બેવુકૂફ
બેશ
બેહૂંદું (બેહૂદા)
બંદૂક
મખ્મલ
મગજ (મગ્જ)
મગદૂર (મકદૂર)
*મગરૂર (મઘ્રૂર)
મજકૂર
મજમૂન
મજબૂત (મજ્બૂત)
મજલસ (મજિલસ)
મતલબ (મત્લબ)
મદ્રેસા (મદ્રસા)
મદેનજર
મન્સૂબો (મન્સૂબા)
મર્તબા
મર્દ
મર્હૂમ
મશક (મશ્ક)
મોકૂફ (મવ્કૂફ)
મોજૂદ (મવ્જૂદ)
મોજું (મવ્જ)
મોલવી (મવ્લવી)
મશગૂલ
મસ્કરી (મસ્ખરી)
મસ્જિદ
મસ્તાન
મસ્તી
મહીનો (મહીના)
મહલ્લો (મહલ્લા)
મહલ
મહસૂલ (મહ્સૂલ)
માલિક
માલૂમ (મઅલૂમ)
મિજાજ

* 'મગરૂબ'નો અર્થ ફારસીમાં 'આથમેલું' થાય છે.

મિયાન
મિલ્કત
મિનારો (મિનાર–મીનાર)
મીનાકારી
મુકદ્દમ
મુકદ્દમો (મુકદ્દમા)
મુદ્દત
મુનશી (મુન્શી)
મુનસફ્ (મુન્સિફ્)
મુનાસબ (મુનાસિબ)
મુરબ્બી
મુરબ્બો
મુલક (મુલ્ક)
મુલ્તવી
મુલ્લા
મુશ્કેલ (મુશ્કિલ)
મુસદ્દી (મુત્સદ્દી)
મુસલમાન (મુસલ્માન)
મુસાફ્ર (મુસાફ્રિ)
મુહંમદ
મૂજબ (મૂજિબ)
મૈયત (મૈઇત)
મંજૂર
યાદદાસ્ત (યાદદાશ્ત)
યૂનાન
રજૂ (રુજુઅ)
રબ્બી (રબ્બીઅ)
રમૂજ (રુમૂજ)
રવિશ
રસમ (રસ્મ)
રસૂલ
રાતિબ
રાખિતા
રિકાબી
રિયાસત
રિવાજ–રવાજ (બંને ખરાં)
રૂશવત (રુશ્વત–રિશ્વત)
રૂખ્સત
લવાજિમ
લાજિમ
લિબાસ
વકાલત
વગરે (વગ્યરા)
વદાય (વદાઅ)
વસૂલ (વુસૂલ)
વાજબી (વાજિબી)
વુકૂફ્
શખ્સ
શરત (શર્ત)
શરમ (શર્મ)
શહેનશાહ (શહન્શાહ)
શામિલ

શાબાશ
શાલ
શાહેદ (શાહિદ)
શીદી
શુમાર
શુરુ (શુરુઅ)
શેત્રંજી (શત્રંજી)
સખી
સગીર
સદરહુ (સદ્રહુ)
સદી
સનદ
સફેદ
સબૂરી
સર્પેંચ
સર્નામું (સર્નામા)
સલ્તનત
સાબિત
સાહી (સિયાહી)
સાહેબ (સાહિબ)
સિપાઈ (સિપાહ)
સુલેહ (સુલ્હ)
સૂરત
સોગંદ
હકીમ
હકૂમત
હજામ (હજ્જામ)
હજૂર
હફતો (હફ્તા)
હમેશા
હાકિમ
હાજર (હાજિર)
હાંસલ (હાસિલ)
હાશિયો (હાશિયા)
હિકમત
હિજરી
હિમાયત
હિસાબ
હુકમ
હુનર
હોશિયાર (હોશ્યાર–હુશ્યાર)
હિંદ્ર
હોદ્દો (ઉહ્દા)

પ્રકરણ ૩૮મું

શબ્દો છૂટા પાડવાઃ જોડણી

વિષયઃ તેની અગત્ય અને તે વિષે વિપ્રત્તિપત્તિ— લીટીને અન્તે શબ્દ પૂરો ન થતો હોય તો તેને મરજીમાં આવે તેમ

તોડવો કે અમુક નિયમને અનુસારે તોડવો, વાક્યમાં શબ્દો કેવી રીતે છૂટા પાડવા, અને શબ્દની જોડણી કયા નિયમ પ્રમાણે કરવી, એ ત્રણ બાબતનો વિચાર આ પ્રકરણમાં કર્યો છે. વિષયની અગત્ય વિષે વિવેચન કરવાની જરૂર નથી. એ વિષે અનેક મત પ્રવર્તે છે તેમજ ઘણા લેખકો પોતાના મતમાં દુરાગ્રહી છે એટલે આ પ્રકરણમાં એ વિષે જે કંઈ કહેવામાં આવશે તે સર્વમાન્ય થવાનો સંભવજ નથી. પરંતુ વ્યાકરણમાં એ વિષય પડતો મૂકવો ચોગ્ય ન લાગ્યાથી આ પ્રકરણમાં ઉપર દર્શાવેલી ત્રણ બાબતને લગતા મારા વિચાર સંક્ષેપમાં, ચર્ચારૂપે નહિ, પણ નિયમરૂપેજ આપ્યા છે. કોઈ કોઈ સ્થળે ટૂંકામાં કારણ પણ દર્શાવ્યાં છે.*

લીટીને અન્તે શબ્દ તોડવાના નિયમ–

(૧) સામાસિક શબ્દના અવયવ લક્ષમાં રાખી ત્યાંથીજ શબ્દ તોડવા.

દરિયા–	ભરત–	બાળક–	વિચાર–
કિનારો	કામ	બુદ્ધિ	શક્તિ

આને બદલે દરિ–યાકિનારો, ભર-તકામ, બાળ-કબુદ્ધિ, વિચા-રશક્તિ, એમ શબ્દ છૂટા પાડવાથી પ્રતીતિવિલંબ, શ્રુતિકટુતા, અવિવક્ષિતાર્થત્વ, જેવા દોષ થાય છે.

---

* આ બાબત અરાજકતા પ્રવર્તી રહી છે તેને માટે બહુ ભાગે વિદ્વાન્ લેખકવર્ગ જવાબદાર છે, તેમજ સરકાર પણ જવાબદારીમાંથી મુક્ત નથી. મેં એકબે વાર 'શાળાપત્ર'માં તેમજ સરકારી રીતે સૂચવ્યું હતું તેમ શિષ્ટ લેખકમાં જેમની ગણના થાય છે એવા હિંદુ, પારસી, તથા મુસલમાન વિદ્વાનો તથા સારૂં ગુજરાતી જ્ઞાન ધરાવનાર પાદરીઓ તથા પ્રસિદ્ધ માસિક ને સામાહિક કે દૈનિક પત્રના તંત્રીઓ, તેમજ બેત્રણ સરકાર તરફના ને વડોદરા જેવા મોટા દેશી રાજ્યના પ્રતિનિધિરૂપ વિદ્વાનોની સભામાં બહુમતે દરેક ફૂટ પ્રશ્નનો જે નિર્ણય થાય તે સર્વે લેખકોએ માન્ય કરવો. એ નિયમ પ્રમાણેજ પુસ્તકો લખાય. આવી વ્યવસ્થા થયા વિના એ વિષયમાં જે અરાજકતા પ્રવર્તે છે તે અટકાવવાનો સંભવ જણાતો નથી.

(૨) ઉપસર્ગ અને ધાતુ, પ્રકૃતિ ને પ્રત્યય લક્ષમાં રાખી શબ્દ તોડવા.

ઉપ–	તળાવ–	લખ–	હોંશિ–	બુદ્ધિ–
કાર	માં	નાર	યાર	માન્

(૩) ઉચ્ચાર કરતાં શબ્દનો જેટલો ભાગ સાથે બોલાતો હોય તેટલા ભાગથી શબ્દ તોડવામાં હરકત નથી.

મુસલ–	તક–	બીલ–	કુત–	સપ–
માન	રાર	કુલ	રો	ડાઈ

શબ્દો છૂટા પાડવાની અગત્ય—સંસ્કૃત ભાષા પ્રત્યયાત્મક છે એટલે હસ્તલિખિત પુસ્તકોમાં શબ્દો છૂટા પાડવાનો પ્રચાર નથી. તેમજ વિરામચિહ્ન મૂકવાનો પણ રિવાજ નથી. વાક્ય પૂરું થાય છે ત્યાં ઊભી લીટી લખવાનોજ પ્રચાર છે. હાલ છપેલાં સંસ્કૃત પુસ્તકમાં શબ્દો છૂટા પાડવાનો પ્રચાર અંગ્રેજીમાંથી દાખલ થયો છે, તેમ ગુજરાતીમાં પણ એ પ્રચાર અંગ્રેજી જેવી પર ભાષામાંથી દાખલ થયો છે. આ કારણથી એ ભાષાને અનુસારેજ ગુજરાતીમાં શબ્દો છૂટા પાડવા જોઈએ. અંગ્રેજીમાં શબ્દને વિભક્તિના પ્રત્યય લાગવાથી સંસ્કૃત કે ગુજરાતી જેટલાં રૂપાન્તર થતાં નથી. જ્યાં થાય છે ત્યાં પ્રત્યયસહિત રૂપ લખાય છે અને જ્યાં નામયોગીથી વિભક્તિના અર્થ દર્શાવાય છે ત્યાં નામયોગી છૂટા લખાય છે. આમ અંગ્રેજી ભાષાને અનુસારે શબ્દ છૂટા પાડવા. વળી શબ્દ છૂટા પાડતાં પ્રતીતિવિલંબ કે વિવક્ષિત અર્થની હાનિ ન થાય એ પણ લક્ષમાં રાખવું.

શબ્દો છૂટા પાડવાના નિયમ–

(૧) (અ) વિભક્તિના–નામિકી તેમજ આખ્યાતિકીના–પ્રત્યયો શબ્દથી છૂટા પાડવા નહિ. (આ) નામયોગી છૂટા લખવા.

દાખલાઃ–(અ) ગામમાં; કરશે; લખવાનો; (આ) છાપરા પર; શિષ્યની સાથે; ઉપદેશ પ્રમાણે; શિક્ષણને માટે

(૨) સમાસના અવયવ છૂટા પાડવા નહિ. સંસ્કૃતને આધારે ગુજરાતીમાં સમાસ દાખલ થયા છે અને સંસ્કૃતમાં સમસ્ત પદ ભેગાંજ લખાય છે; કેમકે સમસ્ત પદ એક ગણાય છે ને તેનેજ પ્રત્યય આવે છે ને તેજ વાક્યનાં અન્ય પદ સાથે અન્વય પામે છે. સમસ્ત પદ છૂટાં પાડવાથી વિવક્ષિત અર્થનો ફેરફાર થાય કે તે સમજતાં વિલંબ થાય.

દાખલાઃ–ગાજવીજ; ઘણીઘણીઆણી; યથાશક્તિ; નીલકંઠ; ચોમાસું; ઘનશ્યામ; અતિસુંદર; અત્યુદાર કે અતિ–ઉદાર; વગેરે.

(૩) જે શબ્દ છૂટા લખવાથી અર્થને હાનિ થાય નહિ તે છૂટાજ લખવા.

દાખલાઃ–કરૂં છું; લખી રહ્યો; માલમ પડશે; રચ્યું છે.

(૪) નિશ્ચયવાચક 'જ' ને 'એ'–આ શબ્દ જેની સાથે જોડાયલા હોય તેની સાથેજ લખવા. 'જ' શબ્દને છૂટો લખવાથી અર્થની હાનિ તો થતી નથી; પરંતુ અર્થપ્રતીતિમાં વિલંબ થાય છે અને એની શક્તિ શિથિલ થઈ જતી જણાય છે. નિશ્ચયનો અર્થ એકદમ મનમાં આવતો નથી. અર્થપ્રતીતિનો વિલંબ કે વિવક્ષિત નિશ્ચયના અર્થમાં શિથિલતા એ દોષ છે; માટે 'જ'ને છૂટો પાડવો નહિ. મરાઠી-માં એ અર્થનો 'च' શબ્દ જેની સાથે જોડાયલો હોય છે તેની સાથેજ લખવાનો પ્રચાર છે.

'પણ'ના અર્થનો 'એ' પણ 'જ'ની પેઠે જેની સાથે જોડાયલો હોય તેની સાથેજ લખવો. છૂટો લખવાથી અર્થમાં ફેરફાર થવાનો સંભવ છે. 'તેણેએ વાત સાંભળી નહિ' ને 'તેણે એ વાત સાંભળી નહિ'ના ભિન્ન અર્થ સ્પષ્ટ છે.

(૫) સુધી, લગી, લગણ–આ નામયોગીમાં દ્વિતીયાનો અર્થ છે; તેથી સમભ્યર્થક અવ્યય સાથે એ જોડાયલા હોય ત્યારે એને તે અવ્યયની સાથે લખવા યુક્ત છે. એકઠા લખવાથી સમભ્યર્થક અવ્યયો–જ્યાં, ત્યાં, પરે–અને સમભ્યર્થક વિશેષણ–જેટલે, એટલે, તેટલે–સમભ્યર્થ છોડી દે છે ને પ્રાતિપદિકાર્થ ગ્રહણ કરે છે. છૂટા લખવાથી સમભ્યર્થ અને દ્વિતીયાર્થની છૂટી પ્રતીતિ થાય છે ને તે બે અર્થ વચ્ચે યોગ્યતા ઘટતી નથી. 'ત્યાર સુધી', 'અત્યાર સુધી'માં 'ત્યાર'ને 'અત્યાર' પ્રકૃતિરૂપ છે, સમભ્યર્થક નથી, તેથી છૂટા લખવામાં અર્થની અયોગ્યતા નથી, માટે તેને છૂટા લખવા.

દાખલાઃ–જ્યાંસુધી; ત્યાંસુધી; જેટલેસુધી; એટલેસુધી; પરેસુધી; ત્યાંલગી; ત્યાંલગણ.

અત્યાર સુધી; અત્યાર પછી; ત્યાર બાદ; ત્યાર પહેલાં.

(૬) તોપણ, અગરજો, ઘણુંખરૂં, જોકે, કેમકે, કિંતુ, પરંતુ-આ શબ્દના અવયવ છૂટા પાડવા નહિ; કેમકે અવયવોના છૂટા અર્થ થાય છે તે ભેગા કરવાથી આખા શબ્દના અર્થની પ્રતીતિ થતી નથી.

'કારણ કે'–આ શબ્દ છૂટા લખવા. 'કારણ (એ છે) કે' એમ અર્થની પ્રતીતિ સ્પષ્ટ છે. 'કેમકે'માં અવયવોની વચ્ચે સંબંધ ઘટાવવા ઘણા શબ્દનો અધ્યાહાર લેવો પડે; માટે એ શબ્દના અવયવ છૂટા પાડવા નહિ.

જોડણીના નિયમઃ ઉચ્ચારને આધારે કે વ્યુત્પત્તિને આધારે?—જોડણીના નિયમ નક્કી કરતાં પહેલાં તે ઉચ્ચારને કે વ્યુત્પત્તિને અવલંબીને કરવા તે નક્કી કરવું જોઈએ. જે ભાષામાં જેમ બોલીએ તેમ લખી શકીએ તે ભાષા ઉત્તમ છે એ નિર્વિવાદ છે. સંસ્કૃત ભાષામાં એ પ્રમાણે છે. અંગ્રેજી ભાષામાં ઉચ્ચાર પ્રમાણે લખાણ નથી. પરંતુ તેમાં અમુક જોડણી નક્કી થઈ કોશ રચાયા છે; તે સર્વ લેખકો અનુસરે છે. સંસ્કૃત ભાષામાં છે

તેવા સ્પષ્ટ ઉચ્ચાર ગુજરાતી ભાષામાં નથી, તેમજ કેટલાક ઉચ્ચારમાં પ્રાન્તિક ભેદ છે. આ કારણથી જોડણીનો પ્રશ્ન વિકટ થઈ પડ્યો છે. તોપણ વ્યુત્પત્તિને અનુસરતી જોડણી કરતાં ઉચ્ચારને અનુસરતી જોડણી ઘણી સરળ છે. વ્યુત્પત્તિનું જ્ઞાન સર્વને હતું નથી; અને કેટલાક શબ્દની વ્યુત્પત્તિ વિદ્વાનોને પણ બરાબર સમજાતી નથી. તોપણ જ્યાં વ્યુત્પત્તિ સ્પષ્ટ હોય ત્યાં વ્યુત્પત્તિનું તત્ત્વ પણ સચવાય ત્યાંલગણ સાચવવું યુક્ત છે. આવાં કારણોને લીધે કેટલેક સ્થળે કૃત્રિમ નિયમ બાંધ્યા વિના છૂટકો નથી.

કેવળ ઉચ્ચારને આધારે જોડણી નક્કી કરાતી નથી તેનાં કારણ નીચે પ્રમાણે છેઃ—

(૧) જ્યાં અકાર શાન્ત છે ત્યાં તે લખીએ નહિ તો ભાષાનું સ્વરૂપજ બદલાઈ જાય.

અકાર ક્યાં ક્યાં શાન્ત છે? તે નીચેને સ્થળે શાન્ત છેઃ—

(અ) શબ્દને અન્તે અને સમસ્ત પદના અવયવોને અન્તે, તેમજ પ્રત્યય પર છતાં અંગને અન્તે આવેલો અકાર શાન્ત છે.

શબ્દને અન્તે—માણસ; ઘર; કુળ

સમાસના અવયવને અન્તે—રાજપુરુષ, દેવમંદિર; ઘરકારભાર

અંગને અન્તે—લખશે; લખતો; લખનાર; મેળવણી; પરવડવું; પિરસવું; સુધારવું

(આ) ત્રિસ્વરી શબ્દમાં વચ્ચે 'અ' હોય ને અન્તે 'અ' ન હોય તો વચલો 'અ' શાન્ત છે.

દાખલાઃ—કુતરો; ચાલણી; વાડકો; પોટલું; કપડું; લખશે; લખતો; પણ પાપડ; કાપડ; માણસ, લખત

(ઇ) ચતુઃસ્વરી શબ્દમાં બીજો ને ચોથો 'અ' શાન્ત છે.

દાખલા—ગરબડ; પીરસતાં મેળવત; મસલત

(ઇ) પંચસ્વરી શબ્દમાં પણ ચતુઃસ્વરી શબ્દની પેઠે બીજો ને ચોથો 'અ' શાન્ત છે; પરંતુ શબ્દને અન્તે 'અ' હોય તો બીજો ને પાંચમો શાન્ત છે.

દાખલાઃ—પરવડવું; સરખાવવું; પીરસણીઆ; તનમનીઉં

સરખાવટ; સિવડામણુ

મરાઠીમાં પણ આજ પ્રમાણે અકાર શાન્ત છે; પણ તે લખાય છે.

દાખલાઃ—ઘર; કાપડ; કાપડું; કરવત; કળમળત

(૨) કેટલાક જિલ્લામાં અમુક શબ્દમાં એકાર તથા ઓકાર પહોળા ઉચ્ચારાય છે તથા અમુક અક્ષરોના પણ બે ઉચ્ચાર છે.

આ પ્રાન્તિક ભેદ ગણી શકાય અને એવા ઉચ્ચારનો ઘણે ભાગે પ્રચાર હોય તોપણ જુદા ઉચ્ચાર માટે જુદાં ચિહ્ન યોજવાથી ભાષાનું સ્વરૂપ કઠંગું થઈ જાય. જેમ ચિહ્ન વગર શાન્ત 'અ' પારખી કઢાય છે તેજ પ્રમાણે પહોળા ઉચ્ચાર તથા ભિન્ન ઉચ્ચાર પણ ચિહ્ન વગર થઈ શકશે.

(૩) કેટલાક શબ્દના ઉચ્ચારમાં તેમજ વ્યુત્પત્તિમાં હકાર છે, તે દર્શાવવાની મુશ્કેલીને લીધે જેમ મરજીમાં આવે તેમ લેખકો લખે છે. કેટલાક હકારવાળા શબ્દની યાદી નીચે આપી છે ને અપભ્રંશ ને જૂની ગુજરાતીમાં તેનું સ્વરૂપ દર્શાવ્યું છે. એ યાદીમાં કેટલાક શબ્દ એવા પણ માલમ પડશે કે તેના જૂના સ્વરૂપમાં હકાર છે; પરંતુ હાલ તેમાં હકાર કોઈ પણ લેખક લખતા નથી. વળી જે શબ્દમાં હાલ હકાર કેમ દર્શાવવો તે વિષે ભિન્ન મત છે તે શબ્દમાં અગાઉ હકાર કેમ દર્શાવાતો તે પણ સમજાશે.

અપભ્રંશ	જૂની ગુજરાતી	અપ૦	જૂ. ગુ.
અમ્હે	અમ્હે—અમ્હિ	પહર	પુહુર
અમ્હારઉ	અમ્હારઉ	મહન્તઉ	મૂહતઉ

મહારઉ	મહારઉ, માહરઉ, માહારઉ, માહરા–મહારા	જહિં, તહિં	જેહ–વારહિં, તેહ–વારહિં
		કુહિણી	કુહણી
		વિહાણુઉં	વ્યહાણુઉં
તુહારઉ	તાહરઉ	સંમુહઉં	સાહમઉં-સામહઉ, સામુહઉ
તુમ્હારઉ	તુમ્હારઉ–તમ્હારઉ		
એઉ–એહુ	એ–એહ	દ્વિઅહ	દીહ
જેહુ	જેહ–જે	દ્વેવધરઉં	દ્વેહરઉં
તેહુ	તેહ–તે	બાહત્તરિ	બહત્તરિ
સાહુ	સહુ	વલ્લહુ	વાહિલુ
જહાં, તહાં	જાં, તાં	બારહ–તેરહ,	બાર, તેર, ચઉદ્દહ, વગેરે ચઉદ

જૂની ગુજરાતીનાં નીચેનાં રૂપ લક્ષમાં રાખવા લાયક છેઃ—

(અ) કિમ્હ–ઇ (કથમપિ–કેમે); જેહ, તેહ, એહનું, છેહિલઉ–છેલ્લુ

(આ) દિહાડઇ, દિહાડા; મુહુડઇ; બીહનુ; પહિલઉ; દેહરઇ, મોહ, મુહુંડઇ (મ્હોડે)

(ઇ) કહીજઇ (કથ્યતે); કહઉ (કહેા); કહિવાય ('તુમ્હેા અભક્ષ્ય –માંહિ કહિવાય'–તમે અભક્ષ્યમાં કહેવાઓ); કહિવરાઇ–કહવરાઇ છઇ (કહેવડાય છે); કહવરાણુ; રહઇ (રહે); લહઇ (લહે); રહિસ (રહીશ); રહતું

(ઈ) કાઢી, ચડી

કર્ષતિ–કઢ્ઢઇ–કાઢઈ–કાઢી

જરૂરનેગા દાખલાઃ—

'તણ્ડુલા કાઢી પુડાં માહે ભીજવી નઇ આહાર કરઉ'.

'સાતમઈ **દિહાડઇ** કુમ્ભી માહિ પચીતઉ નરગિ જાએસિ',
'સવિ ભૂપતિ **રહિસાઇ** કર જોડિ'.
'કૈલિક કહિ કન્યા જિહાં **રહઇ** પવન પ્રવેશ તિહાં નવિ લહઇ.'
'પૂછઇ મિત્ર તુઝ નઇ સિઉં થયઉં, **કહિ** તઉ કાંઈ કારણ કહઉં'.
'આવઇ **દેહરઇ** બહુ પરિવારિ'.
'**બીહનું** પાછઉ વલિઉ'.
'ગુરુડિ **ચડી** હું **રહઉં** આકાસિ જ્યારઇ વયરી જાસિઇ **નાસિ**'.

ઉપરનાં દાખલા, યાદી, ને ઉદાહરણના ઉતારા પરથી નીચેની બાબત નક્કી થાય છેઃ—

(૧) વ્યુત્પત્તિ પ્રમાણે ઘણા શબ્દોમાં હકાર છે તે જૂની ગુજરાતીમાં દર્શાવવામાં આવતો.

(૨) એ હકાર દર્શાવવામાં ઘણે ભાગે વ્યુત્પત્તિ અનુસરાતી.

चटति—चडइ—ચડે (હકાર નથી.)

कर्षति—कड्ढइ—કાઢે

कथयतु—कहउ—કહઉ (કહો, 'કૃહો' નહિ)

એજ પ્રમાણે, કહિવાય, કહવરાઈ ('કૃહેવાય', 'કૃહવરાઇ' નહિ), રહતું ('રૃહતું' નહિ).

(૩) હકાર કાઢી નાખવા તરફ વૃત્તિ દાખલ થઈ ચૂકી હતીઃ—

જેહ—જે; તેહ—તે, એહ—એ; બાર—તેર—ચઉદ વગેરે; જાં, તાં.

(૪) જ્યાં હકાર દર્શાવાતો ત્યાં વ્યુત્પત્તિને અનુસારે હોવાથી બહુધા અસંયુક્ત દર્શાવાતોઃ—

મહારો, તાહરો, બહત્તરિ, દેહરઉ, કુહણી, સાહમઉ, મોહ, બીહનુ, પહિલઉ; પણ અમ્હે, તુમ્હારો—તમ્હારો

ઉચ્ચારની દૃષ્ટિથી જોતાં ને વ્યુત્પત્તિને લક્ષમાં રાખતાં આપણે

હ્રસ્વ કારમાંનો અકાર કાઢી નાખતા હોઈએ એવા ઉચ્ચાર કેટલાક શબ્દમાં તો સ્પષ્ટ જણાય છે; જેમકે,

માહ્રો; તાહ્રો, દેહ્રું, કોહ્ણી, સાહ્મું, પેહલું—આ ઉચ્ચાર ત્રિસ્વરી શબ્દના વચલા એકારમાંના શાન્ત 'અ'ના નિયમને અનુસારે છે [શાન્ત અકારનો નિયમ (આ) જુઓ.].

(૪) ઇકાર ને ઉકાર હ્રસ્વ બોલાય છે કે દીર્ઘ બોલાય છે તે વિષે નિર્ણય કરવો બહુ સહેલો નથી.

ઉપર દર્શાવેલાં કારણોને લીધે જોડણીના નિયમ કરવાની જરૂર પડે છે. ઉચ્ચાર સર્વત્ર સમાન તથા સ્પષ્ટ હોય તો ઉચ્ચાર પ્રમાણે જોડણી કરવી એટલુંજ કહેવું બસ થાય. બધા શબ્દની ખરી વ્યુત્પત્તિ દર્શાવી હોય એવો સર્વમાન્ય કોશ પણ થયો નથી. આ કારણથી જોડણીના નિયમ કરવા પડે છે.

આ નિયમ નક્કી કરવામાં નીચેની બાબત પર લક્ષ આપવું અમને યુક્ત લાગે છે:—

૧. ઉચ્ચારના તત્ત્વને પ્રાધાન્ય આપવું.

૨. જ્યાં વ્યુત્પત્તિ ખુલ્લી હોય ને તે પ્રમાણે લખતાં કૃત્રિમ નિયમનો ભંગ થતો હોય તો તે સ્થળે વિવક્ષા સ્વીકારવી.

૩. લખવાની સરળતા સચવાય તેવા નિયમ કરવા તરફ વૃત્તિ રાખવી. જે જોડણીથી ભાષાનું સ્વરૂપજ બદલાઈ જાય તે શાસ્ત્રીય હોય તોપણ સર્વમાન્ય થવાનો સંભવ નથી.

આ બાબતો લક્ષમાં રાખી અમે જોડણીના નિયમો નક્કી કર્યા છે તે નીચે પ્રમાણે છે:—

જોડણીના નિયમ

૧. તત્સમ સંસ્કૃત શબ્દ મૂળમાં (સંસ્કૃતમાં) લખાતા હોય તેમજ લખવા.

तृ, अन्, इन्, विन्, इमन्, मत्, वत् આદિ જેને અન્તે હોય એવા શબ્દનું પ્રથમાન્ત એકવચનનું રૂપ ગુજરાતીમાં વપરાય છે. એવા શબ્દને તત્સમજ ગણવા. તેમજ 'અકસ્માત્', 'અર્થાત્', 'કાલવશાત્', 'સાક્ષાત્'–આવાં શુદ્ધ સંસ્કૃત રૂપ ભાષામાં વપરાય છે તેને તત્સમજ ગણવાં.

દાખલાઃ—બુદ્ધિ, મતિ, સ્થિતિ, મરણ, ચરણ, સ્મરણ, કરણ, અન્તઃકરણ, વર્ણ, કર્ણ, પર્ણ, જગત્, સંપદ્, વિપદ્, વરિષ્ઠ, ક્લેશ, શ્રીયુત, પ્રામાણિક, સાર્વલૌકિક, રસિક, આરોગ્ય, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય, શરીર, શારીરિક

બુદ્ધિમાન્, નીતિમાન્, ધીમાન્, ભગવાન્, યશસ્વી, શ્રેષ્ઠી, મહિમા, ગરિમા

અકસ્માત્, અર્થાત્, સંવત્, સાક્ષાત્

'શુદ' નહિ, 'સુદ', સંસ્કૃતમાં 'સુદિ', 'વદિ', 'સંવત્' એ અવ્યય છે. 'સુદિ' ને બદલે ગુજરાતીમાં 'સુદ' વપરાય છે; પણ તે કારણથી તેમાંના 'સ્' નો 'શ્' કરવો યુક્ત નથી.

૨. તત્સમ ફારસીઅરબી, અંગ્રેજી, વગેરે વિદેશીય શબ્દ ગુજરાતી ભાષામાં કઢંગું ન દેખાય તેમ મૂળને અનુસરતા લખવા.

બધા વિદેશીય ઉચ્ચાર ગુજરાતીમાં દર્શાવી શકાતા નથી અને નવાં ચિહ્ન દાખલ કરવાં યુક્ત નથી. પરંતુ સમાન ઉચ્ચારવાળા વર્ણ ને હ્રસ્વદીર્ઘ પર લક્ષ આપી મૂળને અનુસરી જોડણી કરવી.

દાખલાઃ–સિવાય ('શિવાય' નહિ, હિંદીમાં 'સિવા' લખાય છે.); હોશિયાર ('યાર'=વાળો; માટે 'હોશિઆર' નહિ, 'હોશ્યાર' કે 'હુશ્યાર' પણ લખી શકાય); સાહી ('સિયાહી' મૂળ); શરત ('સરત' નહિ; 'શર્ત' મૂળ છે); નકશો ('નકસો' નહિ; 'નકશા' મૂળ છે); મહીનો ('મહિનો' નહિ; 'મહીના' મૂળ છે); રિકાબી (કેટલાક 'રકાબી' પણ કહે છે; પરંતુ મૂળ 'રિકાબી' છે); બિલકુલ (મૂળ 'બિલ્કુલ' છે);

કબૂલ, મંજૂર, મજબૂત, કબૂતર; મગરૂર (મૂળ 'મગ્રૂર', 'મગરૂબ' એ અર્થમાં શુદ્ધ નથી. પૃ૦ ૪૩૯ની નીચેનું ટિપ્પણ જુઓ.); બખ્શિશ; વકાલત; દિલગીર (મૂળ 'દિલ્ગીર); દીવાન.

સામાન્ય વપરાતા શબ્દ ઉપર પ્રમાણે ભાષાને અનુસરતા જરૂરના ફેરફાર સાથે શુદ્ધ લખાય માટે પ્રચારમાં આવતા સામાન્ય ફારસીઅરબી શબ્દોની યાદી પાછળ આપી છે.

હૉલંડ, જર્મનિ, તર્કિ, આફ્રિકા, હુનિઑલ (અંગ્રેજી ભાષામાં ઉચ્ચારાતા હોય તેમ બને ત્યાંસુધી લખવા.)

૩. હકારવાળા શબ્દમાં હકાર વિષે નિયમો–

જેમ અનેક સ્થળે અકાર લખાય છે ને ઉચ્ચારાતો નથી, તેથી અર્થનો અનર્થ થતો નથી ને અકાર ન લખવાથી ભાષાનું સ્વરૂપ કઢંગું થાય છે; તેમ હકાર ન લખવાથી અર્થનો અનર્થ થવાનો સંભવ નથી. જ્યાં શબ્દના અનેક અર્થ છે ત્યાં પણ પૂર્વાપરસંબંધથી અર્થ સ્પષ્ટ થાય છે. હકાર લખવામાં અનેક હરકત નડે છે; જેવી કે

(૧) અલ્પપ્રાણ વ્યંજન સાથે હકાર જોડવો એ અશાસ્ત્રીય છે. સંસ્કૃતમાં વાગ્હરિ જેવાં સંધિવાળાં સમસ્ત પદમાંજ અલ્પપ્રાણ સાથે હકાર જોડાયલો જોવામાં આવે છે ને એવે સ્થળે પણ વાગ્હરિ કરતાં વાગ્ઘરિ લખવાનોજ પ્રચાર વધારે છે. એજ કારણથી ઉદ્ધાર (ઉદ્હાર નહિ), તદ્ધિત (તદ્હિત નહિ), વગેરે શબ્દો જોઈએ છીએ. પ્રાકૃત કે અપભ્રંશમાં અલ્પપ્રાણ સાથે હકાર જોડાયલો જોવામાં આવતો નથી. અપભ્રંશમાં ઉપર દર્શાવેલી યાદીમાં હકાર અસંયુક્ત છે કે અલ્પપ્રાણ સિવાયના વર્ણ સાથે જોડાયલો છે.

(૨) 'હુમે' ઉચ્ચારને કે વ્યુત્પત્તિને બરાબર મળતું નથી ને 'અમ્હે' વ્યુત્પત્તિને અનુસરે છે પણ હાલના ઉચ્ચારને અનુસરતું નથી. 'હુમે' લખી હકારને લઘુપ્રયત્ન ગણવામાં ઉચ્ચારને અનુસારે જોડણી

નથી એનોજ સ્વીકાર થાય છે. 'હુમે' લખી 'હ'ને લઘુપ્રયત્ન ગણવો એવું ટિપ્પણ ઉમેરવું તેના કરતાં 'અમે' રૂપ રૂઢ થઈ ગયું છે તે સ્વીકારવામાં શી હાનિ છે?

(૩) 'જ્યારે', 'ત્યારે', 'જ્યાં', 'ત્યાં'માં હકાર ઉમેરવાથી લખાણ કઢંગું થાય છે ને સરળતામાં મોટો વિક્ષેપ પડે છે. જૂની ગુજરાતીમાં એ રૂપોમાંથી હકાર કાઢી નાખ્યો છે. 'જેહ વારહિં'—જેવારે—જ્યારે—આમાં 'જેહ' ને 'જે' બે રૂપ જૂની ગુજરાતીમાં છે ને સપ્તમીનો પ્રત્યય 'હિં' ને બદલે 'ઇ' છે. 'જ્યાં', 'ત્યાં'નાં જૂનાં રૂપ 'જં', 'તાં' (અપ૦ 'જહાં', 'તહાં' છે.)

(૪) થોડેક ઠેકાણે હકાર લખવો ને થોડેક ઠેકાણે ન લખવો એવો અર્ધજરતીય ન્યાય યુક્ત નથી.

આ હરકતોને લીધે હકાર ન લખવો એજ માર્ગ ઉત્તમ જણાય છે. છતાં હકાર લખવોજ હોય તો નીચે દર્શાવ્યા પ્રમાણે લખવો. બે માર્ગ દર્શાવવાનું કારણ એ છે કે જોડણીના વિકટ પ્રશ્નમાં હકારનો પ્રશ્ન ઘણું પ્રાધાન્ય ભોગવતો થયો છે. એ સિવાય બીજાં શંકાસ્પદ સ્થળ ઘણાં છે, છતાં તે એટલાં ચર્ચાયાં નથી. હકારને વિષે બહુ ચર્ચા થવાથી અને તરુણ લેખકવર્ગનું લક્ષ તે પર જવાથી એ પ્રશ્ન હરકોઈની નજર આગળ તરતો ભાસે છે. ઇકારઉકાર હ્રસ્વદીર્ઘ લખવાના નિયમ પર એટલું લક્ષ લેખકવર્ગનું ગયલું જણાતું નથી. આથી હકાર લખવાની નીચેની વિલક્ષણ શૈલી જોવામાં આવે છેઃ—

(૧) મ્હારા, ત્હારા, ત્હમારા, ત્હને, ત્હેને, મ્હોટું, ન્હાનું

આમાં 'ત્હારા' જેવામાં અલ્પપ્રાણ સાથે હકાર જોડવો એ અશાસ્ત્રીય છે. સંસ્કૃત, પ્રાકૃત, કે બીજી દેશી ભાષામાં એવો સંયુક્ત વર્ણ જોવામાં આવતો નથી.

તે—ત્હેને, તું—ત્હુને—ત્હને—આમ અમુક શબ્દનાં જુદાં જુદાં

રૂપમાં જોડણી બદલવી યુક્ત નથી. એથી સરળ ગુજરાતી ભાષામાં નકામી વિષમતા ઉત્પન્ન થાય છે.

(૨) હમે, હમારા, અમ્હે, અમ્હારા—

હિંદી જેટલા જોરથી ગુજરાતીમાં આ શબ્દોમાં હકાર ઉચ્ચારાતો નથી; તેથી હકાર લખવાની જરૂર નથી. 'અમ્હે', 'અમ્હારા'– અપભ્રંશમાં છે; પરંતુ હાલના ઉચ્ચારને અનુસરતાં નથી.

(૩) જ્યહારે, ત્યહારે, જ્યહાં, ત્યહાં–

આ એટલું બધું કઠંગું લખાણ છે કે હકારવાદીઓમાં પણ પ્રિય થયું નથી.

(૪) હકારપક્ષીઓ જુદે જુદે માર્ગે વિચરે છે; કેટલાક માત્ર 'મ્હોટા' 'ન્હાના' જેવા શબ્દોમાંજ હકાર લખે છે; કેટલાક તેની સાથે 'હમે', 'હમારા' પણ લખે છે પણ 'હેમનું,' 'હેમનાથી' લખતા નથી, કેટલાક એથી આગળ વધી 'ત્હમે,' 'ત્હારા,' 'ત્હમારા' પણ લખે છે; કેટલાક એથી પણ આગળ જઈ 'ત્હને', 'ત્હેનો' વગેરેમાં પણ હ લખે છે. કેટલાકને 'વહાણું વ્હાયું' એમ 'વ્હાયું'માં પણ હકારની જરૂર લાગે છે. થોડાકજ 'જ્યહારે' વગેરે શબ્દ હકારયુક્ત લખે છે. આવી રીતે હકાર દાખલ કરી ભાષાને કઠંગી કરવા કરતાં સર્વત્ર નજ લખવો ઉત્તમ છે. એથી કંઈ અર્થનો અનર્થ થતો નથી ને જોડણીનું ઉત્તમ તત્ત્વ, સરળતા સચવાય છે.

આ કારણોથી હકારયુક્ત શબ્દ નીચે પ્રમાણે લખવા:–એમાં ત્રણ રીત આપી છે, તેમાંની પહેલીજ અમને ઇષ્ટ છે. બીજી ને ત્રીજીમાં ત્રીજી કરતાં બીજી અમારે મતે વધારે સારી છે.

(૧) પહેલી રીત–

(અ) મારા, તારા, તમારા, અમારા, અમે, તમે, તને, તેનું; મોં, મોટું, નાનું, સામું

(આ) દહાડો, વહાણું, વહાલું, સહેલું, બીક

આવા શબ્દોમાં કેટલાક 'બ્હીક', 'બ્હાણું', ને 'સ્હેલું' લખે છે. આમાં 'બ્હીક'માં અલ્પપ્રાણ સાથે હ જોડાઈ અશાસ્ત્રીય સ્વરૂપ બને છે. 'બ્હાણું' વગેરેમાં વ્યુત્પત્તિનો અનુસાર નથી. અપભ્રંશમાં તેમજ જૂની ગુજરાતીમાં એ શબ્દોમાં હકાર અસંયુક્ત છે ('વિહાણું' [સં. વિભાણમ્]; વલ્લભઃ–વલ્લહુ–વાહિલુ; દુલ્લહ–દોહિલુ).

(ઇ) કહેવું, રહેવું, સહેવું, નાહવું, ચાહવું

સંસ્કૃત ધાતુ કથ્, રહ્, સહ્ છે; કથ્‌ના થ્‌નો પ્રાકૃતમાં હ્ થાય છે. પ્રાકૃતમાં કે અપભ્રંશમાં તેમજ જૂની ગુજરાતીમાં એ શબ્દોમાં હકાર સંયુક્ત લખેલો નથી તે ઉપર દર્શાવ્યું છે.

'કેહવું', 'રેહવું', 'સેહવું' લખીએ તો ઉચ્ચાર તેમજ વ્યુત્પત્તિ સચવાય; પરંતુ ભૂતકાળમાં 'કહ્યું', 'રહ્યું', 'સહ્યું' રૂપોમાં 'કહ', 'રહ', 'સહ' ધાતુ લેવા પડે છે ને એજ ખરા ધાતુ છે, તેથી 'કહેવું', 'રહેવું', 'સહેવું' લખવાની જરૂર પડે છે.

કહેવું; રહેવું, સહેવું–આમ લખવા કરતાં તો કેહવું, રેહવું, સેહવું–એમ લખવું વધારે સારૂં છે; કેમકે શાન્ત અકારના નિયમ પ્રમાણે વચલા એકાર્‌નો અકાર શાન્ત છે. વળી ક્ અલ્પપ્રાણ સાથે હ્ જોડવો એ પણ અશાસ્ત્રીય છે.

(ઇ) ચડવું, કાઢવું, નાસવું–

ઉપર દર્શાવ્યા પ્રમાણે 'ચડવું' શુદ્ધ છે (ચટ્ ધાતુના ટ્‌નો ડ્ થાય છે.), 'ચઢવું' નહિ; 'કાઢવું' શુદ્ધ છે, તેને બદલે 'કઢાડવું' લખવાની જરૂર નથી. જૂની ગુજરાતીમાં પણ 'નાસવું'માં (નશ્ ઉપરથી) હકાર નથી.

(૨) **બીજી રીત**—

જે શબ્દોમાં હકાર દર્શાવાતો નથી તેમાં હકાર દર્શાવવોજ હોય તો નીચે પ્રમાણે દર્શાવવોઃ–

(૧) મોહટું, નાહનું, વાહલું, સેહલું, વાહણું, માહરૂં, તાહરૂં, તમાહરૂં, અમાહરૂં, સાહમું, દાહડો;

(૨) કેહવું, સેહવું, રેહવું.

(૩) ત્રીજી રીત—

(૧) મ્હોટું, ન્હાનું, વ્હાલું, સ્હેલું, મ્હારું, સ્હામું, તાહરું, તમાહરું

અલ્પપ્રાણ સાથે હકાર કદી પણ જોડવો નહિ. એ રૂપ અશાસ્ત્રીય ને ઉપહસનીયજ છે.

(૨) કેહવું, સ્હેવું, રૂહેવું.

૪. ઇકારઉકારના નિયમઃ—

(અ) એકાચ્ તેમજ અનેકાચ્ શબ્દોમાં અન્ત્ય ઇ દીર્ઘ લખવી; પણ સાનુસ્વાર હોય તો હ્રસ્વ લખવી.

સ્ત્રીલિંગના શબ્દમાં અન્ત્ય ઈ સ્ત્રીલિંગનો પ્રત્યય હોય છે. અન્ય લિંગના શબ્દોમાં—'હસ્તી', 'ધોબી', 'સોની' જેવામાં—વ્યુત્પત્તિ પ્રમાણે ઇ દીર્ઘ હોય છે ('હસ્તિન્'નું પ્ર. એ. વ. હસ્તી; એજ પ્રમાણે અન્ય શબ્દોનું—ધાવિન્—સ્વર્ણિન્નું સમજી લેવું.) અને 'પાણી', 'ઘી', 'મોતી' જેવામાં પ્રાકૃત શબ્દના ઉપાન્ત્ય સ્વર પર સ્વરભાર પડવાથી અન્ત્ય લોપાઈ ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થાય છે (પાણિઅં, ઘિઅં, મોત્તિઅંના અન્ત્ય 'અ' લોપાઈ પૂર્વ સ્વર—ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થાય છે).

અહિં, તહિં, કહિં—આમાં અપભ્રંશનો સપ્તમીનો 'હિં' પ્રત્યય છે.

દાખલાઃ—ઘી, કીડી, જોડણી, બિલાડી, મિજાજી, પાણી, મોતી, હાથી, મિનાકારી, સોની;

અહિં, તહિં

(આ) દ્વિસ્વર શબ્દમાં બંને ઇ દીર્ઘ લખવી; તેમજ અનેકાચ્ શબ્દમાં છેલ્લી બે ઇ દીર્ઘ લખવી; પણ સંયુક્ત વ્યંજન પર છતાં ઇ હ્રસ્વ લખવી.

દાખલાઃ—કીડી; લીટી; કીડા; હીંડ; હીંગ; કિલ્લો

(ઈ) ત્રિસ્વર શબ્દમાં દીર્ઘ અક્ષર પર છતાં ઇ હ્રસ્વ લખવી ને હ્રસ્વ અક્ષર પર છતાં ઈ દીર્ઘ લખવી.

દાખલાઃ

મિજાસ, પીમળ, નીકળ, નીતર, વિખેર, રિવાજ, કિંમત, કીમત; હિંમત

અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જેવો થતો હોય–શુદ્ધ, સંસ્કૃત શબ્દોમાં થાય છે તેવો હોય, ભાંગલો ન હોય–ત્યાં અનુસ્વારની પછીનો વર્ણ સંયુક્ત વ્યંજન જેવો, અર્થાત્, દીર્ઘ ગણવો–કિંમત, લીંબુ

(ઇ) ચતુઃસ્વરાદિ અનેકાચ્ શબ્દોમાં આદિ ઇ હ્રસ્વ લખવી.

શબ્દ મોટો થયે આદિ સ્વરનો ઉચ્ચાર હ્રસ્વ થાય છે.

દાખલાઃ–

તિરકસ, કિસમત, શિરસ્તદાર, ચિનગારી, ચિચરવટી

(ક) એકાચ્ શબ્દમાં અન્ત્ય ઉ દીર્ઘ લખવો, સાનુસ્વાર હોય તો હ્રસ્વ લખવો.

અનુકરણવાચક શબ્દમાં સાનુસ્વાર ઇ તેમજ સાનુસ્વાર ઉ દીર્ઘ લખવા.

આ નિયમ ઇકારના (અ)નિયમને મળતો છે.

દાખલાઃ–જૂ, લૂ, હું, તું, શું; ચીં ચીં; ભૂં ભૂં

અપભ્રંશમાં 'હુઉં 'ને જૂની ગુજરાતીમાં 'હૂં' તેમજ 'હું' બંને રૂપ મળી આવે છે.

(ખ) અનેકાચ્ શબ્દમાં અન્ત્ય ઉ હ્રસ્વ લખવો.

દાખલાઃ–કાજુ, લીંબુ, ખુલ્લું, વાળુ–વિઆળુ, પહોળું, સમજુ, લેભાગુ

(ગ) દ્વિસ્વર ને ત્રિસ્વર શબ્દોમાં સામાન્ય રીતે દીર્ઘ વર્ણ પર છતાં ઉકાર હ્રસ્વ અને હ્રસ્વ વર્ણ પર છતાં ઉકાર દીર્ઘ છે.

આથી ઉલટું વ્યુત્પત્તિથી સમજાતું હોય ત્યાં તે શબ્દોને અપવાદરૂપ ગણવા.

દાખલા:–

દ્વિસ્વર શબ્દના–દૂધ, મૂક, ઊઠ, ઊંચ (અનુસ્વારનો ઉચ્ચાર પ્રાકૃત છે.); જૂનું (વ્યુત્પત્તિ પ્રમાણે ઉકાર દીર્ઘ છે. 'નું'માં તેમજ અન્ય શબ્દોમાં 'ઉં' પ્રત્યયમાં અનુસ્વારનો ઉચ્ચાર પ્રાકૃત છે.); ટૂંક–ટૂંકું; ઊભું; પૂરું; છૂટું, જુદું (ફારસીમાં 'જુ' હ્રસ્વ છે માટે).

પૂરું, છૂટું, લાંબું, ટૂંકું, ઊંચું, ઊભું–વગેરે વિશેષણોમાં 'ઉં' નપુંસક એકવચનનો પ્રત્યય છે; મૂળ શબ્દસ્વરૂપ, પૂર, છૂટ, ટૂંક, લાંબ, ઊંચ, ઊભ–એવુંજ છે. આમ પણ એ શબ્દોમાં આદિ ઉકારનું દીર્ઘત્વ સ્પષ્ટ છે.

ત્રિસ્વર શબ્દના–ખુશાલ, કૂટડો, કૂબડો, કબૂલ; ઊતર; નીકળ, નીસર; દૂબળો; દુશ્મન, દુરસ્ત, દુપટ્ટો ('પ'ની પછી જોડાક્ષર છે, માટે દીર્ઘ છે.)

(ધ) ચતુઃસ્વરાદિ અનેકાચ્ શબ્દોમાં આદિ ઉ હ્રસ્વ છે.

દાખલા:–ગુજરાત, ગુજરાત; પણ મજબૂત, બહાદ્દર

નર્મકોશની પ્રસ્તાવનામાં લ્હ પૃષ્ઠના અધોલિખિત ટિપ્પણમાં કવિ નર્મદ કહે છે કે "સર્વ પ્રાકૃત ભાષાનો નિયમ કે પ્રથમ વર્ણ કંઇક જોરવાળી ઝોકથી ઉતાવળો બોલાય છે તે ઉપર લક્ષ આપતાં સ્પષ્ટ સમજાશે કે ઉચ્ચારણ હ્રસ્વજ છે તો તેમ લખવું."

'દૂબળો' જેવા ત્રિસ્વરી શબ્દમાં કવિનું કહેવું તદ્દન ખરું લાગતું નથી. વચલો અકાર શાન્ત છે, એટલે સ્વરભાર પૂર્વના વર્ણ પર પડવાથી તે દીર્ઘ જેવો થાય છે. જેમ શબ્દ લાંબો થાય છે તેમ કવિનું કહેવું ખરું પડે છે. ચતુઃસ્વરી આદિ અનેકાચ્ શબ્દોમાં પ્રથમ ઉ હ્રસ્વ બોલાય છે.

(ચ) વિભક્તિના–નામિકી ને આખ્યાતિકીના–પ્રત્યય લગાડતાં કે સમાસમાં ઉપરના ઇ ને ઉના નિયમોમાં ફેરફાર કરવો નહિ. મૂળ શબ્દના નિયમજ સર્વત્ર લગાડવા. પરંતુ પ્રેરક ને કર્મણિ રૂપોમાં મૂળ રૂપના દીર્ઘ ઈ ને દીર્ઘ ઊ ના હ્રસ્વ ઇ ને હ્રસ્વ ઉ કરવા.

દાખલા:–ભૂલ, ભૂલો, ભૂલે છે; ભૂલ્યો;
પણ, ભુલવ, ભુલાય
દૂધ, દૂધપાક, દૂધભાઈ,
ચિટ્ઠી, ચિટ્ઠીચપાટી
શીખ–શિખવ, શિખાય; સીવ–સિવડાવ, સિવાય

૫. 'એ', 'ઓ' જેવા પ્રત્યય લગાડતાં 'ઈ' કે 'ઈ'નો 'ઇય્' કે 'ઊ' કે 'ઊ'નો 'ઉવ્' કરવાની જરૂર નથી. પરંતુ અન્ય સ્થળે ઇકાર પછી 'ય્' ઉમેરવામાં વાંધો નથી.

દાખલા:–નદીઓ, જુઓ, નદીએ, જુએ છે

'છોકરાઓ' જેવે સ્થળે 'ઓ' એમનો એમ રહે છે, તો 'નદીઓ', 'નદીએ', 'જુઓ' ને બદલે 'નદિયો' 'નદિયે', 'જુવો' લખવાની જરૂર નથી.

ઘડીઆળ–ઘડિયાળ; નાળિએર–નાળિયેર

૬. મૂળ શબ્દમાં સકાર હોય તો તેનાં અન્ય રૂપો કે સાધિત શબ્દોમાં સકારજ કાયમ રાખવો.

કેટલાક લેખકો 'સ્'ની પછી તાલુ વર્ણ આવે તો 'સ્'નો 'શ્' કરે છે ને પ્રાકૃતમાં એવો નિયમ છે એમ દર્શાવે છે; પરંતુ એ યુક્ત નથી.

દાખલા:–બેસવું, બેસીને
હસવું, હસીને, હસ્યો
ડોસો–ડોસી

દાસ—દાસી (તત્સમ છે પરંતુ એમાં પણ 'સ્'નો શ્' થતો નથી એ દર્શાવવા દાખલો આપ્યો છે.)

પ્રાકૃત ને અપભ્રંશમાં તો શકાર છેજ નહિ, માત્ર માગધીમાંજ છે; જૂની ગુજરાતીમાં 'સ્'ની પછી તાલવ્ય વર્ણ આવે છે ત્યાં સ્નો 'શ્' કર્યો નથી.

દાખલાઃ—રહિસિ, ચારિસિ, કિસુ, **બઇસો**

"શ્રી આદીસર ભગવન્ત રઇવાડી પધાર્યા.

હાથી ઉપરિ **બઇસી** નીલી માટી આણી.

કડહલઉ ધજ્જઉ નીવાહ પચાયઉ".

૭. ગયલું—ગયેલું—ગએલું; કંઈ—કાંઈ—આવા પ્રથમ જેવા શબ્દમાં આમ ત્રણ પ્રકારની જોડણી જોવામાં આવે છે; તેમાંની પહેલી અમને ઇષ્ટ છે.

સં૦ ગત—ગઅ—ગય—ઇલ્લ (સ્વાર્થિક)—ગયેલું—ગએલું.

ઇલ્લ—ઈલ કેટલાક કૃદન્તમાં ધાતુને ને કેટલાકમાં ભૂત કૃદન્તના રૂપને લાગે છે; જેમકે, માનેલું, વાંચેલું, લખેલું, બોલેલું.

પીધેલું, બીધેલું, લીધેલું, કીધેલું

આ પ્રમાણે ગયેલું—ગએલું રૂપો વ્યુત્પત્ત્યનુસાર છે; પરંતુ ઉચ્ચાર વિચારતાં એકાર સ્પષ્ટ સંભળાતો નથી; તેથી 'ગયલું' રૂપ અમને ઇષ્ટ છે. કવિ નર્મદને પણ એજ ઇષ્ટ હતું. બીજાં રૂપ પણ માન્ય છે; માટે એવે સ્થળે વિવક્ષા સ્વીકારવી આવશ્યક છે.

એજ પ્રમાણે કાંઈ, કંઈ—એ બંને રૂપમાં વિવક્ષા સ્વીકારવી. જૂની ગુજરાતીમાં મુગ્ધાવબોધ૦માં 'કાંઈ' રૂપ છે. અપભ્રંશમાં 'કાઇં,' 'કઇં' બંને છે.

૮. પત્થર, ચોકખું, છટ્ઠું—આવા શબ્દોમાં સંયુક્ત વ્યંજનમાં પહેલો અલ્પપ્રાણ ને બીજો મહાપ્રાણ છે. પ્રાકૃતમાં એમજ છે—પસ્થાપ—પટ્ઠાવ; પ્રસ્તર—પત્થર; વિતસ્તિ—વિહત્થિ; બુધ્ય—બુજ્ઝ, ઊર્ધ્વ—

ઉબ્ભ; વર્ષ–વર્ષ્ઠ; દુગ્ધ–દુગ્ધ. ઉચ્ચારમાં બે મહાપ્રાણ બોલાય છે કે અલ્પપ્રાણ ને મહાપ્રાણ તે સ્પષ્ટ નથી; માટે વ્યુત્પત્તિને અનુસારે લખવું યુક્ત છે.

પ્રાન્તિક ઉચ્ચારભેદને લીધે કેટલાક શબ્દો બે રીતે લખાય તો તેમાં વાંધો નથી.

આંખ્ય–આંખ; રાખ્ય–રાખ;
છોડી–છોકરી; લેઈ–લઈ; કોરણે–કોરાણે

———:o:———

પ્રકરણ ૩૯મું

પ્રબન્ધ: પ્રકાર; કાવ્યવિચાર

ગદ્ય, પદ્ય, અને મિશ્ર—કોઈ પણ વિષય વિષે આપણે આપણા વિચાર બરાબર અને સંપૂર્ણ રીતે દર્શાવવા હોય તો આપણે તે વિષયનાં જુદાં જુદાં પેટાં પાડી દરેકને લગતા વિચાર યોગ્ય રીતે ગોઠવીએ છીએ. આવી લાંબી શબ્દરચનાને **પ્રબન્ધ** કહે છે. પ્રબન્ધના ત્રણ પ્રકાર છે:–ગદ્ય, પદ્ય, ને મિશ્ર. જે શબ્દરચના રાગ કે છન્દ વડે ગાઈ શકાય તે **પદ્ય**; ગાઈ ન શકાય તે **ગદ્ય**, અને જેમાં ગદ્ય ને પદ્ય બંને હોય તે **મિશ્ર** કહેવાય છે.

પદ્ય અને કાવ્ય—પદ્યમાત્ર કાવ્ય નથી. તેમજ ગદ્ય પણ કાવ્ય હોઈ શકે છે. ત્યારે કાવ્ય એટલે શું?

કાવ્યનું લક્ષણ—પ્રાચીન કાવ્યશાસ્ત્રીઓએ કાવ્યનાં ભિન્ન ભિન્ન લક્ષણ આપ્યાં છે. કોઈએ રસને પ્રધાન ગણી રસાત્મક વાક્યને કાવ્ય કહ્યું છે; કોઈએ વક્રોક્તિને એટલે ચમત્કારવાળી ઉક્તિને કાવ્ય માન્યું છે; કોઈએ રમણીય અર્થ ઉત્પન્ન કરનાર શબ્દોને કાવ્ય કહ્યા છે; અને કોઈએ શબ્દ અને અર્થ બંનેને કાવ્ય ગણ્યા છે. એટલું તો ખરૂંજ છે કે શબ્દ અને અર્થ

પરસ્પર જોડાયલા છે; માટે શબ્દ અને અર્થ બંને મળીને કાવ્ય થાય છે. પણ શબ્દ અને અર્થ કાવ્યનું શરીર છે. કાવ્યનો આત્મા તો રસજ છે. જે ગદ્યમય કે પદ્યમય સંદર્ભમાં રસની સુંદર ઝમાવટ હોય–લાગણીઓ એવી સુંદર રીતે વર્ણવી હોય કે વાંચતાં વારને આપણું મન તેમાં તલ્લીન થઈ એક પ્રકારનો અલૌકિક આનન્દ ભોગવે–તેજ કાવ્ય છે. કાવ્ય કંઈ પદ્યમયજ હોવું જોઈએ એમ નથી. તે ગદ્યમય પણ હોઈ શકે. સંસ્કૃતમાં બાણ-ભટ્ટની 'કાદમ્બરી' ગદ્યમય છે તોપણ તેની ગણના ઉત્તમ કાવ્યમાં થાય છે. કાવ્યમાં શબ્દચમત્કૃતિ ને અર્થચમત્કૃતિ બંને આવશ્યક છે; પરંતુ અર્થચમત્કૃતિ પ્રધાન છે ને શબ્દચમત્કૃતિ ગૌણ છે. શબ્દ-ચમત્કૃતિ એટલે રસની ઝમાવટને અનુસરતું પદલાલિત્ય. કેવળ, શબ્દના આડમ્બરથી કાવ્ય બનતું નથી. રાગ કે છન્દ ઉત્તમ હોય, અનુપ્રાસ કે યમક જેવા શબ્દાલંકાર ઉત્તમ રીત ઘટાવ્યા હોય, શબ્દ-રચના મનોહારી હોય, તોપણ રસ પરિપૂર્ણ રીતે ઝામ્યો ન હોય તો કાવ્ય બનતું નથી. એવી રચના તે પદ્યજ છે, કાવ્ય નથી. જ્યારે અર્થચમત્કૃતિ બરાબર આવી હોય ત્યારેજ કાવ્ય બને છે. અમુક વસ્તુ સામાન્ય પુરુષ જુએ ને કવિ જુએ તેમાં ઘણો ફેર છે. પોતાની પ્રતિભાશક્તિ કે કલ્પનાશક્તિના બળ વડે કવિ સામાન્ય વસ્તુનું વર્ણન પણ એવું ખૂબીદાર બનાવે છે કે તે વાંચવાથી આપણને અતિશય આનંદ થાય છે. આજ કારણથી કરુણરસ કાવ્ય, જેમાં શોકનું ચિત્ર આલેખ્યું હોય છે તે પણ વાંચવાં આપણને ગમે છે. આંખમાં આંસુ આવતાં પણ એવાં વર્ણન વાચકવર્ગ વારંવાર વાંચે છે તેનું શું કારણ છે? તેમાં રહેલી અર્થચમત્કૃતિ અને તેને અનુસરતી શબ્દ-ચમત્કૃતિ. જેમ ચિત્રકાર રંગથી ચિત્ર સુશોભિત કરે છે તેમ કવિ ચમત્કારી અર્થ અને ચમત્કારી શબ્દથી અતિસુંદર ચિત્ર ખડું કરી વાચકના મનને ઘણો આનન્દ પ્રમાડે છે. કલ્પના અને શબ્દ તેમજ

રચના માટે કવિને કેટલો બધો પરિશ્રમ પડતો હશે! જ્યાં જેવો ઘટે ત્યાં તેવો શબ્દ શોધવો ને યોગ્ય સ્થળે યોજવો ઘણોજ અઘરો છે. ગદ્યનાં પદ્યો રાગ કે છન્દોબદ્ધ રચનામાં ગમે તેમ મૂકવાથી શોભતાં નથી ને કાવ્ય બનાવતાં નથી. જે પદ્યો ગદ્યમાં વપરાય છે તે બધાં પદ્યમાં શોભતાં નથી. જુદા જુદા રસમાં કયા વર્ણ અનુકૂળ છે ને કયા પ્રતિકૂળ છે તે કવિએ જાણવું જોઈએ. રચના અને શબ્દ રસને બંધબેસતા જોઈએ.

સાહિત્યનું ઉત્તમ અંગ—કાવ્ય એ સાહિત્યનું ઉત્તમ અંગ છે. કાવ્ય વાંચવાથી મનુષ્યને જેવો અલૌકિક આનન્દ પ્રાપ્ત થાય છે તેવો બીજા કોઈ પણ પ્રકારનું સાહિત્ય વાંચવાથી થતો નથી. કાવ્યથી ઘણી વાર લલિત અને આહ્લાદક રીતે ઉપદેશ પણ મળે છે. નીતિ-વચન આખ્યાયિકા કે કાવ્યના સ્વરૂપમાં જેવો આનન્દ પમાડે છે તેવો તત્ત્વજ્ઞાનના સ્વરૂપમાં પમાડતાં નથી. આખ્યાયિકાના ઉપદેશમાં પણ કાવ્યના ઉપદેશ જેવી મધુરતા નથી.

પ્રસાદ આવશ્યકઃ કૃત્રિમ ને ક્લિષ્ટ પદ્ય કાવ્ય નથી—ઉત્તમ કવિની વાણીમાં ને અર્થમાં સ્વાભાવિકપણું રહેલું છે. વાંચતાં વારને તેનો અર્થ વાંચનારના મનમાં આવી જાય છે અને જેમ જેમ તે ધ્યાનપૂર્વક વાંચે છે તેમ તેમ દરેક પ્રસંગે તેને તેમાં નવી ખૂબી સમજાય છે. આવી પ્રાસાદિક રચના ને અર્થની ઉત્તમ ઝમાવટથીજ કાવ્ય બને છે. બેચાર વાર વાંચ્યા વિના જેનો અર્થ મનમાં આવે નહિ તેમજ જેમાં તાણીતોસીને અર્થ આણેલો હોય ને શબ્દનો આડંબર હોય તે કાવ્ય નથી. એવી કૃત્રિમ ને ક્લિષ્ટ રચના સર્વથા વર્જ્ય છે. ઉપર કહ્યું છે કે અર્થ ને શબ્દની ચમત્કૃતિ બરાબર આણવામાં કવિને કેટલો બધો પરિશ્રમ પડે છે! પરંતુ જે રચના કે કલ્પનાથી વાંચ-નારને પરિશ્રમ પડે કે કવિને પરિશ્રમ પડ્યો છે એમ જણાઈ આવવાથી તે કૃત્રિમ ભાસે તે રચના કે કલ્પનાથી કદી કાવ્ય બનતું

નથી. પ્રસાદ અને સ્વાભાવિકપણું એ હોય તોજ તે કાવ્ય હૃદયંગમ થાય છે.

કેવા ગુણથી કવિ થવાય?—કાવ્ય રચનારમાં (૧) શક્તિ એટલે પ્રતિભા હોવી જોઈએ; (૨) સૃષ્ટિ ને વ્યવહાર, શાસ્ત્ર, કાવ્ય, વગેરેનું પુનઃપુનઃ પરિશીલન કરવાથી પ્રાપ્ત થતી નિપુણતા હોવી જોઈએ; અને (૩) કાવ્ય કરી શકે અને સમજી શકે એવા કવિ અને સહૃદયના ઉપદેશથી તેણે કાવ્યનું અધ્યયન કરવું જોઈએ. આમાં પ્રતિભા સર્વથી અગત્યનો ગુણ છે. નવા નવા ઉન્મેષથી—સ્ફુરણથી હમેશ પ્રકાશ આપે એવી પ્રજ્ઞા તે પ્રતિભા. અર્થાત્, કવિમાં વિષયને નવા નવા સ્વરૂપમાં મૂકવાની કલ્પનાશક્તિ જોઈએ, તેણે સૃષ્ટિનું ને વ્યવહારનું સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરવું જોઈએ, તે બહુશ્રુત હોવો જોઈએ—શાસ્ત્ર, કાવ્ય, આદિથી પરિચિત હોવો જોઈએ—અને સહૃદય અને કવિનો તેને નિરન્તર સમાગમ હોવો જોઈએ. આ ત્રણે ગુણ એકઠા થાય તોજ કવિ બને; ત્રણમાંથી કોઈ પણ ગુણનો અભાવ હોય તો તે કવિ થઈ શકે નહિ. ખરૂં જોતાં, એ સર્વમાં પ્રતિભા ઘણીજ આવશ્યક છે. એ વગર પ્રાસાદિક ને સ્વાભાવિક કાવ્ય બની શકતાં નથી.

રસ—ઉપર રસને કાવ્યનો આત્મા કહ્યો છે. રસ એટલે શું? રસનો સામાન્ય અર્થ સ્વાદ, મઝે થાય છે. સામાન્ય રીતે જે સંદર્ભથી વાંચનાર કે સાંભળનારને અસાધારણ આનન્દ થાય, તેને એક પ્રકારનો અપૂર્વ સ્વાદ મળે કે મઝે પડે, તે કાવ્ય છે. પ્રેક્ષક કે વાચકના મનમાં વાસનારૂપે રહેલી લાગણીઓને ઉત્તમ અર્થની ઝમાવટ ને લલિત પદ ને રચનાથી કવિ એવી તો અસરકારક રીતે વર્ણનમાં મૂકે છે કે પ્રેક્ષકને ને વાચકને તે વખત અલૌકિક આનન્દનો અનુભવ થાય છે. એ આનન્દ એવો તો અપૂર્વ છે કે મન તે સમયે તેમાંજ લીન થાય છે ને તેને અન્ય વેદ્ય—જાણવા લાયક વસ્તુ—રહેતી નથી.

રસની *અવેણુને—આસ્વાદને સમયે મનમાંથી અન્ય વેદ્ય વસ્તુઓ જતી રહે છે. જેમ યોગીને હમેશ બ્રહ્મમાં આનન્દ હોય છે, પરંતુ સમાધિ ચડાવે છે ત્યારે તેને તે આનન્દનો ખરો સ્વાદ આવે છે, સમાધિ પહેલાં કે પછી નહિ; તેમ કાવ્યની ખૂબી સમજવા ચતુર સહૃદયના હૃદયમાં વાસનારૂપે રસ સૂક્ષ્મતાથી રહ્યો હોય છે, તોપણ વાસનાને મનમાં સુતેલી રાખનાર આવરણનો કવિની સુંદર કલ્પના ને ખૂબીદાર વર્ણનથી નાશ થાય છે ત્યારે વ્યંજનાવૃત્તિથી રસ વ્યંગ્ય થાય છે.

રસનું સ્વરૂપ—સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓએ ભાવ કે લાગણીનું બહુ સારું પૃથક્કરણ કરી કેટલીકને મુખ્ય અને કેટલીકને ગૌણ કહી છે. જે લાગણી ચિરકાળ રહે છે તે મુખ્ય છે અને થોડો વખત રહે છે તે ગૌણ છે. ચિરકાળ રહે છે તેવા ભાવને **સ્થાયિભાવ** કહ્યા છે ને થોડો વખત રહે છે તેવા ભાવને **વ્યભિચારિભાવ** કે **સંચારિ-ભાવ** કહ્યા છે. રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા (કંટાળો), ને વિસ્મય એ આઠ સ્થાયી ભાવ છે. નિર્વેદ, ગ્લાનિ, શંકા, આદિ ૩૩ ભાવ થોડોજ સમય મનમાં રહે છે, તેના સંસ્કાર પણ મનમાં રહેતા નથી. જેમ સમુદ્રમાં મોજાં ઉત્પન્ન થાય છે ને નષ્ટ થાય છે, તેમ સ્થાયિભાવરૂપી સમુદ્રમાં એ ભાવો ઉત્પન્ન થાય છે કે નષ્ટ થાય છે તેથી એને સંચારી કે વ્યભિ-ચારી ભાવો કહ્યા છે. જે જે કારણથી સ્થાયિભાવ ઉત્પન્ન થાય છે તેને કાવ્યમાં **આલંબન વિભાવ** કહે છે અને ઉત્પન્ન થયલા ભાવને જે કારણ પ્રદીપ્ત કે ઉત્તેજિત કરે છે તેને **ઉદ્દીપન વિભાવ** કહે છે. આ પ્રમાણે રસના કારણરૂપ **વિભાવ** બે પ્રકારના છે. એ ભાવો જે જે ચિહ્નથી પ્રકાશમાં આવે છે તે **અનુભાવ** કહેવાય છે. અનુભાવ એ ભાવના કાર્યરૂપ છે. હાસ્ય, મધુર સંભાષણ, સ્નેહયુક્ત

* 'અવેણું' શબ્દ એ પરથી નિષ્પન્ન થયો છે.

દૃષ્ટિક્ષેપ, વગેરે અનુભાવ કહેવાય છે. વિભાવ, અનુભાવ, અને વ્યભિચારી ભાવના સંમિશ્રણથી સ્થાયી ભાવોનું વર્ણન અલૌકિક આનન્દ ઉત્પન્ન કરે છે અને રસસ્વરૂપ પામે છે. એવી રીતે, ઉપર ગણાવેલા આઠ સ્થાયી ભાવો અનુક્રમે શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અને અદ્‌ભુત રસ બને છે. શાન્ત એ નવમો રસ છે અને તેનો સ્થાયી ભાવ નિર્વેદ છે. આમાં શૃંગાર, કરુણ, ને વીર એ મુખ્ય ને સાધારણ રસ છે. ભોજરાજા તો એકલા શૃંગારનેજ રસ માને છે. શૃંગારના **સંભોગ** ને **વિપ્રલંભ** એવા બે પ્રકાર છે. વિયોગમાં જે રતિ થાય તે **વિપ્રલંભ**. બે કામી સ્ત્રીપુરુષોમાંથી એકનું મરણ થાય ને અન્યને તેને માટે શોક થાય, પરંતુ તે શોકમાં બીજી દુનિયામાં પુનઃ સંયોગ થવાની આશા હોય તો તે શૃંગાર **કરુણવિપ્રલંભ** કહેવાય છે. આશા ન હોય તો રતિને બદલે શોકરૂપ સ્થાયિભાવ થાય છે ને તે **કરુણરસ** કહેવાય છે. રસની ઝમાવટ સહૃદયના મનને તદ્રૂપ બનાવી દે છે અને બ્રહ્મના આસ્વાદના જેવો અલૌકિક રસનો આસ્વાદ કરાવે છે, પાત્રની સાથે વિલાસ કરાવે છે, આનન્દમાં પ્રફુલ્લિત કરે છે, શોકમાં ડુબાવી દે છે, હસાવે છે, રડાવે છે, શૌર્ય ઉત્પન્ન કરે છે, ભયગ્રસ્ત બનાવી દે છે, એમ અનેક ભાવોનો આનન્દ ભોગવાવે છે. એ આસ્વાદ અપૂર્વ ને અલૌકિક છે અને એ અલૌકિક ચર્વણા—આસ્વાદ તેજ રસ. જેનામાં લાગણીની વાસના નથી તેનામાં લાગણી ઉત્પન્ન થવાની નથી. એવા જડ પુરુષને કાવ્યમાંથી આનન્દ મળવાનો નથી. વાસનાવાળા સહૃદયનેજ અલૌકિક આસ્વાદ મળે છે અને તે એવો છે કે તે સમયે તેનું મન તદ્રૂપ બની જાય છે અને બીજી કોઈ વસ્તુની પ્રતીતિજ રહેતી નથી. એવી ઉત્તમ રસની ઝમાવટ, અર્થની ને શબ્દની ચમત્કૃતિ જેમાં છે તેજ કાવ્ય છે.

દોષઃ સ્વરૂપ ને પ્રકાર—મુખ્ય અર્થનો એટલે રસ કે ભાવનો જેથી અપકર્ષ કે ક્ષતિ થાય તેને **દોષ** કહ્યો છે. કેટલાક દોષ

નિત્ય છે, અર્થાત્, સર્વ સ્થળે દોષજ છે. કેટલાક અનિત્ય છે, એટલે અમુક પ્રસંગમાંજ દોષ છે. કેટલાક શબ્દદોષ છે; કેટલાક અર્થદોષ છે; ને કેટલાક રસદોષ છે. આવા દોષના પ્રકાર છે. કાનને પ્રિય લાગે એવાં પદજ કાવ્યમાં વાપરવાં જોઈએ. શબ્દશાસ્ત્રના નિયમોનો અનાદર કરવાથી **ચ્યુતસંસ્કૃતિ** દોષ થાય છે. વ્યાકરણના દોષોનો એમાં સમાવેશ થાય છે. કર્ણને કઠોર લાગે એવાં પદના પ્રયોગથી **શ્રુતિકટુત્વ** દોષ બને છે. **અશ્લીલ, ગ્રામ્ય, અપ્રસિદ્ધ,** કે **સંદિગ્ધ** પદ વાપરવાથી કે એવો અર્થ થવાથી સહૃદયના મનને ઉદ્વેગ થાય છે ને રસની ક્ષતિ થાય છે; માટે એવાં પદ ને અર્થ પણ દૂષિતજ છે. **અશ્લીલતા, ગ્રામ્યતા, અપ્રસિદ્ધતા,** ને **સંદિગ્ધતા** એ દોષ છે. જે રચનાથી વર્ણનનો આરંભ કર્યો હોય તે રચનાનો ભંગ કરી અન્ય રચનાનો આશ્રય કરવાથી **ભગ્નપ્રક્રમ** દોષ થાય છે. ગુંચવણભરેલી રચના ક્લિષ્ટ કહેવાય છે ને તેથી **ક્લિષ્ટતા** દોષ બને છે. એકનું એક પદ પ્રયોજન વિના પુનઃ પ્રયોજવાથી **કથિતપદત્વ** કે **પુનરુક્તિ** દોષ થાય છે. આ દોષ અનિત્ય છે; કેમકે કેટલેક સ્થળે પુનરુક્તિ આવશ્યક છે.

*ઉગે છે સવિતા તામ્ર, તામ્રરૂપજ આથમે;
સંપદ્માં ને વિપદ્માંએ મહાન્તો એકરૂપ છે.

આમાં ઉદાર પુરુષોની એકરૂપતા સૂર્યના દૃષ્ટાન્તથી દર્શાવી છે. સૂર્ય ઊગે છે ત્યારે તામ્ર–રક્ત હોય છે ને આથમે છે ત્યારે પણ તામ્રજ હોય છે–એકજસ્વરૂપ હોય છે એમ દૃષ્ટાન્ત આપ્યો છે. આ દૃષ્ટાન્તમાં તામ્ર શબ્દ બીજી વાર વાપરવાથી દોષ થતો નથી, એટલુંજ નહિ પણ ગુણ થાય છે. અહિં એકરૂપતાનું સમર્થન કરવા પુનરુક્તિ

* उदेति सविता ताम्रस्ताम्र एवास्तमेति च ।
संपत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥ નું ભાષાન્તર

આવશ્યક ને ગુણરૂપ છે. અર્થની પુષ્ટિ ન થાય એવાં નકામાં વિશેષણથી **અપુષ્ટ** દોષ થાય છે, એ અર્થદોષ છે. છન્દોભંગ કે યતિભંગથી **હતવૃત્તત્વ** દોષ થાય છે. છન્દના કરતાં યતિમાં વિશેષ દોષ જોવામાં આવે છે. જે વૃત્તમાં જે જે સ્થળે વિદ્વાનોએ વિશ્રામ-સ્થાન નક્કી કર્યાં છે તે તે વૃત્તમાં તે તે સ્થળે વિશ્રામ લેતાં પદને ભાંગી નાખવું પડે ત્યાં એવો દોષ થાય છે. રસદોષ પણ ત્રણ પ્રકારના છે; પણ તે સર્વમાં અનૌચિત્ય એટલે રસની યોગ્યતાનો નાશ એ રસભંગનું મુખ્ય કારણ છે. આ દોષોમાંના ઘણા-ખરા ગદ્યમાં પણ જોવામાં આવે છે. ક્લિષ્ટ રચના, વ્યાકરણદૃષ્ટિએ અશુદ્ધ શબ્દો, અપ્રયુક્ત, સંદિગ્ધ, ને ગ્રામ્ય શબ્દો, તેમજ કર્ણકટુ પદ ને યતિભંગ જેવા દોષ આપણી ભાષામાં ગદ્ય ને પદ્ય બંનેમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. એ તો ખરૂં છે કે કેટલાંક ઉત્તમ કાવ્યમાં પણ ક્વચિત્ દોષ જોવામાં આવે છે. પરંતુ કાવ્ય જેમ બને તેમ દોષરહિત જોઈએ. સંસ્કૃત આલંકારિકોએ કહ્યું છે કે જેમ કોઢના એક ડાઘાથી પણ ઉત્તમ કાન્તિવાળું પણ શરીર કદ્રૂપું બની જાય છે તેમ એક પણ દોષથી ગમે તેવું ઉત્તમ કાવ્ય પણ કર્ણકઠોર થઈ જાય છે. તાત્પર્ય એ છે કે અન્યની પેઠે કવિનો પણ આદર્શ ઉચ્ચતમ જોઈએ. દોષનું સ્વરૂપ જાણી તેમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો એ સર્વ કોઈનો ધર્મ છે.

દોષના વિવેચનથી એટલું સ્પષ્ટ છે કે કવિની ભાષા શુદ્ધ, ગુંચવણ વગરની, ને પ્રાસાદિક હોવી જોઈએ; તેમજ તેનો અર્થ પણ ક્લિષ્ટ કે અનુચિત ન જોઈએ. તેમાં રસની પરિપૂર્તિ જોઈએ ને સહૃદયને માન્ય ન થાય એવી ક્લિષ્ટ કલ્પના તેમાં ન જોઈએ.

ગુણ—માત્ર દોષરહિત શબ્દ ને અર્થ હોય એટલે કાવ્ય થાય એમ નથી. તે શબ્દ ને અર્થ ગુણયુક્ત હોવા જોઈએ. જેમ શૌર્યાદિ આત્માના ધર્મ છે તેમ કાવ્યનો આત્મા રસ છે તેના ગુણો ધર્મ છે.

શૌર્યાદિ આત્માનો ઉત્કર્ષ કરે છે, તેમ ગુણો પણ રસનો ઉત્કર્ષ કરે છે; અને શૌર્યાદિ ગુણ આત્માથી પૃથક્ રહી શકતા નથી તેમ કાવ્યમાં ગુણ રસથી પૃથક્ રહી શકતા નથી. આ પ્રમાણે કાવ્યમાં ગુણો રસની ઝમાવટ કરવામાં ઉપયોગી છે. માધુર્ય, ઓજસ્, ને પ્રસાદ, એ ત્રણ ગુણ છે. જેથી ચિત્તને આહ્લાદ થાય અને દ્વેષ આદિથી તેમાં જે કઠોરપણું આવ્યું હોય તે જતું રહી તે પાણી પાણી થઈ જાય તે ગુણને વિદ્વાનોએ **મધુર ગુણ** કહ્યો છે. એ ગુણ સંભોગશૃંગાર રસમાં માલમ પડે છે, પણ કરુણ રસ, વિપ્રલંભશૃંગાર, ને શાન્ત રસમાં તે ઉત્તરોત્તર વિશેષ જોવામાં આવે છે. જેથી મનની અંદર જુસ્સો ઉત્પન્ન થાય છે, જાણે અગ્નિ પ્રદીપ્ત થયો હોય ને જ્વલિત થયું હોય એમ લાગે છે તે **ઓજો ગુણ** છે, આત્માના વિસ્તારનો હેતુ છે ને વીર રસમાં રહેલો છે. વીરથી અધિક બીભત્સમાં ને તેથી અધિક રૌદ્ર રસમાં તે હોય છે. સૂકા લાકડામાં જેમ અગ્નિ તરત સર્વત્ર વ્યાપે છે ને જેમ સ્વચ્છ જળ સર્વત્ર પ્રસરે છે, તેમ જે મનમાં એકદમ ફેલાઈ જાય છે તે **પ્રસાદ ગુણ** છે અને તે સર્વત્ર રસમાં રહેલો છે.

ગુણોનાં વ્યંજક—વર્ણ, સમાસ, ને રચના ગુણોનાં વ્યંજક છે. તેમાં 'ટ'-વર્ગ સિવાયનાં સ્પર્શ વ્યંજન, પોતપોતાના વર્ગના પાંચમા વર્ણ સાથે યુક્ત થયલાં (અઙ્ક, અઞ્જન, કણ્ઠ, દન્તમાં છે તેમ) હ્રસ્વસ્વરયુક્ત રેફ ને ણકાર—એટલા વર્ણ, સમાસનો અભાવ કે મધ્યમ સમાસ ને સુકુમાર રચના એ માધુર્ય ગુણનાં વ્યંજક છે. વર્ગીય પ્રથમ અને તૃતીય વર્ણનો અનુક્રમે દ્વિતીય ને ચતુર્થ વર્ણ સાથે સંયોગ, તેમજ રેફનો કોઈ વ્યંજન સાથે પહેલો કે પછી સંયોગ, ઝ સરખા વ્યંજનનો યોગ, ટાદિ વર્ણચતુષ્ટય, શ્ ને ષ્—એટલા વર્ણ, દીર્ઘ સમાસ, અને ઉદ્ધત રચના, એ ઓજો ગુણનાં વ્યંજક છે. જે શબ્દ, સમાસ, કે રચના વડે સાંભળતાં વારજ શબ્દમાંથી અર્થની પ્રતીતિ થાય તે શબ્દ, સમાસ, કે રચના પ્રસાદ ગુણનાં વ્યંજક છે.

તાત્પર્ય—ગુણના આ વિવેચનથી શું સમજવાનું છે? એટલુંજ કે ભાષા હમેશ અર્થને અનુસરતી જોઈએ. શૃંગાર, કરુણ, ને શાંત

રસમાં મધુર ને સરળ, વીર, રૌદ્ર, ને બીભત્સ રસમાં તેજસ્વી ને ઓજસ્સાદાર, તેમજ આડંબરયુક્ત, પણ સર્વત્ર અર્થ સમજાય એવી પ્રાસાદિક હોવી જોઈએ. સર્વ રસમાં પ્રસાદની આવશ્યકતા છે. પ્રસાદ-રહિત કાવ્ય તે કાવ્યજ નથી.

અલંકાર: ગુણ ને અલંકારનો ભેદ—કાવ્યમાં બહુધા શબ્દ ને અર્થ સાલંકાર હોવા જોઈએ. અલંકાર ઘણે ભાગે કાવ્યમાં હોવા જોઈએ. ક્વચિત્ ન હોય તો ચાલે.

ગુણ ને અલંકારમાં ભેદ છે. ગુણો રસ વિના રહેતા નથી. અલંકાર તો રસ વિના રહે છે. ગુણો રસના અવશ્ય ઉપકારક છે; અલંકાર એવા નથી. ગુણો રસના ધર્મ છે, તેથી સાક્ષાત્ રસમાં રહે છે. અલંકાર રસમાં સાક્ષાત્ રહેતા નથી, પણ અંગદ્વારા રહે છે. રસ વિદ્યમાન હોય તો અંગદ્વારા એટલે શબ્દ અને અર્થ એ બે કાવ્યના અંગમાં ચારુત્વ ઉત્પન્ન કરી, જેમ હારાદિ શરીરને શોભાવી આત્માને આનંદ પમાડી તેના ઉપકારક થાય છે તેમ અલંકાર રસરૂપ અંગીના ક્વચિત્ ઉપકારક થાય છે. ક્વચિત્ કહેવાનું કારણ એ કે રસ વિદ્યમાન હોય તોપણ અલંકાર ક્વચિત્ તેને પોષતા નથી. જ્યાં રસનો સંભવ છે ત્યાં અલંકારો રસના ઉપકારક થાય છે, એટલે શબ્દ અને અર્થમાં ઉત્કર્ષ મૂકી રસમાં વૃદ્ધિ કરે છે; પણ જ્યાં રસનો અસંભવ છે ત્યાં અલંકાર માત્ર ઉક્તિમાં વૈચિત્ર્ય ઉત્પન્ન કરે છે, અર્થાત્, શબ્દ અને અર્થનેજ શોભાવે છે. ક્વચિત્ રસ વિદ્યમાન હોય છે તોપણ અલંકાર તેની ઝમાવટ વધારતા નથી. આવો ગુણ અને અલંકાર વચ્ચે ભેદ છે.

શરીરસંપત્તિ ને કાવ્યસંપત્તિ—શબ્દ અને અર્થ એ કાવ્યની મૂર્તિ-શરીર છે. વ્યંગ્યનો વૈભવ એ કાવ્યનું જીવન છે. જેમ શરીરને હારાદિ અલંકારો ભૂષિત કરે છે, તેમ કાવ્યમાં ઉપમાદિ અલંકાર વ્યંગ્ય-વૈભવનો ઉત્કર્ષ કરે છે. આત્મામાં શૌર્યાદિ ગુણોની પેઠે કાવ્યમાં માધુર્યા-દિ ગુણો છે. સ્વભાવ-ચેષ્ટાદિ જાતિપ્રયુક્ત ધર્મ-જેમ આત્માનો ઉત્કર્ષ કરે છે તેમ રીતિઓ વ્યંગ્યનો ઉત્કર્ષ કરે છે. વૃત્તિ-

એ વૃત્તિની–વર્તનની પેઠે આહાર્યક–કૃત્રિમ શોભા આણે છે. પદો પરસ્પર અનુગુણ રહી વિશ્રાન્તિ પામે તેને **શય્યા** કહે છે. શય્યામાં જેમ શરીરના અવયવ પરસ્પર અનુકૂળ સ્થિતિમાં વિરામ પામે છે, તેમ પદોનો પરસ્પર અનુકૂળતામાં વિરામ–પદોની ઉત્કૃષ્ટ અન્યોન્ય મૈત્રી–તે શય્યા છે. રસના અમુક પ્રકારના આસ્વાદને પાક કહે છે. પાક એ હૃદયંગમ અર્થગાંભીર્ય છે. શરીરને જેમ પાક–પરિપક્વ વસ્તુનો આસ્વાદ–અભીષ્ટ છે તેમ કાવ્યમાં પાક રસમાં ઉત્કૃષ્ટ આસ્વાદ ઉત્પન્ન કરે છે–એટલે લહેજત આણે છે. આ રીતે વ્યવહારમાં જેમ શરીરની સંપત્તિ જીવિત, ગુણ, અલંકાર, સ્વભાવ, વર્તન, શય્યા, ને પાક છે; તેમ કાવ્યની સંપત્તિ શબ્દાર્થ, વ્યંગ્યવૈભવ, ગુણ, અલંકાર, રીતિ, વૃત્ત, શય્યા, ને પાક છે.

રીતિઃ વૃત્તિઃ શય્યા ને પાક—રીતિ એ ભાષાશૈલીના ભિન્ન ભિન્ન પ્રકાર છે. જેમ અંગની જુદી જુદી વ્યવસ્થાથી તેમાં ગુણ એટલે ઉત્કર્ષ ઉત્પન્ન થાય છે તેમ ગુણને ઉત્પન્ન કરનાર વર્ણવિન્યાસ-વિશેષ તે રીતિ છે. આ ભિન્ન ભિન્ન પદવિન્યાસપ્રણાલીને દંડી વાણીના વિચિત્ર માર્ગ કહે છે. વૈદર્ભી, ગૌડી, ને પાંચાલી એ ત્રણને કાવ્યમાં મુખ્ય રીતિ માની છે. કોમલ વર્ણ, અલ્પસમાસ, અને મૃદુ બન્ધ, એવી રચના તે વૈદર્ભી રીતિ છે. ઉદ્ધત પદથી વિરાજિત, ઓજોગુણયુક્ત ને કાન્તિગુણયુક્ત જે રચના તે ગૌડી રીતિ કહેવાય છે. કાન્તિ ગુણ એટલે પદોની ઉજ્જ્વલતા. અર્થાત્ ઉજ્જ્વલ એટલે શિષ્ટ, ગ્રામ્યતા-હીન પદથી યુક્ત રચના તે કાન્તિગુણ છે. જેઓ માધુર્ય, ઓજસ્, ને પ્રસાદ એ ત્રણજ ગુણ માને છે તેઓ કાન્તિગુણને માત્ર ગ્રામ્યતાનો વિપર્યયજ–ગ્રામ્યતાથી ઉલટોજ ગણે છે. વૈદર્ભી ને ગૌડી એ બંને રીતિનાં જેમાં લક્ષણ હોય તેને **પાંચાલી રીતિ** કહે છે.

આ ત્રણ પ્રકારની રીતિને મમ્મટ અનુક્રમે ઉપનાગરિક, પરુષ, કોમલ વૃત્તિ કહે છે. વૃત્તિ એટલે રસવ્યાપાર ને તે વ્યાપારવાળી વર્ણરચના તે વૃત્તિ, એવો વૃત્તિનો અર્થ છે.

રીતિ ને વૃત્તિ—રીતિ અને વૃત્તિ ભિન્ન છે. રીતિ શબ્દગુણને આશ્રયે છે; એને અર્થ સાથે સંબંધ નથી. માત્ર ભિન્નભિન્ન પ્રકારની

વર્ણની રચનાથી રીતિ સંદર્ભને સુકુમાર કે પ્રૌઢ બનાવે છે. વૃત્તિનો સંબંધ સાક્ષાત્ રસની સાથે છે. રીતિ શબ્દાશ્રિત છે ને વૃત્તિ રસાશ્રિત છે. માધુર્યાદિ ગુણો રસના ધર્મ છે, તેથી રીતિ પણ રસને ઉપકારક થાય છે, પણ તે પરંપરાસંબંધથી થાય છે, સાક્ષાત્ નહિ.

રીતિ અને વૃત્તિ બંનેને ભાષા સાથે સંબંધ છે. આપણામાં કહેવત છે કે બાર ગાઉએ બોલી બદલાય; તેમ મૂળ દેશપરત્વે રીતિના વૈદર્ભી, ગૌડી, ને પાંચાલી એવા વિભાગ થયા છે. પછી એ રીતિનાં લક્ષણ જે ભાષાશૈલીમાં હોય તે ભાષાશૈલી પણ વિદર્ભ, ગૌડ, કે પાંચાલ દેશની ન હોય તોપણ વૈદર્ભી, ગૌડી, ને પાંચાલી કહેવાય છે. કેટલાકને સરળ, કેટલાકને આડંબરી, ને કેટલાકને બંનેનું જેમાં મિશ્રણ હોય તેવી સરળ તેમજ પ્રૌઢ ભાષા પ્રિય છે. દંડી તેમજ વિદ્યાધર વૈદર્ભી રીતિનાં વખાણ કરે છે ને વિદ્યાધર તો કહે છે કે એકલી એજ રીતિ ઉત્તમ છે. વૃત્તિ શબ્દનો પ્રયોગ બહુધા નાટકોને લગતો છે. વૃત્તિનો મૂળ અર્થ અંગહાર, અંગચેષ્ટા, શરીરનું જુદી જુદી રીતે વાળવું એ છે. પાછળથી તેનો અર્થ એવી ચેષ્ટા સાથે જુદા જુદા પ્રકારની વાણીની રચના થયો. અંગરચનામાંથી અંગરચનાયુક્ત વાણીની રચના એવો અર્થ ક્રમે થયો. ભરતમુનિ આવી ચાર નાટકરચના ગણાવે છેઃ– ભારતી, સાત્વતી, કૈશિકી, અને આરભટી. શૃંગારમાં કૈશિકી, વીરમાં સાત્વતી, રૌદ્ર અને બીભત્સમાં આરભટી, અને સર્વ રસમાં ભારતી વૃત્તિ આવે છે. જેમાં અત્યન્ત કોમળ સંદર્ભથી શૃંગાર અને કરુણ રસનું વર્ણન હોય તે **કૈશિકી વૃત્તિ** કહેવાય છે. જેમાં રૌદ્ર અને બીભત્સ રસનું પ્રતિપાદન અતિપ્રૌઢ સંદર્ભથી કર્યું હોય તે **આરભટી વૃત્તિ** કહેવાય છે. જેમાં અતિસુકુમાર નહિ એવા હાસ્ય, શાન્ત, ને અદ્‌ભુત રસો અતિસુકુમાર નહિ એવા સંદર્ભ વડે ગુંથાયા હોય તે **ભારતી વૃત્તિ** છે; અને જેમાં અતિપ્રૌઢ નહિ એવા વીર અને ભયાનક રસ અતિપ્રૌઢ નહિ એવા સંદર્ભમાં ઉપજાવ્યા હોય તે **સાત્વતી વૃત્તિ** છે એમ વિદ્યાનાથ વર્ણવે છે.

તાત્પર્ય—તાત્પર્ય એ છે કે શબ્દ ને અર્થ એવા જોઈએ કે તેથી રસનો બરાબર જમાવ થાય, જ્યાં મધુર જોઈએ ત્યાં મધુર,

આડંબરી જોઈએ ત્યાં આડમ્બરી, પ્રૌઢ જોઈએ ત્યાં પ્રૌઢ, પણ સર્વત્ર સરળ ને પ્રાસાદિકજ શૈલી સ્તુત્ય છે ને રીતિ ને વૃત્તિના વિવેચનમાંથી પણ એજ સાર નીકળે છે.

શય્યા—પદોની પરસ્પર મૈત્રીને શય્યા કહે છે. પરસ્પર એવાં અનુકૂળ પદો હોય કે તેને બદલે પર્યાય પદ મૂકી ન શકાય એવી ઉત્કૃષ્ટ રચના તે શય્યા છે. મલ્લિનાથ કહે છે કે જેમાં પદ પરિવૃત્તિ કે વિનિમય સહન ન કરે, અર્થાત્ અન્ય પર્યાયપદ વાપરી ન શકાય એવી રચના તે મૈત્રી. લૉર્ડ મેકૉલે પણ આવી મૈત્રી ઉત્તમ કવિનાં કાવ્યમાં હોય છે એમ સ્પષ્ટ કહે છે. તે કહે છે કે આપણે કવિતાની જાદુઈ શક્તિ વિષે ઘણી વાર સાંભળીએ છીએ. સામાન્ય રીતે એ શબ્દોનો અર્થ કંઈ નથી. પણ મિલ્ટનની કવિતાને એ શબ્દો લાગુ પાડીએ તો તે ઘણાજ ઉચિત છે. એની કવિતા મોહમંત્રના જેવી અસર કરે છે. તેની ખૂબી તેના વાચ્યાર્થ કરતાં વ્યંગ્યાર્થમાં રહેલી છે. પ્રથમ દૃષ્ટિએ જોતાં બીજા શબ્દો કરતાં એના શબ્દોમાં કંઈ વિશેષ માલમ પડશે નહિ; પણ એ શબ્દો તો મોહક શબ્દો છે. જેવા તે ઉચ્ચારાય છે કે તરતજ ભૂત ને વર્તમાન અને દૂર તે સમીપ થઈ જાય છે. તરતજ ચારુત્વનાં નવીન સ્વરૂપ અસ્તિત્વમાં આવે છે અને સ્મરણશક્તિમાંજ શબ્દવત્ સંગ્રહી રાખ્યું હોય છે તે જાગ્રત્ થઈ જીવનમય થાય છે. જો તમે વાક્યની રચનામાં ફેરફાર કરશો, એક શબ્દને બદલે તેનો પર્યાયશબ્દ મૂકશો, તો તે કાવ્યનું બધું સૌન્દર્ય નષ્ટ થઈ જશે. એ મિલ્ટન કવિના 'પૅરેડાઇસ લૉસ્ટ' નામના કાવ્યના કેટલાક ભાગનો અનુવાદ કરવામાં થયલી ડ્રાઇડન જેવા પ્રસિદ્ધ કવિની શોચનીય નિષ્ફળતા આનો પ્રસિદ્ધ પુરાવો છે.

પાક—પાક એટલે અર્થગાંભીર્ય, અર્થની પરિપક્વતા. તેના મુખ્ય બે ભાગ છે—દ્રાક્ષાપાક ને નાલિકેરપાક. જેમાં અંદર ને બહાર રસ રસ્પુરતો હોય તેને દ્રાક્ષાપાક કહે છે અને જેમાં રસ અંદર ઘણોજ ગૂઢ હોય તેને નારિકેલપાક કહે છે. આ પ્રમાણે પાક એ રસનો આસ્વાદવિશેષ છે. વિદ્યાધર કહે છે કે હમેશ અભ્યાસ કરનાર કવિ-

એનીજ વાણી પાક પામે છે. પાક એ રસને ઉચિત શબ્દનિષ્પત્તિ ને અર્થનિષ્પત્તિ છે પણ શબ્દપાક કરતાં ઉપર કહેલો અર્થપાકજ ઉત્તમ છે. કવિ ભવભૂતિના ઉત્તરરામચરિતમાં એવો પાક જોવામાં આવે છે. કાવ્યને અન્તે ભરતવાક્યમાં કવિએ કહ્યું છે તેમ એ નાટકની વાણી પરિપકવ થયલી, પરિપાક પામેલી પ્રજ્ઞાનું ફળ છે. એજ કવિની અન્ય કૃતિમાં વાણીનો ને અર્થનો એવો પરિપાક જોવામાં આવતો નથી.

રસ અને ભાવ—રસનું વર્ણન ઉપર કર્યું છે. દેવ, દ્વિજ, ગુરુપુત્ર, મિત્ર, આદિને વિષે જે રતિ હોય છે તે, સ્ત્રીપ્રતિની રતિ પણ પરિપુષ્ટ ન થઈ હોય તો તે, કે અન્ય સ્થાયિભાવ પણ પરિપુષ્ટ ન થયો હોય તો તે, તેમજ કોઈ વ્યભિચારી ભાવ વિભાવાદિથી પરિપુષ્ટ થવાથી ગૌણ જતો રહી પ્રધાન થાય છે તો તે **ભાવ** કહેવાય છે. આ પ્રમાણે દેવાદિ સર્વ પ્રત્યેની રતિ, કાન્તાદિવિષયક અપુષ્ટ રતિ, રસાવસ્થા પ્રાપ્ત ન થયલા હાસાદિ સ્થાયિભાવ, અને પ્રાધાન્યે વ્યંજિત થયલા વ્યભિચારિભાવ એ સર્વને ભાવ કહે છે.

સાત્ત્વિક ભાવ—સ્થાયિભાવ ને વ્યભિચારિભાવ ઉપરાંત આઠ બીજા ભાવ છે તે સાત્ત્વિક કહેવાય છે. સ્તંભ (શરીર જડ થઈ જવું તે), સ્વેદ (પરસેવો), રોમાંચ (રૂંવાં ઊભાં થવાં તે), સ્વરભંગ (અવાજમાં ફેરફાર), વેપથુ (કમ્પ), વૈવર્ણ્ય (ચહેરાની ફિકાશ), અશ્રુ (આંસુ), ને પ્રલય (મૂર્ચ્છા), એ આઠ સાત્ત્વિક ભાવ છે. એ અનુભાવ છે તોપણ એને આલંકારિકોએ પૃથક્ ગણ્યા છે તેનું કારણ એ છે કે અન્ય પુરુષના ભાવની સાથે એકભાવતામાંથી—પર હૃદય સાથે અત્યન્ત સમાનભાવમાંથી—એ ઉત્પન્ન થાય છે. પારકાના દુઃખ, હર્ષ આદિ ભાવોને વિષે અત્યન્ત અનુકૂળ અન્તઃકરણ તે સત્ત્વ. સત્ત્વમાંથી ઉત્પન્ન થતા ભાવ તે સાત્ત્વિક ભાવ. એવા અન્તઃકરણમાંથી ઉત્પન્ન થયલા હોવાથી સ્તંભાદિ સાત્ત્વિક ભાવ છે અને ભાવ સૂચવનાર વિકારરૂપ હોવાથી અનુભાવ પણ છે.

રસાભાસ ને ભાવાભાસ—રસ ને ભાવનું અનૌચિત્ય તે રસાભાસ ને ભાવાભાસ. ઉપનાયકને વિષે થયલી રતિ કે મુનિપત્ની કે ગુરુ-

પ્રતિ રતિ, બહુ નાયક વિષેની રતિ, અન્યોન્યનિષ્ઠ નહિ, પણ એકનિષ્ઠ રતિ, તેમજ પ્રતિનાયકનિષ્ઠ કે અધમપાત્રગત કે પશુગત રતિને શૃંગારમાં અનુચિત માની છે; માટે એવે સ્થળે રસ નથી; રસાભાસ છે. ગુરુ આદિ પ્રતિ કોપ એ એ પ્રમાણે રૌદ્ર રસમાં અનુચિત છે; અધમપાત્રનિષ્ઠ શમને શાન્ત રસમાં અનુચિત માન્યો છે. ગુરુ આદિને હસી કાઢવાથી હાસ્યરસનો આભાસ થાય છે. બ્રહ્મવધ આદિ માટે ઉત્સાહ કે અધમપાત્રગત ઉત્સાહને વીરરસમાં રસાભાસ માન્યો છે. તેમજ ઉત્તમ પાત્રમાં ભય એ ભયાનકમાં રસાભાસ થાય છે. એ પ્રમાણે અન્યત્ર સમજવું.

રસનું અનૌચિત્ય એજ તેના ભંગનું કારણ છે અને ઔચિત્ય એજ પરમ ઉત્કર્ષ છે.

અલંકારઃ પ્રકાર—ઉપર ગુણ અને અલંકારનો ભેદ દર્શાવ્યો છે તેમજ અલંકારનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે. જેમ હારાદિ શરીરના અલંકાર શરીરને શોભાવી તેની મારફત આત્માને આનંદ પમાડે છે, તેમ કાવ્યમાં અલંકાર શબ્દને ને અર્થને ઉત્કૃષ્ટ બનાવી રસને પોષે છે. અલંકાર શબ્દમાં ને અર્થમાં હોય છે. શબ્દના અલંકારને **શબ્દાલંકાર** અને અર્થના અલંકારને **અર્થાલંકાર** કહે છે. અનુપ્રાસ, યમક, વગેરે શબ્દાલંકાર છે; ઉપમા, રૂપક, આદિ અર્થાલંકાર છે. એ અલંકારોનો પરસ્પર સંબંધ થાય તોપણ તેલમાં ચોખાના દાણા જુદા રહે છે તેમ એક એકથી પૃથક્ રહે તો તે સંયોગ **સંસૃષ્ટિ** કહેવાય છે; અને દૂધ ને પાણી એકઠાં કરવાથી જેમ એકરૂપ થાય છે તેમ એ અલંકારોનો સમવાય હોય તો તે **સંકર** કહેવાય છે. સંસૃષ્ટિ ને સંકર એ બન્ને **મિશ્રાલંકાર** છે.

કાવ્યના પ્રકાર—જે કાવ્યમાં વાચ્ય અર્થ કરતાં વ્યંગ્ય અર્થ વધારે ચમત્કારી હોય તે ઉત્તમ કાવ્ય કે **ધ્વનિ** કહેવાય છે અને જેમાં વ્યંગ્ય અર્થ હોય નહિ કે હોય તો અસ્ફુટ હોય તે **ચિત્ર**

કાવ્ય કહેવાય છે. આલંકારિકોએ એને અધમ કાવ્ય માન્યું છે. શબ્દાલંકારવાળું કાવ્ય **શબ્દચિત્ર** ને અર્થાલંકારવાળું **અર્થચિત્ર** કહેવાય છે.

શબ્દાલંકાર—અનુપ્રાસ અને યમક એ શબ્દાલંકારમાં આવે છે. એકનો એક વર્ણ એટલે વ્યંજન વારંવાર આવે તેને અનુપ્રાસ કહે છે. એકનો એક સ્વર વારંવાર આવે તેમાં-ઝડમાં-ચમત્કાર નથી. ગુજરાતી કવિતામાં પૂર્વાર્ધને છેડે જેવા અક્ષર આવ્યા હોય છે, તેને મળતા અક્ષર ઉત્તરાર્ધને છેડે આવે છે, તેને **પ્રાસાનુપ્રાસ** કહે છે. ભિન્ન ભિન્ન અર્થવાળા કે અર્થરહિત બે કે વધારે અક્ષર એકજ ક્રમમાં ફરીને આવે છે ત્યારે યમક (ઝમક) થાય છે.

પ્રાસાનુપ્રાસ ને યમકના દાખલા:—

૧ 'ભણુવે ગતિ રાખ શનિશ્ચર **સારી**,
નહિ આગળ દોડ પછાત **વિસારી**.
પ્રથમે ધિરજે કર કામ **રૂપાળું**,
અભિઆસ થકી પછી વ્હેલું જ**સાળું**.' નર્મકાવ્ય

આમાં છેલ્લા બે પાદમાં પ્રાસાનુપ્રાસ ને પહેલા બેમાં યમક છે.

'રચવા રચનાર રે ધણી કરુણાળુ કરુણા કરો ઘણી.'

અર્થાલંકાર—અર્થાલંકારમાંના મુખ્ય વિષે ટૂંકું વિવેચન કર્યું છે. ઉપમા, રૂપક, વગેરે, અર્થના અલંકાર હોવાથી અર્થાલંકાર કહેવાય છે.

ઉપમા—બે પદાર્થ વચ્ચે ચમત્કારી સાદૃશ્ય વર્ણવ્યું હોય તો ઉપમાલંકાર થાય છે.

'બળમાં તે રાજા સિંહ જેવો છે,' આમાં રાજા એ વર્ણ્ય પદાર્થ **ઉપમેય** કહેવાય છે; કેમકે એને સિંહની સાથે સરખાવ્યો છે. જેની

સાથે વર્ણ્ય પદાર્થને સરખાવવામાં આવે છે તે **ઉપમાન** કહેવાય છે. ઉપલા દાખલામાં 'સિંહ' એ ઉપમાન છે. જે સાધારણ ગુણને લીધે બે પદાર્થની સરખામણી કરી હોય તે **સામાન્ય ધર્મ** કહેવાય છે. ઉપલા દાખલામાં 'બળ' એ સામાન્ય ધર્મ છે. 'જેવો' એ ઉપમા-વાચક—સામ્ય બતાવનાર શબ્દ કહેવાય છે.

પૂર્ણોપમા—જ્યારે ઉપમેય, ઉપમાન, સાધારણ ધર્મ, અને ઉપમાવાચક, એ બધાં આપ્યાં હોય ત્યારે **પૂર્ણોપમા** કહેવાય છે.

લુપ્તોપમા—પરંતુ ઉપમેય આદિમાંથી એકાદ ન આપ્યું હોય તો **લુપ્તોપમા** બને છે.

તે રાજા સિંહ જેવો છે—આમાં ધર્મ નથી આપ્યો, માટે **ધર્મલુપ્તા લુપ્તોપમા** કહેવાય છે.

ઉપમાનો દાખલોઃ—

'ગતે કરીને પવન સરિખો, ગંભીરતાએ સમુદ્ર,
દ્વેષે જાણે અનળ સરિખો, શીતળતાએ ચન્દ્ર.
સંગ્રામે સુરપતિ સરિખો, ગણેશ સરિખો ગુણવાન.'

ચન્દ્રહાસ—આખ્યાન, કડ૦ ૨૨મું

રૂપક—એક પદાર્થને બીજા પદાર્થના જેવો વર્ણવ્યો ન હોય, પરંતુ તેને બીજા પદાર્થનો આરોપ કર્યો હોય, બીજો પદાર્થજ છે એમ કહ્યું હોય, તો તે અલંકાર **રૂપક** છે.

દાખલોઃ—બળમાં તે રાજા સિંહ છે—

આ દાખલામાં રાજાને સિંહના જેવો કહ્યો નથી, પણ સિંહનું રૂપ આપ્યું છે, રાજાને સિંહત્વ લાગુ પાડ્યું છે.

ઇચ્છાનો અંકુર મનુષ્યમાત્રમાં જન્મથી ફૂટે છે—

આમાં પણ રૂપક અલંકાર છે. ઇચ્છાનો અંકુર—ઇચ્છારૂપી અંકુર.

ઇચ્છાંકુર મનુષ્યમાત્રમાં જન્મથી મુકાયલો છે—એમાં રૂપક કે ઉપમા લઈ શકાય; કેમકે 'ઇચ્છાંકુર'નો વિગ્રહ બે રીતે થઈ શકે છે. 'અંકુર જેવી ઇચ્છા' એમ ઉપમિત સમાસ લઈએ તો ઉપમા-લંકાર થાય છે. પણ 'ઇચ્છા એજ અંકુર' એવો વિગ્રહ કરી કર્મધારય સમાસ લઈએ તો અલંકાર રૂપક થાય છે. એ વાક્યમાં 'મુકાયલો છે'ને ઠેકાણે 'ફૂટે છે' હોય તો તેની સાથે 'અંકુર'નોજ સંબંધ ઘટે, 'ઇચ્છા'નો નહિ; માટે સમાસનો એવો વિગ્રહ કરવો જોઈએ કે તેમાં 'અંકુર' પદને પ્રાધાન્ય આવે; અર્થાત્, સમાસ કર્મધારયજ લેવો જોઈએ. એવા વાક્યમાં અલંકાર રૂપક થાય છે.

'ક્રોધ અગ્નિ, જાનકી જ્વાળા, પવન લક્ષ્મણ વીર;
રણયજ્ઞ શ્રીરામે કીધો, સમુદ્ર પેલે તીર.
પ્રેમાનન્દ—'રણયજ્ઞ', કડ૦ ૧લું

'વિભીષણને દીક્ષિત કીધા, હનુમાન લાવ્યો ઉપહાર;
બાણરૂપી સરવે હોમ્યો, રાક્ષસનો પરિવાર.'
પ્રેમા૦—'રણયજ્ઞ', કડ૦ ૧લું

'મહિમાએ મહાદેવ સરખો, તેજે કરીને ભાણ.'
ઉપમા રૂપક
પ્રેમા૦, ચન્દ્રહાસ—આખ્યાન, કડ૦ ૨૨મું

'પરનારી જેવી પાવકજ્વાળા, સાપણ વિખની વેલ.'
રણયજ્ઞ, કડ૦ ૧૦મું

આમાં ઉપમા ને રૂપક બન્ને છે.

અનન્વય—કોઈ વર્ણ્ય પદાર્થને એવો ચમત્કારિક રીતે વર્ણવ્યો હોય કે તેની બરાબરી તેજ કરે છે, બીજો કોઈ પદાર્થ કરી શકતો નથી એમ માંહેથી નીકળે તો તે **અનન્વય અલંકાર** છે.

રામરાવણનું યુદ્ધ રામરાવણના સમું.*

* रामरावणयोर्युद्धं रामरावणयोरिव એનું ભાષાન્તર

વસ્તુનું પોતાની સાથે સાદૃશ્ય વર્ણવવું તેનો હેતુ ખુલ્લોજ છે કે તે અનુપમ છે એમ સૂચવવું છે. વસ્તુનો પોતાનીજ સાથે અન્વય થતો નથી, માટે **અનન્વય** અલંકાર કહેવાય છે.

ઉપમેયોપમા—બે પદાર્થને અમુક ગુણમાં અન્યોન્ય સરખાવ્યા હોય તો તે ઉપમેયોપમા અલંકાર થાય છે. એ ગુણમાં તૃતીય પદાર્થ એ બેના જેવો નથી એમ સૂચવવું એ એ અલંકારનું પ્રયોજન છે. ઉપમેયની સાથે ઉપમા–સાદૃશ્ય બતાવ્યું છે, માટે ઉપમેયોપમા કહેવાય છે.

દાખલોઃ—

*સુગન્ધી નયનાનન્દી રમણીય સુરક્તતા;
પદ્મના સમ છે વક્ત્ર વક્ત્રના સમ પદ્મ છે.

જુદા જુદા ધર્મમાં પરસ્પર સાદૃશ્ય દર્શાવ્યું હોય તો તે ઉપમેયોપમા નહિ, પણ **પરસ્પરોપમા** કહેવાય છે.

તુજસમ વિદ્યુત્ ગૌરી, તન્વી વિદ્યુત્સમા ભવતી (તૂંએ).

તારા જેવી વીજળી ગૌરવર્ણની છે ને તું વીજળી જેવી સુકુમાર છે, એમ જુદા જુદા ધર્મમાં પરસ્પર ઉપમા છે, માટે પરસ્પરોપમા કહેવાય છે.

પ્રતીપ—'પ્રતીપ' એટલે ઉલટું. એના મુખ્ય બે પ્રકાર છે. (૧) ઉપમાનનું કાર્ય ઉપમેય કરે છે તો ઉપમાનનું શું કામ છે એમ ઉપમાનનો આક્ષેપ જેમાં હોય તે, અને (૨) ઉપમેયને ઉપમાન તરીકે વર્ણવવું તે.

---

* સુગન્ધિ નયનાનન્દિ મદિરામદપાટલમ્ ।
મન્મોજમિવ વક્ત્રં તે ત્વદાસ્યમિવ પઙ્કજમ્ ॥ એ પરથી

દાખલા:—

(૧) *પ્રતાપરુદ્રની કીર્તિ, સર્વત્ર જ્વલિતે સતે,
ઉદય શા સારૂ પામે, નિર્લજ્જ શશલાંછન.

(૨) ખરેખર, રાજકુળમાં એ લક્ષ્મીપતિ (વિષ્ણુ)જ છે અલ્પજ્ઞ પુરુષો એની સાથે સુમેરુ પર્વતને શા માટે સરખાવે છે?

વ્યતિરેક—સામાન્ય રીતે ઉપમાનમાં ઉપમેય કરતાં અધિક ગુણ હોય છે; છતાં કવિ ઉપમેયને ઉપમાન કરતાં ચઢિયાતું વર્ણવે તો તે **વ્યતિરેક** અલંકાર થાય છે; કેમકે ઉપમેયમાં ઉપમાન કરતાં આધિક્ય વર્ણવ્યું છે. વ્યતિરેક=આધિક્ય.

'ગંભીરતામાં વર્ણવું, પણ અર્ણવમાં ખારાશ.' નળાખ્યાન

અહિં પ્રેમાનન્દે નળ રાજાને સમુદ્ર સાથે સરખાવી ખારાશના અભાવને લીધે સમુદ્ર કરતાં ચઢિયાતો વર્ણવ્યો છે.

અર્થાન્તરન્યાસ—જેમાં સામાન્ય હકીકતથી વિશેષ હકીકતનું કે વિશેષ હકીકતથી સામાન્ય હકીકતનું સમર્થન કર્યું હોય તે **અર્થાન્તરન્યાસ** કહેવાય છે. અર્થાન્તરન્યાસ એટલે અન્ય અર્થનો ઉપન્યાસ—વર્ણન. અર્થાત્, જેમાં એક અર્થને—સામાન્યને કે વિશેષને—પુષ્ટિ આપવા બીજો અર્થ—વિશેષ કે સામાન્ય—વર્ણવ્યો હોય તે અર્થાન્તરન્યાસ.

દાખલો:—

'સીતા સમાણી સતી કોણ થાણી,
પતિ પ્રતિજ્ઞાય સદા પ્રમાણી;
કુરંગ હણવા મતિ ભ્રષ્ટ કીધી,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ.'

---

* कीर्तौ प्रतापरुद्रस्य विलसन्त्यां दिगन्तरे।
किमर्थमुदयत्येष निर्लज्जः शशलाञ्छनः॥ પરથી

'વિનાશકાલે વિપરીત બુદ્ધિ' એ સામાન્ય હકીકત છે. સર્વની બુદ્ધિ વિનાશકાળે વિપરીત થાય છે એમ સર્વને લાગુ પડે છે. એ સામાન્ય બાબતથી વિશેષ બાબતનું–ઉપરની ત્રણ લીટીમાં વર્ણવેલી સીતાની બાબતનું–સમર્થન થાય છે; માટે અર્થાન્તરન્યાસ અલંકાર છે.

ઉત્પ્રેક્ષા—ઉત્પ્રેક્ષા એટલે સંભાવના. કંઈક કારણથી એક વસ્તુની બીજી વસ્તુ તરીકે સંભાવના કરી હોય ત્યારે એ અલંકાર થાય છે. 'જાણે,' 'શકે,' 'રખે' એવા શબ્દ ઉત્પ્રેક્ષાના વ્યંજક છે. એવો કોઈ શબ્દ ન હોય તો ઉત્પ્રેક્ષા ગમ્ય કહેવાય છે.

'સકલ વનલતા પણ જાણે આંસુ ખરેખરાં પાડે;
તેમ પત્ર વેરે છે, ઉભરા એવા પ્રકારથી કાઢે.'

આમાં ઉત્પ્રેક્ષા અલંકાર છે. લતા ઉપરથી પત્ર પડે છે તે આંસુ ન હોય એવી કવિએ સંભાવના કરી છે. 'જાણે' શબ્દ ઉત્પ્રેક્ષાદ્યોતક છે.

'વેલ જાણે હેમની અવેવકૂલે કૂલી,
ચકિત ચિત્ત થયું માહરું ને ગયો દ્રુતત્વ ભૂલી.' નળાખ્યાન.

—આ દમયન્તીના વર્ણનમાં રૂપક ને ઉત્પ્રેક્ષા છે. 'અવેવકૂલ' ને હેમની વેલ' એ રૂપકના દાખલા છે. દમયન્તીના શરીરને હેમની લતાનું રૂપ આપ્યું છે. આમ અવયવિરૂપક બને છે. 'જાણે' શબ્દ મૂકીને કવિએ એમ બતાવ્યું છે કે દમયન્તીનું શરીર પ્રત્યક્ષ અવયવ-કૂલે કૂલેલી કનકની લતારૂપ નહોતું; પરંતુ જાણે તેવું હોય એમ લાગતું હતું. આમ રૂપકને કવિએ ઉત્પ્રેક્ષામાં બદલી નાખ્યો છે. 'જાણે' શબ્દને લીધે ઉત્પ્રેક્ષા વાચ્ય છે.

'કોપ્યું રાવણ ભૂપનું મુખ જોતાં, અમર નારનાં વદન
અંત્રિક્ષ રોતાં;
શું પ્રલે કરવા શિવે કોપ કીધો, શકે રાવણે કાળનો વેશ લીધો.'

'રણયજ્ઞ', કડ૦ ૨૦મું

આમાં રાવણની સંભાવનાને પ્રલયકાળના શિવ ને કાળ તરીકે વર્ણવી છે. 'શું' ને 'શકે' એ ઉત્પ્રેક્ષાનાં વ્યંજક છે.

નીચેના કાવ્યમાં ઉત્પ્રેક્ષા છે:—

'શશાંકનો છેક ઘટ્યો પ્રકાશ, કેવો દિસે પશ્ચિમ દીશ પાસ;
જાણે બજાવા ઘડી પૂર્ણ થાતે, આકાશ ટાંગી ઘડીઆળ આ તે.
અંધેર ટાળી ન શક્યો શશાંક, પડ્યો શશીને શિર એક વાંક;
તેનો રવિદેવ તપાસ લીધો, જાણે શશીને પદભ્રષ્ટ કીધો.'

શ્લેષ—જે વર્ણન પ્રકૃતને એટલે વર્ણ્ય પદાર્થને તેમજ અપ્રકૃતને—અવર્ણ્યને શબ્દના બે અર્થને લઈને લાગુ પડે તે વર્ણન શ્લેષાલંકારયુક્ત કહેવાય છે. શ્લેષ એટલે બે અર્થનું એક શબ્દમાં એક થવું.

દાખલો:—

ઉદય પામે છે, દિશાના માલિન્યને દૂર કરે છે, નિદ્રાનો નાશ કરે છે, ક્રિયાને પ્રવૃત્ત કરે છે; જુઓ, આ તેજનો અંબાર વિભાકર ઊગે છે—

આ વર્ણન રાજાને—વર્ણ્યને તેમજ સૂર્યને—અવર્ણ્યને લાગુ પડે છે; કેમકે પદો શ્લિષ્ટ—બે અર્થવાળાં છે.

પરિસંખ્યા—એકત્ર ત્યાગ ને અન્યત્ર નિયમ તે પરિસંખ્યા. અમુક પદાર્થનું અસ્તિત્વ એક સ્થળે વર્ણવ્યું છે ને અન્યત્ર તે નથી એમ કહ્યું હોય કે સમજી લેવાનું હોય તે **પરિસંખ્યા** અલંકાર કહેવાય છે.

દાખલો:—તે રાજાના નગરમાં મદાન્ધતા હાથીઓમાંજ હતી.

આમાં બે અલંકાર છે, શ્લેષ અને પરિસંખ્યા. શ્લેષે કરીને 'મદાન્ધતા'ના બે અર્થ થાય છે. ઉત્તમ હાથીના લમણામાંથી જુવાનીમાં જે રસ નીકળે છે તેને મદ કે દાન કહે છે. આમ 'મદ'ના બે અર્થ છે—૧. સુગંધીદાર રસ; ૨ અહંકાર. હાથીના લમણામાંથી

મદ નીકળતો, તેથી તેઓ અન્ધ-ઉન્મત્ત હતા ('અન્ધ' શબ્દ લક્ષ્યાર્થમાં છે); પણ પ્રજામાં કોઈ અહંકારથી અંધ ન હતું. અહિં પરિસંખ્યા ગમ્ય છે. 'મદાન્ધતા હાથીઓમાં હતી, પ્રજામાં નહિ' એમ હોય તો પરિસંખ્યા ઉક્ત થાય. એમાં પ્રજામાં મદાન્ધતાનો ત્યાગ વર્ણવ્યો છે ને હાથીમાં તેનો નિયમ વર્ણવ્યો છે. એકત્ર ત્યાગ ને અન્યત્ર નિયમ તે પરિસંખ્યા.

'નળના રાજ્યમાં બંધન નામે, એક પુસ્તકને બંધનજી;
દંડ એક શ્રીપાતને હાથે, ધન્ય વીરસેન નન્દનજી.'
'ભય એક તસ્કરને વરતે, કમાડને વિજોગજી,'

નળાખ્યાન, કડ૦ ૬૪મું

વળી,

'જુગ્મ કપાટ વિજોગ પુરમાં, જુઆં રહે અષ્ટ જામજી.
ઉચ્ચાટ એક અધર્મીને વર્તે, સકંપ એક ધ્વજાજી.'

નળા૦, કડ૦ ૧૪મું

દૃષ્ટાન્ત—બે વાક્યોમાં ઉપમાન અને ઉપમેયની વચ્ચે તેમજ તેમના સાધારણ ધર્મોની વચ્ચે બિંબપ્રતિબિંબભાવનું—સાદૃશ્યનું વર્ણન હોય તો તેમાં અલંકાર દૃષ્ટાન્ત છે.

દાખલા:—

હે ઈશ્વર! તારૂં સ્મરણજ મનુષ્યને પવિત્ર કરે છે, તો એ સ્મરણની સાથે સ્તુતિ હોય તો તે તેને કેટલો બધો પવિત્ર કરે! દૂધ જાતેજ મીઠું છે તો ખાંડ ભેળેલું દૂધ કેટલું બધું મીઠું થાય!

આમાં બે વાક્યોમાં નીચે પ્રમાણે બિંબપ્રતિબિંબભાવ છે:—

ઉપમેય	ઉપમાન	સામાન્ય ધર્મ	
સ્મરણ	દૂધ	પવિત્ર કરે છે	મીઠું છે
સ્તુતિયુક્ત	ખાંડ ભેળેલું	વધારે	વધારે
સ્મરણ	દૂધ	પવિત્ર કરે છે.	મીઠું થાય છે.

'સ્મરણ' ને 'દૂધ'ની વચ્ચે, 'પવિત્ર કરે છે' ને 'મીઠું છે'ની વચ્ચે, સ્તુતિયુક્ત સ્મરણ' ને 'ખાંડ ભેળેલું દૂધ', અને 'વધારે પવિત્ર કરે છે' અને 'વધારે મીઠું થાય છે'ની વચ્ચે બિંબપ્રતિબિંબભાવ–સાદૃશ્ય છે.

૨. તને જોઈનેજ તેનું તપ્ત મન શાન્ત પામે છે. ચન્દ્રને જોઈને કુમુદ્વતીનું કરમાયલું પુષ્પ વિકસે છે.

આમાં 'તને' ને 'ચન્દ્રને', 'તેનું તપ્ત મન' અને 'કુમુદ્વતીનું કરમાયલું પુષ્પ', 'શાન્ત પામે છે' અને 'વિકસે છે' વચ્ચે બિંબ-પ્રતિબિંબભાવ છે.

બંને ઉદાહરણોમાં સાધર્મ્યથી દૃષ્ટાન્ત છે. બંને વાક્યોમાં ધર્મનું સામ્ય છે.

વૈધર્મ્યથી દૃષ્ટાન્તનું ઉદાહરણ નીચે આપ્યું છે:—

૩. સાહસવીર! તને ખડ્ગ પર હાથ મૂકતો જોઈ શત્રુના સૈનિકો નાસી જાય છે; ખરેખર, વાયુ ન હોય ત્યારે ધૂળ સ્થિર હોય છે.

'તું' ને 'વાયુ', 'શત્રુના સૈનિકો' ને 'ધૂળ' વચ્ચે બિંબ-પ્રતિબિંબભાવ છે અને 'નાસી જાય છે' અને 'સ્થિર હોય છે'ની વચ્ચે વૈધર્મ્ય છે. આ પ્રમાણે આ ઉદાહરણ વૈધર્મ્યથી દૃષ્ટાન્તનું છે.

'મેઘવીજવાયૂ થકી, ડોલે નહિ ગિરિરાય;
આધિવ્યાધિઉપાધિથી વ્રતાળિ ચલિત ન થાય.'

નર્મકવિતા, પૃ૦ ૪૨૬

'સહકાર ફળ વામણો ઇચ્છે, અપંગ તરવા સિંધુ;
તેમ દાસ તારો હું ઇચ્છું છઉં, બાંધવા પદબંધુ.'

પ્રેમાનન્દ—'ઓખાહરણ' કડ૦ ૧લું

અતિશયોક્તિ—જેમાં વર્ણ્ય પદાર્થનું અવર્ણ્ય પદાર્થે નિગરણ કર્યું હોય, અર્થાત્, જેમાં વર્ણ્ય પદાર્થ બીલકુલ વપરાયોજ ન હોય

અને તેને બદલે અવર્ણ્ય પદાર્થ મુકાયો હોય અને એવી રીતે બેનું અધ્યવસાન—ઐક્ય થયું હોય ત્યાં અતિશયોક્તિ અલંકાર કહેવાય છે.

અતિશયોક્તિના પાંચ પ્રકારમાંનો આ પહેલો પ્રકાર છે. એમાં જે બે પદાર્થો ભિન્ન હોય છે તેને અભિન્ન તરીકે વર્ણવ્યા હોય છે. આ પ્રકારને **ભેદમાં પણ અભેદ** કહે છે.

દાખલાઃ—

૧. અરુણે સોનાની કુંચી વડે પૂર્વનો દરવાજો ઉઘાડ્યો.

૨. લતાને મૂળે છે હરિણવિહિણો ચન્દ્ર લસતો.
લતાના મૂળમાં હરણ વગરનો ચન્દ્ર લીન થયો છે.

પહેલા દાખલામાં પિળાશ અને રતાશ પડતાં કિરણોને સોનાની કુંચી કહી છે અને પૂર્વ દિશાના આકાશના ભાગને પૂર્વનો દરવાજો કહ્યો છે. 'કિરણ'ને 'આકાશ ભાગ' એ ઉપમેયનું—વર્ણ્ય પદાર્થનું નિગરણ એટલે ભક્ષણ થયું છે. અર્થાત્, એ શબ્દો બિલકુલ વપરાયાજ નથી. કોણે ભક્ષણ કર્યું છે? તેને બદલે વપરાયલા 'સોનાની કુંચી' અને 'પૂર્વનો દરવાજો' એ શબ્દોએ.

બીજા દાખલામાં 'અંગયષ્ટિ' ને 'લતા' ને 'કલંકરહિત મુખ' ને 'હરણ વગરનો ચન્દ્ર' કહ્યો છે. 'લતા'એ 'અંગયષ્ટિ'નું ને 'હરણ વગરના ચન્દ્રે' 'નિષ્કલંક મુખ'નું નિગરણ કર્યું છે.

આ પ્રમાણે આ પ્રકારમાં બે પદાર્થો ભિન્ન છે તેને અભિન્ન તરીકે વર્ણવ્યા છે.

(૨) અભેદમાં ભેદ—બીજો પ્રકાર એથી ઉલટો છે. એમાં અભેદમાં ભેદ વર્ણવાય છે—જે પદાર્થો અભિન્ન હોય છે તેને ભિન્ન તરીકે વર્ણવેલા હોય છે; જેમકે,

તે રાજાની ઉદારતા ઓરજ છે, તેમજ ગંભીરતા પણ ઓરજ છે, તે બ્રહ્માની સૃષ્ટિ નથી.

અહિં ઉદારતા ને ગંભીરતા અન્ય ઉદારતા ને ગંભીરતાથી ભિન્ન નથી, છતાં ભિન્ન તરીકે વર્ણવી છે; માટે આ પ્રકારને અભેદમાં ભેદ કહે છે.

(૩) (૪) સંબંધમાં અસંબંધ અને અસંબંધમાં સંબંધ—સંબંધ હોય છતાં અસંબંધ હોય એમ વર્ણન કર્યું હોય તે ત્રીજો પ્રકાર છે અને એથી ઉલટો ચોથો પ્રકાર છે.

દાખલો:—

નિષ્કલંક ચન્દ્રબિમ્બ, પુનેમમાં કદા ઉદય જો પામે;
નિશ્ચે તેના સામ્યે, વદન આ પરાભવે પામે.

પૂર્ણિમાને દિવસે કલંકરહિત ચન્દ્ર ઊગે તો આ સ્ત્રીનું મુખ તેની સમાનતાથી પરાભવ પામે.

અહિં પૂર્વ ભાગમાં કલંકના અભાવની સાથે ચન્દ્રનો અસંબંધ છે તોપણ સંબંધ વર્ણવ્યો છે અને ઉત્તર ભાગમાં સમાનતાની સાથે મુખનો સંબંધ છે તોપણ અસંબંધ વર્ણવ્યો છે.

આર્યે! અગ્નિમાં ઠંડક હોય ને સૂર્યમાં અંધકાર હોય તો તારામાં દોષ હોય.

અહિં અગ્નિમાં ઠંડકનો સંબંધ નથી તોપણ સંબંધ વર્ણવ્યો છે, તેમ સૂર્યમાં અંધકારનો અસંબંધ છે, છતાં સંબંધ વર્ણવ્યો છે; તેમજ તારામાં દોષનો સંબંધ છે, છતાં અસંબંધ વર્ણવ્યો છે.

હે રાજન્! કલ્પતરુના પલ્લવ કરતાં તારા હાથમાં આટલું વિશેષ છે; પલ્લવ કર્ણને શોભાવે છે; તારો હાથ કર્ણનો (કર્ણ રાજાનો) તિરસ્કાર કરે છે.

આમાં રાજાની ઉદારતા કર્ણની ઉદારતા કરતાં વિશેષ છે એ વર્ણવવાનો ઉદ્દેશ છે. અહિં કર્ણ શબ્દના બે અર્થ ભિન્ન છે.

પમો પ્રકાર—કાર્યકારણનો સ્વાભાવિક ક્રમ એવો છે કે કારણ પહેલું ને કાર્ય પછી થાય છે. એ સ્વાભાવિક ક્રમને કાઢી નાખી

બંનેને સાથેજ થતાં વર્ણવવાં કે કાર્યને કારણની પહેલાં થતું વર્ણવવું એ અતિશયોક્તિનો પાંચમો પ્રકાર છે; જેમકે,

તે વીર પુરુષ ધનુષ્ પર બાણ ચઢાવે છે કે તેની સાથેજ કે તેની પહેલાં શત્રુઓ નાસી જાય છે.

કાર્ય પ્રથમ ને કારણ પછી એને 'કુવલયાનંદ'માં 'ચપલાતિશયોક્તિ' કહી છે.

આ બધા અતિશયોક્તિના પ્રકારમાં વર્ણ્ય પદાર્થનો અતિશય–ઉત્કર્ષ વર્ણવવાનો હોય છે; માટે એ અતિશયોક્તિ કહેવાય છે.

નિદર્શના—બે વસ્તુ વચ્ચે સંબંધ ન ઘટે તેથી ઉપમાની કલ્પના કરવી પડે ને તેમાં પર્યવસાન થાય તો અલંકાર **નિદર્શના** કહેવાય છે.

'બોલ મા બોલ મા બોલ મા રે રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા,
સાકર શેરડીનો સ્વાદ તજીને કડવો તે લીમડો ઘોળ મા રે, રાધાકૃષ્ણ૦'

રાધાકૃષ્ણ વિના બીજું બોલવું તે સાકરશેરડીનો સ્વાદ તજીને કડવો લીમડો ઘોળવા જેવું છે, એવો અર્થ છે.

અલ્પ બુદ્ધિવાળો હું ક્યાં ને સૂર્યમાંથી ઉત્પન્ન થયલા રઘુઓનો વંશ ક્યાં ? હું એક હોડકા વડે સમુદ્ર તરવા ઇચ્છું છું.

— એટલે અલ્પ બુદ્ધિવાળો રઘુવંશ વિષે કાવ્ય કરનારો હું હોડકા વડે સમુદ્ર તરવા ઇચ્છનારના જેવો છું.

'માત પિતાની આજ્ઞા, પુત્ર જે પ્રતિપાળે,
તેને અડસઠ તીર્થ ઘર વિષે, એમ કહ્યું દીન દયાળે.'

પ્રેમા૦–'વામનચરિત્ર', કડ૦ ૭મું

જે માબાપની આજ્ઞા પાળે છે તેના ઘરમાં અડસઠ તીર્થ વસતાં હોય એવું છે.

'એ તો બળિયા સાથે બાથ, હોરે હઠીલા રાણા,
એ તો તરવું છે સાગર–નીર, હોરે હઠીલા રાણા'

ઓખાહરણ, કડ૦ ૨૯મું

આ પ્રમાણે પદાર્થ કે વાક્યાર્થ વચ્ચે સંબંધ ન ઘટતો હોય ને તે ઘટાવવા ઉપમાનો આશ્રય લેવો પડે ને એ રીતે ઉપમામાં પર્યવસાન થાય તો અલંકાર નિદર્શના કહેવાય છે.

વ્યાજસ્તુતિ—સ્તુતિદ્વારા નિન્દા ને નિન્દાદ્વારા સ્તુતિ એ **વ્યાજસ્તુતિ** અલંકાર કહેવાય છે. વ્યાજથી (નિન્દાદ્વારા) સ્તુતિ ને વ્યાજરૂપ (ખોટી) સ્તુતિ અર્થાત્, સ્તુતિદ્વારા નિન્દા એમ બે અર્થમાં એ શબ્દનો અર્થ કરવો.

આહા! શી તમારી ચતુરાઈ, કેવો ભાષા પર તમારો કાબૂ, કેવા ઉત્તમ વિચાર! ——— ઉપરથી સ્તુતિ છે, પણ નિન્દા ગમ્ય છે. હે રાજન્! તારી કીર્તિએ શું ધોળું કર્યું છે? શત્રુના મુખ પર તો કાળાશ દેખાય છે. ——— આમાં નિન્દા ઉક્ત છે ને સ્તુતિ ગમ્ય છે. આમાં વિપરીતલક્ષણા છે.

વિષમ—બે વસ્તુ વચ્ચે અત્યન્ત અંતર વર્ણવેલું હોય છે તો અલંકાર વિષમ કહેવાય છે.

ક્યાં કુદરતની અદ્ભુત ને અલૌકિક શોભા ને ક્યાં મારી ક્ષુદ્ર ને દરિદ્ર વર્ણન શક્તિ!

'આપણ જીવ ને એ ભગવાન, હોરે હઠીલા રાણા
આપણે આગીઆ ને એ ભાણ, હોરે૦

રણયજ્ઞ, કડ૦ ૧૧મું

'કાંહાં રવિ ને કાંહાં આગીયો, કહાં જોગી ને કહાં શ્રીહરી.'

સુધન્વા–આખ્યાન, કડ૦ ૨૬મું

સહોક્તિ—બે પદાર્થનું સાથે હોવું ચમત્કારિક રીતે વર્ણવ્યું હોય ત્યાં એ અલંકાર છે. 'સહ' ('સાથે')ના અર્થના અન્વયબળથી એકાર્થપદ અનેકાર્થવાચક થાય છે; ત્યાં **સહોક્તિ** અલંકાર કહેવાય છે.

જુવાની આવે છે એટલે બાળપણ સાથે વડીલ તરફનો સ્નેહ જતો રહે છે, છાતીની સાથે અભિલાષા વિસ્તાર પામે છે, બળની સાથે મદ વધે છે.

વિનોક્તિ—એકના વિના બીજું શોભે નહિ એવું કે શોભે એવું ચમત્કારિક રીતે વર્ણવ્યું હોય તો **વિનોક્તિ** અલંકાર થાય છે.

'ચન્દ્ર વિના જેમ જામની રે, દીપ વિના જેમ ધામ;
ત્યમ વિભીષણ બાન્ધવ વિના, દિસે ઉજ્જડ લંકા ગામ, વીરા'

રણયજ્ઞ, કડ૦ ૧૦મું

વિનયે વિણ શ્રી કેવી કેવી ચન્દ્ર વિના નિશા,
રહિતા સત્કવિત્વેથી કેવી વાણીવિદગ્ધતા.

તે દુષ્ટ મિત્ર વિના ચન્દ્ર જેવો નિર્મળ રાજા શોભે છે.

વિરોધાભાસ—જ્યાં શ્લેષથી પદના બે અર્થ હોય, એક અર્થમાં બે પદાર્થ વચ્ચે વિરોધ હોય ને બીજા અર્થથી તે વિરોધનું નિરાકરણ કર્યું હોય—સમાધાન થયું હોય ત્યાં વિરોધ દેખીતો હોવાથી વિરોધ નથી, પણ વિરોધનો આભાસ છે; માટે અલંકાર વિરોધાભાસ કહેવાય છે.

હે શંકર! તમે શૂલ (૧ ત્રિશૂલ—શિવનું આયુધ; ૨. એક પ્રકારનો રોગ) ધારણ કરો છો તોપણ રોગરહિત છો અને વિષમ નેત્ર (૧ વિષમ=૧ એકી સંખ્યાવાળું—શિવને ત્રણ નેત્ર છે; ૨. સમતા-રહિત) છો, તોપણ સમદૃષ્ટિવાળા (સમ=૧. બેકી સંખ્યાવાળું; ૨. સરખું) છો.

અપ્રસ્તુતપ્રશંસા—અપ્રસ્તુતનું–જેને વર્ણવવું નથી તેનું–વર્ણન કરવું પરંતુ તેથી પ્રસ્તુત સમજાય તો અલંકાર અપ્રસ્તુત-પ્રશંસા થાય છે. અર્થાત્, જેનું વર્ણન કરવું હોય તેનું વર્ણન ન કરતાં તેને લાગુ પડે એવું બીજાનું વર્ણન કરવું તે અપ્રસ્તુતપ્રશંસા (અપ્રસ્તુત=અવર્ણ્ય ને પ્રશંસા=કથન, વર્ણન; સ્તુતિ નહિ). આ અલંકારને **અન્યોક્તિ** પણ કહે છે.

૧. હે ચાતક મિત્ર! સાંભળ, જે જે મેઘને દેખે તે તે તરફ દીન વાણી મા બોલ.

આમાં ચાતકનું વર્ણન અપ્રસ્તુત છે; તેથી સ્વાભિમાન રાખવું, ખુશામદ ન કરવી, એ પ્રસ્તુત ગમ્ય થાય છે; માટે અલંકાર અપ્રસ્તુત-પ્રશંસા છે.

૨. 'ન માનો કહ્યું કંથ રીસાળ રગિયા, કયમ સૂર્યથી દીપે કોટિ અગિયા,
કયમ હરણે જીતે વઢે વાઘ સાથે, કુંજર જીત્યો કદી સુણ્યો સિંહ સાથે.'

રણયજ્ઞ, કડ૦ ૨૦મું

રાવણને મન્દોદરી કહે છે કે કોટી આગીઆ પણ સૂર્યને જીતતા નથી; હરણ વાઘને જીતતું નથી ને હાથી સિંહને જીતતો નથી. આ બધું અપ્રસ્તુતોનું વર્ણન છે; તેથી પ્રસ્તુતનું–રાવણ રામને જીતી શકનાર નથી તેનું–સૂચન થાય છે; માટે અલંકાર અપ્રસ્તુત પ્રશંસા છે.

સ્વભાવોક્તિ—ચારુ યથાવત્ વસ્તુવર્ણન જેમાં હોય તે **સ્વભાવોક્તિ** અલંકાર છે.

દાખલો:–

સુખકરા મધુરા મધુરાનના અનલસા ચપલા ચપલાસમા;
વિવિધ ખેલન ખેલત બાલિકા કયમ ન એ બહુ લોચનચન્દ્રિકા.

આમાં બાળાનું વર્ણન છે. કવિ કાલિદાસનું

ઝળકન્ત દન્તકળિઓ અનિમિત્ત હાસે,
વાણી વળી કલકલી મધુરી લવે જે

ખોળે ઇછે રમત બાળક જે ધરે તે
ધન્યોજ અંગરજચિહ્ન થકી છવાય.

आलक्ष्यदन्तः कुलाननिमित्तहासैः° એ પદ્ય ને ભવભૂતિનું **अनियतरुदितस्मितं विराजत्°** એ તેમજ જેમાં અશ્વનું વર્ણન છે એ પદ્યો સ્વભાવોક્તિનાં ઉત્તમ દૃષ્ટાન્ત છે.

આક્ષેપ–જે કહેવા ઇચ્છતા હોઇએ તેનો જાણે નિષેધ કરતા હોઇએ તેવી રીતે–નિષેધાભાસથી વર્ણન કર્યું હોય ત્યાં આક્ષેપાલંકાર થાય છે.

રે ખલ તુજ સઉ ચરિતો સુજનો પાસ્વેં વિવિકત કરૂં હું ને,
નહિ નહિ રે પાપાત્મન્! કથાપિ તુજ મે અવધા છે.

તારી કથા પણ કહેવી યુક્ત નથી. તારા નામથી ને વિચારથી પણ દૂર રહેવું જ ઇષ્ટ છે.

અપહ્નુતિ–ઉપમેયનો નિષેધ કરીને, એટલે તે અસત્ય છે એમ વર્ણવીને, ઉપમાનને જ્યાં સત્ય તરીકે વર્ણવ્યું હોય ત્યાં અપહ્નુતિ અલંકાર છે. એમાં વસ્તુ તે વસ્તુ નથી, પણ અન્ય વસ્તુ છે એમ ચમત્કારથી વર્ણન કરેલું છે.

'નારિ તારિ નાસિકાનો મોર, નો'ય ભૂષણ ચિત્તનો ચોર.
રક્ત અધર હસે મંદ મંદ, નહિ લાસ્ય એ મોહનો ફંદ.'

પ્રેમાનન્દ–ઓખાહરણ', કડવું ૨૨મું

અહિં ભૂષણ છે તેને ભૂષણ નથી એમ કહી ચિત્તના ચોર તરીકે વર્ણવ્યું છે; હાસ્યને હાસ્ય નથી એમ વર્ણવી મોહનો ફંદ કહ્યું છે.

બીજા અલંકારો–ભ્રાન્તિમત્, સસંદેહ ભાવિક, વગેરે સમજી લેવા. અહિં મુખ્ય અલંકાર વર્ણવ્યા છે.

દ્રશ્ય ને શ્રવ્ય–ધ્વનિ ને ચિત્ર કાવ્ય એવા કાવ્યના પ્રકાર અગાઉ દર્શાવ્યા છે, તે ઉપરાંત દ્રશ્ય ને શ્રવ્ય એવા બે પ્રકાર છે. જે દેખી શકાય તે દ્રશ્ય ને સાંભળી શકાય તે શ્રવ્ય. નાટકાદિ દ્રશ્ય છે ને 'નળાખ્યાન' આદિ શ્રવ્ય છે. જેનો અભિનય થઈ શકે એટલે રંગભૂમિ પર ભજવી શકાય તે નાટકાદિ. એમાં એકનું રૂપ–વેશ બીજો ધારણ કરે છે, માટે એ રૂપક કહેવાય છે. નાટક એ એક પ્રકારનું રૂપક છે. રૂપકના દસ પ્રકાર છે, તેમાં નાટક ને પ્રકરણ સામાન્ય છે. રૂપકોમાં જે મુખ્ય પુરુષ વર્ણવ્યો હોય છે તે નાયક કહેવાય છે ને મુખ્ય સ્ત્રી વર્ણવી હોય છે તે નાયિકા કહેવાય છે.

વસ્તુઃ પ્રકાર—પ્રબન્ધનું વસ્તુ કે ઇતિવૃત્ત (પ્રબન્ધમાં જે કંઈ વર્ણવ્યું હોય તે) બે પ્રકારનું હોય છેઃ—આધિકારિક ને પ્રાસંગિક. મુખ્ય વસ્તુ તે આધિકારિક ને પ્રસંગે વર્ણવેલું તે પ્રાસંગિક. 'રામાયણ'માં રામ સીતાનો વૃત્તાન્ત એ આધિકારિક વસ્તુ અને પ્રસંગે સુગ્રીવાદિનો વૃત્તાન્ત વર્ણવ્યો છે તે પ્રાસંગિક છે. પ્રાસંગિક વસ્તુમાં મોટી કથા—સુગ્રીવની છે તેવી—તે પતાકા ને નાની કથા—જટાયુની છે તેવી—તે પ્રકરી કહેવાય છે. એ દરેકના પાછા ત્રણ પ્રકાર છેઃ—પ્રખ્યાત, ઉત્પાદ્ય, અને મિશ્ર. ઇતિહાસમાં પ્રસિદ્ધ એવી વસ્તુ તે પ્રખ્યાત, કવિકલ્પિત તે ઉત્પાદ્ય, અને જેમાં એનું મિશ્રણ હોય તે મિશ્ર. 'નળખ્યાન'માં વસ્તુ પ્રખ્યાત છે, 'કાદમ્બરી', 'માલતી માધવ', આદિમાં વસ્તુ ઉત્પાદ્ય છે. 'ઉત્તરરામચરિત'માં વસ્તુ મિશ્ર છે.

નાયકના પ્રકાર—નાયકના ચાર પ્રકાર છે—ધીરોદાત્ત, ધીરોદ્ધત, ધીરલલિત, અને ધીરપ્રશાન્ત. નાયકમાત્રમાં ધૈર્ય, વીર્ય, ઉત્સાહ, વગેરે કેટલાક ગુણ હોવા જોઈએ. ધીરોદાત્ત ધીર અને ઉદાત્ત—ઊંચાં લક્ષણવાળો, આત્મશ્લાઘારહિત હોય છે. રામ, યુધિષ્ઠિર, એ એવા નાયક છે. ધીર પણ દર્પયુક્ત–ઉદ્ધત તે ધીરોદ્ધત. ભીમસેન વગેરે એવા છે. ધીર અને કલાયુક્ત તે ધીરલલિત કહેવાય છે. 'રત્નાવલી' માં વર્ણવેલો વત્સરાજ એવો નાયક છે. ત્રણ

નાયકથી અન્ય, ધીર અને શાન્ત, દ્વિજાદિકે ધીરપ્રશાન્ત નાયક છે. 'માલતીમાધવ'માં માધવ એવો નાયક છે.

નાટક—નાટકમાં ઇતિવૃત્ત પ્રખ્યાત હોય છે. ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે દસ અંક હોય છે. શૃંગાર કે વીર પ્રધાન રસ હોય છે; બીજા રસ ગૌણ હોય છે. નાયક ધીરોદાત્ત હોય છે.

નાટકના વસ્તુના પાંચ ભાગ થાય છે તે નાટકની સંધિ કહેવાય છે. એક પ્રયોજનથી જોડાયલા કથાભાગોનો અન્ય પેટા પ્રયોજનની જોડે સંબંધ તે સંધિ. સંધિ પાંચ છેઃ—

મુખ, પ્રતિમુખ, ગર્ભ, અવમર્શ, અને નિર્વહણ.

પ્રયોજન સિદ્ધ કરવાના પાંચ હેતુ હોય છે તે **અર્થપ્રકૃતિ કહેવાય છે**— બીજ, બિંદુ, પતાકા, પ્રકરી, ને કાર્ય એ પાંચ અર્થપ્રકૃતિ અથવા પ્રયોજન-સિદ્ધિના હેતુ છે. જે કાર્યસાધકનો સહજ ઉદ્દેશ કર્યો હોય અને પાછળથી અનેક પ્રકારે વિસ્તાર પામે તે બીજરૂપ હોવાથી બીજ કહેવાય છે. અવાન્તર કથા સમાપ્ત થયે પ્રધાન કથાના અવિચ્છેદનું જે કારણ છે તે બિન્દુ કહેવાય છે. જળમાં તેલના બિન્દુની પેઠે એ અવાન્તર બીજ પ્રસરે છે માટે બિન્દુ કહેવાય છે. પતાકા ને પ્રકરી એ અનુક્રમે પ્રાસંગિક મોટી ને નાની કથા છે. કાર્ય એટલે ધર્મ, અર્થ, ને કામ; એ જે ફળ થાય છે તે. આ પાંચ અર્થપ્રકૃતિને કાર્યની પાંચ અવસ્થા સાથે સંબંધ છે. એ પાંચ અવસ્થા આરંભ, યત્ન, પ્રાપ્ત્યાશા, નિયતાપ્તિ, ને ફલાગમ છે. કાર્યનો આરંભ, તેને માટે યત્ન, કાર્ય પ્રાપ્ત કરવાની ઉત્પન્ન થયલી આશા, એ આશા સુનિશ્ચિત થયલી એવી નિશ્ચયપૂર્વક કાર્યપ્રાપ્તિ જેને નિયતાપ્તિ કહી છે તે અને સમગ્ર ફળની સંપત્તિરૂપ ફળયોગ એ પાંચ કાર્યની અવસ્થા છે. ઉપર વર્ણવેલી પાંચ બીજાદિ અર્થપ્રકૃતિ આરંભાદિ પાંચ અવસ્થા સાથે જોડાય છે, ત્યારે તે અનુક્રમે મુખાદિ પાંચ સંધિ બને છે. તેમાં ધર્મ, અર્થ, ને કામ એવું જે પ્રયોજન તેની કારણરૂપ પ્રથમ અર્થ-પ્રકૃતિની—બીજની ઉત્પત્તિ એટલે ફળાનુકૂળતા-બીજનું ફલિત થવા તરફ વલણ તે મુખસંધિમાં વર્ણાય છે. પ્રતિમુખસંધિમાં એ બીજનો કંઈક લક્ષ્ય અને કંઈક અલક્ષ્ય જેવો પ્રકાશ થાય છે. આ પ્રમાણે કિંચિત્ પ્રકાશ પામેલા બીજનો લાભ અને વિચ્છેદ, વળી લાભ અને વિચ્છેદ, એમ વારંવાર બીજનું અન્વેષણ ગર્ભસંધિમાં થાય છે. એમાં નિશ્ચયે ફળપ્રાપ્તિની નિર્ધારણા થતી નથી. પરંતુ આશા રહે છે. અવમર્શમાં ફલપ્રાપ્તિનો નિશ્ચય થાય છે. છેવટે, જેમ

બીજસંબદ્ધ અર્થ પ્રયોજનને સાધી તેનો નિર્વાહ કરે છે તે **નિર્વહણસંધિ** છે. આ પ્રમાણે નાટકના વસ્તુના પાંચ ભાગ તે નાટકની પાંચ સંધિ કહેવાય છે.

નાટ્ય, નૃત્ય, અને નૃત્ત—અભિનયના ચાર પ્રકાર છે—કાયિક (કાયા વડે કરેલો), વાચિક (વાણી વડે કરેલો), આહાર્ય (વિષરચના આદિથી કરેલો), અને સાત્ત્વિક (સ્તંભાદિ આઠ સાત્ત્વિક ભાવથી કરેલો). ચાર પ્રકારના અભિનયથી ધીરોદાત્ત આદિ નાયકની અવસ્થાનું રસાશ્રય અનુકરણ તે નાટ્ય. તેજ નાટ્ય દૃશ્ય હોવાથી **રૂપ** કહેવાય છે અને નટને વિષે રાગાદિની અવસ્થાનો આરોપ હોવાથી તે **રૂપક** પણ કહેવાય છે. રસાશ્રય હોવાથી તેમાં વાક્યાર્થનો અભિનય થાય છે અને સાત્ત્વિક અભિનય પુષ્કળ હોય છે. **નૃત્ય** એ ભાવાશ્રય છે અને એમાં પદાર્થનો અભિનય છે. એમાં આંગિક અભિનય પુષ્કળ છે. **નૃત્ત** એટલે 'ગાત્રનો વિક્ષેપ કરવો' એ ધાતુ પરથી 'નૃત્ય' શબ્દ વ્યુત્પન્ન થયો છે. નૃત્યને લોકો 'પ્રેક્ષણીયક' પણ કહે છે અને એ કરનારા નર્તક કહેવાય છે. નાટ્યના કરનારા નટ કહેવાય છે. 'નાટ્ય' શબ્દ એટલે 'કંઈક ચલન કરવું' એ ધાતુ પરથી નિષ્પન્ન થયો છે; તેથી એમાં સાત્ત્વિક ભાવ પુષ્કળ હોય છે. નૃત્યને **માર્ગ** પણ કહે છે. તાલ અને લયથી યુક્ત તે **નૃત્ત** કહેવાય છે અને **દેશ્ય** એનો પર્યાયશબ્દ છે.

પ્રકરણ—પ્રકરણમાં ઇતિવૃત્ત ઉત્પાદ્ય હોય છે. શૃંગારજ પ્રધાન રસ હોય છે. વિપ્ર, અમાત્ય, કે વણિક ધીરશાન્ત નાયક હોય છે.

શ્રવ્ય કાવ્યઃ પ્રકાર—શ્રવ્ય કાવ્યના બે પ્રકાર છે—પદ્ય અને ગદ્ય. જેમાં છન્દોબદ્ધ પદસંતતિ હોય છે તે પદ્ય કહેવાય છે. એકજ શ્લોકનું નામ **મુક્તક** કહેવાય છે, બેનું **યુગ્મક**, અને પાંચનું **કુલક** કહેવાય છે.

મહાકાવ્યઃ ખંડકાવ્ય—મોટા કાવ્યને મહાકાવ્ય અને નાનાને ખંડકાવ્ય કહે છે. મહાકાવ્ય સર્ગબન્ધ હોય છે, એટલે એમાં સર્ગ હોય છે. આરંભમાં આશીર્વાદ, નમસ્કાર, કે વસ્તુનિર્દેશ, એટલે વર્ણ્ય વિષયની સૂચના હોય છે. તેમાં ઐતિહાસિક કથા કે અન્ય કથા સન્નાયકને આશ્રયે કલ્પેલી હોય છે. તેમાં નગર, અર્ણવ, શૈલ, ઋતુ, ચન્દ્રોદય ને સૂર્યોદયનું વર્ણન હોય છે. એવા અનેક પ્રકારના વર્ણન

અલંકારયુક્ત અને રસભાવથી પરિપૂર્ણ હોય છે. રઘુવંશાદિ મહાકાવ્ય કહેવાય છે. ઋષિપ્રણીત મહાકાવ્યમાં–મહાભારતાદિમાં સર્ગને સ્થાને આખ્યાન હોય છે. પ્રાકૃત કાવ્યમાં સર્ગને સ્થળે આશ્વાસ અને અપભ્રંશનિબદ્ધમાં કાવ્યમાં કુડવક હોય છે. નાના કાવ્યને ખંડકાવ્ય કહે છે. 'મેઘદૂત' ખંડકાવ્ય છે.

કથા અને આખ્યાયિકા—કથામાં રસયુક્ત વસ્તુ ગદ્યથીજ વિનિર્મિત હોય છે. ક્વચિત્ આર્યા અને ક્વચિત્ વક્ત્ર, અપવક્ત્ર છંદો હોય છે. આરંભમાં પદ્યથી નમસ્કાર હોય છે અને પદ્યથી ખલાદિનું વૃત્ત કહેલું હોય છે. કાદમ્બરી આદિ કથા છે.

આખ્યાયિકામાં કથાની પેઠે નમસ્કાર ખલવૃત્તનું કીર્તન, અને રસયુક્ત વસ્તુનું વર્ણન હોય છે, પરંતુ વિશેષ એ છે કે એમાં કવિના વંશનું અનુકીર્તન હોય છે. અન્ય કવિઓનાં ચરિત્ર અને પદ્ય ક્વચિત્ ક્વચિત્ હોય છે. હર્ષચરિતાદિ આખ્યાયિકા છે.

કથાના ભાગ આશ્વાસ કહેવાય છે અને આશ્વાસના આરંભમાં આર્યા, વક્ત્ર, કે અપવક્ત્રમાંના કોઈકિ છન્દથી ભાવી અર્થનું સૂચન થાય છે.

ચમ્પૂ–ગદ્યપદ્યમય કાવ્ય તે ચમ્પૂ કહેવાય છે. એમાં એકનો એક વિષય ગદ્ય અને પદ્યમાં હોય છે. 'ભોજચમ્પૂ' આદિ ચમ્પૂઓ સંસ્કૃતમાં છે. આચાર્ય વલ્લભજીએ 'સૈરન્ધ્રી–ચમ્પૂ' નામનું પાંચ સ્તબકવાળું ચમ્પૂકાવ્ય ગુજરાતીમાં રચી સાહિત્યની વૃદ્ધિ કરી છે. પાંડવો વિરાટને ત્યાં ગુપ્ત વેશે રહ્યા ત્યારે દ્રૌપદી સૈરન્ધ્રીના નામથી સુદેષ્ણાની દાસી હતી તે સમયનો ઈતિહાસ એ ચમ્પૂનો વિષય છે.

બિરુદ–ગદ્યપદ્યમય રાજસ્તુતિ બિરુદ કહેવાય છે. 'ગોહિલ્લ-બિરુદાવલી' આદિ એવા ગ્રન્થ છે.

પ્રકરણ ૪૦મું
વૃત્તવિચાર

વૃત્તઃ છન્દ—કવિતાના છંદ વિષે થોડુંક જાણવું ઘણું અગત્યનું છે. એનું પૂર્ણ વર્ણન પિંગળમાં કરેલું હોય છે. અહિં ઘણા અગત્યના છન્દ વિષ સહેજ વિવેચન જરૂરનું હોવાથી કર્યું છે.

છન્દના ભાગ—અમુક અક્ષરના કે માત્રાના નિયમ પ્રમાણે છન્દ એવી રીતે ગોઠવ્યા હોય કે તેને અમુક રીતે ગાઈ શકાય ત્યારે છન્દ બન્યો કહેવાય છે. એ છન્દના બે, ચાર, કે છ ભાગ હોય છે. બે ભાગ હોય છે ત્યારે દરેકને **તૂક** કહે છે. ચાર કે છ ભાગ હોય છે ત્યારે તેને પાદ કે ચરણ કહે છે. સંસ્કૃતમાં તો છન્દના ચાર ભાગ હોય છે ને તેને પાદ એટલે ચતુર્થાંશ કહે છે. ગુજરાતીમાં 'ચોપાઈ'-ના ચાર પાદ ને 'છપ્પા'ના છ પાદ હોય છે.

વૃત્ત અને જાતિ—છન્દના વૃત્ત અને જાતિ એવા બે ભાગ છે. વૃત્તનું બંધારણ વર્ણની સંખ્યા કે ગુરુલઘુત્વના નિયમ પર છે અને જાતિનું બંધારણ માત્રાના મેળ પર છે. જાતિમાં અમુક માત્રા પછી તાલ આવે છે, એટલે બોલતાં ત્યારે ભાર મૂકવો પડે છે. ગીત ગાતી વખતે અને નૃત્ય કરતી વખતે હાથની આંગળીઓને સંકડાવવી કે લંબાવવી એમ અંગોની ક્રિયાથી. ગાવું ને નાચવું એ રીત અને કાળ અને ક્રિયાનું જે માપ-નિયમહેતુ તેને **તાલ** કહે છે. જ્યાં તાલ આવે છે ત્યાં તાલી આપી શકાય છે.

વૃત્ત ગાતાં અમુક અંતરે વિસામો લઈ શકાય છે. એ વિસામા-ને **યતિ** કહે છે.

ગણ—વૃત્તનું બંધારણ ગણ ઉપર છે. ત્રણ ત્રણ અક્ષર મળીને ગણ થાય છે. ગણનું બંધારણ હ્રસ્વદીર્ઘ સ્વર ઉપર છે. હ્રસ્વ

સ્વરને લઘુ અને દીર્ઘને ગુરુ કહે છે. લઘુને બદલે ટૂંકામાં લ અને ગુરુને બદલે ગ વપરાય છે. હ્રસ્વ સ્વર પછી બેડાક્ષર હોય તો તે સ્વર ગુરુ ગણાય છે. પાદને અન્તે જે સ્વર હોય તે લઘુ હોય તોપણ ગુરુ ગણાય છે.

હ્રસ્વ સ્વરની એક માત્રા, દીર્ઘની બે, ને પ્લુતની ત્રણ કે વધારે માત્રા ગણાય છે. વ્યંજનની અર્ધ માત્રા ગણાય છે.

લઘુનું ચિહ્ન ⏑ ને સંક્ષિપ્ત રૂપ લ છે અને ગુરુનું – ને સંક્ષિપ્ત રૂપ ગ છે.

ગણો નીચે પ્રમાણે છે:–

મગણ——એમાં ત્રણે સ્વર ગુરુ હોય છે. એ પ્રમાણે અન્ય ગણોમાં સમજી લેવું. એનું સંક્ષિપ્ત રૂપ મ છે.

મગણ	—	—	—	સંક્ષિપ્ત રૂપ	મ
નગણ	⏑	⏑	⏑	... ...	ન
ભગણ	—	⏑	⏑	... ...	ભ
યગણ	⏑	—	—	... ...	ય
જગણ	⏑	—	⏑	... ...	જ
રગણ	—	⏑	—	... ...	ર
સગણ	—	—	⏑	... ...	સ
તગણ	⏑	⏑	—	... ...	ત

હવે કેટલાક અગત્યના માત્રામેળ છન્દ અને અક્ષરમેળ છંદની રચના નીચે બતાવી છે.

ચોપાઈ–એમાં ૧૫ માત્રા હોય છે ને ચાર ચાર માત્રા પછી તાલ આવે છે. ૮મી ને ૭મી માત્રા પછી યતિ હોય છે.

૧ ૨ ૧ ૨ ૧૧ ૧ ૧ ૨ ૨ ૨૧ ૨ ૨ ૧ ૧ ૨ ૨ ૧ ૧ ૨ ૧
'મળી આપણુ જણ બંને બેન, સંપે રમીએ તો સુખ ચેન;
૧ ૨ ૧૨ ૨ ૧૧ ૨ ૨ ૧ ૨ ૧ ૨ ૧૨ ૨ ૨ ૨ ૧
લડે રડે તો સઘળો શોક, લાજ ઘટે ને નિન્દે લોક.'

દોહરો-દોહો—એમાં ૨૪ માત્રા ને ૬ તાલ હોય છે. ૧૩મી ને ૧૧મી માત્રા પછી યતિ હોય છે. છટ્ટી, પછી ચોથી, ને પછી ત્રીજી માત્રા પર તાલ આવે છે.

૧૧૨ ૨૧ ૧૨ ૧ ૨ ૨ ૧૧૨ ૧૧૨ ૧
'કરતાં જાળ કરોળીઓ, લોંય પડી ગભરાય;
૧૧ ૨૨૨ ૨ ૧૨ ૨૧૧ ૧૧૨ ૨ ૧
વણુ તૂટેલે તાંતણે, ઉપર ચઢવા જાય.'

છપ્પો—આમાં છ પાદ એટલે ચરણ હોય છે. પહેલાં ચાર ચરણ કાવ્યનાં ને પછી બે દોહરાનાં. કાવ્ય એક છંદ છે તેમાં ૨૪ માત્રા ને ૬ તાલ હોય છે. દોહરાનો પહેલો પાદ ૧૩ માત્રાનો હોય છે તેના બે તૂક કરવા ને આરંભમાં બે માત્રા વધારે રાખવી, અર્થાત્, ૧૫ ને ૧૩ એમ ૨૮ માત્રાના છેલ્લા બે પાદ રાખવા.

૨૧૧ ૧૧૨ ૧૨ ૧૨૧ ૨૧૧ ૨૨
'સુંદર સરિતા જુઓ, ભરેલી નિર્મળ નીરે;
૨ ૨ ૨૨ ૧૨ ૧૨૨ ૨૨ ૨૨
નાનાં મોટાં તરુ, ઊગેલાં તેને તીરે;
૨ ૧૧ ૨૧ ૧૨૧ ૨ ૧૨ ૨ ૧૧ ૧૧૨
રંગિત ચિત્ર વિચિત્ર, માછલાં ગમ્મત કરતાં
૨ ૨ ૨૨ ૨૧ ૧૨ ૨૨૨ ૧૧૨
લીલું લીલું ઘાસ, પશુ કિનારે ચરતાં;
૨૧૧ ૨ ૨ ૨ ૧૧૧૨ ૧૧૨ ૨૧૧ ૨ ૧૨
સુંદર શોભા સૌ નગરની, નદીથી નિશ્ચય જાણીએ,
૨૧૧ ૨૧૧ ૧૧૨૧૨ ૨૨૨૧ ૧૨ ૧૨
નાવણ ધોવણ જળપાનનું, મોટું સુખ પિછાણીએ.'

ચરણાકુલ—એમાં ૧૬ માત્રા ને ૪ તાલ છે. ૪, ૪ માત્રા પછી તાલ આવે છે.

૧ ૧૨ ૧૧ ૨ ૨ ૨ ૨ ૧
'હસતે મુખ રસ્તામાં વેર્યાં
૨ ૧ ૧ ૨ ૨ ૧ ૨ ૧ ૨૨
ફૂલ નસીબે ગુલાબ કેરાં'

પ્લવંગમ--એમાં ૨૧ માત્રા ને ૫ તાલ છે; ૧૧ ને ૧૦ માત્રા પછી યતિ આવે છે.

૨૧ ૨૨ ૨૧ ૧૨૧૧ ૨૧૨
'છત્રે થાતી છાંય, છડીધર છાજતા,
૨૨ ૨૨૨૧ ૧૨૧ ૧૨૧૨
હાથી હોદ્દામાંય, રસિક વિરાજતા.'

મહીદીપ--એમાં ૨૨ માત્રા ને ૪ તાલ હોય છે. ૧૨ ને ૧૦ માત્રા પછી યતિ આવે છે.

૨ ૧ ૧૧૧ ૧૧૧ ૨૧ ૧૧૧ ૨૧ ૨૨
'શ્યામ ચરણ સ્મરણ મિત્ર, સરસ રીત સાચી;
૨ ૧૨ ૧૨૧ ૨૧ ૨૧ ૨૧ ૨૨
તે વિના ત્રિલોક મધ્ય, ક્રોડ વાત કાચી.

આમાં 'ચરણ' ને 'મધ્ય' ના છેલ્લા અક્ષર વસ્તુતઃ ગુરુ છે; કેમકે તેની પછી અનુક્રમે 'સ્મ' ને 'ક્રો' એ જોડાક્ષરો આવેલા છે; પરંતુ એ અક્ષરો થડકાઈને બોલાતા નથી, માટે 'દીર્ઘાક્ષરમપિ જિહ્વા હ્રસ્વં ચેત્ પઠતિ તદપિ ભવતિ લઘુ' (દીર્ઘ અક્ષર પણ જીભે હ્રસ્વ બોલાય તો તે પણ લઘુ થાય છે)--એ ન્યાયે લઘુ ગણ્યા છે.

ગઝલ--એમાં ૧૪ માત્રા ને ૪ તાલ હોય છે; ૭, ૭ માત્રાએ યતિ છે.

૧૨૨ ૨ ૧૨ ૨૨ ૧૧૧૨ ૨ ૧ ૨ ૨ ૨
'ગુજરે જે। શિરે તારે। જગતનેા ના। થ તે સે'જે;
૧ ૨ ૨ ૨૧ ૨ ૨૧૨ ૧ ૨ ૨૨ ૧૧૨૨
ગણ્યું જે પ્યારૂં પ્યારાએા અતિ પ્યારૂં ગણી લેજે.'

'ગણ્યું' માંનેા 'ગ' થડકાઈને બોલાતેા નથી માટે એની એક માત્રા છે. 'પ્યારૂં' માંના 'રૂં' ની એક માત્રા છે, કેમકે તે દીર્ઘ ઉચ્ચારાતેા નથી.

ઉધોર—એમાં ૧૪ માત્રા ને ૬ તાલ હોય છે.

૨ ૧ ૧૧ ૨૨ ૨૧
'પેલું બકરી કેરૂં બાળ
૧૩૧ ૨ ૧૨ ૨ ૨૧
વિખુટું માડીથી આ કાળ.'

હરિગીત—વિષમ પાદોમાં—૧લા ને ૩જામાં–૧૪, ૧૪ માત્રા ને સમ પાદોમાં—૨જા ને ૪થામાં–૧૨, ૧૨ માત્રા હોય છે. બીજા ને ચોથા ચરણમાં છેલ્લે 'ર' ગણ હોય છે. તાલ ૮ હોય છે;

૧૧ ૧ ૨૨ ૨૧ ૨૨ ૧ ૨૧૧ ૧૧૨ ૧૨
'ગરીબ કોને જોઈ તેનો, અનાદર કરવો નહિ;
૨૧ ૨૨ ૨ ૧ ૧ ૧૧ ૨૧૨ ૨૨ ૧૨
કોઈ કાળે આપણી પણ, રે દશા તેવી સહી.'

રોલા—૧૧ ને ૧૩ એમ માત્રા હોય છે.

૨ ૨ ૧ ૧૧ ૨૧ ૧૧૧ ૨૨ ૨ ૨૧૧
'આ તે શા તુજ હાલ, સુરત સૂનાની મૂરત;
૧૨ ૧૨ ૨ ૨૧ ૧૧૧ ૧૧ ૧૧૨ ૨૧૧
થયા પુરા બે હાલ, સુરત તુજ રડતી સૂરત.'

સવૈયા એકત્રીસા—એમાં ૩૧ માત્રા ને ૮ તાલ હોય છે. ૧૬ ને ૧૫ માત્રાએ યતિ છે.

૨૧ ૧૨ ૧ ૨૧ ૧૨ ૧૧ ૧૨ ૨૧ ૧૨ ૧૧૨૧
'ઝેર ગયાં ને વેર ગયાં, વળી। કાળા કેર ગયા કરનાર,
૧૧ ૨૨૨ ૨ ૨૨૧ ૨૧ ૧૨ ૨૧ ૨૧૧
પર નાતીલા જાતીલાથી, સંપ કરી ચાલે સંસાર.'

ઝુલણા—એમાં ૩૭ માત્રા ને ૮ તાલ છે. ૧૦, ૧૦, ૧૦, ને ૭ માત્રા પછી યતિ છે.

૨ ૧૨ ૨૧૨ ૨૧ ૨૨ ૧૨ ૨૧ ૨ ૧૨ ૨૧ ૨૨
'માટીના માનવી! માટી માંહે મળી! કાય તારી જશે! જાણ ભાઈ,
૨૧ ૨૨ ૧૨ ૨૧ ૨૨ ૧૧ ૨૧૨ ૨૧ ૨ ૨૧ ૨-૨
જીવ જાણે નહિ! જાય જુદો પડી! કાયનો થાય શો! હાલ આહીં!'

કુંડળીઓ—શરૂઆતમાં એક દોહરો કરવો ને તેના ચોથા પાદને ઉલટાવવો. પછી ૧૧, ૧૩, એવી માત્રાની ચાર તૂક કરવી અને છેલ્લા અક્ષર, શરૂઆતમાં હોય તેજ લાવવા.

૨ ૨ ૧૧૧૧ ૨ ૧ ૨ ૧૧૧ ૧ ૨ ૨ ૨ ૧
ડોલે તરુવર ડાળીઓ, પવન ઝુલાવે પાન,
૧ ૨ ૧ ૨ ૧૧ ૨ ૧ ૨ ૨ ૨ ૧૧ ૨ ૧
ઊડે મનોહર પંખીઓ, ગાતાં સુંદર ગાન;
૨ ૨ ૨૧૧ ૨ ૧ ૨ ૧ ૧ ૨ ૧૧૨ ૧૧૨
ગાતાં સુંદર ગાન, ધ્યાન ઈશ્વરનું ધરતાં
૧૧૨ ૧૨ ૧૨૧ ૨ ૧ ૨ ૨૨ ૧૧૨
કરતાં વને કલોલ, રોજ આનંદે ફરતાં;
૨૨ ૨૨ ૨ ૧ ૨ ૧૧૨ ૨૨
સંપે રેતાં સાથ, પ્રીતનો પડદો ખોલે,
૧ ૧ ૨ ૨૨ ૨ ૧ ૨ ૧ ૨ ૧૧૧૧ ૨૨
સુખીઆં પંખી રોજ, ડાળીઓ તરુવર ડોલે.'

મનહર—એમાં દરેક તૂકમાં ૩૧ અક્ષર હોય છે. તૂકને અન્તે ગુરુ અક્ષર હોય છે ને ૮, ૮ અક્ષરે યતિ હોય છે.

'ઉદ્યમથી એકલો હાજરને હઠાવી દીએ,
ઉદ્યમથી ધન ધાન્ય | ધાર્યું મેળવાય છે;
ઉદ્યમથી રાજ અધિ | કાર કાંઈ દૂર નથી,
ઉદ્યમથી વશ દેવ | દાનવ કરાય છે;
ઉદ્યમથી વિપત્તિઓ | તરત વેરાઈ જાય,
ઉદ્યમીઓ ધૂળમાંથી | સોનું શોધી જાય છે;
ઉદ્યમને અરે બાળ | જાણ તું તો કામધેનુ,
ચિંતવ્યા પ્રમાણે લાભ | અપાર પમાય છે.'

ઉપર ગણાવ્યા એ બધા ગુજરાતી માત્રામેળ છંદ છે.

આર્યા—એ સંસ્કૃત માત્રામેળ છન્દ છે. એમાં ૧લા ને ૩જા પાદમાં ૧૨ માત્રા, ૨જામાં ૧૮, ને ૪થામાં ૧૫ માત્રા આવે છે.

૧૧૧ ૧૧૧૨ ૨ ૧૧ ૨૧ ૧ ૨ ૨ ૧ ૨૧ ૨ ૨ ૨
'ચતુર પુરુષને આરસ, ભાર પ્રમાણે ન તોળી વેચાએ;
૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૨ ૧૧ ૧ ૧ ૨ ૨ ૧ ૧ ૧ ૨ ૨
અધિક અધિક મૂલ પામે, દૂર પરગામે જ્યમજ જાએ.'

આર્યાના ૯ પ્રકાર છે, તેમાં આર્યા, ગીતિ, ઉપગીતિ, ને ઉદ્ગીતિ એ સામાન્ય છે.

	૧લો પાદ	૨જો પાદ	૩જો પાદ	૪થો પાદ
આર્યા	૧૨	૧૮	૧૨	૧૫ માત્રા
ગીતિ	૧૨	૧૮	૧૨	૧૮ ,,
ઉપગીતિ	૧૨	૧૫	૧૨	૧૫ ,,
ઉદ્ગીતિ	૧૨	૧૫	૧૨	૧૮ ,,

અનુષ્ટુભ્ અથવા શ્લોકવૃત્ત—એમાં ૬ટ્ઠો અક્ષર ગુરુ હોય છે; બધા પાદમાં ૫મો લઘુ હોય છે; અને ૭મો અક્ષર ૨જા ને ૪થા પાદમાં લઘુ ને ૧લા ને ૩જામાં ગુરુ હોય છે.

'ઉભી રૂહે આલિ ગાડી તું, ઉભી રૂહે જરીં આ સ્થળે;
દિવ્યતા સૃષ્ટિની જોતાં, નિશીથે હર્ષ ઊછળે.'

પ્રમાણિકા—એ એક પ્રકારનો અનુષ્ટુભ્ છે. એમાં દરેક પાદમાં જ, ર, લ, ગ હોય છે (પ્રમાણિકા જરૌ લગૌ—જગણ, રગણ, લઘુ ને ગુરુ)

ઑ ⏑ – ઑ ⏑ – ઑ ⏑ – ઑ ⏑ –
'ઊડું જગે ઊડું વને'

ઇન્દ્રવજ્રા—ત, ત, જ, ગ, ગ

– – ઑ – – ઑ ⏑ – ઑ – –
'કેરી ભરેલી રસથીજ સારી'

ઉપેન્દ્રવજ્રા—જ, ત, જ, ગ, ગ

ઑ ⏑ – ઑ – – ઑ ⏑ – ઑ – –
'સુવાક્યથી સ્નેહ સદૈવ વાધે'

ઉપજાતિ—બે પાદ ઇન્દ્રવજ્રાના ને બે ઉપેન્દ્રવજ્રાના.

'સીતા સમાણી સતિ કોણ શાણી
પતિ પ્રતિજ્ઞાય સદા પ્રમાણી
કુરંગ હણુવા (હણવા) મતિભ્રષ્ટ કીધી,
વિનાશકાળે વિપરીત બુદ્ધિ.'

આમાં 'મતિ'માંનો 'તિ' વસ્તુતઃ ગુરુ છે, પણ થડકાતો નથી, માટે લઘુ ગણ્યો છે. 'કુરંગ'માંનો 'કુ' દીર્ઘ ઉચ્ચારવો.

દોધક—ભ ભ ભ ગ ગ (૩ ભગણ, ૨ ગુરુ)

'નિર્જળ ગામ નવાણ ગળાવો'

લલિત—ન ૨ ૨ લ ગ

'નરમદા કહે વીનવી તમો મદદ દીનને દેઈને રમો.'

દ્રુતવિલંબિત—ન ભ ભ ૨

'વિસરતા જનતા અહિં ત્રાસ રે
કરિ રહી અહિં શાંતિ નિવાસ રે'

મોતિદામ—ચાર જગણ

'કદી અભિમાન કરે જન કોય,
હજાર વસા હલકો બહુ હોય'

તોટક—ચાર સગણ

'વનમાં તરુમાં હસતી રમતી
દઈ મોરવસન્ત ગઈ ભમતી'

ભુજંગી-ભુજંગીપ્રયાત—૪ યગણ

'દી(દિ)નાનાથ તું એક આધાર મારો'

નારાચ—લ, ગ, લ, ગ એમ ૮ વાર

'જુઓ રૂપેરી બાગ આ દી(દિ)પે મધુ(ધૂ)-
રે મોગરે.'

વસન્ત્તતિલકા—ત ભ જ જ ગ ગ

'માગું સુબુદ્ધિ પ્રભુજી ની(નિ) તિપથ વાળો,
ભુ(ભૂ)લાવતા સરવ સંશય મુ(મૂ)જ ટાળો.'

માલિની—ન ન મ ય ય (૮, ૭ યતિ)

'ઘડિ ઘડિ તડકો ને । છાંયડો ફેરવાએ
ગરમિથિ ઉકળાટો । પ્રાણિને ભારિ થાએ.'

મન્દાક્રાન્તા—મ ભ ન ત ત ગ ગ (૪, ૬, ૭ યતિ)

'રે પંખીડા । સુખથી(થિ) ચણુને । ગીત વા કાંઈ(ઇ) ગાને,
શાને આવા । મુજથી(થિ) ડરી(રિ) ને । ખેલ છોડી ઊ(ઉ)ડે છો ?'

હરિણી—ન સ મ ર સ લ ગ (૬, ૪, ૭ યતિ)

'ગુરુજી(જિ) શિખવે । એકી રીતે । ગુણો જડ એઉને
ગ્રહણ કરવે । શક્તિ(ક્તી) દે ના । ન ઓછી(છિ) કદી કરે.'

નવલ ઘન આ યુદ્ધે ઊલો, ન ગર્વિત રાક્ષસ,
સુરધનુષ એ મેઘે તાણ્યું, ન કામઠું તીરનું,
પ્રબળ જળની ધારા આ તો, ન બાણપરમ્પરા,
કનક કસતી રેખા વિદ્યુત્, પ્રિયા ન હિ ઉર્વશી.*

---

* નવજલધરઃ સન્નદ્ધોયં ન દૃપ્તનિશાચરઃ°નું આદ્યં ભાષાન્તર.

શિખરિણી—ય મ ન સ ભ લ ગ (૬, ૧૧ યતિ)

ભુરો ભાસ્યો ઝાંખો । દુરથિ ધુમસે પા'ડ સરખો,
નદી વચ્ચે ઊભો, । નિરભયપણે એક સરખો.'

શાર્દૂલવિક્રીડિત—મ સ જ સ ત ત ગ (૧૨, ૭ યતિ)

'જે રીતે બહુ માનમાં અવર છે | રાણી ઘણી ઓપથી,
તે રીતે તમ પાળજો યુવતિને | સામાન્ય સત્કારથી.'

સ્રગ્ધરા—મ ર ભ ન અને ૩ ય ગણ (૭, ૭, ૭ યતિ)

'હાવે ભાવે વિભાવે | ચિત્ત ન મુજ ચળે | છેક વૈરાગ્ય છાંડી,
મેલીને માન ઘેલી | જુગતિ તજિ જજો | શું ઉભી મૂખ માંડી.'

વૈતાલીય—એનું બીજું નામ વિયોગિની કે સુંદરી છે. ૧લા ને ૩જા પાદમાં સ સ જ ગ અને ૨જા ને ૪થા પાદમાં સ ભ ર લ ગ.

'રચવા રચનાર રે ધણી, કરુણાળુ (ળૂ) કરુણા કરો ઘણી
પ્રભુતા પ્રભુ તારી (રિ) તું ધરી, મજરો લે મજ રોગ લે હરી.'

પુષ્પિતાગ્રા— ૧લા ને ૩જા પાદમાં ન ન ર ય; ૨જા ને ૪થા પાદમાં ન જ જ ર ગ

વિલય અહુણુ થાય રાજ્યલક્ષ્મી,
ઉપર પડે અથવા કૃપાણધારા,
શિર પણ હર તું ભલે કૃતાન્ત,
મુજ મન તો ન તજે લગાર ધર્મ.*

---

* सपदि विलयमेतु राज्यलक्ष्मी°નું મારું ભાષાન્તર.

જેમાં બબ્બે પાદ સરખા હોય છે તે **અર્ધસમવૃત્ત** કહેવાય છે; જેમકે વૈતાલીય અને પુષ્પિતાગ્રા.

માત્રાસમક—એમાં દરેક પાદમાં ૧૬ માત્રા છે; પરંતુ તેમાં કઈ હ્રસ્વ ને કઈ દીર્ઘ એમ જુદી જુદી રીતે જુદા જુદા પ્રકાર થાય છે. તેમાં નવમી માત્રા લઘુ ને છેલ્લી ગુરુ એ ઘણો સામાન્ય પ્રકાર છે. (**मात्रासमकं नवमो लघ्वन्त्यः**)

પાદાકુલક—એમાં માત્રાસમકના જુદા જુદા પ્રકાર એકઠા થયા હોય છે. પરંતુ દરેક પાદમાં ૧૬ માત્રા એટલું બંધન તો છેજ.

પૂર્તિ

પૃ૦ ૯

બાસ્ક—સ્પેન અને પોર્ટુગલના મૂળ વતનીઓ આઇબીરિઅન લોકો હતા. તેમના વંશજો તે બાસ્ક. હાલ તે એ દ્વીપકલ્પના ઉત્તરના ભાગમાં વસે છે.

પૃ૦ ૧૨

દેવ સરખો
દેવસદશ
દિવ્ય
—'સરખો' જેમ 'સદશ' પરથી વ્યુત્પન્ન થયો છે તેમ 'દિવ્ય'માં 'ય' પ્રત્યય 'સદશ' પરથી આવ્યો નથી. આ દાખલો ફુટ-નોટમાંના અંગ્રેજી દાખલાને અનુસારે આપ્યો છે. વ્યુત્પત્તિ પ્રમાણે નીચેનો દાખલો છેઃ—

દેવ મધ્યે
દેવમધ્યે
દેવમહેં-માધે-માહે-માં

પૃ૦ ૧૩-૧૪

આર્ય પ્રજાનું મૂળ વસતિસ્થાન ઑકન્ડમાં કહ્યું છે, તે એક મત છે એમ સમજવું. વસતિસ્થાન નિર્વિવાદ રીતે સિદ્ધ થયું નથી. ઇતિહાસ-કર્તા વિન્સન્ટ સ્મિથ કહે છે તેમ એ વિષે ઘણા મતો છે તે બધા સિદ્ધાન્તરૂપ દશાએ પહોંચ્યા નથી એ બાબતમાં મળતા છે. 'પ્રાચીન હિંદુસ્તાન,' પૃ૦ ૨૬

પૃ૦ ૧૮

સ્લેવોનિક—સ્લાવ પ્રજાની ભાષા. અંગ્રેજીમાં 'સ્લેવ' શબ્દ (=ગુલામ) એ પ્રજાના નામ પરથી આવ્યો છે. અંગ્રેજીમાં ઉચ્ચાર પહેલો થાય છે; 'સ્લેવોનિક' નહિ, પણ 'સ્લૅવોનિક.'

પૃ૦ ૨૧

એ પ્રદેશનું નામ 'ગુજરાત' તરીકે સ્થાપિત થયું—ચાવડા લોકોના વખતમાં પડ્યું હતું (પૃ૦ ૨૦) તે દૃઢ થયું.

પૃ૦ ૨૮

ફારસીઅરબી શબ્દ—

આ શબ્દો તેનાં મૂળ રૂપમાં નહિ, પણ જેમ ગુજરાતીમાં ઉચ્ચારાય છે તેમ આપ્યા છે. મૂળ રૂપ નીચે જેવું છે.

ફારસી શબ્દો

અજમાયેશ—આઝ્માયિશ

ગુજરાન—ગુઝ્રાન

દસ્તાવેજ—દસ્તાવેઝ્

દરિયો—દર્યા

ફડનવીસ—ફર્દનવસ

સરપાવ—સર્પા (=ખર્ચ)

હજાર—હઝ્ાર

અરબી શબ્દો

અકલ—અરબી ભાષામાં એનો અર્થ 'ઊંટને બાંધવાનું દોરડું' થાય છે. બુદ્ધિ પણ મનુષ્યને અંકુશમાં રાખે છે.

આખેહૂબ—હુબહુ (=બરાબર)

દુનિયા—દુન્યા (=નીચલું; પરલોકથી નીચલું સ્થાન)

હવાન—હયવાન (=પ્રાણુવાળું)

હેવાલ—અહેવાલ

પૃ. ૩૫

શ્રીવિજયભદ્રમુનિ—

'આનન્દકાવ્યમહોદધિ,' મૌક્તિક ૧લું, એમાં (પૃ. ૫૫) શ્રી-વિજયભદ્રમુનિનું નામ 'શ્રીગૌતમરાસ'ના રચનાર તરીકે આપ્યું છે; પરંતુ એ ખરું નથી, એ વાત મારા લક્ષમાં શ્રીવિજયધર્મસૂરિના શિષ્ય શ્રી-ધનવિજયે આણી છે. એ રાસાના રચનારનું ખરું નામ શ્રીવિનયપ્રભ ઉપાધ્યાય (પ્રા. વિનયપહુ ઉવજ્ઝાય) છે. રત્નસાગર ભા. ૨જો, પૃ. ૧૨૦ જુઓ—'જિસ વિનયપ્રભ ઉપાધ્યાયને નિર્ધન ભાઈ અપને ભાઇકો સંપત્તિકે વાસ્તે મંત્રગર્ભિત ગૌતમરાસા બનાયકે દિયા, તિસકે ગુણનેસે અપના ભાઇ ફેર ધનવંત ભયા.'

પૃ. ૫૨

સરખાં શબ્દરૂપની યાદી—

કાકઃ—એટલે પ્રથમા એ. વ.નું રૂપ, વલ્લમકમ્ દ્વિતીયા એ. વ.નું રૂપ, એમ 'સરખાં શબ્દરૂપ'નો અર્થ સમજવો.

પૃ. ૫૫

કૃત્વા–કરફ

કૃત્વા પરથી કરફ આવ્યું છે એમ સમજવું નહિ. વ્યુત્પત્તિ માટે પૃ. ૨૧૯ જુઓ.

યત્–તત્–એનો અર્થ યદ્વત્–તદ્વત્ સમજવો. યદ્વત્ પરથી 'જેમ' અને તદ્વત્ પરથી 'તેમ' વ્યુત્પન્ન થયાં છે. પૃ. ૨૬૧ જુઓ.

એવ—જ. ચ એવ પરથી 'જ' વ્યુત્પન્ન થયો છે. પૃ. ૨૬૧, ૩૫૨ જુઓ.

પૃ. ૫૯

ચારણીથી જેમ ચૂલ્લુ—

'ચારણી' માટે સંસ્કૃતમાં એક શબ્દ તિતઉ છે, તે ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે. એમાં બે સ્વર સંધિ થયા વિનાના સાથે આવ્યા છે.

પૃ. ૬૧

પાણિનિશિક્ષા—

પાણિનીયશિક્ષા. એ શિક્ષા પાણિનિના સમય પછી ઘણો વખત રહીને અન્ય વિદ્વાને રચી છે. પૃ. ૬૨માં 'ભગવાન્ પાણિનિ 'શિક્ષા'માં વર્ણવે છે એમ કહ્યું છે, તેનું કારણ કે પાણિનીયશિક્ષા ભગવાન્ પાણિનિને નામે પ્રસિદ્ધ થઈ છે.

પૃ૦ ૬૬

મૂલ ભાગનો—

'મૂલ ભાગ—એટલાનો' એમ સમજવું.

પૃ૦ ૬૮

શ્વાસ, અઘોષ, અને વિવાર કહેવાય છે—

એટલે એ વર્ણો વિવૃતકંઠ (જેને ઉચ્ચારતાં કંઠની નળી પહોળી થાય છે તે), શ્વાસાનુપ્રદાન, ને અઘોષ છે.

શ્વાસ અને નાદને અનુપ્રદાન કહે છે; કેમકે ધ્વનિની પાછળ (અનુ=પાછળ) એ થાય છે. સ્થાનો સાથે વાયુનો અભિઘાત થવાથી ધ્વનિ ઉત્પન્ન થાય છે; તે ધ્વનિ ઉત્પન્ન થયા પછી નાદ કે ઘોષ (રણકો) થાય તો વર્ણો નાદ કે ઘોષ કહેવાય છે. એ ધ્વનિની પછી રણકા જેવો અવાજ ન થાય પણ માત્ર શ્વાસ થાય–સુસવાટ થાય તો વર્ણો અઘોષ કે શ્વાસ કહેવાય છે.

નાદ, ઘોષ, ને સંવાર એ બાહ્ય પ્રયત્નવાળા વર્ણો સંવૃતકંઠ (જેને ઉચ્ચારતાં કંઠની નળી સાંકડી થાય છે તે), નાદાનુપ્રદાન, ને ઘોષવત્ કહેવાય છે.

પૃ. ૬૮

ઉચ્ચારસ્પષ્ટતા—પાશ્ચાત્ય શિક્ષણશાસ્ત્રમાં ઉત્તમ વાચનનાં લક્ષણ આપ્યાં છે તે બધાંનો આમાં સમાવેશ થાય છે.

પૃ. ૭૨

અવિનાભાવી સંબંધ—

'અવિનાભાવ સંબંધ' એમ સમજવું. એક વિના અન્ય રહી શકે નહિ એવો જાતિ ને વ્યક્તિ વચ્ચેનો સંબંધ તે અવિનાભાવ સંબંધ.

પૃ. ૧૦૬

વિશેષણોનો અન્વય—

સંસ્કૃતની પેઠે જૂની ગુજરાતીમાં વિભક્તિમાં પણ વિશેષણ વિશેષ્ય સાથે અન્વય પામતું. પૃ. ૪૧,૪૪ જુઓ. કવિતામાં ક્વચિત્ નામ કે સર્વનામ પ્રાતિપદિક સ્વરૂપમાં રહે છે અને વિભક્તિ વિશેષણને લાગે છે.

'અંધા કેરી લાકડી, હું દુબળીનું ધંન.'

તુલસી–ધ્રુવાખ્યાન, બૃહ૰ કાવ્ય૰ ભા. ૨જો, પૃ૰ ૫૭

'મુજ અનાથને દયા કરી, રાખે તુજને હૃદયાંસુ ધરી.

ધ્રુવા૰, બૃ૰ કા૰, ભા૰ ૨જો, પૃ. ૫૮

'હું નારદનું વચન નવ ફરે, હું કહું તે તારો પિતા કરે.'

ધ્રુવા૰, બૃ. કા., ભા૰ ૨જો, પૃ. ૬૨

'અમે અનાથને સનાથજ કીધ, અમ ઘેર સ્વામી આવ્યા સિદ્ધ.'

ધ્રુવા૰, બૃ૰ કા૰, ભા૰ ૨જો, પૃ. ૬૩

પૃ. ૧૧૦

અભ્યસ્ત થયલાં રૂપ સ્ત્રીલિંગમાં છે—

ન્યાવ, ઊઠબેસ, પેસનીકળ—એવાં સમસ્ત પદો પણ સ્ત્રીલિંગમાં છે.

ફારસીઅરબી પ્રત્યય—ખાના, નામા, ને આના, તથા દાન પ્રત્યયો શુદ્ધ ફારસીઅરબી પ્રત્યયો છે. ગુજરાતીમાં તેને બદલે 'ખાનું,' 'નામું', 'આણું,' ને 'દાની' વપરાય છે.

પૃ. ૧૧૫

ननन्दृ

ननन्दृ-ननन्दा પ્ર. એ. વ.

પૃ. ૧૧૬

મૂછ–અહિં વર્ણવ્યત્યય (સ્વરવ્યત્યય) થયો છે.

ચાલ–આમાં જાતિના ભેદથી અર્થ બદલાય છે; જેમકે, બાળલગ્નનો ચાલ; તમારી ચાલ સારી નથી.

પૃ. ૧૧૮

સાસુ—હિં.માં સાસ ને પં.માં સસ્સ અકારાન્ત છે.

પૃ. ૧૨૦

બંગાળીમાં બ. વ.ના વાચક શબ્દો આપ્યા છે, તેમાં 'દિગ' ઉમેરો.

પૃ. ૧૨૧

માનાર્થક બહુવચન—

આવે સ્થળે સ્ત્રીલિંગનું નામ બ. વ.માં નપું. રૂપમાં વપરાય છે; જેમકે,

માજી બહુ **ઉતાવળા** છે.
સાસુજી ઘણાં દયાળુ છે.

પૃ. ૧૨૩

આકારાન્ત અંગ આહિ—

આ વ્યુત્પત્તિ બીમ્સના અભિપ્રાય પ્રમાણે છે. તેના મત પ્રમાણે આહિ પ્રાચીન હિં.માં પં., ષ., ને સ. ના એ. વ.નો પ્રત્યય છે.

બીજી રીતે વ્યુત્પત્તિ—અપ.માં ને જૂ. ગુ.માં ષ. એ. વ.નો પ્રત્યય હ છે તેમાંથી હ લોપાય છે અને અવશિષ્ટ અ અકારાન્તના અન્ત્ય અ સાથે મળી જઈ આ થાય છે. અપ.ના ષ. બ. વ.ના હં પ્રત્યયમાંનો હ્ લોપાય છે અને અવશિષ્ટ અં અકારાન્તના અન્ત્ય અ સાથે મળી જઈ આં થાય છે.

પૃ. ૧૨૯

'બોલિવઇ'—બોલવામાં, બોલતાં.

રે પ્રત્યય—બં.માં દ્વિ. નો પ્રત્યય—

બીમ્સ રેને બંગાળીમાં બીજી વિભક્તિના પ્રત્યય તરીકે આપે છે. પરંતુ હાલ તો બંગાળીમાં બીજીનો પ્રત્યય કે છે—બાલકકે; વામાકે દ્વિ. એ. વ.; બાલકદિગકે; વામાદિગકે દ્વિ. બ. વ.

પૃ. ૧૩૪

એક રીતે ઠીક લાગે છે—

'એક રીતે' કહ્યું છે તે સકારણ છે. આદિ વ્યંજન લોપાયાના દાખલા સાધારણ નથી; પરંતુ તનમાંનું આદિ વ્યંજન લોપી 'ને'ની વ્યુત્પત્તિ અપાય છે. 'તન' એ સમાસના ઉત્તર પદ તરીકે પ્રયોજાય છે તેથી ત્ નો લોપ એવે સ્થળે વિકલ્પે થવાનો નિયમ (બહુતરો-બહુઅરો હેમ.) પ્રવર્તે છે.

પૃ. ૧૫૩

એજ પ્રમાણે—

એનો સંબંધ 'હાલ મેં તને વાર્યો' સાથે લેવાનો છે.

પૃ. ૧૬૦

ષષ્ઠીના પ્રયોગમાં મરાઠી ને ગુજરાતીનું સામ્ય—

तो दोन दिवसांचा उपाशी आहे—આ મરાઠી વાક્ય 'તે બે દહાડાનો ભૂખ્યો છે,' 'તે બે દિવસનો અપવાસી છે,' આ વાક્યોને મળતું છે.

પૃ. ૧૬૫

મુઇ-કેટલાક પંડિતોના અભિપ્રાય પ્રમાણે એ રૂપ ગ્રામ્ય નથી, પરંતુ જૂના કવિઓએ પ્રયોજેલું છે. હાલ એ પ્રાચીન, અપ્રયુક્ત રૂપ ગણાય છે.

પૃ. ૧૭૦

ડ, વા–હિંદીમાં વહને બદલે વપરાતાં ગ્રામ્ય રૂપો.

ઇ–ઇહિ–ઇહા–ડૉ. હોર્નલકૃત 'Grammar of the Gaudian Languages'–'ગૌડ ભાષાઓનું વ્યાકરણ,' પૃ. ૨૮૫ જુઓ. એક ઉર્વ પંડિતના કહ્યા પ્રમાણે શુદ્ધ રૂપ એહી છે.

'ઓલ્યું,' 'પેલું'ની વ્યુત્પત્તિ—

બે વ્યુત્પત્તિ આપી છે, તેમાં પહેલી કરતાં બીજી યુક્ત જણાય છે. ઇવત્માં પરિમાણનો અર્થ છે તે 'ઓલ્યા,' 'પેલા'માં નથી. પ્રથમ વ્યુત્પત્તિ અર્થની દૃષ્ટિથી યુક્ત નથી.

પૃ. ૧૭૬

હર, દર—

'હર'–ફારસી શબ્દ છે. એનો અર્થ 'પ્રત્યેક' થાય છે.

'દર'–ફારસીમાં એનો અર્થ 'અંદર' થાય છે, 'પ્રત્યેક' થતો નથી.

દરરોજ—એનો અર્થ ફારસીમાં 'દિવસની દર્મિયાન' થાય છે.

હરરોજ=પ્રતિદિવસ

પૃ. ૧૯૦

સિત્તેર–એમાં સપ્તતિના છેલ્લા ત્નો દ્ થઈ દ્નો ર્ થયો છે.

પૃ. ૧૯૧

સ્વપ્ન–સિમિણ—

એજ પ્રમાણે ચિંગપા–સીઆમ. બંનેમાં પ્નો વ્ થઈ વ્ને વ્ સમાન ગણાઈ વ્નો મ્ થયો છે. પૃ. ૩૫૩ જુઓ.

પૃ. ૧૯૨

ચુમ્માતેર—

ચતુઃસપ્તતિ સં. ના ચઉહમુતર જેવા રૂપ પરથી એ રૂપ થયલું જણાય છે. સ્વપ્નનું સિમિણ થતાં પ્ના વિકાર (વ્ થઈ) મ્ની પછી સ્વર આવ્યો છે, તેમ °સપ્તતિમાંના પ્નો વ્ થઈ, પછી સ્વર આવી મુતર થયું જણાય છે, છેલ્લા ત્નો (તિમાંના ત્નો) દ્ થઈ દ્નો ર્ થયો છે.

પૃ. ૧૬૪

દોઢ, અઢી, ઊઠાં—

આની વ્યુત્પત્તિ સંતોષકારક નથી. द्वि+अर्ध; त्रि+अर्ध; चतुर्+अर्ध ઉપરથી પણ લાવી શકાય. 'બે ઓછા અર્ધ' એવો દરેક સ્થળે અર્થ લઈ શકાય.

પૃ. ૨૦૦

વૃદ્ધિ, ક્ષય-

સંસ્કૃત કારિકા નીચે પ્રમાણે છે:—

वृद्धिक्षयभयजीवितमरणं लज्जासत्तास्थितिजागरणम् ।
शयनक्रीडारुचिदीप्त्यर्थं धातुगणं तमकर्मकमाहुः ॥

પૃ. ૨૦૪

મારે તે જોઈએ છે—

'મારે'ને તૃતીયામાં પણ લઈ શકાય. તૃતીયાનો મુખ્ય અર્થ કર્તા છે; માટે પ્રથમ દર્શને હરકોઈને તૃતીયા યોગ્ય લાગે ને તેમ અહિં લેવામાં વાંધો નથી. 'તેને તે જોઇએ છે,' એમાં 'તેને' ચતુર્થીમાં કર્તૃવાચક છે, તેને સાદૃશ્યે 'મારે'ને ચતુર્થીમાં ગણ્યું છે.

પૃ. ૨૧૮

ભૂતકૃદન્તનું લવાળું રૂપ—

ડૉ. ભાંડારકર હેમચન્દ્રે આપેલા ભવાર્થક પ્રત્યય इल्ल-उल्ल પરથી આ રૂપ વ્યુત્પન્ન કરે છે. પરંતુ ગેલા, કેલા, વગેરેમાં ગે, કે, વગેરે ભૂ. કૃ.ના રૂપ પરથી વ્યુત્પન્ન થયા છે (गत-गअ-गय-गइ-गे), તેથી સ્વાર્થિક પ્રત્યયની વ્યુત્પત્તિ અર્થને વિશેષ અનુસરતી છે.

દાતૂણ—

વૈદિક પ્રત્યય त्वान-त्वीन (त्वाने બદલે) છે; તેનું પાલીમાં तून થાય છે.

પૃ. ૨૪૯-૫૦

પ્રના અર્થ—

પ્ર વિયોગવાચક પણ છે; જેમકે પ્રોષિતભર્તૃકા (જેનો સ્વામી પ્રવાસમાં હોય એવી નાયિકા); પ્રવાસ

પૃ. ૨૫૧

વિના અર્થ—

ઉભે અર્થ ઉલટાપણું છે; જેમકે, વિયોગ; વિસ્મરણ.

પૃ. ૨૫૩

કુ—

એનું સંસ્કૃતમાં कत् ને ગુજરાતીમાં 'ક' થાય છે; જેમકે, કદન; કબાન.

પૃ. ૨૮૪

તત્પુરુષ–૧. વ્યધિકરણપદ તત્પુરુષ, ૨. સમાનાધિકરણ તત્પુરુષ, અને ૩. સંખ્યાપૂર્વપદ તત્પુરુષ, એમ વિભાગ કરવાથી અનુક્રમે તત્પુરુષ, કર્મધારય, અને દ્વિગુ સમાસ એવા પ્રકારો આવી જશે.

પૃ. ૨૯૭

સરકાર–એ તત્પુરુષનો કર્મધારય પ્રકાર છે.

પૃ. ૨૯૯

શાહજાદા–શાહનો જાદા; ષષ્ઠીતત્પુરુષ.

પૃ. ૩૦૦

તદ્ધિત–એ પદની અન્વર્થતા કેટલાક વૈયાકરણો નીચે પ્રમાણે દર્શાવે છે. 'તત્' એટલે લૌકિક અને વૈદિક શબ્દો; કેમકે તેનું અનુશાસન કરવું એજ વ્યાકરણનો વિષય છે. એ શબ્દોજ પ્રકૃત હોવાથી તત્થી એનું ગ્રહણ કરવું યુક્ત છે. એ શબ્દો માટે 'હિત' એટલે ઉપકારક, એની વ્યુત્પત્તિ માટે પ્રત્યયો આવશ્યક છે, માટે 'તદ્ધિત' કહેવાય છે.

પૃ. ૩૨૧

ગ્લાનિ, ગ્લાનિ–આમાં તિનો નિ થયો છે.

પૃ. ૩૩૧–૩૨

'હુકમ'પરથી 'મોહકુમ'=હુકમ કરાયલો; રૈયત

'જહર'પરથી 'મઝહર'=જોવાયલું

'જલમ'પરથી 'મંજલૂમ'=જુલમ કરાયલો

'જક્કર'પરથી 'ઝાકિર'=કહેનાર
'જક્કર'પરથી 'ઝાકિર'=જીતનાર

પૃ. ૩૪૮

ઉર્દુ–શુદ્ધ શબ્દ 'ઉર્દૂ' છે. પૃ. ૪૩૬ જુઓ.

પૃ. ૩૫૦

ઉપજન–અવરથા (વૃથા)–એ પણ એવો શબ્દ છે.

પૃ. ૩૫૧

અપવાદઃ—

ક્રોદ–ગોદ. આમાં પણ ક્નો ગ્ થાય છે. પૃ. ૩૫૨ જુઓ.

પૃ. ૩૫૩

'પ્'નો 'વ્'–'પ્'નો લોપ્ 'બ્' થઈ, વ્ ને બ્ સમાન ગણાવાથી વ્ થાય છે.

પૃ. ૩૫૪

કપર્દઃનું પ્રા.માં કવડ્ડો છે.

પૃ. ૩૫૬

પાડા—

પાટક=અર્ધું ગામ–એ શબ્દ પરથી પણ 'પાડો', 'વાડો' (શહેરનો કે ગામનો વિભાગ) વ્યુત્પન્ન કરી શકાય.

મેદપાટ પરથી 'મેવાડ.'

પૃ ૩૫૭

વ્યંજનોનો લોપ—

અનાદિ, અસંયુક્ત ક્, ગ્, આદિનો લોપ સમાસમાં વિકલ્પે થાય છે. રૂપો પ્રચારમાં હોય તેને અનુસરતો નિયમ કરવો.

દાખલાઃ–સુખકરઃનું સુહકરો–સુહયરો (યકારશ્રુતિ)
આગમિતઃનું આગમિઓ–આયમિઓ
જલચરઃનું જલચરો–જલયરો
બહુતરઃનું બહુતરો–બહુયરો
સુહૃદ્નું સુહદો–સુહઓ

ક્વચિત્ આદિ પણ ક્, ગ્, વગેરે લોપાય છે; જેમકે સ પુનઃ-સ ઉણ; સ ચ-સો અ; ચિહ્નમ્-ઇન્હં હેમ.-૮।૧।૧૭૭.

પૃ. ૩૫૬

અનાદિ 'ત્'નો લોપ—

ઓરીઆ-ઓરતો-આ શબ્દો આતુરતા પરથી ત્ લોપાઈ વ્યુત્પન્ન થયા છે.

પૃ. ૩૬૫

વર્ણવ્યત્યાસ કે વર્ણવ્યત્યય—

ર્ઇર્ષ્યા-અરિષ્યા ('અ'નો ઉપજન પણ છે.)

પૃ. ૩૬૭

વીનતી—

વિજ્ઞપ્તિ પરથી 'વીનતી' રૂપ નિષ્પન્ન થયું છે. વ્યુત્પત્ત્યનુસાર આ જોડણી છે; પરંતુ 'વિનતિ' કે 'વિનંતિ' લખવાનો પ્રચાર પડ્યો છે.

પૃ. ૪૪૩-૪૪

શબ્દો છૂટા પાડવાના નિયમઃ—

વાચક અને લેખક વર્ગ-આવે સ્થળે શબ્દો છૂટા લખવાજ સરળ માર્ગ છે. 'વાચક અને લેખક' આ દ્વન્દ્વ સમાસના અર્થમાં છે અને દ્વન્દ્વાન્તે શ્રૂયમાણં પદં પ્રત્યેકમભિસંબધ્યતે-દ્વન્દ્વને અન્તે સંભળાતું પદ દ્વન્દ્વના પ્રત્યેક અવયવ સાથે સંબંધ પામે છે-એ નિયમને અનુસારે 'વર્ગ' પદનો સંબંધ 'વાચક' અને 'લેખક' બંનેની સાથે છે; અર્થાત્, 'વાચકવર્ગ અને લેખકવર્ગ' એવો અર્થ છે.

પૃ. ૪૯૧

કાવ્યોમાં રસ, ગુણ, દોષ, અલંકાર, વગેરેની પરીક્ષા કેવી રીતે થઈ શકે તેનું દિગ્દર્શન 'ગુજરાતશાળાપત્ર' પુ. ૫૨, અંક ૯, પૃ. ૩૨૧-૩૨૫માં 'કાવ્યસંપત્તિનું દિગ્દર્શન' નામના ૪થી 'ગુજરાતી

સાહિત્ય પરિષદ'માં વાંચેલા મારા લેખમાં મેં કર્યું છે તે જિજ્ઞાસુએ ત્યાં જોવું. એ આખો લેખ તેમજ પુ. ૪૯–૫૦ના અંકોમાં આપેલો 'કાવ્ય અને શાસ્ત્રના વિનોદો'માંનો કાવ્યને લગતો ભાગ એ વિષયના જિજ્ઞાસુને ઉપકારક થશે.

વર્ણક્રમાનુસારી સૂચી

અ

અ (અન) ૨૫૩
અદૃસ્ત અપ. (સં. ईदृशः)–જૂ. ગુ. ઇસિઉ, ઇસ્યઉ, ઇસઉ, અસિઉ, અસ્યૂં ૧૯૬
અકથિત કર્મ ૧૪૪
અકર્તૃક
–સંજ્ઞા અયુક્ત ૨૦૩
અકર્મક ક્રિયાપદ
–ફળ ને વ્યાપાર એક આશ્રયમાં ૨૦૦
–ની યાદી ૨૦૦
અકાર
–શાન્તનાં સ્થળ ૪૪૬–૪૭
અકારાન્ત
–નારીજાતીના શબ્દ ૧૧૫–૧૬
–અન્ત્ય આ, ઇ, ઈ, ઉનો 'અ' ૧૧૫-૧૬
અખો ૨૯
અઘોષ ૬૭–૮
અક્ષરમેળ ૪૯૭
અંગ ૧૨૩
–નામનું (હિં., મ., સિં., ઉ., બં., પં.માં) ૧૨૪–૨૫
અચ્‌સંધિ ૨૬૭–૭૦
અણહિલપત્તન ૨૧
અતિ ૨૫૧
અતિશયોક્તિ ૪૮૪–૮૭
–લક્ષણ ૪૮૪–૪૮૫
–પાંચ પ્રકાર ૪૮૫–૮૭
અત્યન્તસંયોગ ૧૫૪
અત્યારે
–વ્યુત્પત્તિ ૨૫૯–૬૦
–અત્ર વારે–'એવારે'નું સંક્ષિપ્ત રૂપ ૨૫૯–૬૦
–મ. એવ્હાં ૨૬૦
અદ્યતનપૂર્ણભૂત ૨૩૩–૩૪
અદ્યતનપૂર્ણવર્તમાન ૨૩૨–૩૪
અધઃ ૨૫૪
અધમ પાઠક
–છ ૬૮–૯
અધિ ૨૫૧
અધિકરણ
–લક્ષણ ૧૪૮
–આધાર પરંપરિત ૧૪૮
–પ્રકાર ૧૪૮–૯
–પ્રધાન (અભિવ્યાપક)
–ગૌણ (ઔપશ્લેષિક, વૈષયિક)
–સામીપિક
અધ્યવસાન ૮૧
અનદ્યતનપૂર્ણભૂત ૨૩૩–૩૪
અનદ્યતનપૂર્ણવર્તમાન ૨૩૨–૩૪
અનન્વય ૪૭૮-૭૯
અનભિહિત કર્તા ૧૪૨
અનભિહિત કર્મ ૧૪૫
અનિશ્ચિત સર્વનામ ૧૭૫
–'કોઈ', 'કંઈ' વગેરે ૧૭૫
–'કોઈ', 'કોઠુકે', 'કંઈ', 'કંઈક' (હિં. ને પં. માં) ૧૭૫
–મ.માં કોણ પું., સ્ત્રી.; કાય ન. ૧૭૫

–સંયુક્ત
'કાઈક', 'કાઈ એક', 'કંઈક' ૧૭૬
અનિશ્ચિત
–સંખ્યાવાચક ૧૮૦
અનીપ્સિત કર્મ ૧૪૩
અનુ ૨૫૦
અનુકરણ
–શબ્દ ૬
–દ્વિરુક્તિમાં ૩૯૩–૯૪
અનુપસ્થ
દૂષિત સંજ્ઞા ૧૫૩
અનુપ્રાસ ૪૭૬
અનુભાવ
–લક્ષણ, ભાવનાં કાર્યરૂપ ૪૬૫
અનુવાદ ૧૮૨
અનુવાદ્ય ૧૮૨, ૩૯૯
અનુવાદ્ય ને વિધેય ૧૮૨, ૩૯૯
–પૌર્વાપર્યનિયમ ૧૮૩
–અંગ્રેજી ને દેશી રચના ૧૮૩
અનુષ્ટુભ્ (શ્લોકવૃત્ત) ૫૦૨
અનુસ્વાર
–અર્થ ૬૪
અનૌચિત્ય
–દોષ ૪૬૮
અન્તર્ ૨૫૩
અન્તરંગ કર્મ ૧૫૪
અન્તઃસ્થ ૬૫
અન્યોન્ય ૧૭૮
અન્વિતાભિધાનવાદી ૩૯૮
અપ
–અર્થ ૨૫૦
અપભ્રંશ ૨૩, ૨૬, ૫૨, વગેરે
–વિભાગ ૨૬
નાગર, ઉપનાગર, વ્રાચડ, દ્રાવિડ, વગેરે ૨૬
–નાગર અપભ્રંશ શૌરસેનીની (ગુજરાતમાં) ૨૭
–વ્રાચડ અપભ્રંશ સિંધની ૨૭
–નમુના ૩૧–૩૩
–નમુના ૫૨થી મળતો બોધ ૩૩–૩૪
–ને નૂની ગુજરાતીનાં રૂપોની યાદી ૫૨–૫૫
–અપ્રત્યય દ્વિતીયા ૧૫૨
–સતિ સપ્તમીની રચના સંસ્કૃત જેવી ૧૬૦
–પ્રાકૃતમાં ભ્રષ્ટતા થઈ થયલું રૂપ ૩૩૬, ૩૪૪, ૩૮૨–૮૩
–દેશી ભાષાનું મૂળ ૩૩૬
–નાગર અપભ્રંશ ૩૩૭
–વ્રાચડ અપભ્રંશ ૩૩૭
–ગુજરાતી ને હિંદીને એની સાથે સંબંધ ૩૮૧
–ખાસ લક્ષણ ૩૮૧–૮૨
૧. અઘોષને બદલે ઘોષ
૨. પું. પ્ર. એ. વ.નો પ્રત્યય ઉ
૩. સ્વાર્થિક ક પ્રત્યયનો વિશેષ પ્રયોગ–લોપ
૪. નપું. એ. વ. ડું (ગુ.માં)
૫. સ્વાર્થિક અડ–ઉલ્લનો પ્રયોગ (ગુ.માં ડ, લ)

૬. શબ્દોના વિકાર ગુજરાતી ભાષાનાં રૂપોને મળતા
૭. પ્રત્યયના વિકાર
-ત્વ-તા-પ્પણ-પણુ;-તવ્ય-ણ્વ્વઉ-ણ્વા (જૂ. ગુ.માં) ત્વાના આદેશ વનો વિશ્લેષ થઈ ઇત્ત-ઇ આજ્ઞાર્થના પ્રત્યય અપભ્રંશમાંથી ઇ, ઉ, ૫ (જૂ. ગુ.માં)
-વ્રજભાષાના પ્રદેશમાં ૬ઠ્ઠા, ૭મા સૈકામાં ઉત્પન્ન થઈ. ૩૮૩
અપશબ્દ
-ક્લેચ્છ-દૂષિત ૫૯
અપહ્નુતિ ૪૯૧
અપાદાન
-લક્ષણ ૧૪૭
-પ્રકાર
ચલ, અચલ ૧૪૭
નિર્દિષ્ટવિષય, ઉપાત્તવિષય, અપેક્ષિતક્રિય ૧૪૭-૪૮
-ભાષ્યકારે આપેલો અર્થ ૧૫૭
અપિ
-અર્થ ૨૫૨
અપુષ્ટ
-દોષ ૪૬૮
અપૂર્ણક્રિયાવાચક ૨૦૧, ૨૦૩
અપ્રત્યય દ્વિતીયા
-સંસ્કૃત રચના, અપભ્રંશ ને જૂની ગુજરાતીમાં રચના ૧૫૨
અપ્રસિદ્ધતા
-દોષ ૪૬૭
અપ્રસ્તુતપ્રશંસા ૪૯૦
અબિ ૨૫૧
અભિધાવૃત્તિ
-પ્રકાર
યોગ, રૂઢિ, યોગરૂઢિ ૭૪
અભિનય ૪૯૪
-લક્ષણ
-પ્રકાર-કાયિક, વાચિક, આહાર્ય, સાત્ત્વિક
અભિમન્યુ-આખ્યાન ૩૧૫-૧૬
અભિહિત કર્તા ૧૪૨
અભિહિત કર્મ ૧૪૫
-પ્રથમામાં
સંસ્કૃતમાં, અપભ્રંશમાં, ને જૂની ગુજરાતીમાં ૧૫૨
અભિહિતાન્વયવાદી ૩૯૮
અમા ૨૫૩
અમુક, અમુકઉ ૧૭૭
અમે
-પ્રા. અમ્હે સં. અસ્મૈ (વૈદિક) ૫૨થી
-અપભ્રંશ અમ્હઇં ૧૬૫
અમો
-પ્રા. અમ્હો ૧૬૫
અરબી
-શબ્દો ૨૮
-તદ્ધિત પ્રત્યય ૩૧૮, ૩૧૯
અર્થ
-લક્ષણ ૨૨૧
-પ્રકાર
સ્વાર્થ, આજ્ઞાર્થ, વગેરે ૨૨૧

–કાળનો સંબંધ ૨૨૮
અર્થપ્રકૃતિ
વિભાગ
બીજ, બિંદુ, પતાકા, પ્રકરી, કાર્ય ૪૯૩
અર્થાન્તરન્યાસ ૪૮૦–૮૧
અર્ધમાગધી
–માગધી ને શૌરસેનીના પ્રદેશની વચ્ચે બોલાતી ૩૩૭
–જૈનોના ગ્રન્થોની ભાષા ૩૮૩
અર્ધવિરામ ૪૧૮
અલમ્ ૨૫૩
અલંકાર
–લક્ષણ તથા ગુણ ને અલંકારનો ભેદ ૪૭૦
–પ્રકાર ૪૭૫–૭૬
શબ્દાલંકાર–અનુપ્રાસ, યમક, વગેરે
અર્થાલંકાર–ઉપમા, રૂપક, વગેરે
મિશ્રાલંકાર–સંસૃષ્ટિ, સંકર
અલુક્સમાસ ૨૯૦–૯૧
અલ્પપ્રાણ ૬૭–૬૮
અલ્પવિરામ ૪૧૬-૭
અવ
–અર્થ ૨૫૦
અવતરણચિહ્ન ૪૨૦–૨૧
અવયવશક્તિ ૭૪
અવયવિરૂપક ૪૮૧
અવિકારક પ્રત્યય ૨૭૮
અવિકારી વિશેષણ ૧૮૧
અવિનાભાવ સંબંધ ૭૨, ૯૬
અવિવક્ષિતાર્થત્વ ૪૪૨
અવ્યય
–પરથી વિશેષણ ૨૫૬
–પ્રકાર ૨૫૮
અવ્યયકૃદન્ત
–પ્રાકૃતમાં ય (વિશ્લેષથી દ્રમ) ૨૧૯
–અપભ્રંશમાં, જૂ. હિં.માં ઇ (અ લોપાઈ) ૨૧૯
–હિં.માં કરિનો ઇ લોપાઈ–દેખકર ૨૧૯
–મ.માં ઊન; કવિતામાં ઇની, ઉનિયાં, વગેરે ૨૧૯
ત્વા–તૂણ–ઊણ–ઊન
–જૂ. ગુ.માં 'ઇ' ૨૧૯; 'ઇ'ની પછી 'નઇ' ૨૨૦
–'ને' 'કરીને' વગેરેમાં ક્ષેપક ૨૧૯
–'ઈ' ને 'ને' છૂટાં, વચ્ચે 'અ' ૨૧૯
'ઈ'ની પછી નિરર્થક 'અ' ૨૨૦
અવ્યયીભાવ
–સમાસ ૨૯૫
'અશોકરોહિણી' ૫૧
અશ્લીલતા
–દોષ ૪૬૭
અસત્કાર્યવાદી ૧૪૩
અસ્તમ્ ૨૫૫
અહિંયાં
–અત્ર–એત્થુ–કે અસ્માત્–અમ્હાં–
–અહાં–આં–ઇહાં ૨૬૦
–જૂ. ગુ.માં અહાં ૨૬૦

આ

આ

–અર્થ ૨૫૨
આ
–આજપરથી ૧૬૯
–હિં.માં યહ ૧૬૯
–મ.માં હા, અદસ્–અહ પરથી ૧૬૯
–અં.માં એદ્–ઇનિ, એહ્–એહો–એદુ પરથી ૧૬૯, ૧૭૦
–પં.માં ઇહ ૧૬૯
–ઉ.માં ઇ, ઇહિ, ઇહા ૧૭૦
આકાંક્ષા ૯૧, ૧૩૯, ૩૬૮–૬૯
આક્ષેપ ૪૬૧
આખ્યાત ૬૦
–યાસ્કનું લક્ષણ (ભાવપ્રધાન) ૬૨
–લક્ષણ ૨૪૮
આખ્યાતિકી વિભક્તિ ૧૩૯
આખ્યાયિકા ૪૬૫
આંકના કોઠાનો ક્રમ–ગુ. ને હિં.માં ૧૬૬
આજ્ઞાર્થ
–અર્થ વિધ્યર્થના જેવા ૨૨૮
–રૂપ, વર્ત૦ કાળથી સહજજ જુદાં ૨૨૮
–૨જે પુ. એ. વ. ધાતુનું મૂળ રૂપ સિં. સિવાય બધી ઇંડો–આર્ય ભાષામાં ૨૨૮
–'ય'વાળું રૂપ પ્રાન્તિક, ચરોતરમાં વિશેષ ૨૨૮
–માનાર્થક રૂપ ૨૨૯, ૩૮૭
–હિં.માં બૈઠિયે–બૈઠિયો ૨૨૯
–માનાર્થક રૂપની વ્યુત્પત્તિ ૨૨૯ ૩૮૭
–જૂ. ગુ.માં ૨૨૯
–૨જા પુ. એ. વ.નું જ રૂપ વર્ત૦–ના રૂપથી જુદું, પ્રાકૃતને મળતું ૩૮૬
–હિં., મ., પં. માં સરખું ૩૮૬
–૨જા પુ. એ. વ.માં ઇ, ઉ, એ (અપ. ને જૂ. ગુ. માં) ૩૮૬
દાખલા ૩૮૭
આનન્દકાવ્યમહોદધિ
–મૌક્તિક ૧લું ૩૦, ૩૫, ૫૦, ૫૧
–મૌક્તિક ૩જું ૫૦, ૫૧
આન્તર (અન્તરંગ) સંધિ
–લક્ષણ ૨૭૭
–નિયમો ૨૭૭–૮૧
આપ
–આદરવાચક ૧૭૮
–વ્યુત્પત્તિ ૧૭૮
આપણે
–રૂપાખ્યાન, વ્યુત્પત્તિ ૧૭૮
–અપ૦માં 'પોતે'નાઅર્થમાં ૧૭૮-૭૯
–મ.માં પુરુષવાચક સર્વનામ તરીકે ૧૭૯
–હિં.માં 'પોતે' ને 'આત્મા'ના અર્થમાં ૧૭૯
આભીર ૨૪
આરભટી વૃત્તિ ૪૭૨
આરોપ, અધ્યવસાન ૮૧
આર્ય ટોળીઓ
–મૂળ નિવાસસ્થાન ને ફેલાવો ૩૩૪-૩૫
આર્ય દેશીભાષા
–હિં., પં., સિં., ગુ., મ., ઉ.

(ઉર્ધ્વ) ૨૩
આર્યપ્રજા
--વસતિસ્થાન ૧૩
આર્યા ૫૦૧–૦૨
પ્રકાર ૫૦૨
આર્યાવર્ત ૧૫, ૩૭૪
આવિસ્
–અર્થ ૨૫૩
આસન્નભૂત ૨૩૫

ઇ

ઇતિ, ઇતિહ ૨૫૩
ઇંડો–યુરોપીઅન
–પ્રજા ૧૫
–ભાષા ૧૪
–તેના વિભાગ
એશિઆનો ૧૬–૧૭
૧. હિંદુસ્તાનની ભાષાઓ
–સંસ્કૃત
–પાલી, પ્રાકૃત, અપભ્રંશ
–દેશીભાષાઓ
(હિં., બં., ઉ., મ., ગુ., સિં., પં.)
–'જિપ્સિ'ની ભાષા
૨. ઇરાનની ભાષાઓ
–ઝન્દ કે અવેસ્તા
–પ્રાચીન લેખોની ભાષા
–પેહેલ્વી
–ફારસી
–અર્વાચીન ફારસી
યુરોપનો ૧૭, ૧૮
–ટ્યૂટૉનિક
લો જર્મન, હાઇ જર્મન, સ્કૅન્ડિનેવિઅન
–ગ્રીક
આર્મોરિકન
વેલ્શ
આયરિશ
ગેલિક
મૅંક્સ
–ઇટૅલિક
લૅટિન
રોમાન્સ–ફ્રેંચ, સ્પૅનિશ, પોર્ટુગીઝ, વગેરે
–હેલેનિક
પ્રાચીન ગ્રીક
અર્વાચીન ગ્રીક
–સ્લૅવોનિક
–લેટિક
ઇન્દ્ર ને વૃત્રની આખ્યાયિકા
–ઇન્દ્રશત્રુર્વર્ધસ્વ ૫૮
ઇન્દ્રવજ્રા ૫૦૨

ઈ

ઈકારાન્ત
–નારીનતિ ૧૧૪
–અપવાદ, નરનતિ ને નાન્યતરનતિ ૧૧૪
ઈપ્સિત કર્મ ૧૪૩

ઉ

'ઉ' અન્તે હોય તે શબ્દો
–નાન્યતરનતિ ૧૧૪
–અપવાદ, નરનતિ ૧૧૪

ઉચ્ચારભેદ
–પ્રાન્તિક ૪૬૧
ઉચ્ચારસ્પષ્ટતા ૬૮
ઉત્કલી
–માગધી પરથી ૨૯
'ઉત્તરરામચરિત' ૪૭૪
ઉત્પ્રેક્ષા ૪૮૧–૮૨
ઉદ્
–અર્થ ૨૫૧
ઉદાસીન કર્મ ૧૪૩
ઉદ્ગારવાચક ચિહ્ન ૪૧૪–૧૫
ઉદ્ગીતિ ૫૦૨
ઉદ્દેશ્ય ૩૯૯
ઉદ્દેશ્યવર્તમાન ૨૩૫
ઉદ્દેશ્યવર્ધક ૪૦૧
ઉદ્દેશ્યભૂત ૨૩૫
ઉર્દૂ ૨૭
–ટોડરમલ્લની નવી પદ્ધતિને લીધે જન્મ પામી ૨૭
–છાવણીની ભાષા ૩૩૮
–હિંદ–આર્ય ભાષા, ફારસી શબ્દો વિશેષ ૩૩૮
–ગદ્ય સાહિત્ય અંગ્રેજ લોકોના આવ્યા પછી ૩૩૮
–પ્રાન્તિક બોલી ૩૩૯
ઉધોર ૪૬૯
ઉપ
–અર્થ ૨૫૨
ઉપગીતિ ૫૦૨
ઉપજાતિ ૫૦૩
ઉપનાગરિક વૃત્તિ ૪૭૧
ઉપમા ૪૭૬–૭૭
–પ્રકાર ૪૭૭
પૂર્ણોપમા
લુપ્તોપમા
ધર્મલુપ્તા લુપ્તોપમા
ઉપમાન ૪૭૭
ઉપમિતસમાસ ૨૮૯
ઉપમેય ૪૭૬
ઉપમેયોપમા ૪૭૯
ઉપસર્ગ ૨૪૮
–અર્થદ્યોતક ૨૪૮
–યાદી (પાણિનિએ આપેલી) ૨૪૯
–વ્યાપાર, ત્રણ ૨૪૯
–અર્થ ૨૪૯–૫૨
ઉપસ્થ
–સંજ્ઞા દૂષિત ૧૫૩
ઉપાદાનલક્ષણા (અજહત્સ્વાર્થા) ૭૯
ઉપાધિ ૭૩
–વિભાગ ૭૩
ઉપાધિપક્ષ ૭૨–૩
ઉપેન્દ્રવજ્રા ૫૦૨
ઉભયાન્વયી અવ્યય ૨૬૪
–પ્રકાર ૨૬૪
સહગામી
વિકલ્પવાચક
વિરોધવાચક
સંકેતવાચક
અપેક્ષાપૂરકવાક્યારંભક
સાંકેતિક

ઉલ
–અર્થ ૨૫૭–૫૮
ઊ
ઊષ્માક્ષર ૬૫
ઋ, ૠ
ઋ ને ૠ
–સ્વર ને વ્યંજન,
બંનેનાં તત્ત્વ ૬૪
એ
એ
–નિશ્ચયવાચક; જૂનું રૂપ 'ઇ' ૨૧૭
એ
–એહ પરથી ૧૬૯
–હિં.માં વહ ૧૬૯
–હિં.માં વહ, ઉહ, ઓહ, વુહ ૧૭૦
–બં.માં એઇ, ઇનિ ૧૬૯
–બં.માં ઓ, ઇનિ ૧૭૦
–પં.માં ઇહ ૧૬૯
જૂ. ગુ.માં 'એહ' ૧૭૨
એ, એા
–હ્રસ્વ ૬૯
–પાલીમાં ને દ્રાવિડમાં ૬૯
–લૅટિન ને ગ્રીકમાં ૬૯
–પહેાળા ઉચ્ચાર પ્રાન્તિક ૪૪૭
–તે માટે જુદાં ચિહ્નની જરૂર નથી. ૪૪૭
–'દેખાડવું', 'જોવાડવું'માં ઉચ્ચાર હ્રસ્વ ૨૦૮
એકધારી ભાષા ૪૨૩
એકવચનમાં પ્રયેાગ ૧૨૧
–સંજ્ઞાવાચક, ભાવવાચક, દ્રવ્યવાચક નામનેા
–અપવાદ
એકશેષ દ્વન્દ્વ કે એકશેષ ૨૮૪
એકારાન્ત (ગ્રામ્ય) શબ્દ
–નરજાતિના ૧૧૪–૧૫
એથ્યુ ૧૯૭
–અપભ્રંશ; જૂ. ગુ. એથઉ–એથાં
એમ ૨૬૧
–સં. इत्थम्
–અપ. इम–एम
–જૂ. ગુ. ઇમ, ઇં
એહુ–હો–હ ૧૯૭
–સં. ईदृश
–ગુ. એવું
ઓ
ઓકારાન્ત ૧૧૩
–નરજાતિ
–અપવાદ, સકારણ
ઓજસ
–ગુણ
સ્વરૂપ ને લક્ષણ ૪૬૯
ઔ
ઔરસ્ય હકાર ૬૫
ક
કઇસુ અપ. ૧૯૬
–સં. कीदृशः
–જૂ. ગુ. કિસઉ, કિસિઉ, કિસ્યઉ, કિસ્યૂં, કિસી
કથા ૪૯૫

કથિતપદત્વ
–દોષ ૪૬૭
–અનિત્ય ૪૬૭
–કેવે સ્થળે ગુણ ૪૬૭
કમ
–અર્થ ૨૫૭
કરણ
–કર્તા તરીકે ક્રિયાસૌકર્ય દર્શાવવા ૧૪૦
–લક્ષણ ૧૪૫
–કરણ તરીકે અધિકરણની વિવક્ષા ૧૪૫
–વિવરણ, ભર્તૃહરિકૃત ૧૪૫
પ્રકાર, બાહ્ય ને આભ્યન્તર ૧૪૬
કરણકર્તરિ
–રચના ૧૪૦
કર્તા
–લક્ષણ (ક્રિયા વિષે સ્વતન્ત્ર તરીકે વિવક્ષિત, ક્રિયાનો આશ્રય) ૧૪૦
–પ્રકાર ૧૪૧–૪૨
સ્વતન્ત્ર
હેતુકર્તા
કર્મકર્તા
અભિહિતકર્તા
અનભિહિતકર્તા
કર્તૃકર્મણિ
–રચના ૧૪૧
કર્તૃવાચ્ય ૨૦૦
કર્મ
–લક્ષણ ૧૪૨
–પ્રકાર–૧૪૩–૪૫
ઈપ્સિત, અનીપ્સિત, ઉદાસીન
ઈપ્સિત કર્મના પ્રકાર–નિર્વર્ત્ય, વિકાર્ય, પ્રાપ્ય ૧૪૩–૪૪
અનીપ્સિત કર્મના પ્રકાર–ઉદાસીન ને દ્વેષ્ય ૧૪૪
પ્રધાન, ગૌણ, અકથિત ૧૪૦, ૧૪૫
અભિહિત, અનભિહિત ૧૪૫
કર્મકર્તા ૧૪૧
કર્મણ્યમંત્રી ૪૫
કર્મધારય ૨૮૭–૮૯
–લક્ષણ ૨૮૭
–પ્રકાર
ઉપમાનપૂર્વપદ ૨૮૮
ઉપમાનોત્તરપદ ૨૮૮
અવધારણપૂર્વપદ ૨૮૮
વિશેષણોત્તરપદ ૨૮૯
વિશેષણપૂર્વપદ ૨૮૯
ઉપમિતસમાસ ૨૮૯
વિશેષણસમાસ ૨૮૯
–અનિયમિત દાખલા ૨૯૧
કલ્પસૂત્ર ૫૨
કવિ
–કેવા ગુણથી થવાય? ૪૬૪
કાકું અપ.માં ૧૭૬
કાત્યાયન (વાર્તિકકાર) ૫૭, ૫૮
કાદમ્બરી (બાણકૃત) ૪૬૨
કાદમ્બરી (ભાલણકૃત), ૨૯, ૩૦, ૪૧, વગેરે
–ઉદાહરણ

-તૃતીયાના 'ઇ'નું ૧૩૧
-'સાથે' સાથે તૃ.નું ૧૩૨
-પંચમીના, 'થકુ'નું, 'ઈ'નું ૧૩૪
-અપ્રત્યય દ્વિતીયાનું ૧૪૨
-તૃ. નું 'સાથે'ના અર્થને યોગે ૧૫૫
-'કાંઈ'નું ૧૭૬
-અવ્યયકૃદન્ત 'ઈને'ના 'ઈ' ને 'ને' પ્રત્યયનું ૨૧૯
-ભવિષ્યકાળનું ૨૨૬
-'મટિ'નું ૨૬૩
(જુ. ગુ. 'માટઇ')
-આજ્ઞાર્થ ૨જો પુ. એ. વ. ૬, ૩, ૬નું ૩૮૭
ક્રાન્તિગુણ ૪૭૧
ક્રાન્ડહડદેપ્રબંધ ૨૯, ૩૮
-ઉદાહરણ
-પ્રથમા વિભક્તિ ૧૨૮
-અપ્રત્યય દ્વિતીયા ૧૨૮, ૧૪૨
-તૃતીયાના 'ધ' 'ઇ' ૧૩૧
-પંચમી 'હૂંતું', 'તુ' ૧૩૩
-ષષ્ઠીના 'સ', 'હ', 'તણુ', 'ત્રા', 'કુ', 'ર', 'લા', 'ના', 'છા' ૧૩૬-૩૭
-બેવડા પ્રત્યય 'હર' ૧૩૭
-સપ્તમી 'ધ', 'ઇ' ૧૩૮
-'અસ્યું', 'ક્સિી', 'ક્સિયું', 'અસિઉં' 'જસિઉં', 'તસિઉં', 'તિસ્યુ', 'એસું', 'જિસિ' 'તિસિ' ૧૯૬
-અવ્યયભૂત કૃદન્તનો પ્રયોગ ૨૨૦
-'પાડેવા', 'કરેવા' ૨૨૦
-વર્ત૦ કાળનાં જૂનાં રૂપ ૨૨૩
-માનાર્થક આજ્ઞાર્થ રૂપ ૨૨૯
-'અછિઇ', 'છઇ', 'અછિ' ૨૩૬
-કર્મણિ રૂપ ૨૪૨
-'જા' સાથે કર્મણિ રચના ૨૪૩
-આજ્ઞાર્થ ૨ જો પુ. એ. વ. ૬ ૩૮૭
કારક
-અર્થ (ક્રિયા સાથે જેને અન્વય છે તે) ૧૩૯
-પ્રકાર ૭
કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ ૧૪૦
કારકમીમાંસા ૧૩૯
કારકવિભક્તિ ૧૩૯
કાર્યાવસ્થા ૪૯૩
-વિભાગ
આરંભ, યત્ન, પ્રાપ્ત્યાશા, નિયતાપ્તિ, ફલાગમ
કાળ
-લક્ષણ ૨૨૧
-વિભાગ ૨૨૧
-મહાભાષ્યકારે આપેલો અર્થ ક્રિયાત્મક ૨૩૨
કાવ્ય
-લક્ષણ ૪૬૧
ભિન્ન મતોનું તારતમ્ય-ગદ્ય ને પદ્ય
કાવ્યનું શરીર, આત્મા રસ ૪૬૨
અર્થચમત્કૃતિ પ્રધાન, શબ્દચમત્કૃતિ ગૌણ ૪૬૨

–સાહિત્યનું ઉત્તમ અંગ, પ્રસાદ આવશ્યક ૪૬૩
–પ્રકાર ૪૭૫–૭૬
–ધ્વનિ ને ચિત્ર–શબ્દચિત્ર, અર્થચિત્ર
–દૃશ્ય ને શ્રવ્ય
કુ
–અર્થ ૨૫૩
કુડવક ૪૯૫
કુંડળીઓ ૫૦૧
કુમારપાલચરિત ૨૧૬
કુલક ૪૯૪
કુવલયાનન્દ ૪૮૭
કૃત્
–પ્રાથમિક પ્રત્યય ૨૧૩
–પ્રત્યયો
સંસ્કૃત
કર્તૃવાચક–તૃ, અક, અન, ઇન્, અ ૩૧૯–૨૧
ભાવવાચક–તિ, અન, અ, યા, આ, ન ૩૨૧–૨૩
કરણાર્થક–અન, ત્ર ૩૨૩
વિશેષણ બનાવનાર—
વર્ત૦ કૃદન્ત–માન, અત્ ૩૨૪
ભૂતકૃદન્ત ત ૩૨૪
પરોક્ષભૂતકૃદન્ત વસ્–વાન્ ૩૨૫
વિધ્યર્થક–તવ્ય, ય, અનીય ૩૨૬
શીલાર્થક–ઇષ્ણુ, આલુ, વગેરે ૩૨૬
ઇણાદિ–ઉ, ઉર, વગેરે ૩૨૭–૮
તદ્ભવપ્રત્યયો
ભાવવાચક–અણ, આવ, આમણ, આવટ, વગેરે ૩૨૮–૩૦
૧૮
કર્તવાચક–નાર, કાર ૩૩૦
વિશેષણ બનાવનાર–આઉ, આળ, ઉ, વગેરે ૩૩૦
અરબી પ્રત્યય ૩૩૦–૩૪
કૃદન્ત
–લક્ષણ ૨૧૩–૧૪
–પ્રકાર
મૂળ ને સાધિત ધાતુ પરથી ૨૧૪
–પ્રયોગ ૨૧૪–૧૫
કેત્થુ અપ.
–કેથઉ (જૂ. ગુ.), કેથાં, કેથી ૧૯૭
કેમ ૨૬૧
–સં. કથમ્
–અપ. કિમ–કેમ–કિંવત્–કિંવ–કેમ
–જૂ. ગુ. કેમ, કિ
કેલ્ટિક
–ભાષાઓ ૧૭
કેવળપ્રયોગી ૨૬૫
–પ્રકાર ૨૬૫
શોકવાચક, વગેરે
કેવો–વી–વું
–એ વડે જાતિ નક્કી કરવાનો પ્રચાર ૧૦૬
કેહ–હો–હ અપ.
–સં. કીદૃશ્ ૧૯૭
કૈશિકી વૃત્તિ ૪૭૨
કોડી–કુંડી
–હિ.માં કોરી–કોડ્ડી ૧૯૫
કોણ
–અપ. કવણ ૧૭૩

-પ્રાચીન રાજસ્થાનીમાં 'કવણ' 'કઉણ,' 'કઉણ,' 'કૂણ,' 'કુણ' ૧૭૩
-હિં.માં કૌન ૧૭૪
-પં.માં કૌણ ૧૭૪
-મ.માં કવણ (કવિતામાં) ૧૭૪
-અં.માં કે ૧૬૪
-જૂ. ગુ.માં 'કઉણ,' 'કુણ' ૧૭૪
-અનિશ્ચિત સર્વનામ તરીકે ૧૭૫
કોમલ વૃત્તિ ૪૭૧
કૌંસ ૪૨૦
ક્યારે ૨૫૯
-વ્યુત્પત્તિ ૨૫૯
-કુત્ર વારે-'કેવારે'નું સંક્ષિપ્ત રૂપ ૨૫૯-૬૦
-જૂ. ગુ. 'કવારઇ,' 'કિવારઇ' ૨૬૦
-મ. કેવ્હાં ૨૬૦
ક્યાં
કુત્ર-કુત્થ કે કસ્માત્-કમ્હાં-કહાં-કાં-ક્યાં ૨૬૦
-જૂ. ગુ. 'કિહાં,' 'કિથઉં' ૨૬૦
ક્રિયા ૧૯૭
-લક્ષણ ૧૯૮
-વિભાગ—
સાધ્યરૂપ, સિદ્ધરૂપ ૧૯૭
-દીક્ષિતનું વિવરણ ૧૯૮-૯
ક્રિયાપદ
-અકર્મક (ફળ ને વ્યાપાર એકજ આશ્રયમાં) ૨૦૦
-સકર્મક (ફળ ને વ્યાપાર ભિન્ન આશ્રયમાં) ૨૦૦
ક્રિયા (કે ક્રિયાર્થ૦) પ્રધાનવાદી
-વૈયાકરણ ૯૩, ૩૯૯
ક્રિયાવાચક
-નામ ૯૮
ક્રિયાવિશેષણ અવ્યય ૨૫૮
-પ્રકાર
કાળવાચક ૨૫૮-૫૯
સ્થળવાચક ૨૫૯
રીતિવાચક ૨૫૯
હેતુવાચક ૨૫૯
નિષેધવાચક ૨૫૯
પરિમાણવાચક ૨૫૯
ક્રિયાવિશેષણ ને નામયોગી ૨૬૨
ક્રિયાસૌકર્ય ૧૪૦
ક્લિષ્ટતા
-દોષ ૪૬૭

ખ

ખંડકાવ્ય ૪૬૪-૬૫

ગ

ગઝલ ૪૬૬
ગણ ૪૬૭
ગદ્ય ૪૬૧, ૪૬૪
ગીતિ ૫૦૨
ગુજરાત
-પ્રાચીન ગુજરાત ૨૦
-ભિન્ન પ્રજાઓ ૨૨
-નામ ક્યારે પડ્યું ને ક્યારે સ્થાપિત થયું ૨૦-૨૧
ગુજરાતી
હિંદીનું જૂનું પ્રાન્તિક સ્વરૂપ ૨૧
-ભાષાની સીમા ૨૧, ૨૨

–સાથે જયપુરી ને માળવીનો સંબંધ ૨૨
–બોલનારની સંખ્યા ૨૩
–ક્યાં બોલાય છે ? ૨૩, ૩૪૦
–એમાં વિદેશીય શબ્દ– ફારસી, અરબી, પોર્ટુગીઝ, અંગ્રેજી ૨૮
–શૌરસેની પ્રાકૃત કે અપભ્રંશમાંથી ઉદ્ભવી છે. ૨૯
–રાજસ્થાની ભાષા સાથે નિકટનો સંબંધ ૩૪૦
–હિંદી ભાષાની બોલી ૩૪૦
–પ્રાન્તિક બોલીઓ ૩૪૦
–જૂની ગુજરાતી (પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની) ૩૪૦
–મારવાડી ને જેપુરી સાથે સંબંધ ૩૪૧
–સ્વરોના ફેરફાર ૩૪૪–૫૧
–અસયુક્ત વ્યંજનોના ફેરફાર ૩૫૧–૫૭
–વ્યંજનોનો લોપ ૩૫૭–૬૦
–અન્તઃસ્થના ફેરફાર ૩૬૦–૬૧
–મહાપ્રાણોનો ફેરફાર ૩૬૧–૬૪
–અલ્પપ્રાણનો મહાપ્રાણ ૩૬૪
–અનુસ્વારનો ઉમેરો ૩૬૪
–વર્ણવ્યત્યાસ ૩૬૫
–પરચુરણ ફેરફાર ૩૬૫
–સંયુક્ત વ્યંજનના ફેરફાર ૩૬૫–૭૨
–નિર્બળ સંયોગ ૩૭૨–૭૪
–અર્વાચીન તદ્‌ભવ ૩૭૪
'ગુજરાતી ભાષાનો ઇતિહાસ' –વ્રજલાલકૃત ૪૯
ગુજ્જર ૨૦, ૨૪
ગુણ
–રસના ધર્મ ૪૬૮
–પ્રકાર ૪૬૯
માધુર્ય, ઓજસ્, પ્રસાદનાં વ્યંજક ૪૬૯
વર્ણ, સમાસ, ને રચના
–ગુણ ને અલંકારનો ભેદ ૪૭૦
ગુણવાચક વિશેષણ ૧૮૦
ગુરુરેખા ૪૧૯–૨૦
ગુર્જરત્રા ૧૯,૨૦
ગેર
–અર્થ ૨૫૬–૫૭
ગોહિલબિરુદાવલી ૪૯૫
ગૌડી રીતિ ૪૭૧
ગૌણ પદ
–વિભાગ ૯૨
ઉપસર્ગ, નિપાત ૯૨
'ગૌતમરાસ' ૩૫
ગ્રકર્સીસ ૧૬
ગ્રામ્યતા
–દોષ ૪૬૭
(ડૉ.)ગ્રીઅર્સન ૧૭૦
ગ્રીક
–ભાષા ૧૮

ઘ

ઘણું
–સં. ઘન; હિં. ઘના; પં ઘણા ૧૯૫

ઘોષ ૬૭,૬૮

ચ

ચતુર્થી વિભક્તિ
–પ્રાકૃતમાં એને સ્થળે ષષ્ઠી ૧૨૬, ૧૩૦
–'ને' પ્રત્યય (છઠ્ઠીને સાતમીનો પ્રત્યય લગાડવાથી), ગુ., પં., રાજ.માં ૧૩૦
–'ને', 'નૈ' રાજસ્થાનીમાં ૧૩૦
–'ને' માળવીમાં ૧૩૦
'નૈ' જયપુરી, મારવાડી, મેવાટીમાં ૧૩૦
અર્થ
સંપ્રદાન, તાદર્થ્ય, પ્રમાણ; કર્તા ૧૫૬–૫૭
કૃત્યર્થક ધાતુને યોગે ૧૫૬
ષષ્ઠીના (સંબંધના) અર્થમાં ૧૫૬
'ચન્દ્રહાસ–આખ્યાન' ૧૬૩, ૧૭૫
ચપલાતિશયોક્તિ ૪૮૭
ચમ્પૂ ૪૯૫
ચરણાકુલ ૪૯૮–૯૯
ચાવડા ૨૦
ચિરમ્
–અર્થ ૨૫૩
ચૂલિકાપૈશાચી ૨૬, ૩૭૯
ચ્યુતસંસ્કૃતિ
–દોષ ૪૬૭
ચોપાઈ ૪૯૭–૯૮

છ

છન્દ ૪૯૫
–પ્રકાર: વૃત્ત, જાતિ ૪૯૬
છપ્પો ૪૯૮
છ
–વ્યુત્પત્તિ ૨૩૫–૩૬
–જૂ.ગુ.માં 'અછઈ', 'અછિઇ', 'અછિ', 'છિ', 'છિં', 'છેં', 'અછેં' ૨૩૫

જ

જઇસુ
–સં. યાદૃશ: ૧૯૬
જૂ. ગુ. 'જિસઉ', 'જિસિઉ', 'જિસ્યઉ', 'જસિઉ', 'જિસિ', 'જસ્યુ', 'જેસા' ૧૯૬
જગન્નાથ ૪૯
'જયાનન્દકેવળી' ૫૧
જરથુસ્ત ૧૬
જાટ ૨૪
જાતિ
–વસ્તુનો પ્રાણમય ધર્મ ૭૨,૯૫,૯૬
–સત્ય ભાગ ૭૩, ૯૮
–જાતિપક્ષ ૭૨
–જાતિવાચક નામ ૯૫, ૯૬
જાતિ
–નર, નારી, ને નાન્યતર ૧૦૦
–ત્રણે જાતિ ગુ. ને મ.માં ૧૦૦
–નર, નારી સિં., પં., ને હિં.માં ૧૦૦
–જાતિનો અભાવ બં. ને ઉ.માં ૧૦૦
–વિષે સામાન્ય નિયમ ૧૦૦–૧૦૧,

–અપવાદ ૧૧૩, ૧૧૪, ૧૧૫
–નિર્જીવ પદાર્થને ગુણોના આરોપથી નાતિનો નિર્ણય ૧૦૧
–અંગ્રેજીને કાનડીમાં નિયમ ૧૦૧
–છન્દનો પ્રકાર ૪૯૬
નાતિ અને ગુણ ૯૮
નાતિવિચાર ૯૯
નામ (જૂ. ગુ.) ૨૬૦
–સં. યાવત્ ૨૬૦
–અપ. જાउं, जामहिं, जाम ૨૬૦
નિનર્હર્ષજી ૫૧
નિપ્સિ ૧૬
જૂની ગુજરાતી
–દાખલા
પ્રથમા વિભક્તિના ૧૨૮
અમત્યય દ્વિતીયાના ૧૨૮
સમત્યય દ્વિતીયાના ૧૨૯
તણઉ, નઉના ૧૨૯–૩૦
'નઇ'ના ૧૩૦
તૃતીયાના ૧૩૧–૩૨
ચતુર્થીના ૧૩૨
પંચમીના ૧૩૨–૩૪
ષષ્ઠીના ૧૩૬–૩૭
સપ્તમીના ૧૩૮
સતિસપ્તમીની રચના
સંસ્કૃત જેવી ૧૬૧
'ઓલિઉ', 'પઇલિઉ' ૧૭૦
'જુ', 'જં', 'સુ', 'તં', 'જિણું', 'જિહાંઇ', ૧૭૧
'જેહ', 'તેહ' જે', 'તે,''એહ' ૧૭૨
'હાથોહાથઈ', ખંડાખંડિ' 'દિસોદિસિ,' 'વારોવાર', માંહોમાંહઈ' ૧૭૮
–નમુના
ઇ. સ. ૧૩મા સૈકાના ૩૫
ઇ. સ. ૧૪મા સૈકાના ૩૫, ૩૬–૩૮
ઇ. સ. ૧૫મા સૈકાના ૩૮, ૩૯–૪૪,૪૫
ઇ. સ. ૧૬મા સૈકાના ૪૬, ૪૯
ઇ. સ. ૧૬મા સૈકાનાં ખતો ૪૭–૪૯
ઇ. સ.૧૬મા ને ૧૭મા સૈકાના૪૭
ઇ. સ. ૧૭મા સૈકાના ૫૦, ૫૧
ઇ. સ. ૧૮મા સૈકાના ૫૧
–અને હાલની ગુજરાતીમાં નાતિના ફેરફાર ને શબ્દવ્યત્યયના દાખલા ૫૬
–માં સ્વરો સાથે લખવાનો પ્રચાર વિશેષ ૩૮૭
–'અઇ', 'અઉ', પાછળથી 'એ,' ઓ,' 'ઇ', 'ઉ' ૩૮૭
–સપ્તમીના 'ઇ'નો 'એ' ૩૮૭
–'ઇ', 'ઉ', નકામાનો પ્રચાર ૩૮૭
–ઋનો ર્‌ઋ,ૠનો ર્‌ૠ ૩૮૭–૮૮
જે
–પ્રા.માં પું. પ્ર. એ. વ. જો; પું. પ્ર. બ. વ. જે ૧૭૧
–અપ.માં પું. પ્ર. એ. વ. જુ, જો; બ. વ. જે નપું.; એ. વ. જં ૧૭૧
–જૂ. ગુ.માં 'જુ', 'જં' ૧૭૧

'જેહ,' 'તેહ' (હકાર 'એહ'ને અનુસારે, અપ.માં વાદૃશ, તાદૃશને બદલે), 'જે', 'તે' ૧૭૨.
–હિં., મ., પં., સિં.માં જો ૧૭૧
જેમ
–સં. યથા; અપ. જેમ–જિમ ૨૬૧
–વ્યુત્પત્તિ–યદ્વત્–યદ્–જેમ ૨૬૧
–જૂ. ગુ.માં 'જિમ', 'જિ' ૨૬૧
જેવું–હો–હ
–સં. વાદૃશ ૧૯૭
–અપ. જેત્થુ ૧૯૭
–જૂ. ગુ. 'જેવઉ' ૧૯૭
જૈનરાસા ૩૦, ૩૧, ૪૯
જોઈએ
–અપૂર્ણ ક્રિયાપદ ૨૦૩
–વ્યુત્પત્તિ ૨૦૪
–મરાઠીમાં પાહિજે ૨૦૪
જોડણી
–નિયમનું બીજ, ઉચ્ચારને આધારે કે વ્યુત્પત્તિને આધારે ૪૪૫–૪૬
–નિયમો માટે લક્ષ રાખવાની બાબતો ૪૫૦
–ના નિયમો ૪૫૦–૪૬૧
જ્યારે
–વ્યુત્પત્તિ ૨૫૯
–યત્ર વારે–'જે વારે'નું સંક્ષિપ્ત રૂપ ૨૫૯–૬૦
–જૂ. ગુ. 'જવારઇ,' 'જિવારઇ' ૨૬૦
–મ. જેવ્હાં ૨૬૦
જ્યાં
–સં. યત્ર, અપ. જેત્થુ ૨૬૦
–વ્યુત્પત્તિ યસ્માત્–જમ્હાં–જહાં–જં–જ્યાં ૨૬૦
–જૂ. ગુ. 'જિહાં' ૨૬૦

ઝ

ઝન્દ ૧૬
ઝન્દ–અવેસ્તા ૧૬
ઝુલણા ૫૦૦

ટ

(ડૉ.) ટેસિટોરિ ૨૨, ૧૩૦, ૧૩૩, ૧૩૫, ૧૬૩, ૧૭૦, ૧૭૭, ૧૯૪, ૨૦૪, ૨૧૭, ૨૧૮, ૨૨૪, ૨૩૬, ૨૬૩
ટ્યૂટૉનિક ૧૭
–ભાષાઓ ૧૭
લો જર્મન–અંગ્રેજી, ડચ, ફ્લેમિશ
હાઇ જર્મન–જર્મન
સ્કૅન્ડિ નેવિઅન–આઇસ્લૅન્ડિક, સ્વીડિશ, ડૅનિશ, નૉર્વીજિઅન
ટ્રેન્ચ ૮૩

ડ

ડ્રાઇડન ૪૭૩

ત

તદ્ભવ
–સં. તાદૃશ: ૧૯૬
–જૂ. ગુ. 'તિસિઉ', 'તિસઉ,' 'તિસ્યઉ', 'તિસ્યુ,' 'તસિઉ,' 'તસ્યુ' ૧૯૬
તત્પુરુષ
–અન્તોદાત્ત ૫૮

-લક્ષણ ૨૮૪
-પ્રકાર
દ્વિતીયાતત્પુરુષ ૨૮૪
તૃતીયાતત્પુરુષ ૨૮૪-૮૫
ચતુર્થીતત્પુરુષ ૨૮૫
પંચમીતત્પુરુષ ૨૮૫
ષષ્ઠીતત્પુરુષ ૨૮૫-૮૬
સપ્તમીતત્પુરુષ ૨૮૬
એકદેશી-અવયવી ૨૮૬
ઉપપદ ૨૮૬-૮૭
કર્મધારય ૨૮૭-૮૯
દ્વિગુ ૨૮૯-૯૦
તત્સમ શબ્દ ૨૩
-પ્રમાણ ૨૪
કારણ ૨૪
-ના લિંગના નિયમ ૧૦૬
-તદ્ધિતાન્ત ને કૃદન્તના લિંગના નિયમ ૧૦૭-૦૮
-ના દોષની યાદી ૪૨૬-૩૫
-ફારસીઅરબી શબ્દની યાદી ૪૩૬-૪૧
તદ્ધિત દ્વૈતીયિક પ્રત્યય ૨૧૩
-લક્ષણ ૩૦૦
-વિભાગ
૧. અપત્યાર્થવાચક-
અ, ઇ, એય, ય, ઇય, ઽય ૩૦૦-૦૧
૨. સમૂહવાચક-તા ૩૦૧
૩. 'તેનું અધ્યયન કરે છે'-એ અર્થમાં-
અ, ઇક, અક ૩૦૨
૪ 'ત્યાં થયલું' એ અર્થમાં-ય, ઈય, ત્ય, ઇય, ઇક, ઈન, ૩૦૨-૦૪
ઇક વિવિધ અર્થમાં ૩૦૩
એ જાતના ઇક ૩૦૩
૫. 'તેનું આ' એ અર્થમાં-અ, ઈય, ય ૩૦૪
૬. વિકારવાચક-મય, ય ૩૦૪
૭. 'તેને વિષે સાધુ' એ અર્થમાં-ય, એય ૩૦૪
૮. 'તેથી દૂર નહિ' એ અર્થમાં ય ૩૦૪
૯. ભાવવાચક-ત્વ, તા, ઇમન્, અ, ય, ઈ ૩૦૫
૧૦. ઉત્કર્ષવાચક-તર, તમ, ઈયસ્, ઇષ્ઠ ૩૦૫-૦૬
૧૧. સ્વામિત્વવાચક-મત્, ઇન્, ઇન વિન્, આલુ, વગેરે ૩૦૬-૦૭
૧૨. અભૂતતદ્ભાવ ઇ ૩૦૭-૦૮
૧૩. ઇષદ્ઊનતાવાચક-કલ્પ, પ્રાય ૩૦૮
૧૪. 'તેને એ થયું છે' એ અર્થમાં ઇત ૩૦૮
૧૫. પ્રમાણવાચક-માત્ર ૩૦૮
૧૬. 'તેની પેઠે'-વત્ ૩૦૮
૧૭. સ્વાર્થિક-ક્ય, ય, ક, તા, અ ૩૦૮-૦૯
૧૮. 'તે વહન કરે છે' એ અર્થમાં -ય, એય ૩૦૯
૧૯. 'તેને વિષે કરેલો ગ્રન્થ' એ અર્થમાં-ઈય, અ ૩૦૯
૨૦. 'તેણે કહેલું'-ઈય ૩૦૯
૨૧. 'તે જેનું પ્રહરણ છે'-ક, ઈક ૩૦૯

૨૨. ઇષાર્થક-ચ ૩૦૯
૨૩ લઘુતાવાચક-ક, ૯, ઇક, ઇલ, ઇય, અડ, અક, ર, તર ૩૧૦
ક પ્રત્યયના અનેક અર્થ ૩૧૦
પરચુરણ પ્રત્યયો ૩૧૦-૧૧
વિશેષણ બનાવનાર-ઈય, કીય, ક, કીન, વત, ચિત્, ચન, અપિ ૩૧૧
અવ્યય બનાવનાર-તસ્, દા, ત્ર, થા, ધા, શઃ ૩૧૧-૧૨
પૂરક-તીય, થ, મ, તમ, અ ૩૧૨
સમૂહવાચક ય, તય, ક, અત્ ૩૧૨
સ્વાર્થિક ઈક ૩૧૨
અવ્યયને-સ્ય, ય, તન, ઈન, ઇમ, વગેરે ૩૧૩
-તદ્ભવ તદ્ધિત પ્રત્યય
૧. ભાવવાચક-આઈ, આસ-શ, પણ, પર્યું, પ, મ, ઈ, આણ-ર્યું, પો, વટ, આટ, આટો, ઓટી ૩૧૩-૧૪
૨. મત્વર્થક-મન્ત, વન્ત, ગાળો, વાળો ૩૧૪
૩. લઘુતાવાચક-ક, ડ, લ, વ, ૨, ઉ, ટ, ઈ ૩૧૪-૧૬
બેવડા પ્રત્યય
લઘુતાવાચક ને સ્વાર્થિક પ્રત્યય, સંસ્કૃતમાં-ક, લ, ઇક, ઇલ, ઇય, અક, અડ, ર, તર ૩૧૬
અપભ્રંશમાં-
અ, અડ, ઉલ, ટ, અ, એં, ઇ ૩૧૬
ગુજરાતીમાં લઘુત્વવાચક પ્રત્યયો-સ્વાર્થિક, લઘુતાવાચક, ને તિરસ્કારવાચક ૩૧૬
-ફારસી તદ્ધિત પ્રત્યય-ચા, ઈ, ગી, તી, આ, ગીન, મંદ, વર, વાર, આ, ઈ, આના ૩૧૮
-અરબી તદ્ધિત પ્રત્યય
-ઈ ૩૧૮-૧૯
-તુર્કી-ચી ૩૧૮-૧૯
તદ્ભવ શબ્દ ૨૪
-પ્રાચીન તદ્ભવ ૨૪, ૩૮૩
-અર્વાચીન તદ્ભવ ૨૫, ૩૮૩
-પ્રમાણ ૨૭
-જાતિના નિયમ ૧૦૯
તમે
પ્રા. તુમ્હે, તુમ્હઇ ૧૬૫
તમો
-'અમો'ને સાદૃશ્યે ૧૬૫
તવર્ગ ને સ
-ઉચ્ચારની પરીક્ષા ૬૭
તામ જૂ. ગુ. ૨૬૦
-સં. તાવત્; અપ. તાવં, તામહિં, તામ ૨૬૦
તારા-તમારા
-હિં.માં તેરા-તુમ્હારા ૧૬૬
-બં.માં તોર-તોમાર-તોમાદેર ૧૬૬
તાર્તીયિક ધાતુ ૨૦૭
-બનાવવાની રીત ૨૦૮
તાલ ૪૬૬
તિરસ્
-અર્થ ૨૫૩

તુલસીદાસ ૧૩૪
તું ૩૫
—અપ. તુહું ૧૬૫
તૂક ૪૯૬
તૃતીયા વિભક્તિ
—પન પરથી 'એ', 'એં' ૧૩૦
મ.માં ઇં ૧૩૦
સર્વનામમાં 'એં' ૧૩૦
—સાથે બીજા શબ્દની જરૂર ૧૩૦
ગુ.માં 'કરીને' ૧૩૧
મ.માં કરૂન, કરૂન ૧૩૧
બં.માં કરિ ૧૩૧
બં.માં તૃતીયાને બદલે કર્તૃક, કરણક, દ્વારા ૧૩૧
ઉ—માં.તૃતીયાને બદલે 'દ્વારા' ૧૩૧
—બેવડો પ્રત્યય 'ણે'—સર્વનામને, પન—ણ પરથી ૧૩૧
—ના અર્થ—કર્તા ને કરણ ૧૫૪
રીતિવાચક ૧૫૫
વિકારિ—અંગવાચક ૧૫૫
ગમ્યમાન ક્રિયાના કરણાર્થે ૧૫૫
હેતુવાચક ૧૫૫
ફળવાચક ૧૫૫
'સાથે'ના અર્થને યોગે ૧૫૫
પરિસ્થિતિના અર્થમાં ૧૫૫
તે
—મ.માં તો ૧૬૯
—હિં., પં., સિં.માં સો ૧૬૯
—બં., ઉ.માં સે ૧૬૯
—અપ.માં સો ૧૭૦
—જૂ. ગુ.માં 'સુ', 'તં' ૧૭૦—૭૧ 'તેહ', 'તે' ૧૭૨
તેણી
—અશિષ્ટ ૩૫ ૧૬૩
—જૂ. ગુ.માં ('વૈતાલપંચવિંશી,' 'પંચાખ્યાન'માં) ૧૬૩
—'ચન્દ્રહાસ—આખ્યાન'માં ૧૬૩
તેમ ૨૬૧
—સં. તથા ૨૬૧
—અપ. તિમ—તેમ ૨૬૧
—વ્યુત્પત્તિ તદ્વત્—તદ્—તેમ ૨૬૧
—જૂ. ગુ. 'તિમ', 'તિ' ૨૬૧
તેડુ—હો—હ ૧૯૭
—સં. તાદૃશ્ ૧૯૭
—જૂ. ગુ. 'તેત્યુ' ૧૯૭
—તેથાં ૧૯૭
તોટક ૫૦૩
ત્યારે ૨૫૯
—વ્યુત્પત્તિ ૨૫૯
—તત્ર વારે—'તે વારે'નું સંક્ષિપ્ત ૩૫ ૨૫૯—૬૦
—જૂ. ગુ. 'તવારઇ', 'તિવારઇ', ૨૬૦
—મ. તેવ્હાં ૨૬૦
ત્યાં ૨૬૦
—વ્યુત્પત્તિ ૨૬૦
—તત્ર—તેત્થુ ૨૬૦
—તસ્માત્—તમ્હાં—તહાં—તાં—ત્યાં ૨૬૦
—જૂ. ગુ. 'તિહાં' ૨૬૦
ત્રિવિક્રમ ૨૫, ૨૯

થ

થા
–વ્યુત્પત્તિ ૨૩૬
–હિં.માં સાહાય્યકારક ૨૩૬
–ગુ.માં સંયુક્ત ક્રિયાપદ ૨૩૬

દ

દડી ૩, ૨૬, ૪૭૨
દરાયસ ૧૬
દર્શક સર્વનામ ૧૬૭
–પ્રત્યક્ષપદાર્થવાચક–'આ', 'એ', 'પેલું' ૧૬૭
–પરોક્ષપદાર્થવાચક–'તે' ૧૬૭
–સમીપના અર્થમાં 'એ' ૧૬૭
–સમીપતરના અર્થમાં 'આ' ૧૬૭
–દૂરના અર્થમાં 'પેલું' ૧૬૭
–વિકારક–'એહ્યો', 'પેલો' ૧૬૭
–એકવચનનાં રૂપ બહુવચનના અર્થમાં ૧૬૮
દિવા
–અર્થ ૨૫૩
દુસ્–દુર્
અર્થ–૨૫૧
દૃષ્ટાન્ત ૪૮૩–૮૪
–સાધર્મ્યે ૪૮૩–૮૪
–વૈધર્મ્યે ૪૮૪
દેવસુંદર ૨૯, ૩૬
'દેશી નામમાલા' ૨૫
દેશી ભાષા
–એમાં અન્ય ભાષાના શબ્દો ૩૩૭
–સંસ્કૃતના જોડાક્ષરો કાઢી નાખી ઉચ્ચાર સરળ કરવા તરફ વલણ ૩૩૯
–પ્રાકૃત શબ્દોનું સંયુક્ત વ્યંજન લોપી પૂર્વ સ્વર દીર્ઘ થવાનો નિયમ ગુ.માં સાર્વત્રિક, હિં.માં ઘણે ભાગે, પં.માં જોડાક્ષર કાયમ ૩૪૧
–હિં.ના ઐ, ઔ ગુ.માં એ, ઓ ૩૪૨
–હિં.માં ઇ, ગુ.માં 'અ' ૩૪૨
–ગુ.માં નપું.; હિં.માં નથી ૩૪૨
–વર્ત૦કાળનો અર્થ બદલાયાથી 'છ' કે 'હો'નાં રૂપની જરૂર ઉત્ક., બં. સિવાય બધી દેશી ભાષામાં ૩૪૨
–ગુ., સિં., પં., હિં.માં આજ્ઞાર્થ નથી; મ., ઉ., બં.માં છે. ૩૪૨
–ગુ. ને વ્રજભાષામાં ભવિષ્યકાળ ૩૪૨
–ગુ., સિં., પં.માં વર્ત૦કાળનાં રૂપ અપ. પરથી ૩૪૨
–ગુ.માં અપ. જેવો ભવિષ્યકાળ ૩૪૨
–અવ્યયકૃદન્ત ઇઅનો અ લોપા, 'ઇ'ના રૂપમાં ગુ., સિં., પં. રાજ.માં ૩૪૨
–મુખ્ય વિકાર ૩૮૩
–પ્રાકૃત કરતાં સંયુક્ત વ્યંજનોના વિકાર વિશેષ ૩૮૩
–ગુ., હિં., બં., મ.માં એક વ્યંજનનો લોપ ને પૂર્વ સ્વર દીર્ઘ ૩૮૩
–સિં.માં એક વ્યંજનનો લોપ, પણ

પૂર્વ સ્વર દીર્ઘ નહિ ૩૮૩
–પં.માં જોડાક્ષર કાયમ ૩૮૩
–દાખલાનું કોષ્ટક ૩૮૪
–પ્રત્યયોમાં વિકાર ૩૮૫
–ગણના વિકાર ૩૮૫
–કાળ અને અર્થના વિકાર ૩૮૫–૮૬
દેશ્ય (દેશજ) ૨૫
–બાહ્ય પ્રદેશની ભાષામાં દેશ્ય શબ્દો ૩૩૭
દેશ્ય (નૃત્ય) ૪૯૪
દોધક ૫૦૩
દોષ–
લક્ષણ, મુખ્ય અર્થનો, રસ કે ભાવનો અપકર્ષ કરનાર ૪૬૬
–પ્રકાર:—
નિત્ય, અનિત્ય, શબ્દદોષ, અર્થ-દોષ, રસદોષ ૪૬૭
દોહરો–દોહો ૪૯૮
દ્રવ્યવાચક નામ ૯૭
–જથાનો ને અનિશ્ચિતતાનો અર્થ ૯૭
દ્રાક્ષાપાક ૪૭૩
દ્રુતવિલંબિત ૫૦૩
દ્વન્દ્વ સમાસ ૨૮૨
–લક્ષણ ૨૮૨
–પ્રકાર–ઇતરેતર ને સમાહાર ૨૮૨–૮૩
–ક્રમ ૨૮૩
–દેવતાદ્વન્દ્વ ૨૮૩–૮૪
–એકશેષ દ્વન્દ્વ ૨૮૪
દ્વિગુ સમાસ ૨૮૬–૯૦
કર્મધારયનો પેટા પ્રકાર ૨૮૬
–સમાહારદ્વિગુ ૨૮૬–૯૦
દ્વિતીયા વિભક્તિ
–પ્રત્યય 'ને' ૧૨૬
–મ.માં લા (પ્રાચીન લાગુનિ–લાગી)
–નેપાળીમાં લાઇ
–હિં.માં લગ–લગી; એની સાથે સંબદ્ધ
–પં.માં નુ ૧૨૬
–છઠ્ઠીના પ્રત્યયને સાતમીનો પ્રત્યય લગાડવાથી ગુ., પં., રાજ.-માં ૧૩૦
–ના અર્થ–
અનભિહિત કર્મ ૧૫૧–૫૨
પ્રધાન કર્મ ને ગૌણ કર્મ ૧૫૩
અત્યન્તસંયોગ ૧૫૪
ગત્યર્થકને યોગે ૧૫૪
દ્વિરુક્ત શબ્દ
–પૂર્ણપણાનો, દરેકનો, વારંવાર થવા-નો, કે અતિશયનો અર્થ ૩૮૬–૬૪
–જુદાં જુદાં પદોમાં મ.માં પણ ૩૮૬–૬૪
–અનુકરણવાચક ૩૬૩
–પર્યાયશબ્દથી દ્વિરુક્તિ ૩૬૪
દ્વેષ્ય કર્મ ૧૪૩
દ્વૈતીયિક ધાતુ ૨૦૭

ધ

ધાતુ
–ભાષામાત્રમાં મૂળ ૯૨
–અર્થ–કૃળ ને વ્યાપાર ૨૦૦
–લક્ષણ ૨૦૪
–સંખ્યા ૨૦૪

-પાશ્ચાત્ય મત ૨૦૪-૦૫
-વિભાગ
પ્રાથમિક, દ્વૈતીયિક, તાર્તીયિક
૨૦૫-૦૬
-વિકરણસહિત ૨૦૬
-મૂળ ને સાધિત ૨૦૬-૦૭
ધિક્
-અર્થ ૨૫૪
ધીરા ૪૯, ૩૫૦
'ધ્રુવાખ્યાન'
-તુલસીકૃત ૩૧૫
ધ્વનિ
-ભાષાનું મૂળ ૪
-લક્ષણ ૬૧
સ્ફોટ ૭૦-૭૧
ન
ન
-અર્થ ૨૫૫
નક્તમ્
-અર્થ ૨૫૫
નઞ્તત્પુરુષ ૨૯૦
નથી
-વ્યુત્પત્તિ ૨૩૫
નમસ્
-અર્થ ૨૫૫
નરસિંહ મહેતા ૨૯,૩૧
નર્મદ ૪૫૮, ૪૬૦
'નળદમયન્તી' ૪૯
'નળાખ્યાન'
-ભાલણનું ૩૧
'નવતત્ત્વ બાલાવબોધ' ૪૯
નવલરામ ૩૧, ૪૪
ના
-અર્થ ૨૫૬
નાકર ૨૯
નાટક ૪૯૨
નાટ્ય ૪૯૪
નાદ ૬૭-૬૮
નાના
-અર્થ ૨૫૪
નામ
-વ્યુત્પત્તિ ૯૨
-યાસ્કનું લક્ષણ-સત્ત્વપ્રધાન ૯૨
-લક્ષણ ને વ્યુત્પત્તિ ૯૪
-પ્રકાર
સંજ્ઞાવાચક, જાતિવાચક,
ભાવવાચક ૯૫
-નામમાત્ર ધાતુજન્ય ૯૨
નામધાતુ ૨૧૧
-નામ પરથી ૨૧૨
-વિશેષણ પરથી ૨૧૨
-મ.માં ૨૧૨
-સંસ્કૃત ભૂતકૃદન્ત પરથી ૨૧૨
નામયોગી ને વિભક્તિ ૨૬૨
-દ્વિતીયાર્થક
-તૃતીયાર્થક
-ચતુર્થ્યર્થક } ૨૬૨
-પંચમ્યર્થક
-સપ્તમ્યર્થક
નામિકી વિભક્તિ ૧૩૯

નાયક ૪૯૨–૯૩
–પ્રકાર:–ધીરોદાત્ત, ધીરોદ્ધત, ધીરલલિત, ધીરપ્રશાન્ત ૪૯૨–૯૩
નાયિકા ૪૯૨
નારદશિક્ષા ૬૧
નારાચ ૫૦૪
નારિકેલપાક ૪૭૩
નિ
–અર્થ ૨૫૨
નિત્યસમાસ ૨૯૬
નિદર્શના ૪૮૭–૮૮
નિપાત
–નિર્વચન ૨૪૮
–પાદપૂરક ૨૪૮
નિપાત અને ઉપસર્ગ ૨૪૮
નિસ્–નિર્
–અર્થ ૨૫૧
નિર્ધારણસપ્તમી ૧૬૦
નિર્વર્ત્ય કર્મ ૧૪૩
નિશ્ચિતસંખ્યાવાચક ૧૮૦
નૃત્ય ૪૯૪
ન્યક્
–અર્થ ૨૫૪

પ

પંચમી વિભક્તિ
–પ્રત્યય 'થી'ની વ્યુત્પત્તિ ૧૩૨
–હિં.માં સે (જૂનું રૂપ સૌં) સં. સમમ્ પરથી ૧૩૨
–સિં.માં સાં–સેં, ગુ.માં 'શું' 'રેં' એની સાથે સંબદ્ધ ૧૩૨
–બં.માં હૈતે–હોઇતે ૧૩૨
–અપ.માં હોન્તઉ ૧૩૨
–'હુંતુ', 'હુંતઉ', 'તઉ,' 'થઉ,' 'હુંતી,' 'હૂંતઉ,' 'થકઉ', 'તુ,' 'ડી'–જૂના પ્રત્યયો ૧૩૩–૩૪
–હિં.માં જૂના પ્રત્યય–તેં, તે, થી ૧૩૩
–પં.માં તે ૧૩૩
–ના અર્થ
અપાદાન ૧૫૭
હેતુવાચક, મર્યાદાવાચક, કર્તા ને કરણના અર્થમાં ૧૫૮
અન્યાદિને યોગે ૧૫૮
'પંચાખ્યાન' ૧૬૩, ૧૬૫, ૨૨૦, ૨૬૩
પડિહાર (પ્રતિહાર) ૨૧
પતંજલિ (ભાષ્યકાર) ૧૦૦, ૨૭૦
પતાકા ૪૯૨
પદ ૭૦, ૯૦
–ચાર:–નામ, આખ્યાત, ઉપસર્ગ નિપાત ૬૦
–વ્યયી (નામ ને આખ્યાત) ને અવ્યયી (અવ્યય) ૯૪
–ને અર્થ વચ્ચે એકતાનો સંબંધ ૭૧
–વિન્યાસ
નિયમો, અપવાદ, સામાન્ય સૂચના ૩૯૫–૯૭
–વિભાગ
મૉરિસ્કૃત ૯૪
યાસ્કે કરેલા ૨૪૮
પ્રાતિશાખ્યમાં ૨૪૮
પ્રધાનપદ–નામ ને આખ્યાત ૯૨
ગૌણ પદ–ઉપસર્ગ, નિપાત ૯૨

પદ્મનાભ ૨૯,૩૮
'પદ્માવતી' ૧૩૫
પદ્ય ૪૬૧, ૪૬૪
પરસ્પર ૧૭૮
પરસ્પરોપમા ૪૭૯
પરા
—અર્થ ૨૫૦
પરિ
—અર્થ ૨૫૨
પરિકર
—અલંકાર ૧૮૫
પરિમાણવાચક વિશેષણ ૧૮૮
—'એટલું', 'એવડું' ૧૯૫
—અપ૦માં પત્તુલ-પ્પવડુ-ત્તેતુલ-ત્તેવડુ, વગેરે ૧૯૫
પરિસંખ્યા ૪૮૨-૮૩
પરુષવૃત્તિ ૪૭૧
પશ્ચાત્-
અર્થ ૨૫૪
પશ્ચિમ હિંદી
—પ્રાન્તિક બોલીઓ-બુંદેલી, વ્રજ-ભાષા, કનોજી, હિંદુસ્તાની ૩૩૮-હિંદી (સંસ્કૃત શબ્દોની બનેલી હિંદુસ્તાની), ઉર્દુ (ફારસી શબ્દોથી પરિપૂર્ણ હિંદુસ્તાની) ૩૩૮
પાક
—રસાસ્વાદનો અમુક પ્રકાર ૪૭૧, ૪૭૩-૭૪
પાંચાલી રીતિ ૪૭૨
પાઠક
—ના ગુણ ૭ ૬૮-૯
પાણિનિ ૬૨, ૬૫, ૬૬, ૬૮, ૧૦૦, ૧૩૯, ૧૪૦, વગેરે
પાણિનીય શિક્ષા ૬૧
પાદાકુલક ૫૦૬
પારસ્કરાદિ
—સમાસમાં ૨૯૬
પાલી
—સંસ્કૃતનું પ્રાચીનમાં પ્રાચીન ભ્રષ્ટ રૂપ ૩૩૬
—બૌદ્ધોની પવિત્ર ભાષા ૩૩૬,૩૪૩
—પર શુદ્ધ સંસ્કૃત શબ્દ ૩૪૩
—માં થયલા વિકાર ૩૪૩
—માં અશોકના શિલાલેખ ૩૭૬
—ખાસ વિકાર ૩૭૯
પુનર્
—અર્થ ૨૫૫
પુનરુક્તિ
—દોષ ૪૬૭
પુનઃપ્રેરક ૨૦૮
પુરસ્
—અર્થ ૨૫૪
પુરા
—અર્થ ૨૫૪
પુરુષ
—પહેલો, બીજો, ત્રીજો —ઉત્તમ, મધ્યમ, પ્રથમ ૧૬૩
—વાચક પ્રત્યય (સંસ્કૃત) ૨૨૨, ૨૩૭
—વાચક સર્વનામ ૧૬૩-૬૭
પુષ્ટો

–ભાષા ૧૭
પુષ્પિતાગ્રા ૫૦૫
પૂર્ણવિરામ ૪૧૪–૧૬
પૂર્વગ ૨૪૮–૪૯
–ને ઉપસર્ગનો ભેદ ૨૪૯
–સંસ્કૃત ૨૫૩–૫૫
–ફારસી અને અરબી ૨૫૬–૫૮
–ફારસી ને અરબી પૂર્વગોથી સમાસ ૨૫૭–૫૮
પૂર્વ હિંદી
–પ્રાન્તિક બોલી–અવધી ૩૩૮
પૃથક્
–અર્થ ૨૫૪
પૃષોદરાદિ સમાસ ૨૯૬
'પૅરેડાઇસ લૉસ્ટ' ૪૭૩
પેહેલ્વી ૧૬
પૈશાચી ૨૬,૩૭૯
ક્યાં બોલાતી ? શા માટે એ નામ પડ્યું ? ૨૬
–માં ન્નો ણ્ થતો નથી ૩૮૦
પોર્ટુગીઝ
–શબ્દો ૨૮
પ્ર
–અર્થ ૨૪૯–૫૦
પ્રકરણ ૪૯૨
પ્રકરી ૪૯૨
પ્રકારવાચક વિશેષણ ૧૮૮
પ્રતિ
–અર્થ ૨૫૨
પ્રતિભા ૪૬૪
પ્રતીતિવિલમ્બ ૪૪૨–૪૪૫
પ્રતીપ ૪૭૯–૮૦
પ્રથમા વિભક્તિ
–ગુજરાતી ને મારવાડીમાં 'ઓ'
–અપ.માં 'ઉ' (પું.), 'ઉં' (નપું.)
–જૂ. ગુ.માં પ્રત્યય નથી; કે 'ઉ', 'ઉં' ૧૨૭–૨૮
–ના અર્થ
પ્રાતિપદિકાર્થ (નામાર્થ, નિર્દેશ્યાર્થ, અભિહિત કર્તા કે અભિહિત કર્મ), સંબોધનાર્થ ૧૫૦
–વિધેયવાચક ૧૫૧
–પરિમાણવાચક ૧૫૧
પ્રથમાન્તાર્થપ્રધાનવાદી (નૈયાયિક) ૯૩
પ્રથમાન્તાર્થવિશેષ્યવાદી (નૈયાયિક) ૩૯૯
પ્રધાનપદ
–નામ, આખ્યાત ૯૨
પ્રબન્ધ
–લક્ષણ ૪૬૧
–પ્રકાર:–ગદ્ય, પદ્ય, મિશ્ર ૪૬૧
પ્રયત્ન
–આભ્યન્તર ને બાહ્ય ૬૨, ૬૩, ૬૬
–આભ્યન્તરના વિભાગ–સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ, સંવૃત, વિવૃત ૬૬
–બાહ્યના વિભાગ–વિવાર, સંવાર, શ્વાસ, નાદ, ઘોષ, અઘોષ, અલ્પપ્રાણ, મહાપ્રાણ,ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત ૬૭
પ્રયોગ
–વિવરણ, વ્યુત્પત્તિને આધારે ૨૩૭

-કર્તરિ ૨૩૭-૩૮
-કર્મણિ ૨૩૮-૪૫
-કર્મણિ ૩૫
સંસ્કૃતમાં પ્રત્યય ય ૨૪૧
પ્રાકૃતમાં ईज्ज, इज्ज ૨૪૧
અપ.માં ૨૪૧
જૂ. ગુ.માં ૨૪૨
અર્વાચીન ગુજ.માં નથી. ૨૪૨
-બીજું અર્વાચીન કર્મણિ ૩૫
'આય' કે 'આ' પ્રત્યયથી ૨૪૨
શક્યાર્થ ૨૪૩
-કર્મણિ રચના-'ન' સાથે ૨૪૩
અપ., જૂ. ગુ., હિં., મ.માં ૨૪૩, ૨૪૬-૭
હિં.માં ભાવેમાં પણ ૨૪૩, ૨૪૬-૭
-કારક ને પ્રયોગ ૨૪૩-૪૫
કર્મણિમાં કર્મ પ્રથમામાં સં.માં સર્વત્ર
જૂ. ગુ.માં કર્મ પ્રથમામાં ૨૪૪
હિં.માં મળતી રચના ૨૪૪
રાજ.માં રચના ૨૪૪
મ.માં રચના ૨૪૪-૨૪૫
મ. ને હિં.માં રચના શાસ્ત્રીય ને સયુક્તિક ૨૪૫
-ભાવે પ્રયોગ ૨૪૫
-પ્રયોગ, મ., હિં., ને બં.માં ૨૪૫-૪૭
-'થતું નથી', 'બનતું નથી':- કર્મણિ ૨૪૭
-હિં.માં કર્તરિ ૩૫ માનેલું (વોહા મૈને છોડા) અશુદ્ધ ૨૪૭
-સાધિત ધાતુના ૨૪૮
'પ્રયોગસંગ્રહ' ૧૪૧
પ્રશ્નાર્થચિહ્ન ૪૧૪-૧૫
પ્રશ્નાર્થ સર્વનામ
-'કોણ', 'શું' ૧૭૨
પ્રસાદ
-ગુણનું લક્ષણ ને સ્વરૂપ ૪૬૯-૭૦
પ્રાકૃત ૨૩, ૨૫
-વિભાગ દેશપરત્વે-મહારાષ્ટ્રી, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા-પૈશાચી, અપભ્રંશ ૨૬, ૩૭૯-૮૦
-પાલીથી વિશેષ અપભ્રષ્ટ ૩૪૩-૪૪
-ખાસ વિકાર ૩૭૯
-ત્રણ ખાસ વિકાર ૩૮૦
-લોકભાષા ૩૮૩
-નાટકમાં અધમ પાત્રની ને સ્ત્રીઓની ભાષા ૩૮૩
-સંસ્કૃતનું પાલીથી વધારે અશુદ્ધ રૂપ ૩૩૬
-શૌરસેની, માગધી, અર્ધમાગધી ૩૩૭
-માં વર્ણ સંસ્કૃતના જેવા, હ્રસ્વ ને દીર્ઘ ए ને ओ ૩૩૯, ૩૪૩
'પ્રાકૃતપ્રકાશ' ૨૬૬
'પ્રાકૃતસર્વસ્વ' ૨૬, ૨૬૬-૬૭
પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની ૨૨
પ્રાતર્
-અર્થ ૨૫૪
પ્રાતિપદિક ૯૪

પ્રાતિશાખ્ય
–માં પદના ચાર વિભાગ ૨૪૮
પ્રાદિસમાસ ૨૯૦
પ્રાદુર્
–અર્થ ૨૫૫
પ્રાપ્ય કર્મ ૧૪૪
પ્રાસાનુપ્રાસ ૪૭૬
'પ્રેમલાલચ્છી' ૫૦
પ્રેમાનન્દ ૨૯, ૩૦, ૪૯, ૧૭૫
પ્રેરક
–ધાતુ ૨૦૮
–રચના ૨૦૯
–પરથી પ્રેરક ૨૦૯
–હિં. ને મ.માં પણ ૨૦૯–૧૦
–પાલીમાં ૨૧૦–૧૧
–ભૂતકૃદન્ત પરથી ૨૧૨–૧૩
પ્લવંગમ ૪૯૯

ફ

ફારસી ૧૬
–અર્વાચીન ૧૬
–શબ્દો ૨૮
ફારસીઅરબી પ્રત્યયો
આબાદ, ખાના, નામા, આના, સ્તાન (નાન્ય.જાતિના); ઈ, ગી, ગીરી, દાન (નારીજાતિના); ગર, ગાર, આ, દાર, વાર, ચી, બાન (નરજાતિના) ૧૧૦–૧૧
ફારસીઅરબી શબ્દ
–દેશી ભાષાઓમાં તેનું પ્રમાણ ને કારણ ૨૭,૨૮
ફારસી
–તદ્ધિત પ્રત્યયો ૩૧૮
ફ્રિંદુસી ૧૬

બ

બંગાળી
–માગધી પરથી ૨૯
બદ્દ
–અર્થ ૨૫૭
બર
–અર્થ ૨૫૭
બહિર્
–અર્થ ૨૫૩
બહિરંગ કર્મ ૧૫૪
બહુવચન
–માનાર્થક ૧૨૧
–એકવચનના અર્થમાં ૧૨૧
બહુવ્રીહિ
–આદ્યુદાત્ત ૫૮
–સમાસ ૨૯૨
–શબ્દસ્વરૂપ ને લક્ષણ ૨૯૨
–પ્રકાર
સમાનાધિકરણ ને વ્યધિકરણ ૨૯૨
તદ્ગુણસંવિજ્ઞાન ને અતદ્ગુણસંવિજ્ઞાન ૨૯૨–૯૩
–માં ગણના
પૂર્વપદ 'સ' હોય એવા ૨૯૩
સંખ્યાવાચક પદોના ૨૯૩
કર્મવ્યતિહારવાચક ૨૯૪
–પ્રાદિ બહુવ્રીહિ ૨૯૪

-નઞ્ બહુવ્રીહિ ૨૬૪
-સમાસાન્ત પ્રત્યય ૨૬૪-૬૫
-ત્રિપદી બહુવ્રીહિ ૨૬૫
બાણ ૪૬૨
'બાલબોધ' ૫૨
'બાલરામાયણ' ૨૧
બાહ્ય
-પ્રદેશ ૩૩૫
-ભાષા ૩૩૬
-માં ય, ભો ના इ, उ કરવા તરફ વલણ ૩૩૬
-માં મહાપ્રાણ વર્જવાની વૃત્તિ ૩૪૦
બિન
-અર્થ ૨૫૭
બિલ્હ ૪૬૫
બિલ્હા
-અર્થ ૨૫૬
બીમ્સ ૨૨૮
બે
-અર્થ ૨૫૬

ભ

ભટ્ટોજીદીક્ષિત ૧૬૮
ભરતમુનિ ૪૭૨
ભર્તૃહરિ (હરિ) ૫૭, ૭૩, ૭૫, ૧૪૫, ૧૬૮
ભવભૂતિ ૪૭૪
ભવિષ્યકાળ ૨૨૪
-સંસ્કૃત પ્રત્યય ૨૨૫
-स्य, अस्+या પરથી ૨૨૫
-સ્ય-સ્સ મહારાષ્ટ્રી ને શૌરસેનીમાં ૨૨૫
-સ્ય-સ અપ૦માં ૨૨૫
-સ્ય-ઇસ્સ-ઈસ (કરીશ) ૨૨૫
-સ-હું (અપ૦)-સ-હં-સું-શું કરીશું ૨૨૫
-જૂ. ગુ. 'માંડિસિ', 'લેસિહ', 'જ-ધસુ', વગેરે ૨૨૫-૨૬
ભવિષ્યકૃદન્ત
-કર્તૃત્વવાચક 'આર' ૨૨૦
-મ.માં પણ 'આર' ૨૨૦
-વ્યુત્પત્તિ-કાર-આર ૨૨૦
અન+આર=નાર ૨૨૦
'હાર'માં 'હ' પ્રક્ષેપક, કે ષષ્ઠીનો પ્રત્યય ૨૨૧
-હિં.માં વાલા, હારા, વૈયા ૨૧
-ગુ.માં 'કરવૈયા' ૨૨૧
-પં.માં વાલા ૨૨૧
-કાળ તરીકે ૨૨૭
ભાગલક્ષણા (જહદજહલ્લક્ષણા) ૭૯
ભારતી વૃત્તિ ૪૭૨
ભાલણ ૨૯, ૩૦, ૩૧, ૩૮, ૪૧, વગેરે
ભાવ ૯૨, ૧૬૮
ભાવ
-લક્ષણ-લાગણી ૪૬૫
-નું પૃથક્કરણ:-સ્થાયિભાવ, વ્યભિચારિભાવ ૪૬૫
-રસથી ભિન્ન ૪૭૪
ભાવકર્તૃક ૨૦૩
મ.માં ૨૦૩
ભાવના ૧૬૭
ભાવવાચક નામ ૬૭
ભાવવાચક નામ જાતિવાચક ૬૬

ભાવવિકાર ૧૯૯
ભાવાભાસ ૪૭૪–૪૭૫
ભાષા
–વ્યક્ત ૧
–ઉત્પત્તિ ને વિકાસ ૧
–અને અગ્નિની શોધ ૨
–પ્રત્યયરહિતા (એકસ્વરી–ક્રમાનુસારિણી) ૭, ૮
ચીની ભાષા ૮
સંપૂર્ણ શબ્દ, અપૂર્ણ શબ્દ ૯
–સમાસાત્મિકા (સંયોગાત્મિકા) ૯
તુર્કી–બાસ્ક–જપાનીઝ–દ્રાવિડ (તામીલ, તેલુગુ, કાનડી, મલાયલમ્), સિંધલીઝ ૧૦–૧૧
–પ્રત્યયાત્મિકા
ઇંડો–યુરોપીઅન ને સેમિટિક ૧૧–૧૨
–પ્રત્યયલુપ્તા (વિભાગાત્મિકા)
અંગ્રેજી ને ફ્રેન્ચ ૧૩
–વિભાગ (ઐતિહાસિક દૃષ્ટિએ)
આર્યન (ઇંડો–યુરોપીઅન), સેમિટિક, યુરલ, હંગેરિઅન, તુર્કી, લૅપિશ, સેમોયની, મોંગોલિઅન, તુંગુસિઅન, દ્રાવિડ (તામીલ, તેલુગુ, મલાયલમ્, કાનડી), કૉરીઆ ને કામશ્રાટકાની, જપાનીઝ, મલાયાની, કૉકેસીઅન, દક્ષિણ આફ્રિકાની, ચીની, ઇંડો–ચાઇનાની, ટિબેટન, બાસ્ક, અમેરિકાના અસલ વતનીની ૧૫–૧૯
–મહાસંસ્કૃત (વૈદિક) ૩૭૫
–બ્રાહ્મણસમયની ૩૭૫
–ભાષ્યકારના સમયની ૩૭૫
–ભાષાવિકારના નિયમો ૩૭૬–૭૯
ભાષાશુદ્ધિ ૪૨૫
ભાષાશૈલી
નિયમો ૪૨૧–૨૫
ભાષ્યકાર ૫૭, ૭૧, ૭૩, વગેરે
ભિનમાલ (શ્રીમાલ) ૨૦
ભીમ ૨૯, ૩૧, ૩૮, ૪૪, વગેરે
ભીલભાષા ૨૨
ભુજંગી–ભુજંગીપ્રયાત ૫૦૪
ભૂતકાળ
–ભૂતકૃદન્ત ક્રિયાપદ તરીકે ૨૨૬
–પ્રકાર (અદ્યતન, અનદ્યતન) ૨૨૬
–લવાળું રૂપ (મ.માં) ૨૨૭
–હિં.માં ગુ. જેવું જ ૨૨૭
–નિયમિત ભૂતકાળ ૨૨૭
હિં.માં હેતુહેતુમદ્ભૂતકાળ ૨૨૭
–મિશ્ર
અપૂર્ણભૂત–સ્વાર્થ ને સંકેતાર્થ ૨૩૩
પ્રથમ પૂર્ણભૂત–સ્વાર્થ ને સંકેતાર્થ ૨૩૩
દ્વિતીય પૂર્ણભૂત–સ્વાર્થ ને સંકેતાર્થ ૨૩૩
ઇચ્છાવાચક–સ્વાર્થ ને સંકેતાર્થ ૨૩૩
–રૂપ કર્મણિ (સકર્મક ક્રિયાપદનાં) ૨૩૯
કર્તરિ (અકર્મકનાં) ૨૩૯

અપવાદ—કર્તરિ (સકર્મકનાં) ૨૩૯–૪૦
મ.માં પણ કર્તરિ ૨૪૦
ભૂતકૃદન્ત
–વ્યુત્પત્તિ–પઠિતઃ–પઢિઓ–પઢ્યો ૨૧૮
–હિં.માં ફ્ આગમ રહિત–રહા, મારા ૨૧૮
–કાઠીઆવાડીમાં 'લાગેા' ૨૧૮
–જૂ. ગુ.માં 'આવિઉ,' 'ગિઉ' ૨૧૮
–લવાણું રૂપ ૨૧૮
–વ્યુત્પત્તિઃ–શૌરસેની દ્ પરથી ૨૧૮
–બાહ્ય પ્રદેશની ભાષાઓમાં ૨૧૮
–ઇલ્લ પરથી ૨૧૮
–કર્મણિ (સકર્મક ધાતુનું) ૨૩૯
–કર્તરિ (અકર્મક ધાતુનું) ૨૩૯
અપવાદ
કર્તરિ (સકર્મકનું) ૨૩૯
–ભૂતકાળને બદલે હિં., મ., બં., ગુ.માં ૩૮૬
ભેાજ
–એમને મતે એકલેા શૃંગારજ રસ છે. ૪૬૬
ભેાજચમ્પૂ ૪૯૫

મ

મગધ ૨૬
મધ્યદેશ ૩૩૫
મધ્યમપદલેાપી તત્પુરુષ ૨૯૦
મનહર ૫૦૧
મન્દાક્રાન્તા ૫૦૪
મમ્મટ ૪૭૧
મયૂરવ્યંસકાદિ સમાસ ૨૮૮–૮૯
મરાઠી
–મહારાષ્ટ્રી પરથી ૨૯
મલ્લિનાથ ૪૭૩
મહાકાવ્ય ૪૯૪–૯૫
મહામાણ ૬૭, ૬૮
મહારાષ્ટ્રી ૨૬, ૩૭૯
–મહારાષ્ટ્રમાં બેાલાતી પ્રાકૃત ૩૭૯
મહાવિરામ ૪૧૮–૧૯
મહાસંસ્કૃત ૩૭૪
–કેટલાંક ખાસ રૂપેા ૩૭૫
મહીદીપ ૪૯૯
મહેન્દ્રપાલ ૨૧
માગધી ૨૬
–મગધમાં (અર્વાચીન દક્ષિણ બિહારમાં) બેાલાતી પ્રાકૃત ભાષા ૩૩૭,૩૭૯
–માં સ્નેા શ; ર્નેા લ્ ૩૮૦
માત્રા
–લક્ષણ ૬૩–૬૪
–પ્રમાણ ૪૯૭
માત્રામેળ ૪૯૭
માત્રાસમક ૫૦૬
માધુર્ય
–ગુણ ૪૬૯
–લક્ષણ ૪૬૯
મારવાડી ને ગુજરાતી ૨૨
મારા–અમારા
–હિં.માં મેરા, હમારા ૧૬૬
–બં.માં મોર, આમાર, આમાદેર ૧૬૬

–અપ.માં મહારા, અમ્હારા ૧૬૭
માર્કણ્ડેય ૨૬, ૨૯, ૨૬૬
માર્ગ (નૃત્ય) ૪૬૪
'માલતીમાધવ' ૪૬૨
માલિની ૫૦૪
મિથ્યા
–અર્થ ૨૫૫
મિલ્ટન ૪૭૩
મિશ્ર ૪૬૧
મિશ્ર કાળ ૨૩૧
–પ્રક્રિયા ૨૩૧
–સંજ્ઞા ૨૩૧
અર્થ પરથી ૨૩૧
મ., હિં.માં પણ ૨૩૧
–ને અર્થ, મૂળ ને સાધિત ધાતુના–રૂપાખ્યાન ૨૩૨–૩૩
મ.માં સંજ્ઞા ૨૩૫
હિં.માં સંજ્ઞા ૨૩૫
મિશ્ર ભાષા ૩૩૫
મીમાંસક (વાક્યજ્ઞ) ૩૬૭
–ભાટ્ટ ૩૬૭
મીરાંબાઈ ૨૬
મુક્તક ૪૬૪
મુખ્યાર્થ (વાચ્યાર્થ) ૭૬
મુગ્ધાવબોધમ્ ઔક્તિકમ્ ૨૨, ૨૬, ૩૬
–માંથી દાખલા
પ્રથમા વિભક્તિના ૧૨૮
અમ્પ્રત્યય દ્વિતીયાના ૧૨૮
સમ્પ્રત્યય દ્વિતીયાના ૧૨૬
'નૅ' પ્રત્યયાન્તના ૧૨૬
તણઉના ને નઇના ૧૨૬–૧૩૦
તૃતીયાના–'ઇ'ના ૧૩૧
ચતુર્થીના–'નઇ', 'નઇ', 'રહઇ'ના ૧૩૨
પંચમીના–'તઉ', 'થઉ', 'થકઉ', 'હુંતઉ', 'તુ'ના ૧૩૩
ષષ્ઠીના–'તણઉ,' 'ણુઉ'ના ૧૩૭
સપ્તમીના–'ઇ', 'ઇ'ના ૧૩૮
સતિસપ્તમીના ૧૩૮, ૧૬૧
–'જુ', 'સુ,' 'જં,' 'તં'ના ૧૭૧
–'જેહ,' 'તેહ,' 'જે,' 'તે'ના ૧૭૨
–'કઉણ,' 'કુણ' વગેરેના ૧૭૪
–'કિસઉ,' 'કિસું,' 'કિસિઉ,' વગેરેના ૧૭૪–૭૫
–'કાંઇ' ૧૭૬
–'અમુકઉ' ૧૭૭
–અપ્પન્ ૧૭૬
–'બે,' 'બિ,' 'બિહુ,' 'બિહુઇ,' 'ત્રિહુ,' 'ચઉ' ૧૮૮
–'પહિલઉ,' 'ત્રીજઉ,' 'ત્રિહુ,' 'ચઉથઉ,' 'પાંચમઉ' ૧૬૪
–'એતલઉ,' 'તેતલઉ,' 'જેતલઉ,' 'કેતલઉ,' 'એવડઉ,' 'તેવડઉ,' 'જેવડઉ,' 'કેવડઉ,' ૧૬૫
–'જિસિઉ,' 'તિસિઉ,' 'ઇસિઉ,' 'ઇસઉ,' 'કિસિઉ' ૧૬૬
–સતિસપ્તમી–'મેઘ વરસતઇ મોર નાચઇ'; 'ગુરિ અર્થું કહતઇ' ૨૧૭
–'કરિવા,' 'લેવા' ૨૨૦
–કર્મણિ રૂપ ૨૪૨

-'આય'વાળું અર્વાચીન કર્મણિ રૂપ ('શકવું'ના અર્થમાં) ૨૪૩
મૂળ ધાતુ ૨૦૬-૦૭
મૂર્ધા
-અર્થ ૬૬
મેકૉલે ૪૭૩
મેઘરાજ ૪૯
મોતિદામ ૫૦૩

ય

યકારશ્રુતિ ૨૬૬
યતિ ૪૯૬
યદૃચ્છા ૯૫
યદૃચ્છાશબ્દ ૭૩
યમક ૪૭૬
યાજ્ઞવલ્ક્યશિક્ષા ૬૧
યાસ્ક ૯૦, ૯૨,૯૩, ૨૪૮
-નામમાત્ર, ધાતુથી નિષ્પન્ન ૯૨
યુગ્મક ૪૯૪
યોગ
-અવયવશક્તિ ૭૪
યોગરૂઢ ૭૪, ૭૫
'યોગશાસ્ત્રની છાયા' ૧૩૩ ('પંચમી 'હુંતી')
યોગ્યતા ૯૧, ૧૩૯, ૩૯૮-૯
યૌગિક ૭૪

ર

'રણમલ્લછંદ' ૪૫
'રત્નાવલી' ૪૯૨
રસ
-લક્ષણ ને સ્વરૂપ ૪૬૪-૬૬
-ની ચર્વણા બ્રહ્માસ્વાદ જેવી ૪૬૪-૬૫
પ્રકાર:—
શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્ભુત, શાન્ત ૪૬૬
શૃંગારના બે પ્રકાર-સંભોગ ને વિપ્રલંભ ૪૬૬
કરુણવિપ્રલંભ ને કરુણ રસ ૪૬૬
રસાભાસ ૪૭૫
રાજશેખર ૨૧
રાજસ્થાની
-પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની ગુજરાતીનું મૂળ ૩૪૦
-પ્રાન્તિક બોલીઓ-મેવાડી, મારવાડી, માળવી, જેપુરી ૩૪૧
રાષ્ટ્રકૂટનો શિલાલેખ ૨૧
'રાસમન્દિર' ૩૧૫
રીતિ-
ભાષાશૈલીના ભિન્ન પ્રકાર
-વૈદર્ભી, ગૌડી, પાંચાલી ૪૭૧
-ને વૃત્તિનો ભેદ ૪૭૨
રુદ્રટ ૨૬
રૂઢ
-શબ્દ ને અર્થ ૭૪
રૂઢિ
-સમુદાયશક્તિ ૭૪
રૂપ ૪૬૩
રૂપક (અલંકાર) ૪૭૭-૭૮, (નાટકાદિ) ૪૬૨, ૪૬૪

રૂપાખ્યાન
–ઓકારાન્ત નામનાં (પું.) ૧૨૩
–ઉકારાન્ત નામના (નપું.) ૧૨૩
–'હું' ને 'તું'ના ૧૬૪
–'આ', 'એ'નાં ૧૬૭
–'તે'નાં ૧૬૮
–'કોણ', 'શું'નાં ૧૭૩–૭૪
–'પોતે'નાં ૧૭૭
–'આપણે'નાં ૧૭૮
–વર્તમાનકાળનાં ૨૨૨
–ભવિષ્યકાળનાં ૨૨૪, ૨૨૭
–અદ્યતન ને અનદ્યતન ભૂતકાળનાં ૨૨૭
–નિયમિત ભૂતકાળનાં ૨૨૭
–આજ્ઞાર્થ, વિધ્યર્થનાં ૨૨૮
–મૂળ ને સાધિત ધાતુના કાળ ને અર્થ ૨૩૦–૩૧
–મિશ્ર કાળ ને અર્થનાં, મૂળ ને સાધિત ધાતુના ૨૩૨–૩૩
રેન્ગૉડનું વર્ણ વિષે મત ૬૯
રોમાન્સ
–ભાષા ૧૭
રોલા ૫૦૦

લ

લક્ષણલક્ષણા (જહત્સ્વાર્થા) ૭૮
લક્ષણા ૭૬
–આવશ્યક અંગ–મુખ્યાર્થબાધ, મુખ્યાર્થસંબંધ, પ્રયોજન ૭૬, ૭૭
–માં અન્વયબાધ ૭૭
–માં તાત્પર્યબાધ ૭૭
–પ્રકાર, શુદ્ધ અને ગૌણી ૭૮
શુદ્ધના પ્રકાર ૭૮–૯
જહલ્લક્ષણા–વિપરીતલક્ષણા
અજહલ્લક્ષણા
જહદજહલ્લક્ષણા
ગૌણી લક્ષણા ૮૦
સારોપા ને સાધ્યવસાના ૮૦
સારોપા લક્ષણા રૂપકનું બીજ ૮૨
સાધ્યવસાના લક્ષણા અતિશયોક્તિનું બીજ ૮૨
શુદ્ધ સારોપા ૮૧
લક્ષિતલક્ષણા ૮૨
ગૌણી સાધ્યવસાના ૮૨
નિરૂઢલક્ષણા–રૂઢલક્ષણા ૮૩
લક્ષ્મીધર ૨૫, ૨૯
લક્ષ્યાર્થ ૭૭
લગી
–લગ્ન–લગે–લગહિ ૨૬૨
–ન્. ગુ. લગઇ ૨૬૨
–હિં. લગ્–લગિ–લાગિ ૨૬૨
–સિં. લગે–લગિ–૨૬૨
–બં. લગ–લાગિ ૨૬૨
લલિત ૫૦૩
લા
–અર્થ ૨૫૬
લાટ ૨૦
લાટાનુપ્રાસ ૨૦
લાવણ્યસમયગણિ ૪૬
લિંગ
–પ્રકાર ૯૯

લૌકિક, શાસ્ત્રીય ૯૯
-વિષે ભાષ્યકારનું મત ૯૯-૧૦૦
-પાણિનિનો મત-લિંગ અતન્ત્ર ૧૦૦
-જ્ઞાનઃપ્રયોગથી કે કોશથી ૧૦૧
-લિઙ્ગમશિષ્યમ્ ૧૦૬
લિપિ
-નાગરી લિપિ (સંસ્કૃત લિપિ) ૩૪૧
-રજપુતાનામાં મહાજની લિપિને નામે ૩૪૧
-ગુજરાતી લિપિ-કૈથિને મળતી ૩૪૧
લૅટિન
-ભાષા ૧૭
લૅટિન, ગ્રીકમાં 'એ', 'ઓ' ને સંસ્કૃતમાં 'અ' ૬૯, ૭૦

વ

વચન
-લક્ષણ ૧૧૭
-ભેદ-એકવચન ને બહુવચન ૧૧૭
-પ્રત્યય બ. વ.નો 'ઓ' પ્રાકૃત પું., સ્ત્રી. અજન્ત નામમાં, 'આં' નપું.માં ૧૧૭
ગાંગાતલ્લાં, ઘરાં, ખેતરાં ૧૨૦
-હિં.માં બંને વચન સમાન કે બ. વ. 'લોગ,' 'સબ,' 'જન' વગેરેથી ૧૧૯
-બ. વ.ના અન્ય પ્રત્યયો હિં.-માં એં, ઓં, એ, આં ૧૧૯-૨૦
મ.માં સ્વર દીર્ઘ થઈ આ, એં પ્રત્યયથી ને અન્ય રીતે ૧૨૦
ઉત્ક.માં એ પ્રત્યયથી કે માન, માનેથી, નિર્જીવ પદાર્થનાં નામને માનથી ૧૨૦
બં.માં એરા કે રાથી કે ગણ, સમૂહ, દિગ, નિર્જીવ પદાર્થનાં નામને ગુચ્છ-ઝા-લિ ૧૨૦
પં.માં સરખાં રૂપ કે ય કે આંથી ૧૨૦
સિં.માં ઉનું ઉં, ઇનું ઇં, ને અન્ય રીતે ૧૨૦
-બ. વ. માનાર્થક એ. વ.ના અર્થમાં ૧૨૧
વચનવિચાર ૧૧૭
વચલો પ્રદેશ ૩૩૫
વરરુચિ ૧૪૧, ૧૪૯, ૨૬૬
વર્ણ
-ઉત્પત્તિ ૬૧-૨
-ભાષાશાસ્ત્રીઓ-પાશ્ચાત્યનું મત ૬૯
-નશ્વર ૭૦, ૭૧
વર્ણવિચાર ૬૧
વત્સરાજ ૪૬૨
વર્તમાનકાળ
-ના પ્રત્યય ૨૨૨
સર્વનામનાં રૂપ ૨૨૨
-અપ૦ના પ્રત્યય ને રૂપ ૨૨૨
જૂ. ગુ.નાં રૂપ ૨૨૩
'વસઈ' 'કરિ,' 'રમિં.' 'છિં,' 'જાઇઇ,' 'વસિ,' 'પામીયે,' 'ટાલઇ,' 'જીવઇ', 'કરઉં,' 'કરાં' ૨૨૩
-અપ૦, જૂ. ગુ. હાલની ગુ.નાં રૂપ ૨૨૪
-રૂપોની વ્યુત્પત્તિ-હિંદી રૂપો ૨૨૪
-મિશ્ર
અપૂર્ણ ને પૂર્ણ-સ્વાર્થ, સંકેતાર્થ- ૨૩૨

પ્રથમ પૂર્ણ ને દ્વિતીય પૂર્ણ–
સ્વાર્થ, સંકેતાર્થ ૨૩૨
ઇચ્છાવાચક–સ્વાર્થ, સંકેતાર્થ ૨૩૨
–નો અર્થ આજ્ઞાર્થ ને વિધ્યર્થના જેવો ૩૮૬
મ.માં વિધ્યર્થ ને ભૂતકાળ જેવો ૩૮૬
પ્રત્યયો હિં. ને ગુ., અપ૦ પરથી ૩૮૬
૧લા પુ. બ. વ.ની વ્યુત્પત્તિ ૨૨૪, ૩૮૬
વર્તમાન કૃદન્ત ૨૧૪
–વ્યયી ને અવ્યયી ૨૧૬
–હિં. ને મ.માં ૨૧૬
–વ્યુત્પત્તિ ૨૧૫
–દેશી ભાષાઓમાં રૂપો ૨૧૬
–ક્રિયાતિપત્યર્થક ૨૧૬
–પ્રાકૃતમાં પણ ૨૧૬
–વ્યયી રૂપ જૂ. ગુ.માં પણ ભૂતકાળના અર્થમાં ૨૧૭
–અવ્યયી રૂપ જૂ. ગુ.માં પણ ક્રિયાતિપત્યર્થમાં ૨૧૭
–જૂ. ગુ.માં 'કરતઉ,' 'ચાલન્તઉ,' 'ક્રીજતઉ,' ૨૧૭
–નું રૂપ ક્રિયાપદ તરીકે ભૂતકાળમાં ગુ.માં ૨૨૨, ૨૨૭; વર્તમાનકાળમાં મ.માં ૨૨૨
વસન્તતિલકા ૫૦૪
વસ્તુ ૪૯૨
–આધિકારિક ૪૯૨
–પ્રાસંગિક–પતાકા, પ્રકરી ૪૯૨
–પ્રખ્યાત, ઉત્પાદ્ય, મિશ્ર ૪૯૨
વાક્ય
–આકાંક્ષા, યોગ્યતા, સંનિધિ આવશ્યક ૯૧
–પ્રકાર
સાદું ૪૦૭
નિરપેક્ષ કે સ્વતન્ત્ર ૪૦૦
સાપેક્ષ ૪૦૦
પ્રધાન વાક્ય ને ગૌણ વાક્ય
–લક્ષણ ૪૦૪
ગૌણ વાક્યના પ્રકાર ૪૦૪–૦૫
નામવાક્ય ૪૦૪
વિશેષણવાક્ય ૪૦૪–૦૫
ક્રિયાવિશેષણવાક્ય ૪૦૫
મિશ્ર વાક્ય ૪૦૫
સંયુક્ત વાક્ય ૪૦૫
મિશ્ર ને સંયુક્ત વાક્યનો ભેદ ૪૦૫–૦૬
સંયુક્ત વાક્યના ચાર સંબંધ–દાખલા ૪૦૬–૦૭
'વાક્યપદીય' ૭૫, ૧૯૯
વાક્યપૃથક્કરણ ૬૦
–નો હેતુ: ન્યાયની દૃષ્ટિએ, ને વ્યા. કરણની દૃષ્ટિએ ૬૦
–ના નમુના ૪૦૦, ૪૦૧, ૪૦૩ ૪૨૦–૪૧૩
વાક્યાર્થ
–વૈયાકરણનયે ૯૩
–ન્યાયનયે ૯૩
–ઉભય મતનું તારતમ્ય ૯૩
–સ્વરૂપ ૩૯૭
મીમાંસકમત ૩૯૭–૮

પ્રભાકરમત ૩૯૮
નિષ્કર્ષ ૩૯૮
વૈયાકરણમત ૩૯૯
–પદાર્થોનો પરસ્પર સંસર્ગ ૩૯૯
વાચ્યાર્થ ૭૪
–એના નિયામક ૭૫–૭૬
સાહચર્ય ૭૫
વિરોધ ૭૫
પ્રયોજન ૭૫
લિંગ ૭૬
પ્રકરણ ૭૬
વાજસનેયી સંહિતા ૬૪
વાણી
–દિવ્ય ૩
–અવ્યાકૃત ૩
–વૃષભ છે ૬૦
–પ્રકાર ૬૨
પરા
મધ્યમા
વૈખરી
પશ્યન્તી
પરા ને પશ્યન્તી યોગિગમ્ય ૬૨
મધ્યમા હૃદયરૂપ મધ્ય પ્રદેશમાં રહેલી ૬૨
વૈખરી મુખમાં રહેલી ૬૨
'વામનચરિત્ર' ૧૭૫
વાર્ષ્યાયણિ ૧૯૯
વિ
–અર્થ ૨૫૧
વિકારક પ્રત્યય ૨૭૮
વિકારી વિશેષણ ૧૮૧
વિકાર્ય કર્મ ૧૪૪
વિગ્રહરેખા (લઘુરેખા) ૪૧૯
વિજયપુષ ૫૨
વિજયભદ્રમુનિ (વિનયપ્રભ) ૩૫, ૫૦૮
વિદ્યાધર ૪૭૨, ૪૭૩
વિધાનાથ ૪૭૨
વિધેય ૧૮૨, ૧૮૫, ૩૯૯
–ક્રિયાપદ ને ક્રિયાપૂરક ૪૦૨
વિધેયવર્ધક ૪૦૧
વિધેયાવિમર્શ ૧૮૩
વિધ્યર્થ
–અર્થ આજ્ઞાર્થ જેવા ૨૨૮
–રૂપ સામાન્ય કૃદન્તથી ૨૨૮
વિનોક્તિ ૪૮૯
વિપરીતલક્ષણા (જહત્સ્વાર્થા) ૭૯
વિભક્તિ ૯૦
–લક્ષણ ૧૨૧
વિભાગ ૧૨૨
નામિકી ૧૨૨
આખ્યાતિકી ૧૨૨
–ની સંખ્યા (સાત) ૧૨૨
–પ્રત્યયો ગુ., હિં., મ.માં ૧૨૨
–અનેક પ્રત્યયો ૧૨૫
–(ષષ્ઠી) અંગ તરીકે પ્રાકૃતમાં ને પાલીમાં ૧૨૫
–ના પ્રત્યયો સર્વનામના અવશેષ ૧૨૬
સેળભેળ (પ્રાકૃતમાં ને અપભ્રંશમાં) ૧૨૬
સં., અપ., જૂ. ગુ.ના પ્રત્યયો ૧૨૬–૨૭

–અન્વર્થતા ૧૩૯
–કારકવિભક્તિ ને વિશેષણવિભક્તિ ૧૩૯
–વિશેષણ ને વિભક્તિ ૧૮૪
–નામસમુદાય ને વિભક્તિ ૧૮૪–૮૫
હિં. ને મ.માં ૧૮૫
વિભાવ
–લક્ષણ, રસના કારણરૂપ ૪૬૫
–પ્રકાર ૪૬૫
આલંબનવિભાવ, ઉદ્દીપનવિભાવ ૪૬૫
'વિમલપ્રબન્ધ' ૪૫,૪૬,૪૮,૨૨૬
વિરામચિહ્ન
–પ્રયોગનું મૂળ ૪૧૪
–પ્રકાર ૪૧૪
–લાભ ૪૧૪
વિરોધાભાસ ૪૮૯
વિશદ શૈલી ૪૨૩
વિશેષણ
–અન્વય ૧૦૬
વિભક્તિમાં પણ અન્વય જૂ. ગુ.માં ૪૧,૪૪
–લક્ષણ ૧૮૦
–પ્રકાર ૧૮૦
–સ્વરૂપ પ્રમાણે પ્રકાર ૧૮૧
–પ્રકારનું વૃક્ષ ૧૮૨
–સંસ્કૃત વૈયાકરણોના વિભાગ ૧૮૫
વ્યાવર્તક, વિધેય, હેતુગર્ભ
–તુલનાત્મક રૂપ ૧૮૫–૮૭
–ગુ.માં એ રૂપોની રચના ૧૮૭
–વિશેષણરૂપ સર્વનામ ૧૮૭
વિશેષણવિભક્તિ ૧૩૯
વિશેષણસમાસ ૨૮૯
વિશેષ્ય ૧૮૦
વિષમ ૪૮૮
વિસર્ગ
–અર્થ ૬૪
વિસર્ગસંધિ ૨૭૫–૭૭
વૃત્ત ૪૬૬
વૃત્તિ (વ્યાપાર)
–અભિધા, લક્ષણા, વ્યંજના ૭૪
–સમાસ, કૃદન્ત, તદ્ધિતાન્ત ૨૮૧
–કાવ્યમાં કૃત્રિમ શોભા આણનાર ૪૭૦–૭૧
વૃથા
–અર્થ ૨૫૫
વેદ
–મન્ત્ર, બ્રાહ્મણ, ઉપનિષદ્ ૫૭
–મુખ્ય અંગ ૫૭
વેદાંગ–શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ, જ્યોતિષ્ ૫૭
ઉપાંગ–પુરાણ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર ૫૭
વૈકલ્પિક દ્વન્દ્વ ૨૯૩
'વૈતાલપંચવિંશી' ૪૭, ૧૬૩, ૨૨૩-૨૪, ૨૨૬
–'છિં' 'છેં', 'અછેં' ૨૩૬
–'નંમ', 'તાંમ' ૨૬૦
–સૂંણિ ૩૮૭
વૈતાલીય ૫૦૪
વૈદર્ભી રીતિ ૪૭૧

વૈદેશીય શૈલી ૪૨૪
વ્યક્તિ
—અસત્ય ભાગ ૭૩
વ્યંગ્ય
—અર્થ ૮૨
વ્યંજન
—લક્ષણ ૬૩
—પ્રકાર ૬૫
વર્ગીય
અન્તઃસ્થ
ઊષ્માક્ષર
સંયુક્ત
વ્યંજનસંધિ ૨૭૧–૭૫
વ્યંજના (ધ્વનિ) ૮૨
લક્ષણામૂલ ધ્વનિ ૮૨
અભિધામૂલ ધ્વનિ ૮૨
વ્યતિરેક ૪૮૦
વ્યભિચારી ભાવ (સંચારી ભાવ)
—સ્વરૂપ
થોડો વખત રહેનારા ભાવ,સ્થાયિ-ભાવરૂપ સમુદ્રમાં મોજાં જેવા ૪૬૫
—નિર્વેદ, ગ્લાનિ, શંકા, વગેરે ૪૬૫
વ્યાકરણ
—વેદનું પ્રધાનતમ અંગ ૫૭
—અધ્યયનનાં પ્રયોજન ૫૮–૫૯
સ્વરજ્ઞાન ૫૮
લાઘવ ૫૮
શબ્દશુદ્ધિ ૫૮
શુદ્ધ ભાષાનું રક્ષણ, સંક્ષેપે જ્ઞાન, શુદ્ધ રૂપનો તર્ક, અને તે વિષે અસંદેહ ૫૯
—ભાષાશુદ્ધિનું જ્ઞાન આપી બોલનારને નિયમમાં રાખનાર ૫૯
—સર્વ વિદ્યાની વિદ્યા ૫૯
વ્યાકરણ ને ન્યાયશાસ્ત્ર ૬૦
વ્યાજસ્તુતિ ૪૮૮
વ્યાપાર ૧૯૭
વ્યાવર્તક વિશેષણ ૧૮૫
વ્યાસશિક્ષા ૬૧
વ્યુત્પત્તિ
—'ઓ', 'ઈ', 'ઉ' પ્રત્યયોની ૧૦૫
—'પો', 'પણ'ની—ત્વ-ત્વ-પો; ત્વન—પ્રા. ત્તણ; અપ. ત્પણ ૧૦૯
—'ઊતી'—'ઓટી'ની—મત્-વત્ ૧૦૯
—'અણ'ની—અન ૧૦૯
—'આમણ'ની—આવ—આમ+અન ૧૦૯
—બ. વ.ના 'ઓ' પ્રત્યયની ૧૧૭
—એ. વ.ના 'ઓ' પ્રત્યયની ૧૧૭
—નપું. બ. વ. 'આં'ની ૧૧૯
—નપું. એ. વ. 'ઉં'ની ૧૧૯
—આકારાન્ત અંગની ૧૨૩
—પ્રથમા વિભક્તિની ૧૨૭–૨૮
—'ને' પ્રત્યયની (ડૉ. થીમ્સ 'લગી'—માંથી, ડૉ. ભાંડારકર તણ પરથી, ડૉ. ટેસિટોરિ 'કન્હઇ' પરથી—મતોની તુલના) ૧૨૯–૩૦
—'એ' પ્રત્યયની—અન પરથી ૧૩૦
—'ણે' બેવડા પ્રત્યયની—અન પરથી ૧૩૧
—પંચમી'થી'ની—તસ્મિન્—તહિં પરથી, સ્થિત પરથી, કુતઃ પરથી (ડૉ. ટેસિ-

ટોરિ)–મતોનું તારતમ્ય ૧૩૨–૩૪
–ષષ્ઠી–હિં. કાની ૧૩૪
–'આર' ('મારા', 'અમારા' વગેરેમાં)-ની કાર પરથી ૧૩૫
'કેરો-રી-રું' ગુ.ને હિં.માં કાર્ય પરથી ૧૩૫
તેરા, મેરામાં ઘર, કેર પરથી ૧૩૫
મારવાડી રો-રા-રી, કર પરથી ૧૩૫
મ. ચા-ચી-ચેં, ત્યક્ પરથી ૧૩૫
સિં. જો-જી, યત્ પરથી ૧૩૫
પં. દા, દે, દી, દમ પરથી ૧૩૫
અપ.ના સુ, સ્સુ, હો, સં. સ્વ પરથી ૧૩૬
અપ. તણઉ સં. તન પરથી ૧૩૫
ડૉ. ટેસિટોરી અપ્પણઉ પરથી ૧૩૫
મતોની પરીક્ષા ૧૩૫
–'હું,' 'તું'ની ૧૬૫
–'અમે,' 'તમે,' 'અમો' 'તમો'ની ૧૬૫
–'મેં,' 'તેં'ની ૧૬૬
–'મુજ,' 'તુજ'ની અપ. મજ્ઝ, તુજ્ઝ ૧૬૬
–'મારા,' 'અમારા,' 'તારા,' 'તમારા'ની ('મ'વગેરેને કાર) ૧૬૬
–'એ,' 'આ'ની ૧૬૯
–'જે' 'તે'ની ૧૬૯–૭૦
–'એલ્યું,' 'પેલું'ની ૧૭૦–૭૧
–'કોણ'ની ૧૭૩
–'શું'ની ૧૭૪
–'કંઇ,' 'કાંઇ'ની ૧૭૪–૭૫
–કોઇ'ની ૧૭૫
–'સહુ,' 'સઘળું,' 'બધું,' 'બીજું, 'ત્રીજું,' 'કેટલુંક,' 'પોતે'ની ૧૭૭
–'આપ,' 'આપણુ,' 'આપોઆપ' ની ૧૭૮
–સંખ્યાવાચક વિશેષણની અને વિશેષણરૂપ સર્વનામની ૧૮૮-૯૩
–સંખ્યાંશવાચક, સંખ્યાપૂરક, સંધવાચકની ૧૯૩–૯૫
–'જોઈએ'–પાહિજેની ૨૦૪
–પ્રેરક 'આવ,' 'આડ'ની ૨૧૦–૧૧
–વર્તમાન કૃદન્તની ૨૧૫
–ભૂત કૃદન્તની-લવાળારૂપની ૨૧૮-૧૯
–અવ્યયકૃદન્તની ૨૧૯
–ભવિષ્ય કૃદન્તની ૨૨૦–૨૧
–સામાન્ય કૃદન્તની ૨૨૦
–વર્તમાન કાળનાં રૂપની ૨૨૨
–'કરીએ'ની–ડૉ. ટેસિટોરિને મતે જઈયઇ–જઈ એ ૨૨૪
–ભવિષ્ય કાળની–સ્યની ૨૨૫
–માનાર્થક આજ્ઞાર્થ રૂપની ૨૨૯
–'છે,' 'હોવું,' 'થા'ની ૨૩૫–૩૬
–'જ્યારે,' 'ત્યારે,' 'ક્યારે,' 'અત્યારે'-ની ૨૫૯–૬૦
–'જ્યાં,' 'ત્યાં,' 'ક્યાં,' 'અહિંયાં'-ની ૨૬૦
–'જેમ,' 'તેમ,' 'કેમ,' 'એમ'ની ૨૬૧
–પરચુરણ ક્રિયાવિશેષણની ૨૬૧-૬૨
–પરચુરણ નામયોગીની ૨૬૨–૬૩
–પરચુરણ ઉભયાન્વયીની ૨૬૪–૬૫

–'આઈ,' 'આરા,' 'પણ,' 'મ'ની ૩૧૩
–'પો,' 'વટ,' 'આટ,' 'ગાળો,' 'વાળો'ની ૩૧૪
–'એવડું,' 'કેવડું,' વગેરેની ૩૧૬
–'આપણું'ની ૩૧૭
–'આમણ' વગેરેની ૩૨૯
–માનાર્થક આક્ષાર્થની ૩૮૭
વ્રજભાષા ૨૩, ૩૮૩
વ્રજલાલ ૪૫, ૪૯

શ

શક્તિ
–અભિધાવૃત્તિ ૭૬
શંકરાચાર્ય ૬૧
શનૈઃ
–અર્થ ૨૫૫
શબ્દ
–ધ્વનિમય ૩
–વર્ણમય ૩
–દ્વિર્ભાવ ૫
–લક્ષણ ૬૧
–પ્રકાર
બુદ્ધિહેતુક ૬૧
અબુદ્ધિહેતુક ૬૧
બુદ્ધિહેતુક (ધ્વન્યાત્મક): સ્વાભાવિક ને કાલ્પનિક ૬૧
કાલ્પનિક—વાદ્યનો, ગીતરૂપ, ને વર્ણાત્મક ૬૧
જાતિશબ્દ ૭૩
ગુણશબ્દ ૭૩
ક્રિયાશબ્દ ૭૩
યદૃચ્છાશબ્દ ૭૩
–મોટા ઉપદેશક ૮૭
–બે લિંગના ૧૧૬
નર ને નારીમાં ૧૧૬
નર ને નાન્યતરમાં ૧૧૬
નારી ને નાન્યતરમાં ૧૧૬
–તોડવાના નિયમ (લીટીને અન્તે) ૪૪૨
–છૂટા પાડવાની અગત્ય તથા નિયમ ૪૪૩–૪૫
શબ્દ અને પદ ૭૦
શબ્દકૌસ્તુભ ૧૯૮
શબ્દશક્તિ ૭૦
શબ્દાનુશાસન ૫૬
શબ્દાર્થચમત્કાર ૮૩
–સંકોચ ૮૪-૮૬
–વિસ્તાર ૮૬
–પ્રાચીન પરિસ્થિતિ અને પૌરાણિક અને ઐતિહાસિક સ્થિતિ ૮૯-૯૦
'શબ્દોનો અભ્યાસ' ૮૩
શમ્
–અર્થ ૨૫૪
શય્યા
–પદોનું પરસ્પર આનુગુણ્ય ને વિશ્રાન્તિ ૪૭૧–૪૭૩
શાકટાયન ૯૨
–નામમાત્ર ધાતુથી નિષ્પન્ન ૯૨
શાર્દૂલવિક્રીડિત ૫૦૫
શાલાતુરીય-શાલોત્તરીય (પાણિનિ) ૨૭૦

'શાલીહોત્ર' ૪૯
'શાહનામું' ૧૬
શિક્ષા ૬૧
–પાણિનીય ૬૧
–નારદ ૬૧
–યાજ્ઞવલ્ક્ય ૬૧
–વ્યાસ ૬૧
શિખવવું–'ધ' હ્રસ્વ ૨૦૮
શિખરિણી ૫૦૫
શું
–અપ.માં કદ્દુ ૧૭૪
–હિં.માં કૈસા ૧૭૪
જૂ. ગુ.માં 'કિસું' ૧૭૪
શૂરસેન (મથુરાની આસપાસનો પ્રદેશ) ૩૩૭
શેષ
–અર્થ: સંબંધાર્થ ૧૫૯
શેષકૃષ્ણ ૨૫
શૌરસેની ૨૬, ૩૩૭, ૩૭૯
–શૂરસેનમાં બોલાતી ૩૩૭
–સંસ્કૃત શબ્દ ઘણા ૩૩૭
–ત્ને બદલે દ્ ૩૮૦
શ્રત્
–અર્થ ૨૫૩
શ્રીધરવ્યાસ ૪૫
શ્રીમાલ ૨૦
શ્રુતિકટુતા–ત્વ ૪૪૨, ૪૬૭
શ્લેષ ૪૮૨
શ્લોક(અનુષ્ટુભ્) ૫૦૨
શ્વાસ ૬૭, ૬૮

ષ

ષડ્ભાષાચન્દ્રિકા ૨૫, ૧૩૫
ષડ્ભાષામંજરી ૨૫
ષડ્ભાષારૂપમાલિકા ૨૫
ષડ્ભાષાસુબન્તાદર્શ ૨૫
'ષષ્ટિશતક' ('હુંતડ')–૧૩૩
ષષ્ઠી વિભક્તિ
–સામાન્ય અંગ તરીકે ૧૬૬
–આર્ય દેશીભાષાઓના પ્રત્યયો ૧૩૪
–હિં.માં કર,કૃત–કમ પરથી, ગુ.માં 'કેરો-રી-રું' ૧૩૪
હિં.માં કેરો-રી-રું, કાર્ય પરથી ૧૩૫
–અપ.માં કેર સંબંધવાચક, તે પરથી હિં.માં પર–'તેરા'-'મેરા' ૧૩૫
–કર તુલસીદાસમાં, મ.માં સં.માં ૧૩૪
–'આર'–'મારા', 'તારા' વગેરેમાં કાર પરથી ૧૩૫
–ઉત્ક.માં અર (બ. વ. કર) ૧૩૫
–બં.માં કર–કાર ૧૩૫
–મ.માં ચો–ચી–ચેં, ત્યક્ પરથી ૧૩૫
–મારવાડીમાં રો–રા–રી, કર પરથી ૧૩૫
–સિં.માં જો, જી, વત્ તદ્ધિત પરથી ૧૩૫
–પં.માં દા, દે, દી, દમ પરથી ૧૩૫
–અપ.માં હુ, સ્સો, હો, સ્ય પરથી બ. વ. હું–હું ૧૩૬
–જૂ. ગુ.માં 'સ,' 'હ,' 'ણહ,' 'ચો,' 'ક,' 'ર,' 'લા,' 'નો,' 'ણો' ૧૩૬-૩૭

–ના અર્થ
શેષાર્થ ૧૫૮
શેષનો અર્થ મહાભાષ્યકારે આપેલો ૧૫૮–૫૯
સંબંધ–સ્વસ્વામિભાવાદિ ૧૫૯
–કર્તરિ ષષ્ઠી ૧૫૯
–કર્મણિ ષષ્ઠી ૧૫૯
–નામયોગીને યોગે ૧૬૦
–વ્યાપક ૧૬૦

સ

સંયુક્ત ક્રિયાપદ ૨૦૨–૦૩
–દાખલા હિં. ને મ. માં પણ ૨૦૨–૦૩
સંવાર ને વિવાર
–અર્થ ને ઉત્પત્તિ ૬૮
સંવૃત ને વિવૃત
–અર્થ ૬૬
સંસ્કૃત
–આર્ય પ્રજાની ભાષા ૨૩
–આર્ય દેશી ભાષાની માતૃભાષા ૨૩
–ને તદ્ભવ શબ્દોની જાતિ ૧૧૧
–શુદ્ધ, શિષ્ટ વર્ગની ભાષા ૩૩૬,
–જીવન્ત ભાષા, ૩૩૬, ૩૮૨–૮૩
સ–સહ
–અર્થ ૨૫૪
સકર્મક
–ફળ ને વ્યાપાર ભિન્ન આશ્રયમાં ૨૦૦
–નો પ્રયોગ અકર્મક તરીકે ૨૦૧
ચાર સ્થિતિમાં ૨૦૧
સંકેત
–નૈયાયિકમત ને વૈયાકરણમત ૭૧
–વ્યક્તિમાં, જાતિમાં, વ્યક્તિવિશિષ્ટ જાતિમાં, ઉપાધિમાં ૭૨–૭૩
સંકેત
જ્ઞાનનાં સાધન–કોષ, વ્યાકરણ, આપ્તવચન, ઉપમાન, વગેરે ૭૩–૭૪
સંકેતાર્થ ૨૨૯
સંખ્યાંશવાચક ૧૮૧
–વ્યુત્પત્તિ વગેરે ૧૯૩
સંખ્યાક્રમવાચક ૧૮૦
સંખ્યાપૂરક ૧૮૦
–વ્યુત્પત્તિ વગેરે ૧૯૪
સંખ્યાવાચક વિશેષણ ૧૮૦
–વ્યુત્પત્તિ તથા અન્ય દેશી ભાષાઓમાં સમાન શબ્દો ૧૮૮–૧૯૩
–'એક' લગાડવાથી અનિશ્ચિતતાવાચક, હિં.માં પણ ૧૯૫
સંખ્યાવૃત્તિવાચક ૧૮૧
સંખ્યાસમૂહવાચક નામ ૧૮૧
સંઘવાચક
–વ્યુત્પત્તિ ૧૯૪–૯૫
સંજ્ઞા ૯૫
–ભાષ્યકારના વિચાર ૧૬૧
સંજ્ઞાવાચક નામ ૯૫
જાતિવાચક તરીકે ૯૬–૯૭
સતિસપ્તમી
જૂ. ગુ.ની રચના ૨૧૯
–અપ. ને જૂ. ગુ.માં સંસ્કૃત જેવી રચના ૧૬૦–૬૧
સત્કાર્યવાદી ૧૪૩
સત્ત્વ (લિંગવચનનું હોવાપણું) ૯૨

સંદિગ્ધતા-દોષ ૪૬૭
સંધિ (સંહિતા) ૨૬૫
-નિત્ય ને વૈકલ્પિક ૨૬૫-૬
-લક્ષણ ૨૬૭
-પ્રકાર ૨૬૭-૨૮૧
અચ્‌સંધિ (સ્વરસંધિ) ૨૬૭-૭૦
હલ્‌સંધિ (વ્યંજનસંધિ) ૨૭૧-૭૫
વિસર્ગસંધિ ૨૭૫-૭૭
આન્તરસંધિ (અન્તરંગસંધિ) ૨૭૭-૮૧
-નાટકની, મુખ, પ્રતિમુખ, ગર્ભ, અવમર્શ, નિર્વહણ ૪૯૩-૪
સંધિસ્વર ૬૪, ૨૬૮
સંનિધિ ૯૧, ૧૩૯, ૩૯૮-૯
સપાદલક્ષ ૨૦
સપ્તક્ષેત્રી રાસ ૩૫
સપ્તમી વિભક્તિ
-પ્રત્યયો 'એ,' 'માં' ૧૩૮
-'માં' મધ્યે પરથી કે અપ. પંચમ્યન્ત મજ્ઝહું પરથી ૧૩૮
-હિં. ને સિં માં મેં
-બં. ને ઉત્ક.માં મધ્યે ૧૩૮
-મ.માં મધ્યે (અન્તર્ પરથી) ૧૩૮
-અપ.માં ઇ, ઇં, હિ, હિં ૧૩૮
-ન્યૂ. ગુ.માં 'ઇ', 'ઇં' ૧૩૮
-ના અર્થ
અધિકરણ ૧૬૦
નિર્ધારણ ૧૬૦
કરણ ૧૬૧
નિપુણાદિને યોગે ૧૬૧
સતિસપ્તમી-અપ. ને ન્યૂ. ગુ.માં
સંસ્કૃત જેવી રચના ૧૬૦-૬૧
સપ્રત્યય દ્વિતીયા ૧૨૮-૨૯
સમ્
-અર્થ ૨૫૦
સમાસ
-લક્ષણ ૨૮૧
-એક પ્રકારની વૃત્તિ ૨૮૧
-અન્વય ૨૮૧
-પ્રકાર ૨૮૨
દ્વન્દ્વ
તત્પુરુષ
બહુવ્રીહિ
અવ્યયીભાવ
સુપ્‌સુપ્
-નો વિગ્રહ ૨૮૨
-ફારસીઅરબી શબ્દના તત્પુરુષ ૨૯૭
ઉપપદ ૨૯૭-૯
કર્મધારય ૨૯૯
બહુવ્રીહિ ૨૯૯
દ્વન્દ્વ ૨૯૯
અવ્યયીભાવ ૨૯૯-૩૦૦
-અન્ય ભાષામાં ૩૦૦
સમૂહવાચક નામ ૯૭
-સમૂહનો અર્થ ૯૭
સંપ્રદાન
-લક્ષણ ૧૪૬
-પ્રકાર ૧૪૬
અનિરાકર્તૃ
પ્રેરક
અનુમન્તૃ
સંપ્રસારણ ૨૭૮

સંબંધ
–પ્રકાર ૧૫૯
સ્વસ્વામિભાવ
સેવ્યસેવકભાવ
અવયવાવયવિભાવ
આધારાધેયભાવ
સામાનાધિકરણ્ય
પ્રકૃતિવિકૃતિભાવ
જન્યજનકભાવ
ગુણગુણિભાવ
સંબંધી સર્વનામ ૧૭૧
–જે, તે
સર
–અર્થ ૨૫૭
સર્વ ૧૭૭
–અપ.માં સાદુ-સવ્વુ ૧૭૭
સર્વનામ
–સંજ્ઞા અન્વર્થ ૧૬૧–૬૩
–'પ્રતિનામ' અંગ્રેજીમાં ૧૬૧
–'પ્રતિનામ' કરતાં સંજ્ઞા યુક્તતર ૧૬૧–૬૩
–પ્રકાર ૧૬૩
પુરુષવાચક
દર્શક
સાપેક્ષ
પ્રશ્નાર્થ
અનિશ્ચિત
સ્વાર્થ
અન્યોન્યવાચક
સવૈયા એકત્રીસા ૫૦૦
સહુ
–સાદુ પરથી ૧૭૭
સ્પષ્ટોક્તિ ૪૮૯
સાક્ષાત્
–અર્થ ૨૫૫
સાત્વતી વૃત્તિ ૪૭૨
સાત્ત્વિક ભાવ ૪૭૪
–સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, વેપથુ, વૈવર્ણ્ય, અશ્રુ, પ્રલય ૪૭૪
સાધિત ધાતુ
–બનાવવાની રીત ૨૦૭–૦૮
–પ્રકાર ૨૧૧
પ્રેરક
ઇચ્છાવાચક
પૌનઃપુન્યદર્શક
નામધાતુ
સાપેક્ષ સર્વનામ ૧૭૧
–જે
સામળ ૨૯,૪૯, ૧૩૫
સામાન્ય અંગ
–'હું' ને 'તું'નાં રૂપોમાં ષષ્ઠ્યન્ત ૧૬૬
–અ.માં મજ, તુજ ૧૬૬
સામાન્ય કૃદન્ત
તવ્ય–અનીય ૫૨થી ૨૨૦
–જૂનાં રૂપ–'કરિવઉં,' 'લેવઉં,' 'કરિવા,' 'કરેવા,' 'મારેવા' ૨૨૦
–સંજ્ઞાનું કારણ ૨૨૮
સામાન્ય ધર્મ ૪૭૭
સામાન્ય રૂપ ૧૨૪
સાયમ્
–અર્થ ૨૫૪
સાયણાચાર્ય ૬૨
સાર્વનામિક ધાતુ ૨૦૫
સાહાય્યકારક ક્રિયાપદ ૨૩૧
'સીતાહરણ' ૪૫

સુ
–અર્થ ૨૫૧
'સુધન્વા-આખ્યાન'
–અમત્યય દ્વિતીયાનો દાખલો ૧૫૨
સુપ્‌સુપ્ સમાસ ૨૯૬-૯૭
સૈમિટિક ભાષા ૧૮
–સિરિઆ, આસિરિઆ, બાબિલનની
–હીબ્રુ, અરબી
સોકું ૧૯૫
–અપ૦માં સયક્કઉ
'સૌરન્ધ્રીચરૂપ' ૪૯૫
સોળંકી ૨૧
સૌરાષ્ટ્રી
–ઉત્તર ગુજરાતની જૂની પ્રાકૃત ભાષા ૩૪૧
સ્ત્રીલિંગના પ્રત્યય ૧૦૪
–આ, ઈ, આની, આણી (સં.)
–આણ, એણ, અણી
સ્થાન ૬૫
–ઉરસ્, કંઠ, મૂર્ધા, જિહ્વામૂલ, દન્ત, નાસિકા, ઓષ્ઠ, તાલુ ૬૫
કંઠતાલુ, કંઠોષ્ઠ, દંતોષ્ઠ, નાસિકા ૬૫
સ્પર્શવર્ણ ૬૬
–પ્રયત્ન (સ્પૃષ્ટ) ૬૬
સ્ફોટ ૭૦, ૭૧
પદસ્ફોટ, વાક્યસ્ફોટ ૭૦
–વૈયાકરણમત ૭૦, ૭૧
–નૈયાયિકમત ૭૧
સ્રગ્ધરા ૫૦૫
સ્વતન્ત્ર કર્તા ૧૪૧
સ્વયમ્
–અર્થ ૨૫૪
સ્વભાવોક્તિ ૪૯૦-૯૧
સ્વર્
–અર્થ ૨૫૫
સ્વર
–લક્ષણ ૬૩
ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત
–પ્રકાર ૬૩
હ્રસ્વ, દીર્ઘ, પ્લુત; ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત
–વેદમાં સ્વર દર્શાવવાની રીત ૬૩
–પ્લુત સ્વર દર્શાવવાની રીત ૬૪
–હ્રસ્વ, દીર્ઘ, પ્લુત શબ્દોનો અર્થ ૬૪
–સ્વર અસ્પૃષ્ટ ૬૬
–સ્વરભારનો નિયમ ૧૧૨-૧૩; ૩૫૦-૫૧
–સ્વરો સાથે સંધિ વિના પ્રાકૃતમાં ને જૂ. ગુ.માં ૨૬૬
–સ્વરભારનાં નિયમની સમીક્ષા ૩૮૮-૮૯
સ્વરવ્યત્યય
–દાખલા ૩૫૦
'સ્વરૂપ'
–ધીરાકૃત ૩૫૦
સ્વસ્તિ
–અર્થ ૨૫૫
સ્વાભાવિક શૈલી ૪૨૨
સ્વાર્થ ૨૨૯

હ
હકાર
–ઉચ્ચારમાં તેમજ વ્યુત્પત્તિમાં ૪૪૭
–નું દર્શન અપભ્રંશમાં ને જૂ. ગુ.માં ૪૪૮

-કાઢી નાખવા તરફ વૃત્તિ જૂ. ગુ.માં ૪૪૯
-વાળા શબ્દમાં હકાર વિષે નિયમો ૪૫૨-૪૫૬
-હકાર સર્વત્ર દર્શાવવાની હરકત ૪૫૩-૫૪
-લખવો જ હોય તો કેવી રીતે લખવો ૪૫૪-૫૬
હતવૃત્તત્વ
-દોષ ૪૬૮
હમે-
એ રૂપ વિષે બીમ્સનો અભિપ્રાય ૧૬૫-૬૬
હર
-અર્થ ૨૫૭
હરિ ૫૭, ૫૯, ૭૫, ૯૮, ૧૪૬, ૨૦૧
હરિગીત ૫૦૦
હરિણી ૫૦૪
'હરિબાળલચ્છી' ૫૧
'હરિલીલા-સોળકળા' ૩૧, ૪૪
'હર્ષચરિત' ૪૯૫
હલ્સંધિ (વ્યંજનસંધિ) ૨૭૧-૭૫
હિંદ-આર્ય ભાષા ૩૩૬
-વિભાગ
૧. મધ્ય દેશની
૨. વચલા પ્રદેશની
૩. બાહ્ય ભાષા
હિંદી ૨૭
ટોડરમલ્લની નવી પદ્ધતિથી એમાં ફારસી શબ્દ દાખલ થયા. ૨૭
-એનું પ્રાન્તિક જૂનું સ્વરૂપ ગુજરાતી ૨૧
-શૌરસેની માતૃભાષા ૨૭
-પશ્ચિમ અને પૂર્વ ૩૩૮
-એની પ્રાન્તિક બોલીઓ ૩૩૮
હિંદુસ્તાની
-પશ્ચિમ હિંદીની પ્રાન્તિક બોલી ૩૩૮
હું
-અપ.માં હઉં ૧૬૫
-જૂ. ગુ.માં 'હઉં' ૧૬૫
-હિં., પં.માં મૈં ૧૬૫
-મ.માં મી ૧૬૫
-મૈં, મી અપ. મઇં પરથી ૧૬૫
-બં.માં આમિ, મુઇ (ગ્રામ્ય) ૧૬૫
હેતુકર્તા ૧૪૧
હેતુગર્ભ વિશેષણ ૧૮૫
હેતુહેતુમદ્ભૂતકાળ ૨૨૭
હેમચન્દ્ર ૨૫, ૨૯, ૩૧૩
-અપ.ના દાખલા ૩૧, ૩૨, ૩૩
-પંચમીના 'હોન્તઉ'ના ૧૩૨-૩૩
-ષષ્ઠીના ૧૩૬-૩૭
-અપ્રત્યય દ્વિતીયાનો ૧૫૨
-સતિસપ્તમીનો ૧૬૦
-અમ્હારા-મહારાનો ૧૬૭
-ઇહ, તિ ('એ,' 'તે')ના ૧૬૯
-કાઇંનો ૧૭૬
-તઇજીનો ૧૭૭
-અપ્પ('પોતે'ના અર્થમાં)નો ૧૭૮-૭૯
-કર્મણિ રૂપનો ૨૪૧-૪૨
-'જ' સાથે કર્મણિ રચનાનો ૨૪૩
હોનેંલ ૨૬૩, ૩૧૩
હોવું
-વ્યુત્પત્તિ ૨૩૫

શબ્દવ્યુત્પત્તિદર્શક સૂચી

અ

અગથીઆ ૩૬૮
અગરબત્તી ૩૪૬
અગર ૩૪૬
અગ્યાર ૩૫૪
અધરૂં ૩૬૪
અંગરખું ૩૭૦
અંગુઠો ૩૬૯
અચાનક ૨૬૧
અજવાળું ૩૪૬
અજીરું ૩૬૮
અટારી ૩૫૪
અથાગ ૩૬૮
અદકું ૩૬૫
અધેલો ૩૧૭
અને ૨૬૫, ૩૭૧, ૩૭૨
અંદર ૨૬૧
અંધેર ૩૫૮
અપ્છરા ૩૬૯
અપાસરો ૩૪૬
અપુસાન ૩૪૫
અભરખ ૩૭૪
અભ્રછના ૩૫૦
અમથું ૩૫૦
અમી ૩૪૮
અમુમણ ૩૫૦
અરાઢ ૩૬૫
અરિષ્ટ ૩૫૦
અરીઠો ૩૬૮
અલોપ ૩૫૦
અળસી ૩૫૪
અવાસ ૩૪૫
અહીર ૩૬૩

આ

આંસુ ૩૬૪, ૩૭૩
આગ ૩૬૭
આગળ ૩૭૦
આગલું ૩૧૭
આંખ ૩૫૧, ૩૬૪, ૩૭૦
આજ ૨૬૧, ૩૭૧
આજ પણ ૨૬૧
આંચ ૩૭૦
આઠ ૩૬૮
આણ ૮૫
આધીન ૩૪૫
આપ (સર્વ૦) ૧૭૮, ૩૬૭
(ક્રિયા૦) ૩૬૭, ૩૭૦
આપણ ૩૫૭
આભ ૩૭૦
આબદા ૩૫૪
આંબ–આંબોઈ ૩૫૫
આંબળું ૩૫૫
આરુદ્રા ૩૭૪
આલું ૩૭૦
આસર–રો ૩૫૧
આસો ૩૪૫
આહીર ૩૬૩

ઇ

ઇન્દ્રજવ ૩૬૦

ઈ

ઈંટ ૧૧૫, ૩૬૮
ઈંડું ૩૪૪
ઈંધણાં ૩૫૭

ઉ

ઉકરડો ૩૬૬
ઉકેલવું ૩૪૬, ૩૬૬
ઉખાડવું ૩૫૩
ઉખેડવું ૩૫૩
ઉથલ ૩૭૧
ઉનાળો ૩૫૮
ઉંદર ૩૪૬
ઉપજવું ૨૦૬
ઉલટપાલટ ૩૭૨

ઊ

ઊગવું ૩૬૬
ઊઠવું ૩૬૬
ઊંટ ૩૬૮
ઊન ૩૭૩
ઊનું–નું ૩૭૩
ઊભું ૩૬૭, ૩૭૧

એ

એકકું ૩૬૮
એકદમ ૨૬૧
એડી ૩૪૪

ઓ

ઓકવું ૩૪૭
ઓગરવું ૩૪૭
ઓચિંતું ૨૬૧
ઓચ્છવ ૩૪૭
ઓછંગ ૩૬૯
ઓછાડવું ૩૬૧
ઓજા ૩૭૧
ઓડકાર ૩૪૭
ઓદીચ ૩૪૭
ઓધવ ૩૪૭
ઓરડો ૩૫૪
ઓરમાઈ ૩૬૧
ઓળખવું ૩૬૧, ૩૭૦
ઓળંગવું ૩૪૭
ઓળંબો ૩૬૧
ઓવારો ૩૫૯
ઓસ ૩૭૩
ઓસડ ૩૪૭
ઓસરવું ૩૬૧
ઓસામણ ૩૬૧
ઓસીસું-કું ૩૪૭

ઔ

ઔદીચ ૩૪૭

કે

કંકુ ૩૪૬
કંગન ૩૫૨
કંગાલ ૩૫૨
કટ ૩૪૫
કઠણ ૩૪૫, ૩૫૭
કડવું ૩૫૩
કડાઈ ૩૫૧
કડાહી ૩૫૨
કડું ૩૫૩
કઢાઈ ૩૫૨
કઢી ૩૫૪
કને ૨૬૨, ૩૫૭, ૩૭૨
કપાસ ૩૭૧
કમાડ ૩૫૨, ૩૫૩
કરમ ૩૭૪
કરીન્દો ૩૫૩
કરેણ-ણું ૩૬૫, ૩૭૨
કળાહોળ ૩૪૮
કલેજું ૩૬૦
કલેસ ૩૭૪
કવડી-કવડી ૩૫૪
કસુંબો ૩૪૬
કસૂર ૩૫૦
કસોટી ૩૫૪
કહાણી ૩૬૨
કહાન ૩૪૮, ૩૭૩
કહેવું ૩૪૪
(કહેવું) ૩૬૨
કહ્યાગરો ૩૫૨
કાંસું ૩૭૩
કાકડી ૩૧૭-૩૭૦
કાખ ૧૧૫
કાગ ૩૫૨
કામ ૩૫૨
કાગડો ૩૫૨
કાંકણ ૩૫૨, ૩૬૭
કાંગુ ૩૫૨
કાચબો ૩૫૩
કાછડી ૩૫૩
કાજ ૩૭૩
કાજગરો ૩૫૨
કાજે ૨૬૩
કાટ, કાટ } ૩૪૫
કાટવું ૩૫૬, ૩૭૨
કાઢ-ઢો ૩૫૪
કાઢવું ૨૧૨, ૩૫૪
કાંટો ૩૬૭
કાતર ૧૧૫, ૩૭૨
કાદવ ૩૫૫, ૩૬૭, ૩૭૨
કાન ૩૭૨
કાપડ ૩૫૨, ૩૭૧
કાફર ૩૫૦
કાફલો ૩૫૦
કાબર ૩૪૬
કામેલ ૩૫૦
કામ ૩૭૨
કાંપવું ૩૬૭
કારજ ૩૬૦
કારેલ-લી-લું-૩૬૦
કાલ ૨૬૧, ૩૭૩
કિરપા ૩૪૯
કીચડ ૩૬૫
કીડો ૩૫૨
કીધો ૩૪૯, ૨૧૮
કીધું ૩૫૩, ૩૮૦
કીસ ૩૪૯

કુંવર ૩૫૫
કુઓ (વા) ૩૫૯
કુકડો ૩૫૩
કુટંબ ૩૪૬
કુબડો ૩૬૬
કુંભાર ૩૫૮
કુવો ૩૫૩
કૂખા ૩૫૯
કૂખાં ૩૫૯
કૂખ ૧૧૫, ૩૫૧, ૩૭૦
કે ૨૬૪
કેડ ૧૧૫, ૩૪૮, ૩૫૨
કેળ ૧૧૫, ૩૫૯
કેવડો ૩૫૯
કેસુડું ૩૬૩
કેસુડાં ૩૪૬
કોદ્રક ૩૫૮
કોઠ ૩૫૪
કોઠાર ૩૬૯
કોઠી ૩૬૯
કોડ ૩૫૩
કોડી ૩૫૧, ૩૫૪, ૩૬૧, ૩૭૨
કોઢ–ડ ૩૪૭, ૩૫૪, ૩૬૯
કોઢીઓ–ડીઓ ૩૪૭, ૩૬૯
કોણ ૩૫૭
કોણી ૩૬૫
કોથમીર ૧૧૫, ૩૬૮
કોદાળો ૩૪૭
કોયલ ૩૫૧, ૩૫૮
કોયિક ૩૫૮
કોળીઓ ૩૬૧
કોહે ૩૪૭
ક્યારો ૩૫૯

ખ

ખજૂર ૩૭૧
ખટમધુરૂં ૩૬૫
ખડ ૩૫૩
ખડી ૩૫૩
ખપવું ૩૭૦
ખપ્પર ૩૬૪
ખમણી ૩૫૪
ખમા ૩૭૦
ખલેલ ૩૫૦
ખવાડવું ૨૧૩
ખસવું ૩૬૪
ખાંસી ૩૬૪
ખાજું ૩૭૧
ખાટ ૧૧૫
ખાડો ૩૭૧
ખાણ ૧૧૬, ૩૫૧
ખાંડવું ૩૬૪
ખાંડું ૩૬૬
ખાંધ ૩૬૭
ખાર ૩૭૭
ખાવું ૩૫૯
ખીચડો ૩૬૪
ખીજવું ૨૦૬
ખીર ૩૭૦, ૩૭૭
ખીલો ૩૬૪
ખૂણો ૩૬૪
ખેતર ૩૭૦
ખેર ૩૫૯
ખેલ ૩૫૪
ખેલવું ૩૫૪
ખેવ ૩૭૦
ખો ૩૬૪
ખોટું ૩૬૪
ખોપરી ૩૪૫
ખોળો ૩૫૪
ખોવું ૩૭૭

ગ

ગડબડ ૩૭૨
ગણુ ૩૪૬
ગત ૧૧૬, ૩૫૧
ગધેડો ૩૭૨
ગયો ૩૫૯
ગરિસ્તી ૩૪૯
ગરુવા–ગરવી ૩૪૬
ગળવું ૩૪૫
ગળો ૩૪૬
ગાંસડી ૩૧૭
ગાગેર ૩૪૪
ગાજવું ૩૭૧
ગાડી ૩૭૨
ગાંઠ ૧૧૬, ૩૬૨
ગાંઠવું ૩૬૨
ગાભ ૩૭૦
ગાભણી ૩૪૫, ૩૭૦
ગીધ ૩૪૯, ૩૮૩
ગૂગળ ૩૪૬
ગૂમડું ૩૭૩
ગેડી ૩૫૧

ગેંદ ૩૫૧
ગેંદા ૩૫૧
ગેરૂ ૩૪૫, ૩૪૭
ગોખ ૩૭૦
ગોદ ૩૫૨
ગોબર ૩૫૫
ગોર ૩૪૭
ગોરો ૩૪૭
ગોળ ૩૫૪
ગોવાળ ૩૫૩
ગોહ ૩૬૨
ગોહું ૩૬૨

ઘ

ઘઉં ૧૧૪, ૩૬૨
ઘટ ૨૧૨
ઘડિયાળ ૩૬૫
ઘડી ૩૫૨
ઘડો ૩૫૨, ૩૬૨
ઘામ ૩૭૨
ઘી ૩૪૯, ૩૫૯
ઘૂમવું ૩૬૨, ૩૭૩
ઘેર્ણે ૩૪૫
ઘો ૧૧૩, ૩૬૨
ઘોડો ૩૫૨, ૩૬૨

ચ

ચકલી ૩૬૫
ચન્તા ૩૪૫
ચમાર ૩૫૮, ૩૮૦
ચાચર ૩૭૧
ચાંચ ૩૬૭
ચાંદ ૩૬૭
ચામ ૩૭૨
ચામડું ૩૧૭
ચાંપાનેર ૩૫૮
ચાયણી-ણી ૩૫૭
ચાવડા ૩૫૪
ચાવળું ૩૬૫
ચાવવું ૩૭૩
ચૂનો ૩૭૩
ચેડાં (ફાડવાં) ૩૪૭
ચેલો ૩૫૪
ચોક ૩૫૯
ચોકખું ૩૭૦
ચોગણ-ણું ૩૫૯
ચોય ૧૧૬
ચોથું ૩૫૯, ૩૭૨
ચોરી ૩૭૩
ચોવીસ ૩૫૯

છ

છ ૩૭૮
છક ૩૬૪
છકડો ૩૬૩
છૂટું ૩૬૯
છપ્પો ૩૬૬
છરી ૩૭૦, ૩૭૭
છાણ ૩૬૩
છાંડવું ૩૭૨
છાનું ૩૭૨
છીંક ૩૬૬
છીંટ ૩૭૨
છીપ ૩૬૬
છુરી ૩૭૦
છૂંદણું ૩૭૦
છેડ-ડો ૩૬૩
છેવટ ૩૬૩
છો ૧૧૩, ૩૫૫
છોકરૂં ૩૧૭
છોકરો ૩૬૩
છોગ-ગું ૩૬૫

જ

જ ૨૬૧, ૩૫૨
જક્ષ ૩૬૦
જગન ૩૬૦
જણ ૩૫૭
જથો ૩૪૬
જનસ ૩૫૦
જનાવર ૩૫૦
જનોઈ ૩૫૭, ૩૬૭
જન્મવું ૨૧૩
જમના ૩૬૦
જમાઈ ૩૪૯
જરૂર ૩૫૦
જળો ૧૧૩
જરા ૩૬૦
જાઈ ૩૫૯
જાગ ૩૬૦, ૩૬૭
જાંધ ૧૧૫, ૩૬૭
જાજરમાન ૨૧૧
જાણ ૩૮૫
જાણવું ૩૬૭

જાત ૧૧૬, ૩૫૧
જાન ૩૫૭
જાનવર ૩૫૦
જાંબુ ૩૬૭
જાયફળ ૩૫૯
જાલમ ૩૫૦
જાહેર ૩૫૦
જિ ૩૫૨
જી ૩૬૦
જીભ ૧૧૫, ૩૫૧, ૩૭૩
જુબાની ૩૫૦
જૂ ૩૫૮
જૂઈ ૩૬૦
જૂગટું ૩૭૧
જૂજવું ૩૭૨
જૂનું ૩૫૭
જૂહી-ઈ ૩૫૮
જે ૨૬૪
જેઠીમધ ૩૬૦
જો ૨૬૪
જોગ ૩૬૦, ૩૭૧, ૩૮૩
જોગ ૩૬૦
જોત ૩૬૦
જોતર ૩૬૦
જોબન ૩૪૭
જોશી ૧૧૪

ઝ

ઝટ ૨૬૧
ઝટપટ ૨૬૧
ઝૂડો ૩૬૭

ટ

ટીકડી ૩૫૬
ટીમર ૩૬૧
ટીલું ૩૫૬
ટુકડો ૩૧૭
ટેટો ૩૫૬

ઠ

ઠગ ૩૬૮
ઠળીઓ ૩૬૯
ઠામ ૩૬૮
ઠીબ્યું ૩૬૮
ઠુંઠો ૩૫૬

ડ

ડકાળ ૩૪૬
ડુંખ ૩૫૬
ડટ્ટો ૩૫૬
ડંડ ૩૫૬
ડર ૩૫૬
ડરના ૩૫૬
ડરવું ૩૫૬
ડલ્લો ૩૫૬
ડસવું ૩૫૬
ડાંસ ૩૫૬, ૩૭૮
ડાંડી ૩૫૬
ડાંડીઓ ૩૫૬
ડાભ ૩૫૬
ડામ ૩૫૬
ડાલ ૩૫૬
ડાળી ૩૫૬
ડુટી ૩૫૬
ડોયલ-લાં ૩૫૭
ડોલવું ૩૫૬, ૩૫૭
ડોળી ૩૫૬, ૩૫૭
ડોળો ૩૫૬, ૩૫૭

ઢ

ઢીંગલી ૩૫૬
ઢીલ ૩૫૭
ઢીલું ૩૪૫, ૩૫૪, ૩૫૭

ત

તજ ૩૫૨
તડ ૩૫૩
તત્ખેવ ૩૭૦
તમર ૩૪૫
તમાસો ૩૫૦
તંબોળ ૩૪૭
તંબોળી ૩૫૮
તરત ૨૬૧, ૩૬૧
તરતવ ૩૫૫
તળાવ ૩૫૪
તાકવું ૩૬૭
તાછવું ૩૭૦
તાડ ૩૫૪
તાણ ૩૫૭
તાણવું ૩૫૭
તાંબ ૩૭૩
તાંબું ૩૫૫, ૩૭૩
તાવ ૩૫૩

તાસવું ૩૭૦
તિરછું ૩૬૫
તીખ–ખું ૩૬૭
તુરત ૩૬૧, ૩૭૨
તૂટવું ૩૭૨
તૂડચું ૩૬૮
તૂવું ૨૧૨
તેર ૩૪૪, ૩૫૪
તેલ ૩૪૭
તેલી ૩૫૮
તો ૨૬૪, ૩૪૭
તોડવું ૩૫૩
તોટો ૩૫૬
તોડો ૩૫૬
તોપણ ૨૬૫
ત્રાંસું ૩૬૪
ત્રીજ ૧૧૫

થ

થંડું ૩૬૮
થંભવું ૩૬૮
થાકવું ૩૬૮
થાણું ૩૬૮
થાન્ન ૩૬૮
થાંભલો ૩૬૮
થોડું ૩૧૭, ૩૬૮

દ

દંડવું ૩૫૬
દંડુકો ૩૫૬
દંડો ૩૫૬
દરાખ ૩૫૧, ૩૭૦
દળે ૩૫૬
દહર–રો ૩૬૫
દહાડો ૩૫૫, ૩૬૦
દહિં ૩૬૨
દાખલ ૩૫૦
દાખલો ૩૫૦
દાખવવું ૩૪૮
દાઝે ૩૫૬
દાટવું ૩૫૬
દાડેમ ૩૪૬
દાટો ૩૫૬
દાઢ ૧૧૫, ૩૫૪
દાંડો ૩૫૬
દાંડી ૩૫૬
દાભ ૩૬૭
દામાદ ૩૫૩
દાળ ૩૫૬
દિયા ૩૫૯
દિહ ૩૫૫
દીમા ૩૫૯
દીકરી ૩૬૫
દીટ–ઠ ૩૪૮, ૩૬૮
દીંડું ૩૪૯
દીઠો ૩૪૮, ૩૬૮, ૨૧૮
દીવાસળી ૩૬૩
દીવેટ ૩૫૬
દીવો ૩૫૩, ૩૫૯
દીસે ૩૪૮
દુંદ ૩૫૩
દુરિજણ ૩૭૪
દૂંટી ૩૬૫
દૂધ ૩૬૬
દૂબળ–ળો ૩૭૧
દેહાર ૩૫૦
દેવાડવું ૨૧૩
દેહરૂં ૩૬૨
દોહેલ–લું ૩૬૩, ૩૬૫
દોહેલાં ૩૫૪
દ્રાખ ૩૭૦

ધ

ધકેલવું ૩૫૬
ધક્કો ૩૫૬
ધમણ ૩૬૨
ધર ૩૪૬
ધરમ ૩૭૪
ધાણા ૩૫૭
ધીટ ૩૬૮
ધુમાં ૩૫૫
ધૂત ૩૭૨
ધૂળ ૧૧૬
ધેણ ૮૫, ૩૫૬
ધોબી–ભી ૧૧૪, ૩૬૨
ધોળું ૩૬૧–૬૨

ન

નજીક ૨૬૩
નઠોર ૩૬૯
નણંદ ૧૧૫, ૩૫૬
નતવાળીઓ ૩૬૫
નપ્ફટ ૩૬૫
નમાર ૩૬૧
નરમ ૩૭૪

નરો (નર્યો) ૧૬૫
નર્બદા ૩૫૫
નસ ૧૧૫
નહાણું ૩૭૩, ૩૭૪
નહાવું ૩૭૩
નહિ તો ૨૬૫
નહોર ૩૬૧
નાગ-ગો ૩૬૭
નાગપુર ૩૭૯
નાગું ૩૫૧
નાંગર ૩૫૫
નાચ ૩૭૧, ૩૮૫
નારિયેળ ૩૫૮
નાવ ૧૧૫
નાસવું ૩૬૩
નિપજવું ૨૦૬
નિભાવવું ૩૬૪
નિરખવું ૩૪૫, ૩૭૦
નિવડવું ૩૫૪
નિશાળ ૧૧૫
નિહાળવું ૩૬૩
નીદ ૩૫૧
નીંદ ૩૫૧
નીશા ૩૬૫
નીસાસ-સો ૩૭૩
ને ૩૭૨
નેજ ૩૭૧
નેણ ૩૫૭
નેન ૩૬૦
નેવ ૩૪૬
નેવર ૩૪૭
નેહ ૩૭૩
નેહેમી ૩૪૫
નોમ ૩૬૧
નોરતાં ૩૬૧
નોળ (નોળીઓ) ૩૫૮

પ

પખાલવું ૩૭૦
પગરણ ૮૬
પગાર ૩૫૨
પંગત ૧૧૬
પચ્છમ ૩૬૮
પચ્છિમ ૩૬૮
પછી ૨૬૧, ૨૬૩, ૩૬૮
પટના ૩૫૬
પટ્ટી ૩૭૨
પડ ૩૫૬
પડઉત્તર ૩૭૧
પડધમ ૩૫૩
પડઘો ૩૫૩
પડછાયો ૩૪૫, ૩૫૩, ૩૭૧
પડપૂછ ૩૫૩
પડળ ૩૫૨
પડવળ ૩૫૩
પડવું ૩૫૩, ૩૫૬
પડવો ૩૫૩
પડ(ર)સાળ ૩૫૩
પડાળ ૩૫૨
પડીઓ ૩૪૬, ૩૫૬
પડો ૩૫૩
પડોસી ૩૫૩, ૩૬૧, ૩૭૧
પઢવું ૩૫૪
પણ ૨૬૪, ૩૪૬
પણ-ણું ૩૭૨
પણછ ૩૬૫
પંડ ૩૪૫
પતીજ ૩૬૦
પતેલું ૩૧૭
પત્થર ૩૬૮, ૩૭૧
પથરો ૩૭૧
પદ્ધત ૧૧૬, ૩૫૧
પરખ ૩૪૫, ૩૫૧
પરવળ ૩૫૩
પરસોતમ ૩૪૬
પરાણ ૩૭૪, ૩૮૩
પરાણે ૩૭૪, ૩૮૩
પરાર ૨૬૧
પરોણો ૩૭૩
પરો(હ)ણો ૩૬૫
પરોત ૩૪૭
પલંગ ૩૫૨, ૩૭૩
પલાણ ૩૭૩
પલોટવું ૨૧૨
પસલી ૩૫૪
પહાડ ૩૫૫
પહાણ ૩૫૫
પહુંચા ૩૬૨
પહેરવું ૩૬૨, ૩૬૫
પહેલું ૩૧૭, ૩૬૨
પહોળું ૩૪૮
પા ૩૫૯
પાક ૨૧૨

પાકું ૩૭૨
પાખ ૩૭૦
પાંખ ૩૭૦
પાછકું ૩૧૭
પાછું ૩૬૮
પાટલાધો ૩૬૨
પાઠવવું ૩૫૪, ૩૬૮, ૩૭૧
પાઠું ૩૪૮, ૩૬૯
પાડા ૩૫૬
પાણી ૩૫૬, ૩૬૦
પાયલ ૩૭૧
પાન ૩૫૭, ૩૭૨
પાની ૩૭૩
પામર-રી ૩૬૧
પામવું ૩૫૩
પાય ૩૫૯
પાયલી ૩૧૭
પારખ ૩૪૫, ૩૫૧
પારખવું ૩૭૦
પારણું ૩૫૪
પારણું-લણું ૩૬૦
પારેવો-વું ૩૫૯
પાસ ૩૫૧
પાસે ૨૬૩, ૩૭૩
પિઉ ૩૬૦
પિગળવું ૩૪૪
પિછાણવું ૩૬૩
પિંડો ૩૪૬
પીટવું ૩૪૯
પીઠ ૩૪૯, ૩૬૯
પીધું ૩૫૩
પીયર ૩૫૯, ૩૬૨
પીરસવું ૩૪૮, ૩૬૩
પીલવું ૩૫૪, ૩૭૮
પીળું ૩૫૯
પીહર ૩૬૨
પીહર ૩૪૮
પુંછડી ૩૬૪
પુતળી ૩૧૭
પુનેમ ૧૧૫
પૂછવું ૩૪૯
પૂઠ ૩૪૯, ૩૬૯
પૂરું ૩૭૩
પેઠ-ઠો ૩૬૦, ૨૧૮
પેઠે ૨૬૩, ૩૪૬
પેંઠ ૩૪૫
પેંડો ૩૪૬
પેશવા ૩૫૦
પેાણુ-ણું ૩૫૯
પેાથી ૩૪૭, ૩૬૮
પેાર ૨૬૧
પેાળ ૩૫૯
પેાસ ૩૪૭
પેાહ ૩૬૩
પેાહળું ૩૬૨
પ્યાસિ-સી ૩૫૯
પ્યાસી ૩૮૦
પ્રગટ ૩૫૨

ફ

ફટકડી ૩૬૯
ફણસ ૩૬૪
ફંદ-દો ૩૬૯
ફરન્દો ૩૫૩
ફરસી ૩૬૪
ફાટવું ૩૬૯
ફાંસો ૩૬૪
ફાંદો ૩૬૯
ફીણ ૩૪૭
ફૂટવું ૩૬૯
ફૂફળ ૩૪૭
ફેંકવું ૩૬૫
ફેાડવું ૩૫૩
ફેાફળ ૩૪૭
ફેાલ્લો ૩૬૯

બ

બઇન ૩૫૮
બઉણેા-બમણેા ૩૫૮
બકર-રો ૩૭૧
બગલું ૩૫૨
બચાના ૩૪૯
બચાવવું ૩૪૯
બચાવિર્યું ૩૪૯
બચો ૩૬૯
બચ્ચું ૩૬૯
બછ ૩૬૯
બછા ૩૬૯
બન્દર ૩૫૦
બડવો ૩૫૩
બડુએા ૩૫૩
બદામ ૩૫૦
બનવું ૩૪૯

બનારસ ૩૬૫
બનેવી ૩૪૮
બહાર ૨૬૧
બહીણ ૩૫૮
બહુચરા ૩૭૧
બહેરો ૩૬૨
બાકર ૩૭૧
બાછા ૩૬૯
બાનું ૩૫૮
બાફ ૩૬૪, ૩૬૯
બાર ૩૭૧
બાળવું ૩૭૨
બાષ્કળ ૮૯
બિલાડી ૩૬૫
બીજ ૧૧૫
બીજું ૩૭૧
બીજોરું ૩૫૯
બીડી ૩૫૩
બુઠ્ઠો ૩૪૯
બુંદ ૩૪૮
બૂજવું ૩૭૨
બૂજ-જ્ઞ ૧૧૬
બૂઝ ૩૮૫
બે ૩૭૧
બેઠ-ઠો ૩૬૦
બેઠો ૩૪૯
બેહું ૩૬૮
બેન ૩૪૮, ૩૫૧, ૩૫૮
બૈન્દ ૩૫૮
બોસ ૩૪૯
બોહરું (ડાં) ૩૫૩
બૈઠા ૩૪૯
બોરસલી ૩૫૮

ભ

ભણી ૨૬૩
ભતુ ૩૬૬
ભત્ત ૩૬૬
ભત્રીજો ૩૪૯
ભમરો ૩૭૧
ભાંય ૩૪૭, ૩૫૫
ભાંયરું ૩૬૨
ભાઇ ૩૪૯, ૩૫૬, ૩૭૧
ભાઉ ૩૪૯, ૩૭૧
ભાઉ (ભો)જાઇ ૩૪૯
ભાખવું ૩૬૪
ભાગ્યો ૩૬૭
ભાડું ૩૫૨
ભાણું ૩૫૯
ભાત ૩૬૬
ભાથું ૩૬૪
ભિડાવવું ૨૧૩
ભી ૩૪૯
ભીખ ૧૧૫
ભીંજવું ૩૪૯
ભીડ ૩૪૯
ભીતર ૩૪૯
ભીંત ૧૧૬
ભુંવારા ૩૬૨
ભુસ-સું ૩૬૪
ભૂખ ૧૧૫, ૩૭૦
ભૂરસી ૩૬૫
ભેંસ ૧૧૬, ૩૫૧, ૩૬૩
મેણુ ૩૫૮
ભેળ ૩૬૪
મૈણ ૩૫૮
ભોંય ૩૪૭, ૩૫૫
ભોજાઇ ૩૫૯
ભૌજાઇ ૩૫૯

મ

મચંક ૩૫૮
મઉ ૩૪૮
મછણ ૩૪૯, ૩૬૫
મજ્ઠ ૩૬૯
મટવું ૩૪૮
મટાડવું ૩૪૮
મડદું ૩૪૮, ૩૫૩
મઢી ૩૫૪
મથવું ૩૬૨
મધ ૩૫૧
મરવો ૩૫૮
મરાઠા ૩૬૫
મળવું ૩૪૫
મસ ૩૪૫
મહાવત ૩૫૫
મહિયર ૩૪૮, ૩૫૯, ૩૬૨
મહિયારી ૩૬૨
મહિં ૩૬૨
મહુડાં ૩૬૨
મહુરત ૩૪૬
મા ૩૪૮, ૩૫૯
માઈ ૩૪૯, ૩૫૯

માખણ ૩૭૦, ૩૭૭
માખી ૧૧૮, ૩૭૦
માગ ૩૭૦, ૩૮૩
માગવું ૩૭૦
માજવું ૩૭૧
માંજર ૩૬૪
માટી ૩૪૮, ૩૫૬, ૩૮૩
માટે ૨૬૩
માણસ ૩૪૬, ૩૫૬, ૩૬૩
માંડવો ૩૫૩
માનવું ૩૫૭
મારગ ૩૭૪, ૩૮૩
મારફત ૨૬૩
માવઠું ૩૬૮
માસી ૩૪૯, ૩૫૯
માહેર ૩૬૨
મિટ્ટી ૩૪૮
મીચવું ૩૪૯, ૩૭૧
મીઠું ૩૪૯, ૩૬૮
મુઓ ૩૪૯, ૩૫૯
મુગટ ૩૪૬, ૩૫૨
મુઠ્ઠી ૩૬૮
મુરત ૩૪૬
મૂગો ૩૫૨
મૂછ ૧૧૬, ૩૪૮, ૩૭૩
મૂઠ ૧૧૬
મૂઢ ૩૫૧
મેઢો ૩૬૪
મેદી ૩૬૫
મેસ ૩૪૪
મેહ-મેહલો ૩૬૨
મોં ૩૬૧
મોકળો ૩૪૭, ૩૬૬
મોગ ૩૪૭, ૩૬૬
મોગર-રી ૩૬૬
મોગરી ૩૪૭
મોડ ૩૪૬, ૩૫૮
મોડ (મઉડ) ૩૫૩
મોંઢું ૩૪૭
મોતી ૩૪૭, ૩૬૬, ૩૫૮
મોથ ૩૪૭, ૩૬૬
મોર ૩૫૮, ૩૬૦
મોર ૩૮૦
મોલ ૩૫૮, ૩૮૩
મોહ-મોહડું ૩૪૭
મૌલ ૩૫૮
મૌસી ૯૩૫

ય

યોગ ૩૬૦
યોદ્ધો ૩૬૨

ર

રડવું ૩૫૩, ૩૫૬
રણ ૩૪૮, ૩૪૯
રતાંદળી ૩૫૮
રતો ૩૬૬
રત્તા ૩૬૬
રત્નાદેવ ૩૬૭
રસોડું ૩૬૧
રહેંટ ૩૬૨
રહેવું ૩૪૪
રાખ ૧૧૫
રાખવું ૩૭૦
રાઠોડ ૩૫૮
રાડ ૩૫૩
રાંટો ૩૪૯
રાણી ૩૬૭
રાત ૧૧૬, ૩૫૧
રાતું ૩૬૬
રાન ૩૫૭, ૩૭૨
રાંદેર ૩૬૭
રાય ૩૫૯
રાવત ૩૫૯, ૩૮૦
રાસ ૧૧૨, ૩૫૧, ૩૭૩
રિદ્ધિ ૩૪૯
રિવાજ ૩૫૦
રીંછ ૩૭૦, ૩૭૭
રીત ૩૫૧
રૂઆં-વાં ૩૫૫
રૂઠ્યું ૩૬૮
રૂઠવું ૨૧૨
રૂપું ૩૪૭
રેખ ૧૧૫
રેણ ૩૬૦
રેંટ ૩૪૯
રેન ૧૧૬, ૩૫૧
રેશમ ૩૫૦
રોવું ૩૫૯
રોહેડો ૩૫૬

લ

લખવું ૩૪૫
લગી ૨૬૨
લડવું ૩૫૬
લાખ ૧૧૫

લાગ ૩૬૭, ૨૧૨
લાજ ૧૧૫
લાઠી ૩૬૮
લાલચ ૧૧૫
લાળ ૧૧૫
લાસ ૮૮
લીખ ૧૧૫
લીધે ૨૬૨
લીધો ૨૧૮
લીમડો ૩૫૫
લીલું ૩૫૫
લુહાર ૩૫૮
લૂખું ૩૫૪
લેબાસ ૩૫૦
લેવું ૩૪૪, ૩૬૩

વ

વકિલાત ૩૫૦
વકો ૩૪૫
વખાણ ૩૭૩
વગોણું ૩૫૭
વચ્ચે ૨૬૧, ૨૬૩
વછૂટું ૩૪૫
વછેરો ૩૧૭
વઠ ૩૫૨
વડીલ ૩૪૮
વડેરો ૩૪૮
વડો ૩૪૮, ૩૫૬
વડોદરૂં ૩૫૪
વઢવાણ ૩૫૫
વઢવું ૩૫૬
વધવું ૩૭૧
વંતાક ૩૪૮
વમાસવું ૩૪૫
વરણી–વરણી ૩૪૪
વરવો ૩૪૭, ૩૫૪
વરસ ૩૮૩
વળગવું ૩૪૫
વસમું ૩૪૫
વસાણું ૩૫૭
વહાણું ૩૬૩
વહાલ–લું ૩૬૨, ૩૬૫
વહુ ૩૬૨
વહેંચવું ૩૬૩
વહેવું ૩૫૪
વાકેફ ૩૫૦
વાધ ૩૭૧
વાધરી ૩૪૭
વાંક–કું ૩૬૪
વાછરડું ૩૬૯
વાછરડો ૩૧૭
વાજબી ૩૫૦
વાજું ૩૭૧
વાટ ૧૧૨, ૧૧૬, ૩૭૦
વાડી ૧૧૮, ૩૫૩
વાઢકાપ ૩૭૨
વાઢવું ૩૫૬, ૩૭૨
વાણારસી ૩૬૫
વાત ૧૧૫, ૩૫૧, ૩૭૨
વાદળ ૩૪૫
વાનું ૩૫૮
વાયલ ૩૫૯
વાયવડંગ ૩૪૫
વાળુ ૩૪૪, ૩૫૮
વાવ ૩૫૩
વાસ્તે ૨૬૩
વિઆળુ ૩૫૮
વિખરવું ૩૬૮
વિગત ૩૫૧
વિનવવું ૩૫૭
વિનંતિ ૩૫૭
વિપત ૧૧૬, ૩૫૧
વિસામો ૩૬૩
વિહેાણેા ૩૪૫
વીછળવું ૩૭૦
વીછુ ૩૪૫, ૩૬૮
વીજણેા ૩૬૦
વીજળી ૧૧૮, ૩૪૬, ૩૫૧, ૩૭૧
વીંછી ૩૪૮
વીંછુ ૩૪૮, ૩૬૪
વીણા (ચૂંટાં) ૩૪૭
વીતવું ૩૭૩
વીત્યું ૩૬૦
વીનવ ૩૭૮
વીનતી (વિનંતિ) ૩૬૭
વેગણ ૩૪૮
વેજનાથ ૩૭૧
વેઠ ૩૪૬
વેઢ ૩૫૪
વેઢા ૩૬૮
વેણ ૩૫૭, ૩૫૮, ૩૬૦, ૩૮૦

વેણું (ચૂંટાં) ૩૫૯
વેદિઓ ૩૪૭
વેંત ૩૪૬
વેર ૩૪૭
વેરાગ ૩૪૬
વેલ ૧૧૬, ૩૪૪, ૩૫૧
વેળુ ૩૪૪
વેવાહી ૩૪૭

શ

શરાપ ૩૭૪
શિયાળ ૩૪૮
શિયાળો ૩૫૮
શીખવું ૩૭૦
શ્રાપ ૩૭૪

સ

સઈ ૩૫૮
સકાર ૩૬૯
સખણો ૩૮૩
સગ(ધ)ળું ૩૫૨
સગવડ ૩૫૫
સગું ૩૭૩
સજ્જા ૩૪૪
સડવું ૩૫૭
સત્તર ૩૬૬
સત્તરહ ૩૬૬
સદ ૩૬૬
સદ્ધું ૩૪૯
સનાન ૩૭૪
સપરમો ૩૬૧
સપૂત ૩૪૭
સમજવું ૩૭૧
સમણ ૩૬૩
સમણું ૩૫૪, ૩૬૧
સમરણ ૩૭૪
સરનામું ૩૬૩
સરસવ ૩૫૪, ૩૭૩
સર્જનહાર ૩૮૦
સલખણો ૩૪૬
સળેખમ ૩૭૩, ૩૭૪
સલોકા ૩૭૪
સવા ૩૫૪
સહી ૩૬૧
સહેલું ૩૬૩, ૩૬૫
સહેવું ૩૪૪
સાંઈ ૩૭૩
સાકર ૧૧૫, ૩૭૧
સાગ ૩૫૨
સાંકળ ૩૪૮, ૩૬૩
સાચ ૩૭૧
સાચવવું ૨૧૩
સાચું ૩૭૧
સાંજ ૧૧૫, ૩૭૨
સાઠ ૩૬૮
સાડા ૩૭૨
સાડી ૩૫૨, ૩૫૮
સાડુ ૩૫૮
સાંડસી ૩૫૭
સાત ૩૬૬
સાતમો ૩૬૬
સાતુ ૩૬૬
સાન ૩૫૭, ૩૬૭
સાપ ૩૬૭
સામ ૩૭૩
સામળું ૩૬૩
સામળો ૩૭૩
સામો ૩૬૩
સાંપડવું ૩૬૭
સાંભરવું ૩૬૪
સાયર ૩૫૮
સાલ ૩૬૩
સાળો ૩૬૩, ૩૭૩
સાવક ૩૭૩
સાસુ ૩૭૩
સાહુકાર ૩૬૨
સાહેલી ૩૬૧
સિંગડું ૩૪૯
સિત્તેર ૩૬૬
સિયાળ ૩૫૮
સિસમ ૩૫૩
સીકું ૩૬૩
સીંગ ૩૪૯
સીજવું ૩૬૭
સીડી ૩૬૩
સીપ ૩૬૬
સીસમ ૩૬૩
સુકન ૩૪૬, ૩૪૮
સુકાવવું ૨૦૮
સુતળી ૩૧૭
સુદ્ધાં ૨૬૩
સુધી ૨૬૩

સુરંગ ૩૪૬
સુરત ૩૪૯
સુહાગ ૩૪૭
સૂઈ ૩૫૮
સૂકું ૩૬૩, ૩૬૮
સૂંઘવું ૩૪૫
સૂઝવું ૩૫૨
સૂંઠ ૧૧૬, ૩૬૭
સૂંઢ ૧૧૫, ૩૬૩
સૂણ ૩૮૫
સૂણવું ૩૪૯
સૂતું ૩૬૬
સૂકું ૩૬૩
સૂપડું ૩૬૩
સૂવર ૩૮૦
સૂવું ૩૭૩
સેજ ૧૧૫, ૩૪૪, ૩૫૧,
સેન ૧૧૫, ૩૬૩
સેંતી–થી ૩૪૬
સેવાળ ૩૪૭
સોઈ ૩૫૮
સોળે ૩૬૩
સોની ૧૧૪, ૩૫૮
સોનું ૩૭૩
સોબાસણ ૩૬૫
સોંપવું ૩૬૭
સોય ૩૫૧, ૩૫૮
સોળ ૩૫૪
સોહવું ૩૬૩
સોહાગ ૩૪૭, ૩૬૩, ૩૮૦
સોહામણો ૩૬૩

હ

હઇયું ૩૪૮, ૩૫૯
હજી ૨૬૧
હત્થ ૩૬૮
હથુ ૩૬૮
હથોડી ૩૧૭
હરખાવવું ૨૧૨
હરડે ૩૫૩, ૩૮૦
હલકું–વું ૩૧૬
હળદ–દર ૩૪૫
હળહર ૩૬૦
હળવું ૩૬૫
હાડ ૩૫૧, ૩૬૪, ૩૬૮
હાંડો–ડી ૩૬૩
હાત ૩૬૮
હાથ ૩૬૮
હાથેલી ૩૧૭
હેઠે–હેઠળ ૨૬૧
હો–હોવું ૩૬૩
હોઠ ૩૬૯

મુખ્ય ભૂલોનું શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૬	૧૦	લાવણુ°	લાવણ્ય°
૫૩	૧૯	... વાંચો	યેન
૯૧	૨૪	એ પીઠીને બદલે વાંચો—એમાં 'પાણીથી' પદની યોગ્યતા 'સીંચે છે' પદ સાથે છે. પરંતુ 'અગ્નિથી સીંચે છે' એમાં 'અગ્નિથી' પદની યોગ્યતા 'સીંચે છે' પદ સાથે થઈ શકતી નથી.	
૧૦૪	૧૮	સુધારો—વછેરો-વાછરડો	વછેરી-વાછરડી
૧૦૯	૧૭	... વાંચો	ઉધરાણું
૧૧૦	૧૪	વડા	વરો
૧૧૯	છેલ્લી	... વાંચો	ખોલો ને ભેંસોકો
૧૨૬	૨૧	... ...	અને બદલે અમ્
૧૨૭	૧૧	... ...	ઇં, ઇં
૧૩૪	૫	... ...	અકચ્
૧૪૬	૨૪	... ...	પુષ્પ
૧૬૦	૧૧	'આવે સ્થળે' પછી ઉમેરો—'અવધિવાચક સ્થળે—પંચમીના અર્થમાં ષણી વપરાય છે. અધિકરણના અર્થમાં કાલ-વાચક શબ્દને'	
,,	૧૩	દિવસાચા	દિવસાસ
૧૬૫	૧૯	ઇ ને ઉનો	ઇ, ઉ, ને ઋનો
૧૭૦	૧૩	... વાંચો	(તો-તી-તેં)
૧૭૧	છેલ્લી	ઉમેરો—	સાથે તે કરણ)
૧૮૫	૧૨	જે	છે
૧૯૨	૯	ચોટડી	ચોછડી
,,	૨૧, ૨૫	ચુમોત્તેર	ચુમોતેર-ચુમ્મોતેર
૧૯૭	૬	હિંદની	હિંદીની
૧૯૮	૧૯	... વાંચો	ભટ્ટોજિ
૨૨૦	૧	... ...	મન્ત્રિપદે

મુખ્ય ભૂલોનું શુદ્ધિપત્રક

૨૨૦	૮	તત્ત્વ	તત્ત્વ
,,	૯	એ તત્ત્વનું	એનું 'તત્ત્વ' અને તત્ત્વનું
૨૨૩	૮	૩ પુ. એ. વ.	૧ પુ. બ. વ.
૨૪૧	,,	... વાંચો	જ્ઞાયતે
૨૫૦	૧૩	... ...	સમ્યક્
૨૬૩	૨૧	વિચ	વિચે
૨૭૩	૩, ૧૦, ૧૧, ૧૨	... ...	તદ્; વાક્; ઉદ્; તદ્
૨૭૪	૩	... ...	ઉદ્
૨૭૬	૧૪, ૧૭	... ...	ચ્, છ્, શ્; પ્
૨૭૭	૨૪	... ...	દ્
૨૭૮	૭, ૮, ૧૬, ૨૪	... ...	વહ્, ઉદ્+ત, ઉદ્+દ; ભુધ્; ભુદ્+ધ
૨૭૯	૧, ૨, ૩, ૭, ૧૧, ૧૩	...	ભુધ્; સંનહ્, સંનધ્; રાજ્; યજ્; ઉપવિશ, ઉપવિષ્; પરિમૃજ્
૨૯૧	૧	... ...	અક્ષુર્-ક્ષુર્
૩૦૨	૧૩	... ...	પ્રતીચ્
૩૦૫	છેલ્લી	... ...	કનીયસ્
૩૧૦	૧	... ...	સિંહક
૩૧૩	અને આગળ	શિંશપ	શિંશપા
૩૨૦	૧૭	પ્રદ	પ્રજ્ઞ
૩૨૫	૨૨	... વાંચો	ત-ક્ત
૩૫૮	૨૪	ર્ ઇ થઈ	ર ઇ થઈ
૩૬૭	૫	ઝંટેડા	ઝંડો
૩૬૪	૨૨	... વાંચો	પૈસાટકા
૪૩૨	૨૧	... ...	પુરસ્
૪૭૫	૧	પ્રતિ	પત્ની પ્રતિ
૪૬૩	છેલ્લી	જેમ	જેમાં
૪૬૫	૭,૧૫	અપવક્ત્ર	અપરવક્ત્ર
૪૬૭	૧૮	સગણ	તગણ
,,	૧૬	તગણ	સગણ